

जिनभद्रगणिक्षमाश्रमणविरचितम्

पूज्यश्रीहरिभद्रसूरीश्वरजीकृतटीकया समलङ्कृतम्

श्री ध्यान शतकम्



અનુવાદ કર્તા :- ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા



श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

चतुश्चत्वारिंशदुत्तरचतुर्दशशतग्रन्थप्रासाद सूत्रणसूत्रधार–
सकलवाङ्मयपारावारपारीण–याकिनीमहत्तराधर्मसूनु–
सूरिशेखरश्रीमद् हरिभद्रसूरिवररचितवृत्तिसनाथम्
भगवद्श्रीमद् जिनभद्रगणिक्षमाश्रमणविरचितम्

श्री ध्यान शतकम्

–: अनुवाद कर्ता :–

धीरजलाल डाह्यालाल महेता

–: प्रकाशक :–

जैन धर्म प्रसारण ट्रस्ट

એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯.

: પ્રકાશક :
જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૩૯૫૦૦૯. ગુજરાત, (INDIA)
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦,
મો : ૯૮૯૮૩૩૦૮૩૫

: પ્રાપ્તિસ્થાન :

(૧) ઝવેરી જૈન ઉપાશ્રય
૫, મિત્રમંડળ સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા,
આલોક હોસ્પિટલની પાછળ,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(૨) ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૩૯૫૦૦૯.


પ્રકાશન વર્ષ
વીર સંવત ૨૫૪૨
વિક્રમ સંવત ૨૦૭૪
ઈસ્વીસન્ ૨૦૧૭-૧૮

પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તથા જ્ઞાનભંડારને આ પુસ્તક ભેટ આપવામાં આવશે ગૃહસ્થો કિંમત રૂા. ૨૦૦-૦૦ આપીને લઇ શકશે.

મુદ્રક : **ભરત ગ્રાફીક્સ,**
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો, ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com



હાર્દિક અનુમોદના



પરમ પૂજ્ય આચાર્ય ભગવંત


શ્રી વિજય રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)ની પ્રેરણાથી


શ્રી અઠવાલાઈન્સ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ

ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી જૈન ઉપાશ્રય-સુરત

ના જ્ઞાનખાતામાંથી આ ગ્રન્થનો

સંપૂર્ણ લાભ લેવામાં આવ્યો છે





નમો નમઃ શ્રી ગુરુ સુરેન્દ્ર-રામ-અભયદેવસૂરિભ્યઃ

પુરોવચન

– આચાર્ય શ્રી રત્નયન્દ્રસૂરીશ્વરજી


પ્રૌઢ પ્રભાવશાળી જૈનશાસનના જગમગતા સિતારા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ જેવા મહાપુરુષ દ્વારા રચિત તથા ગંભીર, જ્ઞાનસાગર એવા **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા**ના વિવરણ-ટીકાને વર્તમાન કાળના મૂર્ધન્ય પ્રૌઢ અને આચારસંપન્ન **શ્રી ધીરુભાઈ પંડિતવર્ય**ની કલમથી આલેખાયેલ **''ધ્યાનશતક''** નામના ગ્રન્થને જૈનશાસનમાં આદરભર્યો આવકાર મળેલ છે.

આમ તો ધ્યાનના સેંકડો પ્રકાર છે. ધર્મધ્યાન પણ છે અને અધર્મધ્યાન પણ છે. પુત્રનું ધ્યાન, પત્નીનું ધ્યાન, શરીરનું ધ્યાન આદિ વિવિધ પ્રકારે ધ્યાન હોઈ શકે છે તથા વળી કોઈ જ્યારે આપણી કાળજી રાખતું હોય છે ત્યારે પણ કહીએ છીએ કે આ મારું ખૂબ જ ધ્યાન રાખે છે.

કોઈ જગ્યાએ બહાર જવાનું હોય છે ત્યારે કહેતા હોઈએ છીએ કે જરા મારા ઘરનું ધ્યાન રાખજો. મારી ગાડીનું ધ્યાન રાખજો. છોકરો બહારગામ જતો હોય છે ત્યારે વડીલો કહે છે કે જો બહાર જાય ત્યારે બરાબર ધ્યાન રાખજે, ધ્યાનથી રહેજે ઈત્યાદિ. મતલબ એ થયો કે ધ્યાન શબ્દ ઘણા અર્થમાં વપરાય છે. ધ્યાનની આવા પ્રકારની ક્ષુલ્લક વાત અહીં કરવી નથી. તેથી પ્રસ્તુત ગ્રન્થમાં ધ્યાન શબ્દની શું વ્યાખ્યા કરી હશે તે વાત જાણવી ઘણી જ રસપ્રદ થઈ પડશે.

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી જેવા મહાજ્ઞાની અને યુગપ્રધાનપુરુષ જ્યારે ધ્યાનની વાત કરતા હોય, ત્યારે તેઓશ્રીનાં વચનોમાં અર્થાત્ શબ્દોમાં કેવી ગંભીરતા અને ગહનતા હોય છે તે સહેજે સહેજે સમજી શકાય એવી વાત છે. તથા વળી તેના ઉપર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી જેવા યોગકાર ટીકા રચનાર હોય પછી તો પૂછવું જ શું ? આ ''ધ્યાનશતક'' એ પ્રૌઢ અને પ્રભાવશાળી તથા ગંભીર ગ્રન્થ છે.

'આર્ત્ત-રૌદ્ર-ધર્મ-શુક્લાનિ'' તત્ત્વાર્થ (અધ્યાય-૯) ના માધ્યમે આપણને એ ખ્યાલ તો સહેજે આવે જ છે કે (૧) આર્ત્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન અને (૪) શુક્લધ્યાન એ ચાર ધ્યાન છે. ''પરે મોક્ષહેતૂ'' આ સૂત્ર એમ જણાવે છે કે છેલ્લાં બે ધ્યાન જ મોક્ષના હેતુસ્વરૂપ છે.



પ્રસ્તુત ગ્રન્થમાં પણ ગ્રન્થકાર સૌપ્રથમ શુક્લધ્યાનની મહત્તા બતાવવા દ્વારા જ મહાવીર પરમાત્માને નમસ્કાર કરી મંગળાચરણ કરે છે અને ધ્યાન અધ્યયનનો પ્રારંભ કરે છે.

ધ્યાનની અંદર ધ્યાનને લગતા સેંકડો અવાન્તર વિષયો પણ ગ્રહણ કરીને ગ્રન્થને અત્યન્ત રળીયામણો બનાવવામાં આવ્યો છે. ધ્યાન પદની એક મસ્ત વ્યાખ્યા બતાવી છે તે આ પ્રમાણે છે :-


"જે અતિશય સ્થિર અધ્યવસાય સ્થાન છે તેને જ ધ્યાન કહેવાય છે" (ટીકાનું પૃષ્ઠ ૮) તથા વળી જે ચંચળ ચિત્ત છે તેના માટે પણ (૧) ભાવના, (૨) અનુપ્રેક્ષા અને (૩) ચિંતાની વાત કરીને ખૂબ જ રોચક શૈલીથી સમજણ કરાવી છે.

છદ્મસ્થનું ધ્યાન અને વીતરાગનું ધ્યાન પણ સરળ ભાષામાં સમજાવેલ છે અને સાથે સાથે એની વિશેષ સમજણ માટે જૈનશાસનનું કાળમાન (મુહૂર્ત-આવલિકા ઈત્યાદિ) પણ ખુબ વિસ્તારપૂર્વક સમજાવેલ છે.

આર્ત્તધ્યાન આદિ ધ્યાનના ૪-૪ ભેદોનું નિરૂપણ ખુબ વિસ્તારપૂર્વક સમજાવવામાં આવેલ છે. (૧) અનિષ્ટ સંયોગ, (૨) ઈષ્ટવિયોગ ઈત્યાદિ ભેદોની સમજણ દ્વારા આ આત્મામાં વૈરાગ્ય ભાવ પણ પ્રગટ થાય છે. ધર્મ આરાધનામાં મન વિક્ષુબ્ધ બને ત્યારે ધર્મનું (સાંસારિક) ફળ જીવો માગતા હોય છે જેને "નિયાણુ" કહેવાય છે. આ નિયાણું પણ આર્ત્તધ્યાનનો જ એક પ્રકાર છે. આવા પ્રકારનું આર્ત્તધ્યાન કોને થાય ? **રાગ-દ્વેષ** અને **મોહ**થી ભરેલા જીવોને આ આર્ત્તધ્યાન થવાની સંભાવના છે તથા આ આર્ત્તધ્યાન દુર્ગતિનું જ કારણ હોવાથી તેનાથી મુક્ત બનવું જ રહ્યું. આવા પ્રકારના આર્ત્તધ્યાનથી દૂર રહેવામાં જ આત્માનું કલ્યાણ છે.

તથા વળી ગ્રન્થકારશ્રી જણાવે છે કે જો કોઈ સાધુ તપ અને સંયમ પાળતો હોય છતાં જો રાગાદિ દોષોને વશવર્તી બને તો એ પણ અનિષ્ટ વિયોગ અને ઈષ્ટસંયોગ સ્વરૂપ આર્ત્તધ્યાન જ છે. જો કોઈ મુનિ રોગ આદિના કારણે પીડા પામે છતાં પણ ઔષધાદિને ઈચ્છે નહીં, પરંતુ સતત તપ અને સંયમમાં જ રત રહે તો આવા મુનિને તો ધર્મધ્યાન જ હોય (ટીકાનું પૃષ્ઠ ૨૮).

મુનિ તો પોતાની પ્રકૃતિને જ એવી બનાવી દે છે કે જેથી મોક્ષ કે સંસાર એમ બન્ને ભાવો પ્રત્યે તત્ત્વથી નિઃસ્પૃહ જ હોય, (ટીકા નં. પૃષ્ઠ ૩૪) તથા વળી રડવું, છાતી કુટવી, પગ પછાડવા, દીન બનવું, હલકું બોલવું, મારામારી કરવી એ સઘળા પણ આર્ત્તધ્યાનના જ પ્રકારો છે. તથા વળી આર્ત્તધ્યાન વિગેરે ધ્યાનો કયા ગુણઠાણે જીવને હોઈ શકે એ વિષયની વિશેષ માહિતી પણ આપી છે. આર્તધ્યાનનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યા પછી રૌદ્રધ્યાનનું પણ સારી રીતે સમજાય તેવું સવિસ્તર વર્ણન કર્યું છે.



રૌદ્રધ્યાનના ચાર પ્રકારો જણાવ્યા છે. આ જીવ કેવી રીતે રૌદ્રધ્યાની બને છે તેનાં કારણો, તેની સાથે સાથે ૪ કષાયો, રૌદ્રધ્યાનનું ફળ, તથા વળી રૌદ્રધ્યાનના ભેદના પેટાભેદો અને રૌદ્રધ્યાનના કર્તા, તેનું લક્ષણ, વિગેરે વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે.

ત્યારબાદ બાર દ્વારો દ્વારા વિસ્તૃત રીતે ધર્મધ્યાનની સમજ આપી છે. ત્યારબાદ બારે દ્વારોના પેટાભેદ સ્વરૂપ દ્વારો પણ બતાવ્યા છે. ધર્મધ્યાન કોને કહેવાય ? ધર્મધ્યાનમાં મલીનતા ન હોવી જોઈએ. ઈત્યાદિ વિષયો સારી રીતે સમજાવ્યા છે.


મોક્ષના અનંતર કારણ અર્થાત્ મોક્ષ જ છે હવે અનંતર ફળ જેમાં એવા શુકલધ્યાનની પણ ગહન વાતો કરી છે કે જેનાથી આપણે જ્ઞાનસમૃદ્ધ બની શકીએ. એકલા ધ્યાનની જ વાતો નથી પણ સાથે સાથે અવાંતર કથાઓ તથા ..... ૩૬૩ પાખંડીઓ, પાંચ સમવાયી કારણો, જ્ઞાનાદિ રત્નત્રયીની સાધના, તીર્થંકર પરમાત્માની આજ્ઞાપાલનનું સ્વરૂપ, નય-ભંગ-પ્રમાણનું સ્વરૂપ, કર્મોના આશ્રવભૂત **૨૫** અસત્ ક્રિયાઓ, તથા કર્મબંધ દેવ-નરકની સ્થિતિ, તેમના આવાસો પંચાસ્તિકાય ઈત્યાદિ સેંકડો પદાર્થોની વિચારણા આ ગ્રંથમાં વર્ણવેલી છે.

તથા શુકલધ્યાનના ચોથા પાયામાં અયોગી અવસ્થા અને શૈલેશીકરણનું પણ જોરદાર વર્ણન કરેલ છે.

આ ગ્રંથમાં શું છે ? તે તો ગ્રન્થ પોતે જ બોલશે. એટલે મારે વધારે કશું પણ કહેવાનું ન હોય, છતાં મારું મન હાથમાં ન રહ્યું. એટલે ગ્રન્થ પ્રત્યેના ભક્તિભાવના બળે ગ્રન્થની અંદરની જ વાત પુનરૂક્તિ દોષ વહોરીને પણ આ આલેખનમાં જણાવી છે.

વાત એ છે કે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન ભવભ્રમણના કારણભૂત છે. સંસારભ્રમણ દરમિયાન આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનાં અનેક કારણો આવે છે અને તેનાથી આ જીવ સતત રીબાયા કરતો હોય છે અને સંસારસાગરમાં જ ડુબતો હોય છે બીજી તરફ ધર્મધ્યાન અને શુક્લધ્યાન મોક્ષના હેતુભૂત છે. સતત શુભધ્યાનમાં જ સદા મગ્ન બનતા રહેવું. કારણ કે શુભધ્યાનથી કર્મનિર્જરા થાય છે અને કર્મનિર્જરાથી દુઃખ નાશ થાય છે અને દુઃખ નાશથી અપૂર્વ સુખની પ્રાપ્તિ થાય છે.

પ્રસ્તુત ગ્રન્થમાં બતાવે છે કે બે પ્રકારનાં જે દુષ્ટ ધ્યાનો છે તેને છોડીને જે બે શુભધ્યાનો છે તેના તરફ વળવું. આ કાળે હજારો રૂપિયાની ટીકીટ લઈને ધ્યાનકેન્દ્રમાં લોકો જાય છે ત્યાં એ.સી. હોલમાં આરામથી ધ્યાન કરે છે અને યોગાસન કરે છે પરંતુ આ ગ્રન્થ જો મનનપૂર્વક બરાબર વાંચવામાં આવે તો ક્યાંય જવાની જરૂર નથી.




આત્માની મલીનતા દૂર કરો એ જ મોટું ધ્યાન છે અને કાયોત્સર્ગ કરો એ જ મોટાં યોગાસનો છે.

પ્રાન્તે એટલું જ કે આ ગ્રન્થના માધ્યમથી કર્મનિર્જરા કરીને શાશ્વત સુખો પામીએ તો લેખકનો શ્રમ સફળ થશે.


આ ગ્રન્થના મૂળ લેખક જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી તો જૈનશાસનના જવાહીર છે. તેમના દ્વારા રચાયેલા ગ્રન્થમાં શું ન્યૂનતા હોય? અર્થાત્ કોઈ પણ પ્રકારની ન્યૂનતા ન જ હોય, તથા ટીકાકારશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.શ્રીનું જીવનકવન દીવા જેવું સ્પષ્ટ જ છે. તેઓશ્રીનો પરિચય આપવો પણ અસ્થાને ગણાય. તેઓશ્રીએ સમરાઈચ્ચકહા વિગેરે અનેક ગ્રન્થો અને ટીકાઓ બનાવી છે. અને આપણી દુનિયાના વર્તમાનકાળના મૂર્ધન્ય પંડિતવર્ય શ્રી ધીરૂભાઈને કોણ ન ઓળખે ? ૮૩/૮૪ વર્ષની બુઝુર્ગ વયે પણ અપ્રમત્તભાવે ૮-૮ કલાક ભણાવવાનું, પુસ્તકો લખવાનું, પ્રુફ સુધારવાનું ઈત્યાદિ સાધનાના અડગ સાધકે મૂળ અને ટીકાનો ખૂબ જ સરળ ભાષામાં અને સરળતાથી સમજાઈ જાય એ રીતે અનુવાદ કરી આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે.


આજ લગી આવા દ્રવ્યાનુયોગ, નિશ્ચયનય અને કર્મગ્રન્થાદિ જેવા શાસ્ત્રો ઉપર જેમણે અમૂલ્ય યોગદાન કરી ૪૨ જેટલાં વિવેચન ગ્રન્થો આપ્યા છે માટે પંડિતજી ખૂબ જ ખૂબ ધન્યવાદને પાત્ર છે તથા આવા ગહન વિષય ઉપર બે શબ્દો લખવા માટે સહજભાવે મને સૂચન કર્યું તે મેં સ્વીકારીને આ લખ્યું છે. ''ધ્યાનશતક'' ઉપર ''બે શબ્દો'' લખવા બદલ હું મારી જાતને ધન્ય ગણું છું કે મને આવો શ્રુતભક્તિનો અમૂલ્ય અવસર મળ્યો છે.

શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં.



આશ્વિન શુકલ-૧૦
વિ.સં. ૨૦૭૩, ઉદેપુર






પ્રસ્તાવના

જૈનશાસનમાં ચાર પ્રકારનાં ધ્યાન સુપ્રસિદ્ધ છે. તેમાં પ્રથમાં બે ધ્યાન (આર્તધ્યાન અને રૌદ્રધ્યાન) કર્મબંધનાં કારણ છે અને પાછલાં બે ધ્યાન (ધર્મધ્યાન અને શુક્લધ્યાન) મુક્તિનાં કારણો છે. પ્રથમનાં બે હેય છે. પાછલાં બે ઉપાદેય છે.

ધ્યાનશતક નામનો આ ગ્રંથ પૂજ્યપાદ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણસૂરિજીએ બનાવ્યો છે. જેઓએ શ્રી વિશેષાવશ્યકભાષ્ય તથા વિશેષણવતી જેવા બીજા પણ અનેક મોટા મોટા ગ્રંથો બનાવ્યા છે. આ મહાત્માની વિષયનિરૂપણ કરવાની શક્તિ ઘણી જ પ્રશંસનીય અને અનુમોદનીય છે જે વિષયનું નિરૂપણ કરે છે તેના સંબંધી લગભગ બધા જ ભાવોને સંકલિત કરે છે. દાખલા તરીકે વિશેષાવશ્યક ભાષ્યના પ્રારંભમાં પાંચ જ્ઞાનનું જે વર્ણન છે. કેટલું બધું વિસ્તૃત છે. ગાથા ૧૫૦૦ થી ૨૨૦૦ માં જે ગણધરવાદ છે તે પણ કેટલી બધી સૂક્ષ્મ ચર્ચાવાળો વિષય છે તથા તે જ ગ્રંથમાં જે આઠ નિહ્નવોની ચર્ચા છે તે પણ સાંગોપાંગપણે પરિપૂર્ણ અને અદ્‌ભૂત વર્ણન છે. છેલ્લે સાત નયોનું જે વર્ણન છે તે પણ ઘણું જ વિશાળ છે તે તે વિષયનો આટલો વિસ્તાર બીજે ક્યાંય પણ જોવા મળતો નથી. તે જ પ્રમાણે ચાર ધ્યાનનું સ્વરૂપ ઘણા જ વિસ્તારથી આ ગ્રંથમાં તેઓશ્રીએ આલેખ્યું છે. વાંચતાં વાંચતાં જ જ્ઞાનની અને તેમના પ્રત્યેના અહોભાવની ઘણી જ વૃદ્ધિ થાય તેવું સુંદર વર્ણન છે.

ટીકાકારશ્રી હરિભદ્રસૂરિજી વિષે તો કંઈ કહેવાનું રહેતું જ નથી. ૧૪૪૪ ગ્રંથોના રચયિતા, એક-એક ગ્રંથ ૨૦૦-૪૦૦-૮૦૦ પાનાનાં ભરેલો. વર્ણન પણ એવું મુદ્દાસર કરે કે વાંચનારનો રસ ઘણો જ જળવાઈ રહે, આટલા બધા ટીકાગ્રંથો બનાવતાં બનાવતાં ક્યારે ભોજન લીધું હશે ? ક્યારે શયન કર્યું હશે ? ક્યારે શારીરિક વ્યવહાર કર્યો હશે ? બુદ્ધિમાં પણ ન બેસે એવું કામ આ મહાત્માઓએ કર્યું છે.

આ મહાત્માઓએ મૂળગ્રન્થો તથા ટીકાગ્રંથો ઘણા જ બનાવ્યા છે. આવા પ્રકારના ટીકાગ્રંથો બનાવનારા



આચાર્યોમાં સૌથી વધારે ટીકાગ્રંથો પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.શ્રીના પ્રાપ્ત થાય છે. વર્ણન પણ એવી સુંદર શૈલેથી કરે છે કે જાણે તેઓ આપણી સામે જ બેઠા હોય અને બોલતા હોય તેમ લાગે. ઘણા ઘણા ગ્રંથો ઉપર તેઓશ્રીની ટીકાઓ દેખાય છે. કોક કોક મૌલિકગ્રંથો પણ બનાવ્યા છે. જેમકે સમરાઈચ્ચકહા. આ કથા વાંચનારનો રસ જળવાઇ રહે તેવું જ અદ્‌ભુત વર્ણન છે અગ્નિશર્મા અને ગુણસેનનો નવભવનો પરસ્પર સંબંધ અદ્‌ભૂત રીતે વર્ણવ્યો છે. નાનાં નાનાં વાક્યો અને પદલાલિત્ય પણ સુંદર, પ્રત હાથમાંથી મૂકવાનું મન જ ન થાય તેવી ગ્રંથરચના કરી છે ભાષા તો અતિશય સરળ. જાણે ગુજરાતી જ વાંચતા હોઈએ એમ લાગે.


આ બન્ને મહાત્માઓએ અનુક્રમે ધ્યાનશતક નામનો આ ગ્રંથ તથા તેની ટીકા બનાવીને ભવ્ય જીવો ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે. ધ્યાનને લગતાં લગભગ બધાં જ પાસાં સમજાવાયાં છે.

- **ગાથા ૧ થી ૫ માં** : મંગળાચરણ, ધ્યાનનો અર્થ, અને સમય, તથા ધ્યાનના ભેદ અને ફળનું વર્ણન કરવામાં આવ્યું છે.

- **ગાથા ૬ થી ૧૮ માં** : **આર્તધ્યાનનું વર્ણન :** ગાથા ૬-૭-૮-૯ માં આર્તધ્યાનના ચાર ભેદનું વર્ણન, સંસારવર્ધકતા તથા તિર્યંચગતિમૂલક ત્રણ શંકાઓ તથા તેના ઉત્તર, કાપોતાદિ ત્રણ લેશ્યા. આર્તધ્યાનનું લક્ષણ તથા આ ધ્યાન કયા જીવને હોય તેની સમજ વિગેરેનું સ્પષ્ટતાપૂર્વક વર્ણન.

- **ગાથા ૧૯ થી ૨૭ માં** : **રૌદ્રધ્યાનનું વર્ણન :** રૌદ્રધ્યાનના ચાર ભેદ, આ ધ્યાન કોને હોય ? સંસારવર્ધક તથા નરકગતિમૂલક, તીવ્ર એવી કાપોતાદિ લેશ્યા, અને રૌદ્રધ્યાનનું લક્ષણ વિગેરે ભાવોનું વર્ણન છે.

- **ગાથા ૨૮ થી ૬૮ માં** : **ધર્મધ્યાનનું વર્ણ :** કુલ ૧૨ દ્વારો સમજાવવામાં આવ્યાં છે. (૧) ભાવના, (૨) દેશ, (૩) કાલ, (૪) આસન, (૫) આલંબન, (૬) ક્રમ, (૭) ધ્યાતવ્ય, (૮) ધ્યાતા, (૯) અનુપ્રેક્ષા, (૧૦) લેશ્યા, (૧૧) લિંગ અને (૧૨) ફળ એમ ૧૨ દ્વારો વડે ધર્મધ્યાન સુંદર રીતે સમજાવવામાં આવ્યું છે.



- **ગાથા ૬૯ થી ૯૪ માં :**

શુક્લધ્યાનનું વર્ણન : અહીં પણ ધર્મધ્યાનની જેમ જ ૧૨ દ્વારોનું વર્ણન છે તથા ક્ષમા-નમ્રતા-સરળતા અને કષાયત્યાગ આ ચાર શુક્લધ્યાનનાં આલંબન છે. શુક્લધ્યાનના પ્રથમના બે પાયા પૂર્વધરને અને પાછલા બે પાયા કેવલીને હોય છે.

- **ગાથા ૯૫ થી ૧૦૫ માં :**

ધર્મધ્યાન તથા શુક્લધ્યાન વડે જ મુક્તિની પ્રાપ્તિ. ધ્યાન રૂપી પવન દ્વારા કર્મરૂપી મેઘઘટાનું વિસર્જન, ધ્યાન દ્વારા આત્મામાંથી કર્મોનો વિભાગ કરવો. સર્વથા કર્મરહિત થઈ મુક્તિ તરફ ગમન ઈત્યાદિ ભાવોનું સુંદરતમ વર્ણન છે.


આ ગ્રંથનું વિવેચન લખાતું હતું ત્યારે જ પ. પૂ. આ. **શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મહારાજા**એ કહેલું કે આ પુસ્તકના પ્રકાશનનો લાભ મને આપજો. તે મહાપુરુષની વાત સ્વીકારીને તુરત જ મેં હા પાડી અને મારા માથા ઉપર પ્રકાશનના ખર્ચનો ભાર હળવો થતાં હું ચિંતામુક્ત થયો. આ પુસ્તક પ્રકાશનનો તમામ ખર્ચ તેઓશ્રીના સદુપયોગથી મળેલ છે. આ કાર્યમાં સહાયક થવા બદલ હું તેઓશ્રીનો ઘણો ઉપકાર માનું છું. આ સહકાર મળવાથી આ પુસ્તક પૂજ્ય સાધુ-સાધ્વીજી મ.શ્રી ને તથા જ્ઞાનભંડારોને ભેટરૂપે જ અપાશે. અને શ્રાવક-શ્રાવિકાને રૂા.૨૦૦ની કિંમતથી અપાશે. તેઓશ્રીએ બતાવેલી લાગણી બદલ હું તેઓશ્રીનો પુનઃ પુનઃ આભાર માનું છું.

આ ગ્રંથનો તથા તેની ટીકાનો અર્થ લખતાં શક્ય બન્યો તેટલો ઉપયોગ રાખ્યો છે. છતાં છદ્મસ્થતા તથા અજ્ઞાન દશાના કારણે કોઈ પણ સ્થાને અયોગ્ય અર્થ કરાયો હોય તો વાંચન કરનાર વર્ગને મારી વિનંતિ છે કે તે ભૂલ મને જણાવજો જેથી બીજી આવૃત્તિમાં સુધારો થઈ શકે.

અંતે મારાથી કંઈ પણ ભૂલચૂક થઈ હોય, શાસ્ત્ર વિરુદ્ધ અજાણતાં પણ કંઈ લખાઈ ગયું હોય તો ત્રિવિધે ત્રિવિધે ક્ષમાયાચના કરું છું. આ ગ્રંથ આત્માની નિર્મળતા અને ઉર્ધ્વારોહણ માટે ઘણો જ ઘણો ઉપકારી છે. સકલસંઘ તેનો નિરંતર અભ્યાસ કરે અને પોતાના આત્માનું કલ્યાણ સાધે એ જ આશા.

લિ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજની સામે, રાંદેર રોડ, સુરત.
ફોન : (ઘર) ૦૨૬૧-૨૭૬૩૦૭૦
મો. ૯૮૯૮૩૩૦૮૩૫





અનંત ઉપકારી, અધ્યાત્મમાર્ગના પ્રણેતા, ધ્યાનયોગીની સાધનાના કર્તા, અને ઉત્કૃષ્ટ પુણ્યોદયવાળા એવા શ્રી તીર્થંકર પરમાત્માઓએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અનંતાનંત દુઃખમય એવા આ સંસારમાંથી સુરક્ષિત થઈને બચવા માટે તથા પોતાના આત્મામાં જ તીરોભાવે રહેલા અનંતાનંત ગુણોના અનુભવ રૂપ અપાર સુખમય એવા મોક્ષપદને પ્રાપ્ત કરવા માટે અનુપમ સાધન સ્વરૂપે દ્વાદશાંગીમય શ્રુતજ્ઞાન, અને સર્વત્યાગ સ્વરૂપ સમ્યક્‌ચારિત્ર એમ આ બે ગુણોની પ્રાપ્તિ કરવા સ્વરૂપ તેના ઉપાયસ્વરૂપે દેશત્યાગ અને સર્વત્યાગ સ્વરૂપે બે પ્રકારના ધર્મતીર્થની સ્થાપના કરીને ભવ્યજીવોને સાચા સુખનો યથાર્થ માર્ગ બતાવ્યો.

ચારથી સાત ગુણસ્થાનકોમાં વર્તતા જીવો પોતપોતાની ભૂમિકા પ્રમાણે પોતાના આત્માનું કલ્યાણ સાધી શકે તે માટે અગણિત યોગો બતાવ્યા. આ અગણિત યોગોમાં સૌથી શ્રેષ્ઠ એવો ધ્યાનયોગ પણ જણાવ્યો છે.

"ધ્યાન" શબ્દ છે ફક્ત બે અક્ષરનો જ, પરંતુ આત્મકલ્યાણની સાધનાના અતિશય ગંભીર ભાવો તેમાં ભરેલા છે. વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ કરાતી ધર્મઆચરણામાં આ ધ્યાનયોગ તાણા-વાણા રૂપે જડાયેલો જ છે. ધ્યાનયોગ સાથેની કોઈ પણ પ્રકારની સાધુ જીવન માટેની કે શ્રાવક જીવન માટેની ધર્મક્રિયા અવશ્ય મુક્તિફળને આપનારી બને જ છે.

આ **"ધ્યાન"** શબ્દ જૈન દર્શનમાં જ માત્ર નહીં, પરંતુ પૂર્વદિશાના અને પશ્ચિમ દિશાના પ્રાચીન અને અર્વાચીન એવા સર્વ દર્શનકારોએ પોત-પોતાના ક્ષયોપશમ પ્રમાણે (પોતપોતાની સમજશક્તિના આધારે) ધ્યાનનું સ્વરૂપ સમજાવીને આત્મસાધનાની પદ્ધતિમાં ધ્યાનનું મહત્વપૂર્ણ સ્થાન સમજાવ્યું છે.

પરદેશી દર્શનકારોએ પણ "મનની એકાગ્રતા" (મનની સ્થિરતા) જે છે તેને જ **ધ્યાન** કહીને તેનો જ ઘણો આદરભાવ કર્યો છે. ભારતીય દર્શનકારોએ આ ધ્યાનના અનેક ભેદ-પ્રભેદો સમજાવવા દ્વારા ધ્યાનદશાનું સૈદ્ધાંતિક અને વ્યાવહારિક સ્વરૂપ મહાગ્રંથોમાં આલેખીને અતિશય આદરણીય તરીકે તે ધ્યાનને સ્થાન આપ્યું છે.

વિદેશી દર્શનકારોએ "મનની એકાગ્રતાને" જ ધ્યાન કહ્યું છે. જ્યારે ભારતીય દર્શનકારોએ "મનની એકાગ્રતાની" સાથે સાથે વચનની અને કાયાની એકાગ્રતાને પણ ધ્યાનમાં સમાવિષ્ટ કરી છે. મન-વચન અને કાયાની એકાગ્રતા (સ્થિરતા) તે ધ્યાનયોગ છે એમ આ વાત ભારતીય દર્શનકારોએ સમજાવી છે.

પરંતુ ભારતીય દર્શનકારોમાં પણ ખાસ કરીને જૈનદર્શનકારોએ તો "આત્માની વિશુદ્ધતમ અવસ્થાને" પ્રાપ્ત કરવા માટે પ્રબળ ઉપાય રૂપે "આત્માના સ્વસ્વરૂપની પ્રાપ્તિ માટે જ એકાગ્રતા (સ્થિરતા)" તે ધ્યાન. સારાંશ કે આત્મસ્વરૂપના ઉપયોગમય આત્મજીવન એ જ ધ્યાન છે. આમ ધ્યાનને આત્માની યથાર્થદશા સ્વરૂપે વર્ણવી છે.

આ જૈનદર્શન સર્વજ્ઞાતાના અને સર્વદર્શિતાના નક્કર પાયા ઉપર સ્થાપિત થયું છે તેના નિરૂપણમાં યથાર્થદર્શિતા અને સર્વાંશદર્શિતા ઝળકે જ છે. તેમાં કંઈ શંકા નથી તે જૈનદર્શન યથાર્થપણે ખરેખર તેવું જ છે. જૈનદર્શનમાં પ્રાથમિક કક્ષાએ આચાર-ક્રિયાનું મહત્વ જણાવતાં સૂત્રોમાં પણ "ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં" આવા પ્રકારના પદો દ્વારા ઈરિયાવહિયં સૂત્રમાં જ કાયાનું ધ્યાન, વચનનું ધ્યાન તથા મનનું ધ્યાન સૂચવવામાં આવ્યું છે.

કાયાને અતિશય સ્થિર કરવી તે કાયાનું ધ્યાન, મૌનવ્રતનું પાલન કરવું તે વચનનું ધ્યાન, અને મનને મોહના વિકારક એવા બાહ્ય ભાવોથી રોકવું તે સઘળું ય મનનું ધ્યાન કહેવાય છે અને *ઉપયોગની શુદ્ધિ તે આત્માનું ધ્યાન કહેવાય છે. આ પ્રમાણે કાયા-વચન અને મનના નિર્મળ ધ્યાન* માટે આ આત્માનું આત્મભાવની સાથે જોડાણ કરવું તે અતિશય આવશ્યક બને છે.

સારાંશ કે સમ્યગ્દષ્ટિ આત્માનું શુદ્ધ-નિર્મળ અને મોહના વિકારોથી રહિત એવા ઉપયોગમાં જોડાણ થવું તે અનિવાર્ય જ બને છે. નિર્મળ ઉપયોગદશામાં લયલીન થવું તે જ ધ્યાન આત્મકલ્યાણ સાધનારું બને છે.

જૈનદર્શનમાં આત્મસાધના કરતા એવા મહાત્માઓને હિતશિક્ષા સમજાવતા અને અનુશાસન કરતા એવા વડીલ આપ્ત પુરુષોએ ચોવીસે કલાક ધ્યાનમાં રહેવાનું જણાવ્યું છે. તેનો પરમાર્થ સમજાવતાં કહ્યું છે કે આત્મસાધના માટેની સર્વ પણ ક્રિયા આગમમાં કહેલી વિધિ પ્રમાણે કરવી. આમ ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. આ સર્વ કાર્યોમાં ધ્યાનપૂર્વક એટલે કે વીતરાગ પરમાત્માની આજ્ઞા પ્રમાણે સર્વ કાર્યોમાં ઉપયોગપૂર્વક પ્રવર્તવું એમ મહાત્મા પુરુષો જણાવે છે.

અશુભ ક્રિયાઓનો ત્યાગ, અને શુભ ક્રિયાઓનું પાલન એને જ ચારિત્ર કહેવાય છે અને તે ચારિત્રપાલનમાં ઉપયોગ રાખવો તેને જ ધ્યાન કહેવાય છે. તેમાં આગળ વધતાં અષ્ટપ્રવચનમાતાનું જે પાલન છે તેમાં પાંચ સમિતિનું જે પાલન છે તે પ્રવૃત્ત્યાત્મક ધ્યાન છે અને ત્રણ ગુપ્તિનું જે સેવન છે તે નિવૃત્ત્યાત્મક ધ્યાન છે. ભગવદ્ગીતામાં જમાવ્યું છે કે "या निशा सर्वभूतानां, तस्यां जागर्ति" સર્વ લોકો માટે જે રાત્રિ છે તેમાં મુનિપુરુષો સદાકાળ જાગૃત હોય છે. આ સુવચન પણ ધ્યાનનું જ ઘણું મહત્ત્વ સૂચવે છે.

જે આત્માઓ, આત્મકલ્યાણના કામોમાં પ્રવૃત્તિ અને અકલ્યાણકારી કામોમાંથી નિવૃત્તિ કરતા હોય છે પરંતુ વીતરાગ પરમાત્માની આજ્ઞાથી નિરપેક્ષપણે ઉપયોગની શૂન્યતાપૂર્વક કરે છે તે આત્માઓ પરમાર્થ સાધી શકતા નથી. તે કારણથી તેઓ સૂતેલા જ ગણાય છે. પરંતુ કલ્યાણમાં પ્રવૃત્તિ અને અકલ્યાણથી નિવૃત્તિ કરનારા જે મહાત્માઓ ખરેખર જિનેશ્વર પ્રભુની આજ્ઞાને અનુસારે સમજણપૂર્વક પ્રવૃત્તિ-નિવૃત્તિ કરનારા હોય છે તેવા જીવો બાહ્યદૃષ્ટિથી સુતેલા હોય તો પણ જયણા પાળવાના પરિણામ પૂર્વકના આત્માર્થી જીવો હોય છે તેથી પરમાર્થે તેઓ જાગતા જ કહેવાય છે.

જૈનશાસનના મુનિરાજો જિનઆજ્ઞાના સંગ્રહ સ્વરૂપ શાસ્ત્રવચનોથી નિયંત્રિત હોવાના કારણે જિનાજ્ઞાપાલનમાં અતિશય મજબૂત રીતે કટિબદ્ધ હોય છે. નિદ્રાના કાળે પણ શરીરનાં પડખાં ફેરવતાં પણ, તથા હાથ-પગ હલાવતાં ચલાવતાં પણ ઓઘાથી (રજોહરણથી) જયણા પાળવાપૂર્વક જ પ્રવૃત્તિ કરે છે. ઉપયોગપૂર્વક પૂંજવાની અને પ્રમાર્જવાની ક્રિયા કરવાપૂર્વક જ પ્રવૃત્તિ-નિવૃત્તિ કરે છે. ભરપૂર નિદ્રામાં આવેલાં સ્વપ્નો પણ આ સંયમનિષ્ઠ આત્માઓને સંયમમાં જરા પણ બાધા ન પહોંચે તેવાં જ સ્વપ્નો આવે છે. અનુચિત સ્વપ્નો ક્યારેય આવતાં નથી. કારણ કે તેવા મોહના સંસ્કારોનાં બીજ જ તેઓમાં નથી. આ જ કારણે તે મહાત્માઓની નિદ્રાકાળે પણ તેઓની જે જાગરૂકતા છે. તે એક પ્રકારના ધ્યાન સ્વરૂપ જ હોય છે.

ધ્યૈ ચિંતાયામ્, "ધ્યૈ काययोगनिरोधे" તથા "ધ્યૈ अयोगित्वे" એમ ત્રણ અર્થમાં વપરાતા ધ્યૈ ધાતુ ઉપરથી ધ્યાનશબ્દ બનેલો છે. આ ત્રણ અર્થ પૈકી જે પ્રથમ ચિંતા-ચિંતવણા અર્થ છે. તે છદ્મસ્થ જીવોને આશ્રયી છે, જ્યારે બાકીના બે અર્થ કેવલી પરમાત્માને આશ્રયી છે. એક અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ મનનું અર્થાત્ ચિત્તનું એક જ વસ્તુમાં નિષ્પ્રકંપપણે સ્થિરતાવાળું જે વર્તન તે છદ્મસ્થ જીવોનું ધ્યાન કહેવાય છે. જ્યારે કેવલી પરમાત્માની બાબતમાં યોગનો નિરોધ કરવા સ્વરૂપ તથા યોગના અભાવસ્વરૂપ ધ્યાન હોય છે.

અનાદિકાળથી આ આત્માનો વર્તાવ સંસાર તરફ અને સંસારસુખના ઉપાયો તરફ જ લગભગ પ્રવર્તે છે. તેના કારણે અશુભધ્યાન સહેજે સહેજે પ્રવર્તે છે. આવા પ્રકારના અશુભ ધ્યાનના બે પ્રકારે છે (૧) આર્તધ્યાન અને (૨) રૌદ્રધ્યાન. તે બન્ને ધ્યાનના ચાર ચાર ભેદો છે. તેને ચાર ચાર પાયા કહેવાય છે.

ત્યાં આર્તધ્યાનના ચાર પાયા આ પ્રમાણે છે - (૧) અનિષ્ટવિયોગપ્રણિધાન, (૨) રોગચિંતા, (૩) ઈષ્ટસંયોગ પ્રણિધાન, (૪) નિદાનકરણ. આ ચાર પ્રકારે ચાર સ્વરૂપે આર્તધ્યાન પ્રગટ થાય છે. આ ચાર પ્રકારને "આર્તધ્યાનાત્મક ઈમારતના" ચાર પાયા, ચાર સ્તંભો, અથવા ચાર ભેદ કહેવામાં આવે છે.

(૧) મને કોઈ પણ જાતના પ્રતિકુળ સંજોગો ન મળવા જોઈએ. સંજોગો મળ્યા હોય તો પણ જલ્દી જલ્દી ચાલ્યા જવા જ જોઈએ. ફરીથી આવા પ્રતિકૂળ સંજોગો મારા જીવનમાં ક્યારેય ન આવે, તેની વિચારણા કરવી તે આર્તધ્યાનનો પ્રથમભેદ છે. તેનું નામ "અનિષ્ટવિયોગપ્રણિધાન" છે આ આર્તધ્યાનનો એક ભેદ થયો.

(૨) મારું શરીર સારું તથા નિરોગી કેમ રહે ? તેની જ ચિંતા-વિચારણા, મને નાનો પણ એકે રોગ ન જ થવો જોઈએ. જો કોઈ રોગ થઈ જાય તો તે જલ્દી જલ્દી કેમ દૂર થાય ? અને ક્યારે જાય ? તેની જ સતત જે વિચારણા કરવી તથા ભવિષ્યમાં પણ આવા શારીરિક રોગો ન થાય તેવી અનાગતની વિચારણા કરવી. ઉપાયો કરવા તે **"રોગચિંતા"** નામનું બીજું આર્તધ્યાન છે.

(૩) મને બધી જ અનુકૂળતાઓ જ મળવી જોઈએ તથા પ્રાપ્ત થયેલી અનુકૂળતાઓ સદાકાળ રહેવી જ જોઈએ. આવા પ્રકારનું ચિંતન-મનન કરવું. તે "ઈષ્ટ સંયોગ પ્રણિધાન" આવા નામવાળું આ ત્રીજું આર્તધ્યાન છે.

(૪) મારા કરેલા ધર્મના પ્રતાપે મને આવા પ્રકારની સાંસારિક સુખ-સંપત્તિ મળવી જ જોઈએ, દેવભવનાં, દેવેન્દ્રપણાનાં અને ચક્રવર્તીપણાનાં સુખો મળવાં જ જોઈએ. તથા પ્રાપ્ત થયેલી સુખ-સંપત્તિ સદાકાળ સ્થિર રહેવી જોઈએ. તેમાં જરા પણ ઘટાડો થવો ન જોઈએ, પોતાના જીવનમાં કરેલા ધર્મને તે લક્ષ્મી મેળવવામાં વહેંચી નાખવો તે "નિદાનકરણ" નામનું ચોથું આર્તધ્યાન જાણવું આ પ્રમાણે આર્તધ્યાનના ચાર ભેદો છે.

આ જ આર્તધ્યાન જ્યારે વધારે ઘેલું બને, મજબૂતાઈ પકડતું જાય ત્યારે તેમાં વિઘ્નો કરનારાની હિંસા કરવાની તાલાવેલી લાગે, તેના માટે મિથ્યાવચન બોલવાનું અને સામેનાની વસ્તુ પડાવી લેવાનું જે મન થાય છે તે રૌદ્રધ્યાન કહેવાય છે. આર્તધ્યાનની તીવ્રતા જ રૌદ્રધ્યાનને ખેંચી લાવે છે.

તે રૌદ્રધ્યાનના પણ ચાર ભેદ છે. ત્યાં હિંસાના વિચારો જે કરવા તે **"હિંસાનુબંધી"** રૌદ્રધ્યાન પ્રથમભેદ છે તથા પોતે કરેલા તે હિંસા આદિ પાપને પોષવા અસત્ય ભાષણ કરવું. જુઠું બોલવું, કોઈના ઉપર જુઠા આક્ષેપો મુકવા તે **"મૃષાનુબંધી"** નામનું બીજું રૌદ્રધ્યાન છે. ચોરી કરવાની વૃત્તિને પોષનારા તથા તે સંબંધી જે વિચારો કરવા તે **"સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન"** આ ત્રીજું રૌદ્રધ્યાન છે. પાંચે ઈન્દ્રિયોના વિષયો, તથા વિષયસુખોની સામગ્રીની સંરક્ષણ કરવાની વૃત્તિની પરંપરા ઉભી કરવાની જે વિચારધારા તે **"વિષય સંરક્ષણાનુબંધી"** નામનું ચોથું રૌદ્રધ્યાન કહેવાય

જ્યાં સુધી આ આત્માનો લગાવ સંસાર તરફ કે સંસારિક સુખોથી સુખી જીવન કરવા તરફ છે ત્યાં સુધી આ આત્મામાંથી આર્તધ્યાન કે રૌદ્રધ્યાન દૂર થઈ શકતું નથી. પરંતુ વિષયસુખોની ઈચ્છાઓ જેટલી તીવ્ર બને છે એટલું જ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પણ વધારે વધારે તીવ્ર તીવ્રતર બને જ છે.

હવે ધર્મધ્યાન તથા શુકલધ્યાનના ચાર ચાર પાયા છે. તેનો વિચાર કરીએ (૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય, (૩) વિપાકવિચય અને (૩) સંસ્થાનવિચય. એમ ચાર પાયા ધર્મધ્યાનના છે. ત્યાં વીતરાગ પરમાત્માની આજ્ઞાનું ચિંતન-મનન કરવું તે **"આજ્ઞાવિચય"** ધર્મધ્યાન નામનો પ્રથમભેદ જાણવો.

તથા રાગ-દ્વેષ-કષાયો વિગેરે આશ્રવોમાં વર્તવાથી આ લોકમાં તથા પરલોકમાં દુઃખ જ દુઃખ પ્રગટ થાય છે. માટે મારે તેનાથી વિરામ કરવો જોઈએ. આવી જે વિચારણા તે "અપાયવિચય" ધર્મધ્યાન એ નામનો બીજો ભેદ જાણવો.

તથા પ્રકૃતિબંધ-સ્થિતિબંધ અનુભાગબંધ તથા પ્રદેશબંધના સંબંધથી કર્મના બંધની સૂક્ષ્મ સૂક્ષ્મ જે વિચારણા કરવી તે **વિપાકવિષય** ધર્મધ્યાન એ નામનો ત્રીજો ભેદ જાણવો.

તથા વળી સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ જણાવેલાં જીવ અજીવ આદિ તત્ત્વોનાં લક્ષણો, ભેદો તથા આકાર વિગેરે વિષયોની વિચારણા કરવી તે **"સંસ્થાનવિચય"** ધર્મધ્યાન એ નામનો ચોથો ભેદ જાણવો. આ પ્રમાણે ધર્મધ્યાનના ચાર ભેદ છે.

આ ધર્મધ્યાન ધરતાં ધરતાં જ્યારે તે ઉત્કૃષ્ટદશાને પામે છે ત્યારે તેમાંથી જ શુક્લધ્યાન પ્રગટ થાય છે. તે શુક્લધ્યાનના પણ ચાર ભેદો છે - (૧) **પૃથક્ત્વ વિતર્ક સવિચાર** (૨) **એકત્વ વિતર્ક અવિચાર** (૩) સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી અને (૪) વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી. આ ચાર ભેદો શુકલધ્યાનના જાણવા.

તે શુકલધ્યાનના ચાર ભેદો પૈકી પ્રથમના બે ભેદો છઠ્ઠા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધીના મહાત્માઓને (પૂર્વધર મહાપુરુષોને જ) હોય છે, અને તેરમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી છેલ્લું એક અંતર્મુહૂર્ત બાકી રહે ત્યાં સુધી ધ્યાનનો વિરહ એટલે કે ધ્યાનાન્તરિકા દશા હોય છે. તેરમા ગુણસ્થાનકના અંતિમ અંતર્મુહૂર્ત કાળમાં સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરતા હોય ત્યારે **"સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી"** નામનો શુકલધ્યાનનો ત્રીજો ભેદ હોય છે.

તથા ચૌદમા ગુણસ્થાનકમાં ભગવાન વર્તે ત્યારે **"વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી"** એ નામનો શુકલધ્યાનનો ચોથો પાયો ત્યાં ચૌદમા ગુણઠાણે હોય છે.

આ ચારે પ્રકારના ધ્યાનનું ફળ નીચે પ્રમાણે છે -

(૧) આર્તધ્યાનનું ફળ તિર્યંચગતિની પ્રાપ્તિ છે. (૨) રૌદ્રધ્યાનનું ફળ નરકગતિની પ્રાપ્તિ છે. (૩) ધર્મધ્યાનનું ફળ અનંતરપણે મનુષ્યભવની પ્રાપ્તિ અને પરંપરાએ મુક્તિપદની પ્રાપ્તિ થવી તે ફળ જાણવું. (૪) શુકલધ્યાનનું ફળ પ્રથમ પાયાથી દેવગતિની પ્રાપ્તિ, બીજા પાયાથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ, ત્રીજા પાયાથી યોગનિરોધવાળી અવસ્થા અને ચોથા પાયાથી નિર્વાણપદની પ્રાપ્તિ થવી તે તેનું ફળ જાણવું.

આ ધ્યાન દશામાં ચાર પ્રકારના ધ્યાનમાંથી પ્રથમનાં બે ધ્યાનથી આ આત્માની અધોગતિ (અર્થાત્ પડતી) અને પાછલા બે ભેદથી ઉર્ધ્વગતિ (અર્થાત્ ચડતી) થાય એવાં ફળો છે. તે કારણથી દુર્ગતિથી બચવા માટે અને સદ્ગતિ તથા મુક્તિપદ મેળવવા માટે ચારે પ્રકારના ધ્યાનનું સ્વરૂપ બરાબર સમજવું અને સમજીને પ્રથમના બે ધ્યાનોના આઠ ભેદોનો ત્યાગ કરવો અને પાછલા બે ધ્યાનોના આઠ ભેદોનો સ્વીકાર કરવો. તે ભેદોમાં ઓતપ્રોત બનવા પ્રયત્નશીલ થવું તે માટે આ ધ્યાનશતક સમજાવાય છે.

સાધુપણાના જીવનમાં દરરોજના દૈનિક અતિચારમાં પગમસજ્ઝાય બોલતી વખતે "पडिक्कमामि चउहिं ठाणेहिं अट्टेणं झाणेणं, रुद्देणं झाणेणं, धम्मेणं झाणेणं, सुक्केणं झाणेणं" આ પાઠમાં, તથા શ્રાવકજીવનના બાર વ્રતો પૈકી આઠમા વ્રતમાં તથા તપાચારના અતિચારમાં ચારે પ્રકારના ધ્યાનની વાત રજુ કરીને ન કરવા યોગ્ય એવાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ભૂતકાળમાં જે કર્યાં હોય, અને કરવાલાયક એવાં ધર્મધ્યાન અને શુકલધ્યાન ન કર્યાં હોય તે ભૂલની ક્ષમાયાચના માંગવામાં આવી છે.

ભૂતકાળમાં થયેલી ભૂલોની નિંદા-ગર્હા કરવા પૂર્વક તથા વર્તમાનકાળમાં થતી ભૂલોથી રૂકાવટ કરવા માટે અને ભાવિમાં થનારી ભૂલોની સંભાવનાને ખતમ કરવા માટે પ્રત્યાખ્યાન, નિયમો અને અભિગ્રહો ધારણ કરવા સ્વરૂપે ત્રિપાંખિયો સાધનામાર્ગ સ્વીકારવાનો હોય છે.

આગમ આદિ મહાગ્રંથોમાં બાર પ્રકારના તપનું વર્ણન કરેલું છે. તેમાં પ્રથમના છ ભેદો બાહ્યતપના છે અને પાછલા છ ભેદો અભ્યંતર તપના છે. એમ કુલ બાર ભેદોમાંથી અગીયારમા ભેદ તરીકે ધ્યાન જ આવે છે. આ ધ્યાન એ પણ એક પ્રકારનો અભ્યંતર તપ જ છે. કારણ કે તે ધ્યાન જ (તેના છેલ્લા બે ભેદો ધર્મધ્યાન અને શુકલધ્યાન) કર્મોને અવશ્ય તપાવે જ છે. માટે જ મહાપુરુષોએ તે ધ્યાનને તપમાં ગણેલ છે.

અન્ય દર્શનકારોમાં થયેલા મહર્ષિ પતંજલીએ પણ પોતાના બનાવેલા યોગનાં આઠ અંગ ગણાવ્યાં છે - (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬)

ધારણા, (૭) **ધ્યાન**, (૮) સમાધિ. આ આઠમાં સાતમું ધ્યાન એ પણ યોગનું એક અંગ ગણાવ્યું છે. યોગદશાનાં પ્રથમનાં છ અંગો જેણે સાધ્યાં છે તે આત્મા સાતમા ધ્યાનયોગની સાધના માટે યોગ્યવ્યક્તિ જાણવો. ધ્યાનના ફળ તરીકે સમાધિ (એટલે કે સમભાવદશા)ની પ્રાપ્તિ થાય છે.

ધર્મધ્યાન અને શુકલધ્યાનને ધરનારા મહાત્મા પુરુષોના ગુણોનું વર્ણન કરતા એવા કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજશ્રીએ યોગશાસ્ત્ર નામના ગ્રંથમાં સાતમા પ્રકાશમાં આ પ્રમાણે કહેલ છે -

"પ્રાણ ત્યાગ થાય તો પણ જે મહાત્માઓ સંયમધુરાને છોડતા નથી, અન્ય જીવને પણ આત્મસાત્ માને છે. તથા પોતાના આત્માના ક્ષાયોપશમિકાદિ ભાવથી પ્રાપ્ત થયેલા શુદ્ધ સ્વરૂપથી કદાપિ ચલિત થતા નથી. ઠંડી, ગરમી, પવન, વરસાદ અને વાવાઝોડું વિગેરે કુદરતી આવતા ઉપદ્રવોથી જે મહાત્માઓ ઉપતાપને (સંતાપને) પામતા નથી. યોગદશા રૂપી અમૃતરસનું રસાયણ પીવાની તીવ્ર મહેચ્છાવાળા જ હોય છે, રાગાદિ મોહના વિકારો જેઓને સ્પર્શતા નથી. ક્રોધાદિ કષાયો વડે જે દૂષિત થતા નથી. અર્થાત્ અદૂષિત જ રહે છે. પોતાના મનને વિભાવદશામાં ક્યારેય જોડતા નથી પરંતુ તે મનને સ્વભાવદશામાં જ રમાડનારા બનીને જે વર્તે છે આહારાદિ શારીરિક સર્વ ક્રિયામાં જે સદા નિઃસ્પૃહ હોય છે. કામભોગોથી તો જે મહાત્માઓ અતિશય વિરામ પામેલા છે પોતાના શરીર ઉપર પણ સર્વથા નિઃસ્પૃહભાવે જ વર્તે છે. તે જ મહાત્માઓ ધર્મધ્યાન અને શુકલધ્યાનના ધ્યાતા બને છે. તેમાં સફળતા પ્રાપ્ત કરે છે."

યોગશાસ્ત્રના પ્રથમના ચાર પ્રકાશમાં જણાવેલી સાધનાને આત્મસાત્ કરીને જે સાધકે ધ્યાતા માટેના આટલા ગુણો કેળવ્યા હોય છે તે જ આત્મા ધ્યાન ધરવા માટે યોગ્ય છે એમ તે યોગશાસ્ત્રમાં જણાવેલ છે.

આ **ધ્યાનશતક** નામના ગ્રંથના રચયિતા શ્વેતાંબર સંપ્રદાયના અગ્રણી, ત્રીશમા યુગપ્રધાન, પૂજ્યપાદ આચાર્યદેવેશ **શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણસૂરીશ્વરજી** છે. જેઓએ શ્રી વિશેષાવશ્યકભાષ્ય તથા વિશેષણ વતી વિગેરે મહાગ્રંથો બનાવ્યા છે.

આ ગ્રંથ ઉપર લખાયેલી સંસ્કૃત ટીકાના કર્તા શ્રી સૂરિપુરન્દર, સમર્થ શાસ્ત્રકારશિરોમણિ, ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા છે. આ મૂળગ્રંથ તથા ટીકાગ્રંથ બન્નેનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો લ્હાવો મને મળ્યો તે બદલ મારા ઉપર ઉપકાર કરનારા મહાપુરુષોને સ્મૃતિગોચર કરું છું. આવા પ્રકારના ઉત્તમ ગ્રંથો યાવચ્ચંદ્રદિવાકર સુધી ભણાતા રહે અને ભણાવાતા રહે એવી આશા રાખું છું.

"**કમ્મપયડિ**" અર્થાત્ કર્મપ્રકૃતિ નામના ગ્રંથનું ચાર ભાગમાં ગુજરાતી ભાષાંતર જ્યારે તૈયાર થયું ત્યારે પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી રામસૂરીશ્વરજી મ.સા.** (ડહેલાવાળા)ના શિષ્ય પૂજ્ય **અભયદેવસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય પૂજ્ય આચાર્યદેવ **શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા.** સુરત પધારેલા, તે અવસરે તેમની જ નિશ્રામાં "**કમ્મપયડિ**"ના ચાર ભાગની પડતર કિંમત રૂપિયા ૧૪૦૦ ની હતી. તેમાં અમેરિકાના કેટલાક ભાઈ-બહેનોના સહકારથી રૂા. ૭૦૦ માં જે તે ચાર ભાગ આપવાના હતા. પરંતુ તેમાં અઠવાલાઈન્સ જૈન સંઘ તરફથી રૂપિયા ૪૦૦ અને વાવસમાજના પ્રમુખશ્રી ચિનુભાઈ તરફથી સેટ દીઠ રૂા. ૧૦૦, એમ રૂા. ૫૦૦ નો સહયોગ પ્રાપ્ત થતાં ચાર ભાગનો આખો સેટ માત્ર રૂા. ૨૦૦, બસોહ રૂપિયામાં જ ત્યાં નોંધાવનારને આપવામાં આવેલા.

આ પ્રસંગે લખાતા એવા આ ધ્યાનશતક નામના ગ્રંથની બાબતમાં પૂજ્યપાદ **શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મહારાજ** સાહેબે કહ્યું કે જ્યારે આ ગ્રંથ તૈયાર થાય ત્યારે તેના પ્રકાશન ખર્ચનો લાભ તેઓના ઉપદેશથી થશે તેવી ભાવના વ્યક્ત કરેલી. તે કારણથી આ **ધ્યાનશતક** નામના ગ્રંથનો પ્રકાશન બાબતનો તમામ ખર્ચ તેઓશ્રીના ઉપદેશથી **શ્રી અઠવાલાઈન્સ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ**ના જ્ઞાનખાતામાંથી પ્રાપ્ત થયો છે. જેથી સમસ્ત જૈન સમાજમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી મ.શ્રીને ભેટ અપાશે તથા શ્રાવક-શ્રાવિકાને કિંમતથી આ પુસ્તક અપાય છે. તેઓશ્રીએ આપેલા આ સહકાર બદલ તેઓશ્રીનો અમારા ઉપર ઘણો ઘણો ઉપકાર છે એમ વિનીતભાવે જણાવું છું.

અંતમાં આ ધ્યાનશતકનું ગુજરાતી વિવેચન લખવામાં શક્ય બન્યો તેટલો વધારે ઉપયોગ રાખીને વિવેચન તૈયાર કર્યું છે છતાં અનુપયોગદશાથી અથવા છદ્મસ્થતાના કારણે કંઈ પણ નાની મોટી ભૂલ થઈ હોય તો તે બદલ ક્ષમા માગું છું અને વિનંતિ કરું છું કે આ લખાણમાં જે કોઈ ભૂલ જણાય તે મને જણાવવાની વિનંતિ કરું છું જેથી નવી આવૃત્તિમાં સુધારો થઈ શકે.

એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

એ જ લિ.
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦
મો. ૯૮૯૮૩૩૦૮૩૫

અમારા અન્ય પ્રકાશનો

૧. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત :-** નવકારથી સામાઇય-વયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણ-સ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ :-** દેવસી-રાઇઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા :-** પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ :-** જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. **યોગવિંશિકા :-** ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. **યોગશતક :-** સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. **યોગદૃષ્ટિ સમુચ્ચય :-** પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. **પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક) :-** સરળ ગુજરાતી વિવેચન.

૯. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૨. **પંચમકર્મગ્રન્થ (શતક) :-** પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૩. **છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા) :-** છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૪. **તત્ત્વાર્થાધિગમસૂત્ર :-** સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

૧૫. **સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય :-** ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

૧૬. **આઠ દૃષ્ટિની સજ્ઝાય :-** પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

૧૭. **સવાસો ગાથાનું સ્તવન :-** પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

૧૮. **નવસ્મરણ :-** મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઈંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઈંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

૧૯. **પૂજા સંગ્રહ સાર્થ :-** પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

૨૦. **સ્નાત્રપૂજા સાર્થ :-** પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

૨૧. **શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત :-** વિવેચન સાથે સરળ અર્થો.

૨૨. **શ્રી વાસ્તુપૂજા સાર્થ :-** પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

૨૩. **રત્નાકરાવતારિકા(ભાગ-૧) :-** પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નાપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

૨૪. **રત્નાકરાવતારિકા (ભાગ-૨) :-** પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

૨૫. **રત્નાકરાવતારિકા (ભાગ-૩) :-** પરિચ્છેદ ૬-૭-૮. પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

૨૬. **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ :-** પૂ. ઉ. શ્રીયશોવિ. મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન અર્થ સાથે.

૨૭. **અઢાર પાપસ્થાનકની સજ્ઝાય :-** અર્થ વિવેચન સાથે.

૨૮. **સમ્મતિ પ્રકરણ :-** પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

૨૯. **ગણધરવાદ :-** પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂજ્યપાદ આચાર્ય શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે ''ગણધરવાદ''.

૩૦. **જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી :-** દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

૩૧. **અમૃતવેલની સજ્ઝાય :-** અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

૩૨. **યોગસાર :-** પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન છે.

૩૩. **શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨) :** પ્રથમ ભાગમાં ૧થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩થી૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે.

૩૪. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. (ચાર ભાગમાં બધી જ ગાથાઓના અર્થ વિવેચન સાથે)

૩૫. **નિહ્નવવાદ :-** પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિકૃત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત ભગવાન મહાવીર પ્રભુની વાત ન સ્વીકારનારા નિહ્નવોની માન્યતા તથા ચર્ચા.

૩૬. **અધ્યાત્મ ગીતા :-** પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મરસથી ભરેલી ગીતા.

૩૭. **પુદ્ગલ ગીતા :-** આત્માનું હિત-કલ્યાણ કરનાર, ઘણા મનન-ચિંતનપૂર્વક વારંવાર વાંચવાથી શુદ્ધ ગુણો પ્રગટ થાય છે અને બીજામાં પૌદ્ગલિક ભાવોનો એટલે બાધક ભાવોનો મોહ ત્યજવાનું સમજાવેલ છે.

૩૮. **તીર્થ માલા :-** સુઈગામ થઈને ગયેલો અને પાછા વળતાં પણ સુઈગામ આવેલો ૩૦૦ વર્ષ પૂર્વે નીકળેલો શ્રી છ'રિ પાલિત સંઘ. તેનું ગુજરાતીમાં સુંદર અને રોચક વર્ણન.

૩૯. **ધ્યાન શતક :-** ભૂલોની નિંદા-ગર્હા કરવા પૂર્વક તથા વર્તમાનમાં થતી ભૂલોથી રૂકાવટ કરવા માટે અને ભાવિમાં થનારી ભૂલોની સંભાવનાને ખતમ કરવા માટેનો સાધનામાર્ગ

અનુક્રમણિકા

વિગત	ગાથા	પાના નંબર
(૧) મંગલાચરણ	૧	૧ થી ૭
(૨) ધ્યાનનું લક્ષણ	૨	૮ થી ૯
(૩) ધ્યાનનો કાળ	૩	૯ થી ૧૩
(૪) ચિંતા-ભાવના અને અનુપ્રેક્ષા	૪	૧૩ થી ૧૪
(૫) ધ્યાનના ચાર ભેદો	૫	૧૫ થી ૧૭
(૬) આર્તધ્યાનનું વર્ણન	૬ થી ૧૩	૧૮ થી ૩૫
(૭) આર્તધ્યાનમાં લેશ્યાઓ	૧૪	૩૬ થી ૩૭
(૮) આર્તધ્યાનમાં લિંગો તથા ૪ ઉત્તરભેદો	૧૫	૩૮ થી ૩૯
(૯) આર્તધ્યાનનું વિશેષ વર્ણન	૧૬-૧૭	૩૯ થી ૪૧
(૧૦) આર્તધ્યાનવાળા જીવને ગુણસ્થાનક	૧૮	૪૧ થી ૪૨
----------		
(૧૧) રૌદ્રધ્યાનનું વર્ણન, ૪ પેટાભેદો તથા હિંસાનુબંધિ નામના પ્રથમ ભેદનું વર્ણન	૧૯	૪૩ થી ૪૫
(૧૨) મૃષાનુબંધી નામના બીજા ભેદનું વર્ણન	૨૦	૪૫ થી ૪૮
(૧૩) સ્તેયાનુબંધી નામના ત્રીજા ભેદનું વર્ણન	૨૧	૪૯ થી ૫૦
(૧૪) સંરક્ષણાનુબંધી નામના ચોથા ભેદનું વર્ણન	૨૨/૨૩	૫૧ થી ૫૩
(૧૫) રૌદ્રધ્યાન કેવા જીવને હોય છે ?	૨૪	૫૪ થી ૫૫
(૧૬) રૌદ્રધ્યાન વાળા જીવને લેશ્યાઓ	૨૫	૫૫ થી ૫૬
(૧૭) રૌદ્રધ્યાનનાં ચિહ્નો (લિંગો)	૨૬/૨૭	૫૬ થી ૫૯
----------		
(૧૮) ધર્મધ્યાન ઉપર ૧૨ દ્વારોનાં નામો	૨૮/૨૯	૬૦ થી ૬૧
(૧૯) ધર્મધ્યાન ઉપર પ્રથમ ભાવના દ્વારનું વર્ણન	૩૦	૬૨ થી ૬૩
(૨૦) ધર્મધ્યાન ઉપર ભાવનાદ્વારના ચાર ભેદોનું વર્ણન	૩૧ થી ૩૪	૬૩ થી ૯૩
(૨૧) ધર્મધ્યાન ઉપર દેશ નામના બીજા દ્વારનું વર્ણન	૩૫ થી ૩૭	૯૪ થી ૨૦૨
(૨૨) ધર્મધ્યાન ઉપર કાલ નામના ત્રીજા દ્વારનું વર્ણન	૩૮	૧૦૨ થી ૧૦૪
(૨૩) ધર્મધ્યાન ઉપર આસન નામના ચોથા દ્વારનું વર્ણન	૩૯ થી ૪૧	૧૦૪ થી ૧૦૮

વિગત	ગાથા	પાના નંબર
(૨૪) ધર્મધ્યાન ઉપર આલંબન નામના પાંચમા દ્વારનું વર્ણન	૪૨-૪૩	૧૦૮ થી ૧૧૧
(૨૫) ધર્મધ્યાન ઉપર ક્રમ નામના છટ્ઠા દ્વારનું વર્ણન	૪૪	૧૧૨ થી ૧૧૩
(૨૬) ધર્મધ્યાન ઉપર ધ્યાતવ્ય નામના સાતમા દ્વારનું વર્ણન	૪૫ થી ૪૯	૧૧૪ થી ૧૩૦
(૨૭) ધર્મધ્યાન ઉપર ધ્યાતવ્યના બીજા ભેદનું વર્ણન	૫૦	૧૩૦ થી ૧૩૩
(૨૮) ધર્મધ્યાન ઉપર ધ્યાતવ્યના ત્રીજા ભેદનું વર્ણન	૫૧	૧૩૪ થી ૧૩૮
(૨૯) ધર્મધ્યાન ઉપર ધ્યાતવ્યના ચોથા ભેદનું વર્ણન	૫૨ થી ૬૨	૧૩૮ થી ૧૬૫
(૩૦) ધર્મધ્યાન ઉપર ધ્યાતા નામના આઠમા દ્વારનું વર્ણન	૬૩/૬૪	૧૬૬ થી ૧૬૯
(૩૧) ધર્મધ્યાન ઉપર અનુપ્રેક્ષા નામના નવમા દ્વારનું વર્ણન	૬૫	૧૭૦ થી ૧૭૩
(૩૨) ધર્મધ્યાન ઉપર લેશ્યા નામના દશમા દ્વારનું વર્ણન	૬૬	૧૭૪ થી ૧૭૫
(૩૩) ધર્મધ્યાન ઉપર ''લિંગ'' તથા ''ફલ'' અગીરમા અને બારમા દ્વારનું વર્ણન	૬૭/૬૮	૧૭૬ થી ૧૭૮
(૩૪) શુકલધ્યાનના વર્ણનનો પ્રારંભ (આલંબન દ્વાર)	૬૯	૧૭૯ થી ૧૮૦
(૩૫) શુકલધ્યાન ઉપર ક્રમ નામનું બીજું દ્વાર	૭૦ થી ૭૬	૧૮૧ થી ૧૯૬
(૩૬) શુકલધઅયાન ઉપર ''ધ્યાતવ્ય'' નામનું ચોથું દ્વાર	૭૭ થી ૮૦	૧૯૭ થી ૨૦૨
(૩૭) ''સૂક્ષ્મક્રિયા'' અપ્રતિપાતી નામના ત્રીજા પાયાનું વર્ણન	૮૧	૨૦૩ થી ૨૦૪
(૩૮) ચોથા પાયાનું વર્ણન	૮૨	૨૦૪ થી ૨૦૫
(૩૯) કયા યોગમાં શુકલધ્યાનનો કયો ભેદ હોય ?	૮૩	૨૦૫ થી ૨૦૭
(૪૦) મન વિના ધ્યાન કેવલીભગવાનને કેવી રીતે હોય ?	૮૪ થી ૮૬	૨૦૭ થી ૨૧૦
(૪૧) શુકલધ્યાન ઉપર ''અનુપ્રેક્ષા'' દ્વાર	૮૭/૮૮	૨૧૧ થી ૨૧૩
(૪૨) શુકલધ્યાન ઉપર ''લેશ્યા'' દ્વાર	૮૯	૨૧૪ થી ૨૧૫
(૪૩) શુકલધ્યાન ઉપર ''લિંગ'' દ્વાર	૯૦ થી ૯૨	૨૧૫ થી ૨૧૭
(૪૪) ધર્મધ્યાન ઉપર ''ફળ'' દ્વાર	૯૩	૨૧૮ થી ૨૧૯
(૪૫) શુકલધ્યાન ઉપર ''ફળ'' દ્વાર	૯૪	૨૧૯ થી ૨૨૦
(૪૬) ધર્મ અન શુકલ સંસારના પ્રતિપક્ષભૂત છે	૯૫/૯૬	૨૨૦ થી ૨૨૧
(૪૭) પરમસુખની પ્રાપ્તિ માટેનાં દૃષ્ટાન્તો	૯૭ થી ૧૦૨	૨૨૨ થી ૨૨૬
(૪૮) લોકમાં પ્રસિદ્ધ ધ્યાનફળ	૧૦૩ થી ૧૦૪	૨૨૭ થી ૨૨૯
(૪૯) ગ્રન્થનો ઉપસંહાર	૧૦૫	૨૩૦ થી ૨૩૧

ಶ್ರೀ ಪಾರ್ಶ್ವನಾಥ

ॐ ह्रीँ नमो श्रीवीतरागाय

श्री श्रुतदेवतायै नमः

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણસૂરીશ્વરજી વિરચિત તથા
અનેક ગ્રંથોનું વિવરણ કરવામાં અતિશય પટુ એવા
સૂરિપુરન્દર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી રચિત ટીકાથી વિભૂષિત

શ્રી ધ્યાનશતક

अवतरण : ध्यानशतकस्य च महार्थत्वाद् वस्तुतः शास्त्रान्तरत्वात् प्रारम्भ एव विघ्नविनायकोपशान्तये मङ्गलार्थम् इष्टदेवतानमस्कारमाह ।

ધ્યાનશતક નામનો આ ગ્રન્થ મહાન્ અર્થવાળો હોવાથી તથા પરમાર્થથી આ એક અનુપમ એવું ભિન્ન શાસ્ત્ર જ છે એ માટે ગ્રન્થના પ્રારંભમાં જ વિઘ્નોના સમૂહની ઉપશાન્તિ નિમિત્તે તથા મંગળાચરણ કરવા માટે ઈષ્ટ દેવતાની સ્તુતિ-નમસ્કાર કરતા ગ્રન્થકારશ્રી કહે છે કે :-

वीरं सुक्कज्झाणग्गिदड्ढकम्मिंधणं पणमिऊणं ।
जोईसरं सरण्णं झाणज्झयणं पवक्खामि ॥१॥

ગાથાર્થ : શુક્લધ્યાન રૂપી અગ્નિ વડે બાળી નાખ્યાં છે સર્વ કર્મો રૂપી ઇંધણ જેઓએ એવા તથા યોગીશ્વર અને શરણ લેવા લાયક એવા પરમાત્મા **શ્રી મહાવીર પ્રભુ**ને નમસ્કાર કરીને ધ્યાનશતક (અર્થાત્ ધ્યાન અધ્યયન) નામના ગ્રંથને હું કહીશ. ॥૧॥

व्याख्या : "वीरं" - शुक्लध्यानाग्निदग्धकर्मेन्धनं प्रणम्य ध्यानाध्ययनं प्रवक्ष्यामीति योगः, तत्र "ईर्" गतिप्रेरणयोः इत्यस्य विपूर्वस्याजन्तस्य विशेषेण ईरयति कर्म गमयति याति वेह शीवमिति वीरस्तं वीरं, किंविशिष्टं तमित्यत आह-शुचं क्लमयतीति शुक्लम्, शोकं ग्लपयतीत्यर्थः । ध्यायते-चिन्त्यतेऽनेन तत्त्वमिति ध्यानम्, एकाग्रचित्तनिरोध इत्यर्थः ।

शुक्लं च तद् ध्यानं च तदेव कर्मेन्धनदहनादग्निः शुक्लध्यानाग्निः, तथा मिथ्यादर्शनाविरति-प्रमादकषाययोगैः क्रियते इति कर्म, - ज्ञानावरणीयादि, तदेवातितीव्रदुःखानलनिबन्धनत्वादिन्धनं कर्मेन्धनं, ततश्च शुक्लध्यानाग्निना दग्धं-स्वस्वभावापनयनेन भस्मीकृतं कर्मेन्धनं येन स तथाविधस्तम्,

"प्रणम्य" प्रकर्षेण मनोवाक्काययोगैर्नत्वेत्यर्थः, समानकर्तृकयोः पूर्वकाले कृत्वाप्रत्ययविधानाद् ध्यानाध्ययनं प्रवक्ष्यामीति योगः ।

વિવેચન : પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણસૂરીશ્વરજી કૃત એવો આ ધ્યાનશતક નામનો ગ્રંથ, તથા તે ગ્રંથ ઉપર રચાયેલી યાકિની મહત્તરાસૂનુ એવા સુરિપુરન્દર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીકૃત સંસ્કૃત ટીકાનું ગુજરાતી ભાષામાં વિવેચન લખવાનો પ્રારંભ કરાય છે :

"वीरं" प्रणम्य प्रवक्ष्यामीति योगः = વીર ભગવાનને ! પ્રણામ કરીને આ ગ્રંથ હું કહીશ. આવા પ્રકારનો વાક્યનો સંબંધ છે. ત્યાં પ્રશ્ન થાય છે કે વીર કોને કહેવાય ? તે સમજાવે છે કે "શુકલ ધ્યાન રૂપી અગ્નિ વડે બાળી નાખ્યાં છે સર્વ કર્મો રૂપી ઈન્ધન જેઓએ એવા શ્રી મહાવીર પરમાત્માને વીર કહેવાય છે. તેઓને પ્રણામ કરીને ધ્યાનાધ્યયન (ધ્યાન શતક) નામના ગ્રન્થને હું કહીશ. અર્થાત્ આ ગ્રન્થ સમજાવીશ આ પ્રમાણે કર્તા કર્મ અને ક્રિયાપદનો યોગ કરવો. જેથી અર્થ કરવો સરળ પડે છે.

ત્યાં વીર શબ્દમાં વિ ઉપસર્ગ છે અને ઈર્ ધાતુ છે અર્થાત્ ક્રિયાપદ છે. આ ઈર્ ધાતુ ગમન અર્થમાં અને પ્રેરણા કરવી એમ બે અર્થમાં વર્તે છે. આ ઈર્ ધાતુ વિ પૂર્વક વપરાયેલ છે અને તેને કૃદન્તના પ્રકરણથી અચ્ પ્રત્યય લાગેલો છે એટલે વિ ઉપસર્ગ પૂર્વક અજન્ત એવા ઈર્ ધાતુથી આ વીર શબ્દ બનેલો છે.

ઉપર સમજાવેલા વ્યાકરણના નિયમ પ્રમાણે "વિશેષે કરીને કર્મોને દૂર કરે વિશેષેણ ઈરયતિ કર્મ ગમયતિ સ વીરઃ આ એક અર્થ થયો તથા યાતિ વા ઇહ શિવમિતિ વીરઃ = અહીં જે મુક્તિમાં ગમન કરે તે વીર આ પ્રમાણે બન્ને અર્થો મહાવીર પરમાત્મામાં ઘટે છે. તેવા વીર પરમાત્માને નમસ્કાર કરીને હું આ ગ્રન્થ શરૂ કરું છું એવો અર્થ થયો.

ત્યાં પ્રશ્ન થાય છે કે किंविशिष्टं वीरम् = તે વીર પરમાત્મા કેવા છે ? કયા કયા ગુણોથી વિશિષ્ટ છે ? આ અર્થ સમજાવવા માટે હવે તેઓનાં વિશેષણો કહેવાય છે. શુક્લધ્યાન રૂપી અગ્નિ વડે બાળી નાખ્યાં છે કર્મરૂપી ઈન્ધન જેઓએ એવા તે મહાવીર સ્વામી ભગવાનને ! હું નમસ્કાર કરું છું. અહીં शुचं क्लमयतीति शुक्लम् = શોકને દૂર કરે તે શુક્લ તથા ध्यायते-चिन्त्यतेऽनेन तत्त्वम् इति ध्यानम् = જેના વડે તત્ત્વનું ઊંડું ચિન્તન-મનન ! થાય તેને ધ્યાન કહેવાય છે. એકાગ્રપણે ચિત્તને બીજા બાહ્યભાવોમાંથી નિરોધ કરવો તે ધ્યાન જાણવું.

शुक्लं च तद् ध्यानं च शुक्लध्यानम् = શુક્લ એવા નામવાળું જે ધ્યાન તે શુક્લધ્યાન. વિશેષણ પૂર્વપદ કર્મધારય સમાસ જાણવો. જે આ શુક્લધ્યાન છે તે જ ધ્યાન અગ્નિ સ્વરૂપ છે

અને તે ધ્યાન, કર્મરૂપી ઇંધનને બાળવામાં સમર્થ બને છે. જે મહાવીર પ્રભુએ ધ્યાન રૂપી અગ્નિ વડે કર્મરૂપી ઇંધનને બાળી નાખ્યાં છે તેવા વીરપ્રભુને નમસ્કાર કરીને હું આ ગ્રન્થ ચાલુ કરૂં છું. આ ધ્યાન કર્મરૂપી ઇંધનને બાળનાર હોવાથી આ ધ્યાનને અગ્નિ કહેવાય છે.

તથા મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય અને યોગ આ પાંચ કર્મબંધનાં કારણો છે. આ પાંચ કારણો વડે ક્રિયતે = જે કરાય તેને કર્મ કહેવાય છે. જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય વગેરે નામવાળાં કુલ આઠ મૂલકર્મ અને તેના એકસો અટ્ઠાવન ઉત્તરભેદ છે. આ આઠ કર્મો જ અતિશય તીવ્ર દુઃખો આપવાનું કારણ હોવાથી તેને જ ઇન્ધન કહેવાય છે. અને આ શુક્લધ્યાન જ, દુઃખો આપનારા કર્મોરૂપી ઇંધનને બાળી નાખનાર હોવાથી શુક્લધ્યાનને જ અગ્નિ કહેવાય છે.

સારાંશ એ થયો કે જે જે કર્મોમાં જે જે સાંસારિક દુઃખ-સુખ આપવાના સ્વભાવો આ જીવે પૂર્વે બાંધ્યા હતા તે કર્મોરૂપી ઇંધન જે પરમાત્મા વડે શુક્લધ્યાન રૂપી અગ્નિ દ્વારા બાળી નખાયાં છે. જેઓને હવે એક પણ કર્મ બાકી નથી એવા શુદ્ધ બુદ્ધ નિરંજન નિરાકાર એવા મહાવીર પરમાત્માને પ્રણામ કરીને હું આ ગ્રંથ ચાલુ કરું છું.

"प्रणम्य" આ કૃદન્તમાં પ્ર ઉપસર્ગ જે છે તેનો અર્થ પ્રકર્ષે કરીને અર્થાત્ અતિશય પણે પ્રગટ થતા એવા ભાવથી નમસ્કાર કરીને, મનથી સમજી વિચારીને બુદ્ધિનો પ્રયોગ કરવા પૂર્વક મન-વચન અને કાયાનો ઉપયોગ રાખવા દ્વારા ભાવપૂર્વક પ્રણામ કરીને હું આ ગ્રંથ શરૂ કરું છું.

પ્રણમ્ય કૃદન્તમાં क्त्वा પ્રત્યય થાય છે તે સમાનકર્તા વાળી બે ક્રિયામાં જે ભૂતકાલીન ક્રિયા હોય છે તેને જ "प्राक्काले" સૂત્રથી क्त्वा પ્રત્યય થાય છે. આ પ્રમાણે વીર પરમાત્માને પ્રણામ કરીને ધ્યાનાધ્યયન (ધ્યાનના વિષયને સમજાવતો આ ધ્યાનશતક નામનો ગ્રંથ) હું (જિનદ્રગણિ ક્ષમાશ્રમણ) સમજાવીશ. આવો અર્થ કરવો. આ પ્રમાણે કર્તા કર્મ અને ક્રિયાપદનો યોગ કરવો.

तत्राधीयत इत्यध्ययनम्, "कर्मणि ल्युट्" पठयत इत्यर्थः । ध्यानप्रतिपादकमध्ययनं २ तद् याथात्म्यमङ्गीकृत्य प्रकर्षेण वक्ष्ये-अभिधास्ये इति, किं विशिष्टं वीरं प्रणम्येत्यत आह - "योगेश्वरं योगीश्वरं वा" तत्र युज्यन्त इति योगाः = मनोवाक्कायव्यापारलक्षणाः, तैरीश्वरः-प्रधानस्तं, तथाहि-अनुत्तरा एव भगवतो मनोवाक्कायव्यापारा इति, यथोक्तम् :-

दव्वमणोजोएणं मणणाणीणं अणुत्तराणं च ।
संसयवोच्छित्तिं केवलेण नाऊण सइ कुणइ ॥१॥

रिभियपयक्खरसरला मिच्छितरतिरिच्छसगिरपरिणामा ।
मणणिव्वाणी वाणी जोयणनिहारिणी जं च ॥२॥

एक्का य अणेगेसिं संसयवोच्छेयणे अपडिभूया ।
न य णिव्विज्जइ सोया तिप्पइ सव्वाउएणंपि ॥३॥

सव्वसुरेहिंतोविहु, अहिगो कत्तो य कायजोगो से ।
तहवि य पसंतरूवे, कुणइ सया पाणिसंघाए ॥४॥ इत्यादि.

विवेचन : ત્યાં "અભ્યાસ કરાય" તેને અધ્યયન કહેવાય છે. અધિ ઉપસર્ગ અને इ ધાતુથી કર્મમાં ल्युट् પ્રત્યય થયેલો છે. "कर्मणि ल्युट्" આ સૂત્રથી ल्युट् પ્રત્યય થયેલો છે. આ ल्युट् પ્રત્યય પાણિનિ વ્યાકરણ પ્રમાણે છે. સિદ્ધહેમ નામના જૈન વ્યાકરણ પ્રમાણે अनट् પ્રત્યય થયેલ છે.

ધ્યાનના વિષયને સમજાવનારું જે અધ્યયન તે ધ્યાનાધ્યયન કહેવાય છે. જે આ ધ્યાનાધ્યયન છે તે याथात्म्यं = યથાર્થપણાને આશ્રયી જેમ છે તેમ યથાર્થપણે જ કહેવાશે. જેવો વિષય છે તેવો યથાર્થપણે સમજાવાશે.

વીર પરમાત્માને નમસ્કાર કરીને આ ધ્યાનાધ્યયન કહેવાશે ત્યાં પ્રશ્ન થાય છે કે किं विशिष्टं वीरं प्रणम्य = કેવા પ્રકારના વીર પરમાત્માને નમસ્કાર કરીને આ ધ્યાનાધ્યયન કહેવાશે ? આવો પ્રશ્ન કોઈ શિષ્યને કદાચ થાય તો જણાવે છે કે योगेश्वरं योगीश्वरं वा યોગદશાના ઈશ્વર એવા આ પરમાત્મા અથવા યોગીઓના ઈશ્વર એવા આ પરમાત્માને નમસ્કાર કરીને હું આ ગ્રંથ કહીશ.

युज्यन्ते इति योगाः જ્યાં પ્રયત્નવિશેષ કરાય તેને યોગ કહેવાય છે. મન-વચન અને કાયા દ્વારા જે પ્રયત્નવિશેષ કરાય તે યોગ કહેવાય છે તે ત્રણે પ્રકારના યોગો દ્વારા જે પ્રધાનતર છે તેવા યોગના ઈશ્વરતુલ્ય યોગેશ્વર એવા મહાવીર પરમાત્માને નમસ્કાર કરીને, કારણ કે પરમાત્માના મન-વચન અને કાયાના સઘળા ય વ્યવહારો અનુત્તર એટલે કે અનુપમ હતા. કારણ કે આ ત્રણે યોગો દ્વારા ભગવાને કર્મોની ઘણી નિર્જરા કરેલી છે તેવા અનુપમ યોગવાળા ભગવાનને નમસ્કાર કરીને હું આ ગ્રન્થ ચાલું કરું છું. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે...

મનઃપર્યવ જ્ઞાનવાળા જ્ઞાનીઓના તથા અનુત્તરવાસી દેવોના પ્રશ્નોને દ્રવ્ય મન વડે જાણીને તેઓના સંશયનો વિચ્છેદ હંમેશાં કેવલજ્ઞાન વડે આ પરમાત્મા કરે છે. ॥૧॥

પરિમિત પદોવાળી, પરિમિત અક્ષરો વાળી તથા સરળ અને સમ્યગ્દષ્ટિ જીવોમાં તથા તિર્યંચગતિના જીવોમાં પણ એક જ વાર બોલવાથી પરિણામ પમાડનારી અને મનને શાન્તિ આપનારી એક યોજન સુધી બધે જ બરાબર સંભળાય તેવી વાણી છે જેઓની તેવા આ વીતરાગ પરમાત્મા છે. ॥૨॥

જે પરમાત્માના મુખે એકવાર બોલાયેલું વચન પણ અનેક જીવોના સંશયને છેદનારું બને છે અર્થાત્ અનેકના સંશય છેદવા છતાં ક્યાંય પરાભવ ન પામનારું જેઓશ્રીનું વચન છે તથા જેઓની વાણી સાંભળતાં ક્યારેય કંટાળો કે ઉદ્વેગ થતો જ નથી આવી વીતરાગ પ્રભુની વાણી છે. જે સર્વ આયુષ્યમાન જીવો વડે સંભળાય છે. ॥૩॥

તથા જે પરમાત્માની કાયા (તથા કાયા દ્વારા થતી સર્વ ચેષ્ટા) સર્વ દેવો કરતાં પણ અધિક તેજસ્વી અને રમણીય છે તથા સર્વ જીવોને સદાકાળ જે પરમાત્માની કાયા પ્રશાન્ત રૂપવાળી, શાન્ત અને ક્ષમાશીલ જ દેખાય છે. ॥૪॥ આવા સ્વરૂપ વાળા મહાવીર પરમાત્માને પ્રણામ કરીને હું આ ગ્રંથ લખીશ (જણાવીશ).

युज्यते वाऽनेन केवलज्ञानाग्निना आत्मेति योगः धर्मशुक्लध्यानलक्षणः, स येषां विद्यत इति योगिनः = साधवः तैरीश्वरः, तदुपदेशेन तेषां प्रवृत्तेस्तत्सम्बन्धादिति, तेषां वा ईश्वरो योगीश्वरः, ईश्वरः प्रभुः स्वामीत्यनर्थान्तरम्, योगीश्वरम्, अथवा योगिस्मर्यं = योगिचिन्त्यं ध्येयमित्यर्थः,

पुनरपि स एव विशेष्यते-शरण्यं, तत्र शरणे साधुः शरण्यस्तं-रागादिपरिभूताश्रितसत्त्ववत्सलं रक्षकमित्यर्थः, ध्यानाध्ययनं प्रवक्ष्यामीत्येतद् व्याख्यातमेव । अत्राऽऽह

यः शुक्लध्यानादिना दग्धकर्मेन्धनः स योगेश्वरः एव, यश्च योगेश्वरः स शरण्य एवेति गतार्थे विशेषणे, "न" अभिप्रायापरिज्ञानाद्, इह शुक्लध्यानाग्निना दग्धकर्मेन्धनः सामान्यकेवल्यपि भवति, न तु असौ योगेश्वरः, वाक्काययोगातिशयाभावात्, स एव च तत्त्वतः शरण्य इति ज्ञापनार्थमेवादुष्टमेतदपि, तथा चोभयपदव्यभिचारेऽज्ञातज्ञापनार्थं च शास्त्रे विशेषणाभिधानमनुज्ञातमेव पूर्वमुनिभिरित्यलं विस्तरेणेति गाथार्थः ॥१॥

विवेचन : અથવા યોગ શબ્દનો બીજો અર્થ આ પ્રમાણે પણ થાય છે. "युज्यते वाऽनेन" = "કેવલજ્ઞાન આદિ ક્ષાયિક ભાવના ગુણો સાથે આ આત્મા જેનાથી જોડાય" તેનું નામ પણ **યોગ** કહેવાય છે. સારાંશ કે ધર્મધ્યાન અને શુક્લધ્યાન નામનાં જે બે ધ્યાન છે તે જ બન્ને ધ્યાનો આ આત્માને કેવલજ્ઞાનની સાથે જોડનાર બને છે અર્થાત્ મોક્ષની સાથે પણ જોડનાર બને છે તે માટે આ બન્ને ધ્યાનોને જ યોગ કહેવાય છે.

તે ધર્મધ્યાન અને શુક્લધ્યાન રૂપ યોગ જેઓને વિદ્યમાન છે તે મહાત્મા પુરુષો યોગી કહેવાય છે આવા યોગીઓ વડે એટલે કે સાધુ મહાત્માઓ દ્વારા સ્વીકારાયેલા જે ઈશ્વર તે

યોગીશ્વર પુરુષ કહેવાય છે કારણ કે તેઓના અપાયેલા ઉપદેશ પ્રમાણે જ સાધુમહાત્માઓની સદાકાળ પ્રવૃત્તિ હોય છે. ક્યારેય પણ તે યોગીશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને આ યોગીઓની પ્રવૃત્તિ હોતી નથી. તેથી તે મહાત્માઓને તે યોગીશ્વર એવા વીતરાગ પરમાત્માનો પુરેપુરો મીઠો સંબંધ હોય છે.

અથવા તૃતીયાને બદલે ષષ્ઠી તત્પુરુષ સમાસ પણ થાય છે. तेषां वा ईश्वरः इति = योगीश्वरः = અથવા યોગીઓના જે ઈશ્વર છે તે પણ યોગીશ્વર કહેવાય છે. આ ષષ્ઠીતત્પુરુષ સમાસ છે. યોગીઓના ઈશ્વર એટલે પ્રભુ, સ્વામી એવો અર્થ જાણવો. અથવા યોગીશ્વર શબ્દને બદલે યોગિસ્મર્ય શબ્દ પણ ત્યાં સમજવો. તેનો અર્થ આવો કરવો કે યોગીઓ વડે સ્મરણ કરવા લાયક, યોગીઓ વડે ચિન્તવવા લાયક, યોગીઓ વડે ધ્યાન કરવા લાયક જે મહાત્મા છે તે યોગિસ્મર્ય કહેવાય છે આવા મહાવીર પ્રભુ છે.

તથા વળી આ યોગીશ્વર અથવા યોગીસ્મર્ય પરમાત્મા કેવા છે ? તે બીજાં વિશેષણો વડે સમજાવે છે કે "शरण्यं" શરણ લેવા યોગ્ય એવા આ મહાવીર સ્વામી પરમાત્માને નમસ્કાર કરીને હું ગ્રંથનો પ્રારંભ કરું છું. શરણ લેવા યોગ્ય પુરુષોમાં સર્વથી શ્રેષ્ઠ એવા આ પ્રભુ છે. અર્થાત્ સર્વોત્તમ = સર્વથી ઉત્તમ એવા આ મહાવીરપ્રભુ છે. સારાંશ કે રાગ-દ્વેષ અને મોહ (અજ્ઞાનદશા) ઈત્યાદિ ભાવશત્રુઓ દ્વારા પરાભવ પામેલા અને પ્રભુના ચરણના શરણના આશ્રિત થયેલા એવા જીવો ઉપર અતિશય વાત્સલ્યભાવવાળા, સારાંશ કે શરણે આવેલા જીવોનું ભાવ શત્રુઓથી રક્ષણ કરનારા એવા શ્રી મહાવીર પરમાત્માને હૃદયના ભાવપૂર્વક વંદના કરીને હું (એટલે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ) આ ગ્રંથનો આરંભ કરું છું.

ધ્યાનના આ અધ્યયનને અર્થથી બરાબર સમજાવીશ. આ પ્રમાણે આ ગાથાનો અર્થ જાણવો.

પ્રશ્ન : અહી કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે "શુક્લ ધ્યાનરૂપી અગ્નિ વડે જે મહાત્માઓએ કર્મરૂપી ઈન્ધનો બાળી નાખ્યાં છે તે મહાત્માઓ યોગના ઈશ્વર જ અર્થાત્ યોગેશ્વર જ હોય છે. અને જે યોગેશ્વર હોય છે. તે મહાત્મા તો અવશ્ય શરણ્ય જ હોય છે માટે તેમાં અવ્યભિચાર હોવાથી યોગેશ્વર અને શરણ્ય આ બન્ને વિશેષણો વ્યર્થ જ છે કારણ કે ન્યાયની ભાષામાં કહ્યું છે કે संभवव्यभिचाराभ्यां स्याद् विशेषणमर्थवत् અહીં વ્યભિચાર છે જ નહી તેથી આ બન્ને વિશેષણ વ્યર્થ છે નિરર્થક જ થાય છે તો આ વિશેષણ કહેવામાં કેમ આવ્યાં છે ?"

ઉત્તર : "न" તમારો આ પ્રશ્ન વ્યાજબી નથી. કારણ કે તમે અમારા અભિપ્રાયને બરાબર સમજ્યા નથી. અમારો કહેવાનો અભિપ્રાય આ પ્રમાણે છે કે "શુક્લધ્યાનરૂપી

અગ્નિ વડે કર્મરૂપી ઈંધણ જે મહાત્માઓએ બાળી નાખ્યાં છે તેવા મહાત્મા લેવા. પરંતુ તેવા મહાત્માઓ તો તીર્થંકર કેવલી પરમાત્માની જેમ સામાન્ય કેવલજ્ઞાની ભગવંતો પણ સંભવી શકે છે પરંતુ તે સામાન્ય કેવલી ભગવંતો યોગીઓ જરૂર છે. પરંતુ યોગેશ્વર નથી. કારણ કે તે સામાન્ય કેવલી ભગવંતોને વાણીના અને કાયાના અતિશયનો તો અભાવ જ હોય છે. (૧) એક યોજન સુધી જેઓની વાણી સંભળાય, (૨) સર્વ શ્રોતાઓને પોતપોતાની ભાષામાં સમજાય, (૩) કાંટા-કાંકરા અવળા મુખવાળા થઈ જાય, (૪) પક્ષિઓ પણ પ્રદક્ષિણા આપે આવા અતિશયો તેઓને સંભવતા નથી.''

પરંતુ આવા પ્રકારનો વચનનો અને કાયાનો અતિશય વર્તે છે જેઓને તે તીર્થંકર પરમાત્મા જ શરણ યોગ્ય છે આવો અર્થ જણાવવા માટે જ આ વિશેષણોનું કથન કર્યું છે. તેથી આ કથન પણ નિર્દોષ જ છે અને ઉચિત જ છે.

તથા ઉભયપદનો વ્યભિચાર જ્યાં આવતો હોય ત્યાં તે ઉભયપદના વ્યભિચારને અટકાવવા માટે, તથા ન જાણેલી વસ્તુ જણાવવા માટે પણ વિશેષણનો પ્રયોગ થાય છે જેમકે श्वेतवस्त्रवान् पुरुषः गच्छति 'શ્વેત વસ્ત્રવાળો પુરૂષ જાય છે' આ વાક્યમાં श्वेतवस्त्रवान् આ વિશેષણ સાર્થક છે. કારણ કે જનાર પુરૂષ શ્વેતવસ્ત્રવાળા પણ હોઈ શકે છે. અને અન્ય રંગવાળાં વસ્ત્રોથી યુક્ત પણ હોઈ શકે છે તે વ્યભિચાર રોકવા 'श्वेतवस्त्रवान्' આ વિશેષણ સાર્થક છે તથા શ્વેતવસ્ત્રવાન્ પુરૂષ પણ હોઈ શકે છે અને સ્ત્રી પણ હોઈ શકે છે માટે 'પુરુષ' એ વિશેષ્ય પદ પણ આવશ્યક છે એમ આ ઉભયપદના વ્યભિચારને અટકાવવા માટે વિશેષણ સાર્થક છે તથા જે પુરુષો જાય છે તે નિયમા શ્વેતવસ્ત્રવાળા જ જાય છે. એમ શ્વેતવસ્ત્રની અજ્ઞાનતાને દૂર કરવા પણ જરૂરી છે. આ રીતે અજ્ઞાતની જ્ઞાપના માટે પણ આ વિશેષણ હોઈ શકે છે.

ઉપરોક્ત દૃષ્ટાંતની જેમ दग्धकर्मेन्धन અને योगेश्वर આ પ્રમાણે જે બે પદો કહ્યાં છે તે પણ વ્યભિચારને દૂર કરવા જ કહેલાં છે. दग्धकर्मेन्धन આ જ એક પદ કહીએ અને योगेश्वर પદ જો ન કહીએ તો મહાવીરસ્વામી જ જે લેવા છે તેના બદલે સામાન્ય કેવલજ્ઞાની પરમાત્માઓ પણ આવી જાય કારણ કે તેઓ પણ दग्धकर्मेन्धन તો છે જ. જેથી અતિવ્યાપ્તિ આવે તે નિવારવા योगेश्वर પદ કહ્યું છે. જેથી સામાન્ય કેવલી ભગવંતો હવે લેવાતા નથી. તેઓ યોગી છે પરંતુ યોગેશ્વર નથી. તથા જો યોગેશ્વર પદ જ લખીએ અને दग्धकर्मेन्धन પદ ન લખીએ તો ૪ થી ૧૨ ગુણસ્થાનકોમાં વર્તતા છદ્મસ્થ તીર્થંકર પરમાત્માના જીવો પણ આવી જાય. તેઓ યોગેશ્વર છે. પણ दग्धकर्मेन्धन વાળા નથી માટે ઉભયપદનું કથન બરાબર ઉચિત જ છે.

શાસ્ત્રોમાં આવા પ્રકારના અજ્ઞાત અર્થને જણાવવા માટે જ અથવા અતિવ્યાપ્તિ આદિ દોષો નિવારવા માટે જ વિશેષણો કહેવામાં આવે છે. તેથી આવા અતિવ્યાપ્તિ -

અવ્યાપ્તિ અને અસંભવના દોષો નિવારવા માટે જ વિશેષણોનું અભિધાન (કથન) કરવાની પૂર્વ મહર્ષિઓ વડે અનુજ્ઞા કરાયેલી છે આ પ્રમાણે થોડાક વિસ્તાર વડે સર્યું, આ પ્રમાણે પહેલી ગાથાનો અર્થ થયો ॥૧॥

અવતરણ : સામ્પ્રતં ધ્યાનલક્ષણપ્રતિપાદનાયઽઽહઃ હવે ધ્યાનના લક્ષણને પ્રતિપાદન કરવા માટે જણાવે છે કે :-

जं थिरज्झवसाणं, तं झाणं जं चलं तयं चित्तं ।
तं होज्ज भावणा वा अणुपेहा वा अहवा चिंता ॥२॥

ગાથાર્થ : જે સ્થિર અધ્યવસાય સ્થાન છે. તે ધ્યાન કહેવાય છે અને જે ચંચળ ચિત્ત છે તે ભાવના અથવા અનુપ્રેક્ષા અથવા ચિન્તા કહેવાય છે. ॥૨॥

व्याख्या : "यद्" इत्युद्देशः स्थिरं = निश्चलम् अध्यवसानं = मन एकाग्रतालम्बनमित्यर्थः, तद् इति निर्देशे, "ध्यानं" प्राग्निरूपितशब्दार्थम्, ततश्चैतदुक्तं भवति - यत् स्थिरमध्यवसानं तद्ध्यानमभिधीयते,

"यच्चलम्" इति यत्पुनरनवस्थितं तच्चित्तं, तच्चौघतस्त्रिधा भवति इति दर्शयति - "तद्भवेद्भावना वा" इति तच्चित्तं भवेद् भावना, भाव्यत इति भावना ध्यानाभ्यासक्रियेत्यर्थः, वा विभाषायाम्, "अनुप्रेक्षा वा" इति अनु = पश्चाद्भावे प्रेक्षणं प्रेक्षा, सा च स्मृतिर्ध्यानाद् भ्रष्टस्य चित्तचेष्टेत्यर्थः वा पूर्ववत् "अथवा चिन्ता" इति अथवाशब्दः प्रकारान्तरप्रदर्शनार्थः चिन्तेति वा खलूक्लप्रकारद्वयरहिता चिन्ता = मनश्चेष्टा सा चिन्तेति गाथार्थः ॥२॥

विवेचन : जं એટલે यद् એવું ગાથામાં જે પદ છે તે ઉદ્દેશવાચી પદ છે. स्थिरम् એટલે નિશ્ચલ, અડગ, અત્યન્ત સ્થિર, અર્થાત્ ચંચલતા વિનાનું, હાલક-દોલક વિનાનું એવું જે "अध्यवसानं" અધ્યવસાય સ્થાન-વિચારધારા, તેને જ ધ્યાન કહેવાય છે तद् એવો જે શબ્દ છે તે નિર્દેશવાચી પદ છે જ્યાં જ્યાં जं પદ હોય ત્યાં ત્યાં तं પદ આવે જ, એટલે આવી જે વિચારસરણી છે તેને જ ધ્યાન કહેવાય છે. ધ્યાન શબ્દ જે ગાથામાં છે તેનો અર્થ પહેલાં જણાવેલો જ છે ઉપર સમજાવાયેલી સમસ્ત વાતનો સાર આ પ્રમાણે છે :-

"જે અતિશય સ્થિર (ચંચળતા વિનાનું) અધ્યવસાય સ્થાન છે તેને જ ધ્યાન કહેવાય છે. પરંતુ "यच्चलम्" જે ચંચળ ચિત્ત છે અર્થાત્ અસ્થિર ચિત્ત છે તે સામાન્યથી ત્રણ પ્રકારવાળુ છે. (૧) ભાવના, (૨) અનુપ્રેક્ષા અને (૩) ચિંતા, હવે આ ત્રણેના અર્થો સમજાવાય છે."

"तद्भवेद् भावना वा" તેવા ચિત્તને ભાવના કહેવાય છે કે જે ચિત્તથી વિચારણા કરાય તેનું નામ ભાવના, ધ્યાનનો અભ્યાસ કરવા માટે કરાતી પૂર્વકાળવર્તી પ્રક્રિયા તે ભાવના, ગાથામાં લખેલો જે વા શબ્દ છે તે વિકલ્પ અર્થમાં છે એટલે કે ચંચળ ચિત્તને એક તો ભાવના કહેવાય છે. અથવા અનુપ્રેક્ષા પણ કહેવાય છે. અનુ શબ્દ પશ્ચાત્ = પાછળ અર્થમાં છે અને "प्रेक्षणं प्रेक्षा" ઊંડાણથી જોવું, તપાસવું, વિચારવું એવા અર્થમાં છે. તેથી પાછળથી ઊંડાણપૂર્વક વિચારવું તેને અનુપ્રેક્ષા કહેવાય છે.

ધ્યાન સમાપ્ત થયા પછી જે વિચારણા કરાય તે સ્મૃતિ અને સ્મૃતિ કરી રહ્યા પછી તે જીવના ચિત્તની જે ચેષ્ટા એટલે કે ચિત્તમાં થતી વિચારણા તે અનુપ્રેક્ષા કહેવાય છે અને ત્યાર પછીનો જે વા શબ્દ છે. તે તો પૂર્વની જેમ જ વિકલ્પ અર્થમાં જ છે હવે ગાથામાં લખેલો જે "અથવા" શબ્દ છે તે આ બે પ્રકાર વિના ત્રીજા પ્રકારનો સૂચક છે. એમ પ્રકારાન્તર જણાવવા માટે છે એટલે કે ત્રીજો અર્થ ચિન્તા થાય છે.

અહીં ચિંતા એટલે કે ઉપર કહેલી ભાવના અને અનુપ્રેક્ષા આ બે વિના બીજી કોઈ પણ જાતની ચિંતા-વિચારણા અથવા મનની કોઈ પણ જાતની ચેષ્ટા (પ્રવૃત્તિ) તે ચિંતા કહેવાય છે. ચિંતા એટલે ચિંતવણા વિચારણા એવો અર્થ જાણવો.

આ પ્રમાણે ચંચળ ચિત્તના ત્રણ અર્થો થાય છે (૧) ભાવના, (૨) અનુપ્રેક્ષા, અને (૩) ચિંતા, બીજી ગાથાનો આ અર્થ સમજાવ્યો. ॥૨॥

अवतरण : इत्थं ध्यानलक्षणमोघतोऽभिधायाधुना ध्यानमेव कालस्वामिभ्यां निरूपयन्नाहः આ પ્રમાણે ધ્યાનનું લક્ષણ સામાન્યપણે કહીને હવે આ ધ્યાનતત્ત્વને જ કાળ દ્વારા અને સ્વામિત્વ દ્વારા સમજાવતાં કહે છે :-

अंतोमुहुत्तमेत्तं चित्तावत्थाणमेगवत्थुम्मि ।
छउमत्थाणं झाणं, जोगनिरोहो जिणाणं तु ॥३॥

ગાથાર્થ : કોઈપણ એક વસ્તુની વિચારણામાં અંતર્મુહૂર્તકાળ સુધી ચિત્તની સ્થિરતા કરવી, તે છદ્મસ્થ જીવોને આશ્રયી ધ્યાન કહેવાય છે અને વીતરાગ પરમાત્માઓ માટે "યોગનો નિરોધ કરવો" તે ધ્યાન કહેવાય છે. ॥૩॥

व्याख्या : इह मुहूर्तः - सप्तसप्ततिलवप्रमाणः कालविशेषो भण्यते, उक्तं च –

कालो परमनिरुद्धो, अविभज्जो तं तु जाण 'समयं'तु ।
समया य असंखेज्जा, भवंति ऊसासनीसासा ॥१॥

हट्ठस्स अणवगल्लस्स, णिरुवकिट्ठस्स जंतुणो ।
एगे ऊसासनीसासे, एस पाणुत्ति वुच्चइ ॥२॥

सत्त पाणूणि से थोवे, सत्त थोवाणि से लवे ।
लवाणं सत्तहत्तरीए, एस मुहुत्ते वियाहिए ॥३॥

अन्तर्मध्यकरणे, ततश्चान्तर्मुहूर्तमात्रं काललमिति गम्यते, मात्रशब्दस्तदधिककालव्यवच्छेदार्थः, ततश्च भिन्नमुहूर्तमेव कालं, किं ? "चित्तावस्थानम्" इति चित्तस्य = मनसः अवस्थानं चित्तावस्थानम्, अवस्थितिः अवस्थानम्, निष्प्रकम्पतया वृत्तिरित्यर्थः

विवेचन : અહીં જૈન શાસ્ત્રોમાં કાળનું વર્ણન આ રીતે કરેલ છે નિશ્ચયનયથી કાળ એ દ્રવ્ય જ નથી માત્ર સર્વે પણ પદાર્થો પોતપોતાના પરિવર્તન પામતા નિયત પર્યાયમાં જે વર્તે છે તેને જ (વર્તનાને જ) કાળ કહેવાય છે. પરંતુ તેનું માપ જાણવા માટે સૂર્ય-ચંદ્રના ભ્રમણથી થતા રાત્રિ-દિવસના વ્યવહારને ઉપચારથી કાળદ્રવ્ય કહેવાય છે. સારાંશ કે જો કે કાળ એ વાસ્તવિક દ્રવ્ય જ નથી. અત્રે વ્યવહારનયમાત્રથી જ તે ઉપચરિત દ્રવ્ય કહેવાય છે.

અતિશય સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવો જે કાળ તે ૧ સમય કહેવાય છે. કાળનો નિર્વિભાજ્ય એવો જે ભાગ તે સમય જાણવો. આવા પ્રકારના અસંખ્યાત સમયો સાથે મળે ત્યારે ૧ **શ્વાસોશ્વાસ** કહેવાય છે. ॥૧॥

જે જીવ શરીરે લષ્ટપુષ્ટ હોય, સાજો તાજો હોય, તથા રોગાદિથી ગળી ગયેલા શરીરવાળો ન હોય, તથા કોઈ પણ પ્રકારના શારીરિક ઉપદ્રવ વિનાનો માણસ હોય, વળી ભરયુવાવસ્થામાં વર્તતો માનવ હોય, તેવા જીવનો જે એક શ્વાસોશ્વાસ, તેને **પ્રાણ** કહેવાય છે. ॥૨॥

આવા પ્રકારના સાત (૭) પ્રાણનો એક સ્તોક થાય છે તથા સાત સ્તોકનો એક લવ થાય છે એવા (૭૭) સીત્તોતેર લવનું એક મુહૂર્ત થાય છે આ પ્રમાણે કાળનું માપ છે તે તમે જાણો. ॥૩॥

(૭૭) સીત્તોત્તેર લવનું એક મુહૂર્ત થાય છે. વર્તમાનકાળની ઘડીયાળ પ્રમાણે ૪૮ મિનીટનું એક મુહૂર્ત થાય છે. તેમાં અન્તર્ = એટલે કંઈક ઓછું હોય તેને અન્તર્મુહૂર્ત કહેવાય છે. મૂલગાથામાં "अंतोमुहूत्त मेत्तं" પાઠમાં જે માત્ર શબ્દ લખ્યો છે તેનો અર્થ ૪૮ મિનીટથી વધુ કાળ ન જાણવો. વધારેમાં વધારે ૪૮ મિનીટ તે મુહૂર્ત. તેમાં કંઈક ઓછું તે અંતર્મુહૂર્ત. ૪૮ મિનીટમાં ૧ સમય ઓછો હોય તે ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત, અને ૪૮ મિનીટમાં બે-ત્રણ-ચાર સમય ઓછા હોય તે બધાં મધ્યમ અન્તર્મુહૂર્ત કહેવાય છે. યાવત્ ૧૦ સમય સુધીનો

જે કાળ તે સર્વ મધ્યમ અન્તર્મુહૂર્ત જાણવાં. તથા ૨ થી ૯ સમયનો જે કાળ અર્થાત્ "સમયપૃથક્ત્વ"નો જે કાળ તે જઘન્ય અન્તર્મુહૂર્ત જાણવું.

આ અન્તર્મુહૂર્તને ભિન્ન મુહૂર્ત પણ કહેવાય છે. મુહૂર્તમાં કંઈક ન્યૂન તે ભિન્ન મુહૂર્ત અર્થાત્ અન્તર્મુહૂર્ત કહેવાય છે. એક અન્તર્મુહૂર્ત સુધી "चित्तावस्थानम्" ચિત્તનું સ્થિરીકરણ થવું. તેનું નામ ધ્યાન કહેવાય છે. સારાંશ કે મનનું અત્યંત સ્થિરીકરણ થવું. અર્થાત્ ચિત્તની નિષ્પ્રકંપવાળી અવસ્થા. જરા પણ ચિત્ત ચલિત ન થવું તેનું નામ ધ્યાન કહેવાય છે. કોઈપણ એક વિષયના વિચારમાં અતિશય સ્થિરપણે મનનું રહેવું તેને ધ્યાન કહેવાય છે અહીં ધ્યાન શબ્દનો આવો અર્થ કરવો.

क्व ? - "एकवस्तुनि" एकम् = अद्वितीयं वसन्त्यस्मिन् गुणपर्याया इति वस्तु-चेतनादि, एकं च तद् वस्तु चेति एकवस्तु, तस्मिन्, तस्मिन् "छद्मस्थानां ध्यानम्" इति, तत्र छादयतीति छद्म = पिधानं, तच्च ज्ञानादीनां गुणानामावारकत्वाद् ज्ञानावरणादिलक्षणं घातिकर्म, छद्मनि स्थिताः = छद्मस्थाः अकेवलिनः इत्यर्थः,तेषां छद्मस्थानां, ध्यानं प्राग्वत्, ततश्चायं समुदायार्थः –

अन्तर्मुहूर्तकालं यच्चित्तावस्थानमेकस्मिन् वस्तुनि तच्छद्मस्थानां ध्यानमिति, "योगनिरोधो जिनानां तु" इति तत्र योगाः = तत्त्वत औदारिकादिशरीरसंयोगसमुत्था आत्मपरिणामविशेषव्यापारा एव, यथोक्तम्: –

विवेचन : એક વસ્તુ એટલે કે અદ્વિતીય (જ્યાં બીજી વસ્તુ નથી તેવી જે વસ્તુ તે) એક વસ્તુ કહેવાય છે. હવે વસ્તુ કોને કહેવાય ? તે જણાવે છે કે वसन्ति अस्मिन् गुणपर्यायाः इति वस्तु = ગુણો અને પર્યાયો વસે જેમાં તે વસ્તુ કહેવાય છે. वस् ધાતુથી ઉણાદિનો तु પ્રત્યય થયેલો છે. સારાંશ કે જેમાં જેમાં ગુણો અને પર્યાયો વર્તે છે. તેને વસ્તુ કહેવાય છે જેમકે ચેતનાદિ, (ચેતન-અચેતન વિગેરે પદાર્થો) તે વસ્તુ કહેવાય છે. મુખ્યત્વે જીવ (ચેતન) અને પુદ્ગલાદિ (અચેતન) આ જે પદાર્થો છે તેને જ વસ્તુ કહેવાય છે. કારણ કે તે પદાર્થોમાં ગુણો અને પર્યાયો વસે છે.

છદ્મસ્થ એટલે કે કેવલજ્ઞાન વિનાના જે જીવો, તેઓએ કરેલું જે ધ્યાન, તે ધ્યાન વધારેમાં વધારે એક વસ્તુના વિષયમાં અંતર્મુહૂર્ત સુધી રહે છે.

પ્રશ્ન : છદ્મસ્થ કોને કહેવાય ?

ઉત્તર : છદ્મ એટલે ઢાંકણ, અર્થાત્ પિધાન એટલે આવરણ, छादयति गुणान् इति छद्म = આત્માના ગુણોને જે ઢાંકે તે છદ્મ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય

આ ચાર કર્મો આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરનારા હોવાથી ઘાતિકર્મ કહેવાય છે. આ ચારે કર્મો આત્માના જ્ઞાનાદિ ચાર ગુણોને ઢાંકનાર હોવાથી છદ્મ પણ કહેવાય છે.

तस्मिन् छद्मनि स्थिताः = ઢાંકણભૂત એવા તે ચાર ઘાતી કર્મોના ઉદયમાં જે જીવો વર્તે છે તેને છદ્મસ્થ કહેવાય છે. અર્થાત્ જે અકેવલજ્ઞાની (કેવલજ્ઞાન વિનાના) જીવો છે. તે સર્વે છદ્મસ્થ કહેવાય છે. તેવા જીવોમાં પ્રવર્તતું જે ધ્યાન તે ધ્યાન કહેવાય છે આ ધ્યાન વધારેમાં વધારે અંતર્મુહૂર્ત કાળ પ્રવર્તે છે. તેથી બધા જ પદોનો સમુદિત અર્થ આ પ્રમાણે થયો કે "છદ્મસ્થ જીવોનું કોઈપણ એક વિષયમાં અંતર્મુહૂર્ત કાળ સુધી ચિત્તનું સ્થિર રહેવું. ચિત્તનું ચોટી જવું તે ધ્યાન કહેવાય છે. ધ્યાનની આ વ્યાખ્યા ૧ થી ૧૨ ગુણસ્થાનકોમાં વર્તતા એવા છદ્મસ્થ જીવોને આશ્રયી કરવામાં આવી છે. કેવલી પરમાત્માને આશ્રયી ધ્યાનની વ્યાખ્યા શાસ્ત્રોમાં ભિન્ન બતાવી છે. તત્ત્વાર્થસૂત્રની ટીકામાં જ કહ્યું છે કે "योगनिरोधो ध्यानं जिनानाम्" કેવલી પરમાત્માઓમાં તો મન-વચન અને કાયાના યોગનો નિરોધ કરવો તે જ ધ્યાન સમજવું, જે તેરમા ગુણઠાણાના અંતે હોય છે."

અહીં "योग" એટલે આત્મપ્રદેશોનું હલન-ચલન અર્થાત્ આંદોલન, તાત્ત્વિકપણે વિચારીએ તો ઔદારિક આદિ પાંચ પ્રકારના શરીરના સંજોગોના કારણે આત્મપ્રદેશોમાં ઉત્પન્ન થયેલા હલન-ચલન સ્વરૂપ પરિણમન વિશેષના જે વ્યવહારો (વ્યાપારો) તેને જ યોગ કહેવાય છે. સારાંશ કે મન-વચન અને કાયાના આલંબને આત્મપ્રદેશોનું થતું જે હલન-ચલન અર્થાત્ તેનો વ્યવહાર તેને જ **યોગ** કહેવાય છે.

यथोक्तम्: - શાસ્ત્રોમાં જ કહ્યું છે કે "औदारिकादिशरीरयुक्तस्याऽऽत्मनो वीर्यपरिणतिविशेषः काययोगः" = ઔદારિક આદિ પાંચ શરીરોમાં વર્તતા આત્માના વીર્યનો જે વપરાશ તેને જ કાયયોગ કહેવાય છે. તેવી જ રીતે ઔદારિક વૈક્રિય અને આહારક એમ ત્રણ શરીરોના વ્યાપારથી ગ્રહણ કરાયેલા વચન યોગ્ય ભાષા વર્ગણાનાં પુદ્ગલ દ્રવ્યોની પ્રધાનતાથી જીવનો જે વ્યાપાર તે વચનયોગ, તથા ઔદારિક વૈક્રિય અને આહારક એમ ત્રણ પ્રકારના શરીરના વ્યાપારથી ગ્રહણ કરાયેલાં મનો વર્ગણાનાં જે પુદ્ગલ દ્રવ્યો, તેના સમુદાયની પ્રધાનતાએ પ્રગટ થયેલો આત્મપ્રદેશોનો જે વ્યાપાર તે મનોયોગ જાણવો.

આ ત્રણે પ્રકારનો યોગ કેવલજ્ઞાન પામેલા જીવમાં પૂર્વકાલમાં પ્રવર્તતો હતો. પરંતુ તેરમા ગુણઠાણાના છેડે તેનો નિરોધ કરવો. યોગને અટકાવવો. યોગદશાનો પ્રલયવિશેષ કરવો, આવા પ્રકારના યોગને અટકાવવો તેને યોગનિરોધ કહેવાય છે. યોગ અટકાવવાથી એક સમયના કાળવાળો સાતા વેદનીયનો બંધ પણ અટકી જાય છે. વેદનીય કર્મનો બંધ અટકવાથી અનાશ્રવભાવ એટલે સર્વસંવરભાવની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન : આવો યોગનિરોધ કેષાં ? કયા મહાત્માઓને થાય છે ?

ઉત્તર : "जिनानां" = રાગ અને દ્વેષને જિતનારા એવા કેવલી ભગવંતોને અર્થાત્ સર્વજ્ઞ ભગવંતોને તેરમા ગુણઠાણાના અંતિમ કાળમાં આ યોગનિરોધ થાય છે ગાથામાં લખેલો तु શબ્દ એવકાર અર્થમાં છે અને તે એવકાર અવધારણ અર્થમાં વપરાયેલ છે. યોગને અટકાવે જ છે. યોગનો નિરોધ જ કરે છે. આવો અર્થ કરવો પરંતુ "ચિત્તની સ્થિરતા" એવો અર્થ ન કરવો. કારણ કે કેવલી ભગવંતો સર્વજ્ઞ હોવાથી ચિંતન-મનન કરવારૂપ ચિત્તનો તેઓને અભાવ જ હોય છે. વિચારણા કરવા સ્વરૂપ ચિત્ત તેઓને હોતું નથી. માટે યોગનો નિરોધ, યોગને અટકાવવો, યોગને રોકવો તે યોગનિરોધ એવો અર્થ કરવો. ચિત્તની સ્થિરતાવાળું ધ્યાન કેટલી ભગવંતોમાં સંભવતું જ નથી. કારણ કે ચિંતન મનનનો વ્યવહાર જ નથી. આ વ્યવહાર અલ્પજ્ઞ જીવોમાં હોઈ શકે છે. પણ સર્વજ્ઞ જીવોમાં પૂર્ણજ્ઞાની હોવાથી ચિંતન મનન કરવાનો વ્યવહાર સંભવતો નથી.

આ "યોગ નિરોધ" કરવા રૂપ ધ્યાન કેવલી ભગવંતોને જ હોય છે. અન્ય સંસારી જીવોમાં આ ધ્યાન અસંભવિત છે. માટે કેવલી પરમાત્માને જ તેરમા ગુણઠાણાના અંતે યોગનિરોધ કરતી વેળાએ હોય છે અથવા આ "યોગનિરોધ" કરવા સ્વરૂપ જે ધ્યાન છે તે સયોગી કેવલી ભગવંતોને જ હોય છે અન્ય જીવોને આ ધ્યાન સંભવતું નથી. કારણ કે અન્ય સંસારી જીવોમાં યોગનો નિરોધ અશક્ય છે. તે માટે માત્ર સર્વજ્ઞ ભગવંતોને તેરમા ગુણઠાણાના અંતકાલે જ હોય છે. આ પ્રમાણે આ વાત સંક્ષેપમાં સમજાવી છે. ઘણો વિસ્તાર કરવા પડે સર્યું. જિનેશ્વર ભગવંતોમાં સંભવતું યોગનિરોધસ્વરૂપ આ ધ્યાન તથા તે ધ્યાન જેટલો કાળ હોઈ શકે છે તે વાત આ જ ગ્રંથમાં આગળ ઉપર સમજાવાશે. ॥૩॥

अवतरण : साम्प्रतं छद्मस्थानामन्तर्मुहूर्तात् परतो यद् भवति, तदुपदर्शयन्नाहः – છદ્મસ્થ જીવોમાં અંતર્મુહૂર્ત સુધી આ ધ્યાન હોય છે. ત્યારબાદ શું થાય છે ? તે હવે આ ગાથામાં ગ્રંથકારશ્રી સમજાવે છે.

अंतोमुहुत्तपरओ, चिंता झाणंतरं व होज्जाहि ।
सुचिरंपि होज्ज, बहुवत्थुसंकमे झाणसंताणो ॥४॥

ગાથાર્થ : ધ્યાન અંતર્મુહૂર્ત સુધી હોય છે. ત્યારબાદ ચિંતા (ચિંતન) હોય છે અથવા ધ્યાનાન્તર (ભાવના અથવા અનુપ્રેક્ષા) હોય છે આ ચિંતન-ભાવના અને અનુપ્રેક્ષા આ ત્રણે આત્માસંબંધી અથવા પરસંબંધી હોય છે તથા ઘણો લાંબો કાળ પણ હોય છે.

ટીકા : "अन्तर्मुहूर्तात् परत" इति भिन्नमुहूर्तादूर्ध्वं "चिन्ता" प्रागुक्तस्वरूपा तथा ध्यानान्तरं वा भवेत्, तत्रेह न ध्यानादन्यद् ध्यानं ध्यानान्तरं परिगृह्यते, किं तर्हि ? भावनानुप्रेक्षात्मकं चेत इति, इदं च ध्यानान्तरं तदुत्तरकालभाविनि ध्याने सति भवति, तत्राप्ययमेव न्याय इति कृत्वा ध्यानसन्तानप्राप्तिर्यतः, अतस्तमेव कालमानं वस्तुसङ्क्रमद्वारेण निरूपयन्नाह-

सुचिरमपि - प्रभूतमपि कालमिति गम्यते, भवेत् बहुवस्तुसंक्रमे सति "ध्यानसन्तानः" ध्यानप्रवाह इति, तत्र बहूनि च तानि वस्तूनि बहुवस्तूनि आत्मगतपरगतानि गृह्यन्ते । तत्रात्मगतानि मनःप्रभृतीनि, परगतानि द्रव्यादीनीति तेषु सङ्क्रमः सञ्चरणमिति गाथार्थः ॥४॥

विवेचन : છદ્મસ્થ જીવોને કોઈપણ ધ્યાનદશામાં અંતર્મુહૂર્ત માત્ર જ સ્થિરતા હોય છે. છદ્મસ્થ જીવોની ધ્યાનમાં સ્થિરતા અંતર્મુહૂર્તથી વધારે કાળ હોતી નથી. ત્યાં અંતર્મુહૂર્ત પછી પૂર્વે કહેલા સ્વરૂપ વાળી ચિંતા અથવા ધ્યાનાન્તરદશા થાય છે અહીં ધ્યાનાન્તરનો અર્થ अन्यद् ध्यानम् = ध्यानान्तरम् = બીજુ ધ્યાન તે ધ્યાનાન્તર એવો અર્થ ન કરવો પરંતુ ભાવનાવાળું અથવા અનુપ્રેક્ષાવાળું જે ચિત્ત તે ધ્યાનાન્તર કહેવાય છે આવો અર્થ કરવો, જેથી (૧) ચિંતા, (૨) ભાવના, (૩) અનુપ્રેક્ષા આ ત્રણે ભાવો ધ્યાન નથી. પરંતુ ધ્યાનાન્તર (ધ્યાનથી અન્ય) છે અર્થાત્ ધ્યાનનો વિરહકાળ છે એવો અર્થ કરવો.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન વસ્તુઓની વિચારણા કરવા દ્વારા વચ્ચે વચ્ચે વિરહપૂર્વક આ ધ્યાન કેટલા સમય સુધી ચાલે છે ? આવી જિજ્ઞાસા થયે છતે વચ્ચે વચ્ચે વિરહ સાથે ધ્યાન કેટલો કાળ હોઈ શકે છે ? તે વાત સમજાવે છે.

सुचिरमपि = વચ્ચે વચ્ચે વિરહ સાથે આ ધ્યાન ઘણો લાંબો સમય પણ ચાલે છે પ્રથમ એક અંતર્મુહૂર્ત ધ્યાન, પછી ધ્યાનવિરહ, ત્યારબાદ પુનઃ અંતર્મુહૂર્ત ધ્યાન એમ વચ્ચે વચ્ચે વિરહ સાથે આ ધ્યાન ઘણો લાંબો સમય પણ હોઈ શકે છે.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન કાળે આવતી આ ધ્યાન દશામાં ઘણી ઘણી વસ્તુઓના ચિંતનનો સંક્રમ થાય છે. અર્થાત્ કાળાન્તરે કાળાન્તરે વર્તતા આ ધ્યાનમાં ભિન્ન ભિન્ન અનેક વસ્તુઓની વિચારણા કરવા સ્વરૂપ આ ધ્યાન પ્રવર્તે છે તેને ધ્યાનસંતાન અથવા ધ્યાનપ્રવાહ પણ કહેવાય છે. આ પ્રમાણે પ્રવર્તતા આ ધ્યાન સન્તાનમાં ભિન્ન ભિન્ન અનેક વસ્તુઓના વિચારો પ્રવર્તે છે.

आत्मगत परगतानि = પોતાના આત્મા સંબંધી વિચારો અથવા પરદ્રવ્યસંબંધી વિચારો પ્રવર્તે છે. કોઈ પણ એક વસ્તુ વિષયક ધ્યાન અંતર્મુહૂર્ત માત્ર જ પ્રવર્તે છે. ત્યારબાદ ધ્યાનનો વિરહ હોય છે. વળી કાળાન્તરે ભિન્ન ભિન્ન વસ્તુ વિષયક ધ્યાન અને ત્યારબાદ ધ્યાનનો વિરહ, આમ અસંખ્યાતા કાળ સુધી આ પરંપરા કોઈ કોઈ જીવમાં હોઈ શકે છે.

ત્યાં आत्मगत નો અર્થ પોતાનામાં રહેલા શારીરિક અવયવોના, અથવા તેની સુંદરતાના અને અસુંદરતાના વિગેરે સંબંધી વિચારો ચાલે છે ત્યારે અને परगतानि = પરપદાર્થ સંબંધી વિચારણા એટલે તે તે પર પદાર્થોનું ચિંતન-મનન ચાલે છે ત્યારે તથા ક્યારેક આત્મગત પદાર્થો અને પરગત પદાર્થોની એમ ઉભયની વિચારણાનો સંક્રમ પણ

થાય છે એક વસ્તુનો વિચાર કરતાં કરતાં બીજી વસ્તુનો વિચાર અને બીજી વસ્તુનો વિચાર કરતાં કરતાં ત્રીજી વસ્તુનો વિચાર એમ અનેક વસ્તુઓના ચિંતન-મનન સંબંધી વિચારો ચાલે છે ત્યારે આ ધ્યાન પ્રવર્તે છે.

અગિરમા-બારમા ગુણઠાણે વર્તતા જીવને તથા શ્રેણીનાં ગુણસ્થાનકોમાં વર્તતા જીવોને આવા ધર્મધ્યાનના ચાર પાયા અને શુક્લધ્યાનના પ્રથમના બે પાયા પ્રવર્તે છે. વિવક્ષિત કોઈપણ એક વસ્તુના ઊંડા ઊંડા વિચારોમાં ગરકાવ થઈ જવું તેનું નામ ધ્યાન કહેવાય છે આવું ઉચ્ચ કોટિનું ધ્યાન સતત અંતર્મુહૂર્ત કાળ માત્ર ચાલે છે ત્યારબાદ ધ્યાનનો વિરહ થાય છે. ફરીથી કાળાન્તરે આવું ધ્યાન પ્રવર્તે છે. ॥૪॥

અવતરણ : इत्थं तावत् सप्रसङ्गं ध्यानस्य सामान्येन लक्षणमुक्तम्, अधुना विशेषलक्षणाभिधित्सया ध्यानोद्देशं विशिष्टफलभावं च संक्षेपतः प्रदर्शयन्नाहः – આ પ્રમાણે પ્રસંગને અનુસારે ધ્યાનનું લક્ષણ સામાન્યથી સમજાવ્યું. હવે આ જ ધ્યાનનું વિશેષથી લક્ષણ કહેવાના આશયથી ધ્યાનનો ઉદ્દેશ શું ? અને ધ્યાનનું ફળ શું ? આ બન્ને વિષયને સંક્ષેપથી સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે :

अट्टं रुद्दं धम्मं सुक्कं, झाणाइ तत्थ अंताइं ।
निव्वाणसाहणाइं, भवकारणमट्टरुद्दाइं ॥५॥

ગાથાર્થ : આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન તથા શુક્લધ્યાન એમ ધ્યાનના ચાર ભેદ છે ત્યાં અંતિમ બે ધ્યાનો નિર્વાણપદનાં (મુક્તિનાં) સાધન છે અને આર્તધ્યાન તથા રૌદ્રધ્યાન આ પ્રથમનાં બે ધ્યાનો સંસારવૃદ્ધિનાં કારણો છે. ॥૫॥

ટીકા : आर्तं रौद्रं धर्म्यं शुक्लम्, तत्र ऋतं = दुःखं, तन्निमित्तो दृढाध्यवसायः, ऋते भवमार्तं क्लिष्टमित्यर्थः । हिंसाद्यतिक्रौरतानुगतं रौद्रं, श्रुतचरणधर्मानुगतं धर्म्यं, शोधयत्यष्टप्रकारं कर्ममलं शुचं वा क्लमयतीति शुक्लम्, अमूनि ध्यानानि वर्तन्ते, अधुना फलहेतुत्वमुपदर्शयति, तत्र ध्यानचतुष्टये "अन्त्ये" चरमे सूत्रक्रमप्रामाण्याद् धर्मशुक्ले इत्यर्थः, किं - "निर्वाणसाधने" इह निवृत्तिः निर्वाणं सामान्येन सुखमभिधीयते, तस्य साधने = कारणे इत्यर्थः । ततश्च

अट्टेण तिरियगई, रुहज्झाणेण गम्मति नरयं ।
धम्मेण देवलोयं, सिद्धिगई सुक्कझाणेणं ॥१॥

इति यदुक्तं तदपि न विरुध्यते ॥

વિવેચન : ધ્યાન સામાન્યથી ચાર પ્રકારનું હોય છે. (૧) આર્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન અને (૪) શુક્લધ્યાન. ત્યાં પ્રથમ આર્તધ્યાનનો અર્થ સમજાવે છે. ऋत શબ્દ સંસ્કૃત છે. તેનો અર્થ પીડા, દુઃખ અર્થાત્ વેદના એવો થાય છે.

તેવા પ્રકારના દુઃખ-પીડા વિગેરેના નિમિત્તે થયેલા દૃઢ કાષાયિક પરીણામો એટલે કે દુઃખના નિમિત્તે મનમાં ઉદ્ભવેલા વિચારવિશેષો તે આર્તધ્યાન કહેવાય છે. "ऋते भवमार्तम्" પીડા અર્થાત્ વેદનાથી થયેલું જે ધ્યાન તે આર્તધ્યાન કહેવાય છે. શારીરિક અને માનસિક ઉપાધિઓથી અથવા દુઃખોથી થયેલી જે વેદના (પીડા) તે આર્તધ્યાન કહેવાય છે. તે આર્તધ્યાનના પણ ચાર પેટા ભેદો છે. જેનું વર્ણન ગાથા ૬ થી ૯ માં કરવામાં આવશે.

રૌદ્ર = એટલે ભયંકર, અતિશય વધારે પાપ કરવાના વિચારો, હિંસા-જુઠ-ચોરી આદિ પાપસ્થાનકો સેવવા માટે અતિશય અધમ કોટિના વિચારો તે રૌદ્રધ્યાન કહેવાય છે. હિંસાદિ પાપો કરવા માટેના અતિશય ક્રૂરતા પૂર્વકના જે વિચારો તે રૌદ્ર ધ્યાન. તેના પણ પેટા ભેદો ચાર છે. જે ગાથા નંબર ૧૯ થી ૨૨ માં કહેવામાં આવશે.

શ્રુતજ્ઞાન અને ચારિત્રધર્મને અનુસરનારું જે ધ્યાન તે ધર્મધ્યાન, આત્મામાં સમ્યગ્જ્ઞાનની અને સમ્યક્ચારિત્રની વૃદ્ધિ થાય તેવા તથા તેને અનુસરનારા જે વિચારો તે ધર્મધ્યાન કહેવાય છે. તથા આત્મામાં રહેલા ગુણો સંબંધી જે વિચારણા અથવા આત્મામાં રહેલા આઠ પ્રકારના કર્મમેલને દૂર કરે તેવી વિચારણાને શુક્લ ધ્યાન કહેવાય છે.

અથવા शुचं क्लमयतीति शुक्लम् = શોકને જે દૂર કરે અપવિત્રતાને જે દૂર કરે તે શુક્લધ્યાન. જૈન શાસ્ત્રોમાં મહાત્મા પુરુષોએ આવા પ્રકારનાં ચાર ધ્યાનો જણાવ્યાં છે.

હવે આવા પ્રકારનાં ચાર ધ્યાનો કરવા વડે શું ફલપ્રાપ્તિ થાય ? તે વિષય જણાવવા માટે કાર્ય-કારણ રૂપે હવે આ વિષય સમજાવાય છે.

ઉપરોક્ત ચાર પ્રકારના ધ્યાનમાં જે ચરમ = છેલ્લાં બે ધ્યાનો છે જેનું નામ ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે તે બે ધ્યાનો चरमे निर्वाणसाधने નિર્વાણનાં એટલે કે મુક્તિનાં કારણો છે. અહીં નિવૃત્તિ એટલે નિર્વાણ, સાંસારિક સર્વ આપત્તિઓથી છૂટકારો અપાવે તે અર્થાત્ સર્વથા નિવૃત્તિ, તેના પરમ સાધનભૂત જે ધ્યાન છે. તે છેલ્લાં બે ધ્યાનો છે. આ કારણે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે :-

अट्टेण तिरिक्खगई, रुद्दज्झाणेण गम्मति नरयं ।
धम्मेण देवलोयं, सिद्धिगई सुक्क झाणेणं ॥१॥

આ જીવ આર્તધ્યાનથી તિર્યંચગતિ પ્રાપ્ત કરે છે. રૌદ્ર ધ્યાનથી નરકગતિ પ્રાપ્ત કરે છે. ધર્મધ્યાનથી દેવલોક પ્રાપ્ત કરે છે અને શુક્લધ્યાનથી સિદ્ધિગતિ પ્રાપ્ત કરે છે. ॥૧॥

ઉપરોક્ત સાક્ષીશ્લોકમાં જ્ઞાનીઓએ જે કંઈ કહ્યું છે તે પણ કંઈ વિરૂદ્ધ નથી અર્થાત્ બરાબર જ છે. યથાર્થ જ છે. આ ગાથામાં ધર્મધ્યાનથી દેવગતિ અને શુક્લધ્યાનથી

મુક્તિગતિ પ્રાપ્ત થવાનું ગ્રંથકારશ્રીએ જે કંઈ કહ્યું છે તે પણ યથાર્થ જ છે. કારણ કે દેવગતિ કે મુક્તિગતિ કહેવાની પાછળ ગ્રંથકારશ્રીનો અભિપ્રાય એવો છે કે "સુખવાળી ગતિ" પ્રાપ્ત થાય પરંતુ દુઃખવાળી ગતિ પ્રાપ્ત થતી નથી. કારણ કે શુક્લધ્યાન એ મુક્તિની પ્રાપ્તિનું અનંતર કારણ છે અને અસાધારણ કારણ છે. જ્યારે ધર્મધ્યાન તે શુક્લધ્યાન લાવવા દ્વારા પરંપરાએ મુક્તિનું કારણ છે અને અનંતરપણે દેવલોકનું કારણ છે. તેથી આ બન્ને ધ્યાનો ઉપાદેય છે (આદરવા યોગ્ય છે.) સુખનાં કારણ છે.

तथा "भवकारणमार्तरौद्रे" इति तत्र भवन्त्यस्मिन् कर्मवशवर्तिनः प्राणिनः इति भवः - संसारः एव, तथाप्यत्र व्याख्यानतो विशेषप्रतिपत्तिः (त्तेः) तिर्यग्नरकभवग्रह इति गाथार्थः ॥५॥

પ્રશ્ન : ધર્મધ્યાન પરંપરાએ અને શુક્લધ્યાન અનંતરપણે જો મુક્તિનાં કારણો છે અને આ બન્ને ધ્યાનો ઉપાદેય છે તો પછી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કેવાં છે ? તે તો સમજાવો ?

ઉત્તર : "भवकारणमार्तरौद्रे" આર્તધ્યાન અને રૌદ્રધ્યાન આ બન્ને ધ્યાનો ભવનાં કારણો છે. અર્થાત્ સંસારવૃદ્ધિનાં જ કારણો છે. "तत्र भवन्ति अस्मिन् कर्मवशवर्तिनः प्राणिनः यत्र इति भवः" ત્યાં કર્મને પરવશ થયેલા જીવો જ્યાં ઉત્પન્ન થાય છે. તેને **ભવ** કહેવાય છે. આ પ્રમાણે સંસારની ચારે ગતિઓ જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ તથા વેદનાઓથી ભરપૂર ભરેલી છે તેથી ચારે ગતિ સ્વરૂપ સંસારને જ ભવ કહેવાય છે તો પણ વ્યાખ્યાન વિશેષ કરવાથી વિશેષ સ્પષ્ટ બોધ થાય છે. તેથી અહીં ઘણા જ દુઃખોની ખાણ સ્વરૂપ તિર્યંચનો ભવ અને નારકીનો ભવ જે છે. તેવા દુઃખમય ભવોની પ્રાપ્તિનું કારણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે. આ પ્રમાણે જ્ઞાની મહાત્મા પુરુષો કહે છે. ॥૫॥

અવતરણ : यथोद्देशस्तथा निर्देशः इति न्यायात् आर्तध्यानस्य स्वरूपाभिधानावसरः, तच्च स्वविषयलक्षणभेदतश्चतुर्धा, उक्तं च भगवता वाचकमुख्येन - "आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः" "वेदनायाश्च" "विपरीतं मनोज्ञानां" "निदानं च" (तत्त्वार्थाधिगम सूत्र, अध्याय ९ सूत्र ३१-३२-३३-३४) इत्यादि, तत्राद्यभेदप्रतिपादनायाह :-

હવે "જેવો ઉદ્દેશ હોય છે. તેવો જ નિર્દેશ હોય છે આવો ન્યાય હોવાથી ચાર પ્રકારના ધ્યાનમાંથી સૌથી પ્રથમ આર્તધ્યાનને સમજાવવાનો અવસર છે એટલે કે આર્તધ્યાનનું સ્વરૂપ શું છે ! તે કહેવાનો અધિકાર છે ત્યાં આર્તધ્યાનનો વિષય શું ? તથા તેનું લક્ષણ શું છે ? તથા તેના ભેદો કેટલા છે ? તે સમજાવવાનો અવસર છે ત્યાં ભેદો ચાર છે."

ઉપાધ્યાયોમાં મુખ્ય એવા પૂજ્ય ઉમાસ્વાતિજી મહારાજશ્રી વડે તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં કહેવાયું છે કે (૧) મનને અણગમતા પદાર્થોનો સંયોગ થયે છતે તે તે પદાર્થોનો વિયોગ કરવા માટે જે ચિંતન મનન કરવું તે આર્તધ્યાનનો પ્રથમ ભેદ. (૨) શારીરિક કે માનસિક

વેદના વિશેષ થયે છતે તેને દૂર કરવાના જે વિચારો કરવા તે આર્તધ્યાનનો બીજો ભેદ. (૩) મનગમતા પદાર્થોનો વિયોગ હોય ત્યારે સંયોગ કેમ થાય તે માટેના જે વિચાર વિશેષ કરવા તે પ્રથમ ભેદથી વિપરીત ત્રીજો ભેદ, તથા ધર્મ કર્યા પછી સંસારસુખની માગણી કરવા સ્વરૂપ "નિયાણું" કરવું એ ચોથો ભેદ આર્તધ્યાનનો જાણવો. (તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૯, સૂત્ર ૩૧-૩૨-૩૩-૩૪) ઇત્યાદિ. ત્યાં આર્તધ્યાનના પ્રથમ ભેદને સમજાવતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

अमणुण्णाणं सद्दाइविसयवत्थूण दोसमइलस्स ।
धणियं वियोगचिंतणमसंपओगाणुसरणं च ॥६॥

ગાથાર્થ : મનને ન ગમતા (અર્થાત્ અણગમતા) એવા શબ્દાદિ (શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શ) વિષયો સ્વરૂપ વસ્તુઓ પ્રાપ્ત થયે છતે દ્વેષથી ભરપુર ભરેલા અને તેથી જ દ્વેષના દોષથી અત્યંત મલીનભાવને પામેલા એવા જીવની તે તે વસ્તુઓનો વિયોગ કેમ થાય ? એવી જે વિચારણા કરવી. અથવા ભવિષ્યમાં પણ આવા અનિષ્ટ ભાવોનો ફરીથી સંયોગ ન થાય તેવી વિચારણા કરવી તે અનિષ્ટવિયોગ નામનું આર્તધ્યાન છે. અને આ આર્તધ્યાનનો પ્રથમ ભેદ છે. ॥૬॥

ટીકા : "अमनोज्ञानाम्" इति मनसोऽनुकूलानि मनोज्ञानि इष्टानीत्यर्थः, न मनोज्ञानि अमनोज्ञानि, तेषां, केषामित्यत आह - "शब्दादिविषयवस्तूनाम्" इति शब्दादयश्च ते विषयाश्च, आदिग्रहणाद् वर्णादि परिग्रहः, विषीदन्ति एतेषु सक्ताः प्राणिन इति विषया इन्द्रियगोचरा वा, वस्तूनि तु तदाधारभूतानि रासभादीनि ततश्च शब्दादिविषयाश्च वस्तूनि चेति विग्रहस्तेषां, किं ? सम्प्राप्तानां सतां "धणियं" अत्यर्थं "वियोगचिन्तनं" विप्रयोगचिन्तेति योगः, कथं नु नाम ममैभिर्वियोगः स्यादिति भावः ? अनेन वर्तमानकालग्रहः ।

विवेचन : આ સંસારમાં કેટલાક પદાર્થો આ જીવને ઘણા જ ગમતા હોય છે. જેમ કે (૧) સુવર્ણ, (૨) ધન, (૩) માન, (૪) કીર્તિ, (૫) યશ, (૬) ગુણગાન વિગેરે. તથા કેટલાક પદાર્થો આ જીવને અણગમતા હોય છે. જેમ કે (૧) અપમાન, (૨) અપયશ, (૩) દુશ્મન, (૪) અહિતકારી તત્ત્વો વિગેરે.

ત્યાં મનને અનુકૂળ જે પદાર્થો હોય છે તે મનોજ્ઞ કહેવાય છે અને મનને ન ગમતો પદાર્થ હોય તે અમનોજ્ઞ કહેવાય છે. સારાંશ કે મનને જે ઈષ્ટ તે મનોજ્ઞ, અને મનને અનિષ્ટ જે પદાર્થ તે અમનોજ્ઞ. ત્યાં અમનોજ્ઞ (મનને ન ગમતા) એવા શબ્દાદિ પાંચ વિષયો (ન ગમતો શબ્દ, ન ગમતું રૂપ, ન ગમતી ગંધ, ન ગમતો રસ અને ન ગમતો સ્પર્શ) આ પાંચે અણગમતા વિષયો છે. અણગમતા ભાવો છે તથા અણગમતા તેના

ઉત્તરભેદો જે છે તે પર્યાયો કહેવાય છે. જેમ કે રૂપના કાળુ-ધોળુ-નીલુ-પીળુ અને લાલ ઈત્યાદિ પાંચ પેટા ભેદો જે છે તેમાં નીલુ અને કાળું તે અણગમના પર્યાયો કહેવાય છે.

આવા પ્રકારના અણગમતા વિષયો અને અણગમતા પર્યાયો પ્રાપ્ત થયે છતે મનમાં દુઃખ થાય તે સર્વેનો વિયોગ કરવાની જે તીવ્ર ઈચ્છા થાય તે આર્તધ્યાન કહેવાય છે શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શને વિષય કેમ કહેવાય છે ? એવી કદાચ શંકા થાય તો ઉત્તર કહે છે કે :-

विषीदन्ति एतेषु सक्ताः प्राणिनः इति विषयाः જેમાં આસક્ત થયેલા જીવો ઘણી જ પીડા પામે, દુઃખી થાય, હતાશાવાળા બને તેને વિષય કહેવાય છે. અથવા ઈન્દ્રિય ગોચર જે ભાવો છે. તે ઈન્દ્રિય ગોચર પદાર્થો કહેવાય છે. પ્રાપ્ત થયેલા તે અણગમતા ભાવોનો વિયોગ કેમ થાય તેની વિચારણા કરવી તે આર્તધ્યાનનો પ્રથમ ભેદ છે. આ માત્ર વર્તમાનકાલીન વિષયોનો વિચાર જણાવ્યો. આ આર્તધ્યાનનો પ્રથમ ભેદ કહેવાય છે.

तथा सति च वियोगेऽसम्प्रयोगानुस्मरणं, कथमेभिः सदैव सम्प्रयोगाभावः इति ? अनेन चानागतग्रहः, चशब्दात् पूर्वमपि वियुक्तासम्प्रयुक्तयोर्बहुमतत्वेनातीतकालग्रह इति, किंविशिष्टस्य सत इदं वियोगचिन्तनाद् यत आह-द्वेषमलिनस्य जन्तोरिति गम्यते, तत्राप्रीतिलक्षणो द्वेषस्तेन मलिनस्य=तदाक्रान्तमूर्तेरिति गाथार्थः ॥६॥

विवेचन : તથા જ્યારે આવા પ્રકારની અણગમતી વસ્તુઓનો સંયોગ થાય ત્યારે ઘણું જ દુઃખ થતું હોવાથી ભાવિમાં ક્યારેય પણ આવી અણગમતી વસ્તુઓનો સંયોગ ન થાય પરંતુ તે અણગમતી વસ્તુઓનો વિયોગ જ રહે. અથવા અસંયોગ જ થાય તેવી મનમાં વિચારણા કરવી. તેવા પ્રકારની વિચારણામાં ડૂબી જવું મનમાં આવો વિચાર કરવો કે આવા પ્રકારની આ અણગમતી વસ્તુઓની સાથે મારે સદૈવ = સદાકાળ સંયોગનો અભાવ એટલે કે ક્યારેય સંયોગ ન થાય પણ સદાકાળ વિયોગ જ રહે તેવી મનમાં થતી જે વિચારણા તે પણ આર્તધ્યાનનો પ્રથમ ભેદ જ છે આ ભેદમાં ભાવિના વિયોગની વિચારણાની પ્રધાનતા છે.

तथा च શબ્દથી ભૂતકાલીન વિષયનું આર્તધ્યાન પણ આ ભેદમાં જ સમજી લેવું. આજ સુધી ભૂતકાળમાં ક્યારેય પણ આવો અનિષ્ટ વસ્તુઓનો સંયોગ થયો જ નથી. વિયોગ જ રહ્યો છે તે ઘણું સારું થયું. એમ મનમાં માનીને અણગમતા ભાવોના વિયોગને અથવા અસંયોગને ઘણું બહુમાન આપવું. તે યાદ કરીને રાજી રાજી થવું તે પણ ભૂતકાલીન વિષયવાળા આર્તધ્યાનનો પ્રથમ ભેદ જ છે.

જેમ કે આપણે એક ગામથી બીજે ગામ જતા હોઈએ અને અપશુકન થાય ત્યારે મનમાં થતી વેદના તે આર્તધ્યાનનો પ્રથમ ભેદ છે. અથવા આપણે જેની સાથે ઝઘડેલા છીએ, બોલાચાલી થયેલી છે તે વ્યક્તિ સામે આવે ત્યારે મુખ ફેરવીને ચાલવું, મનમાં બળ્યા કરવું, તે સઘળો વિષય આર્તધ્યાનનો પ્રથમ ભેદ છે. તથા આ વર્તમાનકાળના વિષયવાળુ આર્તધ્યાન સમજાવ્યું. તથા જ્યારે તે અણગમતી વસ્તુઓનો વિયોગ થાય ત્યારે અથવા ત્યારબાદ ભવિષ્યમાં હવે આવા પ્રકારની અણગમતી વસ્તુઓનો સંયોગ ન થાય તેની વિચારણામાં ડૂબવું તે ભાવિ વિષયક આર્તધ્યાન છે. અથવા અણગમતી વસ્તુઓની સાથે ભાવિમાં ક્યારેય મીલન ન થાય તેવી વિચારણામાં ડૂબવું તે પણ ભવિષ્યના વિષયનું આર્તધ્યાન છે. તેનું નામ પણ વિયોગચિન્તા આર્તધ્યાન છે.

તથા ગાથામાં છેલ્લા લખેલા च શબ્દથી ભૂતકાળ વિષયક આર્તધ્યાન પણ સમજી લેવું. પૂર્વકાળમાં જે અનિષ્ટ વસ્તુનો વિયોગ થયો હોય અને તેઓ પુનઃ સંયોગ (પુનઃ મીલન) ન થાય તેવી વિચારણામાં ડુબવુ તે પણ આર્તધ્યાન કહેવાય છે. આ ભૂતકાલ વિષયક થયું. એમ ત્રણે કાળ વિષયક આર્તધ્યાન સમજી લેવું.

જે વ્યક્તિની સાથે અણબનાવ થયો છે તેના ઉપર હૈયામાં કંઈક દ્વેષભાવ વર્તતો હોવાથી તેના વિયોગમાં જ જે રાજીપો તે સઘળું પણ "अनिष्टवियोगचिन्तनम्" એ નામનું પ્રથમ ભેદરૂપ આર્તધ્યાન જાણવું.

અવતરણ : उक्तो प्रथमो भेदः, साम्प्रतं द्वितीयमभिधित्सुराह - આર્તધ્યાનનો પ્રથમ ભેદ સમજાવ્યો હવે બીજા ભેદનું વર્ણન કરવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી બીજો ભેદ સમજાવે છે :-

तह सूलसीसरोगाइवेयणाए, विओगपणिहाणं ।
तदसंपओगचिंता, तप्पडियाराउलमणस्स ॥७॥

ગાથાર્થ : શૂલનો રોગ, માથાનો દુઃખાવો, ઈત્યાદિ વેદના થયે છતે તે વેદનાના વિયોગની જે વિશેષ વિચારણા કરવી. તે રોગમાં ફસાયેલા જીવોની આવા પ્રકારની આકુલતા-વ્યાકુલતાપૂર્વકની રોગોનો પ્રતિકાર કરવા સ્વરૂપ જે વિચારણા તે સઘળું પણ વેદના નામનો આર્તધ્યાનનો બીજો ભેદ છે. ॥૭॥

ટીકા : "तथा" इति धणियम् = अत्यर्थमेव शूलशिरोरोगवेदनाया इत्यत्र शूलशिरोरोगौ प्रसिद्धौ, आदिशब्दाच्छेषरोगातङ्कपरिग्रहः, ततश्च शूलशिरोरोगादिभ्यो वेदना, वेद्यत इति तस्याः किं ? "वियोगप्रणिधानं" वियोगे दृढाध्यवसाय इत्यर्थः, अनेन वर्तमानकालग्रहः, अनागतमधिकृत्याह तदसंम्प्रयोगचिन्ता, कथं पुनर्ममानया आयत्यां सम्प्रयोगो न स्यादिति ?, चिन्ता चात्र ध्यानमेव गृह्यते,

अनेन च वर्तमानानागतकालग्रहणेनातीतकालग्रहोऽपि कृत एव वेदितव्यः, तत्र च भावनाऽनन्तरगाथायां कृतैव, किंविशिष्टस्य सत इदं वियोगप्रणिधानाद्यतः आह तत्प्रतिकारे = वेदनाप्रतिकारे चिकित्सायामाकूलं-व्यग्रं मनः-अन्तःकरणं यस्य स तथाविधस्तस्य, वियोगप्रणिधानाद्यार्तध्यानमिति गाथार्थः ॥७॥

विवेचन : "तथा" આવા પ્રકારનો મૂલગાથામાં જે શબ્દ છે. તે **अतिशय** (ઘણું) એવા અર્થમાં છે. धणियं એ અવ્યય છે. બહુલ અર્થમાં છે. આ धणियं શબ્દ દેશ્ય છે. તેનો અર્થ અતિશય ઘણું એવો થાય છે તથા "शूलशिरोरोगवेदना" "પેટમાં થતી શૂળની વેદના" એવો અર્થ કરવો, તથા શિરોવેદના એ રીતે માથાનો અતિશય દુઃખાવો, માથામાં છણકા આવવા, પીડા થવી, ઈત્યાદિ જે વેદના તે શિરોવેદના તથા તેમાં લખેલા આદિ શબ્દથી બાકીના શારીરિક રોગો તથા તેનાથી થતી પીડાઓ સમજી લેવી.

તેથી શૂલનો રોગ, શીર્ષનો (મસ્તકનો) રોગ, અને આદિ શબ્દથી બાકીના શેષ રોગો અને તેનાથી થતી વેદના (પીડા) તે સર્વે મળીને शूलशिरोरोगादिवेदना કહેવાય છે. તથા વેદના શબ્દનો અર્થ આ પ્રમાણે જાણવો. वेद्यते इति वेदना = જે સુખ-દુઃખ રૂપે વેદાય અનુભવાય તે વેદના કહેવાય છે.

સુખની વેદના (સુખી જીવન) હોય તો તે કાયમ કેમ રહે ? અને દુઃખની વેદના હોય તો તે જલ્દી જલ્દી કેમ દૂર થાય ? આ પ્રમાણે સુખના સંયોગની અને દુઃખના વિયોગની જે વિચારણા કરવી તે વેદના નામનું બીજું આર્તધ્યાન છે આ જે અર્થ સમજાવ્યો છે. તે પ્રધાનતાએ વર્તમાનકાળ આશ્રયી સમજાવ્યો છે હવે ભાવિમાં સુખ સતત કેમ રહે અને દુઃખ ન આવે તે ભાવિ વિષયક આર્તધ્યાન સમજાવે છે :-

"શારીરિક તથા માનસિક જે કોઈ વેદના હોય અને તે કથંચિદ્ થોડી થોડી ઓછી થતી હોય તો હવે આવી વેદના ભાવિમાં ક્યારેય ન આવે તેવી વેદનાના અસંયોગની જે વિચારણા કરવી અર્થાત્ વેદનાના વિયોગની વિચારણા કરવી. "મારા આત્માને ભવિષ્યમાં પણ આવી વેદનાનો સંયોગ ક્યારે ય ન થાય તેવી રીતે વેદનાના અસંયોગની એટલે કે વિયોગની જે વિચારણા કરવી તે પણ આર્તધ્યાન જ કહેવાય છે આ ભાવિકાળ સંબંધી આર્તધ્યાન સમજાવ્યું."

આ પ્રમાણે વર્તમાનકાળ તથા ભવિષ્યકાળના વિષય સંબંધી આર્તધ્યાન સમજાવવાથી શેષ રહેલ ભૂતકાળ સંબંધી આર્તધ્યાન તો તેની અંદર સમજી જ લેવું. આ વાત પહેલાં કહેલી છઠ્ઠી ગાથાના વિવેચનમાં સમજાવ્યા પ્રમાણે જાણી લેવી.

હવે કેવા પ્રકારનો જીવ હોય ત્યારે આ રોગાદિના વિયોગની વિચારણા કેવી કરે કે જેને આર્તધ્યાનનો આ બીજો ભેદ ગણી શકાય ? તેવા જીવનું કથન કહે છે :-

तत्प्रतिकारे = મને આવેલી આ વેદનાનો પ્રતિકાર કેમ થાય ? આ વેદના દૂર કેમ થાય ? કઈ કઈ ચિકિત્સા કરવી જરૂરી છે ? આ પ્રમાણે રોગને દૂર કરવાની વિચારણામાં તથા ચિકિત્સા કરાવવાની વિચારણામાં ચિત્ત લયલીન કરવું વેદના દૂર કરવાની વિચારણામાં જ એકાગ્ર બનવું. મનને સતત રોગના પ્રતિકારની વિચારણામાં જ યુંજી દેવું. તે વિયોગપ્રણિધાન નામનું બીજા ભેદવાળું આર્તધ્યાન છે. આમ સમજવું. ॥૭॥

અવતરણ : उक्तो द्वितीयो भेदः, साम्प्रतं तृतीयमुपदर्शयन्नाहः - બીજો ભેદ ઉપરની ગાથામાં સમજાવ્યો. હવે આર્તધ્યાનના ત્રીજા ભેદને સમજાવે છે :-

इट्ठाणं विसयाईणं, वेयणाए च रागरत्तस्स ।
अवियोगऽज्झवसाणं, तह संजोगाभिलासो य ॥८॥

ગાથાર્થ : રાગમાં રંગાયેલા જીવને મનગમતા પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયોનો તથા સુખના અનુભવ સ્વરૂપ સાતાનો વિયોગ ન થાય તેની જ સતત વિચારણા કરવી તે, તથા સુખના આ જે સંયોગો આવ્યા છે તે વધારેમાં વધારે કાળ ચાલુ કેમ રહે ? તેની વિચારણા જે કરવી તે આર્તધ્યાનનો ત્રીજો ભેદ છે. ॥૮॥

ટીકા : "इष्टानां" - मनोज्ञानां विषयादीनामिति, विषयाः - पूर्वोक्ताः आदिशब्दाद् वस्तुपरिग्रहः, तथा "वेदनायाश्च" - इष्टाया इति वर्तते, किम् ? - अवियोगाध्यवसानमिति योगः, अविप्रयोगदृढाध्यवसायः इति भावः, अनेन वर्तमानकालग्रहः तथा संयोगाभिलाषश्चेति, तत्र "तथेति" धणियमित्यनेनात्यर्थप्रकारोपदर्शनार्थः संयोगाभिलाषः = कथं ममैभिर्विषयादिभिरायत्यां सम्बन्ध इतीच्छा, अनेन किलानागतकालग्रह इति वृद्धा व्याचक्षते, चशब्दात् पूर्ववदतीतकालग्रह इति, किंविशिष्टस्य सत इदमवियोगाध्यवसानाद्यत आह-रागरक्तस्य, जन्तोरिति गम्यते, तत्राभिष्वङ्गलक्षणो रागस्तेन रक्तस्य तद्भावितमूर्तेरिति गाथार्थः ॥८॥

વિવેચન : હવે આ ગાથામાં આર્તધ્યાનના ત્રીજા ભેદનું વર્ણન કરે છે. इष्टानाम्, એટલે કે મનગમતા એવા વિષયો વિગેરેની ચિંતવણા કરવી તે આર્તધ્યાનનો ત્રીજો ભેદ છે. વિષય કોને કહેવાય ? તે વાત જો કે પૂર્વે કહેલી જ છે. પાંચે ઈન્દ્રિયોના પાંચ વિષયો છે. (૧) શબ્દ, (૨) રૂપ, (૩) રસ, (૪) ગંધ અને (૫) સ્પર્શ.

આ પાંચ વિષયો કહેવાય છે. આ પાંચે વિષયો મનગમતા અનુકૂળ ઈષ્ટ પ્રાપ્ત થાય ત્યારે આ જીવ રાજી રાજી થાય છે અને આ જ પાંચ વિષયો જ્યારે પ્રતિકૂળ પ્રાપ્ત થાય છે ત્યારે આ જ જીવ નાખુશ થાય છે. અને દુઃખી દુઃખી બને છે.

વિષયાદિમાં લખેલા આદિ શબ્દથી "વસ્તુ" (પદાર્થ) એવો અર્થ લેવો. મનગમતા અનુકૂળ શબ્દાદિ વિષયો મળે ત્યારે જેમ જીવ રાજી રાજી થાય છે તેવી જ રીતે મનગમતા અનુકૂળ ઈષ્ટ એવા પદાર્થો (વસ્તુઓ) મળે ત્યારે પણ આ જીવ રાજી રાજી થાય છે. તથા શરીરની નિરોગિતા, સુંદરતા, આહ્લાદકતા હોય ત્યારે પણ આ જીવ રાજી રાજી થાય છે. આ પ્રમાણે અનુકૂળ ભાવોમાં જે ઈષ્ટતાબુદ્ધિ છે તે જ આર્તધ્યાનનો ત્રીજો ભેદ છે. वेदनायाश्च આ પદની નીચેના સૂત્રમાં અનુવૃત્તિ લાવવી. તેથી ઈષ્ટ એવા વિષયો, ઈષ્ટ એવી વસ્તુઓ તથા ઈષ્ટ એવી શારીરિક વેદના (સાતા) આ સર્વ વસ્તુઓનો સંયોગ જ સદા રહે "अवियोगाध्यवसानमिति" હર હંમેશાં અવિયોગ જ રહે આવા પ્રકારની જે વિચારણા કરવી. "अवियोगदृढाध्यवसायः" સુખકારી મનગમતા ભાવોનો સદાકાળ અવિયોગ જ રહે એવી દૃઢ જે વિચારણા તે આર્તધ્યાનનો ત્રીજો ભેદ સમજવો. ઈષ્ટ વિષયોના અવિયોગની જે વિચારણા તે આર્તધ્યાનનો ત્રીજો ભેદ જાણવો. આ અર્થથી વર્તમાનકાળનો વિષય સમજાવ્યો.

તથા "संयोगाभिलाषश्च" મૂળગાથામાં જે "तह" એવું પદ છે તેનો અર્થ धणियम् (अत्यंत-अतिशय) એવો કરવો. એટલે સાર એવો છે કે "પાંચે ઈન્દ્રિયોના મનગમતા ઈષ્ટ એવા શબ્દાદિ પાંચે વિષયોની સાથે ભવિષ્યકાળમાં પણ સંબંધ સદા જળવાઈ રહે ક્યારેય પણ વિયોગ ન થાય." આવી જે વિચારણા કરવી તે "મોહ ભરેલી તીવ્ર મહેચ્છા" તે પણ આર્તધ્યાન જ છે આ વિધાન અનાગતકાળ (ભવિષ્યકાળ)ને આશ્રયી કરેલ છે. એમ અનુભવી વૃદ્ધ મહાત્મા પુરૂષો કહે છે.

તથા ગાથામાં લખેલા છેલ્લા च શબ્દથી પૂર્વની ગાથામાં કહ્યા પ્રમાણે અતીતકાળનું ગ્રહણ પણ સમજી લેવું. સુખાદિનો તથા સુખાદિનાં સાધનોનો સદાકાળ અવિયોગ જ રહે આવા પ્રકારનો જે અધ્યવસાય (વિચારધારા) વર્તે છે તે વિચાર કેવા પ્રકારના જીવને હોઈ શકે છે ! આવો કોઈને પ્રશ્ન થાય તો કહે છે કે "रागरक्तस्य" સુખ ઉપર અને સુખનાં સાધનો ઉપરના રાગમાં રંગાયેલા એવા મોહાન્ધ જીવને આવા પ્રકારનો રાગ હોય છે તે "ઈષ્ટ અવિયોગ" એ નામનું આર્તધ્યાન કહેવાય છે. આ ત્રીજો ભેદ છે. जन्तोः = જીવને આ વિશેષ્યવાચી પદ મૂળગાથામાં નથી. પરંતુ "रागरक्तस्स" એ વિશેષણ વાચી પદ છે. તેથી વિશેષ્યવાચી એવું जन्तोः પદ અધ્યાહરથી સમજી લેવું.

ત્યાં "अभिष्वङ्ग" એટલે "આસક્તિ" એવો અર્થ કરવો. તેનું જ નામ રાગ અર્થ કરવો. સારાંશ કે રાગથી અંજાયેલી છે મૂર્તિ જેની એવા આત્માને આ "ઈષ્ટ વસ્તુઓના અવિયોગની વિચારણા કરવા" સ્વરૂપ આર્તધ્યાનનો ત્રીજો ભેદ હોય છે તેનું નામ "इष्टावियोगार्तध्यान" છે. ॥૮॥

અવતરણ : उक्तस्तृतीयो भेदः, साम्प्रतं चतुर्थमभिधित्सुराह = આર્તધ્યાનનો ત્રીજો ભેદ સમજાવ્યો, હવે ચોથો ભેદ સમજાવવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

देविंदचक्कवट्टित्तणाइं, गुणरिद्धिपत्थणमईयं ।
अहमं नियाणचिंतणमण्णाणाणुगयमच्चंतं ॥९॥

ગાથાર્થ : દેવેન્દ્રપણાની, ચક્રવર્તીપણાની તથા તેઓના સુરૂપાદિ પૌદ્ગલિક ગુણોની તથા તેઓની પૌદ્ગલિક રિદ્ધિ-સિદ્ધિઓના સુખની જે પ્રાર્થના કરવા સ્વરૂપ "નિયાણુ" કરવાનો જે વિચાર તે ઘણો જ અધમ છે તથા અત્યંત અજ્ઞાનતાને પરવશ છે. આ ચોથો ભેદ અર્તધ્યાનનો છે. ॥૯॥

ટીકા : दीव्यन्तीति देवाः भवनवास्यादयस्तेषामिन्द्राः = प्रभवो देवेन्द्राः चमरादयः, तथा चक्रं-प्रहरणं तेन विजयाधिपत्ये वर्तितुं शीलमेषामिति चक्रवर्तिनः = भरतादयः, आदिशब्दाद् बलदेवादिपरिग्रहः अमीषां गुणऋद्धयः = देवेन्द्रचक्रवर्त्यादिगुणर्द्धयः, तत्र गुणाः = सुरूपादयः, ऋद्धिस्तु विभूतिः, तत्प्रार्थनात्मकं तद् याञ्चामयमित्यर्थः, किं तद् ? "अधमं" = जघन्यं "निदानचिन्तनं" निदानाध्यवसायः, अहमनेन तपस्त्यागादिना देवेन्द्रः स्यामित्यादिरूपः,

વિવેચન : "दीव्यन्तीति देवाः" શરીરે જે અતિશય શોભાયમાન હોય, ઘણા જ રૂપવાળા હોય તે **દેવ** કહેવાય છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના જે ભવો છે. તે સર્વે વિશિષ્ટ રૂપવાળા અને વિશિષ્ટ શક્તિવાળા છે. તેથી તેઓને **દેવ** કહેવાય છે. તે દેવોના જે ઈન્દ્રો છે તેઓને દેવેન્દ્ર કહેવાય છે. જેમ કે ચમરેન્દ્ર-બલીન્દ્ર વિગેરે વિગેરે.

તથા ચક્ર એ ચક્રવર્તીનું એક પ્રકારનું રત્ન છે અર્થાત્ પ્રહરણ છે. શસ્ત્ર છે. તે ચક્રરત્ન જેને છે તેને ચક્રવર્તી કહેવાય છે. જેમ ઈન્દ્રમહારાજા દેવોના અધિપતિ પદે બીરાજે છે. તે જ રીતે મનુષ્યોના અધિપતિપદે બીરાજમાન છ ખંડના રાજ્યના જે સ્વામી છે તે ચક્રવર્તી કહેવાય છે. મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજયોમાં એક એક વિજયના જે સ્વામી છે તેને, તથા ભરત, ઐરાવત ક્ષેત્રના છ ખંડના જે સ્વામી છે તેને ચક્રવર્તી કહેવાય છે.

તેવા પ્રકારના ભરત મહારાજા આદિ ચક્રવર્તી રાજાઓ તથા ચમરેન્દ્ર અને બલીન્દ્ર વિગેરે દેવેન્દ્રો આવા પ્રકારના સાંસારિક ભોગસુખોના ક્ષેત્રે જે સૌથી મોટા છે તેઓની જે ગુણઋદ્ધિ એટલે શક્તિઓ અને ધનસંપત્તિ તે દેવેન્દ્ર ચક્રવર્તી ગુણઋદ્ધિ કહેવાય છે અહીં ગુણ શબ્દથી શારીરિક શ્રેષ્ઠ રૂપ, શ્રેષ્ઠ બાંધો સમજવો અને શ્રેષ્ઠ શારીરિક શક્તિ વિગેરે જે છે, તે ઋદ્ધિ સમજવી તથા જે ધનસંપત્તિ છે તે સિદ્ધિ સમજવી. અથવા સુરૂપાદિને ગુણ કહેવાય અને ઋદ્ધિ છે તે ધનસંપત્તિરૂપ છે. તથા વિભૂતિને સિદ્ધિ કહેવાય છે તે ઋદ્ધિ અને

સિદ્ધિની પ્રાર્થના કરવી "આવતા ભવમાં મને આ શક્તિ અને સંપત્તિ પ્રાપ્ત થજો." આવા પ્રકારની જે યાચના કરવી तद् किं ? તે શું કહેવાય ?

अधमं निदानचिन्तनं = અધમ એવું નિયાણુ કર્યું કહેવાય. આ અધ્યવસાય અતિશય કનિષ્ટ (હલકા) કહેવાય છે.

આવા જઘન્ય વિચારો કરવા તથા નિયાણું કરવું તે આર્તધ્યાનનો ચોથો ભેદ છે. નિદાનકરણ એવું તેનું નામ છે.

આવા પ્રકારના ત્યાગ વડે તથા ભય વડે હું આવતા ભવમાં દેવેન્દ્ર થાઉં, અથવા ચક્રવર્તી થાઉં આવો વિચાર વિશેષ કરવો તે **નિયાણુ** કહેવાય છે. આ આર્તધ્યાનનો ચોથો ભેદ જાણવો.

आह - किमितीदमधमम् ?

उच्यते, यस्मादज्ञानानुगतमत्यन्तं, तथा च नाज्ञानिनो विहाय सांसारिकेषु सुखेष्वन्येषामभिलाष उपजायते, उक्तं चः-

अज्ञानान्धाश्चटुलवनिताऽपाङ्गविक्षेपास्ते ।
कामे सक्तिं दधति विभवाभोगतुङ्गार्जने वा ॥
विद्वच्चित्तं भवति च महत् मोक्षकाङक्षैकतानं ।
नाल्पस्कन्धे विटपिनि कषत्यंसभित्तिं गजेन्द्रः ॥१॥ इति गाथार्थः ॥९॥

વિવેચન : અહીં કોઈક શિષ્ય તત્ત્વ જાણવા માટે પ્રશ્ન કરે છે કે આવા પ્રકારનું નિયાણું કરવું તેને **અધમ** કેમ કહો છો ? અધમ કહેવાની પાછળ તમારો શો આશય વિશેષ છે ?

ઉત્તર : આવા પ્રકારના તપના ફળ રૂપે સાંસારિક સુખોની માગણી કરવી તે નિયાણુ કહેવાય છે. અને આવા પ્રકારનું નિયાણુ કરવું તે ઘણી જ અજ્ઞાનદશા છે. અજ્ઞાનતાથી ભરેલું છે. કારણ કે જે તપ-જપ-ધર્મક્રિયા આદિ ધર્મ અનુષ્ઠાનો સર્વકર્મના ક્ષયનાં કારણો છે અનંત એવું જે મુક્તિ સુખ છે. તેનાં કારણો છે તેવા પ્રકારના આ ઉત્તમ સાધનોને આંશિક સુખસ્વરૂપ સાંસારિક તુચ્છ ભોગોનું કારણ બનાવવું તે ઉત્તમ ધર્માનુષ્ઠાનને આંશિક સુખોમાં વેડફી દેવા જેવું નિરર્થક કાર્ય છે.

જેમ લાખોની કિંમતનો સોનાનો હાર આપીને પાંચ પચીસ બોર ખરીદવા જેવું કાર્ય છે આ મુર્ખાઈનું કાર્ય છે. તેથી જ તે કાર્ય અજ્ઞાનદશાથી ભરપૂર ભરેલું કાર્ય છે. આત્માના

ગુણોના વિકાસ માટે કરાતું આવા પ્રકારનું ઉચ્ચકોટિનું આ ધર્માનુષ્ઠાન આદરીને તેનો તુચ્છ એવા ભોગ સુખોમાં ઉપયોગ કરવો તે અતિશય મુર્ખાઈ ભરેલું કાર્ય છે.

તે કારણથી જ અજ્ઞાની, મોહાંધ, વિકારી અને ભોગવિલાસી જીવોને છોડીને બીજા કોઈ ઉત્તમ જીવોને તો સાંસારિક ભોગ સુખોમાં અભિલાષા જ થતી નથી. ઉત્તમ આત્માઓ તો આ ભોગસુખોને એંઠવાડ સમજીને તેનાથી ઘણા જ ઘણા દૂર જ રહે છે.

જે આત્માઓ સુંદર દેખાતી અને મીઠુ મીઠુ બોલતી એવી સ્ત્રીઓની વાંકી નજરે જોવાતા કટાક્ષ બાણોથી વિંધાયેલા છે. તેઓ અજ્ઞાનદશામાં અંધ બનેલા છે. તથા તેઓ પોતાની પ્રાપ્ત થયેલી શક્તિને પાંચ ઈન્દ્રિયોના ભોગોમાં અને વૈભવિક સુખોનાં શિખરો પ્રાપ્ત કરવામાં જ વાપરી રહ્યા છે. આ સર્વે જીવો અજ્ઞાનમાં અંધ બનેલા છે એમ સમજવું.

પરંતુ વિદ્વાન પુરૂષોનું ચિત્ત એવું મહાન છે કે જે મોક્ષની જ એક ઈચ્છામાં લયલીન હોય છે. જેમ હાથી નાના થડવાળા વૃક્ષની સાથે પોતાના શરીરના ભાગો ખણજ દૂર કરવા માટે ક્યારેય ઘસતો જ નથી. સારાંશ કે અનંતકાળ સુધી ક્યારેય પણ જન્મ, જરા, મરણ, રોગ, શોક અને ભય આવે જ નહીં તેવું શાશ્વત સુખ જેનાથી (જે તપ-જપ-સ્વાધ્યાય આદિથી) પ્રાપ્ત થાય તેમ છે તેવાં સુખોને ત્યજીને ક્ષણમાત્ર રહેનારાં અને પૌદ્ગલિક ભાવોને આધીન એવાં ભોગસુખો વિદ્વાન માણસ ક્યારેય ઈચ્છતા નથી. આ પ્રમાણે આર્તધ્યાનના ચારે ભેદોના અર્થો વિસ્તારથી સમજાવ્યા. ॥૯॥

અવતરણ : उक्तश्चतुर्थो भेदः, साम्प्रतमिदं यथाभूतस्य भवति, यद्वर्धनं चेदमिति तदेतदभिधातुकाम आहः - આર્તધ્યાનનો ચોથો ભેદ સમજાવ્યો હવે આ આર્તધ્યાન જેવા પ્રકારના જીવને હોય છે તે વાત તથા આ ધ્યાન જે સંસારને વધારનારું છે તે વાત સમજાવવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :

एवं चउव्विहं रागदोसमोहंकियस्स जीवस्स ।
अट्टज्झाणं संसारवद्धणं तिरियगइमूलम् ॥१०॥

ગાથાર્થ : આ ચારે પ્રકારનું આર્તધ્યાન, રાગ-દ્વેષ અને મોહથી ભરેલા જીવને હોય છે અને આ ધ્યાન સંસારને વધારનારું છે. અને તિર્યંચના ભવની ગતિ અપાવવામાં મૂલ કારણભૂત છે. ॥૧૦॥

ટીકા : "एतद्" अनन्तरोदितं, "चतुर्विधं" चतुष्प्रकारं "रागद्वेषमोहाङ्कितस्य" रागादिलाञ्छितस्येत्यर्थः, कस्य ? "जीवस्य" आत्मनः, किम् ? आर्तध्यानमिति, तथा च इयं चतुष्टयस्यापि क्रिया, किंविशिष्टेत्यत आह - संसारवर्द्धनमोघतः, तिर्यग्गतिमूलं विशेषत, इति गाथार्थः ॥१०॥

વિવેચન : આ આર્તધ્યાન કે જે હમણાં જ ગાથા નંબર ૬ થી ૧૦ માં ચાર ભેદે સમજાવવામાં આવ્યું છે તે આર્તધ્યાન ચાર પ્રકારનું છે તે ચારે પ્રકારનું આર્તધ્યાન રાગ (પ્રીતિ), દ્વેષ (અપ્રીતિ) અને મોહ (અજ્ઞાન), આ ત્રણે દોષોથી ભરેલા જીવને થાય છે. જે આત્મા રાગાદિ ત્રણે દોષોથી ભરપૂર ભરેલો છે તેવા આત્માને આ આર્તધ્યાન થવાનો પૂરેપૂરો સંભવ છે.

જે જીવ દ્રવ્ય હોય છે. તે જ ચેતનાવાળું હોવાથી જ્ઞાનથી કર્તવ્યાકર્તવ્યને પણ જાણે છે તથા મિથ્યાત્વનો ઉદય અંદર ભળવાથી કર્તવ્યને અકર્તવ્ય અને અકર્તવ્યને કર્તવ્ય પણ જાણે છે ઉલટીબુદ્ધિ પણ જીવને જ થાય છે. જીવને એટલે કે આત્માને જ સારો નરસો બોધ થાય છે. અજીવમાં ચેતના ન હોવાથી તેને હેય-ઉપાદેયનો બોધ થતો નથી. જ્ઞાનસંજ્ઞા જ જ્યાં નથી ત્યાં સારા-નરસા પરિણામ કે પ્રશસ્ત-અપ્રશસ્ત કષાયો આવતા નથી.

જે સંસારી જીવ છે તે રાગ-દ્વેષ અને અજ્ઞાનથી ભરેલો છે. અજ્ઞાનતા જોર-શોરમાં વર્તે છે. રાગાદિ મોહના વિકારો તો ગળથુથી જ પડેલા છે. તેથી તે મોહ ઉછાળા મારે છે તેથી આવા જીવને આર્તધ્યાન થવાનો વધારે સંભવ છે. મનગમતા પદાર્થો મેળવવાની ઈચ્છા, પદાર્થો મળે છતે રાગ, ન મળે તો દ્વેષ. આવા ભાવો તો જન્મગત સંસ્કાર જેવા જ થયેલા છે. સાંસારિક સુખાકારિતા, શારીરિક સુખ સંપત્તિ પ્રાપ્ત કરવાની તમન્ના, ઘર કરીને જ બેઠેલી છે અને તેના માટેની વિચારધારા લગભગ દરેક જીવોમાં ચાલુ જ હોય છે. આર્તધ્યાન એ એવું ધ્યાન છે કે સાંસારિક જીવોમાં લગભગ ચાલુ જ હોય છે.

ચારે પ્રકારના આ આર્તધ્યાનની પ્રક્રિયા કરનારને તે ધ્યાન શું ફળ આપશે ! આવો પ્રશ્ન મનમાં કદાચ થાય તો તેનો ઉત્તર એવો જાણવો કે "संसारवर्द्धनमोघतः" સામાન્યથી સંસારને જ વધારનાર છે. મોહદશાના જોરે ભવની પરંપરા જ વધારવાના સ્વભાવવાળું જ આ ધ્યાન છે. આવા પ્રકારના આ ધ્યાનના સંસ્કારો લગભગ સર્વ જીવોમાં અનાદિકાળથી સંભવે છે. ભોગપ્રિય એવા સંસારીજીવોની મનોદશા જ લગભગ આવી જ હોય છે તેઓ સાંસારિક સુખસુગવડતાના જ અર્થી હોય છે. સુખ-સગવડતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન જ કરે છે એટલું જ બસ નથી, પરંતુ સાથે સાથે માયા-કપટ-જુઠ અને મારામારી પણ કરે છે.

તેના જ કારણે આવા હલકા વિચારો હોવાથી આ ધ્યાનવાળો જીવ મૃત્યુ પામીને પણ પ્રાયઃ તિર્યંચગતિમાં જ જનારો થાય છે કે જ્યાં એકેન્દ્રિયાદિના ભવો પ્રાપ્ત થવા દ્વારા અનંતો અનંતો કાળ આ જીવ રખડે છે, દુઃખી થાય છે અને ભવમાં ભટકે છે માટે આ આર્તધ્યાન વિશેષે કરીને ત્યજવા જેવું છે તેની મિત્રતા કરવા જેવી નથી. આ પ્રમાણે આ ગાથાનો અર્થ સમજાવ્યો. ॥૧૦॥

અવતરણ : આહ - साधोरपि शूलवेदनाभिभूतस्यासमाधानात् तत्प्रतिकारकरणे च तद्विप्रयोग-प्रणिधानापत्तेः, तथा तपःसंयमासेवने च नियमतः सांसारिकदुःखवियोगप्रणिधानादार्तध्यानप्राप्तिरिति ?

अत्रोच्यते, रागादिवशवर्तिनो भवत्येव, न पुनरन्यस्येति, आह च ग्रन्थकारः –

કોઈક પ્રશ્ન કરે છે કે **પ્રશ્ન :** સાધુ મહાત્માને પણ જ્યારે પેટમાં શૂલાદિની અધિક વેદના થતી હોય અને તેની પીડાથી મુનિરાજ અતિશય પરાભવ પામેલા હોય ત્યારે સમાધિ ન રહેવાથી તે રોગનો પ્રતિકાર કરવાની ભાવના જાગે છે અને રોગનો પ્રતિકાર કરવા માટે ઔષધાદિ કરાવવામાં પ્રવર્તે છે ત્યારે અનિષ્ટ એવો રોગ કેમ દૂર થાય ? તેવી વિચારણા તેઓને પણ મનમાં આવે જ છે તે કાળે અનિષ્ટવિયોગાર્તધ્યાન આ નામનો આર્તધ્યાનનો પ્રથમ ભેદ સાધુને પણ આવે જ છે તે રોગાદિનો વિયોગ કેમ થાય તેની વિચારણા કરવા રૂપ આર્તધ્યાન સાધુને પણ હોઈ શકે છે ?

તથા તપ અને સંયમ ગુણોનું આસેવન કરાયે છતે મનમાં સાંસારિક દુઃખોના વિયોગની વિચારણા આવતી હોવાથી સાધુને પણ નિયમા આર્તધ્યાન થાય જ છે તો આ પ્રશ્ન શું સાચો છે ?

ઉત્તર : હવે ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે કે જે મહાત્મા, સાધુ જીવનમાં વર્તતા હોવા છતાં રાગાદિ દોષોને વશવર્તી થયા છે અને તેના કારણે અનિષ્ટ વિયોગ અને ઈષ્ટ સંયોગને ઈચ્છે છે તે સાધુ હોય તો પણ તેઓને આર્તધ્યાન કહેવાય જ છે પરંતુ જે સાધુ હોવા છતાં (અથવા સાધુ ન હોવા છતાં) અનિષ્ટના વિયોગને કે ઈષ્ટના સંયોગને મનથી પણ ઈચ્છતા નથી અને તેના જ મરણે રોગપ્રતિકારક ઔષધાદિ પણ કરાવતા નથી. તે મહાત્માઓને આ આર્તધ્યાન હોતું નથી જ, આ જ વાત ભાષ્યકાર મહર્ષિ હવેની ગાથામાં જણાવે છે :

मज्झत्थस्स उ मुणिणो सकम्मपरिणामजणियमेयंति ।
वत्थुस्स भावचिंतणपरस्स समं सहंतस्स ॥११॥

ગાથાર્થ : રાગ અને દ્વેષથી દૂર રહેનારા એવા જે મધ્યસ્થ મુનિ હોય છે તેઓને આ શૂલાદિની જે વેદના જ્યારે થાય છે ત્યારે તે પોતાના કરેલા કર્મનું જ પરિણામ છે. વસ્તુ નો આવો સ્વભાવ માત્ર જ છે કે પોતાનાં કરેલાં કર્મો પોતે ભોગવવાં જ પડે છે આવી ચિંતવણા કરવામાં તત્પર અને આ વાતની સમ્યક્ પ્રકારે શ્રદ્ધા કરતા એવા તે મુનિ મહારાજને અસમાધિ કેમ હોય ? અર્થાત્ ન જ હોય. ॥૧૧॥

ટીકા : मध्ये तिष्ठतीति मध्यस्थः, रागद्वेषयोरिति गम्यते, तस्य मध्यस्थस्य, तु शब्दः एवकारार्थः, स चावधारणे मध्यस्थस्यैव नेतरस्य, मन्यते जगतस्त्रिकालावस्थामिति मुनिः, तस्य

मुनेः, साधोरित्यर्थः स्वकर्मपरिणामजनितमेतत् = शूलादि, यच्च्व प्राक्कर्मविपरिणामिदैवादशुभमापतति, न तत्र परितापाय भवन्ति सन्तः, उक्तं च परममुनिभिः =

વિવેચન : કોઈ પણ પ્રકારના વિવાદ થાય ત્યારે મધ્યભાગમાં જે વર્તે તેને મધ્યસ્થ કહેવાય છે. રાગનાં કારણો આવે છતાં રાગ ન કરે, તથા દ્વેષનાં કારણો આવે છતાં પણ દ્વેષ ન કરે પરંતુ રાગ અને દ્વેષથી દૂર રહીને જે મધ્યસ્થ ભાવમાં વર્તે તેવા મધ્યસ્થ પ્રકૃતિવાળા મુનિને મનમાં આવા જ વિચારો આવે છે કે "આ સંસારમાં દુઃખ-સુખના જે કોઈ પ્રસંગો આવે છે તે સર્વે પોતે જ કરેલાં કર્મોનું ફળ છે."

વર્તમાનકાળમાં જે કોઈ પરિસ્થિતિ પ્રાપ્ત થઈ છે. તેના મૂળભૂત બીજ મેં જ વાવેલાં છે. મારૂ પોતાનું જ કરેલું કર્મ આ છે માટે મારા જ કરેલા કર્મના ફળભૂત જે સારૂ-નરસું પરિણામ આવે તેમાં રડવાનું કે હસવાનું શું હોય ? અર્થાત્ ન જ હોય, આવા વિચારો દ્વારા રાગ અને દ્વેષથી સદા દૂર જ રહેનારા આ મુનિ મહારાજને "આ સંસારમાં દુઃખ કે સુખ જે કંઈ ફળ મળે છે તે સઘળું ય પણ મારા પોતાના કરેલા કર્મોનું જ ફળ છે." આવા ઉત્તમ વિચારોવાળા મધ્યસ્થ પ્રકૃતિવાળા તે મુનિને જ આવા અસાધારણ ઉત્તમ વિચારો આવે છે. (तु शब्द एव अर्थमां छे.)

પરંતુ આવા ઉત્તમ આત્માઓથી ભિન્ન એવા આત્માઓને જ એટલે કે રાગ અને દ્વેષમાં અંજાયેલા એવા જીવોને જ ઉપર બતાવ્યા તેવા ઉત્તમ વિચારો આવતા નથી. પરંતુ રાગ અને દ્વેષથી દૂર રહેનારા મુનિને જ આવા વિચારો આવે છે એમ જે પૂર્વે સમજાવ્યું. ત્યાં આવા પ્રકારનો એક પ્રશ્ન થાય છે કે –

"આ જગતની (સંસારી જીવોની) ત્રણે કાળની અવસ્થાના જે મહાત્મા વિચારો કરે, મનન કરે તેને જ મુનિ કહેવાય मन्यते इति मुनिः આવી વ્યુત્પત્તિ હોવાથી જગતના સ્વરૂપનું મનન કરનારા મહાત્માને જ મુનિ કહેવાય છે તથા રાગ અને દ્વેષથી દૂર રહેનારા યથાર્થ મુનિને જ આવા ઉત્તમ વિચારો સ્ફૂરાયમાન થાય છે."

"શૂલાદિની જે આ પીડાઓ - દુઃખો અર્થાત્ આપત્તિઓ છે તે સઘળુય પોતાના કરેલા કર્મોનો જ પરિણામ છે. મારા પોતાના જ આત્માએ જ કરેલાં કર્મોનું જ આ ફળ છે મારા પોતાના આત્માએ જ ભૂતકાળમાં આવાં આવાં પાપકર્મો કર્યા છે તેનું જ આ ફળ આવ્યું છે." પોતાના કરેલા કર્મોના ફળ વિના કોઈ જીવ દુઃખ સુખ પામતો નથી. પરમ મુનિ પુરૂષોએ શાસ્ત્રમાં જ કહ્યું છે કે –

"पुव्वि खलु भो ! कडाणं कम्माणं दुच्चिण्णाणं दुप्पडिकंताणं वेइत्ता मोक्खो, नत्थि अवेदइत्ता, तवसा वा सोसइत्तेत्यादि" एवं वस्तुस्वभावचिन्तनपरस्य "सम्यक्" शोभनाध्यवसायेन सहमाणस्य सतः कुतोऽसमाधानम् ? अपि तु धर्म्यमनिदानमिति वक्ष्यतीति गाथार्थः ॥११॥

તેવા પ્રકારની ભવિતવ્યતા જ હોવાથી પૂર્વકાળમાં કરેલાં કર્મો દુષ્ટ પરિણામોથી બાંધેલાં હોય તેનું પ્રતિક્રમણ કે ગર્હા-નિંદા કરી ન હોય તો તેવાં કર્મોને વેદીને જ આ જીવનો મોક્ષ થાય છે. તેવાં કર્મોને વેદ્યા વિના મોક્ષ થતો જ નથી. અથવા તપ-સંયમ આદિ શુભ અનુષ્ઠાનો વડે કર્મોને બાળીને જ મોક્ષ થાય છે. ઈત્યાદિ વસ્તુનો જે વાસ્તવિક ભાવાર્થ છે તેનું જ સમ્યક્ પ્રકારે ચિંતન-મનન કરતાં કરતાં સુંદર અધ્યવસાયો દ્વારા પોતાના જ કરેલા કર્મોના ફળ રૂપે આવેલા દુઃખને સમ્યક્ભાવે સહન કરનારા મહાત્મા પુરૂષો જ કર્મોને ખપાવીને અવશ્ય ફળ પ્રાપ્ત કરે જ છે આવા સારા વિચારો કરનારા મહાત્માને અસમાધિ હોય જ કેમ ? અર્થાત્ અસમાધિ (અસમતાભાવ - હાય હોય-આકુળતા વ્યાકુળતા) હોય જ કેમ ? એટલે કે ન જ હોય.

આવા પ્રકારના દ્રઢ વિચારો કરવા પૂર્વક કરાયેલો ધર્મ "અનિદાન" હોય છે એટલે કે નિયાણા વિનાનો જ હોય છે આવા પ્રકારના ઉમદાભાવથી કરાયેલો ધર્મ જ યથાર્થ ફળદાયક થાય છે આ વાતનો વધારે વિસ્તાર આગળ ઉપર સમજાવવામાં આવશે. ॥૧૧॥

અવતરણ : परिहृतः आशङ्कागतः प्रथमपक्षः, द्वितीयतृतीयावधिकृत्याहः — આશંકા સંબંધી પ્રથમપક્ષ સમજાવ્યો. અગિયારમી ગાથાના અવતરણમાં આર્તધ્યાન થવાનાં ત્રણ કારણો સમજાવ્યાં હતાં તેને આશ્રયી પ્રશ્ન કરાયો હતો. (૧) શૂલવેદનાથી પરાભવ પામેલા મુનિને સમતા ન રહે તે આર્તધ્યાન, (૨) તે વેદનાનો પ્રતિકાર કરવામાં તેના વિયોગની વિચારણા, અને (૩) તપ તથા સંયમનું આસેવન કરવામાં સાંસારિક દુઃખોના વિયોગની વિચારણા આ ત્રણ કારણોથી આર્તધ્યાન આવે છે. આવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો. ત્યાં શૂલવેદનાથી પરાભવ પામેલા મુનિને સમતા ન રહે તે આર્તધ્યાન. આ પ્રથમ શંકાનો જવાબ અગિયારમી ગાથામાં શંકા ઉઠાવીને સમજાવવામાં આવ્યો છે હવે બાકીના બે પ્રશ્નો કે જે બીજો અને ત્રીજો છે. તેને આશ્રયી ઉત્તર બારમી ગાથામાં ગ્રન્થકારશ્રી આપે છે :

कुणओ य पसत्थालंबणस्स पडियारमप्पसावज्जं ।
तव संजमपडियारं च सेवओ धम्ममणियाणं ॥१२॥

ગાથાર્થ : પ્રશસ્ત આલંબન સ્વીકારનારા મહાત્માને અલ્પ સાવદ્યવાળું (અથવા સાવદ્ય વિનાનું) ઔષધ કરવા સ્વરૂપ રોગનો પ્રતિકાર કરવા માટેના નિયાણા વિનાનો ધર્મ આચરતા મુનિને આર્તધ્યાન સંભવતું નથી. તથા તપ અને સંયમનું પાલન કરવા સ્વરૂપ રોગનો પ્રતિકાર કરવો તે પણ આર્તધ્યાન કહેવાતું નથી. ॥૧૨॥

ટીકા : कुर्वतो वा, कस्य = प्रशस्तं = ज्ञानाद्युपकारकम्, आलम्ब्यत इत्यालम्बनं = प्रवृत्तिनिमित्तं शुभमध्यवसानमित्यर्थः, उक्तं चः-

काहं अछित्तिं अदुवा अहीहं, तवोवहाणेसु य उज्जमिस्सं ।
गणं च णीती अणुसारवेस्सं, सालंबसेवी समुवेइ मोक्खं ॥१॥

इत्यादि, यस्यासौ प्रशस्तालम्बनस्तस्य, किं कुर्वतः ? इत्यत आह = "प्रतिकारं" = चिकित्सालक्षणं, किंविशिष्टम् ? अल्पसावद्यं, अवद्यं = पापं, सहावद्येन सावद्यम्, अल्पशब्दोऽभाववचनः स्तोकवचनो वा, अल्पं सावद्यं यस्मिन्नसावल्पसावद्यस्तं धर्म्यमनिदानमेवेति योगः, कुतः ? = निर्दोषत्वात् निर्दोषत्वं च वचनप्रामाण्याद्, उक्तं च :- "गीयत्थो जयणाए कडजोगी कारणंमि निद्दोसो" त्तीत्याद्यागमस्योत्सर्गापवादरूपत्वाद्, अन्यथा परलोकस्य साधयितुमशक्यत्वात्, साधु चैतदिति ॥

विवेचन : જ્ઞાન-દર્શન અને ચારિત્રાદિ આત્માના ગુણોને ઉપકાર કરનારું, એવું તથા પ્રશસ્ત (પ્રશંસનીય) એવું જે આલંબન, ધર્મપ્રવૃત્તિમાં જે પ્રેરક બને એવા જે શુભ અધ્યવસાય સ્થાનો, તેને કરતા એવા મુનિને ધર્મધ્યાન હોય છે. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે :-

"રોગ હોતે છતે હું શાસ્ત્રાધ્યયનનો વિચ્છેદ ન થાય તેવું કામ કેવી રીતે કરું ? અથવા રોગ હોતે છતે હું શાસ્ત્રાભ્યાસ કેવી રીતે કરું ? અથવા રોગ હોતે છતે તપ તથા યોગોદ્વહનાદિ કાર્યોમાં ઉદ્યમ કેવી રીતે કરું ? તથા ગણની (મુનિગણની) શાસ્ત્રનીતિને અનુસારે સંભાળ કેમ રાખું ?" આવું લક્ષ્ય રાખીને મુનિ રોગ દૂર કરવાના અપવાદ સેવે.

ઉપરોક્ત કારણોને સામે રાખીને ભાવિમાં મારાથી સંઘને શાસ્ત્રાભ્યાસનો લાભ થશે એમ સમજીને શરીર સંબંધી રાગાદિ કર્યા વિના અલિપ્તભાવે ઔષધાદિ કરાવે તે બીજો પ્રકાર જાણવો.

ઉપરના શ્લોકમાં કહ્યા પ્રમાણેનાં શુભ આલંબનો છે જેને તે પ્રશસ્ત આલંબનવાળા મુનિ કહેવાય છે તે મુનિ મહારાજા શું કરતા હોય તો તેઓને ધર્મધ્યાન કહેવાય છે ? (પણ આર્તધ્યાન કહેવાતું નથી). આવો કોઈ પ્રશ્ન કરે તો જણાવે છે કે "થયેલા રોગનો પ્રતિકાર" અર્થાત્ ચિકિત્સા (ઔષધાદિ) કરાવે તો તે ધર્મધ્યાન જ કહેવાય છે.

પ્રશ્ન : તે ઔષધાદિ કિંવિશિષ્ટં કેવાં કરાવે !

ઉત્તર : અલ્પ સાવદ્યવાળાં (અલ્પ પાપવાળા). અવદ્ય એટલે પાપ, પાપ સાથેનું જે ઔષધ તે સાવદ્ય, થોડા દોષવાળું ઔષધ કરાવે અથવા પાપ વિનાનું ઔષધ કરાવે, અહીં "અલ્પ" શબ્દ જે છે તે અભાવસૂચક છે અથવા સ્તોક (થોડાં) પાપ એવા અર્થનું સૂચક છે પાપ વિનાનું અથવા અલ્પ પાપવાળું ઔષધ કરાવે. ઔષધાદિ લેવાની પ્રવૃત્તિમાં મહાત્માના જે ઉત્તમ અધ્યવસાય હોય છે તે જણાવે છે. –

"મને રોગાદિની પીડા બહુ છે માટે હું ઔષધાદિ કરાવું આવા વિચારથી નહીં. પરંતુ પૂર્વ પુરૂષોએ ભગવાનનું આ શ્રુત અર્થાત્ આગમશાસ્ત્રો બીજાને ભણાવી ભણાવીને પેઢી-દરપેઢી સુધી અખંડિત રાખ્યાં છે. આ સર્વે ઉત્તરાધિકારી શિષ્યવર્ગે અભ્યાસ કરી કરીને મારા સુધી લાવ્યાં છે. હવે જો રોગાદિના કારણે હું બીજાને ભણાવીશ નહીં તો આગમોનું જ્ઞાન સમાપ્ત થઈ જશે. તે સમાપ્ત ન થાય શાસ્ત્રોનું જ્ઞાન અખંડિત રહે તે માટે ઔષધોપચાર કરાવું અને ઔષધોપચારથી જો હું નિરોગી થાઉં તો અન્ય શિષ્યવર્ગને આ શાસ્ત્રોનું જ્ઞાન આપી શકું જેથી આ શાસ્ત્રજ્ઞાન વિચ્છેદ ન પામે અને આ પ્રમાણે મારી પછી પણ આ આગમજ્ઞાન પરંપરામાં ચાલુ જ રહે, વિચ્છેદ ન પામે."

આવી ઉમદા ભાવનાથી ઔષધોપચાર કરાવે. જે ઔષધોપચાર અલ્પ સાવદ્યવાળો હોય અથવા સાવદ્ય વિનાનો હોય તેવા પ્રકારનો ઔષધોપચાર કરાવવાના વિચારો તથા તેવા પ્રકારનું ઔષધનું સેવન ધર્મધ્યાન છે આર્તધ્યાન નથી.

તથા વળી આ ઔષધોપચાર નિયાણા વિનાનો કરે જેથી શુદ્ધ જ ધ્યાન કહેવાય છે. નિયાણા વિનાનો કેમ છે ? તો ગ્રંથકારશ્રી જ કહે છે કે આવો ઔષધોપચાર કરાવવો તે નિર્દોષ હોવાથી કર્તવ્ય છે. નિર્દોષ કેમ છે ? આવો કદાચ પ્રશ્ન થાય તો કહે છે કે वचनप्रामाण्याद् = શાસ્ત્રકારોનું વચન પ્રમાણ હોવાથી આ ઔષધોપચાર તે પરોપકાર માટે છે. શાસ્ત્રજ્ઞાન અખંડિત રહે તે માટે છે. શાસન દીર્ઘકાળ ચાલે તે માટે છે. આ કારણોથી આ ધર્મધ્યાન છે આર્તધ્યાન નથી. શાસ્ત્રમાં જ કહ્યું છે કે –

ગીતાર્થ મહાત્માઓ એટલે કે શાસ્ત્રજ્ઞ પુરૂષો રત્નત્રયીમય સંયમ પાલન માટે રોગાદિના નિવારણનું કંઇક કારણ ઉપસ્થિત થયું હોય તો જયણાપૂર્વક શાસ્ત્રવિધિનું ધ્યાન રાખવા પૂર્વક ત્રિફળાં આદિ અલ્પ દોષવાળી ઔષધિઓનું સેવન કરે તો તે નિર્દોષ છે. જૈન આગમશાસ્ત્રો ઉત્સર્ગ અને અપવાદ એમ બન્ને માર્ગનાં પ્રકાશક આગમો છે. દેખવામાં ઉત્સર્ગમાર્ગ અને અપવાદ માર્ગ સામ-સામા વિરોધી જેવા હોય છે. પરંતુ સાધ્યની સિદ્ધિમાં બન્ને એક સ્વરૂપ જ હોય છે.

જ્યારે ઉત્સર્ગ માર્ગે આત્મ સાધના થાય તેમ ન હોય અને અપવાદ માર્ગે આત્મસાધના થાય તેમ હોય છતાં અપવાદ માર્ગ છે એમ સમજીને જો તે માર્ગે ન ચાલે તો પરલોકની સાધના થવી અશક્ય બને છે. આત્મહિત થવું દુષ્કર બની જાય છે માટે અપવાદ સેવીને પણ આત્મહિત કરવું એ જ સારો અને સાચો માર્ગ છે. આ વાત વધારે સૂક્ષ્મ છે. માટે ધીરજપૂર્વક વિશાલ દૃષ્ટિ રાખીને તત્ત્વ વિચારવું. આ બીજું કારણ સમજાવ્યું. હવે ત્રીજું કારણ સમજાવે છે :-

तथा "तपःसंयमप्रतिकारं च सेवमानस्य" इति तपःसंयमावेव प्रतिकारस्तपःसंयमप्रतिकारः सांसारिकदुःखानामिति गम्यते । तं च सेवमानस्य, चशब्दात्पूर्वोक्तप्रतिकारं च, किं ? "धर्म्यं" धर्मध्यानमेव भवति, कथं सेवमानस्य ? = "अनिदानम्" इति क्रियाविशेषणम् । देवेन्द्रादिनिदानरहितमित्यर्थः, आह – कृत्स्नकर्मक्षयान्मोक्षो भवतीदमपि निदानमेव, उच्यते = सत्यमेतदपि निश्चयतः प्रतिषिद्धमेव, कथं ?

मोक्षे भवे च सर्वत्र, निःस्पृहो मुनिसत्तमः ।
प्रकृत्याऽभ्यासयोगेन, यत उक्तो जिनागमे ॥१॥ इति,

तथापि तु भावनायामपरिणतं सत्त्वमङ्गीकृत्य व्यवहारत इदमदुष्टमेव । अनेनैव प्रकारेण तस्य चित्तशुद्धेः क्रियाप्रवृत्तियोगाच्चेत्यत्र बहु वक्तव्यं, तत्तु नोच्यते ग्रन्थविस्तारभयादिति गाथार्थः ।

विवेचन : તથા તપ કરવો અને સંયમ પાળવો આ બે છે પ્રતિકારક તત્ત્વ જેમાં એવો જે માર્ગ તે ધર્મધ્યાન જ કહેવાય છે. સાંસારિક દુઃખોનો પ્રતિકાર કરનારૂ તત્ત્વ તપ અને સંયમ છે એમ અહીં સમજવું. જો કે "સાંસારિક દુઃખોનો એવો શબ્દ લખેલો નથી. તો પણ અધ્યાહરથી સમજી લેવું તેથી" તપ અને સંયમ રૂપ પ્રતિકારક તત્ત્વને સેવતા મુનિ મહારાજને તથા ચ શબ્દથી રોગાદિ થયા હોય તો તેના પ્રતિકારક રૂપ ચિકિત્સાને સેવનારા મુનિ મહારાજાને પણ કિં ? શું થાય છે ! ધર્મધ્યાન જ થાય છે. આર્તધ્યાન થતું નથી.

જે મુનિ મહાત્મા તપ અને સંયમ રૂપ કર્મના પ્રતિકારક તત્ત્વને તથા રોગની પ્રતિકારક એવી ચિકિત્સાને સેવે છે આચરણમાં લે છે તે પણ अनिदानम् = નિયાણુ કર્યા વિના આવા પ્રકારના ધર્મનું આચરણ જે કરે છે "આવતા ભવમાં મને દેવેન્દ્રાદિની પદવી રૂપ સાંસારિક સુખ પ્રાપ્ત થજો." એવો સાંસારિક સુખોનો વિચાર કર્યા વિના જ ધર્મમાં પ્રવૃત્તિ કરે છે તેના ધ્યાનને ધર્મધ્યાન કહેવાય છે. આર્તધ્યાન કહેવાતું નથી.

પ્રશ્ન : અહીં કોઈક પ્રશ્ન કરે છે કે - "મારા સર્વ કર્મોનો ક્ષય થજો અર્થાત્ મારો મોક્ષ થજો. આવી ઈચ્છા કરવી તે પણ એક પ્રકારનું નિયાણુ જ કહેવાયને ?"

ઉત્તર : ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે કે તમારો પ્રશ્ન સાચો છે નિશ્ચય નયથી તો આ પણ માગણી કરવી તે નિયાણું જ છે. શાસ્ત્રમાં તો તેનો પણ નિષેધ જ કર્યો છે. કેવી રીતે નિષેધ કર્યો છે ? તો કહે છે :-

"ઉત્તમ એવા મુનિ પોતાની પ્રકૃતિને જ એવી બનાવે છે કે જેનાથી મોક્ષ પ્રત્યે કે સંસાર પ્રત્યે એમ બન્ને ભાવો પ્રત્યે તત્ત્વથી નિઃસ્પૃહ જ હોય છે જે કારણથી જિનાગમમાં આ પ્રમાણે કહ્યું છે. પરંતુ આ હકીકત નિશ્ચયનયથી જાણવી. છતાં પણ ભાવનામાં અતિશય

પરિપક્વ ન બનેલા એવા અભ્યાસી જીવને આશ્રયી વિચારીએ તો વ્યવહારનયથી સર્વ કર્મના ક્ષયરૂપ મુક્તિની ઈચ્છા કરવી તે અવિરૂદ્ધ જ છે. અદુષ્ટ જ છે. કારણકે તે જીવના ચિત્તની નિર્મળતા આ પ્રકારે જ થાય છે માટે વ્યવહાર માર્ગે આવી ઈચ્છા કરવી તે કંઈ ખોટું નથી.''

અહીં વ્યવહાર અને નિશ્ચયનયની ચર્ચામાં ઘણું ઘણું કહેવા જેવું (સમજાવવા જેવું) છે. પરંતુ તે અહીં કહેવાતું નથી. કારણ કે જો આ નયોની ચર્ચા અહીં કરીએ તો આ ગ્રન્થનો ઘણો જ વિસ્તાર થઈ જાય. તે ભયથી નયોની ચર્ચા કરતા નથી. આ પ્રમાણે આ બારમી ગાથાનો અર્થ સમજાવ્યો.

अन्ये पुनरिदं गाथाद्वयं चतुर्भेदमप्यार्तध्यानमधिकृत्य साधोः प्रतिषेधरूपतया व्याचक्षते, न च तदत्यन्तसुन्दरम्, प्रथमतृतीयपक्षद्वये सम्यगाशङ्काया एवानुपपत्तेरिति ॥१२॥

તથા વળી બીજા કેટલાક આચાર્યો આ બન્ને ગાથાને તથા આર્તધ્યાનના ચારે ભેદને આશ્રયી સાધુ મહાત્માઓને નિષેધરૂપે જ કહે છે આર્તધ્યાનના આ ચારે ભેદો સાધુએ સેવવા નહીં એમ જ કહે છે. પરંતુ તેઓની આ વાત અતિશય સુન્દર નથી. કારણ કે પ્રથમ ભેદનો અને ત્રીજા ભેદનો મુનિઓમાં સંભવ જ નથી તો તેનો નિષેધ કેમ કરાય ? કારણ કે પહેલો પ્રકાર ''ઈષ્ટ સંયોગ થયો હોય તેનો વિયોગ ન થાય તેની વિચારણા તથા ત્રીજો ભેદ અનિષ્ટનો વિયોગ થયો હોય તો તે વિયોગ ટકે ફરીથી જલ્દી સંયોગ ન થાય તેની વિચારણા આ બન્ને પેટાભેદવાળું આર્તધ્યાન સાધુને સંભવિત જ નથી. તો નિષેધ કરવાની જરૂરિયાત જ ક્યાં છે ?

કારણ કે મુનિ મહાત્માનું ચિત્ત ઈષ્ટાનિષ્ટ બુદ્ધિથી પર હોય છે કોઈપણ પદાર્થ પ્રત્યે ઈષ્ટાબુદ્ધિ કે અનિષ્ટતાબુદ્ધિ હોતી જ નથી. રાગ-દ્વેષથી પર છે તો આ બન્ને ભેદો આર્તધ્યાનના તેઓમાં સંભવતા જ નથી તેથી નિષેધ કરવાની જરૂર જ નથી.

સાધુમાં માત્ર વેદનાનો સંભવ છે. તેથી વેદનાના પ્રતિકારરૂપ બીજા ભેદનો સંભવ છે તથા મિથ્યાત્વના ઉદયથી નિયાણાનો સંભવ છે તે માટે તેના નિષેધ રૂપ ચોથા ભેદની આવશ્યકતા છે. સૂક્ષ્મદૃષ્ટિથી વિચારતાં સાધુ મહાત્મામાં આર્તધ્યાનનો બીજો અને ચોથો ભેદ હોય છે. પરંતુ પહેલો અને ત્રીજોભેદ સંભવતા નથી. ॥૧૨॥

अवतरण : आह - उक्तं भवताऽऽर्तध्यानं संसारवर्द्धनमिति, तत्कथम् ? उच्यते - बीजत्वात्, बीजत्वमेव दर्शयन्नाह :-

रागो दोसो मोहो य जेण संसारहेयवो भणिया ।
अट्टंमि य ते तिण्णिवि तो तं संसारतरुबीयं ॥१३॥

ગાથાર્થ : રાગ, દ્વેષ અને મોહ (અજ્ઞાન) આ ત્રણે દોષો જે કારણથી સંસારના કારણરૂપ છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે આર્તધ્યાનકાળે તે ત્રણે દોષો સંભવે છે તેથી તે ત્રણે દોષો સંસારરૂપી વૃક્ષના મૂલ બીજ તુલ્ય છે.

ટીકા : रागो दोसो मोहश्च येन संसारहेतवः = संसारकारणानि "भणिता" उक्ताः परममुनिभिरिति गम्यते "आर्ते च" = आर्तध्याने च ते त्रयोऽपि रागादयः सम्भवन्ति, यत एवं ततस्तत् "संसारतरुबीजं" भववृक्षकारणमित्यर्थः ।

आहः - यद्येवमोघत एव संसारतरुबीजं, ततश्च तिर्यग्गतिमूलमिति किमर्थमभिधीयते ? उच्यते, तिर्यग्गतिगमननिबन्धनत्वेनैव संसारतरुबीजमिति, अन्ये तु व्याचक्षते - तिर्यग्गतावेव प्रभूतसत्त्वसम्भवात् स्थितिबहुत्वाच्च संसारोपचार इति गाथार्थः ॥१३॥

વિવેચન : રાગ, દ્વેષ અને મોહ આ ત્રણે આત્મામાં પ્રગટ થતા દોષો (વિકારો) છે. આ ત્રણે દોષો જીવના સંસારને વધારનાર છે તેથી સંસારરૂપી વૃક્ષના મૂળ બીજભૂત છે આ ત્રણે દોષો આર્તધ્યાનમાં સમાયેલા છે અર્થાત્ આર્તધ્યાન એ રાગ-દ્વેષ અને મોહાત્મક છે તેથી આર્તધ્યાન પણ સંસારવૃદ્ધિનું બીજ જ છે.

પ્રશ્ન : શાસ્ત્રોમાં તો મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય અને યોગ આ પાંચ બંધનાં કારણો કહ્યાં છે તેથી સંસારરૂપી વૃક્ષનાં બીજ તો આ પાંચ બંધ હેતુઓ જે છે તે હોઈ શકે છે. પરંતુ રાગ-દ્વેષ અને મોહ સંસારરૂપી વૃક્ષનું બીજ કેમ કહેવાય ?

ઉત્તર : ક્રોધ અને માન એ અપ્રીતિજનક હોવાથી દ્વેષ કહેવાય છે અને માયા તથા લોભ પ્રીતિજનક હોવાથી રાગ કહેવાય છે એટલે અનંતાનુબંધી ચાર કષાય તો રાગ-દ્વેષ સ્વરૂપ છે જ, મિથ્યાત્વમોહ એ પણ સાસ્વાદનને વર્જીને અનંતાનુબંધી કષાયનો સહચારી હોવાથી મિથ્યાત્વનામનાબંધ હેતુનો સમાવેશ અનંતાનુબંધી નામના કષાયમાં થાય છે. અવિરતિ નામનો બીજો બંધહેતુ પણ અપ્રત્યાખ્યાનીય કષાયનો સહચારી હોવાથી અપ્રત્યાખ્યાનીય કષાય રૂપ રાગ અને દ્વેષમાં સમાય છે. પ્રમાદ નામનો ત્રીજો બંધહેતુ પણ વિષયોના રાગસ્વરૂપ હોવાથી રાગમાં અંતર્ભાવ પામે છે. કષાય નામનો ચોથો બંધહેતુ તો રાગ-દ્વેષસ્વરૂપ છે જ યોગ નામનો કર્મબંધનો જે પાંચમો બંધહેતુ છે તે નામકર્મનો વિષય છે તે યોગ, કષાય સાથે ભળ્યો હોય ત્યારે જ સ્થિતિબંધ અને રસબંધનું કારણ બને છે તે માટે કષાયમાં જ અંતર્ગત થાય છે.

કષાય વિનાના યોગ વડે તો માત્ર ૧/૨ સમયની સ્થિતિવાળું જ કર્મ બંધાય છે તે પ્રધાનપણે બંધ ગણાતો નથી.

આ પ્રમાણે રાગ (પ્રીતિવિશેષ), દ્વેષ (અપ્રીતિવિશેષ) અને અજ્ઞાન (જ્ઞાનાવરણીયનો ઉદય) આ ત્રણે દોષો મહાભયંકર દોષો છે તે કારણથી જ સંસારની (જન્મ-મરણની) પરંપરાની વૃદ્ધિ થાય છે માટે આ રાગાદિ ત્રણ દોષોને સંસારરૂપી વૃક્ષનાં બીજ કહેવાય છે.

આહ: - **પ્રશ્ન :** અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે જો આ પ્રમાણે રાગાદિ આ ત્રણે દોષો સંસારના જ હેતુઓ હોય તો સંસાર તો ચાર ગતિ સ્વરૂપ છે. માત્ર એકલી તિર્યંચગતિ એ જ કંઈ સંસાર નથી તેથી આ રાગાદિ દોષો ચારે ગતિરૂપ સંસારવૃક્ષનું બીજ કહેવાય ? કેવળ એકલી તિર્યંચગતિનું મૂલ છે આમ કેમ સમજાવો છો ?

ઉત્તર : તિર્યંચગતિમાં જવાનું કારણ હોવાથી ઓધથી જ એટલે સામાન્યથી જ સંસારતરુ બીજ કહેવાય છે. અહીં કેટલાક આચાર્યો એમ કહે છે કે તિર્યંચગતિમાં જ ઘણા જીવો હોવાથી તથા તિર્યંચ ગતિમાં અસંખ્યાત અને અનંત પુદ્ગલ પરાવર્તન રહેવાનો ઘણો લાંબો કાળ હોવાથી તિર્યંચગતિ એ જ સંસારરૂપી વૃક્ષ છે એમ તિર્યંચગતિમાં જ સંસારરૂપી તરુનો ઉપચાર કરાય છે આ પ્રમાણે આ ગાથાનો ભાવાર્થ સમજાવ્યો. ॥૧૩॥

અવતરણ : આર્તધ્યાનવાળા જીવને કઈ કઈ લેશ્યાઓ હોય છે ? તે જણાવે છે :-

काउय-नील-काला-लेस्साओ णाइसंकिलिट्ठाओ ।
अट्टज्झाणोवगयस्स, कम्मपरिणामजणिआओ ॥१४॥

ગાથાર્થ : આર્તધ્યાનમાં વર્તતા જીવને કર્મના ઉદય જન્ય પરિણામથી ઉત્પન્ન થયેલી કૃષ્ણ નીલ અને કાપોત લેશ્યા હોય છે પરંતુ તે રૌદ્રધ્યાન જેવી અતિશય સંક્લિષ્ટ પરિણામવાળી હોતી નથી. ॥૧૪॥

ટીકા : कापोत-नील-कृष्णलेश्याः, किम्भूताः ? "नातिसङ्क्लिष्टा" रौद्रध्यानलेश्याऽपेक्षया नातीवाशुभानुभावा भवन्तीति क्रिया । कस्येत्यत आह - आर्तध्यानोपगतस्य, जन्तोरिति गम्यते । किंनिबन्धना एताः ? इत्यत आह — कर्मपरिणामजनिताः । तत्र —

कृष्णादिद्रव्यसाचिव्यात्, परिणामो च आत्मनः ।
स्फटिकस्येव तत्रायं, लेश्याशब्दः प्रयुज्यते ॥१॥

एताः कर्मोदयायत्ता इति गाथार्थः ॥१४॥

વિવેચન : આર્તધ્યાન અતિશય સંક્લિષ્ટ અધ્યવસાયવાળુ જરૂર છે દુર્ગતિમાં લઈ જનારું પણ અવશ્ય છે જ, તો પણ રૌદ્રધ્યાન જેટલું ભયંકર નથી તેની અપેક્ષાએ આ આર્તધ્યાન જીવને કંઈક અંશે ઓછી પીડા આપનારું છે.

જો કે આર્તધ્યાન પણ છે તો અશુભ જ, તથા આ આર્તધ્યાન જ્યારે જ્યારે પ્રવર્તે છે ત્યારે ત્યારે આ જીવને કૃષ્ણ-નીલ અને કાપોત લેશ્યાયુક્ત પરિણામ જરૂર પ્રવર્તે છે. સામાન્યથી આ ત્રણે લેશ્યા અશુભ પરિણામવાળી જ છે તો પણ રૌદ્રધ્યાન જેવા તીવ્ર અશુભ પરિણામવાળી હોતી નથી. અતિશય અશુભ ફળ બતાવે તેવી તીવ્ર સંક્લિષ્ટ પરિણામવાળી આ ત્રણ લેશ્યાઓ આર્તધ્યાનકાળે હોતી નથી, આ લેશ્યાઓ પણ અશુભ જ પરિણામ અને સંક્લિષ્ટતા કરાવે છે તો પણ રૌદ્રધ્યાનકાળે જેવી અને જેટલી અશુભ લેશ્યા પ્રવર્તે છે તેવી અને તેટલી અશુભતા આર્તધ્યાનકાળે પ્રવર્તતી નથી.

કૃષ્ણાદિ અશુભ પુદ્ગલોના નિમિત્તે (કાળા રંગવાળાં, નીલા રંગવાળાં અને કાબરચિતરા રંગવાળાં પુદ્ગલોના નિમિત્તે) આ આત્માના અશુભ પરિણામ ઉત્પન્ન થાય છે જેમ કે સ્ફટિકનો પત્થર અતિશય સ્વચ્છ અને ધોળો છે. તો પણ તેની સામે કાળા-નીલા અને પીળા રંગવાળું વસ્ત્ર ધારણ કરો તો અથવા તેવા રંગવાળાં ફૂલો ધારણ કરો તો અત્યંત નિર્મળ સ્ફટિક પણ કાળો, નીલો અને પીળો દેખાય છે તેની જેમ કૃષ્ણાદિ રંગવાળાં બાહ્ય પુદ્ગલોના નિમિત્તે આ આત્માનો શુભાશુભ જે પરિણામ થાય છે તેમાં **લેશ્યા** શબ્દનો પ્રયોગ થાય છે.

આવા પ્રકારના આ શુભાશુભ જે પરિણામો થાય છે તેને જ લેશ્યા કહેવાય છે. આવા પ્રકારના આ અધ્યવસાયો પૂર્વકાલમાં બાંધેલા નામકર્મના ઉદયને આધીન થઈને આ જીવમાં પ્રવર્તે છે વાસ્તવિકપણે લેશ્યા તે તો નામકર્મના ઉદયજન્ય આત્મ પ્રદેશોના હલન-ચલનરૂપ જ છે. પરંતુ મોહના ઉદયજન્ય આત્માના અધ્યવસાય સ્વરૂપ નથી પરંતુ આ લેશ્યા યોગસ્વરૂપે છે તેથી જ ૧૧-૧૨-૧૩ મા ગુણઠાણે મોહનીય કર્મનો ઉદય ન હોવા છતાં પણ લેશ્યા હોય છે તે માટે નામકર્મના ઉદયજન્ય આત્મપ્રદેશોની જે ચંચળતા તે જ યોગ છે અને તેને જ લેશ્યા કહેવાય છે. તેમાં ૧ થી ૧૦ ગુણસ્થાનકમાં મોહનીય કર્મનો ઉદય ભળવાથી આ લેશ્યા અશુભપણે પ્રવર્તે છે તેથી તેને અશુભલેશ્યા કહેવાય છે. અને જો મોહનીયનો ઉદય ન ભળે અને ક્ષયોપશમ અથવા ક્ષય ભળે તો અશુભલેશ્યા કહેવાતી નથી પરંતુ શુભલેશ્યા કહેવાય છે. અશુભતા અને શુભતા મોહનીયકર્મના ઉદયને અને ક્ષયોપશમને આધીન છે. ॥૧૪॥

अवतरण : आह - कथं पुनरोघत एवाऽऽर्तध्याता ज्ञायत इति ? उच्यते, लिङ्गेभ्यः, तान्येवोपदर्शयन्नाहः —

પ્રશ્ન : "આ આત્મા આર્તધ્યાનવાળો છે. એમ સામાન્યથી પણ કોના આધારે કહેવાય છે ?"

ઉત્તર : કેટલાક લિંગોથી (ચિહ્નોથી) આ જીવ "આર્તધ્યાનવાળો" છે એમ જણાય જ છે તે લિંગો (ચિહ્નો) કયાં કયાં છે ? તે જણાવાય છે.

तस्याऽऽक्रंदण-सोयण-परिदेवण-ताडणाइं लिंगाइं ।
इट्ठाऽनिट्ठविओगाविओगविअणानिमित्ताइं ॥१५॥

ગાથાર્થ : આક્રંદન, શોચન, પરિદેવન અને તાડન આ સર્વે તે આર્તધ્યાનનાં લિંગો જાણવાં આ સર્વે લિંગો (૧) ઈષ્ટ વસ્તુનો વિયોગ, (૨) અનિષ્ટ વસ્તુનો અવિયોગ, એટલે કે સંયોગ તથા (૩) શારીરિક વેદના વિગેરેના નિમિત્તોથી થાય છે. ॥૧૫॥

ટીકા : "तस्य" = आर्तध्यायिनः आक्रन्दनादीनि लिङ्गानि, तत्राक्रन्दनम् = महता शब्देन विरवणम्, शोचनं त्वश्रुपरिपूर्णनयनस्य दैन्यं, परिदेवनं = पुनः पुनः क्लिष्टभाषणं, ताडनम् = उरःशिरः-कुट्टनकेशलुञ्चनादि, एतानि "लिङ्गानि" चिह्नानि, अमूनि च इष्टानिष्टवियोगा-वियोगवेदनानिमित्तानि, तत्रेष्टवियोगनिमित्तानि तथाऽनिष्टावियोगनिमित्तानि तथा वेदनानिमित्तानि चेति गाथार्थः ॥१५॥

વિવેચન : આર્તધ્યાન ધરનારા જીવમાં "આર્તધ્યાન" પ્રવર્તે છે તેને જાણવાનાં લિંગો (ચિહ્નો) જ્ઞાની પુરૂષોએ આક્રંદન વિગેરે ચાર કારણો કહ્યાં છે તે આ પ્રમાણે જાણવાં.

(૧) આક્રંદન, (૨) શોચન, (૩) પરિદેવન અને (૪) તાડન વિગેરે આર્તધ્યાનનાં ચિહ્નો જાણવાં. તે ચારે ચિહ્નોના અર્થો આ પ્રમાણે છે :-

(૧) આક્રંદન : મોટા અવાજે રડવું, છાતીફાટ રડવું, છાતીકૂટવી, પગ પછાડવા, ભૂમિ ઉપર રડતાં રડતાં આળોટવું વિગેરે આર્તધ્યાનનાં લિંગો છે. જ્યારે જ્યારે મનગમતી ઈષ્ટ વસ્તુનો વિયોગ થાય ત્યારે અથવા અણગમતી વસ્તુનું મીલન થાય ત્યારે અથવા શરીરમાં શારીરિક રોગો ફેલાય ત્યારે આ જીવમાં જે કલ્પનાતીત રૂદન થતું દેખાય છે ઘરે ઘરે આવું દુર્ધ્યાન થતું જે દેખાય છે તે આર્તધ્યાનનું આક્રંદન નામનું પ્રથમલિંગ છે.

મનગમતી વસ્તુઓનો જ્યારે જ્યારે વિયોગ થાય છે ત્યારે ત્યારે, તથા અણગમતી વસ્તુઓનો જ્યારે જ્યારે અવિયોગ (સંયોગ) થાય છે ત્યારે ત્યારે તથા શારીરિક વેદનાઓ તીવ્ર પ્રમાણમાં જ્યારે જ્યારે થાય છે ત્યારે ત્યારે આ આર્તધ્યાન વિશેષ વિશેષ પ્રમાણમાં પ્રવર્તે છે. આક્રંદન એટલે છાતીફાટ રડવું, છાતીકુટવી, માથું પછાડવું, મનમાં ઘણું જ લાગી આવવું ઈત્યાદિ સઘળુંય આ આર્તધ્યાન છે આક્રંદન શબ્દનો અર્થ મોટા અવાજ સાથે રડવું, વિલાપ કરવો આવો અર્થ કરવો.

(૨) **શોચન :** આંસુઓથી ભરેલી આંખોવાળા જીવની દીનતા ભરેલી વાણી, (ગરીબાઈ સૂચવતી વાણી), દુઃખપૂર્વકના બચાવ માટેની અથવા રાહત માટેની આજીજી કરતી જે વાણી છે. તે શોચન.

(૩) **પરિદેવન :** વારંવાર ક્લિષ્ટ ભાષણ કરવું, હલકા હલકા શબ્દો બોલવા, કોઈને ઉતારી પાડવા, હાર્દિક પીડા, મનમાં લાગી આવવું તે સઘળું ય પરિદેવન કહેવાય છે.

(૪) **તાડન :** મારવું, મારામારી કરવી, એક-બીજાનો પરાભવ કરવો, છાતીકુટવી, માથુ પછાડવું, બીજાના માથાના વાળ ખેંચવા ઈત્યાદિ તાડન કહેવાય છે.

આ ચારે પ્રકારના આર્તધ્યાનનાં લિંગો છે. ચિહ્નો છે. (૧) ઈષ્ટ વસ્તુઓના વિયોગ સ્વરૂપ, (૨) અનિષ્ટ વસ્તુઓના અવિયોગ (સંયોગ) સ્વરૂપ, (૩) શારીરિક વેદના સ્વરૂપ અને (૪) નિયાણુ કરવા સ્વરૂપ આ સઘળી બીના આર્તધ્યાન કહેવાય છે. તે આર્તધ્યાનનાં ઉપરોક્ત ચાર ચિહ્નો છે. ॥૧૫॥

અવતરણ : किं चान्यत्: – તથા વળી આર્તધ્યાન એટલે શું ? તે આર્તધ્યાન સંબંધી બીજો વિષય પણ સમજાવે છે :

निंदइ य नियकयाइं, पसंसइ सविम्हओ विभूईओ ।
पत्थेइ तासु रज्जइ, तयज्जणपरायणो होइ ॥१६॥

ગાથાર્થ : પોતાનાં જ કરેલાં વેપાર આદિ કાર્યો. અલ્પફળવાળાં થવાથી તેની નિંદા કરે, તથા આશ્ચર્ય પામેલો એવો આ જીવ અન્યની વિભૂતિને જોઈને તેની ઘણી જ પ્રશંસા કરે, અને તેવા પ્રકારની પરવિભૂતિના જેવી સંપત્તિની તીવ્ર ઈચ્છા કરે તથા તેવી સંપત્તિને જ મેળવવામાં લયલીન થાય આ સઘળું ય આર્તધ્યાન છે. ॥૧૬॥

ટીકા : "निन्दति च" कुत्सति च "निजकृतानि" आत्मकृतानि अल्पफलविफलानि कर्म-शिल्प-कला-वाणिज्यादीन्येतद्गम्यते, तथा "प्रशंसति" स्तौति बहुमन्यते "सविस्मयः" साश्चर्यः, "विभूतिः" परसम्पद इत्यर्थः, तथा "प्रार्थयते" अभिलषति परविभूतीरिति, "तासु रज्यते" तास्विति प्राप्तासु विभूतिषु रागं गच्छति, तथा "तदर्जनपरायणो भवति" तासां विभूतीनामर्जने-उपादाने परायण-उद्युक्तः तदर्जनपरायण इति, ततश्चैवम्भूतो भवति, असावप्यार्तध्यायीति गाथार्थः ॥१६॥

વિવેચન : આર્તધ્યાનનું સ્વરૂપ સમજાવતા એવા ગ્રંથકારશ્રી જણાવે છે કે : પોતાની કમાયેલી મુડી અથવા બાપદાદાથી પ્રાપ્ત થયેલી ધનસંપત્તિ અતિશય અલ્પ હોવાથી અલ્પફળને આપનારી હોય. ત્યારે ભોગ-ઉપભોગનાં સાધનો વસાવી શકે તેમ નથી તેથી

તે અલ્પસંપત્તિની અર્થાત્ પોતાની નિર્ધનતાની નિંદા કરે, "મારી પાસે કંઈ જ નથી." "કંઈ જ નથી" એમ જ બોલ્યા કરે, રડ્યા જ કરે, વિલાપ જ કર્યા કરે.

તથા પરની સંપત્તિને જોઈને એકદમ આશ્ચર્યચકિત થઈ જાય, અને પરસંપત્તિને નિરખ્યા જ કરે, નિરખ્યા જ કરે, હૃદયમાં બળ્યા જ કરે, ઈર્ષ્યાથી દુઃખી દુઃખી થઈને જ રહે, મનમાં બબડ્યા જ કરે, તેની પાસે ઘણી જ સંપત્તિ છે એમ મનમાં દાઝ્યા જ કરે. તેમની પાસેની સંપત્તિમાંથી મને કંઈક મળી જાય તો ઘણું સારું. એમ કોઈ પણ બહાના નીચે પરસંપત્તિને પડાવી લેવાની જ ભાવનામાં રમ્યા કરે.

તથા કાવા-દાવા કરવાથી અથવા બોલવા ચાલવાની માયા કપટ કરવાથી તે અન્યની સંપત્તિ થોડી ઘણી પણ જો મળી જાય અથવા અન્યાયથી પણ પ્રાપ્ત થઈ જાય તો ઘણો રાજી રાજી થઈ જાય તથા અન્યની સંપત્તિ કોઈ કાવા-દાવાથી પણ થોડી ઘણી મળી શકે તો તેવા કાવા દાવા કરવામાં રચ્યો પચ્યો રહે તેના જ વિવિધ ઉપાયોના વિચારોમાં ડુબેલો રહે, ભિન્ન ભિન્ન ઉપાયો અજમાવે, અને તેવા ઉપાયોમાં જો સફળતા મળી જાય તો ઘણો જ ઘણો આનંદિત થઈ જાય. આવા વિચારોવાળું જે ધ્યાન તે સઘળું ય પણ આર્તધ્યાન કહેવાય છે. આવા ધ્યાનવાળો આ જીવ આર્તધ્યાની કહેવાય છે. આ પ્રમાણે ગાથાર્થ જાણવો. ॥૧૬॥

અવતરણ : किं च = તથા વળી

सद्दाइविसयगिद्धो, सद्धम्मपरम्मुहो पमायपरो ।
जिणमयमणवेक्खंतो, वट्टइ अट्टंमि झाणंमि ॥ १७ ॥

ગાથાર્થ- શબ્દાદિ પાંચ વિષયમાં આસક્ત, તથા સત્યધર્મથી દૂર જ રહેનારો જીવ, વળી પ્રમાદમાં જ તત્પર, તથા જિનેશ્વરપ્રભુના મતની અપેક્ષા વિનાનો જીવ વધારે વધારે આર્તધ્યાનમાં વર્તે છે. ॥૧૭॥

ટીકા : शब्दादयश्च ते विषयाश्च तेषु गृद्धो मूर्छितः कांक्षावानित्यर्थः, तथा सद्धर्मपराङ्मुखः, प्रमादपरः, तत्र दुर्गतौ प्रपतन्तमात्मानं धारयतीति धर्मः, सँश्चासौ धर्मश्च सद्धर्मः-क्ष्यान्त्यादिकश्चरणधर्मो गृह्यते, ततः पराङ्मुखः, "प्रमादपरः" मद्यादिप्रमादाऽऽसक्तः, जिनमतमनपेक्षमाणो वर्तते आर्तध्याने "इति तत्र जिनाः-तीर्थङ्करास्तेषां मतम्-आगमरूपं प्रवचनमित्यर्थः, तदनपेक्षमाणः-तन्निरपेक्ष इत्यर्थः, किम् ? - वर्तते आर्तध्याने इति गाथार्थः ॥१७॥

વિવેચન : તથા વળી આર્તધ્યાનમાં વર્તનારો જીવ કેવો હોય છે ? તે વિષય વધારે સ્પષ્ટતાથી સમજાવે છે. પાંચ ઈન્દ્રિયોના શબ્દાદિ જે પાંચ વિષયો છે. તેમાં અત્યન્ત

આસક્ત, તેમાં મોહાન્ધ બનેલો, એટલે કે તે વિષયોની તીવ્ર ઈચ્છાવાળો તીવ્ર ઝંખનાવાળો જીવ આર્તધ્યાનમાં વર્તે છે.

તથા સત્યધર્મથી (યથાર્થધર્મથી) સર્વથા પરાઙ્મુખ સત્યધર્મથી દૂર જ વર્તનારો જીવ તથા પ્રમાદમાં જ આસક્ત, મદિરાપાન, જુગાર તથા વ્યભિચાર આદિ વ્યસનોમાં આસક્ત જીવ આર્તધ્યાનમાં વર્તે છે.

ત્યાં દુર્ગતિમાં પડતા જીવને જે ધારણ કરે તે ધર્મ કહેવાય છે. સત્ય એવો જે ધર્મ એટલે કે યથાર્થ એવો જે ધર્મ તે સદ્ધર્મ કહેવાય છે. ક્ષમા-નમ્રતા-સરળતા-સંતોષ વિગેરે દશ પ્રકારનો ચારિત્રધર્મ અહીં સમજવો. તેવા પ્રકારનો ચારિત્રધર્મ અહીં સમજવો. તેવા પ્રકારના ચારિત્રધર્મથી (સદાચારી જીવનથી) જે સર્વથા પરાઙ્મુખ હોય, અર્થાત્ સદાચારી જીવનથી રહિત હોય.

તથા પ્રમાદમાં ઓતપ્રોત હોય, મદિરાપાન પરસ્ત્રીસેવન આદિ પ્રમાદવાળા જીવનથી ભરપુર ભરેલો જે જીવ હોય, તે આર્તધ્યાનવાળો જાણવો.

તથા જિનેશ્વરપ્રભુના એટલે કે વીતરાગ પરમાત્માના શાસનની અપેક્ષા વિનાનો જે જીવ હોય તે જીવ આર્તધ્યાનમાં વર્તે છે. ત્યાં જિનેશ્વર પ્રભુ એટલે કે તીર્થંકર પરમાત્મા, તેઓનો જે મત, તેઓએ પ્રરૂપેલું જે આગમવચન અર્થાત્ પ્રવચન, તેની અપેક્ષા વિનાનો જીવ અર્થાત્ આગમવચનની અપેક્ષા ન રાખનારો, મનફાવે તેમ વર્તનારો જીવ આર્તધ્યાનમાં વર્તે છે. આ પ્રમાણે આ ગાથાનો અર્થ જાણવો. ॥૧૭॥

अवतरण : साम्प्तमिदमार्तध्यानं सम्भवमधिकृत्य यदनुगतं यदनर्हं वर्तते, तदेतदभिधित्सुराहः –

હવે આ આર્તધ્યાન સંભવને આશ્રયી જે જીવોમાં હોઈ શકે છે તે તથા જે જીવોમાં ન હોઈ શકે તે વાત કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે :

तदविरय-देसविरय-पमायपरसंजयाणुगं झाणं ।
सव्वप्पमायमूलं वज्जेयव्वं जइजणेणं ॥१८॥

ગાથાર્થ : તે આ આર્તધ્યાન, અવિરત, દેશવિરત તથા પ્રમાદને પરવેશ એવા સંયમી મુનિઓને અનુસરનારૂ ધ્યાન છે આ ધ્યાન સર્વ પ્રકારની પ્રમાદવાળી અવસ્થાનું મૂલકારણ છે. સાધુ મહાત્માઓએ પ્રયત્નપૂર્વક આ ધ્યાનનો વિશેષે ત્યાગ કરવો જોઈએ. ॥૧૮॥

ટીકા : "तद्" = आर्त्तध्यानमिति योगः, "अविरत-देशविरत-प्रमादपर-संयतानुगम्" तत्राविरताः - मिथ्यादृष्टयः सम्यग्दृष्टयश्च, देशविरताः = एकद्वयाद्यणुव्रतधरभेदाः श्रावकाः, प्रमादपराः

= प्रमादनिष्ठाश्च ते संयताश्च प्रमादपरसंयताः, ताननुगच्छतीति विग्रहः, नैवाप्रमत्तसंयतानिति भावः । इदं च स्वरूपतः सर्वप्रमादमूलं वर्तते, यतश्चैवमतो "वर्जयितव्यं" = परित्यजनीयं, केन ? "यतिजनेन" = साधुलोकेन, उपलक्षणत्वात् श्रावकजनेन । परित्यागार्हत्वादेवास्येति गाथार्थः ॥१८॥

विवेचन : तद् એટલે તે આર્તધ્યાન, અવિરતિ-દેશવિરતિધર તથા પ્રમાદમાં તત્પર એવા સંયત (સાધુ-સાધ્વીજી ભગવંતો) માં હોય છે. ત્યાં અવિરત શબ્દથી મિથ્યાદષ્ટિ અને અવિરતસમ્યગ્દષ્ટિ જીવો લેવા તથા દેશવિરતિધર શબ્દથી એક-બે અણુવ્રતથી પ્રારંભીને બાર વ્રતધારી શ્રાવક અને શ્રાવિકા સમજવાં તથા પ્રમાદપરાઃ આ શબ્દથી પ્રમાદમાં તત્પર એવાં બીજાં સાધુ-સાધ્વીજી ભગવંતો લેવાં. આ પ્રમાણે ૧ થી ૬ ગુણસ્થાનકવાળા જીવોને આ આર્તધ્યાન હોય છે. પરંતુ અપ્રમત્તમુનિઓને હોતું નથી જ, આ આર્તધ્યાન સર્વ પ્રકારની પ્રમાદવાળી અવસ્થાનું મૂળ છે. જે કારણથી આ પ્રમાદ છે. તે કારણથી ત્યજવા લાયક છે. કોણે ત્યજવું જોઈએ ? **ઉત્તર :** સાધુ-સાધ્વીજી ભગવંતોએ આ ધ્યાન ત્યજવું જ જોઈએ. ઉપલક્ષણથી શ્રાવકે પણ ત્યજવું જોઈએ.

કેન ? કયા આત્મા વડે આ આર્તધ્યાન ત્યજવા લાયક છે ? આવો કોઈ જો પ્રશ્ન કરે તો ગ્રંથકારશ્રી કહે છે કે जइजणेणं = યતિજન એટલે સાધુ-સાધ્વીજી ભગવંતોએ તથા ઉપલક્ષણથી શ્રાવક-શ્રાવિકા વર્ગે પણ આ આર્તધ્યાન ત્યજવા લાયક છે કારણ કે તિર્યંચગતિનું કારણ હોવાથી અનંત સંસારમાં રખડાવનાર છે તે માટે परित्यागार्हत्वादेवास्य = આ આર્તધ્યાન ત્યજવાને જ યોગ્ય છે.

જો કે ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ કાલે લગભગ આ ધ્યાન ચાલુ જ હોય છે. તો પણ જૈનશાસન પામેલા મહાત્માઓએ ધર્મપુરૂષાર્થના બળે આ આર્તધ્યાન ત્યજવાલાયક છે. આર્તધ્યાન ઉપર જેટલા અંશે કંટ્રોલ આવશે તેટલા અંશે આત્મકલ્યાણ થયું જ છે એમ જાણવું. ॥૧૮॥

આર્તધ્યાન સમાપ્ત

अवतरण : उक्तमार्तध्यानं, साम्प्रतं रौद्रध्यानावसरः, तदपि चतुर्विधमेव, तद्यथा (१) हिंसानुबन्धि, (२) मृषानुबन्धि, (३) स्तेयानुबन्धि, (४) विषयसंरक्षणानुबन्धि च, उक्तं चोमास्वातिवाचकेन = "हिंसाऽनृत् स्तेयविषयसंरक्षणेभ्यो रौद्रम्" इत्यादि (तत्त्वार्थसूत्र अ.९, सूत्र-३६) तत्राद्यभेदप्रतिपादनायाहः –

આર્તધ્યાન સમજાવ્યું, હવે રૌદ્રધ્યાન સમજાવવાનો અવસર છે તે રૌદ્રધ્યાન પણ ચાર પ્રકારનું છે. (૧) હિંસાનુબંધિ (૨) મૃષાનુબંધિ, (૩) સ્તેયાનુબંધિ, (૪) વિષયસંરક્ષણાનુબંધિ. એમ કુલ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન છે તેના અર્થો આગળ ગાથા નંબર ૧૯ થી ૨૭ માં કહેવાશે. પૂજ્ય ઉપાધ્યાયશ્રી ઉમાસ્વાતિજી વાચકવર વડે તત્ત્વાર્થસૂત્રમાં જ કહેવાયું છે કે "હિંસા અનૃત-સ્તેય અને વિષયસંરક્ષણ એવા પ્રકારના ચાર ભેદો વડે રૌદ્રધ્યાન પણ ચાર ભેદવાળું છે" ત્યાં હવે પ્રથમ ભેદ સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે –

सत्तवह-वेह-बंधण-डहणंकण-मारणाइपणिहाणं ।
अइकोहग्गहघत्थं निग्घिणमणसोऽहमविवागं ॥१९॥

ગાથાર્થ : (૧) પ્રાણીઓનો વધ કરવો, (૨) વેધ કરવો (હાથે-પગે-નાકે વિંધવું તથા વિંધાવવું છિદ્ર પાડવાં), (૩) દોરડા આદિથી બાંધવાં, (૪) હાથે-પગે-કાને નિશાનીઓ કરવી, (૫) મારવાં. અધમુઆં કરવાં અથવા માર મારવો ઈત્યાદિ સ્વરૂપે નિર્દય મનવાળા જીવની અધમવિપાકવાળી અતિશય ક્રોધથી ગ્રસ્ત જે વિચારણા તે રૌદ્રધ્યાન કહેવાય છે. ॥૧૯॥

टीका : "सत्त्वाः" = एकेन्द्रियादयः, तेषां वध-वेध-बन्धन दहनाऽङ्कन-मारणादिप्रणिधानं, तत्र "वधः" = ताडनं करकशलतादिभिः, "वेधस्तु" नासिकादिवेधनं कीलिकादिभिः, "बन्धनं" = संयमनं रज्जुनिगडादिभिः, दहनं प्रतीतमुल्मुकादिभिः "अङ्कनं" = लाञ्छनं श्वशृगालचरणादिभिः, "मारणं" = प्राण वियोजनमसिशक्तिकुन्तादिभिः, आदिशब्दादागाढपरितापनपाटनादिपरिग्रहः एतेषु प्रणिधानम् = अकुर्वतोऽपि करणं प्रति दृढाध्यवसानमित्यर्थः, प्रकरणाद् रौद्रध्यानमिति गम्यते ।

किंविशिष्टं प्रणिधानम् ? "अतिक्रोधग्रहग्रस्तम्" अतीवोत्कटो यः क्रोधः = रोषः स एवापायहेतुत्वाद् ग्रह इव ग्रहः, तेन ग्रस्तम् = अभिभूतं, क्रोधग्रहणाच्च मानादयो गृह्यन्ते, किं विशिष्टस्य सत इदमित्यत आह – "निर्घृणमनसः" = निर्घृणं = निर्गतदयं मनः = चित्तमन्तःकरणं यस्य स निर्घृणमनास्तस्य, तदेव विशिष्यते = "अधमविपाकम्" = इति अधमः = जघन्यो नरकादिप्राप्तिलक्षणो विपाकः = परिणामो यस्य तत्तथाविधमिति गाथार्थः ॥१९॥

विवेचन : હવે રૌદ્રધ્યાનના ચાર ભેદોના અર્થો સમજાવાય છે ત્યાં સૌથી પ્રથમ હિંસાનુબંધી રૌદ્રધ્યાન એ નામનો જે પ્રથમભેદ છે. તેનો અર્થ આ ગાથામાં સમજાવાય છે.

सत्त्वाः = એટલે એકેન્દ્રિયાદિ[1] જે જીવો છે તેઓનો વધ કરવો, વેધ કરવો,બંધન-દહન, અંકણ અને મારણ આદિ કરવાં તે આર્તધ્યાનનો પ્રથમ ભેદ જાણવો. ત્યાં

વધ એટલે કઠણ અને જાડી લાકડી આદિ સાધનો વડે પ્રહાર કરવા, મારવા, ક્રૂરતાપૂર્વક લાકડી તલવાર છરી આદિ સાધનોથી પ્રહાર કરવા.

વેધ = પશુ અને પક્ષીઓનાં તથા મનુષ્યોનાં નાક-કાન વિંધવા, અંગોમાં કાણાં પાડવાં, કોઈ પણ અંગોનો છેદ કરવો.

बन्धन = પશુઓને દોરડાથી અથવા સાંકળથી બાંધવાં, ખીલે બાંધવાં અથવા પગમાં બેડી નાખીને બાંધવાં. પક્ષીઓને પાંજરામાં પુરવાં, ઉંદર આદિને પકડવા માટેનાં નાનાં પાંજરાં રાખવાં અને તેમાં ખાવાનું નાખીને.તેને લલચાવીને પુરવાં. ઈત્યાદિ રીતે પશુ-પક્ષીઓને બંધનમાં નાખવાં.

दहनः = હાથ અથવા પગમાં ડામ દેવા, શરીરના અંગોમાં અથવા વાળમાં સળગતા લાકડા આદિ વડે ડામ દેવા, અંગો બાળવાં.

अङ्कण : કૂતરાં, શીયાળ, ગાય, ભેંસ વિગેરે પ્રાણીઓને ઓળખવા માટે તેઓના હાથે અથવા પગે નિશાનીઓ ચિતરવી, કોઈપણ પ્રકારનાં લાંછન કરવાં, ડાઘ પાડવા.

मारण : છરી, ભાલાં, તલવાર આદિ હિંસક એવાં શસ્ત્રો વડે પ્રાણનો વિયોગ કરાવવો, પ્રાણીઓને મારી નાખવાં, ક્રૂર હિંસા કરવી તે મારણ નામનું રૌદ્રધ્યાન.

આદિ શબ્દથી અતિશય સંતાપ આપવો, અતિશય પીડા કરવી, ચીરવું, ફાડવું, અંગચ્છેદ કરવો. આવા પ્રકારની બીજા જીવોને પીડા કરનારી ક્રિયા કરવી તે પણ સઘળુંય રૌદ્રધ્યાન કહેવાય છે. ઉપરોક્ત હિંસા આદિની ક્રિયાઓ કરાવવી તે પણ રૌદ્રધ્યાન કહેવાય છે. અને તેવી ક્રિયાઓ કરવાનું પ્રણિધાન (મનમાં વિચાર માત્ર) કરીએ અને હિંસાની ક્રિયા ભલે કદાચ ન કરીએ તો પણ હિંસા કરવાના, પ્રાણીઓને મારવાના, પ્રાણીઓને સંતાપ, દુઃખ અને પીડા આપવાના વિચારવિશેષ કરીએ તે પણ રૌદ્રધ્યાન છે. મૂલ ગાથામાં "રૌદ્રધ્યાન" શબ્દ લખ્યો નથી તો પણ પ્રકરણ તેનું જ ચાલે છે તેથી તે રૌદ્રધ્યાન જ કહેવાય છે. આમ જાણવું.

તથા વળી આ રૌદ્રધ્યાન કેવા પ્રકારનું છે ? તે જણાવે છે કે "अतिक्रोधग्रहग्रस्तम्"

---

૧. અહીં ટીકામાં એકેન્દ્રિયાદિ કહ્યા છે. તે सत्त्व શબ્દનો અર્થ જણાવવા માટે કહ્યું છે, પરંતુ પ્રધાનતાએ બેઈન્દ્રિયાદિ જીવો લેવા અને તેમાં પણ વિશેષે કરીને પંચેન્દ્રિયાદિ જીવો લેવા. કારણ કે તાડન-અંકણ અને વેધ તથા બંધનાદિ પ્રક્રિયા તેઓમાં જ વિશેષે કરીને સંભવે છે તે માટે.

અતિશય ક્રોધ (મારવાના આવેશ)રૂપી ભૂતથી ગ્રસ્ત ચિત્ત આવા જીવોનું હોય છે. જેમ અમુક પ્રકારના ગ્રહો પીડાકારી હોય છે. તેવી જ રીતે આ ક્રોધ પણ અતિશય પીડાકારી હોવાથી જાણે ગ્રહ (આકાશમાં ફરતા પ્રતિકુલ ગ્રહ જ) હોય, તેનાથી પરાભવ પામતું જે ધ્યાન તે રૌદ્રધ્યાન કહેવાય છે.

અહીં ક્રોધ શબ્દ લખ્યો છે તેના ઉપલક્ષણથી માન-માયા અને લોભ પણ સમજી લેવા. અભિમાન કરવા દ્વારા કે માયા-કપટ-જૂઠ કરવા દ્વારા અથવા ઘણી જ આસક્તિ કે મમતાના કારણે પણ કોઈ જીવને મારવા-હણવાનું કે દુઃખ આપવાનું કામકાજ કર્યું હોય તે સઘળું ય રૌદ્રધ્યાન જ કહેવાય છે.

પ્રશ્ન : કેવા જીવને આ રૌદ્રધ્યાન સંભવી શકે છે ?

ઉત્તર : निर्घृणमनसः = નિર્દય મનવાળા જીવને આ રૌદ્રધ્યાન હોય છે. "ચાલી ગઈ છે દયા જેના ચિત્તમાંથી એવા પ્રકારનું દયા વિનાનું છે ચિત્ત જેનું તે જીવ નિર્દય ચિત્તવાળો કહેવાય છે એટલે કે નિર્દય મનવાળો કહેવાય છે. આવા પ્રકારના હલકા પરિણામવાળા તથા હિંસાના જ વિચારવાળા નિર્દય પરિણામ છે જેઓના તે જીવોની જે ચિત્તપરિણતિ તે સઘળું ય રૌદ્રધ્યાન જાણવું."

પ્રશ્ન : રૌદ્રધ્યાનવાળા જીવને રૌદ્રધ્યાનનું ફળ શું પ્રાપ્ત થાય ?

ઉત્તર : "अधमविपाकम्" અતિશય અધમ એટલે કે અતિશય દુઃખદાયી એવી નરક અથવા નિગોદના ભવની પ્રાપ્તિ થવી તે તેનું ફળ છે આવા પ્રકારના આ રૌદ્રધ્યાનવાળો આ જીવ નરક અને નિગોદના ભવોમાં પારાવાર દુઃખ અને વેદના પ્રાપ્ત કરે છે જે દુઃખ = વેદના શબ્દોથી અવાચ્ય છે આ રૌદ્રધ્યાનનો પ્રથમ ભેદ સમજાવ્યો. તેનું નામ "हिंसानुबन्धि रौद्रध्यान" હિંસાનુબન્ધિ રૌદ્રધ્યાન કહેવાય છે. ॥૧૯॥

અવતરણ : "हिंसानुबन्धि" આ નામનો રૌદ્રધ્યાનનો પ્રથમ ભેદ સમજાવ્યો. હવે "मृषानुबन्धि" આ નામનો રૌદ્રધ્યાનનો બીજો ભેદ ગ્રંથકારશ્રી સમજાવે છે :-

पिसुणासब्भासब्भूयभूयघायाइवयणपणिहाणं ।
मायाविणोऽइसंधाणपरस्स पच्छन्नपावस्स ॥२०॥

ગાથાર્થ : (૧) પિશુનતા (ચાડી ખાવી), (૨) અસભ્ય વચનો બોલવાં, (૩) અસદ્‌ભૂત અર્થાત્ ખોટા આરોપ મુકવા અને (૪) પ્રાણીઓને પીડા થાય. મન દુઃભાય તેવાં કડવાં અથવા વ્યંગ વચનો બોલવાં આ ચાર પ્રકારનું મૃષાનુબંધી રૌદ્રધ્યાન છે. આ ધ્યાન માયાવી એટલે કે કપટી જીવોમાં જે બીજાને છેતરે છે તેવા જીવોમાં હોય છે. ॥૨૦॥

ટીકા : "पिशुनासभ्यासद्भूत-भूतघातादिवचनप्रणिधानम्" इत्यत्रानिष्टस्य सूचकं पिशूनं "पिशूनमनिष्टसूचकं" "पिशूनं सूचकं विदुः" इति वचनात्, सभायां साधु सभ्यं, न सभ्यमसभ्यं-जकारमकारादि, न सद्भूतमसद्भूतमनृतमित्यर्थः । तच्च व्यवहारनयदर्शनेनोपाधिभेदतस्त्रिधा ।

तद्यथा :- अभूतोद्भावनं, भूतनिह्नवोऽर्थान्तराभिधानं चेति । तत्राभूतोद्भावनं = यथा सर्वगतोऽयमात्मेत्यादि । भूतनिह्नवस्तु नास्त्येवात्मेत्यादि, गामश्वमित्यादि ब्रुवतोऽर्थान्तराभिधानमिति, भूतानां = सत्त्वानामुपघातो यस्मिन् तद्भूतोपघातम्, छिन्द्धि भिन्द्धि व्यापादय इत्यादि, आदिशब्दः प्रतिभेदं स्वगतानेकभेदप्रदर्शनार्थः, यथा पिशुनमनेकधाऽनिष्टसूचकमित्यादि, तत्र पिशुनादिवचनेष्व-प्रवर्तमानस्यापि प्रवृत्तिं प्रति प्रणिधानं-दृढाध्यवसानलक्षणं, रौद्रध्यानमिति प्रकरणाद् गम्यते, किंविशिष्टस्य सत इत्यत आह –

माया = निकृतिः, साऽस्यास्तीति मायावी, तस्य मायाविनो वणिजादेः । तथा "अतिसन्धानपरस्य" परवञ्चनाप्रवृत्तस्य । अनेनाशेषेष्वपि प्रवृत्तिमप्याह = तथा "प्रच्छन्नपापस्य" कूटप्रयोगकारिणस्तस्यैव, अथवा धिग्जातिककुतीर्थिकादेरसद्भूतगुणं गुणवन्तमात्मानं ख्यापयतः, तथाहि – गुणरहितमप्यात्मानं यो गुणवन्तं ख्यापयति न तस्मादपरः प्रच्छन्नपापोऽस्तीति गाथार्थः ॥२०॥

વિવેચન : હિંસાનુબંધી નામના રૌદ્રધ્યાનના પ્રથમ ભેદને ચાર પ્રકારે સમજાવીને હવે "મૃષાનુબંધી" નામના રૌદ્રધ્યાનના બીજા ભેદને ચાર પ્રકારે સમજાવે છે આ મૃષાનુબંધી રૌદ્રધ્યાન પણ ચાર ભેદવાળું છે. (૧) પિશુનતા આખ્યાન, (૨) અસભ્યાખ્યાન, (૩) અસદ્ભુતાખ્યાન અને (૪) ભૂતઘાતકારકાખ્યાન આ પ્રમાણે મૃષાનુબંધી રૌદ્રધ્યાનના પણ ચાર ભેદ છે. હવે એક એક ભેદના અર્થ સમજાવે છે.

(૧) પિશુનતાઆખ્યાન : પિશુનતા એટલે ચાડી ખાવી, ખોટા ખોટા દોષોનું આરોપણ કરવું, પિશુન શબ્દનો વાચ્ય અર્થ એવો થાય છે કે અણગમતા ભાવના સૂચક વચનોચ્ચાર કરવા, એક વ્યક્તિની ગુપ્ત વાત જાણી હોય તો તે વાત બીજાને કહેવી, કોઈ વ્યક્તિની અયોગ્ય પ્રવૃત્તિ હોય તો તે તેના અધિકારીને કહીને તેને માર મરાવવો ઈત્યાદિ ભાવોવાળું જે ધ્યાન વિશેષ (વિચારવિશેષ) તે પિશુનતાઆખ્યાન નામનો રૌદ્રધ્યાનનો પ્રથમ ભેદ છે.

(૨) ન સભ્યમ્ = અસભ્યમ્ = અસભ્ય એટલે અનુચિત અર્થાત્ અયોગ્ય ભાષા બોલવી, કઠોર શબ્દો કહેવા, ગાળાગાળી કરવી, મર્મ વેધક વચનો બોલવાં, અનુચિત વચનોચ્ચાર કરવો આ સઘળું ય અસભ્યભાષણ નામનો રૌદ્રધ્યાનનો બીજો ભેદ છે અસત્યભાષા બોલવી, તોછડાઈવાળી ભાષા બોલવી, હલકા શબ્દોનો પ્રયોગ કરવો. તે સર્વે પણ અસભ્યભાષણ નામના રૌદ્રધ્યાનના બીજોભેદમાં જાણવું.

(૩) જે સાચું નહીં પણ ખોટું વચન હોય તે અસદ્‌ભૂતવચન કહેવાય, તેવાં અસત્ય વચનો બોલવાં, જુઠાં વચનો બોલવાં, કોઈ પણ વ્યક્તિ વિષે મિથ્યા આક્ષેપ આપવા, હડહડતું જુઠું બોલવું તે સર્વે પણ આ અસદ્‌ભૂત ભાષણ નામનું ત્રીજુ મૃષાનુબંધી રૌદ્રધ્યાન જાણવું. તેના ત્રણ પેટાભેદ છે. (૧) અભૂતોદ્‌ભાવન, (૨) ભૂતનિહ્‌નવ, (૩) અર્થાન્તરાભિધાન. હવે આ ત્રણે પેટાભેદોના અર્થો સમજાવાય છે.

(૧) **अभूतोद्‌भावनः** - જે વસ્તુ જે રીતે ન હોય તે વસ્તુને તે રીતે વર્ણવવી. અર્થાત્ હડહડતું આવા પ્રકારનું જુઠું બોલવું તે મિથ્યા વચન હોવાથી રૌદ્રધ્યાન છે. જેમ કે "આ આત્મા સર્વવ્યાપી છે." અથવા "પાંચ ભૂતોનો બનેલો આત્મા છે." અથવા "આત્મા જેવું કોઈ તત્ત્વ જ નથી." અથવા "આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા" આવા પ્રકારનાં વચનો બોલવાં, અને તેના દ્વારા લોકોને અવળા માર્ગે દોરવા, તે સઘળું ય **અભૂતોદ્‌ભાવન** નામનું રૌદ્રધ્યાન છે.

(૨) **भूतनिह्नव** = ભૂતનિહ્‌નવ નામનો બીજો ભેદ છે તેનો અર્થ આ પ્રમાણે છે જે વસ્તુ જેવી છે તે વસ્તુને તેવી કહેવામાં વાતને છુપાવવી. અથવા યથાર્થ ન કહેવું, તે ભૂતનિહ્‌નવ નામનો બીજો ભેદ છે જેમ કે "આત્મા જેવું કોઈ તત્ત્વ જ નથી." "પરમાત્મા કોઈ થયા જ નથી." "સર્વજ્ઞ કોઈ હોઈ જ ન શકે" આવા પ્રકારનું જે બોલવું તે **ભૂતનિહ્‌નવ** કહેવાય છે.

(૩) **"गामश्वमित्यादि"** જે વસ્તુ જે રીતે ન હોય તે વસ્તુને તે રીતે મનફાવે તેમ અન્યથા અન્યથા વર્ણન કરવી. જેમ કે "ગાયને ઘોડો કહેવો" અને "ઘોડાને ગાય કહેવી" તે **અર્થાન્તરાભિધાન** એ નામનું મૃષાનુબંધી ત્રીજુ રૌદ્રધ્યાન કહેવાય છે. આવા પ્રકારનાં મિથ્યા વચનો બોલવાં, આવા પ્રકારના મિથ્યા વચનો બોલીને લોકોને છેતરવા તે સઘળું ય રૌદ્રધ્યાન જ જાણવું.

રૌદ્રધ્યાનના મૃષાનુબંધી નામના બીજા ભેદના જે ચાર પેટા ભેદ છે (૧) પિશુનતાખ્યાન, (૨) અસભ્યભાષણ, (૩) અસદ્‌ભૂતાખ્યાન, (૪) ભૂતઘાતકારક. આ ચાર ભેદમાંથી ત્રણ ભેદો સમજાવીને હવે ભૂતઘાતકારક નામના ચોથા ભેદને સમજાવે છે.

(૪) **ભૂતોપઘાત** એ નામનો મૃષાનુબંધી રૌદ્રધ્યાનનો ચોથો ભેદ આ પ્રમાણે છે. "भूतानामुपघातो यस्मिन्" પ્રાણીઓનો વધ થાય છે જેમાં તે ભૂતોપઘાત એ નામનો મૃષાનુબંધી રૌદ્રધ્યાનનો ચોથો ભેદ છે. જેમ કે કોઈ સ્વામી પોતાના સેવકને એવો હુકમ કરે કે "छिन्द्धि = भिन्द्धि" તું પેલા જીવનો છેદ કર, તું પેલા જીવને ચિરી નાખ અથવા વ્યાપાદય = તું

પેલા જીવને મારી નાખ. આવા પ્રકારનું જે બોલવું તે **ભૂતઘાત** નામનો મૃષાનુબંધી રૌદ્રધ્યાનનો ચોથો ભેદ જાણવો.

આદિ શબ્દથી આ ચારે ભેદોમાં પોતપોતાના અવાન્તર ભેદ સ્વરૂપે અનેક ભેદો પણ છે. એમ જણાવવા માટે જ આદિ શબ્દનું કથન કરેલ છે જેમ કે પિશુનમ્ = ચાડી ખાવી અથવા મનને અણગમતી બીજી વ્યક્તિની કોઈ પણ ચર્ચાની વડીલને જાણ કરવી ત્યાં આવી જાણ કરવી તે પણ નાની અને મોટી એમ અનેક જાતની હોઈ શકે છે. તથા અણગમતા ભાવ બનતા હોય તેનું સૂચન કરવાની જે વાત છે તે પણ અણગમતી વસ્તુઓ નાની-મોટી અનેકવિધ હોવાથી તેના સંબંધી મૃષાનુવાદ અનેક પ્રકારનું સંભવી શકે છે.

તથા કોઈ જીવ (૧) ચાડી ખાવાની પ્રવૃત્તિમાં તથા (૨) અસભ્ય વચનો બોલવામાં તથા અસભ્ય વર્તન કરવામાં તથા (૩) ખોટાં વચનો બોલવામાં ખોટા વાયદા કરવામાં. (૪) તથા પ્રાણીઓનો વધ કરવામાં ઈત્યાદિ પ્રકારે રૌદ્રધ્યાનની ચારે પ્રકારની પ્રવૃત્તિઓમાંથી કોઈ પણ એકે પ્રવૃત્તિમાં ન પ્રવર્તતા એવા જીવનું પણ તે તે પાપકારી પ્રવૃત્તિઓમાં વર્તવા માટેનો તે તરફનો મજબૂત માનસિક જે પરિણામ છે તે માનસિક પરિણામ પણ રૌદ્રધ્યાન જ છે.

આ ૨૦મી ગાથામાં "રૌદ્રધ્યાન" આવો શબ્દ લખ્યો નથી તો પણ પ્રકરણના વશથી આ સઘળું ય રૌદ્રધ્યાન છે એમ સમજાય જ છે.

किंविशिष्टस्य सतः इति अत आहः - કેવા વિશેષણવાળા જીવને આ રૌદ્રધ્યાન હોય છે ? તે જાણવાની ઈચ્છાવાળા શિષ્યને ગુરુજી જણાવે છે કે "माया" એટલે કપટ, હૈયામાં હોય ભિન્ન અને બહાર બતાવવું ભિન્ન, તે તો સ્પષ્ટ રૌદ્રધ્યાન કહેવાય જ છે. તેવી જ રીતે પરને છેતરવામાં પ્રવર્તેલા જીવને આવા પ્રકારનું મિથ્યાવચન બોલનારાને તથા ખોટાં ખોટાં કોઈના ઉપર કલંકો આપનારાને પણ રૌદ્રધ્યાન જ કહેવાય છે એમ સમજી લેવું.

અથવા ગુપ્ત છે પાપ જેનું, એવા જીવનું માયા-કપટ કરી જુઠ્ઠુ બોલનારા અને જુઠ્ઠુ કરનારા એવા જીવનું જે આવું વર્તન તે સઘળું ય રૌદ્રધ્યાન જ કહેવાય છે. અથવા હલકી જાતિમાં વર્તનારા જીવોમાં અથવા કુતીર્થકોમાં જ્યાં જ્યાં ગુણો ન હોય તેવા તેવા અસદ્‌ભૂત ગુણોવાળા જીવને "આ ગુણવાન્ આત્મા છે" એમ માનવું અને જગતમાં તેવી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવી કરાવવી તે પણ મિથ્યાવચન હોવાથી મૃષાનુબંધી રૌદ્રધ્યાન જ કહેવાય છે તે વાત વધારે સ્પષ્ટતાથી આ પ્રમાણે છે.

"ગુણરહિત એવા પણ આત્માને" "આ ગુણવાન આત્મા છે" આ પ્રમાણે જે કહેવું, અને જગતમાં તેની ઘોષણા કરવી આવુ કામ કરનારો તે આત્મા ઘણો માયાવી છે અર્થાત્ ઘણો જ કપટી છે તેના જેવો બીજો કોઈ આત્મા આવા પ્રચ્છન્ન પાપવાળો નથી આ સઘળુય

રૌદ્રધ્યાન છે આ પ્રમાણે રૌદ્રધ્યાનના મૃષાનુબંધી નામના બીજા ભેદના ચાર ભેદો સમજાવવા પૂર્વક આ ભેદ સમાપ્ત કર્યો. ॥૨૦॥

અવતરણ : उक्तो द्वितीयो भेदः, साम्प्रतं तृतीयमुपदर्शयतिः - રૌદ્રધ્યાનનો મૃષાનુબંધી નામનો બીજો ભેદ સમજાવ્યો. હવે સ્તેયાનુબંધી નામનો ત્રીજો ભેદ સમજાવાય છે.

तह तिव्वकोह-लोहाउलस्स भूओवधायणमणज्जं ।
परदव्वहरणचित्तं, परलोयावायनिरवेक्खं ॥२१॥

ગાથાર્થ : તથા તીવ્ર ક્રોધ અને તીવ્ર લોભથી આકુળ-વ્યાકુળ થયેલા જીવ વડે બીજા જીવને મારવો, પીટવો, અતિશય દુઃખ આપવું, તથા અનાર્ય કાર્ય કરવું, તથા પરની માલિકીવાળા દ્રવ્યનું અપહરણ કરવું તથા પરલોકમાં નરક-નિગોદમાં જવા સ્વરૂપ આપત્તિ આવશે તેની અપેક્ષા બુદ્ધિમાં ન રાખવી તે સઘળું ય રૌદ્રધ્યાન કહેવાય છે. ॥૨૧॥

ટીકા : तथाशब्दो दृढाध्यवसायप्रकारसादृश्योपदर्शनार्थः, "तीव्रौ = उत्कटौ तौ क्रोधलोभौ" च तीव्रक्रोधलोभौ, ताभ्यामाकुलः - अभिभूतस्तस्य, जन्तोरिति गम्यते, किं ? "भूतोपहननमनार्यम्" इति हन्यतेऽनेनेति हननम्, उप = सामीप्येन हननं = उपहननं, भूतानामुपहननं भूतोपहननम्, आराद् यातं सर्वहेयधर्मेभ्य इत्यार्यं, नाऽर्यमनार्यं, किं तदेवंविधमित्यत आह - परद्रव्यहरणचित्तं, "रौद्रध्यानमिति" गम्यते, परेषां द्रव्यं परद्रव्यम् - सचित्तादि तद्विषयं हरणचित्तं परद्रव्यहरणचित्तं, तदेव विशेष्यते - किम्भूतं तदित्यत आह - "परलोकापायनिरपेक्षम्" = इति, तत्र परलोकापायाः - नरकगमनादय- स्तन्निरपेक्षमिति गाथार्थः ॥२१॥

વિવેચન : હવે રૌદ્રધ્યાન નામના બીજા ધ્યાનના ચાર પાયા પૈકી ત્રીજો પાયો સમજાવાય છે. (૧) હિંસાનુબંધી અને (૨) મૃષાનુબંધી એમ બે ભેદ (તથા તેના ચાર ચાર પેટા ભેદ) સમજાવીને હવે **"ચોરી કરવી નહી"** તે સમજાવવા માટે કહે છે કે પરની માલિકીવાળી વસ્તુને તેની રજા અથવા તેની સમ્મતિ લીધા વિના ઉપાડી લેવી તે સ્તેયાનુબંધી નામનું ત્રીજું રૌદ્રધ્યાન છે. આ ત્રીજા પાયાને સમજાવતા એવા ગ્રંથકારશ્રી કહે છે કે "મૂળગાથામાં "तथा" એવો જે શબ્દ છે તે પ્રથમ કહેલા હિંસાનુબંધી અને મૃષાનુબંધી એટલે કે હિંસા કરવાના અને જુઠું બોલવાના જેમ દૃઢ અધ્યવસાય હોય છે. તેવા પ્રકારના અર્થાત્ હિંસાના અને જુઠનાં પાપો કરવા માટે મન જેમ ઘણું મક્કમ હોય છે. તેવી જ રીતે તે બન્ને પાપોની સમાન **ચોરી કરવાના** પણ તેવા જ તીવ્ર આત્મપરિણામ થાય છે તેને પણ રૌદ્રધ્યાન જ કહેવાય છે."

આવા પ્રકારના આ ત્રીજા પાયાને સમજાવવા માટે મૂલગાથામાં तथा શબ્દ લખવામાં આવ્યો છે.

અતિશય તીવ્ર = જુસ્સાદાર અર્થાત્ ઉત્કટ એવા ક્રોધ અને લોભ તે તીવ્ર ક્રોધ અને તીવ્ર લોભ કહેવાય છે તેવા પ્રકારના તે તીવ્ર ક્રોધ અને તીવ્ર લોભને આધીન થયેલો અર્થાત્ પરવશ થયેલો આ જીવ, સારાંશ કે તીવ્ર ક્રોધ અને તીવ્ર લોભથી અભિભૂત (પરાભૂત) થયેલો આ જીવ ભૂતોપહનન (જીવોને મારવાપૂર્વક) અર્થાત્ સામા જીવના પ્રાણ ચાલ્યા જાય તેવું તથા અનાર્ય (સંસ્કારી જીવોમાં ન શોભે તેવું) વર્તન કરવું, એટલે કે પારકાના ધનાદિની ચોરી કરવી. અથવા ચોરી કરવાનું મન કરવું તે "સ્તેયાનુબંધી" નામનું ત્રીજા ભેદવાળું રૌદ્રધ્યાન જાણવું.

પ્રશ્ન : અનાર્ય કોને કહેવાય ! અનાર્ય એટલે શું ?

ઉત્તર : સર્વ પ્રકારના ત્યાજ્ય એવા ભાવો જેમ કે હિંસા જુઠ-ચોરી-પરસ્ત્રીગમન વિગેરે પાપોથી જે દૂર રહે એટલે કે ન કરવાલાયક એવા પાપોથી જે દૂર રહે અર્થાત્ તેવાં પાપો જે ન કરે તેવા સંસ્કારવાળો જે જીવ તે આર્ય કહેવાય છે ન આર્યમ્ = અનાર્યમ્ જે આર્ય ન હોય તે અનાર્ય કહેવાય છે જેમ કે ચોરી કરવી, પરદ્રવ્યનું અપહરણ કરવું, પરસ્ત્રીનો વ્યવહાર કરવો, અયોગ્ય રીતે મારામારી કરવી આ સઘળું ય કાર્ય જે કરે તે અનાર્ય છે.

ત્યાં હિંસા અને જુઠની જેમ પારકાના ધનને તેની સમ્મતિ વિના હાથ લગાવવો. તેનું ધન લઈ લેવું અથવા તે ધન લેવાનું મનમાત્ર પણ કરવું તે સઘળું ય આ **સ્તેયાનુબંધી** રૌદ્રધ્યાન જ છે પરેષાં દ્રવ્યમ્ = પરદ્રવ્યમ્ = બીજા જીવની માલિકીવાળું જે દ્રવ્ય હોય તેની ચોરી કરવી, તેને સંતાડી દેવું, આ સર્વ રૌદ્રધ્યાનનો ત્રીજો પાયો છે.

આ કાર્ય કેવું છે ? તેના વિશેષણરૂપે એક વાત સમજાવે છે કે પરલોકાપાયનિરપેક્ષમ્ = અર્થાત્ "આવા પ્રકારનાં પાપો કરવાથી મારો આ જીવ બીજા ભવમાં નરક અને નિગોદમાં જશે જ્યાં અપાર દુઃખોની ખાણ જ છે ફરીથી આવા પ્રકારની સગવડતા કે ધર્મ કરવાની પ્રાપ્તિ તુરત નહી મળે મારો આત્મા ગબડી પડશે. ઉપર આવવું ઘણું મુશ્કેલ બનશે આવા પ્રકારના ઉત્તમ વિચારોથી નિરપેક્ષ થવું. પાપોમાં જ રચ્યા-પચ્યા રહેવું તે સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન છે."

ચોરી જેવું કામ કરતી વેળાએ આ જીવને આવા ઉમદા ભાવો આવતા નથી. તેથી પરલોકના ભયોથી નિરપેક્ષ એવો જીવ આ ચોરીનું કામ કરે છે માટે જીવનમાં સંપૂર્ણપણે ત્યજવા લાયક એવું આ સ્તેયાનુબન્ધિ નામનું રૌદ્રધ્યાન જાણવું. ॥૨૧॥

અવતરણ : રૌદ્રધ્યાનનો ત્રીજો ભેદ સમજાવ્યો. હવે તે જ રૌદ્રધ્યાનનો ચોથો ભેદ સમજાવતાં ગ્રન્થકારશ્રી કહે છે –

सद्दाइविसयसाहणधणसारक्खणपरायणमणिट्ठं ।
सव्वाभिसंकणपरोवघायकलुसाउलं चित्तं ॥२२॥

ગાથાર્થ : શબ્દ આદિ પાંચ વિષયોના સાધનભૂત એવા ધનનું વધારેમાં વધારે સંરક્ષણ કરવામાં પરાયણ એવું જે ચિત્ત તથા સજ્જન પુરૂષોને ન ઈચ્છવા યોગ્ય અને પરનો ઉપઘાત કરવાના પરિણામો વડે કષાયોથી વ્યાપ્ત એવું જે ચિત્ત તે સંરક્ષણાનુબંધી નામનું ચોથું રૌદ્રધ્યાન છે. ॥૨૨॥

ટીકા : शब्दादयश्च ते विषयाश्च शब्दादिविषयाः, तेषां साधनं - कारणं शब्दादिविषयसाधनं च (तच्च) तद्धनं च शब्दादिविषयसाधनधनं तत्संरक्षणे तत्परिपालने परायणम् = उद्युक्तमिति विग्रहः, तथाऽनिष्टं = सतामनभिलषणीयमित्यर्थः, इदमेव विशेष्यते = सर्वेषामभिशङ्कनेनाकुलमिति सम्बध्यते ।

न विद्मः, कः किं करिष्यतीत्यादिलक्षणेन, तस्मात् सर्वेषां यथाशक्त्योपघात एव श्रेयान्, इत्येवं परोपघातेन च तथा कलुषयन्त्यात्मानमिति कलुषाः = कषायाः, तैराकुलं = व्याप्तं यत् तद् तथोच्यते । चित्तं = अन्तःकरणं, प्रकरणाद् रौद्रध्यानमिति गम्यते । इह च शब्दादिविषयसाधनं धनविशेषणं किल श्रावकस्य चैत्यधनसंरक्षणे न रौद्रध्यानमिति ज्ञापनार्थमिति गाथार्थः ॥२२॥

વિવેચન : શબ્દાદિ (શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ) આ પાંચ વિષયો છે. શ્રોત્ર આદિ પાંચ ઈન્દ્રિયો દ્વારા જાણવા લાયક એવા આ પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો છે. પાંચ ઈન્દ્રિયો દ્વારા આ વિષયો જણાય છે. આ કારણથી જ આ પાંચ વિષયો મેળવવામાં આ જીવ રચ્યો પચ્યો રહે છે. તેમાં પણ જો અનુકૂળ વિષયો મળી જાય તો આ જીવ તેમાં રાજી રાજી થાય છે. ખુશ ખુશાલ બને છે અને જો પ્રતિકૂળ પાંચ વિષયો મળે તો આ જ જીવ ઘણો જ ઉદાસ અને નારાજ બની જાય છે.

આ કારણથી જ અનુકૂળ અને પ્રતિકૂળ એવા આ પાંચ વિષયો મળે ત્યારે આ જ જીવ રાજી અને નારાજી બને છે. તથા અનુકૂળને મેળવવામાં અને પ્રતિકૂળ વિષયોને ત્યજવામાં જ તથા અનુકૂળની પ્રાપ્તિમાં અને પ્રતિકૂળ ભાવોના ત્યાગમાં જ આ જીવ સદા પ્રયત્નશીલ રહે છે. તેથી તેની પ્રાપ્તિ અને અપ્રાપ્તિ દ્વારા રાજી નારાજી થઈને રાગ-દ્વેષ કરવા વડે ઘણાં ઘણાં ચીકણા કર્મો આ જીવ બાંધે છે.

તે કારણથી શબ્દાદિ (શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ) જે પાંચ વિષયો છે તેને મેળવવામાં સાધનભૂત જે ધનસંપત્તિ છે. તેનું જ સતત સંરક્ષણ કરવામાં જ આ જીવ ઓતપ્રોત લયલીન હોય છે. સંસારી જીવોનું ચિત્ત સદા તેમાં જ લીન હોય છે આવા પ્રકારનું

ધનાદિ સંપત્તિનું જ (ધન, સોનુ, રૂપુ, દાગીના, શેરો વિગેરે મિલ્કતનું જ) સંરક્ષણ અને વર્ધન કરવામાં જ ઓતપ્રોત અને લયલીન આ સંસારી જીવો સતત વર્તે છે તે સઘળું ય રૌદ્રધ્યાન કહેવાય છે. આ રૌદ્રધ્યાનનું નામ **"સંરક્ષણાનુબંધી"** રૌદ્રધ્યાન કહેવાય છે.

તથા આવા પ્રકારનું આ રૌદ્રધ્યાન सतामनभिलषणीयमिति ઉત્તમ આત્માઓને જરા પણ ગમનીય નથી. આ જ વાત વધારે ખુલાશાથી ગ્રંથકારશ્રી સમજાવે છે કે "સર્વે પણ અન્ય જીવો વડે શંકાભરી દૃષ્ટિથી જોવાતું હોવાથી આકુળતા-વ્યાકુળતા કરનારું થાય છે એનો ભાવાર્થ એવો છે કે ધનસંપત્તિ વધારે હોવાથી આ જીવ પાંચે ઈન્દ્રિયોના સુખમાં ઘણી જ છુટ-છાટથી વર્તે છે. તેના જ કારણે અન્ય સર્વ લોકોને તેના તરફ શંકાવાળી દૃષ્ટિ થાય છે કે આ જીવ આટલા બધા ભોગસુખમાં મસ્ત રહે છે તો તે ધન આવે છે ક્યાંથી ? કંઈ લાંબો પ્રયત્ન કરતો તો દેખાતો નથી. તેથી આ વિષયમાં સાચુ શું હશે ? તેવી શંકાથી લોકો તેના તરફ દેખે છે. અથવા તક મળે તો તે જીવને લુટી લેવાની પણ બુદ્ધિ કરે છે."

અહીં आकुलम् શબ્દ ૨૧મી ગાથાના પૂર્વાર્ધમાં છે ત્યાંથી અહીં અનુવૃત્તિરૂપે લાવવો અને પૂર્વાપર સંબંધ જોડવો.

તથા કોણ શું કરશે ? કયો જીવ મારી સાથે કેવો વર્તાવ કરશે ? મને અનુકૂળ વર્તશે કે મને પ્રતિકૂળ વર્તશે ? આ કંઈ જ ખબર નથી. તથા આજે જે અનુકૂળ વર્તતો હોય તે જ વ્યક્તિ કંઈક વાંકુ પડે ત્યારે પ્રતિકૂળ પણ વર્તે મારી હત્યા પણ કરે. તે માટે મારે જે તે સર્વને મારી નાખવા જોઈએ જેથી મને ભવિષ્યમાં કોઈ દુઃખ આપનાર રહે જ નહીં. આવા અધમ વિચારો કરીને સર્વનો નાશ કરવાની જ પ્રબળ ઈચ્છામાં આ જીવ વર્તે છે. આવા વિચારોના બળે મનમાં એક પાકો નિર્ણય કરે છે કે સર્વે પણ પરજીવોને મારી નાંખવાથી જ મને કષાયોની શાંતિ થશે ક્યારેય કોઈ વિઘ્ન આવશે નહી. કોઈ પ્રતિકાર કરનાર જ ન હોય તો દુઃખ આવે જ ક્યાંથી ? આ પ્રમાણે વિચારો કરવા દ્વારા સદાકાળ મારવાના અને હિંસાના પરિણામમાં જ આ જીવ જે વર્તે છે તે સઘળુંય संरक्षणानुबन्धि રૌદ્રધ્યાન છે.

कलुषयन्ति आत्मानमिति कलुषाः, આપણા આત્માને જે કલુષિત કરે, મલીન કરે, કષાયવાળો કરે તેને **કલુષ** કહેવાય છે અને આવા પ્રકારના કષાયવાળા ભાવોથી વ્યાપ્ત થઈને જે રહે, તથા તેનાથી જે આકુળ-વ્યાકુળ થાય તેવા જીવને **કલુષિત** કહેવાય છે આવા પ્રકારનો જે જીવ મોહ-માયાના જ પરિણામમાં વર્તે છે આવું કષાયોથી ભરેલું ચિત્ત જે જીવોનું હોય છે તે જીવની જે આ વિચારણા અર્થાત્ ધ્યાન તે સઘળું ય સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન કહેવાય છે.

"રૌદ્રધ્યાન" આવો શબ્દ ભલે ગાથામાં નથી તો પણ તે શબ્દ અધ્યાહરથી લઈ લેવો. કારણ કે હાલ પ્રકરણ તેનું જ ચાલે છે. અહીં એક વાત ખાસ ધ્યાનમાં લેવી કે શ્રાવક અને શ્રાવિકાને દેરાસરના ધનની (દેવદ્રવ્યની સુરક્ષાના) સારા પરિણામ જે હોય છે ત્યાં મોહ અને મમતા ન હોવાથી આ વિષયને રૌદ્રધ્યાનમાં ન ગણવો આ વાત સમજાવવા માટે જ ગાથામાં "શબ્દાદિ વિષયના સાધનભૂત જે ધન" તેનો વિચાર તે રૌદ્રધ્યાન છે આવું વિશેષણ હોવાથી દેવદ્રવ્યની સુરક્ષા તે રૌદ્રધ્યાન કહેવાતું નથી આ પ્રમાણે રૌદ્રધ્યાનના હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી અને સંરક્ષણાનુબંધી એમ ચાર ભેદો સમજાવ્યા. ॥૨૨॥

અવતરણ : સામ્પ્રતં વિશેષેણાભિધાનગર્ભમુપસંહરન્નાહ: – હવે આ બાબતમાં વિશેષ વિધાન સમજાવવા સાથે આ વાતનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે –

इय करणकारणाणुमइविसयमणुचिंतणं चउब्भेअं ।
अविरयदेसासंजयजणमणसंसेवियमहण्णं ॥२३॥

ગાથાર્થ : ઉપર સમજાવ્યા પ્રમાણે અશુભ વિચારો કરવા, અશુભ વિચારો કરાવવા તથા કરતાની અનુમોદના કરવી એવા વિષયનું અનુચિંતન કરવું તે રૌદ્રધ્યાન છે અને તે ચાર પ્રકારવાળું છે તથા અવિરતિ જીવો અને દેશવિરતિધર જીવો વડે મનમાં આવું ધ્યાન કરાય છે અને આ ધ્યાન અકલ્યાણ કરનારું છે. ॥૨૩॥

ટીકા : इय = एवं करणं स्वयमेव, कारणमन्यैः, कृतानुमोदनमनुमतिः, करणं च कारणं चानुमतिश्च करणकारणानुमतयः एता एव विषयः - गोचरो यस्य तत्करणकारणानुमतिविषयं, किमिदमित्यत आह - "अनुचिन्तनं" पर्यालोचनमित्यर्थः, "चतुर्भेदम्" इति हिंसानुबन्ध्यादि चतुष्प्रकारम्, रौद्रध्यानमिति गम्यते, अधुनेदमेव स्वामिद्वारेण निरूपयति–

अविरताः = सम्यग्दृष्टयः, इतरे च देशासंयताः = श्रावकाः, अनेन सर्वसंयतव्यवच्छेदमाह, अविरतदेशासंयता एव जनाः अविरतदेशासंयतजनाः, तेषां मनांसि - चित्तानि तैः संसेवितं, सञ्चिन्तितमित्यर्थः, मनोग्रहणमित्यत्र ध्यानचिन्तायां प्रधानाङ्गख्यापनार्थम्, "अधन्य" - मित्यश्रेयस्करं पापं निन्द्यमिति गाथार्थः ॥२३॥

વિવેચન : ઉપર સમજાવ્યા પ્રમાણે (૧) હિંસાના વિચારો કરવા તે તથા (૨) મૃષાવાદના = જુઠ્ઠુ બોલવાના વિચારો કરવા તે તથા (૩) ચોરી કરવાના વિચારો કરવા તે તથા (૪) ધનના સંરક્ષણના વિચારો અને ધનની મમતાના વિચારો કરવા તે એમ આ ચારે પ્રકારના આવા વિચારો પોતે કરવા, અન્ય પાસે કરાવવા તથા કોઈ વ્યક્તિ તે તે કાર્ય

કરતી હોય ત્યારે તે જોઈને તેની અનુમોદના કરવી. આ જ છે વિષય જેનો એવું કરણ-કરાવણ અને અનુમોદનના વિષયવાળું અનુચિંતન કરવું - પર્યાલોચન કરવું તેના સંબંધી વિચારણા કરવી તે સઘળું ય રૌદ્રધ્યાન છે. તેના મુખ્યત્વે ચાર ભેદ છે (૧) હિંસાનુબંધી, (૨) મૃષાનુબંધી (૩) સ્તેયાનુબન્ધી અને વિષય સંરક્ષણાનુબંધી.

હવે આ રૌદ્રધ્યાન કયા કયા ગુણસ્થાનકે હોઈ શકે છે ? અર્થાત્ મિથ્યાત્વ ગુણસ્થાનકથી પ્રારંભીને કયા ગુણસ્થાનક સુધી હોય છે ? તે વાત ગ્રંથકારશ્રી જણાવે છે કે (૧) **અવિરત જીવો** = એટલે કે ૧ થી ૪ ગુણસ્થાનક સુધીના જીવો તથા દેશાસંજય, એટલે કે દેશથી અવિરતિધર અને દેશથી વિરતિધર એટલે કે પાંચમા ગુણસ્થાનકવાળા જીવો એમ કુલ ૧ થી ૫ ગુણસ્થાનકવાળા જીવોને આવું ક્લિષ્ટ અધ્યવસાયવાળું રૌદ્રધ્યાન હોઈ શકે છે.

અહીં મૂળગાથામાં તથા ટીકામાં દેશાસંજય શબ્દ છે તેથી જે જીવો પાંચમા ગુણસ્થાનકવર્તી છે તે જીવો દેશથી જેમ વિરતિધર એટલે કે સંયમી છે તેમ દેશથી અવિરતિધર અર્થાત્ અસંયમી પણ છે માટે દેશાસંજય શબ્દ બરાબર જ છે તેને સુધારવાનો પ્રયત્ન ન કરવો.

તે ૧ થી ૫ ગુણસ્થાનકવાળા જીવોનું ચિત્ત રૌદ્રધ્યાનવાળું હોઈ શકે છે તેઓ દ્વારા હિંસા-જુઠ-ચોરી વિગેરે પાપોના જે વિચારો કરાય છે તે વિચારોને રૌદ્રધ્યાન કહેવાય છે અહીં સર્વ વિરતિધર મુનિ મહાત્મા તથા પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબો અર્થ અને કામના ત્યાગી હોય છે તે કારણથી આવુ રૌદ્રસ્વભાવવાળું (ભયંકર) પાપવાળું ધ્યાન તેઓને સંભવતું નથી.

તથા મૂલગાથામાં "मणसंसेविय" શબ્દમાં મન શબ્દનું જે ગ્રહણ કરેલું છે તે આ ધ્યાનની બાબતમાં વિચારણા વિશેષ જ હોવાથી મન શબ્દથી મન વચન અને કાયા આ ત્રણે લેવાં, તેમાં મન પ્રધાનકારણ હોવાથી તેનો ઉલ્લેખ કર્યો છે તથા વળી આ ધ્યાન "अधन्य" છે એટલે કે અશોભન છે. અર્થાત્ અશુભ છે સારું નથી આ આત્માનું અકલ્યાણ કરનારું છે પણ કલ્યાણ કરનારું નથી. તે કારણથી છોડવા જેવું છે ત્યાગ કરવાલાયક છે. ॥૨૩॥

અવતરણ : अधुनेदं यथाभूतस्य भवति यद्वर्धनं चेदमिति तदेतदभिधातुकाम आहः - હવે આ ધ્યાન કેવા પ્રકારના જીવને હોય છે તથા આ ધ્યાન આ આત્મામાં જેની વૃદ્ધિ કરે છે આ બન્ને વાત સમજાવવા માટે જણાવે છે કે –

एवं चउव्विहं, राग-दोस-मोहाउलस्स जीवस्स ।
रोद्दज्झाणं संसारवद्धणं नरयगइमूलं ॥२४॥

ગાથાર્થ : આ રૌદ્રધ્યાન ચાર પ્રકારનું છે. રાગ, દ્વેષ અને મોહથી વ્યાપ્ત એવા જીવને આ ધ્યાન હોય છે. સંસારને વધારનારું તથા નરકગતિના મૂલકારણભૂત આ ધ્યાન છે. ॥૨૪॥

ટીકા : एतद् अनन्तरोक्तं "चतुर्विधम्" चतुष्प्रकारं रागद्वेषमोहाडिकतस्य आकुलस्य वेति पाठान्तरम् । कस्य ? "जीवस्य" = आत्मनः, किं ? = रौद्रध्यानमिति, इयमत्र चतुष्टयस्यापि क्रिया, किंविशिष्टमिदमित्यत आह - "संसारवर्द्धनम्" ओघतः, नरकगतिमूलं विशेषतः इति गाथार्थः ॥२४॥

विवेचन : આ પ્રમાણે ઉપરની ગાથાઓમાં વિસ્તારથી સમજાવાયેલું જે ધ્યાન તે રૌદ્રધ્યાન છે. અને તે ચાર પ્રકારવાળું છે હવે તે રૌદ્રધ્યાન કયા કયા જીવોને હોય છે ? તે વિષય જાણવા માટે કદાચ આવો પ્રશ્ન થાય તો તેનો ઉત્તર ગ્રંથકારશ્રી આપે છે કે – "રાગ, દ્વેષ અને મોહ (અજ્ઞાન) આ ત્રણે દોષોથી ભરપૂર ભરેલા એવા મોહાન્ધ જીવને આ ધ્યાન હોય છે."

આવા પ્રકારની ભયંકર હિંસાની ક્રિયા, જુઠ્ઠુ બોલવાની ક્રિયા, ચોરી કરવાની ક્રિયા અને મમતા-મૂર્છાથી ધનાદિને છુપાવવાની ક્રિયા. આ ચારે પ્રકારની પાપની તીવ્રતાવાળી ક્રિયાઓ રાગ-દ્વેષ અને મોહને પરવશ થયેલા એવા પાપમય જીવનવાળા જીવને હોય છે.

પ્રશ્ન : આવા પ્રકારનું હિંસાદિ પાપોની વિચારણાવાળું આ ધ્યાન શું ફળ આપનાર થાય છે ? આવા પાપનું ફળવિશેષ શું હોઈ શકે ? તે સમજાવો.

ઉત્તર : संसारवर्द्धनम् = તથા નરકગતિમૂલમ્ આવા પ્રકારનું આ ધ્યાન સંસાર વધારનારું અને નરક-નિગોદમાં લઈ જનારૂ અર્થાત્ ઘણા ભવોમાં આ જીવને ભમાવનાર છે. તેથી ઘણું જ અશુભ છે. આ ધ્યાનવાળા જીવો ચોવીસે કલાક હિંસા આદિ પાપોના વિચારમાં જ વર્તતા હોવાથી મચ્છીમાર, કષાયી આદિના જીવો ઘણાં પાપો કરવા દ્વારા નરક તથા નિગોદના ભવોમાં રખડનારા જ બને છે. નરકના ભવો તો લાંબા લાંબા આયુષ્યવાળા અને ઘણા ઘણા દુઃખોવાળા જ હોય છે. નિગોદના ભવો મળે તો પણ બેહોશતા જ ઘણી, ઉપર આવવું જ મુશ્કેલ બને તેવા ભવો થાય છે. આ ધ્યાન આવા પ્રકારના અશુભ ફળને આપનારું છે. ॥૨૪॥

અવતરણ : साम्प्रतं रौद्रध्यायिनो लेश्याः प्रतिपाद्यन्तेः - રૌદ્રધ્યાનવાળા જીવની લેશ્યા કઈ હોય છે ? તે લેશ્યા દ્વાર હવે સમજાવે છે –

काओय-नील-काला लेसाओ तिव्वसंकिलिट्ठाओ ।
रोद्दज्झाणोवगयस्स कम्मपरिणामजणियाओ ॥२५॥

ગાથાર્થ : રૌદ્રધ્યાનમાં આવેલા જીવને કાપોત, નીલ અને કૃષ્ણ એમ આ ત્રણ અશુભ લેશ્યા હોય છે. તથા આ લેશ્યાઓ કર્મના ઉદયના પરિણામવાળી છે. ॥૨૫॥

ટીકા : પૂર્વવદ્ વ્યાખ્યેયઃ, એતાવાંસ્તુ વિશેષઃ તીવ્રસંક્લિષ્ટા અતિસંક્લિષ્ટા એતા ઇતિ ॥૨૫॥

વિવેચન : આવા પ્રકારના રૌદ્રધ્યાનમાં વર્તતા સંસારી જીવને હિંસાના, જુઠ્ઠુ બોલવાના, ચોરી કરવાના તથા ધનાદિની ઘણી ઘણી મમતાના બહુ જ વિચારો આવે છે આવા વિચારોમાં ડુબેલા એવા આ જીવને કૃષ્ણ-નીલ અને કાપોત એવી આ ત્રણ અશુભ લેશ્યા જ હોય છે. આ રૌદ્રધ્યાનવાળા જીવના અધ્યવસાયો જ એટલા બધા હલકા હોય છે કે આ અધ્યવસાયો અશુભ તો છે જ પરંતુ તીવ્ર આવેશવાળા અને તીવ્ર સંકલેશવાળા વધારે હોય છે. મારામારીના જ તીવ્ર વિચારોથી ભરપૂર ભરેલા હોય છે.

આ રૌદ્રધ્યાનવાળા જીવનું મુખ અતિશય તપેલું અને લાલઘૂમ હોય છે. હૃદયમાં કષાયો ઘણા જ વ્યાપ્ત હોય છે. આ જીવ અતિશય માઠા વિચારોમાં જ ઓતપ્રોત હોય છે. આ ધ્યાન ઘણાં ચીકણાં કર્મો બંધાવનારું અને ઘણા ભવો સુધી સંસારમાં રખડાવનારું હોય છે.

આ ધ્યાનવાળા જીવો મૃત્યુ પામીને પણ નરક ગતિમાં જ લગભગ જનારા હોય છે. આવેશ અતિશય વધારે હોવાથી વધારે વધારે નીચી નીચી નરકગતિમાં જાય છે. ગુણઠાણાથી પણ ઘણું પતન થાય છે. શબ્દોથી ન વર્ણવી શકાય તેવા ક્રૂર પરિણામ આ ધ્યાનવાળા જીવોના હોય છે. ॥૨૫॥

અવતરણ : આહ કથં પુનઃ રૌદ્રધ્યાયી જ્ઞાયત ઇતિ ? "उच्यते" लिङ्गेभ्यः । तान्येवोपदर्शयति –

પ્રશ્ન : આ જીવને વર્તમાનકાળે આવા પ્રકારનું રૌદ્રધ્યાન વર્તે છે. આવું જ્ઞાન શાના આધારે થાય ? આ જીવ હાલ રૌદ્રધ્યાનવાળો છે આ પ્રમાણે કયા લિંગોથી જણાય ? શું તેનાં કોઈ લિંગો છે ?

ઉત્તર : હા, તેને જાણવાનાં લિંગો = ચિહ્નો શાસ્ત્રમાં કહ્યાં છે.

પ્રશ્ન : આ જીવમાં હાલ રૌદ્રધ્યાન વર્તે છે તે જાણવાનાં જે જે લિંગો હોય છે. તે તે અમને સમજાવો, આ જાણવાની અમારી ઘણી તાલાવેલી છે.

ઉત્તર : તાનિ એવ ઉપદર્શયતિ = તે લિંગો જ જણાવાય છે હવે તે લિંગો જ કહેવાય છે.

लिङ्गाइं तस्स उस्सण्ण - बहुल-नाणाविहाऽऽमरणदोसा ।
तेसिं चिय हिंसाइसु बाहिरकरणोवउत्तस्स ॥२६॥

ગાથાર્થ : આ રૌદ્રધ્યાનના (૧) ઉત્સન્નતા, (૨) બહુલતા, (૩) નાનાવિધ દોષ અને (૪) આમરણદોષ આવા પ્રકારનાં ચાર લિંગો = ચિહ્નો છે. રૌદ્રધ્યાનમાં વર્તતા એવા તે જીવો હિંસા આદિ અનુચિત કાર્યોમાં પોતાનાં વચન અને કાયા જોડવા દ્વારા (એટલે કે બાહ્ય કારણો જોડવા દ્વારા ઉપયુક્ત થયા છતા) વર્તે છે. આવો ભાવાર્થ આ ચારે પદોનો કરવો. ॥૨૬॥

ટીકા : "लिङ्गानि" = चिह्नानि, "तस्य" = "रौद्रध्यायिनः उत्सन्न-बहुल-नानाविधाऽऽमरण-दोषा" इत्यत्र दोषशब्दः प्रत्येकमभिसम्बध्यते । उत्सन्नदोषः, बहुलदोषः, नानाविधदोषः आमरण-दोषश्चेति, तत्र हिंसानुबन्ध्यादीनाम् अन्यतरस्मिन् प्रवर्तमान उत्सन्नम् = अनुपरतं बाहुल्येन प्रवर्तते इत्युत्सन्नदोषः । सर्वेष्वपि चैवमेव प्रवर्तत इति बहुलदोषः । नानाविधेषु त्वक्त्वक्षणनयनोत्खननादिषु हिंसाद्युपायेष्वसकृदप्येवं प्रवर्तत इति नानाविधदोषः । महद् आपद्गतोऽपि स्वतः, महदापद्गतेऽपि च परे आमरणादसञ्जातानुतापः, कालसौरिकवद् अपि त्वसमाप्तानुतापानुशयपर इत्यामरणदोष इति तेष्वेव हिंसादिषु, आदिशब्दान्मृषावादादिपरिग्रहः, ततश्च तेष्वेव हिंसानुबन्ध्यादिषु चतुर्भेदेषु, किं ? बाह्यकरणोपयुक्तस्य सत उत्सन्नाददोषलिङ्गानीति, बाह्यकरणशब्देनेह वाक्कायौ गृह्येते ततश्च ताभ्यामपि तीव्रमुपयुक्तस्येति गाथार्थः ॥२६॥

विवेचन : મૂલ ગાથામાં લખેલો દોષ શબ્દ ચારે પદોમાં જોડવાનો છે. લિંગ એટલે ચિહ્ન (નિશાની-ઓળખાણનું એક પ્રતીક) ઉપર કહેલા એવા રૌદ્રધ્યાનનાં ઉત્સન્નાદિ આ ચાર લિંગો (ચિહ્નો) છે. (૧) ઉત્સન્નતા, (૨) બહુલતા, (૩) નાનાવિધ દોષબહુલતા અને (૪) આમરણદોષ. મૂલ ગાથામાં લખેલો દોષ શબ્દ ચારે પદોમાં જોડવાનો છે. તેથી નામો આ પ્રમાણે બને છે. (૧) ઉત્સન્નદોષ. (૨) બહુલતાદોષ એમ ચારે નામોમાં સમજવું.

(૧) उत्सन्नतादोषः હિંસા-મૃષાવાદ-ચોરી અને પરિગ્રહ આ ચાર પાપસ્થાનકોમાંથી કોઈ પણ એક પાપકારી કાર્યમાં વધારેમાં વધારે પ્રવૃત્તિ કરવી હિંસાનુબંધી આદિ ચાર પાપસ્થાનકોમાંથી કોઈ પણ એક પાપકારી કાર્યમાં અતિશય વધારે રસ ધારણ કરવો. તે પાપ સેવનમાં વધારે ઊંડા ઉતરવું. પાપકારી એવા કોઈ પણ એક કાર્યમાં વધારે રસ લેવો. તે પાપથી વિરામ ન પામવું, અનુપરતપણે તે પાપકારી કાર્ય કરતા જ રહેવું. તે ઉત્સન્ન નામનો પ્રથમ દોષ જાણવો.

(૨) હિંસા - જુઠ-ચોરી અને પરિગ્રહ એમ ચારે પાપોમાં એટલે કે સર્વે પણ પાપોમાં હોંશે હોંશે જોર શોરથી રસિકભાવે પ્રવૃત્તિ કરવી તે બહુલતા નામનો બીજો દોષ જાણવો.

(૩) કોઈ પણ જીવના શરીર ઉપરની ચામડી ઉખેડવી. કોઈની આંખો ખેંચવી. કોઈનું નાક કાપવું, કોઈના કાન કાપી લેવા. આવા પ્રકારનું હિચકારી કૃત્ય કરવું તે તથા

વારંવાર આવાં પાપો કરવામાં જ રસ દાખવવો, શિકાર કરવો, પંખીઓને વિંધવા, આવા પ્રકારનું અંગચ્છેદવાળું સઘળું ય આ કામ કરવું તે નાનાવિધ નામનું ત્રીજુ રૌદ્રધ્યાન જાણવું.

(૪) પોતે સ્વયં મહાન આપત્તિમાં હોય તો પણ અને તે આપત્તિથી ઘણો જ ઘણો તે જીવ પીડાતો હોય તો પણ હિંસાદિ દુષ્ટ વ્યસન ત્યજવાં નહીં. અને કરાતી હિંસાદિ પાપોનું જરા પણ પ્રાયશ્ચિત ન કરવું તથા આવા ગુન્હા કરનારને પોલીસ પકડે અને પોલીસ માર મારે ત્યારે ગુન્હેગાર જેમ રડે, ગુન્હેગાર ચીસો પાડે તો પણ પોલીસના કોઠે દયા ન ઉપજે તેમ જે મોટો જીવ હોય તે નાના જીવોને મારતો હોય, હણતો હોય, તો પણ મારનારા મોટા જીવને કોઠે દયા ન ઉપજે. મારનારા મોટા જીવનું ચિત્ત જરા પણ કંપાયમાન ન થાય તે આમરણદોષ કહેવાય છે. આ ચોથું રૌદ્રધ્યાન જાણવું.

જેમ કાલસૌરિક નામનો કષાયી દરરોજ ઘણા જીવોની હિંસા કરતો હતો. તેનું હૃદય હિંસાથી થાકતું ન હતું. તે આ રૌદ્રધ્યાનનો ચોથો ભેદ જાણવો.

ઉપર સમજાવ્યા પ્રમાણે ઉત્સન્નતા, બહુલતા, નાનાવિધતા અને આમરણ દોષ એમ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન છે. આ ચારે પ્રકારની હિંસામાં બાહ્યકરણરૂપે મનની જેમ વચન અને કાયા પણ લેવી. કારણ કે તે બન્ને યોગોનો વધારેમાં વધારે વપરાશ કરીને તીવ્ર પરિણામ પૂર્વક હિંસાદિ કાર્યમાં આ જીવ જ્યારે જ્યારે પ્રવર્તે છે. ત્યારે ત્યારે રૌદ્રધ્યાન કહેવાય છે. આમ સમજવું. આ સર્વ રૌદ્રધ્યાન છે. ॥૨૬॥

અવતરણ : किं च = તથા વળી.

परवसणं अहिनंदइ, निरवेक्खो निद्दओ निरणुतावो ।
हरिसिज्जइ कयपावो, रोद्दज्झाणोवगयचित्तो ॥२७॥

ગાથાર્થ : પરવ્યક્તિને પ્રાપ્ત થતાં દુઃખો જોઈને જે આનંદ પામે છે. અભિનંદન આપે છે. (પ્રશંસા કરે છે) તથા આવા પ્રકારના રૌદ્રધ્યાનથી મને પણ અશુભ કર્મો બંધાશે એવા પ્રકારના ભયથી રહિત થયો છતો, બીજાને દુઃખ આપવામાં જ અત્યંત નિર્દય, પરને દુઃખો આપ્યા પછી પણ પશ્ચાત્તાપ ન કરનારો જીવ પાપ કાર્યો કરીને પણ હર્ષિત થનાર, આવા પ્રકારના પરિણામવાળો જીવ રૌદ્રધ્યાન યુક્ત ચિત્તવાળો કહેવાય છે. ॥૨૭॥

ટીકા : इहाऽत्मव्यतिरिक्तो योऽन्यः स परस्तस्य व्यसनम्-आपत्, परव्यसनं, तद् "अभिनन्दति" अतिक्लिष्टचित्तत्वाद् बहु मन्यत इत्यर्थः । शोभनमिदं यदेतदित्थं संवृत्तमिति, तथा "निरपेक्षः" इहान्यभविकापायभयरहितः, तथा निर्गतदयो निर्दयः, परानुकम्पाशून्य इत्यर्थः, तथा निर्गतानुतापो निरनुतापः, पश्चातापरहित इति भावः,

तथा किं च - "हृष्यते" तुष्यति "कृतपापः" निर्वर्तितपापः सिंहमारकवत्, क इत्यत आह = रौद्रध्यानोपगतचित्त इति । अमूनि च लिङ्गानि वर्तन्त इति गाथार्थः ॥२७॥

विवेचन : અહીં આ રૌદ્રધ્યાનની બાબતમાં પોતાના આત્માથી જે અન્ય એવી પર વ્યક્તિ હોય, તેને આવેલું જે દુઃખ અર્થાત્ આપત્તિ, તે 'પરવ્યસન' કહેવાય છે. (પારકાને આવેલું જે દુઃખ તે પરવ્યસન). તે જોઈને આ જીવ તેને તાળીઓ પાડીને વધાવે. આનંદિત થાય, બીજાને આવેલી પીડાઓથી જે રાજી રાજી થાય, પોતાનું ચિત્ત તે જીવ પ્રત્યે અત્યંત ક્લિષ્ટ પરિણામવાળું હોવાથી તેને આવેલા દુઃખને ઘણું માન આપે. મનથી માને કે બહુ જ સારું થયું કે તેને આવી આવી ભયંકર આપત્તિ આવી. તે જીવ તેવી આપત્તિ આપવાને યોગ્ય જ હતો. આવા આવા મનમાં માઠા વિચારો કરવા તે સઘળું પણ રૌદ્રધ્યાન જ જાણવું.

તથા કોઈ એક જીવ કોઈ બીજા જીવને આવેશમાં આવીને છરી-ચપ્પુ-તલવાર કે ભાલાથી વિંધતો હોય, મારતો હોય ત્યારે પોલીસ મને પકડશે, પોલીસ મારો દંડ કરશે ઈત્યાદિ આ ભવ સંબંધી ભયોથી ન ડરવું. અને તીવ્ર હિંસાના તીવ્ર પરિણામ રાખવાપૂર્વક તેવા તેવા પાપના જોરશોરથી કાર્યમાં પ્રવર્તવું તે સઘળું ય રૌદ્રધ્યાન કહેવાય છે.

તથા વળી બીજાને માર મારતી વેળાએ સર્વથા દયા હીન થઈને મેં જે કંઈ તેને શિક્ષા કરી છે. તે શિક્ષા બરાબર યોગ્ય જ છે તે જીવ આવી હિંસાને લાયક જ હતો. બહુ જ ડોડાહ્યો થયો હતો. તથા સર્વથા દયા વિનાના થઈને શરીરના ગમે તેવા અંગો ઉપર પણ છરી આદિ શસ્ત્રોના ઘા લગાવવા. તથા નિર્દયપણે જે મારામારી કરવી. સામે માર ખાનાર જીવ ઉપર જરા પણ દયા ન રાખવી. નિર્દયપણે જ્યાં ત્યાં ઘણો માર મારવો તે સઘળું ય રૌદ્રધ્યાન જાણવું.

તથા હિંસા આદિ પાપનાં કાર્યો કર્યા પછી પણ પશ્ચાતાપ ન થવો પરંતુ પશ્ચાતાપ કર્યા વિના કઠોર પરિણામ જ રાખવા. મેં જે કંઈ કર્યું છે. અને મેં તેને જે માર માર્યો છે. હિંસા કરી છે તે સઘળું ય બરાબર જ કર્યું છે. યોગ્ય જ કામ કર્યું છે. તે જીવ સાલો આ દાવનો જ હતો તેને આવી શિક્ષા કરવી જોઈતી જ હતી. આવા પ્રકારના અધમ વિચારો કરવા. પાપ કર્યા પછી પણ તે પાપને સારૂ માનવા રૂપે કઠોર પરિણામવાળું ચિત્ત રાખવું તે સઘળું ય રૌદ્રધ્યાન જાણવું.

તથા વળી માર મારી, સામા જીવની હિંસા કરી તેને સર્વથા ખતમ કરીને અતિશય હર્ષિત થવું. ખુશખુશાલ થવું. સામેનો જીવ મરી ગયા પછી પણ ક્રોધાવેશપૂર્વક તેના હાથ-પગ કાપવા, આંખો ફોડી નાખવી, આંખો છેદી નાખવી, પેટ ચિરવું. આવા પ્રકારની ક્રુરતાપૂર્વક હિંસા કરવી તે સઘળું ય રૌદ્રધ્યાન જાણવું.

આવા પ્રકારની હિંસા કરીને પણ "જાણે મેં મોટા તોફાની તથા ક્રૂર એવા સિંહને મારી નાખ્યો હોય તેમ અતિશય રાજી રાજી થવું. તે રૌદ્રધ્યાન છે. રૌદ્રધ્યાનમાં રહેલું છે ચિત્ત જેનું એવા જીવને ઓળખવાનાં (જાણવાનાં) ઉપર કહેલાં ચિહ્નો છે. આ પ્રમાણે રૌદ્રધ્યાનના ચાર ભેદ સમજાવ્યા." ॥૨૭॥

અવતરણ : રૌદ્રધ્યાન સમાપ્ત થયું. હવે ધર્મધ્યાન સમજાવવાનો સમય છે. તે કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી તે ધર્મધ્યાનને સમજાવવાનાં દ્વારોનો ઉલ્લેખ કરતાં કહે છે કે –

झाणस्स भावणाओ, देसं कालं तहाऽऽसण विसेसं ।
आलंबणं कमं, झाइयव्वयं जे य झायारो ॥२८॥

तत्तोऽणुप्पेहाओ, लेस्सा लिंगं फलं च नाऊणं ।
धम्मं झाइज्ज मुणी, तग्गयजोगो तओ सुक्कं ॥२९॥

ગાથાર્થ : (૧) ધ્યાન સંબંધી જ્ઞાન-દર્શન અને ચારિત્ર આદિ ભાવનાઓ, (૨) ધ્યાન માટેનું ક્ષેત્ર, (૩) ધ્યાન માટેનો કાળ, (૪) આસનવિશેષ (બેઠક વિશેષ), (૫) આલંબન, (૬) ક્રમ (અનુક્રમ), (૭) ધ્યાન કરવા યોગ્ય જિનેશ્વર ભગવંત આદિનું સ્વરૂપ, (૮) ધ્યાતા (ધ્યાન કરનાર જીવ કેવો હોવો જોઈએ ?), (૯) ત્યારબાદ અનુપ્રેક્ષા (સૂક્ષ્મ વિચારણા), (૧૦) લેશ્યા દ્વાર, (૧૧) લિંગ દ્વાર અને (૧૨) ફળ દ્વાર. એમ કુલ ૧૨ દ્વારો વડે ધર્મધ્યાનનું સ્વરૂપ બરાબર જાણીને મુનિરાજે (મુનિ મહાત્માએ) ધર્મધ્યાન કરવું જોઈએ અને ત્યારબાદ (ધર્મધ્યાન પછી) શુક્લ ધ્યાન ઉપર આરોહણ કરવું જોઈએ. ॥૨૮-૨૯॥

ટીકા : "ध्यानस्य" = प्राग्निरूपितशब्दार्थस्य, किं ? "भावनाः" ज्ञानाद्याः, ज्ञात्वेति योगः । किं च = देशं तदुचितं, कालं तथा आसनविशेषं तदुचितमिति, "आलम्बनं" = वाचनादि, "क्रमं" = मनोनिरोधादि, तथा "ध्यातव्यं" = ध्येयमाज्ञादि,तथा ये च "ध्यातारः" अप्रमादादियुक्ताः, ततः "अनुप्रेक्षा" = ध्यानोपरमकालभाविन्योऽनित्यत्वाद्यालोचनरूपाः, तथा "लेश्याः" शुद्धाः एव, तथा "लिङ्गं" = श्रद्धानादि, तथा "फलं" सुरलोकादि, चशब्दः स्वगतानेकभेदप्रदर्शनपरः, एतद् ज्ञात्वा किं ? धर्म्यम् इति धर्मध्यानं ध्यानेन्मुनिरिति,

"तद्गतयोगः" "धर्मध्यानकृताभ्यासः, ततः" तत्पश्चात् शुक्लध्यानमिति गाथाद्वयसमासार्थः ॥२८-२९॥

વિવેચન : આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એમ પ્રથમનાં બે ધ્યાન સમજાવીને હવે ત્રીજા ધર્મધ્યાનના સ્વરૂપને સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે – આ ધર્મધ્યાનનું સ્વરૂપ બાર દ્વારો

વડે સમજવા જેવું છે. તેના દ્વારા ધર્મધ્યાન વિષે ઘણી ઘણી માહિતી જાણવા મળશે. તે બાર દ્વારોનાં નામ તથા તેના અર્થો આ પ્રમાણે છે :

(૧) પ્રથમ જણાવ્યો છે શબ્દાર્થ જેનો એવા પ્રકારના આ ધ્યાન સંબંધી જ્ઞાનાદિ ત્રણ ગુણો (જ્ઞાન-દર્શન અને ચારિત્ર આ ત્રણ ગુણો) સંબંધી ભાવનાઓ ભાવવી તે ભાવનાદ્વાર ગાથા નંબર ૩૦ થી ૩૪ ગાથામાં પ્રથમ દ્વાર રૂપે સમજાવાશે.

(૨) તથા આ ધર્મધ્યાન કરવા માટેનું યોગ્ય ક્ષેત્ર કયું ? અને કેવું હોવું જોઈએ ? તે દ્વાર ગાથા નંબર ૩૫ થી ૩૭માં સમજાવાશે.

(૩) તથા આ ધર્મધ્યાન ધરવા માટેનો યોગ્ય કાળ કયો ? તે **કાળદ્વાર** ગાથા નંબર ૩૮માં સમજાવવામાં આવશે.

(૪) તથા ધ્યાનને ઉચિત **આસનવિશેષ** નામનું ચોથું દ્વારા ગાથા નંબર ૩૯-૪૦ તથા ૪૧ માં સમજાવવામાં આવશે.

(૫) **વાચના** આપવી તથા સાંભળવી એ નામનું પાંચમું દ્વાર ગાથા નંબર ૪૨-૪૩ માં સમજાવવામાં આવશે.

(૬) "મનનો બાધકભાવોથી નિરોધ કરવો" એ ક્રમ નામનું છઠ્ઠું દ્વાર ગાથા નંબર ૪૪માં સમજાવવામાં આવશે.

(૭) તથા **ધ્યાતવ્ય** = ધ્યાન કરવા યોગ્ય પરમાત્માની આજ્ઞા આદિ ચાર ભાવો સમજાવવાના વિષયવાળું આ સાતમું દ્વાર ગાથા નંબર ૪૫ થી ૬૨ માં સમજાવવામાં આવશે. આ ધ્યાન અપ્રમત્તાદિ ગુણસ્થાનકોમાં હોય છે.

(૮) **ધ્યાતા** નામનું આઠમું દ્વાર સમજાવાશે. ગાથા નંબર ૬૩-૬૪ એમ બેમાં આ ધ્યાન કરનારા અપ્રમત્ત ગુણઠાણાથી ક્ષીણમોહ સુધીના જીવો છે. આવું ધ્યાતા નામનું દ્વાર આ બે ગાથાઓમાં ધ્યાન કરનારા જીવરૂપે સમજાવાશે.

(૯) **"અનુપ્રેક્ષા"** નામનું નવમું દ્વાર ગાથા નંબર ૬૫માં સમજાવાશે. ધ્યાન સમાપ્ત થવા આવે ત્યારે ભાવવા યોગ્ય અનિત્ય આદિ ભાવવાળી અનુપ્રેક્ષા ભાવના નામનું દ્વાર કહેવાશે.

(૧૦) તથા ધર્મધ્યાનમાં વર્તતા જીવને કઈ કઈ લેશ્યાઓ હોય ? તે **લેશ્યા** નામનો વિષય દસમા દ્વારમાં સમજાવાશે. ગાથા નંબર ૬૬.

(૧૧) તથા "શ્રદ્ધા કરવી" ઈત્યાદિ **લિંગ દ્વાર** ગાથા નંબર ૬૭-૬૮ માં સમજાવાશે.

(૧૨) ધર્મધ્યાનના ફળને સમજાવતું **"ફળ"** નામનું બારમું છેલ્લું દ્વાર ગાથા નંબર ૬૮ માં જ સમજાવાશે. ફળસ્વરૂપ દેવલોક અથવા મોક્ષ સમજાવાશે.

મૂળગાથામાં લખેલા फलं च ઈત્યાદિ પાઠમાં લખેલો જે च શબ્દ છે. તે च શબ્દ દરેક દ્વારોમાં તેઓના પેટા ભેદો પણ અનેક છે. તે પણ ત્યાં ત્યાં સમજાવાશે. આવા આશયથી આ च શબ્દ લખેલ છે. આ બારે દ્વારો વડે ધર્મધ્યાનનું સ્વરૂપ યથાર્થપણે બરાબર જાણીને મુનિરાજે (તથા શ્રાવકે) આ ધ્યાન ધરવા જેવું છે. આ ધ્યાનનો અવશ્ય આશ્રય કરવો. આ પ્રમાણે ધર્મધ્યાન કરવાનું કહ્યું છે. આ ધર્મધ્યાન ધરવાનો કર્યો છે અભ્યાસ જેઓએ એવા આ મુનિરાજશ્રી ધર્મધ્યાન સમાપ્ત કર્યા પછી શુક્લધ્યાન ઉપર આરૂઢ થાય છે. અર્થાત્ શુક્લધ્યાનનો પ્રારંભ કરે છે.

આ પ્રમાણે આ બન્ને ગાથાઓમાં ધર્મધ્યાન સમજાવવા માટેનાં ૧૨ દ્વારોનાં નામો જ માત્ર કહ્યાં છે જે હવે લાઈનસર આ બારે દ્વારો સમજાવાશે. ॥૨૮-૨૯॥

અવતરણ : व्यासार्थं तु प्रतिद्वारं ग्रन्थकारः स्वयमेव वक्ष्यति । तत्राद्यद्वारावयवार्थप्रतिपादनायाह = ઉપર કહેલાં બારે દ્વારો વિસ્તારથી સમજાવવા માટે ગ્રંથકારશ્રી પોતે જ હવે સ્વયં મૂલ ગાથાઓમાં જ આ દ્વારો સમજાવશે ત્યાં "ભાવના" નામનું જે પ્રથમ દ્વાર છે તેના અર્થ સમજાવતાં કહે છે :

पुव्वकयब्भासो भावणाहि झाणस्स जोग्गयमुवेइ ।
ताओ य नाण-दंसण-चरित्त-वेरग्गनियताओ (जणियाओ) ॥३०॥

ગાથાર્થ : જે ભાવનાઓ દ્વારા પૂર્વકાળમાં કરાયો છે અભ્યાસવિશેષ જેના વડે એવો જીવ ધ્યાનની યોગ્યતાને પ્રાપ્ત કરે છે. તે ભાવનાઓ જ્ઞાનવિષયક, દર્શનવિષયક, ચારિત્રવિષયક અને વૈરાગ્ય વિષયક જ હોય છે. અર્થાત્ જ્ઞાનાદિ ગુણો સંબંધી જ આ ભાવનાઓ હોય છે. ॥૩૦॥

ટીકા : पूर्वं = ध्यानात् प्रथमं कृतः = निर्वर्तितोऽभ्यासः = आसेवनलक्षणो येन स तथाविधः । काभिः पूर्वकृताभ्यासः ? = "भावनाभिः" करणभूताभिः भावनासु वा = भावनाविषये पश्चाद् "ध्यानस्य" अधिकृतस्य "योग्यताम्" = अनुरूपताम् "उपैति" यातीत्यर्थः । ताश्च भावना ज्ञान-दर्शन-चारित्र-वैराग्यनियता वर्तन्ते, नियताः = परिच्छिन्नाः पाठान्तरं वा जनिता इति गाथार्थः ॥३०॥

વિવેચન : ધ્યાનનો પ્રારંભ કરતાં પૂર્વે જ્ઞાનાદિગુણો સંબંધી ભાવનાઓ ભાવવા દ્વારા જે જીવ વડે ધ્યાન કરવા માટેની યોગ્યતા પ્રાપ્ત કરાઈ ચુકી છે. તેવો ગુણીયલ જીવ જ આ પ્રક્રિયામાં વધારે સફળ થાય છે. તેવો જીવ જ યથાર્થપણે ધર્મધ્યાન આચરી શકે છે.

પૂર્વકાળમાં જે જીવે પ્રેક્ટીસ (પ્રવૃત્તિ) કરી ન હોય તે જીવ અભ્યાસના અભાવે જોઈએ તેવી સફળતા પ્રાપ્ત કરી શકતો નથી તે માટે જ પૂર્વકાળમાં જે જીવે ધર્મધ્યાનમાં સ્થિર થવા માટેનો ઘણો જ પ્રયત્નવિશેષ કર્યો છે. તેવા પ્રકારનો અનુભવી જીવ જ આવા પ્રકારની આ પ્રક્રિયામાં સફળતાને પામે છે. તે માટે પૂર્વકૃત અભ્યાસવાળો જીવ જ ધ્યાન કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : તે ભાવનાઓ કઈ કઈ છે ? તે તો સમજાવો કે જેથી આ જીવ ધ્યાનની યોગ્યતાને પ્રાપ્ત ન કરી હોય તો પ્રાપ્ત કરે.

ઉત્તર : આ ભાવનાઓ ચાર પ્રકારની છે કે જેના દ્વારા આ ધ્યાન ધરવાની યોગ્યતાને જીવ પ્રાપ્ત કરે છે. **(૧) જ્ઞાનભાવના; (૨) દર્શનભાવના, (૩) ચારિત્રભાવના, (૪) વૈરાગ્યભાવના,** આ પ્રમાણે આ ચાર ગુણોસંબંધી ભાવનાઓ જ નિયત છે. આ ચાર નિયતભાવનાઓ દ્વારા પોતાનું ચિત્ત (મન) આ જીવ એવા પ્રકારનું જિતે છે કે ધ્યાનકાળે વ્યગ્રતા જ ન આવે, અને નિશ્ચિતપણે ઉત્તમ ધ્યાન કરવામાં સફળતા જ પ્રાપ્ત થાય. ॥૩૦॥

અવતરણ : साम्प्रतं ज्ञानभावनास्वरूपगुणदर्शनायेदमाह । હવે સૌથી પ્રથમ જ્ઞાનભાવના ભાવવા સ્વરૂપ ગુણપ્રાપ્તિ સમજાવતા એવા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

णाणे णिच्चब्भासो, कुणइ मणोधारणं विसुद्धिं च ।
नाणगुणमुणियसारो, तो झाइ सुनिच्चलमईओ ॥३१॥

ગાથાર્થ : જ્ઞાન ગુણમાં રમણતા કરવાનો નિત્ય અભ્યાસ છે જેને એવો જીવ મનની ધારણાને (મનની સ્થિરતાને) અનેક વિશુદ્ધિને ધારણ કરી શકે છે તે કારણથી જ્ઞાનગુણની રમણતાનો જાણ્યો છે સાર જેણે એવો જીવ અથવા પ્રાપ્ત કર્યું છે જ્ઞાનબળ જેણે એવો જીવ અતિશય નિશ્ચિત મતિવાળો થઈને ધ્યાન કરી શકે છે. અર્થાત્ ધ્યાન કરવામાં સફળતા પ્રાપ્ત કરે છે. ॥૩૧॥

ટીકા : "ज्ञाने" = श्रुतज्ञाने, नित्यं-सदा अभ्यासःआसेवनालक्षणः, "करोति" = निर्वर्तयति, किं ? - मनसः = अन्तःकरणस्य, चेतस इत्यर्थः । धारणम् = अशुभव्यापारनिरोधेनावस्थानमिति भावना । तथा "विशुद्धिं च" = तत्र विशोधनं विशुद्धिः, सूत्रार्थयोरिति गम्यते, तां चशब्दाद् भवनिर्वेदं च । एवं ज्ञानगुणमुणितसारः (ज्ञानगुणज्ञातसार) इति ज्ञानेन गुणानां जीवाजीवाश्रितानां "गुणपर्यायवत् द्रव्यम्, इति" (तत्त्वार्थसूत्र अध्याय ५, सूत्र ३७) वचनात् पर्यायाणां च तदविनाभाविनां मुणितः = ज्ञातः, सारः = परमार्थो येन स तथोच्यते । ज्ञानगुणेन वा = ज्ञानमाहात्म्येनेति भावः ज्ञातः सारो येन, विश्वस्येति गम्यते, स तथाविधः, ततश्च पश्चात् "ध्यायति" = चिन्तयति ।

किंविशिष्टः सन् ? = सुष्ठु = अतिशयेन निश्चला = निष्प्रकम्या सम्यग्ज्ञानतोऽन्यथाप्रवृत्ति कम्परहितेति भावः । मतिः बुद्धिः यस्य स तथाविध इति गाथार्थः ॥३१॥

વિવેચન : શ્રી વીતરાગ પરમાત્માએ જણાવેલા ત્રણે કાળના ત્રણે જગતના સર્વે પણ ભાવોને જાણવાનો જે પ્રયત્ન કરવો તે **શ્રુતજ્ઞાન** કહેવાય છે. તેવા પ્રકારના આગમાનુસારી શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરવામાં જ નિત્ય એટલે સદાકાળ કર્યો છે અભ્યાસ (પ્રેક્ટીસ-ઉદ્યમ) જે જીવોએ તેવા અભ્યાસી અને ખંતીલા જીવનો મનને પકડી રાખવાનો જે પ્રયત્ન એટલે કે અશુભભાવોમાં બીલકુલ જાય જ નહી અને શુભભાવોમાં જ પ્રવૃત્તિ કરે એવા પ્રકારનો જે પ્રયત્ન વિશેષ કરવો તેને **ભાવના** કહેવાય છે.

મનને અશુભ વિચારોમાં જતું રોકવું અને શુભવિચારોમાં જોડવું તેનો જ સતત અભ્યાસ પાડવો તે **ભાવના** કહેવાય છે. આવા પ્રકારની ભાવનાઓ નિરંતર ભાવવા વડે આ આત્મા વિશેષ વિશેષ શુદ્ધિને (નિર્મળતાને) પ્રાપ્ત કરે છે.

આવા પ્રકારની ભાવનાઓથી વાસિત થયેલો (અર્થાત્ સંસ્કારિત થયેલો) આ જીવ વિશુદ્ધિને અર્થાત્ નિર્મળતાને તથા ગાથામાં લખેલા च શબ્દથી ભવના નિર્વેદ નામના ગુણને એટલે કે સંસારની અસારતાને તથા સાંસારિક સર્વે પણ ભાવો ક્ષણિક છે. આવી ભાવનાને પ્રાપ્ત કરવારૂપે આ જીવ પ્રયત્નશીલ થાય છે. સારાંશ કે સાંસારિક તમામ ભાવો પછી ભલે તે ગમે તેટલા ઉચ્ચકોટિના પ્રાપ્ત કર્યા હોય તો પણ આ જીવ જીવતો હોય ત્યારે જ ઘણીવાર ચાલ્યા જાય છે.

જીવનમાં ચઢતી અને પડતી આવ્યા જ કરતી હોય છે અને કદાચ પ્રાપ્ત કરનારો આ જીવ જીવે ત્યાં સુધીમાં કદાચ ન પણ ચાલ્યા જાય તો પણ તે સર્વે પણ પ્રાપ્ત કરેલા અને સારી રીતે બુદ્ધિપૂર્વક વિકસાવેલા સર્વે પણ ભાવોને મુકીને જ આ જીવ ભવાન્તરમાં જાય છે. માટે આ ભૌતિક કરેલો વિકાસ કાયમી નથી. આત્માની સાથે તે વિકાસ સદાકાળ ક્યારેય રહેતો નથી.

આવા પ્રકારના જીવ તથા અજીવ દ્રવ્ય આશ્રિત ગુણોનો અને પર્યાયોનો જાણ્યો છે સાચો મર્મ જેણે એવો જીવ જ્ઞાની થયા પછી આ પ્રમાણે આવા પ્રકારના વિચારો તથા ચિંતન અને મનન હૃદયના ભાવપૂર્વક કરે છે. પોતાનામાં પ્રાપ્ત થયેલી આવી ઊંડી સમજણ વડે સમસ્ત વિશ્વનો સાર શું છે ? કયું કયુ સ્વરૂપ મને ઉપકારક છે ? અને કયું કયું સ્વરૂપ મને બાધક (અપકારક) છે તે સંબંધી વિચારણા કરવા વડે તેમાં જ વધારે ને વધારે લયલીન થઈ જાય છે.

પોતાને જ પ્રાપ્ત થયેલા શાસ્ત્રીય જ્ઞાન દ્વારા તથા ગુરુગમ અને શાસ્ત્રો આદિ બાહ્ય સાધનો દ્વારા જાણ્યો છે વિશ્વનો સાર જેણે એવો આ જીવ અથવા જાણ્યો છે જગદ્વર્તી તત્ત્વોનો સાર જેણે એવો આ જીવ અતિશય નિર્ણયાત્મક વિચારો કરવાવાળો પરિપક્વ થયેલો એવો આ જીવ પોતાના મનમાં જ પોતે જાતે જ આવા આવા (હવે જણાવાય છે તેવા) ઉમદા વિચારો કરે છે.

પ્રશ્ન : આ જીવ આવા પ્રકારના જ્ઞાનવાળો થઈને જ્ઞાનગુણ વડે જાણ્યું છે જગતનું ક્ષણભંગુર સ્વરૂપ જેણે એવો આ જીવ પાકો થઈને હવે વિચારો કેમ કરે છે ? આવા પ્રકારનો આ જ્ઞાનગુણ (સુંદર આવડત) મેળવ્યા પૂર્વે જ આવા ઉત્તમ વિચારો કેમ કરતો નથી ?

ઉત્તર : શાસ્ત્રોનો નિત્ય અભ્યાસ થવાથી તથા સદ્ગુરુના સંપર્કથી તથા તેવા પ્રકારના જ્ઞાનગોષ્ઠીના ઉત્તમ વ્યવહારોથી આ જીવ હવે સુનિશ્ચિત બુદ્ધિવાળો બન્યો છે. અર્થાત્ વિચારો કરવાથી પરિપક્વ બુદ્ધિવાળો બન્યો છે. તે માટે હવે ભૂલ થવાનો ભય નથી તે માટે હવે જ આવા ઉત્તમ કોટિના વિચારો કરવાની તક આ જીવને આવે છે.

વારંવાર શાસ્ત્ર પાઠોના અભ્યાસ દ્વારા તથા ગુરુજીના માર્ગદર્શન દ્વારા અતિશય સુનિશ્ચિત થઈ છે બુદ્ધિ જેની એવો આ જીવ સમ્યગ્જ્ઞાની બનવાથી જરા પણ ઉલટી પ્રવૃત્તિ (સંસાર વધે, ભવપરંપરા વધે, ભવપરંપરામાં ઘણું રખડવું પડે તેવી પ્રવૃત્તિ) ન કરવાની થઈ છે બુદ્ધિ જેની એવો આ જીવ હવે કહેવાતા (જણાવાતા) ઉત્તમ ઉત્તમ વિચારો ઉપર આરૂઢ થાય છે. આત્મભાવમાં વિકાસ પામે છે.

પોતાના અભ્યાસ પ્રમાણે તથા સદ્ગુરુની હિતકારિણી દોરવણી પ્રમાણે પોતાના આત્માના કલ્યાણને કરનારા એવા હવે જણાવાતા ઉત્તમોત્તમ વિચારો ઉપર આરૂઢ થાય છે. પોતાનું ચિત્ત સંવેગ અને વૈરાગ્યના સંસ્કારોથી અતિશય ભીનું ભીનું બન્યું છે ત્યારે જ હવે જણાવાતા શ્રેષ્ઠ વિચારો આ જીવને આવે છે અને હોંશે હોંશે તે વિચારોમાં આ જીવ ગરકાવ થઈ જાય છે.

આ જીવે ઉત્તમ સંસ્કારો પ્રાપ્ત કરેલા છે. તથા જ્ઞાનાભ્યાસ પણ સારો એવો કરેલો છે. તથા પોતાનો આત્મા આવા ઉત્તમ વિચારોરૂપી જ્ઞાનધનમાં ડૂબેલો છે. સારી એવી જ્ઞાનસાધના કરેલી છે તેથી જ આવા ઉત્તમ વિચારો આ જીવને સુઝે છે. આવા ઉત્તમ વિચારો આ જીવને જે આવે છે, તે હવે જણાવાશે. ॥૩૧॥

અવતરણ : उक्ता ज्ञानभावना । साम्प्रतं दर्शनभावना स्वरूपगुणदर्शनार्थमिदमाह – યથાયોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરેલ હોવાથી જ્ઞાનભાવના સમાપ્ત થઈ, હવે દર્શનભાવનાના સ્વરૂપને જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-

संकाइदोसरहिओ, पसमथेज्जाइगुणगणोवेओ ।
होइ असंमूढमणो दंसणसुद्धीए झाणंमि ॥३२॥

ગાથાર્થ : શંકા-આકાંક્ષા આદિ દોષોથી (અતિચારોથી) રહિત થયેલો તથા પ્રશમભાવ-સ્થિરતાભાવ ઈત્યાદિ ગુણોના સમૂહથી ભરપૂર ભરેલો એવો તથા અસંમૂઢ (ભ્રમ વિનાનો) અર્થાત્ સજાગ છે ચિત્ત જેનું એવો આ જીવ દર્શનશુદ્ધિપૂર્વક ધ્યાનદશામાં વર્તે છે. ॥૩૨॥

ટીકા : "शङ्कादिदोषरहितः" = शङ्कनं = शङ्का, आदिशब्दात् काङक्षादिपरिग्रहः, उक्तं च = "शङ्का-काङक्षा-विचिकित्सा-ऽन्यदृष्टिप्रशंसा-परपाखण्डसंस्तवाः सम्यग्दृष्टेरतिचाराः (तत्त्वार्थसूत्र अध्याय-७, सूत्र-१९) इति ।" एतेषां च स्वरूपं प्रत्याख्यानाध्ययने न्यक्षेण वक्ष्यामः

तत्र शङ्कादय एव सम्यक्त्वाख्यप्रथमगुणातिचारत्वात् दोषाः शङ्कादिदोषास्तैः रहितः = त्यक्तः उक्तदोषरहितत्वादेव, किं ? "प्रशमस्थैर्यादिगुणगणोपेतः" = तत्र प्रकर्षेण श्रमः = प्रश्रमः - खेदः, स च स्वपरसमयतत्त्वाधिगमरूपः, स्थैर्यं तु जिनशासने निष्प्रकम्पता, आदिशब्दात्प्रभावनादि-परिग्रहः ।

उक्तं च =

सपरसमयकोसल्लं थिरया जिणसासणे पभावणया ।
आययणसेव भत्ती दंसणदीवा गुणा पंच ॥१॥

प्रश्रमस्थैर्यादय एव गुणास्तेषां गणः - समूहस्तेनोपेतो = उक्तो यः सः तथाविधः । अथवा प्रशमादिना स्थैर्यादिना च गुणगणेनोपेतः २, तत्र प्रशमादिगुणगणः-प्रशम-संवेग-निर्वेदाऽनुकम्पा-ऽऽस्तिक्याभिव्यक्तिलक्षणः स्थैर्यादिस्तु दर्शित एव । य इत्थम्भूतः असौ भवति "असम्भूढमनाः" तत्त्वान्तरेऽ भ्रान्तचित्त इत्यर्थः । "दर्शनशुद्धया" उक्तलक्षणया हेतुभूतया, क्व ? ध्यान इति गाथार्थः ॥३२॥

વિવેચન : આત્માના "સમ્યક્ત્વ" નામના મૂલભૂત ગુણમાં નીચેના પાંચ દોષો (અતિચારો) ત્યજવા યોગ્ય કહ્યા છે. (૧) શંકા, (૨) કાક્ષા, (૩) વિતિગિચ્છા, (૪) અન્યદૃષ્ટિનો પરિચય, અને (૫) અન્યદૃષ્ટિપ્રશંસા, આ પાંચ જે દોષો છે તે સમ્યક્ત્વગુણના પાંચ અતિચારો છે. તેથી સમ્યક્ત્વી આત્માને આ પાંચ દોષો (અતિચારો) ત્યજવા યોગ્ય છે. એટલે આ પાંચ દોષોનો ત્યાગ જ કરવો જોઈએ.

જો કે મૂલગાથામાં **શંકા** શબ્દ જ લખેલો છે. તો પણ **આદિ** શબ્દથી આકાંક્ષા વિતિગિચ્છા વિગેરે પાંચે અતિચારો લઈ લેવા તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં અધ્યાય ૭માંમાં સૂત્ર ૧૮માં કહ્યું છે કે –

"शङ्का-काङ्क्षा-विचिकित्साऽन्यदृष्टिप्रशंसा-परपाखण्ड-संस्तवसम्यग्दृष्टेरतिचाराः" (तत्त्वार्थसूत्र अ.७, सूत्र १८)

ઉપરોક્ત પાંચે અતિચારોનું વિશેષ વર્ણન અમે આગળ ઉપર પ્રત્યાખ્યાન નામના અધ્યયનમાં કહેવાના છીએ. એટલે અહીં બહુ વિસ્તારપૂર્વક કરતા નથી તો પણ સંક્ષેપથી તે અતિચારો આ પ્રમાણે છે :

शङ्कनं शङ्का, भगवदर्हत्प्रणीतेषु पदार्थेषु धर्मास्तिकायादिष्वत्यन्तगहनेषु मतिदौर्बल्यात् सम्यगनवधार्यमाणेषु संशय इत्यर्थं किमेवं स्याद् नैवमिति संशयकरणं शङ्का = ભગવાન શ્રી તીર્થંકર પરમાત્માએ જણાવેલ અને અત્યંત ગહન એવા ધર્માસ્તિકાયાદિ પદાર્થોનું સ્વરૂપ પોતાની બુદ્ધિની દુર્બળતાના કારણે સારી રીતે કદાચ જાણી ન શકાય ત્યારે તે પદાર્થોમાં આ જીવને આવી શંકા થાય છે કે શું આ ધર્માસ્તિકાયાદિ પદાર્થો હશે કે નહી હોય ? અને કદાચ હશે તો પણ શું આમ જ હશે કે અન્યથા હશે ? આવા પ્રકારની મનમાં શંકા કરવી તે શંકા નામનો પ્રથમ દોષ (પ્રથમ અતિચાર) જાણવો.

सा पुनर्द्विभेदा-देशशङ्का सर्वशङ्का च, देशशङ्का देशविषया यथा किमयमात्माऽसङ्ख्येय प्रदेशात्मकः स्यादथ निष्प्रदेशो निरवयवः स्यादिति । सर्वशङ्का पुनः सकलास्तिकायजात एव किमेवं नैवं स्यादिति ।

તે શંકા નામનો પ્રથમ અતિચાર બે પ્રકારનો છે. (૧) દેશથી શંકા તથા (૨) સર્વથી શંકા. ત્યાં છ દ્રવ્યોમાંથી કોઈ પણ એક દ્રવ્ય વિષે કે તેના સ્વરૂપ વિષે જે શંકા કરવી તે દેશશંકા કહેવાય છે. જેમ કે જે આ આત્મા નામનું દ્રવ્ય જૈનશાસ્ત્રોમાં કહેવાય છે તે શું અસંખ્યાત પ્રદેશાત્મક છે કે નિષ્પ્રદેશી (પ્રદેશો વિનાનું) દ્રવ્ય છે કે નિરવયવી (અવયવ વિનાનું) દ્રવ્ય છે ? કે અનંત પ્રદેશોવાળું આ આત્મદ્રવ્ય છે ! ઈત્યાદિ જે શંકા કરવી તે એકદ્રવ્ય વિષયક શંકા હોવાથી દેશશંકા કહેવાય છે.

તથા છએ દ્રવ્યોને વિષે જે શંકા કરવી તે સર્વશંકા કહેવાય છે. જેમ કે ધર્માસ્તિકાયાદિ છએ દ્રવ્યોવાળું આ જગત હશે ? કે છ દ્રવ્યો વિનાનું શૂન્યાત્મક આ જગત હશે ? આવી શંકા થાય તે સર્વશંકા નામનો દોષ કહેવાય અથવા અતિચાર કહેવાય. શું આમ હશે કે શું આમ નહી હોય ? આવી કલ્પના તે શંકા નામનો અતિચાર.

मिथ्यादर्शनं च त्रिविधम्-अभिगृहीताऽनभिगृहीतसंशयभेदात्, तत्र संशयो मिथ्यात्वमेव यदाहः —

મિથ્યાત્વ ત્રણ પ્રકારનું છે. (૧) અભિગૃહીત, (૨) અનભિગૃહીત, (૩) સાંશયિક. ત્યાં પરમાત્માના કહેલાં તત્ત્વોમાં શંકા કરવી. આ સાચું હશે કે કેમ ? ઈત્યાદિ સવાલો કરવા તે સાંશયિક મિથ્યાત્વ કહેવાય છે. તે માટે પરમાત્માના કહેલા કોઈ પણ ભાવમાં નાની પણ શંકા કરવી નહી. કારણકે આ તત્ત્વ કહેનારા પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ ત્રિકાળજ્ઞાની છે. સર્વે પણ વસ્તુઓને યથાર્થપણે જાણે છે. કોઈપણ પદાર્થનું અલ્પ પણ અજ્ઞાન તેઓમાં નથી તથા રાગ-દ્વેષથી રહિત વીતરાગ પરમાત્મા છે તેથી તેઓને જુઠુ બોલવાનું કોઈ પણ પ્રયોજન નથી તથા વળી આવી ઉચ્ચ અવસ્થાએ પહોંચેલા મહાત્માઓ શા માટે જુઠુ બોલે ? તે માટે તેઓની વાણી પૂર્ણપણે યથાર્થ છે જે વસ્તુ જેમ છે તેમ જ તેઓ કહેનારા છે તે કારણથી તેઓનું વચન સો ટચના સોના જેવું સંપૂર્ણ સત્ય છે. પૂર્વના મહાપુરૂષોએ શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

पयमक्खरं च एक्कं जो न रोएइ सुत्तनिदिट्ठं ।
सेसं रोयंतो वि हु मिच्छद्दिट्ठी मुणेयव्वो ॥१॥

(पदमक्षरं चैकं यो न रोचयति सूत्रनिर्दिष्टम् ।
शेषं रोचयन्नपि मिथ्यादृष्टिर्ज्ञातव्यः ॥१॥)

"પરમાત્માના કહેલાં સૂત્રોમાંનું એક પણ પદ અથવા એક પણ અક્ષર જે ન માને તે જીવ શેષ બધુ માને તો પણ પરમાત્મા પ્રત્યે પૂર્ણવિશ્વાસ ન હોવાથી મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે." તથા

सूत्रोक्तस्यैकस्याप्यरोचनादक्षरस्य भवति नरः ।
मिथ्यादृष्टिः सूत्रं हि नः प्रमाणं जिनाज्ञा (जिनाभिहितं) च ॥१॥

एकस्मिन्नप्यर्थे सन्दिग्धे प्रत्ययोऽर्हति हि नष्टः ।
मिथ्यादर्शनं तत्स चादिहेतुर्भगवतीनाम् ॥२॥

तस्मात् मुमुक्षुणा व्यपगतशङ्केन सता जिनवचनं सत्यमेव सामान्यतः प्रतिपत्तव्यं, संशयास्पदमपि सत्यम्, सर्वज्ञाभिहितत्वात्, तदन्यपदार्थवत् । मतिदौर्बल्यादिदोषात्तु कात्स्न्र्येन सकलपदार्थस्वभावावधारणमशक्यं छद्मस्थेन यदाह –

સૂત્રમાં કહેલા અક્ષરોમાંથી એક અક્ષર પણ જે ન માને તો તે મિથ્યાદૃષ્ટિ કહેવાય છે તો જે જીવને ભગવંતે કહેલું સૂત્ર જ જો પ્રમાણ નથી તથા જિનેશ્વર પ્રભુની આજ્ઞા જ જો પ્રમાણભૂત નથી તો તેને તો નિયમા મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે.

પરમાત્માએ કહેલા અર્થોમાંથી જો એક અર્થ પણ આ જીવ ન સ્વીકારે તો પરમાત્મા ઉપર સર્વજ્ઞપણાનો વિશ્વાસ ન હોવાથી સમ્યક્ત્વથી વિનાશ પામ્યો જ કહેવાય. અને તે કારણથી જ જો તે જીવ મિથ્યાદૃષ્ટિ જ છે તો પછી ભગવાનની સર્વ પણ વાણીને ન માનવામાં પણ તે જ કારણ બને છે. બાકીની જે વાત ભગવાને કહેલી તેણે માની છે તે પણ તેની પોતાની બુદ્ધિમાં બેઠી છે માટે માની છે. પરંતુ સર્વજ્ઞ ભગવંતો ઉપરના સર્વજ્ઞપણાના અહોભાવથી કે બહુમાનના ભાવથી તે વાત સ્વીકારી નથી. માટે આવા જીવોને મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે.

પરમાત્માના કહેલા અર્થોમાંથી એક અર્થ પણ જો આ જીવ ન સ્વીકારે તો પરમાત્મા ઉપરનો વિશ્વાસ નાશ પામ્યો હોવાથી મિથ્યાત્વી જ કહેવાય છે. તેનાથી ભગવાનની સર્વ પણ વાણી ન માનવાનું કારણ બને છે. જે કંઈ માને છે તે પોતાને સમજાયું છે એટલે માને છે. પરંતુ પરમાત્મા પ્રત્યેના વિશ્વાસથી આ જીવ માનતો નથી. ॥૧॥

તે કારણથી મુમુક્ષુ આત્માએ સંપૂર્ણપણે શંકા આદિ અતિચારો દૂર કરીને જિનેશ્વર પરમાત્માનું વચન સામાન્યથી સંપૂર્ણ સત્ય માનવું જોઈએ જે વિષયમાં શંકા રહે છે તે પણ વચન છે તો સત્ય જ, માત્ર તે વચન આપણી બુદ્ધિમાં બરાબર ઉતરતું નથી. અર્થાત્ ન સમજાય તે આપણું જ અજ્ઞાન છે. છદ્મસ્થ આત્મા જ્ઞાનાવરણીયના ઉદયવાળા છે તેથી તે વચન તેને સમજાતું નથી પરંતુ છે તો સંપૂર્ણ સત્ય જ. આમ જ માનવું જોઈએ. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે :-

न हि नामानाभोगश्छद्मस्थस्येह कस्यचिन्नास्ति ।
ज्ञानावरणीयं हि ज्ञानावरणप्रकृति कर्म ॥१॥

इह चोदाहरणं =

આ સંસારમાં છદ્મસ્થ આત્માને કોઈને પણ અનાભોગપણું (અજાણપણું) નથી એમ નહી અર્થાત્ અજાણપણું છે જ. કારણ કે સર્વે પણ છદ્મસ્થોને જ્ઞાનાવરણીય નામનું જે કર્મ છે તે જ કર્મ જ્ઞાનને આચ્છાદિત કરવાના સ્વભાવવાળું જ છે. આ વિષય ઉપર ગ્રંથકારશ્રી એક દૃષ્ટાન્ત સમજાવે છે.

जो संकं करेइ सो विणस्सति, जहा सो पेज्जायओ, पेज्जाए मासा जे परिभज्जमाणा ते छूढा, अंधगारए लेहसालाओ आगया दो पुत्ता पियंति, एगो चिंतेति - एयाओ मच्छियाओ, संकाए तस्स वग्गुलो वाउ जाओ मओ य । बिइयो चिंतेइ = न मम माया मच्छिया देइ, जीओ, एते दोसा (यः शङ्कां करोति, स विनश्यति, यथा स पेयापायी, पेयायां माषा ये परिभृज्ज्यमानास्ते क्षिप्ताः, अन्धकारे

लेखशालायाः आगतौ द्वौ पुत्रौ, पिबतः, एकश्चिन्तयति-एताः मक्षिकाः, शङ्कया तस्य वल्गुलो वायुर्जातो, मृतश्च । द्वितीयश्चिन्तयति न मह्यं माता मक्षिका दद्यात्, जीवितः, एते दोषाः) ।

જે શંકા કરે છે તે વિનાશ પામે છે. જેમ કે રાબડીને પિનારો તે પ્રથમ બાળક, માતાએ બન્ને બાળકને વાટકામાં રાબડી આપી. પહેલો છોકરો જ્યારે રાબ પીએ છે ત્યારે તે રાબડીમાં તેની માતાએ શેકાતા એવા ગરમાગરમ અડદના દાણા તેમાં નાખેલા. અંધારામાં લેખશાળાથી આવેલા તે બન્ને બાળકો આ રાબડીને પીવા લાગ્યા. ત્યાં પ્રથમ એકે મનમાં વિચાર કર્યો કે આ રાબડી પીવામાં ઘણી ઘણી માખીઓ આવે છે. રાબડીમાં માખીઓ રંધાઈ ગઈ હોય તેમ લાગે છે તેથી શંકા થવાથી આ રાબ ઉપર ઘણી જ અરૂચિ અને અપ્રીતિ થઈ તેથી શરીરમાં ઉલટી કરાવે તેવો વાયુ ઉત્પન્ન થવાથી ઉલટી થઈ તેથી તે પ્રથમ બાળક મૃત્યુ પામ્યો. જ્યારે બીજા પુત્રે વિચાર્યું કે મારી માતા મને માખિઓવાળી રાબડી આપે જ નહીં માટે આ માખીઓ નથી તેથી તેણે હોંશે હોંશે રાબડી પીધી. પણ મૃત્યુ ન પામ્યો. પણ બરાબર જીવ્યો આ પ્રમાણે પહેલા છોકરાએ શંકા કરી જેથી પ્રથમ છોકરો મૃત્યુ પામ્યો તેમ પરમાત્માના વચનમાં જે શંકા કરે છે તે સમ્યક્ત્વને કલંકિત કરે છે. આ પ્રમાણે **શંકા** નામનો પ્રથમ અતિચાર સમ્યક્ત્વ વ્રતમાં સમજાવ્યો. હવે કાંક્ષા નામનો બીજો અતિચાર સમજાવાય છે :-

काङ्क्षणं काङ्क्षा - सुगतादिप्रणीतदर्शनेषु ग्राहोऽभिलाषः इत्यर्थः तथा चोक्तम् "कंखा अन्नन्नदंसणग्गाहो" सा पुनर्द्विभेदा (१) देशकाङ्क्षा, (२) सर्वकाङ्क्षा च, देशकाङ्क्षा एकदेश-विषया । एकमेव सौगतं दर्शनं काङ्क्षति, चित्तजयोऽत्र प्रतिपादितोऽयमेव च प्रधानो मुक्तिहेतुरित्यतो घटमानकमिदं न दूरापेतमिति । सर्वकाङ्क्षा तु सर्वदर्शनान्यवकाङ्क्षति । अहिंसादिप्रतिपादनपराणि सर्वाण्येव कपिलकणभक्षाक्षपादादि मतानीह लोके च नात्यन्तक्लेशप्रतिपादनपराणि अतः शोभनान्येवेति अथवैहिकामुष्मिकफलानि काङ्क्षति, प्रतिषिद्धा वेयमर्हद्भिरतः प्रतिषिद्धानुष्ठानादेनां कुर्वतः सम्यक्त्वा-तिचारो भवति । तस्मादेकान्तिकमव्याबाधमपवर्गं विहायान्यत्र काङ्क्षा न कार्येति । एत्थोदाहरणं =

ઈચ્છા કરવી તે **કાંક્ષા** કહેવાય છે. બૌદ્ધ આદિ અન્ય અન્ય દર્શનકારોએ કહેલાં. દર્શનશાસ્ત્રોને સ્વીકાર કરવાની ઈચ્છા તેને કાંક્ષા કહેવાય છે. આવો અર્થ કરવો. શાસ્ત્રમાં જ કહ્યું છે કે – "કાંક્ષા એટલે અન્ય અન્ય (નવા નવા) દર્શનોના મતોનો સ્વીકાર કરવાની તીવ્ર ઈચ્છા" તે કાંક્ષા પણ બે ભેદવાળી છે. (૧) દેશથી કાંક્ષા અને (૨) સર્વથી કાંક્ષા.

ત્યાં દેશકાંક્ષા એટલે કે એક દેશના વિષયવાળી એવી જે કાંક્ષા તે. જેમ કે એક બૌદ્ધદર્શનને જ ઈચ્છે અથવા એક ન્યાયદર્શનને જ, અથવા વૈશેષિક દર્શનને જ ઈચ્છે. કારણ કે આ દર્શનમાં ચિત્ત ઉપરનો વિજય જણાવેલો છે. આ જ માર્ગ બરાબર મુક્તિનું પ્રધાનપણે

કારણ છે. આ પ્રમાણે આ વાત બરાબર ઘટે જ છે. તે માટે આ વાત જરા પણ દૂર કરવા જેવી નથી. માનવા જેવી જ છે આમ એકદર્શનના મતને મહત્ત્વ આપવું તે દેશકાડક્ષા.

હવે સર્વકાડક્ષા સમજાવાય છે. સર્વે પણ દર્શનોના મતને જે સ્વીકારે, કોઈનો પણ નિષેધ ન કરે, આ દર્શનની વાત પણ માનનીય છે. સર્વે પણ દર્શનકારો જેમ કે કપિલઋષિ, કણાદઋષિ અને અક્ષપાદઋષિ વિગેરે મહાત્માઓના મતો આ લોકમાં સ્વીકારવા જેવા છે. આ લોકમાં આત્માનું હિત કરનારાં આ દર્શનો છે. પણ અતિશય કલેશવાળાં ધર્મકાર્યોનું પ્રતિપાદન કરનારાં નથી. આ કારણથી સર્વ ઋષિઓનાં દર્શનો સારાં જ છે. આવી માનસિક જે વિચારણા તે સર્વકાડક્ષા કહેવાય છે.

અથવા તે સર્વ દર્શનો આ લોકમાં અને પરલોકમાં સુખસમૃદ્ધિ રૂપ ફળને આપનારાં છે. સાંસારિક સાનુકૂળતા આપનારાં છે. માટે સ્વીકારવા જેવાં છે અને અરિહંત પરમાત્મા વડે આવાં સાંસારિક ફળ આપનારાં ધર્મકાર્યોનો ધર્મ તરીકે નિષેધ કરાયો છે. આ કારણથી જૈન શાસ્ત્રોમાં નિષેધેલાં કાર્યોને આચરવાથી આવાં નિષિદ્ધ કાર્યો કરનારાને સમ્યક્ત્વના વ્રતમાં અતિચારો લાગે છે.

તે કારણથી એકાન્તિક અવ્યાબાધ સુખવાળા અપવર્ગને (મોક્ષને) ત્યજીને આવા સાંસારિક સુખોવાળા કાર્યોની ઈચ્છા ન કરવી એ જ આ વાતનો પરમાર્થ છે. આ વિષય ઉપર એક કથા સમજાવે છે તે ઉદાહરણ આ પ્રમાણે છે –

राया कुमारामच्चो य आसेणावहिया अडविं पविट्ठा छुहापरद्धा वणफलाणि खायंति, पडिनियत्ताण राया चिंतेइ । लड्डुयपूयलगमादीणि सव्वाणि खामि, आगया दोवि जणा । रण्णा सूयारा भणिया – जं लोए पयरइ, तं सव्वं सव्वं रंधेहत्ति । उवट्ठवियं च रन्नो, सो राया पेच्छणयदिट्ठंतं करेइ । कप्पडिया बलिएहिं धाडिज्जइ । एवं मिट्ठस्स अवगासो होहितित्ति कणकुंडगादीणिवि खइयाणि । तेहिं सूलेण मओ । अमच्चेण वमणरेयणाणि कयाणि । सो आभागी भोगाण जाओ । इतरो विणट्ठो

अत्रोदाहरणं = राजा कुमारामात्यश्चाश्वेनापहृतावटवीं प्रविष्टौ । क्षुधापरिगतौ वनफलानि खादतः । प्रतिनिवृत्य राजा चिन्तयति । लड्डुकापूपादीनि सर्वाणि खादामि । आगतौ द्वौ अपि जनौ । राज्ञा सुदा भणिताः । यल्लोके प्रचरति तत् सर्वं सर्वे राध्यतेति । उपस्थापितं च राज्ञे । स राजा प्रेक्षणकदृष्टान्तं करोति । कार्पटिका बलिभिर्धाट्यन्ते । एवं मिष्टस्यावकाशो भविष्यतीति कणकुण्डकमण्डकादीन्यपि खादितानि । तैः शूलेन मृतः । अमात्येन वमनविरेचनानि कृतानि । स भोगानामाभागी जातः । इतरो विनष्टः ।)

વિવેચન : રાજા અને યુવાન એવો પ્રધાન એમ આ બન્નેનું ઘોડા વડે અપહરણ કરાયું / (તેજવાન ઘોડા વડે) બન્નેને ભયંકર અટવીમાં (ગાઢ જંગલમાં) લઈ જવાયા / ક્ષુધાથી (ભૂખ-તરસથી) વ્યાપ્ત થયેલા તે બન્ને અરણ્યમાં રહેલાં વૃક્ષોનાં ફળો ખાવા લાગ્યા / પાછા ફરીને રાજા મનમાં વિચારે છે / લાડુ પુડલા વિગેરે સર્વે પણ ખાદ્યસામગ્રી હું ખાઈ જાઉં / ત્યાં બન્ને માણસો (રાજા અને પ્રધાન એમ બન્ને પુરૂષો) ત્યાં આવ્યા ઘરે આવ્યા / રાજા વડે રસોઈયાને કહેવાયું કે / લોકમાં જે જે વસ્તુ ખાવા યોગ્ય ગણાતી હોય તે સર્વે વસ્તુઓ તમે સર્વે (સાથે મળીને) બનાવો / (રસોઈઆઓએ બધી જ વસ્તુ તૈયાર કરીને) રાજા પાસે રજુ કરી / તે રાજા આવેલી તૈયાર રસોઈને જોવાનું અનુકરણ કરે છે / ત્યાં ચોર લોકો બળવાન સૈનિકો સાથે ધાડ પાડે છે / અહીં મીઠાઈ વિગેરે પદાર્થો ખાવા મળશે એવો અવકાશ છે એમ સમજીને ધાડ પડાય છે / ત્યાં કણ (કાચા દાણા) કુંડક (જલેબી) મંડક (પુડલા) વિગેરે સર્વે પદાર્થો ખવાય છે / તે અતિશય ભારે ખોરાક ખાવાથી શૂલના રોગથી રાજા મૃત્યુ પામ્યો / પણ મંત્રી વડે ખાધા પછી પોતાના મુખમાં આંગળીઓ નાખવા દ્વારા ઉલટી વિગેરે કરાઈ, જેથી તે મંત્રી સાજો તાજો થઈને ભોગોને ભોગવનારો બન્યો અને તેની સાથેનો બીજો જીવ (રાજા) મૃત્યુ પામ્યો.

કાંક્ષા ઉપર આ કથા છે. રાજાએ ગમે તે રાંધ્યું હોય તે ખાવાની તૈયારી કરી જેથી મૃત્યુ પામ્યા. જ્યારે તેની જ સાથે રહેલા પ્રધાને વમન કરીને અયોગ્ય ખોરાકને કાઢી નાખ્યો તો તે બચી ગયો. તેમ ગમે તેવી ભોગની ઈચ્છાઓ કરવી નહી. એમ કાંક્ષામોહ ઉપર વિજય મેળવવા માટેની આ કથા છે.

चिकित्सा मतिविभ्रमः । युक्त्यागमोपपन्नेऽप्यर्थे फलं प्रति सम्मोहः । किमस्य महतस्तपसः क्लेशायासस्य सिकताकणकवलनदेशयत्यां मम फलसम्पद् भविष्यति किं वा नेति ? उभयथेह क्रियाः फलवत्यो निष्फलाश्च दृश्यन्ते कृषीवलानां । न चेयं शङ्कातो न भिद्यते इत्याशङ्कनीयं । शङ्का हि सकलासकलपदार्थभाक्त्वेन द्रव्यगुणविषया । इयं तु क्रियाविषयैव । तत्त्वतस्तु सर्वे एते प्रायो मिथ्यात्वमोहनीयोदयतो भवन्तो जीवपरिणामविशेषाः सम्यक्त्वव्रतातिचारा उच्यन्ते । न सूक्ष्मेक्षिकाऽत्र कार्येति । इयमपि न कार्या । यत सर्वज्ञोक्तकुशलानुष्ठानाद् भवत्येव फलप्राप्तिरिति । अत्र चौरोदाहरणं =

સમ્યક્ત્વ વ્રતનો ચિકિત્સા નામનો ત્રીજો અતિચાર સમજાવે છે. ચિકિત્સા એટલે બુદ્ધિનો વિભ્રમ થવો તે / યુક્તિથી અને આગમથી બરાબર સંગત થતા અર્થમાં (પણ) ફળપ્રાપ્તિ પ્રત્યે મનમાં મૂંઝવણ રાખવી તે ચિકિત્સા નામનો ત્રીજો અતિચાર કહેવાય છે.

હું આવું મહાન તપ કરૂ તો છું. તેનાથી ઘણો કલેશ અને આયાસ (પ્રયત્ન વિશેષ) પ્રાપ્ત કરેલા એવા અને તથા રેતીના એક કણ જેટલા નાના એક કોળીયા પ્રમાણ ખોરાક

લેનારા એવા મને બીજું કંઈ ફળ મળશે કે બીજું કંઈ ફળ નહી મળે ? એમ મનમાં શંકા કરવી તે ચિકિત્સા. કારણ કે ખેડુતોની ખેતીની ક્રિયા ફળવાળી અને નિષ્ફળ એમ બન્ને પ્રકારની હોય છે. તેની જેમ મારી આ ધર્મક્રિયા ફળવાળી બનશે કે ફળ વિનાની બનશે ? આવી મનમાં ફળની અપેક્ષાવાળી બુદ્ધિથી વિચારણા કરવી તે ચિકિત્સા નામનો ત્રીજો અતિચાર જાણવો.

આ ચિકિત્સા (નામનો ત્રીજો અતિચાર) શંકા નામના પ્રથમ અતિચારથી કંઈ ભિન્ન નથી એવો વિચાર ન કરવો. કારણ કે શંકા નામનો જે અતિચાર છે. તે સકલ પદાર્થવિષયક કે અસકલપદાર્થવિષયક હોવાના કારણે દ્રવ્ય તથા ગુણ એમ ઉભયના વિષયવાળી આ શંકા હોય છે. જ્યારે આ ચિકિત્સા નામનો અતિચાર તો ક્રિયા માત્રના વિષયવાળો જ છે દ્રવ્ય તથા ગુણવિષયક નથી.

તાત્ત્વિક રીતે વિચાર કરીએ તો આ સર્વે અતિચારો ઘણું કરીને મિથ્યાત્વ મોહનીયના ઉદયથી પ્રગટ થતા જીવના પરિણામ વિશેષ જ છે. આત્માના આવા પ્રકારના મોહગર્ભિત વિચારો એ જ સમ્યક્ત્વ વ્રતના અતિચારો કહેવાય છે. અહીં શંકા અને વિતિગિચ્છાના અર્થમાં સૂક્ષ્મદૃષ્ટિએ ઘણો ભેદ નથી. તથા સર્વથા ભેદ નથી જ એવી શંકા પણ ન કરવી. કારણ કે સર્વજ્ઞ ભગવંતોએ કહેલા પવિત્ર ધર્મ અનુષ્ઠાનો કાર્યક્ષયધર્મ અનુષ્ઠાનોના ફળની પ્રાપ્તિ અવશ્ય થાય જ છે. આ વિષય ઉપર શાસ્ત્રમાં બતાવેલું એક ચોરનું ઉદાહરણ આ પ્રમાણે છે :-

सावगो नंदीसरवरगमणं दिव्वगंधाणं तं देवसंघरिसेण मित्तस्स पुच्छणं विज्जाए दाणं साहणं मसाणे चउप्पायं सिक्कगं । हेट्ठा इंगाला खायरो य सूलो । अट्ठसयं वारा परिजवित्ता पाओ सिक्कगस्स छिज्जइ एवं बितिओ तइए चउत्थे य छिन्ने आगासेणं वच्चति । तेण विज्जा गहिया । किण्ह चउद्दसिरत्तिं साहेइ मसाणे । चोरो च नगरारक्खिएहिं परिरब्भमाणो तत्थेव अतियओ । ताहे वेढेउं सुसाणे ठिया पभाए घिप्पिहितित्ति । सो य भमंतो तं विज्जासाहयं पेच्छइ । तेण पुच्छिओ भणति । विज्जं साहेमि । चौरो भणति-केण दिण्णा ? सो भणति-सावगेण, चोरेण भणियं-इमं दव्वं गिण्हाहि, विज्जं देहि । सो सड्ढो वितिगिच्छति-सिज्जेज्जा न वत्ति । तेण दिण्णा । चोरो चिंतेइ-सावगो कीडियाएवि पावं नेच्छइ, सच्चमेयं ।

सो साहिउमारद्धो, सिद्धा (विज्जा) । इयरो सड्ढो गहिओ । तेण आगासगएण लोओ भेसिओ ताहे सो मुक्को । सड्ढावं दोवि जाया । एवं निवित्तिगिच्छेण होयव्वं ।

(चौरोदाहरणं = श्रावको नन्दीश्वरवरगमनं देवसंघर्षेण दिव्यगंधः मित्रस्य पृच्छा विद्याया दानं साधनं श्मशाने चतुष्पादं सिक्कमधस्ताद् अङ्गाराः खादिरश्च स्तम्भः अष्टशतं वारान् परिजप्य पादः सिक्कस्य छेद्यते । एवं द्वितीयः, तृतीये चतुर्थे च छिन्ने आकाशेन गम्यते । तेन विद्या गृहीता ।

कृष्णचतुर्दशीरात्रौ साधयति श्मशाने । चौरश्च नगरारक्षकैरुध्यमानस्तत्रैवातिगतस्तदा वेष्टयित्वा श्मशानं (ते) स्थिताः प्रभाते गृहीष्यते इति ।

स च भ्राम्यन् तं विद्यासाधकं प्रेक्षते । तेन पृष्ठो भणति-विद्यां साधयामि, चौरो भणति-केन दत्ता ? स भणति-श्रावकेण, चौरेण भणितं - इदं द्रव्यं गृहाण, विद्यां देहि, स श्राद्धो विचिकित्सति सिध्येद् न वेति, तेन दत्ता । चौरश्चिन्तयति-श्रावकः कीटिकाया अपि पापं नेच्छति । सत्यमेतत् । स साधयितुमारब्धः । सिद्धा (विद्या) । इतरः श्राद्धो गृहीतः । तेनाकाशगतेन लोको भाषितः । तदा स मुक्तः । श्रद्धावन्तौ द्वावपि जातौ । एवं निर्विचिकित्सेन भवितव्यं) ।

अथवा विद्वद्जुगुप्सा, विद्वांसः = साधवः विदितसंसारस्वभावाः परित्यक्तसमस्तसङ्गाः, तेषां जुगुप्सा = निन्दा, तथाहि-तेऽस्नानात् प्रस्वेदजलक्लिन्नमलत्वात् दुर्गन्धिवपुषो भवन्ति । तान् निन्दति । को दोषः स्यात् ? यदि प्रासुकेन वारिणाऽङ्गक्षालनं कुर्वीरन् भगवन्तः ? इयमपि न कार्या, देहस्यैव परमार्थतोऽशुचित्वात् ।

विवेचन : કોઈ એક શ્રાવકે નંદીશ્વર દ્વીપ તરફ ગમન કરવાના આશયપૂર્વક દિવ્ય ગંધવાળા દેવસંઘ નામના ઋષિ દ્વારા પોતાના મિત્રને (મિત્ર તુલ્ય અને વિદ્યાના જાણકાર એવા મિત્રને) પ્રશ્ન કરાયો કે વિદ્યાની સાધના કરવી હોય તો તેની વિધિ શું ? તે જાણકાર અનુભવી મિત્રે આ શ્રાવકને વિદ્યાનું દાન કર્યું. તે વિદ્યા સિદ્ધ કરવાની વિધિ એટલે કે સાધવાની વિધિ જણાવી કે શ્મશાનમાં જઈને ચારે દિશામાં ચાર દોરીઓ બાંધેલી હોય એવું એક સિક્કુ કરવું. તે સિક્કાની બરાબર નીચે આગના અંગારા મુકવા. એક ખાડામાં શૂલ ઊભી કરવી. ત્યારબાદ ૧૦૮ વાર મંત્રજાપ કરીને સિક્કાનો એક પાયો છેદવો. (એક બાજુની રસ્સી કાપવી) ત્યારબાદ બીજી બાજુનો પાયો કાપવો. (રસ્સી કાપવી) ત્યારબાદ અનુક્રમે સિક્કાની ત્રીજી બાજુની અને ચોથી બાજુની રસ્સી કાપવી તે કાપતાં જ આકાશ ગામિની વિદ્યા સિદ્ધ થાય છે અને સાધનારો તે જીવ આકાશ દ્વારા ગમન કરી શકે છે.

તે શ્રાવક વડે ઉપર સમજાવેલી વિધિપૂર્વક વિદ્યા સાધવાની રીતભાત ગ્રહણ કરાઈ, આસો વદ ચૌદસના દિવસે એટલે કે કાળી ચૌદસના દિવસે શ્મશાનમાં જઈને હું વિદ્યાની સાધના કરું. એમ વિચારીને વિદ્યાની સાધના કરવા તે વણીક શ્મશાનભૂમિમાં ગયો. બીજી બાજુ તે જ ગામમાં તે જ રાત્રિએ એક ચોરે ચોરી કરેલી. પોલીસ લોકો વડે તે ચોરને પકડવાનું કાર્ય શરૂ કરાયું. શ્મશાનમાં જો હું સંતાઈશ તો પોલીસો વડે આવા પ્રકારની અંધકારવાળી રાત્રિમાં હું પકડાઈશ નહી. એમ સમજીને તે ચોર શ્મશાનભૂમિમાં છુપાયો.

તે કાળે પોલીસ લોકોને થોડીક બાતમી મળી કે ચોરી કરનાર ચોર શ્મશાનભૂમિમાં છુપાયો છે. એટલે તે કાળે પોલીસ લોકો વડે શ્મશાનની ભૂમિને ચારે બાજુથી વીંટીને ઊભા

રહેવાયું, પ્રભાતે પ્રકાશ થશે ત્યારે અંદર જઈને તે ચોરને પકડીશું. હવે તે ચોર શ્મશાનની અંદર આમથી તેમ ફરતો હતો ત્યાં વિદ્યાની સાધના કરતા એવા તે શ્રાવકને આ ચોર નજરોનજર દેખે છે તે ચોર વડે શ્રાવકને પુછાયું કે આવી ગાઢ અંધારી રાત્રિમાં અને તે પણ શ્મશાનભૂમિમાં તમે આ શું કરો છો ? આવો પ્રશ્ન ચોર વડે પુછાયે છતે શ્રાવક વડે કહેવાયું કે હું વિદ્યાની સાધના કરું છું. ત્યારે ચોરે કહ્યું કે તમને આ વિદ્યા કોના વડે શીખવાડાઈ છે ? તે શ્રાવકે કહ્યું કે મને એક શ્રાવક વડે આ વિદ્યા ભણાવાઈ છે.

ચોરે કહ્યું કે હે શ્રાવક ! લે, આ ધન તું ગ્રહણ કર (જે હું મારા વ્યવસાયથી લાવ્યો છું. તે તું લઈ જા.) અને વિદ્યા મને આપ. શ્રાવક મનમાં વિચાર કરે છે કે વિદ્યા સિદ્ધ થાય અથવા કદાચ કંઈ અવિધિ સેવાઈ જાય તો તે વિદ્યા સિદ્ધ ન પણ થાય. પરંતુ ધન તો આજે આ માણસ મને આપે જ છે તો મારે વિદ્યાની સાધના કરીને શું કામ છે ? ધન તો તે આપે છે તે માટે તેની પાસેથી ધન હું લઈ લઉં અને વિદ્યા તેને આપી દઉં. એમ વિચારીને તે શ્રાવકે ચોર પાસેથી ધન લીધું. અને વિદ્યાની સાધના તેને આપી.

ચોર મનમાં વિચાર કરે છે કે શ્રાવક ક્યારેય પણ નાનામાં નાની કીડીને પણ દુઃખ ન થાય તેવા પરિણામવાળા હોય છે તેથી તે વિદ્યાની સાધના કરી ન શકે માટે તે સાધના હું જ કરું. એમ વિચારીને તે ચોરે જ વિદ્યાની સાધના ચાલુ કરી. તેને વિદ્યા સિદ્ધ થઈ. અને જે શ્રાવકે આ ચોર પાસેથી ધન લીધું હતું. તે શ્રાવક ધન લઈને શ્મશાનમાંથી બહાર નીકળવા ગયો ત્યાં બહાર ઊભેલા પોલીસો વડે તે શ્રાવકને જ (ચોર છે એમ સમજીને) પકડી લેવાયો.

તથા જેને વિદ્યાની સિદ્ધિ થઈ છે એવો તે ચોર આકાશગામિની વિદ્યા વડે આકાશમાં ઉડ્યો. આકાશમાં રહેલા તેના વડે બધા જ લોકોને અને ખાસ કરીને પોલીસ લોકોને કહેવાયું કે ચોરી તો મેં કરી છે આ શ્રાવકે કરી નથી. એમ સાચી વાણી આકાશમાં ઊભા રહીને બોલવાથી પોલીસ લોકોએ તે શ્રાવકને છોડી મુક્યો. શ્રાવક અને ચોર બન્ને બચી ગયા હોવાથી ધર્મ ઉપર ઘણી શ્રદ્ધાવાળા થયા. ધીરે ધીરે મનમાં ધર્મ ઉપરની શંકા = અશ્રદ્ધા - અણગમો છોડી દઈને વિતિગિચ્છા નામના અતિચાર વિનાના થયા. આ એક અર્થ વિતિગિચ્છા ઉપર સમજાવ્યો. હવે બીજો અર્થ પણ કહે છે.

અથવા વિતિગિચ્છા એટલે કે વિદ્વાનોની અર્થાત્ કે સાધુ મહાત્માઓની નિંદા કરવી તે પણ સમ્યક્ત્વ વ્રતનો અતિચાર કહેવાય છે. અહીં વિદ્વાન શબ્દથી સાધુ-સંતો સમજવા, જાણ્યો છે સંસારનો સ્વભાવ જેઓએ અને ત્યજી દીધો છે સર્વ સંસારીઓનો સંગ જેણે એવા જે મહાત્માઓ છે તેઓની નિન્દા કરવી તે પણ સમ્યક્ત્વ વ્રતના અતિચાર જ કહેવાય છે.

જેમ કે તે મહાત્માઓ છે ચારિત્રવાળા, પરંતુ સ્નાન ન કરતા હોવાથી, પરસેવારૂપી પાણીથી ભીંજાયેલા શરીરવાળા જ છે. તે માટે શારીરિક મેલવાળા છે તેથી તથા ઘણી દુર્ગંધ યુક્ત છે શરીર જેનું એવા તે મહાત્માઓ છે આમ તે મહાત્માઓની નિંદા કરે અને આવું કહે કે ઉકાળેલા અચિત્ત પાણીથી પણ આ સાધુ ભગવંતોએ સ્નાન કરવું જોઈએ.

સાધુ મહાત્માઓએ મનમાં ઉપર કહ્યા પ્રમાણે સ્નાન કરવાનો કે અંગપ્રક્ષાલન કરવાનો વિચાર પણ કરવો જોઈએ નહીં કારણ કે પરમાર્થથી વિચારીએ તો આખું શરીર જ અશુચિનો ભંડાર છે બધા ગંદા જ પદાર્થોનો ઉકરડો જ છે. માત્ર ઉપર ઉપર જ મખમલ મઢેલું છે. જ્યાં જ્યાં સોય છરી કે ચપ્પુ લગાવો ત્યાં ત્યાં બહુ જ અશુચિ જ વહયા કરે છે આ વિષય સમજાવવા માટે એક ઉદાહરણ કહે છે.

एत्थ उदाहरणं = एको सड्ढो पच्चंते वसति । तस्स धुयाविवाहे कहवि साहवो आगया । सा पिउणा भणिया । पुत्तग ! पडिलाहेहि साहुणो, सा मंडियपसाहिया पडिलाभेति । साहूण जल्लगंद्धो तीए अग्घाओ । चिंतेइ-अहो अणवज्जो भट्टारगेहिं धम्मो देसिओ, जइ फासुएण ण्हाएज्जा को दोसो होज्जा ? सा तस्स ठाणस्स अणालोइयपडिक्कंता कालं किच्चा रायगिहे गणियाए पोट्टे उववन्ना । गब्भगता चेव अरइं जणेति,गब्भपाडणेहिं य न पडइ । जाया समाणी उज्जिया । सा गंधेण तं वणं वासेति ।

सेणिओ य तेण पएसेण निग्गच्छइ । सामिणो वंदगो । सो खंधावारो तीए गंधं न सहइ । रण्णा पुच्छिअं किमेवंति ? कहियं दारियाए गंधो, गंतूण दिट्ठा । भणति = एसेव पढमपुच्छति गओ सेणिओ । पुव्वदिट्ठवृत्तंते कहिते भणइ राया = कहिं एसा पच्चणुभविस्सइ सुहं दुक्खं वा ? सामी भणइ = एएण कालेण वेदियं । सा तव चेव भज्जा भविस्सति अग्गमहिसी । अट्ठ संवच्छराणि जाव तुज्झं रममाणस्स पुट्ठीए हंसोवल्लोलीं काही तं जाणिज्जासि । वंदित्ता गओ ।

सो य अवहरिओ गंधो । कुलपुत्तएण साहरिया । संवड्ढिया जोव्वणत्था जाया । कोमुइवारे अम्मयाए समं आगया । अभओ सेणिओ (य) पच्छण्णा कोमुइवारं पेच्छंति तीए दारियाए अंगफासेण अज्झोववण्णो णाममुद्दं दसियाए तीए बंधति । अभयस्स कहियं-णाममुद्दा हारिया । मग्गाहि । तेण मणुस्सा दारेहिं ठविया । एक्केक्कं माणुस्सं पलोएउं नीणिज्जइ । सा दारिया दिट्ठा । चोरोत्ति गहिया । परिणीया य । अण्णया य वज्जुक्केण रमंति । रायाणिउं तेण पोत्तेण बाहेंति । इयरा पोत्तं देंति । सा विलग्गा, रण्णा सरियं पुक्का य पव्वइया । एयं विउदुगंछाफलं ।

(अत्रोदाहरणं = एकः श्राद्धः प्रत्यन्ते वसति । तस्य दुहितृविवाहे कथमपि साधवः आगताः । सा पित्रा भणिता । पुत्रिके ? प्रतिलम्भय साधून्, सा मण्डितप्रसाधिता प्रतिलम्भयति । साधूनां जल्लगन्धस्तयाऽऽघ्रातः चिन्तयति–

अहो अनवद्यो भट्टारकैर्धर्मो देशितः । यदि प्रासुकेन स्नायात् को दोषो भवेत् ? सा तस्य स्थानस्यानालोचिताप्रतिक्रान्ता कालं कृत्वा राजगृहे गणिकाया उदरे उपपन्ना । गर्भगतैवारतिं जनयति । गर्भपातनैरपि च न पतति, जाता सन्त्युज्जिता, सा गन्धेन तद्वनं वासयति । श्रेणिकश्च तेन प्रदेशेन निर्गच्छति स्वामिनो वन्दनाय । स स्कन्धावारस्तस्या गन्धं न सहते । राज्ञा पृष्टं - किमेतदिति ? कथितं दारिकाया गन्धः । गत्वा दृष्टा, भणति-एषैव प्रथमपृच्छेति । गतः श्रेणिकः । पूर्वोद्दिष्टे वृत्तान्ते कथिते भणति राजा-क्वैषा प्रत्यनुभविष्यति सुखं दुःखं वा ?

स्वामी भणति - एतेन कालेन वेदितं, सा तवैव भार्या भविष्यति अग्रमहिषी, अष्ट संवत्सरान् यावत्तव रममाणस्य पृष्ठौ हंसोलीं करिष्यति । तां जानीयाः । वन्दित्वा गतः । स चापहृतो गन्धः, कुलपुत्रकेण संहृता संवृद्धा च यौवनस्था जाता, कौमुदीवासरेऽम्बया सममागता । अभयः श्रेणिकश्च प्रच्छन्नौ कौमुदीवासरं प्रेक्षेते,तस्या दारिकाया अङ्गस्पर्शेनाध्युपपन्नो नाममुद्रां तस्या दशायां बध्नाति । अभयाय कथितं । नाममुद्रा हारिता, मार्गय, तेन मनुष्या द्वारि स्थापिताः । एकैको मनुष्यः प्रलोक्य (प्रलोक्य) निष्काश्यते । सा दारिका दृष्टा । चौर इति (मत्वा) गृहीता, परिणीता च । अन्यदा च बाह्यक्रीडया रमन्ते । राज्ञस्तं पोतेन वाहयन्ति । इतराः पोतं ददति । सा विलग्ना । राज्ञा स्मृतं । मुक्ता च प्रव्रजिता । एतद् विद्वज्जुगुप्साफलं) ।

विवेचन : અહીં હવે આ વિષય ઉપર એક ઉદાહરણ આપીને સમજાવાય છે કોઈ એક શ્રાવક (જૈન ધર્મનો અનુરાગી તથા આચારસંપન્ન એવો કોઈ એક શ્રાવક) ગામના પર્યંતભાગમાં વસે છે. તે શ્રાવકની પુત્રીના લગ્ન પ્રસંગે કેટલાક સાધુઓ ત્યાં વહોરવા માટે આવ્યા / પિતા વડે તે પુત્રીને કહેવાયું કે હે પુત્રી ! આવેલા સાધુ મહાત્માઓને આહારપાણી વહોરાવો. તે પુત્રી સુશોભિત શરીરવાળી થઈને (સ્નાનાદિ કરવા દ્વારા શરીર શુદ્ધિ કરીને વિશિષ્ટ એવા વસ્ત્રાદિ પહેરીને) સાધુઓને આહારપાણી વહોરાવે છે.

તે પુત્રી વડે સાધુઓના શારીરિક મેલની દુર્ગંધ સુંઘાઈ / અને મનમાં વિચાર કરવા લાગી, અહો ભગવંત વડે કેવો ધર્મ જણાવાયો છે ? જો પ્રાસુક જળ વડે (ઉકાળેલા અચિત્ત પાણી વડે) આ સાધુઓ સ્નાન કરે તો તેમાં શું દોષ લાગે ? (સ્નાન કરવાનું જે વિધાન નથી તે સારુ નથી. શરીર તો ચોખ્ખુ અને ખૂબ સુંદર જ રાખવું જોઈએ) આ પુત્રીને જે અયોગ્ય વિચાર આવ્યો તેની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના જ કાળ કરીને ગણિકાના ઘરે (વેશ્યાના ઘરે) રાજગૃહીનગરીમાં જ ઉત્પન્ન થઈ.

ગર્ભમાં હતી ત્યારથી જ તેની માતાને અરતિ (અપ્રીતિભાવ) ઉત્પન્ન કરતી હતી. તે માતાએ ગર્ભ પાડી નાખવાના ઘણા ઘણા ઉપાયો કર્યા પરંતુ ગર્ભપાત થયો નહીં. તેથી જ્યારે તે બાળકીનો જન્મ થયો ત્યારે જ તેની માતા વડે તે બાલિકાને જંગલમાં ત્યજી દેવાઈ.

જંગલમાં પડેલી તે નવી જન્મેલી બાલિકા પોતાના શરીરની દુર્ગંધ વડે આખા જંગલને દુર્ગંધવાળું કરે છે. આખા જંગલમાં આ છોકરીના શરીરની દુર્ગંધ ફેલાયેલી છે. તેવામાં શ્રેણિક મહારાજા તે જ પ્રદેશથી (કારણવશાત્) નીકળે છે. મહાવીર પરમાત્માને વંદન કરે છે. ત્યારબાદ પાછા વળતાં તેમની છાવણી (તેમની સાથેના સૈનિક આદિ પરિવારજનો) આ દુર્ગંધ સહન કરી શકતા નથી.

રાજા વડે પ્રશ્ન કરાયો કે આ શું છે ? આ દુર્ગંધ આટલી બધી શાની છે ? સાથેના લોકો વડે જાણકારી મેળવીને કહેવાયું કે આ પુત્રીની આ દુર્ગંધ છે. રાજાએ ત્યાં જઈને બરાબર જોયું. અને કહ્યું કે આપણે ભગવાન પાસે વ્યાખ્યાન સાંભળવા જઈશું ત્યારે આ પહેલો પ્રશ્ન કરીશું કે આ આટલી બધી દુર્ગંધ કોની છે અને તે પદાર્થ શું છે ? અને ભાવિમાં શું થાશે વિગેરે !

આવા વિચારો કરીને શ્રેણિક રાજા ગયા. બીજા દિવસે પરમાત્માની વ્યાખ્યાન સભામાં રાજા ગયા. પરમાત્માએ પ્રારંભ કરેલી પહેલાંની જે કંઈ વાતો સમજાવવાની હતી તે સમજાવાઈ. ત્યારબાદ રાજા પરમાત્માને પ્રશ્ન કરે છે કે હે ભગવાન્ ! આ છોકરીનો દુર્ગંધમય શરીરવાળો જીવ ભવિષ્યમાં સુખ પામશે કે ભવિષ્યમાં દુઃખ પામશે ? આવો પ્રશ્ન રાજા વડે કરાયે છતે સ્વામી (પરમાત્મા) કહે છે કે આ જીવ વડે કાળક્રમે આ અશુભકર્મ વેદાયું છે અને ભવિષ્યમાં આ જ છોકરી મોટી થઈને તમારી પત્ની થશે. બધી જ સ્ત્રીઓમાં મુખ્યસ્ત્રી (અગ્રમહિષી) થશે. આઠ વર્ષ સુધી તું તેની સાથે રમતો હોઈશ. ભોગો ભોગવતો હોઈશ તારી પીઠ ઉપર પાછલા ભાગમાં હંસની પંક્તિ કરશે. તેનાથી તું તેને જાણનારો થઈશ.

રાજા પરમાત્માને વંદન કરીને સભા મંડળમાંથી નીકળ્યો. ધીરે ધીરે તે છોકરીના શરીરની દુર્ગંધ દૂર કરાઈ. રાજાના અધિકારી માણસોમાંથી કોઈ એક કુલપુત્રવડે તે બાલકીને લઈ જવાઈ, અને સાચવવાપૂર્વક મોટી કરાઈ, ધીરે ધીરે તે છોકરી યુવાવસ્થાને પામી. એક વખત કૌમુદીના અવસરે (રાત્રે ચંદ્રની ચાંદણી ખીલી હતી ત્યારે) તે યુવાવસ્થામાં આવેલી છોકરી પોતાની માતા સાથે કૌમુદીનો અવસર જ્યાં ઉજવાતો હતો ત્યાં આવી. ચંદ્રની ચાંદણીમાં જ્યાં ઘણા લોકો સાથે મળ્યા હતા. ઉજાણી કરતા હતા ત્યાં તે છોકરી પોતાને સાચવનારી પોતાની માતા સાથે આવેલી.

અભયકુમાર અને શ્રેણિક રાજા પણ આ કૌમુદીનો અવસર (ચંદ્રની ચાંદણીની ઉજવણી) જોવા માટે ગુપ્તપણે ત્યાં આવ્યા હતા અને ચાંદણીની ઉજવણી દેખતા હતા. માણસોની ઘણી ભીડમાં તે છોકરીના અંગનો સ્પર્શ થવાથી શ્રેણિક રાજાના શરીરમાં વિકાર

ઉત્પન્ન થયો. (વાસના ઉત્પન્ન થઈ) પોતાના નામવાળી એક વીંટી તે છોકરીના હાથમાં આ રાજા તે અવસરે બાંધે છે. અર્થાત્ છોકરીની એક આંગળીએ પોતાની વીંટી પહેરાવે છે. હૃદયમાં વિકારીભાવ ઉત્પન્ન થયેલો હોવાથી રાજા આવું કાર્ય કરે છે.

ત્યાર પછી થોડીવાર બાદ રાજા વડે અભયકુમારને કહેવાયું કે મારા નામવાળી મારી વીંટી ચોરાઈ છે મારા હાથમાં જે વીંટી પહેરેલી હતી તે હાલ દેખાતી નથી. કોઈક માણસે કાઢી લીધી છે તે અભયકુમાર વડે બધા જ મનુષ્યોને (બધાં જ સ્ત્રીપુરૂષોને) કૌમુદીના ઉત્સવ માટે કરેલા રંગમંડપમાં ઉભા રખાયા.

એક એક મનુષ્યને બરાબર તપાસી તપાસીને રંગમંડપમાંથી બહાર જવા દેવામાં આવે છે. તપાસીને બહાર જવા દેતાં દેતાં તે છોકરીને બહાર નીકળવાનો વારો આવ્યો. ત્યારે તેના હાથ ઉપર આ વીંટી દેખાઈ "આ જ ચોર છે" એમ સમજીને તે યુવાન છોકરીને પકડવામાં આવી. અને ઘણી જ રૂપવાળી હોવાથી તથા રાજાને ગમતી હોવાથી શ્રેણિક રાજાને પરણાવવામાં આવી.

એક વખત તે રાજા આ સ્ત્રી સાથે બાહ્યક્રીડા કરવા દ્વારા રમત રમે છે. આ રાજા અને આ છોકરી જે રાજાની રાણી બની છે તે બન્ને શિબિકામાં બેઠાં છે. બીજી રાણીઓ પણ આ શિબિકામાં બેઠી છે વળી બીજી કેટલીક સ્ત્રીઓ આ શિબિકાને ઉચકવામાં ટેકો આપે છે. આમ આ રાજા-રાણી તથા બીજી સ્ત્રીઓ આગળ ને આગળ ચાલે છે.

રાજાની ઘણી રાણીઓ શિબિકા ઉચકે તથા શિબિકામાં સાથે બેસે આ જોઈને આ નવી રાણીને અજુગતુ લાગ્યું. તે ઉદાસ બની ગઈ. રાજા વડે ભગવાનનું કહેલું વચન યાદ કરાયું અને આ નવી રાણીને મુક્ત કરી તે રાણી દીક્ષિત થઈ આ પ્રમાણે તે છોકરીએ સાધુસંતોની જે નિન્દા કરેલી તેનું ફળ સમજાવ્યું.

परपाखंडानां = सर्वज्ञप्रणीतपाखंड व्यतिरिक्तानां प्रशंसा = प्रशंसनं = प्रशंसा = स्तुतिरित्यर्थः। परपाखंडानामोघतः त्रीणि शतानि त्रिषष्टयधिकानि भवन्ति। यत उक्तम् :-

असीयसयं किरियाणं, अकिरियवाईण होइ चुलसीति।
अण्णाणियसत्तट्ठी, वेणइयाणं च बत्तीसं ॥१॥ गाहा ॥

इयमपि गाथा विनेयजनानुग्रहार्थं ग्रन्थान्तरप्रसिद्धाऽपि लेशतो व्याख्यायते = "असियसयं किरियाणं" ति अशीत्युत्तरं शतं क्रियावादिनां, तत्र न कर्तारं विना क्रिया सम्भवति, तामात्मसमवायिनीं वदन्ति ये तच्छीलाश्च ते क्रियावादिनः। ते पुनरात्माद्यस्तित्वप्रतिपत्तिलक्षणाः अनेनोपायेनाशीत्यधिक-शतसङ्ख्या विज्ञेयाः।

जीवाजीवाश्रवबन्धसंवर-निर्जरापुण्यापुण्यमोक्षाख्यान् नव पदार्थान् विरचय्य परिपाट्या जीवपदार्थस्याधः स्वपरभेदावुपन्यसनीयौ, तयोरधो नित्यानित्यभेदौ, तयोरप्यधः कालेश्वरात्म-नियतिस्वभावभेदाः पञ्च न्यसनीयाः । पुनश्चेत्थं विकल्पाः कर्तव्याः - अस्ति जीवः स्वतो नित्यः कालतः इत्येको विकल्पः, विकल्पार्थश्चायं - विद्यते खल्वयमात्मा स्वेन रूपेण नित्यश्च कालतः, कालवादिनः ।

उक्तेनैवाभिलापेन द्वितीयो विकल्पः ईश्वरवादिनः, तृतीय विकल्पः आत्मवादिनः "पुरुष एवेदं सर्वं" इत्यादि, नियतिवादिनश्चतुर्थो विकल्पः । पञ्चमविकल्पः स्वभाववादिनः । एवं स्वतः इत्यत्यजता लब्धाः पञ्च विकल्पाः । परत इत्यनेनापि पञ्चैव लभ्यन्ते । नित्यत्वापरित्यागेन चैते दश विकल्पाः । एवमनित्यत्वेनापि दशैव, एकत्र विंशति र्जीवपदार्थेन लब्धाः, अजीवादिष्वप्यष्टस्वेवमेव प्रतिपदं विंशतिर्विकल्पानामतो विंशतिर्नवगुणाः शतमशीत्युत्तरं क्रियावादिनामिति ॥

विवेचन : પરદર્શનના જે મતો (વાદો) છે. તેની પ્રશંસા કરવી તેને અતિચાર કહેવાય છે. સર્વજ્ઞ વીતરાગ શ્રી તીર્થંકર દેવોથી પ્રણીત (કહેવાયેલું) જે પાખંડ (મત) છે તે જ નિર્દોષ અને સ્વીકારવા યોગ્ય છે. તે કારણે તેનાથી વ્યતિરિક્ત (ભિન્ન) એવા જે (૩૬૩) ત્રણસોહ ત્રેસઠ પરવાદીઓના મતો છે તેની પ્રશંસા કરવી, સ્તુતિ કરવી, ગુણગાન ગાવા તે બધા સમ્યક્ત્વ વ્રતના અતિચારો જાણવા. પરવાદીઓના આ મતો સામાન્યથી ત્રણસોહ અને ત્રેસઠ અધિક છે. જે કારણથી શાસ્ત્રોમાં જ કહ્યું છે કે :-

"ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના ૬૭ અને વિનયવાદીના ૩૨ એમ સર્વ મળીને ૩૬૩ પરવાદીઓના મતો છે."

આ ગાથા જો કે સહેલી છે, તો પણ શિષ્યોના ઉપકારને માટે અંશમાત્રરૂપે કંઈક સમજાવાય છે.

(૧) ક્રિયાવાદીના ૧૮૦ મતો છે. તે આ પ્રમાણે :- કર્તા વિના ક્રિયા સંભવતી નથી. તથા તે ક્રિયા આત્મા નામના દ્રવ્યમાં જ સમવાય સંબંધથી વર્તનારી હોય છે. આવા પ્રકારની માન્યતાના સ્વભાવવાળા જે જીવો છે. તે ક્રિયાવાદી જીવ કહેવાય છે. આત્મા આદિ નવે તત્ત્વોના અસ્તિત્વને સ્વીકાર કરનારા એવા વાદીઓના ૧૮૦ મતો છે.

આ જ ઉપાય પ્રમાણે એંશી અધિક એકસો સંખ્યાવાળા આ મતો જાણવા. જીવ૧-અજીવ૨-આશ્રવ૩-બંધ૪-સંવર૫-નિર્જરા૬-પુણ્ય૭ અને અપુણ્ય (પાપ) તથા મોક્ષ૯ એમ કુલ નવ તત્ત્વોને એક કપડા ઉપર લખીને ક્રમસર જીવતત્ત્વની નીચે **स्व** અને **पर** એમ બે ભેદ થાપવા. તે બન્ને ભેદની નીચે નિત્ય અને અનિત્ય એમ બીજા બે ભેદ થાપવા ૨ x ૨ =

૪ ભેદ થશે. તે ચારેની નીચે (૧) કાળ, (૨) ઈશ્વર, (૩) આત્મા, (૪) નિયતિ અને (૫) સ્વભાવ એમ પાંચ પાંચ તત્ત્વો સ્થાપવાં જેથી ૪ x ૫ = ૨૦ ભેદ થશે. આ પ્રમાણે જીવતત્ત્વની જેમ બાકીના આઠ તત્ત્વોના પણ વીસ વીસ ભેદ થતાં ૯ x ૨૦ = ૧૮૦ આ પ્રમાણે ક્રિયાવાદીના ૧૮૦ એકસોહ એંશી ભેદ જાણવા.

अस्ति जीवः स्वतो नित्यः कालतः = જીવ નામનો પદાર્થ પોતાની રીતે છે જ. અને તે કાળની અપેક્ષાએ નિત્ય છે. આ પ્રથમ ભાંગો થયો. આ પ્રથમ વિકલ્પનો અર્થ આ પ્રમાણે કરવો - "આ આત્મા પોતાના સ્વરૂપે ચૈતન્યવાળાપણે છે જ, અને તે કાળથી નિત્ય છે અર્થાત્ અનાદિ અનંત છે. આ પ્રથમભાંગો કાળને આશ્રયી એટલે કે કાળવાદીના મતે કર્યો."

ઉપર કરેલા અભિલાપપૂર્વક બીજો ભાંગો ઈશ્વરવાદીનો કરવો. अस्ति जीवः स्वतो नित्यः ईश्वरतः આ બીજો ભાંગો થયો. એવી જ રીતે આત્મવાદીનો ત્રીજો ભાંગો "पुरुष एवेदं सर्वं" આ રીતે જાણવો. નિયતિવાદીનો ચોથો ભાંગો અને સ્વભાવવાદીનો પાંચમો ભાંગો પણ આ રીતે સ્વયં જાણવો.

આ પાંચ ભાંગા "स्वतः" શબ્દની સાથે થયા. જેમાં स्वतः આ શબ્દનો ત્યાગ કરવામાં આવ્યો નથી એટલે કે स्वतः શબ્દનો અત્યાગ (સ્વીકાર) કરતાં આ પાંચ ભેદો થયા એવી જ રીતે स्वतः ને બદલે परतः ગ્રહણ કરતાં તેની સાથે પણ પાંચ ભાંગા થાય છે. આ જે ૫ + ૫ = ૧૦ ભાંગા થયા. તેમાં નિત્યત્વપદ રહેલું છે અર્થાત્ નિત્યત્વપદનો અત્યાગ કરવા વડે આ ૧૦ ભાંગા થયા છે એ જ પ્રમાણે નિત્ય પદનો ત્યાગ કરીને અનિત્યની સાથે ૧૦ ભાંગા થાય છે આ પ્રમાણે કુલ ૨૦ ભાંગા જીવતત્ત્વની સાથે થયા એ જ પ્રમાણે અજીવ આશ્રવ બંધ સંવર વિગેરે નવે તત્ત્વોમાં ૨૦ - ૨૦ ભેદો થાય છે જેથી ૨૦ ને ૯ વડે ગુણાય છે તેથી ૨૦ × ૯ = ૧૮૦ એકસોહ એંશી ભાંગા ઉપર સમજાવાયા તે પ્રમાણે ક્રિયાવાદીના થાય છે.

"अक्किरियाणं च भवति चुलसीतित्ति" अक्रियावादिनां च भवति चतुरशीतिर्भेदा इति । न हि कस्यचिदवस्थितस्य पदार्थस्य क्रिया समस्ति, तद्भाव एवावस्थितेरभावादित्येवं वादिनोऽक्रियावादिनः तथा चाहुरेके - "क्षणिकाः सर्वसंस्काराः, अस्थितानां कुतः क्रिया ? भूतिर्येषां क्रिया सैव, कारकं सैव चोच्यते" ॥१॥ इत्यादि

एते चात्मादिनास्तित्वप्रतिपत्तिलक्षणा अमुनोपायेन चतुरशीतिर्द्रष्टव्याः । एतेषां हि पुण्यापुण्यवर्जितपदार्थसप्तकन्यासस्तथैव जीवस्याधः स्वपरविकल्पभेदद्वयोपन्यासः, असत्त्वादात्मनो नित्यानित्यभेदौ न स्तः । कालादीनां तु पञ्चानां षष्ठी यदृच्छा न्यस्यते, पश्चाद्विकल्पभेदाभिलापः-

"नास्ति जीवः स्वतः कालतः" इत्येको विकल्पः एवमीश्वरादिभिरपि यदृच्छावसानैः सर्वे च षड् विकल्पाः । तथा "नास्ति जीवः परतः कालतः" इति षडेव विकल्पाः । एकत्र द्वादश । एवं अजीवादिषु अपि षट्षु प्रतिपदं द्वादश विकल्पाः एकत्र । सप्त द्वादशगुणाश्चतुरशीतिर्विकल्पा नास्तिकानामिति ॥

विवेचन : અક્રિયાવાદીના ૮૪ (ચોર્યાસી) મતો થાય છે. જે જે સ્થિર પદાર્થ હોય છે. ત્યાં ત્યાં ક્રિયા સંભવતી નથી. કારણકે જો તે સ્થિર પદાર્થ ક્રિયા કરે તો ક્રિયા કરવાના કારણે પ્રવૃત્તિશીલ બનવાથી અવસ્થિત (સ્થિર) કહેવાય જ નહીં. અવસ્થિતપણું તેમાં ટકે નહીં તે માટે જે જે પદાર્થો અવસ્થિત છે અર્થાત્ નિત્ય છે તેમાં ગતિ આદિ ક્રિયા સંભવતી જ નથી તે માટે અક્રિયાવાદ કહેવાય છે.

"तद्भावे एवावस्थितेरभावात्" જે ક્રિયા માને છે તેમના મતે તે ક્રિયા થયે છતે પદાર્થની અવસ્થિતિનો અભાવ જ થાય છે. આ પ્રમાણે માનનારા વાદિઓને અક્રિયાવાદી કહેવાય છે. તે માટે કેટલાક આ મતવાળા દર્શનકારો આ પ્રમાણે કહે છે :-

"સર્વે પણ સંસ્કારો ક્ષણિક માત્ર જ છે અને જે ક્ષણિક હોય તે અવસ્થિત ન હોવાથી ક્રિયા કેમ સંભવે ? ઉત્પત્તિ થવી એ રૂપ જે ક્રિયા છે. તે જ કારક કહેવાય છે. બાકી સર્વે પણ પદાર્થો ક્ષણજીવી માત્ર જ છે કોઈ અવસ્થિત નથી. તેથી કોઈમાં પણ ક્રિયા ઘટતી નથી." તેથી અક્રિયા જ છે એમ કહેવાય છે.

આ મતમાં આત્મા આદિ પદાર્થોના નાસ્તિત્વનો સ્વીકાર કરવારૂપે નીચે બતાવાતા ઉપાય પ્રમાણે ચોર્યાસી (૮૪) ભેદો થાય છે. પુણ્ય અને અપુણ્ય (પાપ) આ બેને ત્યજીને બાકીનાં જીવ-અજીવ, આશ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષ એમ સાત તત્ત્વો છે તેની લાઈનસર ગોઠવણી કરવી. તથા જીવની નીચે **स्व** અને **पर** એમ બે વિકલ્પો મુકવા. તથા આત્મા અસત્ હોવાથી (એટલે કે ન હોવાથી) નિત્ય અને અનિત્ય આ ભાંગા સંભવતા નથી.

કાલાંદિ પાંચ (કાળ, ઈશ્વર, આત્મ, નિયતિ અને સ્વભાવ) આ પાંચ તથા છઠ્ઠી એક યદૃચ્છા એમ છ છ ભેદો થાય છે. જેથી ૭ x ૨ x ૬ = ૮૪ ભેદો અક્રિયાવાદીના જાણવા.

આ જે વિકલ્પો થયા તેને બોલવાની પ્રક્રિયા (રીતભાત) આ પ્રમાણે છે. "नास्ति जीवः स्वतः कालतः" જીવ નામનું ચેતનદ્રવ્ય સ્વરૂપે (પોતાના સ્વરૂપે) કાળની અપેક્ષાએ નથી જ. આ પ્રથમ ભાંગો જાણવા. આ એક વિકલ્પ થયો. આ જ પ્રમાણે ઈશ્વર વિગેરે

પદો પણ જોડવા યાવત્ યદચ્છા છેલ્લું પદ આવે ત્યાં સુધી છએ પદો જોડવાથી આ સર્વ મળીને ૬ ભાંગા થશે. તેવી જ રીતે સ્વતઃ ને બદલે પરતઃ પદ મુકીને "नास्ति जीवः परतः कालतः" આવા પદોવાળો આ બીજો ભાંગો થાય છે. તેમાં પણ કાલની જગ્યાએ ઈશ્વરાદિથી યદચ્છા સુધીનાં પદો જોડતાં બીજા છ ભાંગા થાય છે. કુલ ૬ + ૬ = ૧૨ ભાંગા જીવની સાથે થયા.

एवमजीवादिषु अपि = આ જ પ્રમાણે જીવની જેમ જ અજીવ, બંધ, આશ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ એમ સાતે તત્ત્વોમાં બાર બાર ભાંગા થાય છે જેથી ૭ x ૧૨ = ૮૪ ભાંગા અક્રિયાવાદીના જાણવા હવે અજ્ઞાનવાદીના ૬૭ ભેદો થાય છે તે સમજાવાય છે.

"अण्णाणिय सत्तट्ठि" त्ति, अज्ञानिकानां सप्तषष्टिर्भेदा इति । तत्र कुत्सितं ज्ञानमज्ञानं, तदेषामस्तीति अज्ञानिकाः, ननु एवं लघुत्वात् प्रक्रमस्य प्राक् बहुव्रीहिणा भवितव्यं ततश्चाज्ञाना इति स्यात् ? नैष दोषः । ज्ञानान्तरमेवाज्ञानं मिथ्यादर्शनसहचारित्वात् । ततश्च जातिशब्दाद् गौरखरवदरण्यम् इत्यादिवदज्ञानिकत्वमिति ।

अथवा अज्ञानेन चरन्ति, तत्प्रयोजना वा अज्ञानिकाः = असञ्चिन्त्य कृतवैफल्यादि-प्रतिपत्तिलक्षणाः । अमुनोपायेन सप्तषष्टिर्ज्ञातव्याः । तत्र जीवादिनवपदार्थान् पूर्ववत् व्यवस्थाप्य पर्यन्ते चोत्पत्तिमुपन्यस्याधः सप्त सदादयः उपन्यसनीयाः । सत्त्वं[१]मसत्त्वं[२] सदसत्त्वं[३] अवाच्यत्वं[४] सदवाच्यत्वं[५], असदवाच्यत्वं[६] सदसदवाच्यत्वं[७]मिति चैकैकस्य जीवादेः सप्त सप्त विकल्पाः । एते नव सप्तकाः त्रिषष्टिः । उत्पत्तेस्तु चत्वार एवाद्या विकल्पाः । तद्यथा = सच्च्वं[१]मसत्त्वं[२] सदसत्त्वं[३] अवाच्यत्वं[४] चेति । त्रिषष्टिमध्ये क्षिप्ताः सप्तषष्टि र्भवन्ति । को जानाति जीवः सन्नित्येको विकल्पः । ज्ञातेन वा किं ? एवमसदादयोऽपि वाच्याः । उत्पत्तिरपि किं सतोऽ सतः सदसतोऽवाच्यस्येति को जानातीति एतन्न कश्चिदपि इत्यभिप्रायः ॥

"अण्णाणिय सत्तट्ठि" અજ્ઞાનવાદી જીવોના (૬૭) સડસઠ ભેદો છે. ત્યાં જે કુત્સિત જ્ઞાન અર્થાત્ ખોટુ જ્ઞાન, અવળું જ્ઞાન, મિથ્યા જ્ઞાન તે અજ્ઞાન કહેવાય છે.

પ્રશ્ન : અહીં મહાત્મા પુરૂષો कुत्सितं ज्ञानमज्ञानम् = નિન્દિત એવું જે ઉલટુ જ્ઞાન તે અજ્ઞાન આ પ્રમાણે પહેલાં નગતત્પુરૂષ સમાસ કરે છે અને ત્યારબાદ एवंविधमज्ञानं एषामस्तीति આ પ્રમાણે બહુવ્રીહિ સમાસ કરે છે એમ બે સમાસ કરવા પડે છે તેને બદલે "अज्ञानं एषामस्ति" इति अज्ञानिकाः = આ પ્રમાણે કરવાથી પ્રક્રિયા ટૂંકી (લઘુ) થાય છે તે કારણથી પહેલેથી જ બહુવ્રીહિ સમાસ જ કરવો જોઈએ નગતત્પુરૂષ કરવાની જરૂર જ નથી. માત્ર એકલા બહુવ્રીહિથી કામ ચાલે તેમ છે તો બે સમાસ કરવાની શું જરૂર છે ? આવો કોઈક પ્રશ્ન કરે છે.

ઉત્તર : नैष दोषः પ્રશ્નકારે જે વિકલ્પ આપ્યો કે બે સમાસને બદલે એક બહુવ્રીહિ જ કરો પરંતુ તે વિકલ્પ બરાબર નથી. કારણ કે અજ્ઞાન એ પણ એક વિપરીત એવું જ્ઞાન જ છે. મિથ્યાદર્શનના ઉદયની સાથે હોવાથી જ્ઞાનને જ અજ્ઞાન કહેવાય છે. વિપરીત બોલ હોવાથી આ જ્ઞાન તે જ અજ્ઞાન છે માટે પ્રથમ નઞ્તત્પુરૂષ સમાસ કરવાની અવશ્ય જરૂર છે.

તે કારણથી આ અજ્ઞાન શબ્દ જ્ઞાનના નિષેધ માત્રમાં નથી. પરંતુ વિપરીત એવું જ્ઞાન એવા અર્થમાં હોવાથી મિથ્યાજ્ઞાનરૂપ જાતિવાચી બનવાથી "गौरखरवद् अरण्यम्" ધોળા ગધેડાવાળું આ અરણ્ય છે. આ વાક્યની જેમ अज्ञानित्व શબ્દ બનાવવો અર્થાત્ જ્ઞાન નથી જેમાં એવો અર્થ ન કરવો. પરંતુ વિપરીત જ્ઞાન છે જેઓને તે અજ્ઞાની આવો અર્થ કરવો. अज्ञानित्वम् = વિપરીત જ્ઞાનવાળાપણું આવો અર્થ કરવો.

અથવા अज्ञानेन चरन्ति = तत् अज्ञानपूर्वक (વિપરીત જ્ઞાનપૂર્વક) જે ચાલે તે અજ્ઞાની તથા तत् - अज्ञानप्रयोजना वा વિપરીત જ્ઞાન એ જ છે પ્રયોજન જેનું તે અજ્ઞાની આવા અર્થો કરવા. અજ્ઞાન એ જ છે પ્રયોજન જેને તે જીવ અજ્ઞાનિક કહેવાય છે. આવો અર્થ કરવો. વિના વિચાર કરે છતે જે કાર્ય કરે જેથી કાર્યની નિષ્ફળતા આદિ પ્રાપ્ત થાય તેવા લક્ષણવાળા જે જીવો તે અજ્ઞાનિક કહેવાય છે. તેના નીચે જણાવાતા ઉપાય દ્વારા (૬૭) સડસઠ ભેદો જાણવા.

ત્યાં જીવ અજીવ આદિ જે નવ તત્ત્વો છે તેની પૂર્વે સમજ આપી છે. તેમ બરાબર લાઈનસર થાપીને છેલ્લે એક ઉત્પત્તિ દ્વારા ઉમેરીને પ્રથમના નવ જે તત્ત્વો છે તેન सत्[૧], असत्[૨], सदसत्त्व[૩], अवाच्यत्व[૪] सदवाच्यत्व[૫] असदवाच्यत्व[૬] અને सदसदवाच्यत्व[૭] એમ સાત સાત ભેદો કરવા. જેથી ૯ × ૭ = ૬૩ ભેદો થશે. તથા ઉત્પત્તિ નામનું જે છેલ્લું દશમું દ્વાર છે તેના सत्, असत् सदसत्त्व, अवाच्यत्व એમ પ્રથમના ચાર ભેદ જ લેવા જેથી ૬૩ + ૪ = ૬૭ ભેદો થશે. ત્યાં પહેલો ભાંગો આ પ્રમાણે છે. (૧) को जानाति जीवः सन् इत्येको विकल्पः = કોણ જાણે છે કે જીવ એ सत् પદાર્થ છે ? આ પ્રથમ ભાંગો જાણવો. અથવા ज्ञातेन वा किं = જીવ છે એમ જાણવાથી પણ આપણને શું લાભ થાય ? કંઈ જ નહીં માટે જાણો કે ન જાણો તેમાં આપણને કંઈ લાભ-નુકશાન નથી. માટે જીવમાં सत्નો આ પ્રથમ ભાંગો છે. એ જ પ્રમાણે को जानाति जीवः असन् = જીવ असत् છે આ વાત પણ કોણ જાણે છે તથા તેને જાણીને પણ આપણને શું લાભ ? જેમ છે તેમ છે. આ બીજો ભાંગો થયો. એમ જીવને વિષે સાતે ભાંગા જાણવા તથા અજીવ આદિ બાકીનાં તત્ત્વોમાં પણ આ સાત સાત ભાંગા જાણવા જેથી ૯ × ૭ = ૬૩ ભાંગા અજ્ઞાનવાદીના થશે.

તથા ઉત્પત્તિ પણ શું સત્ ની થાય ? કે અસત્ ની થાય તે સદસત્ ની થાય કે અવત્વ્ય ની થાય ? આ વિષય કોણ જાણે છે ? આ વિષય કોઈ જાણતું નથી. આવા પ્રકારના અભિપ્રાયથી ઉત્પત્તિના ચાર ભેદ થાય છે જેથી ૬૩ + ૪ = ૬૭ ભેદો અજ્ઞાનવાદીઓના થાય છે. હવે વૈનયિકોના ૩૨ ભેદ થાય છે તે સમજાવાય છે.

"वेणइयाणं च बत्तीस" त्ति, वैनयिकानां च द्वात्रिंशद् भेदाः । विनयेन चरन्ति इति वैनयिकाः । विनयो वा प्रयोजनमेषामिति वैनयिकाः । एते चानवधृतलिङ्गाचारशाखा विनयप्रतिपत्तिलक्षणा अमुनोपायेन द्वात्रिंशदवगन्तव्याः । सुर-नृपति-यति-ज्ञाति-स्थविर-अधम-मातृ-पितृणां प्रत्येकं कायेन वचसा मनसा दानेन च देशकालोपपन्नेन विनयः कार्यः, इत्येते चत्वारो भेदाः सुरादिष्वष्टसु स्थानकेषु, एकत्र मीलिता द्वात्रिंशदिति, सर्वसङख्यया पुनरेतेषां त्रीणि शतानि त्रिषष्टयधिकानि । न चैतद् स्वमनीषिकाव्याख्यानम् ।

यस्मादन्यैरप्युक्तम् :-

आस्तिकमतमात्माद्या, नित्यानित्यात्मका नव पदार्थाः ।
कालनियतिस्वभावेश्वरात्मकृता (कृतकाः) स्वपरसंस्थाः ॥१॥

कालयदृच्छानियतीश्वर स्वभावात्मनश्चतुरशीतिः ।
नास्तिकवादिगणमतं, न सन्ति भावाः स्वपरसंस्थाः ॥२॥

अज्ञानिकवादिमतं, नव जीवादीन् सदादिसप्तविधान् ।
भावोत्पत्तिं सदसद् द्वैतावाच्यां च को वेत्ति ? ॥३॥

वैनयिकमतं विनयश्चेतोवाक्कायदानतः कार्यः ।
सुरनृपतियतिज्ञातिस्थविराधममातृपितृषु सदा ॥४॥

इत्यलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः । एतेषां प्रशंसा न कार्या । पुण्यभाज एते । सुलब्धमेभिर्यद् जन्मेत्यादिलक्षणा, एतेषां मिथ्यादृष्टित्वादिति । अत्र चोदाहरणं =

विवेचन : વૈનયિકોના (૩૨) બત્રીસ ભેદો છે. વિનયપૂર્વક ચાલે તે વૈનયિક, અર્થાત્ જીવનમાં વિનયને જ વધારે પ્રધાન કરે તે વૈનયિક અથવા વિનય કરવો એ જ છે પ્રયોજન જેઓનું તે વૈનયિક.

આ વૈનયિકોમાં લિંગ આચાર કે શાખા કોઈ નિયત નથી. અર્થાત્ જેમ ઈતરદર્શનકારોમાં કપડાંનો પહેરવેશ નિયત લિંગરૂપે હોય છે તેવું કોઈ લિંગ (વેશભૂષા) આ વિનયવાદીઓને નિયત નથી. તથા આચારનું પણ કોઈ નિયત પ્રતિપાદન નથી. જ્યારે જેવો અવસર હોય ત્યારે તેવું વર્તન કરવું પણ વિનયપૂર્વક કરવું. એટલે આચારની પણ કોઈ સીમા નથી. તથા

તેઓની કોઈ શાખા પ્રશાખા નીકળી હોય તેવું પણ જાણવા મળ્યું નથી. તે કારણથી તેઓમાં માત્ર વિનયની જ પ્રધાનતા છે બાકી લિંગ આચાર કે શાખાનું કોઈ નિયમન નથી. માત્ર વિનય જ વધારે વધારે કરવો. એમ વિનયનો જ વધુ પડતો (પ્રતિપત્તિ એટલે) સ્વીકાર કરવો તે વૈનયિક કહેવાય છે હવે જણાવાતી રીતભાત પ્રમાણે તેના (૩૨) બત્રીસ ભેદો જાણવા.

(૧) દેવ, (૨) રાજા, (૩) યતિ (સાધુ), (૪) જ્ઞાતિજન (સગાંવહાલાં) પોતાના કુટુંબી આદિજનો, (૫) સ્થવિર (ગામમાં વયોવૃદ્ધ જે જે સ્ત્રી-પુરુષો હોય તે), (૬) અધમ જીવો (જે ઘણા પાપી હોય કે જે વિનયથી વશ થાય તેમ ન હોય તેવા જીવો) તથા (૭) માતા અને (૮) પિતા આ આઠે પ્રકારની વ્યક્તિઓનો કાયાથી, વચનથી, મનથી અને દેશ તથા કાલને ઉચિત એવા દાનથી એમ ચાર ચાર પ્રકારે વિનય કરવો જોઈએ.

આ રીતે આ ચારે ભેદો (કાયા-વચન-મન અને દાન)ને સુરાદિ આઠ પદાર્થની સાથે ગુણવાથી ૪ x ૮ = ૩૨ આ પ્રમાણે સર્વ મળીને વિનયવાદીના ૩૨ ભેદ થાય છે. આ પ્રમાણે ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના ૬૭, અને વિનયવાદીના ૩૨ એમ સર્વ મળીને ૩૬૩ કુલ ત્રણસોહ અને ત્રેસઠ ભેદો પરવાદીઓના થાય છે. અમે આ જે કંઈ સમજાવ્યું છે તે કેવળ એકલી અમારી પોતાની બુદ્ધિને અનુસારે સમજાવ્યું નથી. પરંતુ અન્ય મહાત્મા પુરુષો વડે પણ શાસ્ત્રોમાં આમ જ કહેવાયું છે તેને અનુસારે અમે આ લખ્યું છે. તેઓએ કહેલો પાઠ આ પ્રમાણે છે :-

આસ્તિકોનો આ પ્રમાણે મત છે. આત્મા વિગેરે નવ પદાર્થો (નવ તત્ત્વો) છે ત્યાં નિત્ય અને અનિત્ય બે બે ભેદ, તેના વળી કાળ, સ્વભાવ, નિયતિ, ઈશ્વર અને આત્મા એમ પાંચ પાંચ ભેદ, તેના પણ સ્વ અને પર એમ બે બે ભેદ ૯ x ૨ x ૫ x ૨ = ૧૮૦ એમ ક્રિયાવાદીના ૧૮૦ ભેદો છે. ॥૧॥

અક્રિયાવાદીના મતે પુણ્ય અને અપુણ્ય (પાપ) આ બે તત્ત્વને છોડીને બાકીનાં સાત તત્ત્વો છે તેના સ્વ તથા પર એમ બે બે ભેદ છે તથા તે ૭ x ૨ = ૧૪ ભેદીના કાળ, યદૃચ્છા, નિયતિ, ઈશ્વર, સ્વભાવ અને આત્મા એમ છ છ ભેદો થાય છે તેથી ૧૪ x ૬ = ૮૪ ચોર્યાસી ભેદો અક્રિયાવાદીના થાય છે. ॥૨॥

અજ્ઞાનવાદીઓના ૬૭ ભેદો છે તે આ પ્રમાણે જીવ, અજીવ આદિ નવ તત્ત્વોને સત્, અસત્, સદસત્, અવાચ્ય, સદવાચ્ય, અસદવાચ્ય અને સદસદવાચ્ય સાત પ્રકારે ગણતાં ૯ x ૭ = ૬૩ ભેદો થાય છે તથા ઉત્પત્તિ નામના એક દ્વારના સત્, અસત્, સદસત્ અને અવાચ્ય એમ ચાર જ ભેદ હોય છે. તેથી ૬૩ + ૪ = ૬૭ ભેદો અજ્ઞાનવાદીઓના થાય છે. ॥૩॥

વૈનયિકોના મત પ્રમાણે વિનય વધારે વધારે કરવાનો હોય છે. (૧) મનથી, (૨) વચનથી, (૩) કાયાથી, (૪) દાનથી એમ ચાર પ્રકારે (૧) દેવનો, (૨) રાજાનો, (૩) સાધુનો, (૪) જ્ઞાતિજનોનો, (૫) વૃદ્ધવ્યક્તિઓનો, (૬) અધમ આત્માઓનો, (૭) માતાનો અને (૮) પિતાનો એમ આ આઠ પ્રકારની વ્યક્તિઓનો ઉપર કહેલા ચાર પ્રકારે વિનય કરવાથી વૈનયિકોના ૮ x ૪ = ૩૨ બત્રીસ ભેદ થાય છે. આ પ્રમાણે ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના ૬૭ અને વિનયવાદીના ૩૨, કુલ ૩૬૩ ભેદો ૫૨ વાદીઓના છે.

પ્રસંગના વશથી આટલી ચર્ચા કરી, હવે પ્રસ્તુત મૂળવસ્તુ સમજાવાય છે. આ બધા મતાવલંબીઓની પ્રશંસા કરવી નહીં. જેમ કે "આ મહાત્માઓ પુણ્યશાળી છે. તેઓ વડે પોતાનો જન્મ સફળ કરાયો છે. તેઓ નક્કી કોઈ ઉંચી ગતિમાં જ ગયા હશે." આવા પ્રકારની પ્રશંસા તેઓની કરવી નહીં કારણકે આ બધા એકાન્તવાદી હોવાથી મિથ્યાદૃષ્ટિ જ છે. આ વિષય ઉપર ગ્રંથકારશ્રી એક ઉદાહરણ સમજાવે છે :-

પાડલિપુત્તે चाणक्को, चंदगुत्तेणं वित्ती हरिता । ते तस्स धम्मं कहेंति । राया तूसति चाणक्कं पलोएति । न च पसंसति,न देति । तेण चाणक्कभज्जा ओलग्गिता । ताहे सो करणिं गाहिलो । ताधे कथितेण भणितं तेण सुभासियंति, रण्णा तं अण्णं च दिण्णं । बिदियदिवसे चाणक्को भणति-कीस दिन्नं ? राया भणइ = तुज्झेहिं पसंसितं । सो भणइ-ण मे पसंसितं सव्वारंभपवित्ता कहं लोगं पत्तिपार्वितित्ति । पच्छा ठितो, केत्तिता एरिसा तम्हा न कायव्वा ॥

संस्कृत - पाटलिपुत्रे चाणक्यः, चन्द्रगुप्तेन भिक्षुकाणां वृत्तिर्हृता । ते तस्मै धर्मं कथयन्ति । राजा तुष्यति, चाणक्यं प्रलोकयति । तान् न प्रशंसति, न ददाति । तैश्चाणक्यभार्या सेवितुमारब्धा । तया च करणिं ग्राहितः । तदा कथितेन भणितं तेन सुभाषितमिति । राज्ञा तैदन्यच्च दत्तं । द्वितीयदिवसे चाणक्यो भणति । कथं दत्तं ?, राजा भणति, युष्माभिः प्रशंसितं, स भणति, न मया प्रशंसितं, सर्वारम्भप्रवृत्ताः कथं लोकं प्रत्याययन्ति ? । पश्चात् स्थितः, । कियन्त ईदृशास्तस्मात्र कर्तव्या ।

विवेचन : પાટલિપુત્ર નામના નગરમાં ચાણક્ય નામના મોટા પંડિત રહેતા હતા. તથા તે ગામમાં ચંદ્રગુપ્ત નામનો રાજા હતો. ચંદ્રગુપ્ત રાજા વડે ભિક્ષુઓની ભીખ માગવાની આજીવિકા છીનવી લેવાઈ. અર્થાત્ ઘણું ધન આપ્યું. અઢળક ધન આપ્યું. જેથી ભિક્ષા માંગવાની ન રહે. તેથી તે ભિક્ષુઓએ ભિક્ષા માગવાનું છોડી દીધું તે ભિક્ષુઓ તે રાજાને ધર્મ કહેતા હતા. તેનાથી રાજા ખુશ થતો હતો. ત્યાં ચાણક્ય દેખે છે. તે ચાણક્ય પંડિત, ચંદ્રગુપ્ત રાજાની પ્રશંસા કરતા નથી રાજા તેમને કંઈ આપતા નથી. તેથી ચાણક્ય

પંડિતજીની પત્ની રાજાની સેવા (પ્રશંસા) કરવા લાગી. પંડિતજીની તે પત્ની વડે તે રાજાની સેવા કરાઈ અને તે પંડિતજી વડે શીખવાડાયેલી સ્તુતિ દ્વારા તેમની પત્નીએ રાજાની સેવા કરી અને સુભાષિત ગાયું રાજા વડે તે પત્નીને તથા અન્યને (ચાણક્યને) દાન અપાયું.

બીજા દિવસે ચાણક્ય રાજાને કહે છે કે તમે દાન મને કેમ આપ્યું. રાજા કહે છે કે તમારા વડે પ્રશંસા કરાઈ છે એટલે મેં તમારી પત્નીને તથા તમને દાન આપ્યું છે. ત્યારે ચાણક્ય કહે છે કે મેં તમારી પ્રશંસા કરી જ નથી તમે રાજા હોવાથી સર્વ આરંભ સમારંભમાં જોડાયેલા છો. તેથી તમારી પ્રશંસા લોકોને વિશ્વસનીય કેમ બને ? એમ કહીને ચાણક્ય પાછળ ઊભા રહ્યા. આવા પ્રકારના આરંભ સમારંભમાં આસક્ત કેટલાય પુરૂષો હશે તેથી તેઓની પ્રશંસા કરાય નહી. સમ્યક્ત્વ વ્રતમાં સ્થિર થવા માટે આ અતિચાર ત્યજવો જોઈએ.

परपाखण्डैः = अनन्तरोक्तस्वरूपैः सह संस्तवः = परपाखण्डसंस्तवः । इह संवासजनितः परिचयः = संवसनभोजनालापादिलक्षणः परिगृह्यते । न स्तुतिरूपः । तथा च लोके प्रतीत एव संपूर्वः स्तौति परिचय इति । "असंस्तुतेषु प्रसभं कुलेष्वित्यादाविति । अयमपि न समाचरणीयः । तथाहि एकत्र संवासे तत्प्रक्रियाऽऽश्रयणात् तत्क्रियादर्शनाच्च तस्यासकृदभ्यस्तत्वादवाप्तसहकारिकारणात् मिथ्यात्वोदयतो दृष्टिभेदः सञ्जायते । अतोऽतिचारहेतुत्वान्न समाचरणीयोऽयमिति । अत्र चोदाहरणं (सोरट्ठ सड्ढगो पुव्वभणितो = सौराष्ट्रश्रावकः पूर्वभणितः) ।

विवेचन : હમણાં જ કહેલા સ્વરૂપવાળા પરદર્શનના પંડિતોની સાથે ઘણો પરિચય કરવો તે સમ્યક્ત્વ વ્રતનો પાંચમો અતિચાર જાણવો. સાથે સાથે વસવાટ કરવાથી પ્રગટ થયેલો જે પરિચય છે. તેને સંસ્તવ કહેવાય છે. સાથે સાથે વસવાટ કરવામાં, સાથે સાથે ભોજન કરવું, આલાપ-સંલાપ કરવા (વાતચીત કરવી) તે રૂપ આ સંસ્તવ (પરિચય માત્ર) લેવો. પરંતુ પરદર્શનકારોની સ્તુતિ કરવી કે પ્રશંસા કરવી તે રૂપ સંસ્તવ ન લેવો. કારણ કે તે ચોથા અતિચારમાં આવી જ જાય છે. માટે આ પાંચમા અતિચારમાં પરિચય જ મુખ્યત્વે લેવો તે આ પ્રમાણે :-

એક જ જગ્યામાં સાથે વસવાથી તેમની બધી પ્રક્રિયાનો પરિચય થવાથી તથા તે જીવની બધી પ્રક્રિયા નજરે નિહાળવાથી તેનો વારંવાર અભ્યાસ પડવાથી તથા તેનાં સહકારિ કારણો આવી મળવાથી મિથ્યાત્વનો ઉદય થવાનો સંભવ છે તેનાથી સમ્યગ્દષ્ટિને બદલે મિથ્યાદષ્ટિપણું આવવાનો ભય રહે છે. આ પ્રમાણે દૃષ્ટિભેદ કરવા દ્વારા અતિચાર લાવનાર હોવાથી આ અતિચાર આચરવા જેવો નથી. પણ ત્યજવા જેવો છે.

આ બાબતમાં અડગપણું, અચલિતપણું ગમે તેવા દેવો દ્વારા ઉપદ્રવો આવે તો પણ જિનેશ્વર પ્રભુએ કહેલા તત્ત્વોથી જરા પણ અન્ય માન્યતામાં જવું નહીં. તથા આદિ શબ્દથી પ્રભાવના વિગેરે ગુણો સમજી લેવા. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે :-

"(૧) સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રના અભ્યાસની કુશળતા, (૨) જૈનશાસનમાં જણાવેલી માન્યતાઓ સર્વજ્ઞભાષિત હોવાથી તેમાં સ્થિરતા - નિશ્ચલતા, (૩) બીજાને પણ આ ધર્મ પમાડવો તે રૂપ પ્રભાવના, (૪) જૈન મંદિરાદિ ધર્મસ્થાનોની સેવા કરવી તથા (૫) જૈન મંદિરાદિ ધર્મસ્થાનોમાં પરમાત્માની અને ઉપકારી ગુરુ આદિની ભક્તિ કરવી. એમ કુલ આ પાંચ પ્રસંગો સમ્યક્ત્વરૂપી દીવાને પ્રકાશિત કરનારા આ પાંચ ગુણો છે.

પ્રશમ આદિ તથા સ્થૈર્ય આદિ જે જે ગુણો છે તે તે ગુણોનો જે સમુદાય, તે ગુણસમૂહથી યુક્ત એવો જે જીવ તે જીવ તથાવિધ કહેવાય છે. એટલેકે સમ્યક્ત્વ વ્રતવાળો કહેવાય છે. સમ્યક્ત્વી જીવમાં પ્રશમ આદિ તથા સ્થિરતા આદિ ગુણો હોય છે.

અથવા પ્રશમાદિ ગુણો અને સ્થિરતા આદિ ગુણોનો જે સમૂહ,તેનાથી યુક્ત એવો આ સમ્યગ્દષ્ટિ જીવ જાણવો. ત્યાં પ્રશમાદિ શબ્દથી (૧) પ્રશમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકંપા અને (૫) આસ્તિકતાની પ્રગટતા સ્વરૂપ આ પાંચ ગુણો જાણવા. તથા સ્થિરતા આદિ ગુણો તો જણાવેલા જ છે.

જે આવા ગુણોવાળો જીવ હોય છે તે "અસમ્મૂઢમન" વાળો હોય છે. ગમે તેવું તત્ત્વ સમજાવવામાં આવે તો પણ ક્યાંય ભૂલ ન કરે તેવો તથા કોઈ પણ તત્ત્વ સમજવામાં જેનું મન જરા પણ મૂઢ (મોહાન્ધ) થતું નથી તેવો અભ્રાન્ત ચિત્તવાળો આ જીવ થાય છે. ઉપર કહેલા લક્ષણવાળી અને નિર્મળતાના હેતુભૂત એવી દર્શનશુદ્ધિ નામના ગુણથી ભરપૂર ભરેલો આ જીવ ધ્યાન આદિ ઉપકારી ધર્મકાર્યમાં પ્રવર્તતો હોય છે. આ પ્રમાણે આ ગાથામાં સમ્યક્ત્વ વ્રતના શંકાદિ પાંચ અતિચારો પણ સમજાવ્યા જે ત્યજવા જેવા છે અને પ્રશમાદિ પાંચ ગુણો પણ સમજાવ્યા કે જે આદરવા જેવા છે. ॥૩૨॥

અવતરણ : उक्ता दर्शनभावना, साम्प्रतं चारित्रभावनास्वरूपगुणदर्शनायेदमाह :- દર્શનભાવના સમજાવી, હવે ચારિત્ર ભાવનાનું સ્વરૂપ તથા તેમાં પ્રાપ્ત થતા ગુણો જણાવવા માટે કહે છે :-

नवकम्माणायाणं, पोराणविणिज्जरं सुभायाणं ।
चारित्तभावणाए, झाणमयत्तेण य समेइ ॥३३॥

ગાથાર્થ : ચારિત્રભાવના ભાવવા વડે આ જીવ (૧) નવીન કર્મોનું અગ્રહણ કરે છે. (૨) પ્રાચીન કર્મોની વિશેષ નિર્જરા કરે છે અને (૩) શુભ એવા પુણ્ય કર્મોનું ગ્રહણ કરે છે તથા અનુક્રમે ઓછા પ્રયત્ન દ્વારા જ ધર્મધ્યાનને પ્રાપ્ત કરે છે. ॥૩૩॥

ટીકા : "नवकर्मणामनादानम्" इति नवानि उपचीयमानानि प्रत्यग्राणि भण्यन्ते । क्रियन्त इति कर्माणि = ज्ञानावरणीयादीनि, तेषामनादानम् = अग्रहणं चारित्रभावनया "समेति" = गच्छतीति योगः । तथा "पुराणविनिर्जरा" = चिरन्तनक्षपणामित्यर्थः । तथा "शुभादानम्" इति शुभं-पुण्यं सात-सम्यक्त्व-हास्य-रति-पुरुषवेद-शुभायुर्नामगोत्रात्मकं, तस्याऽऽदानं = ग्रहणं, किं ? = चारित्रभावनया हेतुभूतया, ध्यानं च चशब्दान्नवकर्मानादानादि च "अयत्नेन" = अक्लेशेन "समेति" गच्छति प्राप्नोतीत्यर्थः । तत्र चारित्रभावनयोः कोऽर्थः ? "चर् गतिभक्षणयोः" इत्यस्य "अर्ति-लू-धू-सू-खनि-सहि-चर इत्रन्" (पाणिनि ३-२-१८४) इतीत्रन्प्रत्ययान्तस्य चरित्रमिति भवति, चरन्त्यनिन्दितमनेनेति चरित्रं = क्षयोपशमरूपं, तस्य भावश्चारित्रम् । एतदुक्तं भवति इहान्यजन्मोपात्ताष्टविधकर्मसञ्चयापचयाय चरणभावश्चारित्रमिति । सर्वसावद्ययोगविनिवृत्तिरूपा क्रिया इत्यर्थः । तस्य भावना = अभ्यासश्चारित्रभावनेति गाथार्थः ॥३३॥

विवेचन : (१) "नवकर्मणामनादानम्" નવા નવા કર્મોને ગ્રહણ ન કરવાં, ત્યાં નવાં નવાં એટલે હાલ ચાલુ કાળે ગ્રહણ કરાતાં હોય તેને નવાં કર્મ કહેવાય છે. તથા જે કરાય છે. તેને કર્મ કહેવાય છે. જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય વિગેરે જે કર્મો છે તેનું અગ્રહણમ્ = અગ્રહણ-સમયે સમયે નવાં નવાં કર્મો જે ન બાંધવાં તે ચારિત્રભાવના વડે પ્રાપ્ત થાય છે. એમ પહેલા શબ્દનો છેલ્લા સમેઇ શબ્દની સાથે અન્વય કરવો.

સારાંશ કે ચારિત્રભાવના તેને કહેવાય છે કે સમયે સમયે નવાં નવાં કર્મો ન બાંધ્વા તે ચારિત્રભાવના જાણવી.

(૨) તથા "पुराणविनिर्ज्जरा" = પ્રાચીનકાળમાં અર્થાત્ ભૂતકાળમાં જે બાંધેલા કર્મો હોય છે. તેને વિશેષે વિશેષે ખપાવવાં અર્થાત્ ભૂતકાળમાં બાંધેલાં કર્મોને ખપાવવાં તે પણ ચારિત્રભાવના કહેવાય છે. ચિરન્તનક્ષપણા = પ્રાચીન કર્મોને તોડવાં, જૂનાં કર્મોનો નાશ કરવો તે પણ ચારિત્રભાવના જાણવી.

(૩) તથા "शुभादानम्" = શુભ એવાં કર્મો અર્થાત્ પુણ્યકર્મો જેમ કે સાતાવેદનીય, સમ્યક્ત્વ મોહનીય, હાસ્ય, રતિ, પુરૂષવેદ, દેવ-મનુષ્યનું (તથા તિર્યંચનું) આયુષ્ય, નામકર્મની ૩૭ પુણ્યપ્રકૃતિઓ તથા ઉચ્ચગોત્ર એમ જે ૪૬ શુભકર્મો છે તેનું જ ગ્રહણ કરવું. તેને જ બાંધવા. અશુભ કર્મો ન બાંધવાં. તે પણ ચારિત્રભાવના જાણવી. ચારિત્રભાવનાથી આ જીવ બાંધે તો પુણ્યકર્મ જ બાંધે છે. પાપકર્મ બાંધતો નથી. તેથી ચરિત્રભાવના વાળો જીવ શુભકર્મોનું ઉપાર્જન કરનાર જાણવો.

અહીં હાસ્ય-રતિ-પુરૂષવેદ અને સમ્યક્ત્વ મોહનીય આ ચાર કર્મોને વ્યવહારનયથી પુણ્ય પ્રકૃતિ કહેવામાં આવી છે. પરમાર્થથી તો મોહનીયકર્મ હોવાથી અશુભ જ છે. તો

પણ મિથ્યાત્વ મોહનીય અને મિશ્રમોહનીયનીઅપેક્ષાએ સમ્યક્ત્વ મોહનીય સારી, અરતિ અને શોકની અપેક્ષાએ હાસ્ય અને રતિ સારી તથા નપુંસકવેદ અને સ્ત્રીવેદની અપેક્ષાએ પુરૂષવેદ સારો એમ અપેક્ષાએ આ ચારને પુણ્ય પ્રકૃતિઓ કહી છે.

આ પ્રમાણે ચારિત્રભાવના ભાવતાં ભાવતાં તેના દ્વારા આ જીવ (૧) નવા કર્મોનું અગ્રહણ, (૨) જુનાં કર્મોની વિશેષ નિર્જરા અને (૩) પુણ્ય કર્મનું ઉપાર્જન તથા (૪) શુભધ્યાનવાળો એટલે કે ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનને પ્રાપ્ત કરનારો આ જીવ બને છે. અને તે પણ ઓછામાં ઓછા પ્રયત્ન વિશેષથી આ જીવ આ કાર્યો કરનારો બને છે. ચારિત્રભાવનાનો આ જ પ્રતાપ છે કે જેનાથી જુનાં બાંધેલાં કર્મો તુટે, નવાં કર્મો ન બંધાય અને જો બંધાય તો પણ શુભ જ બંધાય તથા આ જીવ ધીરે ધીરે ધર્મધ્યાન અને શુક્લધ્યાન જેવાં ઉત્તમ ધ્યાન ઉપર આરૂઢ થાય. આ પ્રમાણે ચારિત્રભાવના જાણવી. ત્યાં કદાચ આવો પ્રશ્ન થાય કે "ચારિત્રભાવના" એટલે શું ? ચારિત્ર શબ્દનો અર્થ શું થાય ? તો તેનો ઉત્તર કહે છે કે :-

"चर् गतिभक्षणयोः" चर् નામનો ધાતુ છે. અર્થાત્ ક્રિયાપદ છે. (૧) ગમન કરવું. ચાલવું અને (૨) ભક્ષણ કરવું. ખાવું એમ બે અર્થમાં આ ધાતુ છે તે ધાતુને "अर्ति-लू-धू-सू-खनि-सहि-चर इत्रन्" (પાણીની વ્યાકરણ સૂત્ર નં. ૩-૨-૧૮૪) આ સૂત્રથી इत्रन् પ્રત્યય લાગેલો છે. चर् + इत्रन् = चरित्रम् આ રીતે આ શબ્દ બનેલો છે.

चरन्ति अनिन्दितमनेनेति चरित्रं = અનિન્દિત અર્થાત્ પ્રશંસનીય એટલે કે સારૂ આચરણ કરાય જેનાથી તે ચારિત્ર કહેવાય છે. મોહનીયકર્મનો વિશિષ્ટ એવો જે ક્ષયોપશમ અથવા ક્ષય તે જ ચારિત્ર કહેવાય છે. ઉપરોક્ત વાતનો સાર એવો છે કે –

આ જન્મમાં તથા અન્ય જન્મમાં ઉપાર્જન કરેલાં (બાંધેલાં) આઠ પ્રકારનાં જે કર્મો,તેનો જે સંચય (ઢગલો-રાશિ) છે તેને દૂર કરવા માટે જે સુંદર જીવન જીવાય તેને ચારિત્ર કહેવાય છે.

સારાંશ કે સર્વથા સાવદ્યયોગનો (પાપવાળી ચેષ્ટાનો) ત્યાગ કરવા સ્વરૂપ જે ક્રિયા તે ચારિત્ર કહેવાય છે. તેવા પ્રકારના તે ચારિત્રને પાળવાની જે ભાવના, તેવા ચારિત્રને પાળવાનો જે અભ્યાસ તે ચારિત્રભાવના કહેવાય છે. આ પ્રમાણે આ ગાથાનો અર્થ સમજાવ્યો. ॥૩૩॥

અવતરણ : उक्ता चारित्रभावना, साम्प्रतं वैराग्यभावनास्वरूपगुणदर्शनार्थमाहः - ચારિત્રભાવનાનું સ્વરૂપ સમજાવ્યું હવે વૈરાગ્યભાવનાના સ્વરૂપના ગુણો જણાવતા ગ્રંથકારશ્રી કહે છે કે :-

सुविदियजगस्सभावो, निस्संगो निब्भओ निरासो य ।
वेरग्गभावियमणो, झाणंमि सुनिच्चलो होइ ॥३४॥

ગાથાર્થ : સારી રીતે જાણ્યો છે જગતનો સ્વભાવ જેણે એવો આત્મા તથા નિઃસંગ, નિર્ભય અને નિરાશંસ એવો જે આત્મા છે, તે વૈરાગ્યભાવના વડે ભાવિત મનવાળો થયો છતો ધ્યાન કરવામાં અતિશય નિશ્ચલ પ્રકૃતિવાળો થાય છે. ॥૩૪॥

ટીકા : सुष्ठु-अतीव विदितः-ज्ञातो जगतः-चराचरस्य यथोक्तं - "जगन्ति जङ्गमान्याहुर्जगद् ज्ञेयं चराचरम्" "स्वो भावः स्वभावः"

जन्म-मरणाय नियतं बन्धुर्दुःखाय धनमनिर्वृत्तये ।
तन्नास्ति यन्न विपदे, तथापि लोको निरालोकः ॥१॥

इत्यादिलक्षणो येन स तथाविधः । कदाचिदेवम्भूतोऽपि कर्मपरिणतिविवशात्ससङ्गो भवत्यत आह - "निःसङ्गः" = विषयजस्नेहसङ्गरहितः, एवम्भूतोऽपि च कदाचित्सभयो भवत्यत आह = "निर्भयः" = इहलोकादिसप्तभयविप्रमुक्तः, कदाचिदेवम्भूतोऽपि विशिष्टपरिणत्यभावात्परलोकमधिकृत्य साशंसो भवत्यत आहः - "निराशंसश्च" = इह-परलोकाशंसाविप्रमुक्तः, चशब्दात्तथाविधक्रोधादिरहितश्च य एवंविधो (जीवो) वैराग्यभावितमना भवति स खलु अज्ञानाद्युपद्रवरहितत्वाद् ध्याने सुनिश्चलो भवतीति गाथार्थः ॥३४॥

विवेचन : सुविदित શબ્દમાં જે सु પદ છે તે सुष्ठु અર્થમાં છે. અને विदित શબ્દનો અર્થ ज्ञात = જાણ્યો, આવો અર્થ કરવો તેથી "સારી રીતે જાણ્યો છે ચરાચર એવા આ જગતનો સ્વભાવ જેણે" એવો જીવ આવો અર્થ કરવો.

પ્રશ્ન :- જગત્ કોને કહેવાય ? જગત્ એટલે શું ? जगन्ति जङ्गमान्याहुर्जगद् = જાગે છે હાલતા ચાલતા = હરતા ફરતા જીવો જેમાં તે જગત્ કહેવાય છે જે સંસારમાં હાલતા ચાલતા જીવો આમથી તેમ ફરે છે હાલે છે ચાલે છે અર્થાત્ જાગે છે તેને જગત્ કહેવાય. ચરાચર = ચાલતા જીવો (ત્રસ જીવો) અને સ્થિર જીવો એટલે સ્થાવર જીવોવાળું આ જગત્ છે આમ જાણવું. સ્વ (પોતાનો) જે भावः ભાવ તે સ્વભાવ કહેવાય છે. આ જગતનો (જગતના પદાર્થોનો સ્વભાવ કેવો છે ? તે સમજાવે છે :-

"જન્મ એ મૃત્યુ માટે જ થાય છે. બન્ધુઓ (પ્રેમનાં પાત્રો હોવાથી વિયોગકાળે) દુઃખ માટે જ થાય છે. ધનની પ્રાપ્તિ અનિવૃત્તિ (અશાન્તિ) માટે જ થાય છે. આ સંસારમાં એવું કંઈ નથી કે જે વિપત્તિ માટે ન થતું હોય તો પણ લોકો આ બધી તકલીફોને ન જોનારા જ હોય છે. તેથી જ હોંશે હોંશે સંસારમાં રહે છે. ॥૧॥"

આવાં આવાં લક્ષણોવાળો આ સંસાર છે આવું જેના વડે સારી રીતે જણાયું છે. સંયોગ એ વિયોગવાળો જ છે. જન્મ એ મૃત્યુ આપનાર જ છે આવું જેણે બરાબર જાણ્યું છે તેવો ઉમદા વિચારવાળો જીવ સંસારમાં ફસાય નહીં. આવો જ્ઞાની જીવ વિવાહિત આદિ સંબંધવાળો થાય નહીં છતાં પણ કદાચ આવા ઉમદા પરિણામ (અધ્યવસાય)વાળો જીવ પણ પૂર્વે બાંધેલાં કર્મોની પરવશતાથી સસંગ પણ બને છે. વિવાહિત આદિ અન્ય જીવની સોબતવાળો પણ થાય છે તેના કારણે કહે છે કે આવો વૈરાગી થયા પછી જે જીવ નિઃસંગ બન્યો છે એટલે કે પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયોથી ઉત્પન્ન થયેલા સ્નેહના (રાગના) સંગથી રહિત જે આત્મા બન્યો છે અર્થાત્ પાંચ ઈન્દ્રિયોના વિષયોના સંગનો ત્યાગી બનેલો એવો જે જીવ છે તે.

આવો જીવ પણ (ભાવિમાં કોઈ મારા પતનનાં કારણો આવશે તો હું શું કરીશ એવા વિચારોથી) ભયભીત પણ હોઈ શકે છે. આ કારણથી ગ્રંથકારશ્રી કહે છે કે ના, આ જીવ તેવો નથી અર્થાત્ જગતના સ્વભાવને જાણ્યા પછી સંગ વિનાનો બન્યા પછી ભય વિનાનો બનેલો આ જીવ છે એટલે કે આ લોકના ભયો અને પરલોકના ભયોથી સર્વથા રહિત બનેલો એવો આ જીવ પાકો દૃઢ વિચારધારા વાળો થયો છે.

આવા પ્રકારના ત્રણ વિશેષણોવાળો આ જીવ કદાચ પૂર્વોક્ત મોહનીય કર્મના તીવ્ર ઉદયના કારણે વિશિષ્ટ એવા ત્યાગ અને વૈરાગ્યના પરિણામ ન રહેવાથી પરલોકને આશ્રયી **સાશંસ** પણ થઈ જાય છે. પરલોકમાં હું દેવલોકમાં જાઉં. ઘણી દેવીઓ સાથેના વ્યવહારવાળો બનું. પરભવમાં રાજા બનુ અર્થાત્ ચક્રવર્તી બનું. આવી આવી મોહની વાસનાઓથી વાસિત થયો છતો "સાશંસ" આશંસાવાળો પણ થઈ શકે છે. તેને આશ્રયી ગ્રંથકારશ્રી જણાવે છે કે –

આ જીવ (૧) જગતના સ્વભાવને જાણનારો, નિઃસંગ અને નિર્ભય તો થયો જ છે પણ સાથે સાથે નિઃસંગ પણ બન્યો છે. આ લોકના કે પરલોકના કોઈપણ જાતના સુખોના સંગની આશંસાઓથી સર્વથા મુક્ત સ્પૃહા વિનાનો, ઈચ્છાઓ વિનાનો બનેલો તથા મમતા વિનાનો બનેલો તથા ગાથામાં લખેલા च શબ્દથી તેવા પ્રકારના ક્રોધ-માન-માયા અને લોભ આદિ કષાયોથી અને વિકારી ભાવોથી રહિત બનેલો એવો જે જીવ વૈરાગ્યના ગાઢ સંસ્કારોથી ભાવિત મનવાળો થયેલો કહેવાય છે.

ઉપરોક્ત વિશેષણોવાળો જીવ જ અજ્ઞાનાદિ દોષોથી રહિત હોવાથી (અજ્ઞાન-મિથ્યાત્વ-કષાય-વિકારીભાવો ઈત્યાદિ દોષોથી રહિત હોવાથી) ધ્યાન કરવામાં નિશ્ચલ મનવળો બને છે. આવા પ્રકારના મજબૂત પાયાવાળો આ જીવ ધ્યાન કરવામાં અવશ્ય સફળ થાય છે અને આત્મકલ્યાણમાં આગળ વધે છે. ॥૩૪॥

अवतरण : उक्ता वैराग्यभावना । मूलद्वारगाथाद्वये ध्यानस्य भावना इति व्याख्यातम् । अधुना देशद्वारव्याचिख्यासयाऽऽह –

વૈરાગ્યની ભાવના સમજાવી. મૂલદ્વારોને સમજાવનારી બે ગાથા નંબર ૨૮ અને ૨૯માં ધ્યાનસ્ય ભાવના આ પ્રમાણે ધ્યાનની ભાવનાઓ આવું જે કથન કર્યું હતું અને ૩૦મી ગાથામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વૈરાગ્ય એમ ચાર ભાવનાઓ ધ્યાનની જે જણાવી હતી તેનું વ્યાખ્યાન સમાપ્ત કર્યું. હવે ૨૮મી ગાથામાં કહેલું દેશ (ક્ષેત્ર) નામનું જે દ્વાર છે તે સમજાવાય છે :-

निच्चं चिय जुवइ-पसू-नपुंसग-कुसीलवज्जियं जइणो ।
ठाणं वियणं भणियं, विसेसओ झाणकालंमि ॥३५॥

ગાથાર્થ : યતિને એટલે કે મુનિમહાત્માને નિત્ય (સદાકાળ) યુવતિ-પશુ-નપુંસક અને કુત્સિતશીયળવાળી વ્યક્તિઓ આ ચારે પાત્રોથી વર્જિત સ્થાનમાં જ રહેવું જોઈએ. તેમાં પણ ધ્યાનવાળા કાળમાં તો વિશેષે કરીને નિર્જન ભૂમિમાં (એકાન્તવાસમાં) વસવું જોઈએ. ॥૩૫॥

टीका : "नित्यमेव" सर्वकालमेव, न केवलं ध्यानकाल इति, किं ? "युवति-पशु-नपुंसक-कुशीलवर्जितं यतेः स्थानं विजनं भणितम्" इति । तत्र युवतिशब्देन मनुष्यस्त्री देवी च परिगृह्यते, पशुशब्देन तु तिर्यक्स्त्रीति, नपुंसकं = प्रतीतं, कुत्सितं = निन्दितं शीलं = वृत्तं येषां ते कुशीलाः ते च तथाविधा द्यूतकारादयः । उक्तं च –

जूइयर सोलमेंठा बट्टा उब्भायगादिणो जे य ।
एए होंति कुसीला, वज्जेयव्वा पयत्तेणं ॥१॥

युवतिश्च पशुश्चेत्यादि द्वन्द्वः, युवत्यादिभिः परि-समन्तात् वर्जितं = रहितमिति विग्रहः । यतेः = तपस्विनः = साधोः "एकग्रहणे तज्जातीयग्रहणम्" इति साध्व्याश्च योग्यं यतिनपुंसकस्य च । किं ? = स्थानम् = अवकाशलक्षणं, तदेव विशेष्यते = युवत्यादिव्यतिरिक्तशेषजनापेक्षया विगतजनं विजनं भणितम् - उक्तं तीर्थंकरैर्गणधरैश्चेदमेवम्भूतं नित्यमेव अन्यत्र प्रवचचोक्तदोषसम्भवात् । विशेषतो ध्यानकाल इत्यपरिणतयोगादिनाऽन्यत्र ध्यानस्यऽऽराधयितुमशक्यत्वादिति गाथार्थः ॥३५॥

विवेचन : नित्यमेव = સાધુસંતોએ પોતાના વ્રતની સ્થિરતા માટે પોતાનું રહેઠાણવાળું સ્થાન નીચેના ચાર પાત્રોથી **સદાકાળ** દૂર જ રાખવું જોઈએ. (૧) યુવતિ, (૨) પશુ, (૩) નપુંસક અને (૪) કુશીલ આ ચાર પાત્રોથી દૂર જ રહેવું. સાધુએ આ ચાર પાત્રોથી માત્ર ધ્યાનકાળે જ દૂર રહેવું એવો નિયમ નથી. પરંતુ સર્વકાળે દૂર જ રહેવું. કારણ કે આ ચાર પતનનાં કારણો છે. માટે ચેતીને ચાલવું.

અહીં યુવતિ શબ્દથી મનુષ્યની સ્ત્રી તથા દેવી એમ બન્ને પ્રકારની સ્ત્રી જાતિ લેવી. બન્નેને જોઈને સાધુને વિકાર થવાનો સંભવ છે. તથા તે બન્ને પાત્રોમાં જો વિકાર થયો હોય અથવા થાય તો સાધુને ઉપસર્ગો આવવાનો સંભવ છે. માટે પોતાને કે પરને વિકારનાં કારણો ન બને તે કારણથી આવા પ્રકારની બન્ને જાતિની સ્ત્રીવર્ગથી દૂર જ રહેવું હિતાવહ છે.

પશુ શબ્દથી તિર્યંચોની સ્ત્રીજાતિ લેવી. તિર્યંચોની સ્ત્રીજાતિ સાથે પણ કામવિકાર થવાનો સંભવ છે. મોહાધીન જીવોમાં ઘણી કુચેષ્ટાઓ હોઈ શકે છે જે વિકારીભાવને વધારે વધારે ઉત્તેજિત કરે છે માટે ગાય-ભેંસ-બકરી વિગેરે સ્ત્રી વર્ગથી પણ શક્ય બને તેટલા દૂર જ રહેવું.

નપુંસક વ્યક્તિ તો પ્રખ્યાત જ છે ગમે ત્યારે વિકારીભાવવાળી તે વ્યક્તિ બને અને સંયમી જીવને ઉપસર્ગ કરે અથવા ચલિત કરે. પોતાનામાં પ્રગટ થયેલા વિકારોને પોષવા બીજી વ્યક્તિના સાધુ જીવનનો નાશ પણ કરે માટે તેનાથી પણ દૂર જ રહેવું.

અને ચોથી વ્યક્તિ = કુશીલ છે અર્થાત્ નિન્દિત છે શીયળ જેનું એવા જે દુરાચારી, વ્યભિચારી, કુચેષ્ટા કરનારા જીવો તે કુશીલ જીવો કહેવાય. તેનાથી પણ સંયમી પુરૂષોએ દૂર જ રહેવું.

જે જે હલકુ આચરણ કરનારા જીવો હોય તે કુશીલ જીવો કહેવાય છે. જુગારી, વ્યસની, વ્યભિચારી, દારૂડીયા આવા જીવોથી અવશ્ય દૂર જ રહેવું. ગમે ત્યારે આપત્તિઓ આવવાનો સંભવ છે. उक्तं च = શાસ્ત્રમાં જ કહ્યું છે કે –

(૧) **द्युतकार** (જુગારી, સટ્ટાખોરી), (૨) સોલ (કલાલ-માંસ વેચનાર, કાપાકાપી કરનાર), (૩) મેંઠા = ... (૪) ચટ્ટા = ... (૫) ઉદ્ભ્રામક = પરસ્ત્રીલંપટ

આવા પ્રકારના આ પાંચ જાતના મનુષ્યોથી સંયમી આત્માઓએ દૂર રહેવું. ગમે ત્યારે પણ પોતાના વ્રતના પતનનો ભય આવી શકે છે.

આ પાંચ પ્રકારના જીવો જૈનશાસ્ત્રોમાં કુશીલ (વિવેક વિનાના) કહેવાય છે. ગમે ત્યારે સારા માણસ ઉપર આફત આપી શકે છે.

યુવતિ-પશુ-નપુંસક અને કુશીલ આ ચારે શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરવો. યુવતિ આદિ ઉપરોક્ત ચારે પાત્રોથી સર્વથા રહિત જ્યાં ઉપરોક્ત ચાર પાત્રોનો કોઈ પણ પ્રકારનો સંબંધ જ ન હોય આવન-જાવન જ ન હોય તેવું સ્થાન જ સાધુ પુરૂષ માટે યોગ્ય છે. અહીં મૂલ ગાથામાં જઇણો શબ્દમાં સાધુને એકવચન કરેલું છે તો પણ "एकग्रहणे तज्जातीयग्रहणम्" જ્યાં

એકવ્યક્તિનું ગ્રહણ હોય ત્યાં તેની આખી જાતિ લેવી આવો ન્યાય હોવાથી સાધુની જેમ સાધ્વીજી મહારાજશ્રી માટે તથા નપુંસક વ્યક્તિ મુનિ બની હોય તેના માટે પણ એમ બન્ને માટે પોતાના સંયમની સુરક્ષા માટે વિજાતીય પાત્રોથી સદા દૂર જ રહેવું. આ વાત પોતે જાતે સ્વયં સમજી લેવી.

તે કારણથી જ્યાં સ્ત્રીવર્ગનો કે પશુઓનો કે નપુંસકોનો અથવા કુશીલ (દૂરાચારી) જીવોનો સંપર્ક થતો ન હોય તેવા નિર્ભય સ્થાનમાં જ ઉત્તમ સાધુસંતોએ રહેવું જોઈએ. જેથી પતન પામવાનો ભય જ ઊભો ન થાય.

युवत्यादिभिः परि-समन्तात् वर्जितम्-रहितमिति = યુવતિ આદિ ચારે પાત્રોથી સર્વથા વર્જિત (વિનાનું) આ સ્થાન હોવું જોઈએ. તે સ્થાન જ સાધુને માટે સંયમના પાલન સારું ઉચિત સ્થાન છે. જરા પણ ભય હોય ત્યાં પતન થતાં વાર ન લાગે.

साधोः શબ્દમાં મૂળગાથામાં जइणो શબ્દમાં એકવચન છે તો પણ "એકના ગ્રહણમાં આખી જાતિનું ગ્રહણ થાય છે." આવો ન્યાય હોવાથી સર્વે સાધુ પણ લેવા. સાધ્વીજી મહારાજશ્રી પણ લેવા અને નપુંસક વ્યક્તિ સંયમી થયો હોય તો તે પણ લેવો એટલે સર્વે સાધુસંતો, સર્વે સાધ્વજી મહારાજાઓ, અને સર્વે સંયમી નપુંસકવેદી જીવોએ ઉપરોક્ત ચારે પાત્રોથી સદાકાળ દૂર જ રહેવું. જેથી શીયળ ખંડિત થવાનો ભય ઊભો જ ન થાય..

તે માટે સંયમી બનેલા પુરૂષ, સ્ત્રી અને નપુંસક એમ ત્રણે વેદવાળા જીવોએ પોતાનું નિવાસનું સ્થાન ક્યાં રાખવું ? તે બાબતમાં સમજાવે છે કે યુવતિ આદિ વિકારક ચાર પાત્રોથી તો ઘણું દૂર જ રાખવાનું. પરંતુ યુવતિ આદિ ચાર પાત્રોથી વ્યતિરિક્ત (વિના) બાકીના શેષ મનુષ્યોની અપેક્ષાએ પણ શક્ય બને તેટલું નિર્જન અવસ્થાવાળું સ્થાન રાખવું જ્યાં કોઈ બહુ મનુષ્યોની આવન-જાવન ન હોય ત્યાં ઉત્તમ જીવોને વિકાર થવાનો ભય ઊભો ન થાય.

શ્રી તીર્થંકર ભગવંતો વડે અને ગણધર ભગવંતો વડે આગમ શાસ્ત્રોમાં નિત્ય = સદાકાળ આમ જ કહેવાયું છે જ્યાં ભય હોય ત્યાં બહુ જ ઉપયોગપૂર્વક વર્તવું. સદા જાગૃત થઈને રહેવું. જ્યાં વાઘ-સિંહ અને સાપના ઉપદ્રવ્યો હોય તેવા જંગલમાં જેમ સાવધાન થઈને બચાવ પક્ષને સાથે રાખીને જ ચાલીએ છીએ તેમ સંયમ માર્ગમાં પણ વિઘાતક ભાવોથી બહુ જ સાવધ થઈને જ ચાલવું. અન્યથા પતન થવાનો પ્રસંગ આવે અથવા ભલે કોઈ ઉપસર્ગ કદાચ ન આવે તો પણ, પ્રવચનમાં કહેલા માર્ગનું ઉલ્લંઘન કર્યાનો દોષ તો અવશ્ય લાગે જ.

તેમાં પણ જ્યારે ધ્યાન દશામાં જોડાયા હોઈએ ત્યારે તો વિશેષે કરીને આ બાબતનું ધ્યાન રાખવું જરૂરી છે. કારણ કે જે જીવો હજુ સંયમમાર્ગમાં પ્રવેશ પામતા જ છે. પ્રાથમિક દશા જ છે. પરિપક્વ દશાવાળા બન્યા નથી એવા પ્રકારના અપરિણત યોગવાળા જીવો માટે પરિપક્વતા નહીં હોવાના કારણે સંયમ જાળવવો ઘણો જ મુશ્કેલ બને તેમ છે. તો પછી ધ્યાનકાળે તો આ વાત વિશેષે વિચારણીય છે. તે માટે ઉપરોક્ત પાત્રોથી દૂર રહેવું આવશ્યક છે.

અન્યથા = એના વિના ધ્યાન આરાધવું અશક્ય બને છે. વિકારી તત્ત્વો, હિંસક તત્ત્વો, પતનનાં કારણો સામે હોતે છતે ધ્યાનમાં સ્થિરતા રહેવી આજકાલના જીવો માટે શક્ય નથી. માટે જ્ઞાની મહાત્માઓએ કહેલી વાતનો પૂરેપૂરો સ્વીકાર કરવો આ પ્રમાણે આ ગાથાનો અર્થ જાણવો. ॥૩૫॥

અવતરણ : इत्थं तावदपरिणतयोगादीनां स्थानमुक्तम्, अधुना परिणतयोगादीनधिकृत्य विशेषमाह –

આ પ્રમાણે જેનામાં યોગદશા બરાબર પરિપક્વ બની નથી. તેવા અભ્યાસક જીવોને આશ્રયી આ વાત સમજાવી. હવે પરિપક્વ થઈ છે યોગદશા જેમાં એવા જીવોને આશ્રયી ગ્રંથકારશ્રી આ વાત સમજાવે છે :-

થિરકયજોગાણં પુણ, મુણીણં ઝાણે સુનિચ્ચલમણાણં ।
ગામંમિ જણાઇણ્ણે સુણ્ણે રણ્ણે વ ણ વિસેસો ॥૩૬॥

ગાથાર્થ : સ્થિર કરી છે યોગદશા જેઓએ એવા તથા સુનિશ્ચલ મનવાળા એવા મુનિઓને ધ્યાનમાં વર્તે ત્યારે લોકોથી વ્યાપ્ત એવું ગામ હોય કે શૂન્યઘર હોય કે અરણ્ય હોય તેમાં કંઈ ફરક પડતો નથી. તેમાં કોઈ વિશેષતા નથી. ॥૩૬॥

ટીકા : तत्र स्थिराः = संहनन-धृतिभ्यां बलवन्त उच्यन्ते, कृता-निर्वर्तिता-अभ्यस्ता इति यावत्, के ? = युज्यन्त इति योगाः = ज्ञानादिभावनाव्यापाराः सत्त्व-सूत्र-तपः प्रभृतयो वा यैस्ते कृतयोगाः, स्थिराश्च ते कृतयोगाश्चेति विग्रहस्तेषाम् । अत्र च स्थिर-कृतयोगयोश्चतुर्भङ्गी भवति । तद्यथा-"थिरे णामेगे णो कयजोगे" इत्यादि । स्थिरा वा-पौनःपुनःकरणेन परिचिताः कृता योगा यैस्ते तथाविधास्तेषां, पुनःशब्दो विशेषणार्थः । किं विशिनष्टि ? तृतीयभङ्गवतां, न शेषाणां, स्वभ्यस्तयोगानां वा मुनीनामिति । मन्यन्ते जीवादीन् पदार्थानिति मुनयो = विपश्चित्साधवस्तेषां च, तथा ध्याने-अधिकृत एव धर्मध्याने सुष्ठु = अतिशयेन, निश्चलं = निष्प्रकम्पं मनो येषां ते तथाविधास्तेषाम् । एवंविधानां स्थानं प्रति ग्रामे जनाकीर्णे, शून्येऽरण्ये वा न विशेष इति । तत्र ग्रसति बुद्ध्यादीन् गुणान्, गम्यो वा करादीनामिति ग्रामः = सन्निवेशविशेषः, इह "एकग्रहणे तज्जातीयग्रहणम्"

(इति न्यायात्) नगर-खेट-कर्बटादिपरिग्रह इति । जनाकीर्णे = जनाकुले ग्राम एवोद्यानादौ वा, तथा शून्ये = तस्मिन्नेवारण्ये वा कान्तारे वेति, वा विकल्पे, न विशेषो = न भेदः । सर्वत्र तुल्यभावत्वात्परिणतत्वात्तेषामिति गाथार्थः ॥३६॥

વિવેચન : જે મહાત્માનો આત્મા અત્યંત સ્થિર છે. સંઘયણ અને ધીરજ ગુણ વડે જે આત્મા બળવાળો થયેલ છે વજ્રઋષભનારાચ સંઘયણ હોવાથી અને પોતાની આત્મશક્તિ વિકસાવેલી હોવાથી અત્યંત સ્થિરતા ગુણ જેનામાં ઘણો જ વિકાસ પામ્યો છે. તેવો જ આત્મા આ ધ્યાન ધરવા માટે યોગ્ય છે. ધ્યાન શરૂ કર્યા પછી સામે સાપ આવે કે સિંહ આવે પણ જે ડરે નહિ તથા રૂપવતી સ્ત્રી આવે કે દેવી આવે તો પણ જે ક્યાંય ચલિત થાય નહીં. એવી ધીરજ ગુણવાળો જીવ જ આ ધ્યાન માટે ઉચિત છે.

તથા વારંવાર આવા પ્રકારના ધ્યાન કરવાના પ્રયોગો કરવા વડે સારી રીતે અભ્યાસવાળા કર્યા છે યોગો જેણે એવો જીવ જ આ ધ્યાન કરવા માટે સફળ થાય છે જે આત્માએ પોતાના આત્માને જ્ઞાનાદિ ગુણોમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વૈરાગ્ય આ ચારે ગુણોમાં સતત ઉદ્યમશીલ બનાવ્યો છે. તેવો આત્મા અર્થાત્ જ્ઞાનભાવના, દર્શનભાવના, ચારિત્રભાવના અને વૈરાગ્યભાવનામાં જેણે પોતાનો આત્મા એકાકાર કર્યો છે તેવો જ આત્મા આ ધ્યાન કરવા માટે ઉચિત છે.

અથવા સત્ત્વ (પરાક્રમ), સૂત્ર (સૂત્રાભ્યાસ) અને તપગુણ આ ત્રણ ગુણ તથા તે વિગેરે બીજા પણ ગુણોના વારંવાર આસેવનથી જેણે પોતાના આત્માને ઘણો જ વાસિત (સંસ્કારિત) કર્યો છે તેવો આત્મા જ આ ધ્યાનમાં સ્થિર થવા યોગ્ય છે.

આ પ્રમાણે સ્થિરતા ગુણ અને કૃતયોગિતા ગુણ આ બન્ને ગુણોવાળા એવા જે જીવો છે. તે જ ધ્યાન માટે ઉચિત છે. स्थिराश्च ते कृतयोगाश्च એમ કર્મધારય સમાસ કરવો. આ બન્ને ગુણોની ચૌભંગી (ચાર ભાંગા) થાય છે તે આ પ્રમાણે છે :-

(૧) થિરે - णामेगे णो कयजोगे જે મહાત્મા સ્થિર સ્વભાવવાળા છે. પરંતુ કૃતયોગી નથી. અર્થાત્ સ્થિર છે એટલે કે એકાકાર પરંતુ કૃતયોગી નથી.

(૨) સ્થિર સ્વભાવવાળા નથી પરંતુ કૃતયોગી છે.

(૩) સ્થિર સ્વભાવવાળા પણ છે અને કૃતયોગી પણ છે.

(૪) સ્થિર સ્વભાવ પણ નથી અને કૃતયોગી પણ નથી.

આ ચાર ભાંગામાંથી જે ત્રીજા ભાંગામાં વર્તતા મુનિઓ છે તે જ આ ધ્યાન માટે ઉચિત જીવો છે. ગાથામાં લખેલો પુનઃ એવો જે શબ્દ છે. તે વિશેષણ અર્થમાં છે. આ પુનઃ શબ્દ શું વિશિષ્ટ અર્થ સૂચવે છે ? આવો પ્રશ્ન થાય તો ગ્રંથકારશ્રી કહે છે કે –

ત્રીજા ભાંગાવાળા જીવો જ આવા પ્રકારનું ધ્યાન કરવા માટે ઉચિત છે. અથવા સારી રીતે અભ્યાસિત કર્યા છે યોગો જે મહાત્માએ તે તથા સ્થિરતા ગુણથી ભરેલા એવા જે મુનિઓ છે તે જ મુનિ મહાત્મા આવું ધ્યાન ધરવા માટે યોગ્ય છે.

પ્રશ્ન : મુનિ કોને કહેવાય ?

ઉત્તર : मन्यन्ते जीवादीन् पदार्थान् इति मुनयः જીવ - અજીવ આદિ પદાર્થોને જે જાણે છે અથવા જેણે સારો એવો શાસ્ત્ર અભ્યાસ કર્યો છે. સારું એવું મનન-ચિંતન કર્યું છે. તે **મુનિ** કહેવાય છે. અર્થાત્ विपश्चित् - साधवः = વિદ્વાન બનેલા તથા જ્ઞાની, ધ્યાની અને અભ્યાસી બનેલા સાધુઓ જ મુનિ કહેવાય છે તેવા પ્રકારના મુનિઓ જ આ ધ્યાન કરવા માટે સમર્થ છે.

તથા પ્રસ્તુત એવા આ ધર્મધ્યાનનું સેવન કરવામાં અતિશય નિશ્ચળ છે મન જેનું એવા મુનિ એટલે કે "ध्याने सुष्ठु निश्चलं मनो यस्य = અધિકૃત (પ્રસ્તુત) એવું ધર્મધ્યાન કરવામાં સારી રીતે એટલે કે અતિશયપણે નિશ્ચલ એટલે કે નિષ્પ્રકંપતાવાળું છે મન જેનું તેવા મુનિઓ જ આ ધ્યાન માટે યોગ્ય છે."

આ મહાત્માઓ પોતાના જ બળ વડે અને શાસ્ત્રીય અભ્યાસ વડે એવા ટેવાઈ જ ગયા હોય છે કે લોકોથી ભરપૂર ભરેલું શહેર (નગર) હોય કે શૂન્ય અરણ્ય હોય આ બન્નેમાં તેઓનો કંઈ વિશેષતા દેખાતી નથી. આવા બન્ને સ્થાનોમાં પણ અસ્ખલિતપણે રહે છે. અંજાતા નથી કે ડરતા નથી. આવા મહાત્માઓ જ આ ધ્યાન કરવા માટે ઉચિત છે.

ત્યાં ગ્રામ (ગામ) કોને કહેવાય ? તે સમજાવે છે કે "ग्रसति बुद्धयादिगुणान् इति ग्रामः" અથવા गम्यो वा करादीनाम् इति ग्रामः શહેરીજીવન હોવાથી જેની બુદ્ધિ આદિ ગુણો ભોગ વિલાસમાં જ અથવા નગરચર્યા જોવામાં જ લાગેલા હોવાથી આત્માદિ તત્ત્વો જાણવામાં જેની બુદ્ધિ આદિ (બુદ્ધિ-વિવેક-અધ્યાત્મ આદિ) ગુણો ગળાઈ ગયા છે. (ચાલ્યા ગયા છે) તે ગ્રામ, અથવા કર એટલે કે ટેક્ષ, જ્યાં ઈન્કમટેક્ષ, સેલ્સટેક્ષ વિગેરે ટેક્ષો લેવાય છે તેને ગ્રામ કહેવાય છે. ગ્રામ એટલે ગામ અથવા સન્નિવેશ એટલે મહોલ્લો - લતો - પોળ - ગલી તથા શેરી વિગેરે અર્થ કરવા.

એકગ્રહણે જાતીયગ્રહણાદ્ આવો ન્યાય હોવાથી નાનુ ગામ, મોટું નગર, જિલ્લાનું ગામ, તાલુકાનું ગામ વિગેરે ભિન્ન ભિન્ન પ્રકારનાં ગામો જાણવાં જેને શાસ્ત્રોમાં નગર - ખેટ - કર્બર કહેવાય છે. આવા પ્રકારનાં લોકોથી ભરપૂર ભરેલાં ગામો હોય કે માણસો વિનાનું ઉદ્યાન હોય અથવા શૂન્ય જંગલ માત્ર જ હોય આવા પ્રકારના કોઈપણ સ્થાનમાં આ મહાત્માને ન વિશેષો = ન ભેદઃ કોઈ વિશેષતા લાગતી નથી. કોઈ ભેદ દેખાતો નથી. તે મહાત્મા તો પોતાની આત્મસાધનામાં જ વ્યગ્ર હોય છે કોઈથી ડરતા નથી. સાપ-વાઘ-સિંહથી કે દેવો વડે કરાયેલા ઉપસર્ગોથી પણ ડરતા નથી. ભયભીત થતા નથી. ચલિત થતા નથી. પોતાનું ચિત્ત ભયસ્થાનોની સામે એટલું પ્રબળ કરેલું હોય છે. જેથી ઘણું જ મજબૂત હોય છે.

કારણ કે તેઓનું ચિત્ત સર્વ સ્થાનો ઉપર તુલ્યભાવવાળું જ હોય છે. સમાન પરિણતિવાળું જ હોય છે. આવા ધીરજ ગુણવાળા ઉત્તમ સંઘયણવાળા અને બલિષ્ઠ જીવો જ આ ધ્યાન કરવા માટે ઉચિત છે. આ પ્રમાણે આ ગાથાનો અર્થ જાણવો. ॥૩૬॥

અવતરણ : यतश्चैवं = જે કારણથી ધ્યાન માટે આવા જીવો જ યોગ્ય છે. તે માટે એવા જીવો જ ધ્યાન કરે છે :

जो (तो) जत्थ समाहाणं, होज्ज मणो-वयण-कायजोगाणं ।
भूओवरोहरहिओ, सो देसो झायमाणस्स ॥३७॥

ગાથાર્થ : જે દેશમાં (જે ક્ષેત્રમાં) મન-વચન અને કાયા આ ત્રણે યોગોનું સ્વાસ્થ્ય બરાબર સારું રહેતું હોય તથા જ્યાં જીવોની હિંસાથી રહિત ક્ષેત્ર હોય, તેવું ક્ષેત્ર અર્થાત્ તેવો દેશ તે ધ્યાન કરનારા જીવને માટે ઉચિત ક્ષેત્ર જાણવું. ॥૩૭॥

ટીકા : यत एव "तदुक्तं" "ततः" तस्मात्कारणाद् "यत्र" ग्रामादौ स्थाने "समाधानं" स्वास्थ्यं भवति जायते। केषामित्यत आह - मनोवाक्काययोगानां प्राग्निरूपितस्वरूपाणामिति। आह मनोयोग-समाधानमस्तु, वाक्काययोगसमाधानं तत्र क्वोपयुज्यते ? न हि तन्मयं ध्यानं भवति ? अत्रोच्यते, = तत्समाधानं, तावन्मनोयोगोपकारकं, ध्यानमपि च तदात्मकं भवत्येव। यथोक्तम् =

"एवंविहा गिरा मे वत्तव्वा, एरिसी न वत्तव्वा ।
इय वेयालियवक्कस्स भासओ वाइगं झाणं ॥१॥ तथा

सुसमाहियकरपायस्स, अकज्जे कारणंमि जयणाए ।
किरियाकरणं जं तं काइयझाणं भवे जइणो ॥२॥

न चात्र समाधानमात्रकारित्वमेव गृह्यते किन्तु भूतोपरोधरहितः। तत्र भूतानि-पृथिव्यादीनि, उपरोधः = तत्सङ्घट्टनादिलक्षणः तेन रहितः = परित्यक्तो यः "एकग्रहणे तज्जातीयग्रहणाद्"

अनृतादत्तादानमैथुनपरिग्रहाद्युपरोधरहितश्च स देशो ध्यायतः = चिन्तयतः उचित इति शेषः । अयं गाथार्थः ॥३७॥

विवेचन : જે કારણથી શાસ્ત્રમાં જ કહ્યું છે તે કારણથી જ જે ગામ-નગર કે અરણ્ય આદિ સ્થાનમાં ધ્યાન કરનારી વ્યક્તિનું સ્વાસ્થ્ય (આરોગ્ય) સારું રહે અને પૂર્વે જણાવ્યું છે સ્વરૂપ જેનું એવા પ્રકારના મન-વચન અને કાયાના યોગો નિર્મળ રહેતા હોય ત્યાં ધ્યાન કરવું. ધ્યાન માટે તે ક્ષેત્ર સર્વોત્તમ જાણવું.

કારણ કે તેવા ક્ષેત્રમાં ધ્યાતાનો આત્મા વધારે નિશ્ચલ સ્થિતિવાળો થઈ શકે છે. સ્થિર થવાનો સંભવ છે તે માટે તેવું ક્ષેત્રજ વધારે ઉપકાર કરનારું છે તેથી ધ્યાન કરનારા આત્માને તેવા ક્ષેત્રનો જ ઉપયોગ કરવો.

આહ - કોઈ શિષ્ય અહીં પ્રશ્ન કરે છે કે ધ્યાન કરવામાં મનોયોગનું સ્વાસ્થ્ય સારું હોવું જોઈએ. આ વાત સમજાય તેમ છે મનની અતિશય સ્થિરતા હોવી જોઈએ. પરંતુ વચનનું અને કાયાનું સ્વાસ્થ્ય તેમાં શું જરૂરી છે ? વચન અને કાયા કદાચ ચલિત હોય, સ્થિર ન હોય તથા બેનું સ્વાસ્થ્ય બરાબર ન હોય પરંતુ મનનું સ્વાસ્થ્ય જો બરાબર હોય તો ધ્યાન કરવામાં ક્યાં કંઈ તકલીફ પડે તેમ છે ? કારણ કે વાણી અને કાયાની સ્થિરતા રૂપ ધ્યાન તો હોતું જ નથી માત્ર મનની સ્થિરતા જ ધ્યાનમાં હોવી આવશ્યક છે ?

ઉત્તર : अत्रोच्यते = હવે ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર જણાવાય છે. વચન અને કાયાની સ્થિરતા તે મનોયોગની સ્થિરતામાં ઉપકાર કરનારી વસ્તુ છે. વચનયોગ અને કાયયોગ જેટલાં વધારે સ્થિર અને સુચારૂ, તેટલો મનયોગ વધારે સ્થિર અને મજબૂત બને છે. તે માટે ધ્યાનની સ્થિરતામાં વચન અને કાયયોગ પણ સ્થિર હોવા જરૂરી છે. જો કે ધ્યાન મનોયોગની સ્થિરતાવાળું છે તો પણ તેમાં વચન અને કાયા ઉપકારક હોવાથી વચન અને કાયાની સ્થિરતા સ્વરૂપ પણ આ ધ્યાન કહેવાય છે જ. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે –

આવા પ્રકારની વાણી મારે બોલવી જોઈએ પરંતુ આવા પ્રકારની (એટલે કઠોર કે મર્મઘાતક) વાણી મારે બોલવી જોઈએ નહીં. આ પ્રમાણે વિચાર કરીને વાક્ય બોલનારા વક્તાને વચનયોગ સંબંધી ધ્યાન જ કહેવાય છે. ॥૧॥

સારી રીતે ઉપયોગપૂર્વક પ્રવર્તે છે હાથ અને પગ જેના એવો જીવ કોઈ કારણ ઉપસ્થિત થયાં હોય તો જ તેવાં તેવાં અકાર્યમાં જ્યારે પ્રવર્તે છે ત્યારે પણ શક્ય બને તેટલી વધારે જયણાપૂર્વક જ ક્રિયા કરે છે. તે મુનિમહાત્માનું કાયિક ધ્યાન પણ હોય છે એમ જાણવું. ભરનિદ્રામાં પણ અંગો ઉઘાડાં ન રહી જાય તેની પુરેપુરી કાળજી રાખે છે. ॥૨॥

અહીં આ મન-વચન અને કાયાનું સ્વાસ્થ્ય જ માત્ર વિચારાયું છે એ ત્રણ જ પવિત્ર હોવાં જોઈએ. એટલું જ બસ નથી. પરંતુ બીજો પણ તેમાં ઉપયોગી એક વિચાર જોડવો જોઈએ.

પ્રશ્ન : તથા વળી તે ઉપયોગી બીજો વિચાર કયો ?

ઉત્તર : भूतोपरोधरहितः = નાના નાના અન્ય જીવોની હિંસા-વિરાધના-પીડા આદિ દુઃખદાયી ભાવોથી રહિત પ્રક્રિયા હોય તો જ તે ધ્યાન કહેવાય છે. **भूत** એટલે કે પૃથ્વીકાય આદિ છ કાયના જીવો, તેનો उपरोधः વિનાશ કરવો, પરસ્પર સંઘર્ષ કરવો. એકથી બીજાની હિંસા કરવી. બીજા જીવોને પીડા કરવી. તેવા પ્રકારનાં આશ્રવવાળાં કાર્યોથી રહિત અર્થાત્ તેવાં હિંસાત્મક પાપકારી કાર્યોથી તજાયેલો એવો જીવ ધ્યાનમાં સ્થિર થાય તો જ તે જીવ તે જ કર્મોની નિર્જરાનું કર્તૃત્વ પ્રાપ્ત કરનારો બને છે.

અહીં भूतानि શબ્દથી પૃથ્વીકાય - અપ્કાય - તેઉકાય વિગેરે છ કાયવાળા જીવો સમજવા. તેનો ઉપરોધ કરવો એટલે કે પરસ્પર સંઘર્ષ કરવો - એકથી બીજાને હણવા જેમ કે આગ ઉપર પાણી નાખીને આગને બુઝવવી. અથવા પાણીને આગ ઉપર મુકીને પાણીને ગરમ કરવું. ઈત્યાદિ પ્રકારે પાણીના જીવોની હિંસા કરવી તે તે જીવોને દુઃખ આપવું, પીડા કરવી. તેવા પ્રકારના પાપોનો ત્યાગ કરનારો આ જીવ બને છે.

પ્રશ્ન : અહીં ધ્યાન કરવામાં કેવળ એકલી હિંસાનો જ ત્યાગ કેમ સમજાવો છો ? અસત્ય ભાષણ-ચોરી-મૈથુન વિગેરે પાપોનો પણ ત્યાગ શું ન લેવો જોઈએ ?

ઉત્તર : "एकग्रहणे तज्जातीयग्रहणाद्" જ્યાં એક પદાર્થનું ગ્રહણ કર્યું હોય ત્યાં તેની જાતિવાળાં સર્વનું ગ્રહણ કરવું. આવો ન્યાય હોવાથી હિંસાના ત્યાગનો ઉલ્લેખ કરેલો હોવાથી અસત્યભાષણ, અદત્તાદાન (ન આપેલું લેવું) મૈથુન (વિકારી ભાવો) પરિગ્રહ (ધન-ધાન્યાદિની મમતા-મૂર્છા) વિગેરે પાપોથી પણ રહિત બનવું તેને જ ધ્યાન કહેવાય છે. આવા પાપો જ્યાં ન સંભવતાં હોય તેવા પવિત્ર દેશમાં (ક્ષેત્રમાં) બેસીને ધ્યાનમાં અત્યંત સ્થિર થવું. ધ્યાન કરવું. ચિંતવન કરવું તે જ વધારે ઉચિત છે. યોગ્ય છે. આમ ગાથાનો ભાવાર્થ જાણવો. ॥૩૭॥

અવતરણ : गतं देशद्वारम्, अधुना कालद्वारमभिधित्सुराह - દેશ નામનું દ્વાર સમાપ્ત કર્યું. હવે કાળ નામનું દ્વાર કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

कालोऽवि सोच्चिय, जहिं जोगसमाहाणमुत्तमं लहइ ।
न उ दिवस-निसा-वेलाइनियमणं झाइणो भणियं ॥३८॥

ગાથાર્થ : ધ્યાન માટે કાળ પણ તે જ ઉચિત જાણવો કે જે કાળે મન-વચન અને કાયાના યોગોનું સ્વાસ્થ્ય સુંદર હોય, (જેથી ધ્યાનમાં સ્ખલના ન આવે) પરંતુ આ ધ્યાન માટે દિવસ-રાત્રિ કે સંધ્યા અથવા પ્રભાત આદિ વેળા વિગેરેનો કોઈ જ નિયમ કથન કરેલો નથી. અર્થાત્ અનિયમ જ શાસ્ત્રોમાં ભાખેલો છે. ॥૩૮॥

ટીકા : कलनं कालः, कलासमूहो वा कालः, स चार्द्धतृतीयेषु द्वीपसमुद्रेषु चन्द्र-सूर्यगतिक्रियोपलक्षितो दिवसादिरवसेयः । अपि शब्दो देशानियमेन तुल्यत्वसम्भावनार्थः, तथा चाह कालोऽपि स एव, ध्यानोचित इति गम्यते । "यत्र" काले "योगसमाधानं" मनोयोगादि स्वास्थ्यम् "उत्तमं" प्रधानं लभते, प्राप्नोति, "न तु" = न पुनर्नैव च, तुशब्दस्य पुनः शब्दार्थत्वादेवकारार्थत्वाद् वा, किं ? = दिवस-निशा-वेलादिनियमनं ध्यायिनो भणितमिति । दिवसनिशे प्रतीते, वेला सामान्यत एव, तदेकदेशे मुहूर्तादिः, आदिशब्दात् पूर्वाह्णापराह्णादि वा । एतन्नियमनं दिवैवेत्यादिलक्षणं । ध्यायिनः = सत्त्वस्य भणितम् । उक्तं तीर्थंकरगणधरैर्नैवेति गाथार्थः ॥३८॥

વિવેચન : જેની ગણતરી ગણાય, વિચારણા કરાય તેને કાલ કહેવાય છે. અથવા કલાઓનો જે સમૂહ તેને પણ કાલ કહેવાય છે. આવો કાળ અઢીદ્વિપ અને બે સમુદ્રમાં (પીસ્તાલીસ લાખ યોજન પ્રમાણ જંબુદ્વીપ-ધાતકીખંડ અને અર્ધપુષ્કરવરદ્વીપ એમ અઢી દ્વીપ તથા લવણસમુદ્ર અને કાલોદધિસમુદ્ર એમ બે સમુદ્ર પ્રમાણ ક્ષેત્રમાં) આ કાળ વર્તે છે. ચંદ્ર-સૂર્યના ભ્રમણના કારણે અઢી દ્વીપ અને બે સમુદ્રમાં આવો કાળ વર્તે છે. એમ શાસ્ત્રોમાં કહેવાય છે.

ચંદ્ર અને સૂર્ય આદિ જ્યોતિષ દેવોની ગતિક્રિયા વડે ઓળખાતો દિવસ-રાત્રિ સ્વરૂપ આ કાળ જાણવો. અહીં મૂલ ગાથામાં જે कालोऽवि પદમાં જે अपि શબ્દ છે તે આ કાલદ્વારની દેશનિયમ દ્વારની સાથે તુલ્યતાની સંભાવના માટે છે. અર્થાત્ દેશદ્વાર અને કાલદ્વાર લગભગ સરખે સરખાં મળતાં આવે તેવાં છે. અઢીદ્વીપમાં દિવસ-રાત્રિ આદિ જે કાળ વર્તે છે. તે તમામ કાળ ધ્યાનને માટે ઉચિત કાળ છે. ધ્યાનોચિત શબ્દ મૂલગાથામાં નથી પણ અધ્યાહારથી ગમ્ય છે. સમજી લેવો જોઈએ.

તથા न उ दिवस ઈત્યાદિ પદમાં જે उ એટલે કે तु શબ્દ છે તે पुनः ના અર્થમાં છે અથવા एव ના અર્થમાં છે આમ સમજવું किं ? શું વિશેષ અર્થ સમજવો ? આવો પ્રશ્ન થાય તો ગ્રંથકારશ્રી જણાવે છે કે –

દિવસ-રાત્રિ અને વેળા વિગેરેનું જે નિયમન છે તે ધ્યાન કરનારી વ્યક્તિ માટે કાળનિયમન મહાપુરુષોએ સમજાવેલું નથી. કોઈ પણ પ્રકારનું કાળનિયમન જણાવેલું નથી.

એક દિવસનું ધ્યાન કરો, કે એક રાત્રિ પ્રમાણ કાળમાં ધ્યાન કરો કે દિવસ-રાત્રિના પ્રમાણવાળા કાળમાં ધ્યાન કરો એમ સમજાવવા માટે કહ્યું છે. ત્યાં दिवस અને निशा કોને કહેવાય ? તે વાત સમજાવતા નથી. કારણ કે સુપ્રસિદ્ધ છે જ્યારે સૂર્યની હાજરી હોય ત્યારે દિવસ અને સૂર્યની હાજરી ન હોય ત્યારે રાત્રિ કહેવાય છે.

વેળા, એટલે સામાન્યથી સમય હોવો તે વેળા. અથવા દિવસનો એક ભાગ, રાત્રિનો એક ભાગ તે વેલ (વેળા) કહેવાય છે. અથવા મુહૂર્ત - ઘડી. કલાક વિગેરે નાના કાળના માપને વેલ કેહવાય છે. તથા ગાથામાં લખેલા વેલાइ પદમાં જે આદિ શબ્દ છે તેનાથી વેળાનો એક દેશભૂત જે કાળ જેમ કે મુહૂર્ત - શ્વાસોશ્વાસ આવલિકા વિગેરેને પણ કાળ કહેવાય છે.

આદિ શબ્દથી પૂર્વાહ્ન અને અપરાહ્ન. (દિવસનો પૂર્વ ભાગ અને દિવસનો બપોર પછીનો અર્ધ ભાગ) વિગેરે પણ કાળના ભાગ જાણવા. તેવા કાળનો જે નિયમન કરવું જેમ કે અત્યારે દિવસ જ છે અથવા અત્યારે રાત્રિ જ છે. ઈત્યાદિ રૂપે કાળ જાણવો.

ધ્યાન કરનારા જીવને માટે શ્રી તીર્થંકર ભગવંતો વડે અને શ્રી ગણધર ભગવંતો વડે અમુક કાળે જ ધ્યાન થાય. એવું કહેવાયું નથી જ. અર્થાત્ સદાકાળ ધ્યાન કરી શકાય છે. જેટલું બને તેટલું મનને સ્થિર કરવું જોઈએ તો જ ધ્યાનમાં સફળતા પ્રાપ્ત થાય છે. ॥૩૮॥

અવતરણ : गतं कालद्वारं । साम्प्रतमासनविशेषद्वारं व्याचिख्यासयाऽऽह :- કાલ દ્વાર સમાપ્ત થયું. હવે આસન વિશેષ નામનું દ્વાર વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી ગ્રંથકારશ્રી જણાવે છે :-

जच्चिय देहावत्था, जिया ण झाणोवरोहिणी होइ ।
झाइज्जा तदवत्थो ठिओ निसण्णो निवण्णो य ॥३९॥

ગાથાર્થ : શરીરની જે કોઈ અવસ્થા હોય (બેઠેલી અથવા ઉભેલી અથવા અન્ય કોઈ) તો પણ તે ધ્યાનનો ઉપરોધ કરનારી નથી. પણ ધ્યાનની અવિરોધી જ છે તેથી જે અવસ્થા હોય તે અવસ્થામાં ઉભેલી અવસ્થામાં અથવા બેઠેલી અવસ્થામાં અથવા દંડની જેમ ટટ્ટાર અવસ્થામાં પણ ધ્યાન કરી શકાય છે. ॥૩૯॥

ટીકા : इहैव या काचिद् "देहावस्था" शरीरावस्था निषण्णादिरूपा । किं ? = "जिता" = इत्यभ्यस्ता उचिता वा, तथाऽनुष्ठीयमाना "न ध्यानोपरोधिनी भवति" नाधिकृतधर्मध्यानपीडाकरी भवतीत्यर्थः । "ध्यायेत् तदवस्थ" इति सैवावस्था यस्य स तदवस्थः, तामेव विशेषतः प्राहः –

"स्थितः" = कार्योत्सर्गेणेषन्नतादिना, "निषण्णः" उपविष्टो वीरासनादिना, "निर्विण्णः" सन्निविष्टो दण्डायतादिना "वा" विभाषायामिति गाथार्थः ॥३९॥

વિવેચન : ઇહૈવ એટલે કે આ અવસ્થામાં એટલે કે જ્યારે જ્યારે **ધ્યાન** કરવામાં આવે છે. ત્યારે ત્યારે જે કોઈ પ્રકારની **"દેહાવસ્થા"** હોય તે કાળે કોઈ પણ પ્રકારની શરીરની અવસ્થા હોય, જેમ કે બેઠેલી અવસ્થા અથવા ઉભેલી અવસ્થા અથવા સૂતેલી અવસ્થા આ પ્રમાણે જુદી જુદી ભિન્ન ભિન્ન અવસ્થાઓમાંથી કિં ? = જે કોઈ એક અવસ્થા સ્વીકારાઈ હોય, અભ્યાસ રૂપે કરાઈ હોય, અથવા તે કાળે જે કોઈ અવસ્થા કરવી ઉચિત લાગે તે અવસ્થા કરાય, તે અવસ્થા સ્વીકારાય, તે અવસ્થાનું આલંબન લેવાય, તો તે અવસ્થા કંઈ ધ્યાનની વિરોધી નથી. પરંતુ ધ્યાન કરવામાં અભ્યાસવાળી અવસ્થા જે હોય તે ઘણી જ અનુકૂળ અવસ્થા છે. શાસ્ત્રકારોનો તે અવસ્થા સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. કારણ કે અભ્યાસવાળી અવસ્થા હોવાથી ધ્યાન દશામાં ઉપદ્રવ કરનારી કે પીડા કરનારી તે અવસ્થા થતી નથી. પરંતુ અભ્યાસવાળી હોવાથી ધ્યાન ધરવામાં અનુકૂળતાવાળી તે અવસ્થા થાય છે. માટે જે અવસ્થાનો વધારે સારો અભ્યાસ પડ્યો હોય, જે અવસ્થામાં આ આત્માની વધારે સ્થિરતા રહેતી હોય. તે અવસ્થાન ધ્યાનકાલે સ્વીકારવામાં કોઈ દોષ દેખાતો નથી. બલ્કે વધારે વધારે સ્થિરતાનું કારણ બને છે.

તે માટે "ध्यायेत् तदवस्थः" તે તે અવસ્થાવાળા બનીને પણ ધ્યાન કરવામાં વધારે વધારે સ્થિર થવું જોઈએ. માટે જે અવસ્થા વધારે વધારે અભ્યાસવાળી હોય છે તે જ અવસ્થા ધ્યાનકાળે સ્વીકારવી. (જેથી પોતાના આત્માની સ્થિરતા વધવાનો સંભવ છે.)

તે કઈ કઈ અવસ્થા સ્વીકારવી ! આ વાત જરા વધારે વિશેષથી ગ્રંથકારશ્રી જણાવે છે કે "स्थितः" = કાયોત્સર્ગ કરવા વડે ઉભેલી અવસ્થા તથા તેમાં પણ માથાના ભાગથી કંઈક નમેલી અવસ્થા, અથવા "निषण्णः" બેઠેલી અવસ્થા, વીરાસન, ગોદોહાસન આદિ કોઈ પણ એક વિશિષ્ટ આસનરૂપે બેઠેલી અવસ્થા, અથવા "निर्विण्ण" = લાકડીના દાંડાની લંબાઈની જેમ લાંબા થઈને સૂતેલી અવસ્થા, આમ ઉપરોક્ત ત્રણ અવસ્થા અથવા આવા પ્રકારની કોઈપણ શાસ્ત્રની સાથે અવિરોધી અવસ્થામાં રહીને ધ્યાનનું આચરણ કરી શકાય છે.

મૂળ ગાથામાં છેલ્લો જે च શબ્દ છે તે वा અર્થમાં છે. અને वा શબ્દ વિભાષા અર્થમાં છે. વિકલ્પ અર્થમાં છે. આ પ્રમાણે આ ગાથાનો અર્થ જાણવો. ॥૩૯॥

અવતરણ : आह - किं पुनरयं देशकालासनानामनियम इति ? કદાચ અહીં આવો પ્રશ્ન કરવામાં આવે કે આ ધ્યાનમાં દેશનો, કાળનો અને આસનનો આ પ્રમાણે અનિયમ કેમ ? અનિયત દેશાદિ કેમ સમજાવો છો ? કોઈ નિયત દેશ, કોઈ નિયત કાળ અને કોઈ નિયત આસન હોવાં જોઈએ એમ કેમ નથી કહેતા ? આવા પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવે છે કે :- अत्रोच्यते = આ પ્રશ્નનો ઉત્તર કહેવાય છે.

सव्वासु वट्टमाणा मुणओ जं देस-काल-चेट्ठासु ।
वरकेवलाइलाभं, पत्ता बहुसो समियपावा ॥४०॥

ગાથાર્થ : સર્વ પ્રકારના દેશ-કાળ અને ચેષ્ટામાં વર્તતા એવા મુનિઓ ઉપશમાવ્યાં છે પાપકર્મો જેઓએ એવા તે મુનિઓ શ્રેષ્ઠ એવા કેવલજ્ઞાનાદિ આત્મગુણોને (અને મુક્તિને) પામ્યા હોય એવું બહુવાર બન્યું છે. (માટે દેશ = કાળ અને ચેષ્ટાનું નિયમન નથી) ॥૪૦॥

ટીકા : "सर्वासु" = इत्यशेषासु, देश-काल-चेष्टासु इति योगः । चेष्टा = देहावस्था, किं ? - वर्तमानाः = अवस्थिताः, के ? "मुनयः" = प्राग्निरूपितशब्दार्थाः, "यद्" = यस्मात् कारणात्, किं ? "वरः" = प्रधानश्चासौ केवलादिलाभश्च = प्रधानकेवलज्ञानादिगुणलाभः, तं प्राप्ता इति, आदिशब्दान्मनःपर्यायज्ञानादिपरिग्रहः । किं सकृदेव प्राप्ताः ? न, केवलवर्जं "बहुशः" = अनेकशः (केवलज्ञानं तु सकृदेव प्राप्तव्यत्वात् न बहुशः तत्र सम्बन्धनीयः) किं विशिष्टाः ? = "शान्तपापाः" तत्र पातयति नरकादिष्विति पापं, (एवंविधं) पापं शान्तम् = उपशमं नीतं यैस्ते तथाविधा इति गाथार्थः ॥४०॥

વિવેચન : "સર્વ" એવી અવસ્થા એટલે કે અશેષ અવસ્થા જેમાં એક પણ અવસ્થા શેષ (બાકી) નથી એટલે કે સર્વે પણ અવસ્થામાં અહીં અવસ્થા શબ્દથી દેશ-કાળ અને ચેષ્ટા અર્થ લેવો. એટલે કે સર્વ એવા દેશમાં (કોઈપણ ક્ષેત્રમાં, નગરમાં, ગામમાં, ગામડામાં કે અરણ્યમાં) તથા કોઈપણ કાળમાં (રાત્રિમાં, દિવસમાં, પ્રહરમાં કોઈપણ મુહૂર્ત માત્રના કાળમાં ઉત્સર્પિણી, અવસર્પિણી જેવા કોઈપણ કાળમાં, કોઈ પણ આરામાં, અથવા નોઉત્સર્પિણી અને નોઅવસર્પિણી જેવા કાળમાં) તથા કોઈપણ ચેષ્ટા કરતા હોય ત્યારે (ચાલતા હોય, બેઠા હોય, કાઉસ્સગ્ગ મુદ્રાએ ઊભા હોય, ગોદોહાસનાદિ કોઈ પણ આસને બીરાજમાન હોય ત્યારે) આવા પ્રકારનું ધ્યાન કરી શકાય છે ઉપરોક્ત આસનોમાંથી કોઈ એક આસને વર્તતો આત્મા ધ્યાન કરી શકે છે.

किं ? - "वर्तमानाः" = अवस्थिताः તે તે અવસ્થામાં વર્તતા એવા જીવો. ભિન્ન ભિન્ન મુદ્રામાં રહેલા એવા પણ જીવો આ ધ્યાન કરી શકે છે માટે સર્વ દેશમાં, સર્વ કાળમાં અને સર્વ ચેષ્ટામાં વર્તતા જીવો ધ્યાન કરવાના અધિકારી છે. દેશ, કાળ અને ચેષ્ટાનો કોઈ નિયમ નથી.

के ? = ઉપરોક્ત અવસ્થામાં વર્તતા કયા જીવો ધ્યાનના અધિકારી છે. તેનો ઉત્તર આપતાં કહે છે કે "मुनयः" મુનિપ્રરૂષો, અહીં કદાચ એવો પ્રશ્ન થાય કે મુનિ કોને કહેવાય ? તે વિષય તો સમજાવો તો તેવા મુનિઓ આ ધ્યાન કરવાના અધિકારી છે એમ અમે સમજી

શકીએ ? તેનો ઉત્તર આપતાં ટીકાકારશ્રી કહે છે કે "प्राग्निरूपितशब्दार्थाः" જે મુનિ શબ્દનો શબ્દાર્થ પૂર્વે ગાથા નંબર ૩૬માં "मन्यन्ते जीवादीन् पदार्थान् इति मुनिः" જણાવ્યો છે તેવા મુનિ પુરૂષો આ ધ્યાન કરવાના અધિકારી છે. અહીં એક વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે કે મુનિ શબ્દથી મુનિના વેષમાં આવેલા પંચમહાવ્રતધારી પુરૂષ વિશેષ એવો અર્થ ન લેવો. પરંતુ જીવાદિ તત્ત્વોનું જે મનન કરે છે ચિંતન કરે છે તેવા જીવો તે મુનિ એવો અર્થ કરવો જેથી જે કોઈ સાધુ-સાધ્વીજી ભગવંતો તથા, શ્રાવક અને શ્રાવિકા તત્ત્વોનું ચિંતન-મનન કરનારા બને છે. તે જીવો આ ધ્યાનના અધિકારી બને છે. આવો અર્થ કરવો.

કારણ કે ભૂતકાળમાં આવા પ્રકારનું મનન, ચિંતન કરનારા સાધુ-સાધ્વીજી, શ્રાવક અને શ્રાવિકા એમ ચારે પ્રકારના જીવો यस्मात् कारणात् જે કારણથી वरकेवलादिलाभं = શ્રેષ્ઠ-પ્રધાન-સર્વોત્તમ એવું કેવલજ્ઞાન-કેવળદર્શન અને આદિ શબ્દથી મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન, સામાયિકાદિ ઉત્તમ ચારિત્ર ઈત્યાદિ અનેકવિધ ગુણો પામ્યા છે. પામે છે અને ભવિષ્યમાં પણ પામશે. માટે ચારે પ્રકારના જીવો અધિકારી જાણવા.

પ્રશ્ન : આવા પ્રકારનું શ્રેષ્ઠ ધ્યાન કરવાથી ઉપરોક્ત ગુણો આ જીવ પ્રાપ્ત કરે છે એમ તમે સમજાવો છો તો ઉપરોક્ત ગુણો किं सकृदेव प्राप्ताः શું આ જીવ એક જ વાર પામે છે કે બહુવાર પામે છે ! આ વિષય તો અમને સમજાવો.

ઉત્તર : न = ઉપરોક્ત ગુણો આ જીવ ધ્યાન કરવાથી એક જ વાર પ્રાપ્ત કરે છે એમ નહીં. પરંતુ अनेकशः = बहुशः = બહુવાર પ્રાપ્ત કરે છે. આવો અર્થ કરવો. ફક્ત તેમાં એટલું વિશેષ છે કે જે ગુણો એક જ વાર પ્રાપ્ત કરાય તેવા છે બીજી વાર પ્રાપ્ત કરવાના હોતા જ નથી તેવા કેવળજ્ઞાન-કેવળદર્શન-ક્ષાયિક સમ્યક્ત્વ ઈત્યાદિ ક્ષાયિક ભાવના ગુણો એક જ વાર પ્રાપ્ત કરાય છે તે માટે તે ગુણોને છોડીને ક્ષાયોપશમિક ભાવના જે ગુણો છે જેમ કે મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન, સામાયિકાદિ ચારિત્ર ઈત્યાદિ ગુણો બહુવાર આ જીવ પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : ધ્યાન કરનારા આ જીવો કેવા થાય છે ?

ઉત્તર : समियपावा = शान्तपापाः નરકાદિ હલકી ગતિમાં આ જીવને વારંવાર જે પાડે, વારંવાર જે કર્મ નરકમાં લઈ જાય તેને **પાપ** કહેવાય છે. पातयतीति पापं આવા પ્રકારનું પાપ શાંત થયું છે. ઉપશાન્ત થયું છે. દબાઈ ગયું છે અર્થાત્ ચાલ્યુ ગયું છે જેઓનું એવા જે જીવો તે शान्तपाप વાળા કહેવાય છે. તેવા જીવો કેવલજ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરનારા બને છે. માટે આ ધ્યાનદશા તો મનને સ્થિર કરવા દ્વારા આ જીવને પોતાનું ગુણમય શુદ્ધસ્વરૂપ પ્રાપ્ત કરાવવામાં પ્રબળ કારણભૂત છે તેથી તેવા પ્રકારના ઉચ્ચકોટિના ગુણો આપનારા એવા ધ્યાનમાં સ્થિર થવા અવશ્ય પ્રયત્ન કરવો. ॥૪૦॥

અવતરણ : ધ્યાન એ કર્મક્ષય માટે પ્રબળ કારણ છે. તે માટે તેનું આચરણ કરવામાં દેશ-કાળ કે ચેષ્ટા આદિ કોઈ નિયમોનો પ્રતિબંધક નથી. આ વાત જોરશોરથી ગ્રંથકારશ્રી સમજાવે છે.

तो देश-काल-चेट्ठानियमो, झाणस्स नत्थि समयंमि ।
जोगाण समाहाणं जह होइ, तहा (प) यइयव्वं ॥४१॥

ગાથાર્થ : તેથી જૈનશાસ્ત્રોમાં ધ્યાનની બાબતમાં દેશ, કાળ કે ચેષ્ટાનો નિયમ નથી. પરંતુ યોગોની સ્વસ્થતા જે રીતે રહે તે રીતે ધ્યાનમાં રહેવા પ્રયત્ન કરવો જોઈએ. ॥૪૧॥

ટીકા : यस्मादिति पूर्वगाथायामुक्तं, तेन सहास्याभिसम्बन्धः । तस्माद् देशकालचेष्टानियमो ध्यानस्य "नास्ति" न विद्यते, क्व ? "समये" आगमे, किन्तु "योगानां" मनः प्रभृतीनां "समाधानं" पूर्वोक्तं यथा भवति तथा "(प्र) यतितव्यं" = प्रयत्नः कार्यः । इत्यत्र नियम एवेति गाथार्थः ॥४१॥

વિવેચન : ગાથાના પ્રારંભમાં મુકેલો तो શબ્દ આગલી ૪૦મી ગાથાની સાથે સંબંધ ધરાવે છે જે કારણથી પૂર્વની ૪૦મી ગાથામાં જે સમજાવવામાં આવ્યું છે. तेन सहास्याभिसम्बन्धः = તે વાક્યોની સાથે આ ગાથાનો (ગાથાના પદોનો) સંબંધ છે આવો અર્થ કરવો.

ધ્યાન ધરવાની બાબતમાં દેશ, કાળ અને ચેષ્ટાના નિયમો (નિયમનો) જે કારણથી નથી. તે કારણથી જૈનશાસ્ત્રોમાં ધ્યાન ધરવાની બાબતમાં અમુક દેશમાં જ ધ્યાન કરાય, અમુક કાલે જ ધ્યાન કરાય તથા અમુક વેળાએ જ ધ્યાન કરાય. આવા નિયમોનો પ્રતિબંધ નથી. નથી. અને નથી જ.

किन्तु = પરંતુ મન-વચન અને કાયાના યોગો (પ્રધાનપણે મનનો યોગ) જ્યાં સમાધાનતાને પામે એટલે કે "સ્વાસ્થ્ય"ને પામે અર્થાત્ નિર્વિકારી અવસ્થાને તથા નિર્મોહી દશાને પામે કે જેનાથી વિકારો ન હોવાથી સ્વસ્થ કહેવાય તેવા પ્રકારનો આ જીવે સદા પ્રયત્ન કરવો જોઈએ. એમ ગાથાનો ભાવાર્થ જાણવો. ॥૪૧॥

અવતરણ : गतमासनद्वारम् अधुनाऽऽलम्बनद्वारावयवार्थप्रतिपादनायाह = આસન દ્વાર સમજાવ્યું. હવે આલંબન દ્વાર નામનો જે અવયવ છે તેના અર્થ સમજાવતાં કહે છે કે –

आलंबणाइं वायण-पुच्छण-परियट्टणाऽणुचिंताओ ।
सामाइयाइयाइं, सद्धम्मावस्सयाइं च ॥४२॥

ગાથાર્થ : ધર્મધ્યાનના આલંબનરૂપ નીચેના વિષયો છે. (૧) વાચના, (૨) પૃચ્છના, (૩) પરાવર્તના, (૪) અનુચિંતન. આ ચારે જ્ઞાનારાધનાનાં અને દર્શન આરાધનાનાં

આલંબનો છે. તથા સામાયિકાદિ વ્રતપાલન તથા સદ્ધર્મ સંબંધી આવશ્યકો એ ચારિત્રધર્મની આરાધનાનાં આલંબનો છે. ॥૪૨॥

ટીકા : इह धर्मध्यानारोहणार्थमालम्ब्यन्त इत्यालम्बनानि "वाचना-प्रश्न-परावर्तनाऽनुचिन्ता" इति । तत्र वाचनं वाचना, विनेयाय निर्जरायै सूत्रादिदानमित्यर्थः । शङ्किते सूत्रादौ संशयापनोदाय गुरुप्रच्छनं प्रश्न इति । परावर्तनं तु पूर्वाधीतस्यैव सूत्रादेरविस्मरणनिर्जरानिमित्तमभ्यासकरणमिति । अनुचिन्तनम् = अनुचिन्ता, मनसैवाविस्मरणादिनिमित्तं सूत्रानुस्मरणमित्यर्थः । वाचना च प्रश्नश्चेत्यादि द्वन्द्वः । एतानि च श्रुतधर्मानुगतानि वर्तन्ते ।

तथा सामायिकादीनि, सद्धर्मावश्यकानि चेति । अमूनि तु चरणधर्मानुगतानि वर्तन्ते । सामायिकमादौ येषां तानि सामायिकादीनि, तत्र सामायिकं प्रतीतम् । आदिशब्दात् मुखवस्त्रिका-प्रत्युपेक्षणादिलक्षणसकलचक्रवालसामाचारीपरिग्रहो यावत् पुनरपि सामायिकमिति । एतानि एव विधिवदासेव्ययानानि सन्ति-शोभनानि सन्ति च तानि चारित्रधर्मावश्यकानि चेति विग्रहः । आवश्यकानि-नियमतः करणीयानि, च समुच्चये इति गाथार्थः ॥४२॥

વિવેચન : આ ધ્યાનની બાબતમાં ધર્મધ્યાન ઉપર આરૂઢ થવા માટે જેનું આલંબન લેવાય તેને **આલંબન** કહેવાય છે. જેના આલંબનથી આ આત્મા ધર્મધ્યાન ઉપર આરૂઢ થઈ શકે છે. તે આલંબનભૂત ભાવો આ પ્રમાણે છે. (૧) વાચના, (૨) પૃચ્છના, (૩) પરાવર્તના, (૪) અનુચિંતના. એમ કુલ ચાર આલંબનો છે તે ચારેના અર્થો સમજાવાય છે.

(૧) વાચના : શિષ્યોના કર્મોની નિર્જરા થાય તે માટે જે જે મૂલસૂત્રો ભણાવાય, મૂલસૂત્રના પાઠો અપાય તે વાચના કહેવાય છે. તથા સૂત્રોના અર્થો સમજાવાય. આગળ-પાછળના અનુસંધાન સાથે જે સમજાવાય તે વાચના નામનો પ્રથમ સ્વાધ્યાય છે.

(૨) પૃચ્છના : ભણતા એવા શિષ્યોને સૂત્રાદિના મૂળ પાઠોમાં તથા તેના સમજાવાતા અર્થોમાં શંકા થયે છતે તે શંકા દૂર કરવા માટે અને સુંદર ઉત્તર મેળવવા માટે ગુરુજીને જે પ્રશ્નો પુછાય તે પૃચ્છના નામનો બીજો સ્વાધ્યાય કહેવાય છે.

(૩) પરાવર્તના : પૂર્વકાળમાં અભ્યાસ કરેલાં જે મૂલસૂત્રો તથા તેના અર્થો વિસ્મરણ (ભૂલાઈ) ન જવાય તે માટે તથા કર્મોની નિર્જરા થાય તે માટે વારંવાર અભ્યાસ કરવો. સૂત્રો બોલી જવાં તે પરાવર્તના (પુનરાવર્તન) નામનો ત્રીજો સ્વાધ્યાય કહેવાય છે.

(૪) અનુચિન્તના : ભણેલાં મૂલસૂત્રો અને તેના અર્થો ભૂલી ન જવાય તે માટે અવિસ્મરણના નિમિત્તે મનમાં જ વારંવાર યાદ કરવા. અર્થો પણ મનમાં જ સ્મૃતિમાં લાવવા તે અનુચિંતના નામનો ચોથો સ્વાધ્યાય છે.

वाचना च प्रश्नश्च - परावर्तना च अनुचिन्ता च – આવો વિગ્રહ કરીને ચારે પદોનો ઈતરેતર દ્વન્દ્વ સમાસ કરવો.

આ ચારે પ્રકારનો સ્વાધ્યાય કરવો તે શ્રુતધર્મનું આચરણ કર્યું છે એમ સમજવું. કારણ કે આ ચારે પ્રકારનો સ્વાધ્યાય શાસ્ત્રસંબંધી મૂળ સૂત્રો સંબંધી છે તેથી તેને શ્રુતજ્ઞાન કહેવાય છે તે કારણે તે જીવના શ્રુતધર્મની વૃદ્ધિ કરનારા આ ચારે ભાવો જાણવા.

હવે ચારિત્રધર્મની વૃદ્ધિ કરનારા ભાવો સમજાવાય છે.

तथा सामायिकादीनि सद्धर्मावश्यकानि चेति, હવે સામાયિકાદિ ઉત્તમ આચારો તથા ઉત્તમ ધર્મના પાલન માટેનાં આવશ્યક કાર્યો વિગેરે સમજાવાય છે જે ચારિત્ર ધર્મની વૃદ્ધિ કરનારા ભાવો છે. શ્રુતધર્મને અનુસરનારા ભાવો સમજાવ્યા. હવે ચારિત્ર ધર્મને અનુસરનારા ભાવો સમજાવાય છે.

"સામાયિક છે આદિમાં જેને તેને સામાયિકાદિ કહેવાય છે ત્યાં સામાયિક કોને કહેવાય ? તે વાત પ્રસિદ્ધ છે. સમતાભાવની પ્રાપ્તિ થવી તે સામાયિક, અર્થાત્ આત્માએ અનુકૂળતામાં કે પ્રતિકૂળતામાં રાગ કે દ્વેષ કરવા નહીં પરંતુ આત્માને સમભાવમાં રાખવો. તે સામાયિક કહેવાય છે."

સામાયિકાદિ આ શબ્દમાં લખેલા આદિ શબ્દથી મુહપત્તિ તથા પડિલેહણ વિગેરે ક્રિયાત્મક ભાવોરૂપ સંપૂર્ણ ચક્રવાલ સામાચારીના પાલનનો સ્વીકાર કરવો તે સામાયિક આવો અર્થ કરવો. સામાયિક કરવું, મુહપત્તિનું પડિલેહણ કરવું તથા પૌષધ કરવો તથા પડિલેહણ કરવું, પ્રતિક્રમણ કરવું વિગેરે ધર્મક્રિયા સંબંધી ચક્રવાલ સામાચારીનું વિધિપૂર્વક આચરણ કરવું તે સામાયિકાદિ.

તથા સદ્ધર્માવશ્યકાનિ ઉત્તમ ધર્મનાં આવશ્યક કાર્યો કરવાં જેમ કે માળા ગણવી, કાઉસ્સગ્ગ કરવો, દાનાદિ કરવાં, શીયળ પાળવું, યથાશક્તિ તપધર્મનું સેવન કરવું વિગેરે કાર્યો સમજી લેવાં. આ સામાયિકાદિ તથા સદ્ધર્મનાં આસેવન કાર્યો વિધિપૂર્વક કરવાં, શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે આ અનુષ્ઠાનોનું આચરણ કરાય તો જ તે શોભન અનુષ્ઠાન કહેવાય છે. શોભન એવાં તે ધર્મ અનુષ્ઠાનોનું સેવન કરવું તે ચારિત્રધર્મનાં આવશ્યક કાર્યો કહેવાય છે.

આવશ્યક શબ્દનો અર્થ આ પ્રમાણે જાણવો. અવશ્ય કરવા લાયક એવાં જે કાર્યો, નિયમથી કરવાલાયક જે કાર્યો તે આવશ્યક કાર્યો કહેવાય છે. च શબ્દ સમુચ્ચય અર્થમાં જાણવો. આ પ્રમાણે સામાયિકાદિ વ્રતો પાળવાં અને સદ્ધર્મનાં આવશ્યક કાર્યો કરવાં તે

ચારિત્રધર્મનું અનુસરણ જાણવું. એમ શ્રુતધર્મ અને ચારિત્રધર્મનું અનુસરણ કરવું. તે આલંબન દ્વાર જાણવું. કારણ કે આ બન્ને ગુણોના આલંબને આ જીવ સંસાર તરે છે. ॥૪૨॥

અવતરણ : साम्प्रतममीषामेवालम्बनत्वे निबन्धनमाह :- આ શ્રુતધર્મ તથા ચારિત્રધર્મ તથા શ્રુતધર્મના ચાર ભેદ અને ચારિત્ર ધર્મના બે ભેદ, એ જ સંસારસાગર તરવામાં આલંબભૂત છે તેનું કારણ સમજાવે છે :-

विसमंमि समारोहइ, दढदव्वालंबणो जहा पुरिसो ।
सुत्ताइकयालंबो, तह झाणवरं समारुहइ ॥४३॥

ગાથાર્થ : મજબૂત એવા રજ્જુ આદિ દ્રવ્યના આલંબનવાળો પુરૂષ વિષમ એટલે ઘણા ઊંડા કુવા આદિમાંથી જેમ ઉપર ચઢી આવે છે તેમ શ્રુતધર્મ અને આદિ શબ્દથી ચારિત્રધર્મનું કર્યું છે આલંબન જેણે એવો પુરૂષ શ્રેષ્ઠ એવા ધ્યાન ઉપર આરૂઢ થાય છે. ॥૪૩॥

ટીકા : "विषमे" = निम्ने दुःसञ्चरे "समारोहति" सम्यग् अपरिक्लेशेनोर्ध्वं याति । कः ? इह बलवद् द्रव्यं रज्ज्वाद्यालम्बनं यस्य स तथाविधः, यथा "पुरुषः" पुमान् कश्चित्, सूत्रादिकृतालम्बन इत्यर्थः । तथा = तेनैव प्रकारेण ध्यानवरं धर्मध्यानमित्यर्थः । समारोहतीति गाथार्थः ॥४३॥

વિવેચન : વિષમ સ્થાનમાં રહેલો પુરૂષ અર્થાત્ ઊંડા કુવામાં નીચે પડી ગયેલો પુરૂષ સમ્યગ્ પ્રકારે (કોઈપણ જાતની પીડા કે તકલીફ વિના) કોઈ પણ જાતની મુશ્કેલીઓ વેઠ્યા વિના ઉપર આવે છે. कः = કોણ ઉપર આવે છે ? આવો પ્રશ્ન થાય તો કહે છે કે दृढं = बलवद्द्रव्यं रज्ज्वाद्यालम्बनं = કુવામાં પડી ગયેલા પુરૂષને જેમ દૃઢ એટલે કે બળવાળું દ્રવ્ય અર્થાત્ ઘણું જ મજબૂત એવું રજ્જુ આદિ દ્રવ્ય અથવા લોખંડની સાંકળ વિગેરેનું આલંબન પ્રાપ્ત થયું છે જેને એવો પુરૂષ એટલે કે આવા આલંબનવાળો કોઈ પુરૂષ સારી રીતે વિના બહુ પ્રયત્ને ઘણો કલેશ સહન કર્યા વિના જ કુવાની ઉપર આવે છે અને બહાર નીકળે છે. કુવો ભલે ઊંડો હોય, પુરૂષ ભલે તેમાં પડી ગયો હોય પરંતુ મજબૂત દોરડાનું કે સાંકળનું આલંબન જેને મળે છે તે સુખે સુખે ઉપર આવે જ છે ઉપર આવવામાં કોઈ ભય રહેતો નથી.

તેની જેમ વાચના-પૃચ્છના-પરાવર્તના અને અનુચિંતવણ ઈત્યાદિ આલંબનોનો કર્યો છે સ્વીકાર જેણે એવો જીવ આ સ્વાધ્યાયની સહાય હોવાના કારણે શ્રેષ્ઠ એવા ધ્યાન ઉપર (ધર્મ ધ્યાન ઉપર) આરૂઢ થાય છે. વાચના આદિ સ્વાધ્યાયનું મજબૂત આલંબન મળવાથી કુવાની જેમ સંસારમાં ડુબેલો આત્મા આ આલંબનથી ઉપર આવે છે અને કુવામાંથી જેમ બહાર આવે તેમ સંસારમાંથી પાર ઉતરે છે.

આ રીતે વાચના-પૃચ્છના આદિ સ્વાધ્યાય સંસાર સાગર તરવામાં પરમ આલંબનભૂત છે. માટે સતત તેનો સંગ્રહ કરવાનો આગ્રહ રાખવો. તો જ આ સંસાર તરી શકાય તેમ છે. ॥૪૩॥

अवतरण : गतमालम्बनद्वारम् । ३अधुना क्रमद्वारावसरः । तत्र लाघवार्थं धर्मस्य शुक्लस्य च (तं) प्रतिपादयन्नाह :- આલંબનદ્વાર સમજાવ્યું હવે ક્રમદ્વાર સમજાવવાનો અવસર છે ત્યાં લાઘવતાના નિમિત્તે (ટુંકાણમાં સમજાવવાનું કામ થઈ જાય તે માટે) ધર્મધ્યાન અને શુક્લધ્યાનનો એમ બન્નો ક્રમ સમજાવે છે :-

झाणप्पडिवत्तिकमो, होइ मणोजोगनिग्गहाईओ ।
भवकाले केवलिणो, सेसाण जहासमाहीए ॥४४॥

ગાથાર્થ : શુક્લધ્યાનની પ્રાપ્તિનો ક્રમ કેવલિ ભગવાનને ભવકાળમાં (તેરમા ગુણઠાણાના અંતે મનયોગનો નિગ્રહ કરવા આદિરૂપથી) થાય છે. શેષ જે ધ્યાન (ધર્મધ્યાન) છે: તેની પ્રાપ્તિનો ક્રમ જે રીતે વધારે વધારે સમાધિ રહે (સમભાવ રહે) તે રીતે જાણવો. ॥૪૪॥

ટીકા : ध्यानं-प्राग्निरूपितशब्दार्थं तस्य प्रतिपत्तिक्रमः इति समासः, प्रतिपत्तिक्रमः = प्रतिपत्तिपरिपाट्यभिधीयते । स च भवति मनोयोगनिग्रहादिः, तत्र प्रथमं मनोयोगनिग्रहः, ततो वाग्योगनिग्रहः ततः काययोगनिग्रह इति, किमयं सामान्येन सर्वथैवेत्थम्भूतः क्रमो ? न, किन्तु भवकाले केवलिनः, अत्र भवकालशब्देन मोक्षगमनप्रत्यासन्नः अन्तर्मुहूर्तप्रमाण एव शैलेश्यवस्थान्तर्गतः परिगृह्यते ।

केवलमस्यास्तीति केवली तस्य, शुक्लध्यान एवायं क्रमः ।

शेषस्यान्यस्य धर्मध्यानप्रतिपत्तुर्योगकालावाश्रित्य किं ? "यथासमाधिना" इति यथैव स्वास्थ्यं भवति तथैव प्रतिपत्तिरिति गाथार्थः ॥४४॥

વિવેચન : પૂર્વે જણાવ્યો છે શબ્દાર્થ જેનો એવું જે ધ્યાન છે તેની પ્રાપ્તિનો ક્રમ સમજાવાય છે. મૂલગાથામાં झाणप्पडिवत्तिकमो શબ્દ છે ત્યાં ષષ્ઠી તત્પુરૂષ સમાસ કરવો. પ્રતિપત્તિક્રમો એટલે કે ધ્યાનની પ્રાપ્તિનો જે ક્રમ છે તે ક્રમને પ્રતિપત્તિક્રમ કહેવાય છે.

તે મનોયોગનો નિગ્રહ વિગેરેની પ્રાપ્તિનો ક્રમ આ પ્રમાણે છે. ચૌદમા ગુણઠાણે આરોહણ કરતાં પૂર્વે તેરમા ગુણઠાણાનો છેલ્લો અંતર્મુહૂર્તકાળ બાકી હોય ત્યારે આ જીવ સૌથી પ્રથમ મનોયોગનો નિગ્રહ કરે છે. ત્યારબાદ વચનયોગનો નિગ્રહ કરે છે. અને ત્યારબાદ કાયયોગનો નિગ્રહ કરે છે અહીં એક પ્રશ્ન થાય છે કે મન-વચન અને કાય યોગનો નિરોધ કરવાનો આ ક્રમ સામાન્યપણે સર્વકાળે સર્વથા આમ જ હોય છે ? કે બીજો ક્રમ પણ હોય છે ? આવો કદાચ કોઈને પ્રશ્ન થાય તો ગ્રંથકારશ્રી કહે છે કે –

ના, સર્વકાલે આ ક્રમ હોતો નથી. પરંતુ ભવકાલમાં રહેલા કેવલી ભગવાનને આ જ ક્રમ હોય છે. અહીં ભવકાલ શબ્દથી મોક્ષગમનની નજીકનો કાળ લેવો. તેરમા ગુણઠાણાનો અંતિમકાળ લેવો. અંતર્મુહૂર્તના પ્રમાણવાળો કાળ લેવો. શૈલેશી અવસ્થા એકદમ નજીક હોવાથી શૈલેશી અવસ્થાની અંતર્ગત પણ ઉપચારે કહેવાય છે. પરમાર્થથી આ તેરમા ગુણઠાના અંતે જ હોય છે.

કેવલજ્ઞાન વર્તે છે જેઓને તે કેવલી કહેવાય છે તેઓને આ શુક્લધ્યાન (શુક્લધ્યાનનો ત્રીજો-ચોથો પાયો) હોય છે. આ જે ક્રમ જણાવવામાં આવ્યો છે તે શુક્લ ધ્યાનમાં જ આ ક્રમ જાણવો. બાકીનાં જે ધ્યાનો છે તેનો કાળ જુદી રીતે જાણવો.

શેષસ્યાન્યસ્ય = બાકીનું જે અન્ય ધ્યાન છે કે જેનું નામ ધર્મધ્યાન છે. તે ધર્મધ્યાન પ્રાપ્ત કરનારા જીવનો યોગ અને કાળને આશ્રયી જે રીતે સમાધિ રહે તે રીતે જાણવો - અર્થાત્ ધર્મધ્યાનનો યોગ અને કાળ જે રીતે સ્વાસ્થ્ય સારૂ રહે તે રીતે તેની પ્રાપ્તિ જાણવી. જ્યાં સુધી ચિત્ત વધારે સ્થિર રહે અને આ આત્મા ધર્મધ્યાનમાં સાવધાનીપૂર્વક ટકી શકે ત્યાં સુધીનો કાળ તે ધર્મધ્યાનનો કાળ જાણવો. ॥૪૪॥

અવતરણ : गतं क्रमद्वारम्, इदानीं ध्यातव्यमुच्यते । तच्चतुर्भेदमाज्ञादिः, उक्तं च तत्त्वार्थे (अध्याय ९, सूत्र ३७) आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्म्यम् इत्यादि । तथाऽऽद्यभेदप्रतिपादनायाह = ક્રમદ્વાર સમાપ્ત કર્યું. હવે ધ્યાતવ્ય દ્વાર કહેવાય છે. તે ચાર ભેદવાળું છે આજ્ઞા-અપાય-વિપાક અને સંસ્થાનના ભેદથી, તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં નવમા અધ્યાયના ૩૭ સાડત્રીસમા સૂત્રમાં કહ્યું છે તે, ત્યાં પ્રથમ ભેદ સમજાવવા માટે કહે છે :-

સુનિઉણમણાઇણિહણં, ભૂયહિયં ભૂયભાવણમહગ્ઘં ।
અમિયમજિયં મહત્થં, મહાણુભાવં મહાવિસયં ॥૪૫॥

ગાથાર્થ : અતિશય નિપુણ એવી, અનાદિ અનંત એવી, પ્રાણીઓના હિતને કરનારી એવી, સાચા તત્ત્વને સમજાવનારી, મહાન કિંમતવાળી, અપરિમિતભાવોને સમજાવનારી, કોઈ વાદી અને પ્રતિવાદીઓ વડે ન જિતાય તેવી, મહાન્ અર્થવાળી મહાપ્રભાવવાળી અને અતિશય ઘણા વિષયવાળી એવી (પરમાત્માની) આજ્ઞાનું ધ્યાન કરવું, ચિંતન મનન કરવું તે આજ્ઞાવિચય નામનું પ્રથમ ધર્મધ્યાન જાણવું. (આ ગાથાનો આગળ આવતી ગાથા સાથે સંબંધ ચાલું છે.) ॥૪૫॥

ટીકા : સુષ્ઠુ = અતીવ નિપુણા-કુશલા સુનિપુણા, તામ્ આજ્ઞામિતિ યોગઃ । નૈપુણ્યં પુનઃ સૂક્ષ્મદ્રવ્યાદ્યુપદર્શકત્વાત્તથા મત્યાદિપ્રતિપાદકત્વાચ્ચ । ઉક્તં ચ =

सुयनाणंमि नेउण्णं, केवले तयणंतरं ।
अप्पण्णो सेसगाणं च, जम्हा तं परिभावगं ॥१॥ इत्यादि ॥

इत्थं सुनिपुणां ध्यायेत् । तथा "अनाद्यनिधनाम्" अनुत्पन्नशाश्वतामित्यर्थः । अनाद्यनिधनत्वं च द्रव्याद्यपेक्षयेति । उक्तं च "द्रव्यार्थादेशादित्येषा द्वादशाङ्गी न कदाचिन्नासीत् इत्यादि" ।

विवेचन : આ ગાથામાં લખેલા બધા જ શબ્દો આગલી ૪૬મી ગાથામાં આવતા **आज्ञा** શબ્દનાં વિશેષણો છે. તીર્થંકર પરમાત્માની આજ્ઞા માનવા જેવી, સ્વીકારવા જેવી છે. આ ગાથામાં લખેલાં બધાં જ વિશેષણો તે **आज्ञा** શબ્દનાં છે. તે આ પ્રમાણે સમજવાં.

(૧) સારી રીતે અતિશયપણે નિપુણ એટલે કે કુશળ એવી પરમાત્માની જે આજ્ઞા તે સુનિપુણ આજ્ઞા કહેવાય, ताम् = તે આજ્ઞાનું ચિંતન-મનન કરવું. વિચારણા કરવી. તે આજ્ઞાવિચય ધર્મધ્યાન આ પ્રમાણે આજ્ઞા શબ્દ જે ૪૬મી ગાથામાં આવવાનો છે તેની સાથે આ વાક્યોનો યોગ કરવો.

આ વાક્યમાં જે નિપુણ શબ્દ વાપરવામાં આવ્યો છે. તે સૂક્ષ્મ એવાં (અર્થાત્ અતીન્દ્રિય એવાં એટલે કે ઈન્દ્રિયોથી અગોચર એવાં) પણ દ્રવ્યોને જણાવનારી આ આજ્ઞા હોવાથી નિપુણ તથા મતિજ્ઞાનાદિ જ્ઞાનપંચકને જણાવનારી હોવાથી ભગવાનની આ આજ્ઞા સુનિપુણ છે. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે –

"વાસ્તવિકપણે જીવની જ્ઞાનમાં જે નિપુણતા છે તે શ્રુતજ્ઞાનમાં અને કેવલજ્ઞાનમાં નિપુણતા હોય છે જે કારણથી બાકીનાં જ્ઞાનો તો પૂર્વે કહેલા શ્રુતજ્ઞાનમાં સહાયક તરીકે પ્રકાશક હોય છે. ॥૧॥" ઈત્યાદિ. આ પ્રમાણે સુનિપુણતા કોને કહેવાય ? તે સમજાવી. તેની ચિંતવણા કરવી.

(૨) તથા "अनादि-अनिधनाम्" = પરમાત્માની આજ્ઞા અનાદિકાળની છે તથા અનંતકાળ રહેનારી છે. આ અનાદિ-અનંતપણું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને આશ્રયી જાણવું. વીતરાગ ભગવંતો અનાદિકાળથી થયા છે અને અનંતકાળ સુધી થવાના પણ છે જ. માટે તેમની આજ્ઞા પણ અનાદિ-અનંત જ છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે –

દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આ દ્વાદશાંગીરૂપી શ્રુતજ્ઞાન ક્યારેય પણ ન હતું એવું બન્યું નથી. અર્થાત્ સદા છે જ. અને સદા રહેશે જ માટે અનાદિ-અનંત છે તેને કહેનારા તીર્થંકર ભગવંતો અને રચનારા ગણધર ભગવંતો ભલે બદલાય. પરંતુ તેઓ વડે જણાવાયેલી આ વાણી ક્યારેય બદલાતી નથી. માટે વીતરાગ ભગવાનની વાણી સદા નિત્ય છે.

तथा "भूतहिताय" इति, इह भूतशब्देन प्राणिन उच्यन्ते तेषां हितां - पथ्यामिति भावः। हितत्वं पुनस्तदनुपरोधिनीत्वात्तथा हितकारिणीत्वाच्च। उक्तं च "सर्वे जीवा न हन्तव्याः" इत्यादि। एतत्प्रभावाच्च भूयांसः सिद्धाः इति।

"भूतभावनाम्" = इत्यत्र भूतं - सत्यं भाव्यतेऽनयेति भूतस्य वा भावना भूतभावना। अनेकान्तपरिच्छेदात्मिकेत्यर्थः भूतानां वा सत्त्वानां भावना भूतभावना। भावना वासनेत्यनर्थान्तरम्। उक्तं च :-

कूरावि सहावेणं,रागविसवसाणुगावि होऊणं।
भावियजिणवयणमणा, तेलुक्कसुहावहा होंति ॥१॥

(क्रुरा अपि स्वभावेन, रागविषवशानुगा अपि भूत्वा।
भावितजिनवचनमनसस्त्रैलोक्यसुखावहा भवन्ति ॥१॥)

श्रूयन्ते च चिलातीपुत्रादय एवंविधा बहव इति

तथा "अनर्घ्याम्" इति सर्वोत्तमत्त्वादविद्यमानमूल्यामिति भावः। उक्तं च :-

सव्वेविय सिद्धंता सदव्वरयणासया सतेलोक्का।
जिणवयणस्स भगवओ, न मूल्लमित्तं अणग्घेणं ॥१॥

(सर्वेऽपि सिद्धान्ताः, सद्रव्यरत्नाश्रयाः सत्रैलोक्याः।
जिनवचनस्य भगवतो, न मूल्यमात्रमनर्घेण (घर्त्वेन) ॥१॥)

तथा स्तुलिकारेणाप्युक्तम् —

"कल्पद्रुमः कल्पितमात्रदायी, चिन्तामणिश्चिन्तितमेव दत्ते।
जिनेन्द्रधर्मातिशयं विचिन्त्य द्वयेऽपि लोको (लोके) लघुतामवैति"॥)

विवेचन : (૩) भूतहिताय = પ્રાણીઓના હિત માટે, પ્રાણીઓના કલ્યાણ માટે, આ વાક્યમાં भूत શબ્દ વડે પ્રાણીઓ (સજીવન પદાર્થો) લેવાય છે. તેવા સજીવન પ્રાણીઓના હિત માટે સજીવન પ્રાણીઓના કલ્યાણ માટે (કોઈ જીવની હિંસા ન કરવી. આવી જિનેશ્વર પ્રભુની આજ્ઞા માનવા જેવી છે.) પરમાત્માની આ આજ્ઞા હિતકારિણી કેમ છે ? આવો પ્રશ્ન થાય તો કહે છે કે ભગવાનની આ આજ્ઞા. તે તે એકેન્દ્રિય-વિકલેન્દ્રિયાદિ જીવોના અનુપરોધવાળી (હિંસા ન કરવાના વિષયવાળી) હોવાથી તથા તેઓના હિતને (કલ્યાણને) કરનારી હોવાથી તે આજ્ઞામાં હિતત્વ છુપાયેલું છે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે "સર્વે પણ જીવો હણવા જોઈએ નહીં" ઈત્યાદિ. "સર્વે જીવો ન હણવા જોઈએ." આટલા માત્ર

વાક્યના પ્રભાવથી જે જે જીવો હિંસાના વિરમણવાળા બન્યા છે. તે સંસાર તર્યા જ છે. અને તેવા અનંતા જીવો ભૂતકાળમાં મોક્ષે ગયા છે. માટે પરમાત્માની વાણી પ્રાણીઓનું હિત-કલ્યાણ કરનારી છે.

(૪) "भूतभावनाम्" ભૂત એટલે સત્ય, અર્થાત્ સત્ય વિચારાય જેના વડે એવી જે ભાવના, તે ભૂતભાવના, અથવા ભૂતસ્ય ભાવના જીવોની જે વિચારણા તે ભૂતભાવના, સંસારવર્તી સર્વે પણ પ્રાણીઓના હિત માટે અનેકાન્તાત્મક ધર્મનો જે બોધ કરવો અને તેનો પ્રચાર-પ્રસાર કરવો જેનાથી પ્રાણીઓનું અવશ્ય હિત અને કલ્યાણ થાય જ.

અથવા भूतानाम् - જીવોની અર્થાત્ પ્રાણીઓના હૈયામાં વર્તતી ઉમદા જે ભાવના તે ભૂતભાવના, ભાવનાને ભાવના કહો કે વાસના કહો તે સર્વે એકાર્થક જ શબ્દો છે શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

"સ્વભાવથી જ જે ક્રૂર પ્રાણીઓ છે તેવા જીવો તથા રાગરૂપી વિષને વશ વર્તી થયા છતા તે રાગને અનુસરણ કરનારા બન્યા છે તેવા રાગાન્ધ થઈને રહેલા હોય તેવા જીવો પણ જો જિનેશ્વર પ્રભુનાં વચનોને જેણે મનમાં વાસિત-સંસ્કારિત કર્યાં છે તે જીવો ત્રણે લોકના સુખોને પામનારા બને છે. ॥૧॥"

(સંસ્કૃત શ્લોકનો અર્થ પણ આ જ પ્રમાણે થાય છે.) ચિલાતીપુત્ર વિગેરે ઘણા પુરૂષો આવા પ્રકારનાં પરમાત્માના એક-બે વચનોથી પ્રતિબોધિત થયા છે. અને મુક્તિ પ્રાપ્ત કરી છે. એવું શાસ્ત્રોમાં સંભળાય છે.

તથા પરમાત્માની આજ્ઞા કેવી છે ? તે વાત ઉપર નવું એક વિશેષણ કહે છે કે (૫) "अनर्घ्याम्" = ઘણી જ કિંમતવાળું પરમાત્માનું વચન હોવાથી "જેની કિંમત આંકી જ ન શકાય તેવું છે તે અનર્ઘ્ય એવી પરમાત્માની આજ્ઞા છે. પરમાત્માની આ વાણી સર્વોત્તમ હોવાથી નથી વિદ્યમાન મૂલ્ય જેનું એવી આ આજ્ઞારૂપ વાણી છે આવો ભાવ સમજવો." શાસ્ત્રોમાં જ કહ્યું છે કે :-

"પરમાત્માએ પ્રરૂપેલા સર્વે પણ સિદ્ધાંતો કેવા છે ? (સર્વે પણ વાણી) કેવી છે ? ત્રણે લોકમાં દ્રવ્યરૂપે રહેલા રત્નોના ભંડારો ભેગા કરીએ તો પણ પરમાત્માના જિનવચનનું મૂલ્ય આંકી શકાતું નથી. તે કારણથી પરમાત્માનું વચન. નથી વિદ્યમાન મૂલ્ય જેનું એવું અર્થાત્ અમૂલ્ય વચન છે." (સંસ્કૃત શ્લોકનો અર્થ પણ આ જ પ્રમાણે છે.)

તથા સ્તુતિકારે પણ અન્યત્ર કહ્યું છે કે જે કલ્પવૃક્ષ છે તે તો મનમાં કલ્પના કરાયેલા પદાર્થને જ આપનાર છે. જ્યારે ચિંતામણિ રત્ન પણ મનમાં ચિંતવેલા પદાર્થને જ આપનાર છે. જિનેશ્વર પ્રભુના ધર્મનો અતિશય (પ્રભાવ) જોઈને આ બન્ને પદાર્થો (કલ્પવૃક્ષ અને

ચિંતામણિરત્ન) આ લોકમાં લઘુતાને જ પામે છે. (અહીં શ્લોકમાં लोको ને બદલે लोके હોવું જોઈએ. તથા अवैति ને બદલે अवेतः હોવું જોઈએ.) ઈત્યાદિ અર્થો જાણવા.

अथवा "ऋणघ्नाम्" इत्यत्र ऋणं = कर्म तद्घ्नामिति"

उक्तं च –

जं अन्नाणी कम्मं खवेइ, बहुयाहिं वासकोडीहिं ।
तं नाणी तिहिं गुत्तो, खवेइ उस्सासमेत्तेण ॥१॥

(यद् अज्ञानी कर्म क्षपयति, बहुकाभिर्वर्षकोटिभिः ।
तद् ज्ञानी त्रिभिर्गुप्तः क्षपयत्युश्वासमात्रेण ॥१॥ इत्यादि,

तथा "अमिताम्" इत्यपरिमिताम् । उक्तं च –

"सव्वनदीणं जा होज्ज, वालुया सव्वउदहीण जं उदयं ।
एत्तोवि अणंतगुणो, अत्थो एगस्स सुत्तस्स ॥१॥"

अमृतां वा मृष्टां वा पथ्यां वा तथा चोक्तम् :-

जिणवयणमोदगस्स उ रत्तिं च दिवा य खज्जमाणस्स ।
तित्तिं बुहो न गच्छइ हेउसहस्सोवगूढस्स ॥१॥

नरनिरयतिरियसुरगणसंसारियसव्वदुक्खरोगाणं ।
जिणवयणमेगमोसहमपवग्गसुहक्खयफलयं ॥२॥

"सजीवां वाऽमृतामुपपत्तिक्षमत्वेन सार्थिकामितिभावः

न तु यथा - "तेषां कटतटभ्रष्टैर्गजानां मदबिन्दुभिः ।
प्रावर्तत नदी घोरा, हस्त्यश्वरथवाहिनी ॥१॥

इत्यादिवन्मृतामिति ।

विवेचन : અથવા મૂળગાથાના પૂર્વપદમાં જે છેલ્લો શબ્દ अहग्घं છે તેનો અર્થ अनर्घ्याम् એવો જે ઉપર કરવામાં આવ્યો છે. તેને બદલે ऋणघ्नाम् આવો જો અર્થ કરવામાં આવે તો બીજો અર્થ પણ સ્ફુરાયમાન થાય છે તે આ પ્રમાણે છે :-

(૫) ऋणघ्नाम् એટલે ऋण એટલે કર્મ तद्घ्नामिति = તેનો નાશ કરનારું એવું જે પરમાત્માનું શાસન (આજ્ઞા) છે. તેનું ચિંતન-મનન અર્થાત્ ધ્યાન કરવું. તે ધર્મધ્યાન કહેવાય છે. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે –

"અજ્ઞાની જીવો ઘણા એવા કરોડો વર્ષો વડે જે કર્મ ખપાવે છે તે જ કર્મ જ્ઞાની ભગવંત ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત થયા છતા એક શ્વાસોશ્વાસ માત્રમાં જ ખપાવે છે." (સંસ્કૃત શ્લોકનો અર્થ પણ આ પ્રમાણે જ છે.) ઈત્યાદિ, अनर्घ्याम् અથવા ऋणघ्नाम् નો અર્થ કરવો.

(૬) તથા अमिताम् = અપરિમિત ભાવોને જણાવનારી પરમાત્માની વાણી છે. પરમાત્માનું શાસન અનેક પ્રકારના અર્થોથી ભરપૂર ભરેલું અર્થાત્ અપરિમિત ભાવોને સમજાવનારું તેમનું શાસન છે. અર્થાત્ તેમની આજ્ઞા આવી છે શાસ્ત્રોમાં જ કહ્યું છે કે :-

"સર્વ નદીઓની રેતીના દાણા જેટલા થાય, તથા સર્વ સમુદ્રોનું પાણી જેટલું થાય. તે બન્ને કરતાં પણ અનંતગુણા અર્થો આ સૂત્રના થાય છે." ॥૧॥

अमृताम् શબ્દનો એક અર્થ અપરિમિત થાય છે તે કરીને હવે બીજો અર્થ સમજાવે છે अमिताम् એટલે કે "अमृताम् = मृष्टां वा पथ्यां वा" અમરપણાને આપનારી એવી વાણી, અથવા સુંવાળી સાંભળતાં જ ગમી જાય તેવી વાણી, અથવા આત્માના હિતને કરનારી એવી પરમાત્માની વાણી છે. તે વાણી આત્માનું હિત કરનારી જ છે કહ્યું છે કે –

હજારો હેતુઓથી વ્યાપ્ત એવી "જિનેશ્વર પરમાત્માની વાણી રૂપી મોદક (અર્થાત્ લાડુ) રાત્રિએ અને દિવસે ખવાયે છતે (અર્થાત્ આ વાણી રૂપી મોદકનું ભોજન કરાયે છતે) જીવને ક્યારેય તૃપ્તિ થતી નથી." ॥૧॥

"માનવ ભવ, નારકીનો ભવ, તિર્યંચનો ભવ અને દેવનો ભવ એમ ચારે ગતિના સમુદાયરૂપી સંસારી સર્વ દુઃખોરૂપી રોગોને દૂર કરવા માટે જિનેશ્વર પ્રભુનું વચન સાંભળવું અને પાળવું એ એક જ ઔષધ છે તથા તે ઔષધ મુક્તિના સુખરૂપ અક્ષતફળને આપનારું છે."

"અથવા આ વાણી સદાકાળ સચેતન, અર્થાત્ અમૃત (અમર રહેનારી) ભગવાનની વાણી છે. કારણ કે યુક્તિયુક્ત હોવાથી બરાબર સાર્થક એવી પરમાત્માની આ વાણી છે. પરંતુ નીચે જણાવાતા શ્લોકના અર્થ જેવી મિથ્યા નથી. માત્ર કલ્પના કરાયેલી આ વાણી નથી."

"તે તે હાથીઓના કટ અને તટવાળા શરીરના ભાગોમાંથી ટપકેલા મધના બિંદુઓ વડે એવી ભયંકર ઘોર નદી નીકળી કે જે નદી હાથી-ઘોડા અને રથને પણ તાણી જનારી થઈ." આ વાણી જેવી અસત્ છે તેવી પરમાત્માની વાણી અસત્ નથી.

આવા પ્રકારના ખોટા અર્થોવાળી અર્થાત્ મરેલા અર્થવાળી અર્થાત્ ન ઘટે તેવા અર્થવાળી પરમાત્માની વાણી કદાપિ હોતી નથી.

(૭) તથા "अजिताम्" इति शेषप्रवचनाज्ञाभिरपराजितामित्यर्थः ॥ उक्तं च –

जीवाइवत्थुचिंतणकोसल्लगुणेणऽणण्णसरिसेणं ।
सेसवयणेहिं अजियं, जिणिंदवयणं महाविसयं ॥१॥

(૮) તથા "महार्थाम्" इति । महान् प्रधानोऽर्थो यस्याः सा तथाविधा, तां । तत्र पूर्वापराविरोधित्वादनुयोगद्वारात्मकत्वान्नयगर्भत्वाच्च प्रधानां, महत्स्थां वा, अत्र महान्तः = सम्यग्दृष्टयो भव्या एवोच्यन्ते ।

ततश्च महत्सु स्थिता महत्स्था, तां च । प्रधानप्राणिस्थितामित्यर्थः । महास्थां वेत्यत्र महापूजा उच्यते । तस्यां स्थिता महास्था तां । यथा चोक्तम् =

सव्वसुरासुरमाणुसजोइसवंतरसुपूइयं णाणं ।
जेणेह गणहराणं छुहंति चुण्णे सुरिंदावि ॥१॥

તથા શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા કેવી છે ? તે સમજાવતાં સમજાવતાં કહે છે કે ભગવાનની આજ્ઞા "અજિત" છે એટલે કે અન્ય (ધર્મનાં) પ્રવચનો વડે ન જિતાય તેવી એટલે કે અપરાજિત છે આવો અર્થ કરવો. પરમાત્માની આ આજ્ઞા કોઈ અન્ય ધર્મનાં વચનો વડે જિતી શકાય તેવી નથી. પરાભવ પમાડી શકાય તેવી નથી. શાસ્ત્રમાં જ કહ્યું છે કે :- "જિનેશ્વર પરમાત્માનું વચન મહાવિષયવાળું છે તથા જીવાદિ પદાર્થોના ચિંતવનની કુશળતા ગુણ દ્વારા અનન્ય સદશ (અર્થાત્ અજોડ, બેનમુન જેની સમાન બીજું કોઈ વચન નથી તેવું) આ વચન છે. બીજાં અન્ય દર્શનનાં સર્વ વચનો વડે ન જિતાય તેવું આ પરમાત્માનું વચન છે." ॥૧॥

તથા શ્રી વીતરાગ પરમાત્માની આ આજ્ઞા કેવી છે ? તે વાત સમજાવતાં કહે છે કે "महार्थाम्" મહાન અર્થવાળી આ વાણી છે. અહીં મહાન એટલે પ્રધાન, સર્વથી મુખ્ય છે અર્થ જેનો એવી અર્થાત્ તેવા પ્રકારની આ પરમાત્માની વાણી છે. ત્યાં આ વાણી સર્વ અન્ય વાણી કરતાં પ્રધાન કેમ છે ? તો કહે છે કે (૧) પૂર્વાપર (આગળ-પાછળ) ક્યાંય પણ પરસ્પર વિરોધ ન આવે તેવી છે. (૨) તથા અનુયોગ દ્વારાત્મક છે આ વાણી વાંચનાર અને સાંભળનારનો તેમાં સારી રીતે સુખદ પ્રવેશ થાય તેવાં ક્રમસર દ્વારો પાડેલાં છે. (૩) તથા જુદા જુદા નયોની વિવક્ષાઓથી ગર્ભિત આ વાણી છે. આ ત્રણ કારણોસર આ વાણી પ્રધાન છે.

તથા આ વાણી "महत्स्था" છે. તેનો અર્થ આ પ્રમાણે છે. "જે વાણીમાં મહાન્ = એટલે કે જે સમ્યગ્દૃષ્ટિ એવા ભવ્ય જીવો જે છે તેને જ મહાન્ જીવો કહેવાય છે તેવા મહાન જીવોમાં અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ એવા ભવ્ય જીવોમાં જ જે વાણી રહેલી છે અન્ય જીવો

આ વાણીને ઝીલી શકતા નથી કે પચાવી શકતા નથી તથા સંગ્રહિત કરી શકતા નથી. આવા પ્રભાવવાળી આ વાણી મહાન પુરૂષોમાં જ રહેનારી છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે :- આ પરમાત્માની વાણી પ્રધાનપ્રાણીઓમાં જ રહેનારી છે. સામાન્ય માણસમાં રહેનારી આ વાણી નથી."

અથવા ગાથામાં લખેલા મહત્થં શબ્દનો અર્થ જેમ મહત્સ્થાં કર્યો તેમ મહાસ્થાં પણ થાય છે. ત્યાં મહાસ્થાં એટલે કે જે મહાપૂજા છે. તેમાં રહેનારી આ વાણી છે. શાસ્ત્રમાં જ તે પ્રમાણે કહ્યું છે કે –

"સર્વ સૂરો (વૈમાનિક દેવો) અને અસુરો (ભવનપતિ દેવો) તથા મનુષ્યો અને જ્યોતિષ્ક દેવો તથા વ્યંતર દેવો આટલા બધા જીવો વડે પૂજાયેલું છે જ્ઞાન જેઓનું તેવા આ ભગવાન છે. તથા તે પરમાત્માના ગણધર ભગવંતોના ચરણકમલને દેવેન્દ્રો પણ (નમસ્કાર કરીને) સ્પર્શ કરે છે. ભગવાનની વાણી સાંભળવા મળે તે પોતાનું મહાભાગ્ય માને છે."

(૯) તથા "महानुभावाम्" इति तत्र महान् = प्रधानः प्रभूतो वाऽनुभावः = सामर्थ्यादिलक्षणो यस्याः सा तथा तां । प्राधान्यं चास्याश्चतुर्दशपूर्वविदः सर्वलब्धिसम्पन्नत्वात्, उक्तं च =

"पभू णं चोद्दसपूव्वी घडाओ घडसहस्सं करित्तए" इत्यादि एवमिहलोके । परत्र तु जघन्यतोऽपि "वैमानिकोपपातः" उक्तं च :-

"उववाओ लंतगंमि चोद्दसपूव्विस्स होइ उ जहण्णो ।
उक्कोसो सव्वट्ठे सिद्धिगओ वा अकम्मस्स ॥१॥

(૧૦) તથા "महाविषयाम्" = इति महाविषयतां तु सकलद्रव्यादिविषयत्वात् । उक्तं च = "दव्वओ सुयणाणी उवउत्ते सव्वदव्वाइं जाणइ" इत्यादि कृतं विस्तरेणेतिगाथार्थः ॥४५॥

તથા વળી પરમાત્માની આ વાણી કેવી છે ? તે વિષય ઉપર સમજાવતાં કહે છે કે "महानुभावाम्" ત્યાં महान् એટલે કે પ્રધાન અથવા પ્રભૂત એવો અનુભાવ (એટલે કે પ્રભાવ, અથવા તેજ) એવો અર્થ કરવો સામર્થ્ય એટલે કે શક્તિવિશેષ અથવા ઓજસ્વીપણું એવો અર્થ કરવો. આવા પ્રકારનું ઘણું ઓજસ્વીપણું અર્થાત્ તેજસ્વીપણું છે જેમાં એવી પરમાત્માની આજ્ઞા છે. તેનો સ્વીકાર કરવો.

પ્રશ્ન : પરમાત્માની આજ્ઞા આટલી બધી પ્રધાન છે એમ કોના આધારે માનવું ?

ઉત્તર : अस्याः આ આજ્ઞાનું પ્રધાનપણું એટલા માટે છે કે ચૌદપૂર્વધર પુરૂષો કે જેઓ

સર્વલબ્ધિ સંપન્ન છે અનેક પ્રકારની લબ્ધિ-શક્તિવાળા છે તેઓ વડે પણ આ પરમાત્માની આજ્ઞા જ સ્વીકારાય છે એટલે આવી આજ્ઞા માનવી કે સ્વીકારવી એ ઘણું મહત્ત્વનું કામ છે એમ ગ્રન્થકારશ્રી સૂચન કરે છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે –

"ચૌદ પૂર્વધર પુરૂષોમાં એવી લબ્ધિ (શક્તિ) પ્રગટ થાય છે કે તેઓ એક ઘટમાંથી હજારો ઘટ પ્રગટ કરી શકે છે. ઈત્યાદિ લબ્ધિઓ એટલે શક્તિઓ આ ભવ સંબંધી છે. પરભવમાં તો ઓછામાં ઓછી એટલે કે જઘન્યથી પણ વૈમાનિક દેવોમાં ઉત્પત્તિ થાય છે. અને વધુમાં વધુ અનુત્તર વિમાનમાં ઉત્પત્તિ થાય છે. અથવા મુક્તિગતિની પ્રાપ્તિ પણ થાય છે." શાસ્ત્રોમાં જ કહ્યું છે કે –

"ચૌદપૂર્વધર મહાત્માઓની ઉત્પત્તિ જઘન્યથી પણ લાન્તક નામના છઠ્ઠા દેવલોકમાં થાય છે અને ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધમાં ઉત્પત્તિ થાય છે અથવા કર્મરહિત થયેલો તે જીવ સિદ્ધિગતિ પણ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે પરમાત્માની આજ્ઞા માનવી અતિશય જરૂરી છે તેનું પાલન મહાઅનુભાવવાળું (એટલે કે મહા પ્રભાવવાળું છે.)"

તથા પરમાત્માની આ આજ્ઞા સ્વીકારી લેવી જોઈએ કારણ કે તે આજ્ઞા **"મહાવિષયવાળી"** છે. મહાવિષયવાળી એટલા માટે કહેવાય છે કે તે વાણી સકલ દ્રવ્યાદિને (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના સ્વરૂપને) પરિપૂર્ણપણે સમજાવનારી છે. સર્વ દ્રવ્યાદિના વિષયવાળી છે. આવા પ્રકારની સર્વદ્રવ્યાદિના વિષયને સમજાવનારી એવી વાણી છદ્મસ્થ કોઈ જીવની શક્તિ હોતી નથી. માત્ર કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવંતની જ હોય છે અને શ્રી તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાની તો છે જ, તથા વીતરાગ અને સર્વજ્ઞ પણ અવશ્ય હોય જ છે. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે "શ્રુતજ્ઞાની આત્મા પણ ઉપયોગપૂર્વક જો જાણવામાં પ્રવર્તે તો શ્રધ્ધાના બળે સર્વ દ્રવ્યોને (સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવને) પણ જાણી શકે છે. જાણતા જ હોય છે. ઈત્યાદિ પરમાત્માની આજ્ઞાનું સ્વરૂપ સમજવું. હવે ઘણો વિસ્તાર કરવા વડે સર્યું." ॥૪૫॥

झाइज्जा निरवज्जं जिणाणमाणं जगप्पईवाणं ।
अणिउणजणदुण्णेयं, नय-भंग-पमाण-गमगहणं ॥४६॥

ગાથાર્થ : જગતમાં પ્રદીપની તુલ્ય પ્રકાશવાળા એવા જિનેન્દ્ર ભગવંતોની નિર્દોષ એવી આજ્ઞાનું ધ્યાન કરવું અથવા ચિંતન-મનન કરવું. ભગવાનની આ આજ્ઞા અનિપુણ મનુષ્યો વડે દુઃખે દુઃખે સમજાય તેવી છે. આ આજ્ઞા નયો, તેના ભાંગા, પ્રમાણો અને ગમાઓ (ચોવીસ દંડકાદિ) વડે જાણવી ઘણી જ દુષ્કર છે. (અર્થાત્ ઘણી જ ઊંડા-ગહન વિષયવાળી છે.)

ટીકા : "ध्यायेत्" चिन्तयेदिति सर्वपदक्रिया । "निरवद्याम्" इति अवद्यं = पापमुच्यते निर्गतमवद्यं यस्याः सा तथा ताम्, अनृतादिद्वात्रिंशद्दोषावद्यरहितत्वात्, क्रियाविशेषणं वा, कथं ध्यायेत् ? "निरवद्यम् इहलोकाद्याशंसारहितमित्यर्थः" । उक्तं च "नो इहलोगट्ठयाए, न परलोकट्ठयाए, नो परपरिभवओ,अहं नाणी" इत्यादिकं निरवद्यं ध्यायेत् ।

जिनानां प्राग्निरूपितशब्दैर्थानाम् "आज्ञां" वचनलक्षणां कुशलकर्मण्याज्ञाप्यन्तेऽनया प्राणिन इत्याज्ञा तां, किंविशिष्टां ? जिनानां = केवलालोकेनाशेषसंशयतिमिरनाशनाज्जगत्प्रदीपानामिति । आज्ञैव विशेष्यते = "अनिपुणजनदुर्ज्ञेयां" न निपुणः = अनिपुणः,अकुशलः इत्यर्थः, जनः लोकस्तेन दुर्ज्ञेयामिति = दुरवगमां, तथा "नय-भङ्ग-प्रमाणगमगहनाम्" इत्यत्र नयाश्च भङ्गाश्च प्रमाणानि च गमाश्चेति विग्रहस्तैर्गहना = गह्वरा तां ।

तत्र नैगमादयो नयास्ते चानेकभेदाः । तथा भङ्गाः क्रमस्थानभेदभिन्नाः, तत्र क्रमभङ्गा यथा "एको जीव एक एवाजीव इत्यादि = स्थापना –

स्थानभङ्गास्तु यथा प्रियधर्मा नामैकः नो दृढधर्मेत्यादि, तथा प्रमीयते ज्ञेयमेभिरिति प्रमाणानि-द्रव्यादीनि, यथाऽनुयोगद्वारेषु । गमाः चतुर्विंशतिदण्डकादयः, कारणवशतो वा । किञ्चिद्विसदृशाः सूत्रमार्गा यथा षड्जीवनिकादाविति कृतं विस्तरेणेति गाथार्थः ॥४६॥

विवेचन : ध्यायेत् = ध्यान કરવું, ચિંતન કરવું અર્થાત્ મનન કરવું. આ ક્રિયાપદ છે તે ક્રિયાપદ, ઉપર કહેલાં સર્વપદોની સાથે જોડવાં જેમ કે સુનિપુણ એવું ધ્યાન કરવું, અનાદિ અનંત એવા જીવનું ધ્યાન કરવું. પ્રાણીઓનું હિત થાય તેવું ચિંતન કરવારૂપ ધ્યાન કરવું એમ ૪૫મી ગાથામાં કહેલાં સર્વ પદો સાથે આ ક્રિયાપદ જોડવું. કેવું ધ્યાન કરવું આવો પ્રશ્ન થાય તો જણાવે છે કે :-

"निरवद्याम्" આ પદમાં જે અવદ્ય શબ્દ છે તેનો અર્થ થાય છે પાપ, ન કહેવા યોગ્ય અર્થાત્ જે બોલી ન શકાય તેવાં અયોગ્ય કાર્યો હિંસા-જુઠ-ચોરી વિગેરે પાપો તે અવદ્ય એટલે પાપ કહેવાય છે. निर्गतं अवद्यं यस्याः सा = ચાલ્યુ ગયું છે પાપ જે ક્રિયામાંથી એવી જે ઉત્તમ ક્રિયા તે નિરવદ્ય ક્રિયા, સારાંશ કે અનૃત જુઠુ બોલવું વિગેરે (૩૨) બત્રીસ પ્રકારનાં પાપકારી જે અવદ્ય છે તે અવદ્યથી રહિત એવું જે કાર્ય તે નિરવદ્ય કાર્ય કહેવાય છે. આવા પ્રકારની નિરવદ્ય એવી જે આજ્ઞા તે આજ્ઞાનું આરાધન કરવું જોઈએ. ખરેખર તો તે આજ્ઞા જ આરાધ્ય છે.

આ પ્રમાણે આ निरवद्याम् શબ્દનો અર્થ કરવો. અથવા આ निरवद्याम् શબ્દને બદલે निरवद्यम् શબ્દ સમજવો અને તે ક્રિયાવિશેષણ (ક્રિયાપદનું વિશેષણ) છે એમ સમજીને અર્થ

કરવો.

શ્રી વીતરાગ પરમાત્માનું ધ્યાન કેવી રીતે કરવું ? તો તેના ઉત્તરમાં કહે છે કે નિરવદ્ય એવું ધ્યાન કરવું અર્થાત્ આ લોકના સુખોની ઈચ્છા તથા પરલોકનાં સુખોની ઈચ્છા રૂપ આશંસા દોષોથી રહિત એવું ધ્યાન કરવું. પરંતુ આશંસા દોષ સેવવો નહીં. શાસ્ત્રમાં કહ્યું છે કે – "આ લોકના પ્રયોજનથી હું જ્ઞાની નથી. તથા પરલોકના સાંસારિક પ્રયોજનથી પણ હું જ્ઞાની નથી. તથા પરના પરાભવના પ્રયોજનથી પણ હું જ્ઞાની નથી." મને જે કંઈ જ્ઞાન પ્રાપ્ત થયું છે તે મારા પોતાના આત્માના કલ્યાણ માટે જ છે પણ આ લોકના સુખની વાંછા માટે, કે પરલોકના સુખની ઈચ્છા માટે કે પરનો પરાભવ કરવાની ઈચ્છા માટે આ જ્ઞાન નથી. આવું નિરવદ્ય (નિર્દોષ = મોહ વિનાનું) ધ્યાન કરવું.

"जिनानां" પૂર્વે જણાવ્યો છે શબ્દાર્થ જેનો એવા જે જિનેશ્વર પરમાત્મા છે અર્થાત્ રાગ અને દ્વેષને મૂલથી જે મહાત્માઓએ ક્ષય કર્યો છે, નાશ કર્યો છે એવા જે મહાત્મા છે. તે શ્રી જિનેશ્વર પ્રભુ છે. તેઓની "આજ્ઞા" "वचनलक्षणां" ભગવાન પોતાના મુખથી જે વચન બોલ્યા તે વચન બોલવારૂપ પરમાત્માની જે આજ્ઞા છે તે આજ્ઞાને બરાબર સ્વીકારવી જોઈએ. તેમાં જ ઓતપ્રોત-તન્મય થવું જોઈએ. આવા પ્રકારની આજ્ઞાપાલનતા એ જ આ આત્માને તારનાર છે.

તથા વળી તે આજ્ઞા કેવી છે ? કેવા વિશેષણવાળી છે. તે વાત જણાવે છે કે જે જિનેશ્વર ભગવંતો છે. અર્થાત્ તીર્થંકર ભગવંતો છે તેઓ કેવલજ્ઞાનરૂપી પ્રકાશ વડે સર્વ પ્રકારના સંશયો રૂપી અંધકારનો વિચ્છેદ કરનારા હોવાથી જગતમાં દીપક તુલ્ય છે. આવા જગતમાં દીપક તુલ્ય એવા તીર્થંકર ભગવંતોની આજ્ઞા જ માનવા જેવી છે સ્વીકાર કરવા જેવી છે.

તથા વળી જિનેશ્વર ભગવંતોની તે આજ્ઞા કેવી છે ? તે સમજાવે છે. "अनिपुणजनदुर्ज्ञेयां" = જે મનુષ્યો નિપુણ નથી તે અનિપુણ અર્થાત્ અકુશળ એટલે કે અચતુર એવા જે લોકો છે તે લોકો વડે દુઃખે દુઃખે સમજી શકાય અર્થાત્ ન પણ સમજી શકાય તેવી ભગવાનની આજ્ઞા છે. નિપુણ અર્થાત્ ચતુર મનુષ્યો વડે જ સમજી શકાય તેવી આ વાણી છે.

તથા "नय-भङ्ग-प्रमाण-गमगहनाम्" વળી પરમાત્માની આજ્ઞા કેવી છે તો નયાદિ વડે જલ્દી જલ્દી ન સમજી શકાય તેવી છે. અહીં નય-ભંગ-પ્રમાણ અને ગમ આ ચારે શબ્દોનો ઇતરેત્તર દ્વન્દ્વ સમાસ કરવો તે નયાદિ ચારે સાધનો વડે સમજવી જે દુષ્કર છે અર્થાત્ ગહન છે અર્થાત્ ગહવર (ઘણી ઊંડી) છે તેવી પરમાત્માની આજ્ઞા છે.

અહીં નય એટલે કે સાપેક્ષ વચન, નૈગમ-સંગ્રહ આદિ નયો મુખ્યત્વે સાત છે. વિશેષે વિચારીએ તો અનેક ભેદો નયના છે તથા ભંગ એટલે કે ભાંગાઓ તે ક્રમ અને સ્થાનના ભેદથી ભિન્ન ભિન્ન હોય છે.

ત્યાં ક્રમના ભેદથી જે ભાંગા થાય છે તે જેમ કે "एको जीव एक एवाजीवः" "જીવ પણ એક છે અને અજીવ પણ એક જ છે." ઈત્યાદિ એકવચન અને બહુવચન દ્વારા ઘણા ભાંગા થાય છે તે બરાબર જાણવા.

તથા સ્થાનભઙ્ગ જેમ કે "प्रियधर्मा नामैकः, नो दृढधर्मेत्यादिः" એક વ્યક્તિ પ્રિય ધર્મવાળી છે પરંતુ તે દૃઢ ધર્મવાળી નથી. આવા પ્રકારના ઘણા ભાંગા થાય છે આ પ્રમાણે ક્રમ દ્વારા અને સ્થાન દ્વારા થતા અનેક પ્રકારના ભાંગા જાણવા.

તથા प्रमीयते ज्ञेयमेभिरिति प्रमाणानि = જેના વડે પ્રમેય એવા વિષયો જણાય તે પ્રમાણ. પ્રમેય તત્ત્વોને જાણવાના ઉપાયભૂત જે અભ્યંતર આલંબનો છે. તે પ્રમાણ કહેવાય છે, (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એમ પ્રમેય અનેક પ્રકારે છે.) જેમ કે અનુયોગ દ્વાર નામના આગમ ગ્રંથોમાં આ વિષય વધારે સ્પષ્ટપણે ત્યાં સમજાવેલો છે. ત્યાંથી જાણી લેવા ભલામણ છે.

તથા "गमाः" સૂત્રપાઠો. અર્થાત્ સૂત્રના આલાવા. જેમ કે चतुर्विंशतिदण्डकादयः = ૨૪ દંડક તથા તેના ઉપર ૨૪ દ્વારો વિગેરેને ગમ કહેવાય છે. અથવા ક્યારેક કારણના વશથી સરખે સરખા અથવા ક્યારેક વિસદૃશ એવા પ્રકારના સૂત્રપાઠના જે આલાવા હોય છે તેને પણ ગમા કહેવાય છે. જેમ કે ષડ્જીવનિકાય વિગેરે શાસ્ત્રોમાં આવા પાઠો આવે છે તે ગમા જાણવા. આ પ્રમાણે સંક્ષેપમાં આ વાત સમજાવી છે. ઘણો વિસ્તાર કરવા વડે સર્યું આ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૪૬॥

अवतरण : ननु या एवंविधविशेषणविशिष्टा, सा बोद्धुमपि न शक्यते मन्दधीभिः । आस्तां तावद् ध्यातुं । ततश्च यदि कथंचिद् नावबुध्यते ? तत्र का वार्तेत्यत आह –

જે આવા પ્રકારના વિશેષણોથી વિશિષ્ટ એવી પ્રભુની આજ્ઞા છે તે આજ્ઞાને મંદબુદ્ધિવાળા જીવો દ્વારા કેમે કરી ન સમજી શકાય તેમ છે / હવે જો સમજી જ ન શકાય તો ધ્યાન તો કેવી રીતે કરી શકાય ? તેથી જો કંઈ સમજાય જ નહીં તો શું કરવું ? ન સમજાય ત્યારે શું વાર્તા બને અર્થાત્ શું કરવું ? તે અમને સમજાવો :-

तत्थ य मइदोब्बल्लेणं, तव्विहायरियविरहओ वावि ।
णेयगहणत्तणेण य णाणावरणोदएणं च ॥४७॥

ગાથાર્થ : ત્યાં = વીતરાગ પરમાત્માની આજ્ઞા, (૧) આપણી મતિની દુર્બળતા (૨) હોવાથી, તેવા પ્રકારનાં તત્ત્વ સમજાવી શકે તેવા આચાર્યોનો વિરહ હોવાથી તથા (૩) જાણવા લાયક જ્ઞેયતત્ત્વ ઘણું જ ગહન (ઊંડું) હોવાથી, તથા (૪) જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હોવાથી આપણા જેવા છદ્મસ્થ આત્માઓ વડે ભગવાનની વાણી પૂર્ણપણે જાણી શકાતી નથી. ॥૪૭॥

ટીકા : "तत्र" तस्यामाज्ञायां, चशब्दः प्रस्तुतप्रकरणानुकर्षणार्थः । किं ? = जडतया चलत्वेन वा मतिदौर्बल्येन = बुद्धेः सम्यगर्थानवधारणेनेत्यर्थः । तथा "तद्विधाचार्यविरहतोऽपि" = तत्र तद्विधः = सम्यगविपरीततत्त्वप्रतिप्रतिपादनकुशलः आचर्यतेऽसावित्याचार्यः सूत्रार्थागमार्थं मुमुक्षुभिरासेव्यत इत्यर्थः ।

तद्विधश्चासावाचार्यश्च तद्विधाचार्यः । तद्विरहतः = तदभावतश्च चशब्दः अबोधे द्वितीय कारणसमुच्चयार्थः, अपि शब्दः क्वचिदुभयवस्तुपपत्तिसम्भावनार्थः । तथा ज्ञेयगहनत्वेन च "तत्र ज्ञायते इति ज्ञेयं = धर्मास्तिकायादि, तद्गहनत्वेन = गह्वरत्वेन" । चशब्दोऽबोध एव तृतीयकारणसमुच्चयार्थः ।

तथा "ज्ञानावरणोदयेन च" तत्र ज्ञानावरणं प्रसिद्धं, तदुदयेन तत्काले तद्विपाकेन, चशब्दश्चतुर्थाबोधकारणसमुच्चयार्थः । अत्राह-ननु ज्ञानावरणोदयादेव मतिदौर्बल्यं तथा तद्विधाचार्यविरहो ज्ञेयंगहनाप्रतिपत्तिश्च, ततश्च तदभिधाने न युक्तममीषामभिधानमिति, न, तत्कार्यस्यैव सङ्क्षेपविस्तरत उपाधिभेदेनाभिधानादिति गाथार्थः ॥४७॥

विवेचन : तत्थ = એટલે તે પરમાત્મા શ્રી વીતરાગદેવની આજ્ઞાનું જે આરાધન કરવામાં આવે તો च શબ્દ ગાથામાં જે છે તે પ્રાસંગિક પ્રકરણની અનુવૃત્તિ માટે છે તે પ્રાસંગિક પ્રકરણ શું છે ? તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું આ પ્રકરણ ચાલે છે. જો તેની સેવા કરવામાં આવે અથવા આરાધન કરવામાં આવે તો આ જીવનું અવશ્ય કલ્યાણ થાય જ.

(૧) હવે કદાચ જડતા (અજ્ઞાનતા) ઘણી હોવાથી અથવા ચંચળતા ઘણી હોવાથી મતિ (બુદ્ધિ)નો બરાબર વિકાસ થયો ન હોય અને જો મતિની (બુદ્ધિની) દુર્બળતા હોય તેનાથી પરમાત્માએ કહેલા અર્થો બરાબર ન સમજાય અથવા બરાબર સ્મૃતિ ગોચર ન રહે તો આ સંસાર તરવો ઘણો જ દુષ્કર છે. આ એક કારણ સમજાવ્યું.

(૨) અથવા "तद्विधाचार्यविरहितोऽपि" ત્યાં तद्विधः = તેવા પ્રકારના ઉત્તમ એવા, અર્થાત્ સમ્યગ્ભાવે જિનેશ્વર પરમાત્માની વાણીથી જરા પણ વિપરીત નહી તેવી રીતે અર્થાત્ અવિપરીતભાવે તત્ત્વોનું પ્રતિપાદન કરવામાં અતિશય કુશળ એવા આચાર્ય.

પ્રશ્ન : આચાર્ય કોને કહેવાય ?

ઉત્તર : "आचार्यतेऽसौ" इति आचार्यः ઉત્તમ આચારણ કરાય જેના વડે તે આચાર્ય પાંચ મહાવ્રત અને છ જીવનીકાયની રક્ષા વિગેરે આચાર્ય મહારાજશ્રીના ૩૬ ગુણોથી શોભતા તથા સૂત્ર અને અર્થ એમ બન્નેના અર્થના બોધક તથા સૂત્ર અને અર્થનો બોધ મેળવવા માટે મુમુક્ષુ જીવો વડે જેમની છાયા સ્વીકારાય, જેમની નિશ્રા લેવાય તે આચાર્ય.

તેવા પ્રકારના ગુણોથી ભરપૂર ભરેલા એવા જે આચાર્ય તેમનો જ્યારે વિરહ હોય છે ત્યારે અર્થાત્ તેમનો અભાવ હોય છે ત્યારે આ સંસાર તરવો ઘણો જ દુષ્કર બને છે. ગાથામાં લખેલો च શબ્દ આવા પ્રકારની અજ્ઞાનદશામાં એક મતિની દુર્બલતા કારણ જેમ સમજાવ્યું છે તેમ તેવા પ્રકારના જ્ઞાની અને ગીતાર્થ આચાર્ય મહારાજશ્રીનો વિરહ તે પણ બીજુ કારણ છે. તેના સમુચ્ચય માટે આ चकार લખવામાં આવ્યો છે.

તથા वावि પદમાં જે अपि શબ્દ છે તે ક્યારેક જેમ મતિ દુર્બલતા હોય અથવા ક્યારેક જેમ તેવા પ્રકારના ગીતાર્થ ગુરુનો વિરહ હોય તેની જેમ ક્યારેક ઉભય વસ્તુની ઉપપત્તિ એટલે કે મતિદુર્બળતા અને ગીતાર્થ ગુરુનો વિરહ એમ બન્ને કારણોની પ્રાપ્તિ પણ સંભવી શકે છે. તેના કારણે આ જીવ ધર્મ માર્ગમાં આગળ ન વધી શકે એવું પણ બને. તે જણાવવા ગાથામાં अपि શબ્દ કહેલ છે.

(૩) તથા "ज्ञेयगहनत्वेन च" જાણવા લાયક આ તત્ત્વ ઘણું જ ગહન (ઊંડુ) હોવાથી જાણી પણ શકાતું નથી. ત્યાં ज्ञायते इति ज्ञेयं = જે જણાય તે જ્ઞેય. અર્થાત્ જાણવા લાયક જે તત્ત્વ તે જ્ઞેય કહેવાય છે. ધર્માસ્તિકાયાદિ પાંચ અથવા છ જે દ્રવ્યો છે તે જ જાણવાલાયક હોવાથી જ્ઞેય કહેવાય છે તે તત્ત્વો બરાબર જાણવાં ઘણાં જ ગહન છે. ઊંડાં છે અર્થાત્ (गह्वरत्वेन = ઘણાં જ ઊંડાં હોવાથી) દુર્બોધ્ય છે. દુઃખે દુઃખે સમજાય તેવાં છે.

ગાથામાં णेयगहणत्तणेय य આ પદમાં છેલ્લો જે य એટલે च શબ્દ લખેલો છે તે આ અજ્ઞાનદશામાં ત્રીજા કારણના સમુચ્ચય માટે છે.

(૪) તથા "ज्ञानावरणोदयेन च" જ્ઞાનને આચ્છાદન કરનારું જે કર્મ તે જ્ઞાનાવરણીય કર્મ, જૈનશાસ્ત્રમાં પ્રસિદ્ધ જ છે તેનો ઉદય હોય છે ત્યારે સર્વકાળે તેના વિપાકોદય કાળે આ અજ્ઞાનદશા પ્રવર્તે છે. અજ્ઞાન દશા પ્રવર્તવામાં આ ચોથું કારણ જાણવું. ગાથામાં છેલ્લો લખેલો જે च શબ્દ છે તે ચોથા અજ્ઞાનના કારણરૂપ જ્ઞાનાવરણીયનો ઉદયનો સમુચ્ચય કરવા માટે છે આ વિષયમાં હવે કોઈક આવો પ્રશ્ન કરે છે કે –

પ્રશ્ન : મતિની દુર્બળતા, તેવા પ્રકારના ગીતાર્થ આચાર્યાદિનો વિરહ અને ઊંડા જ્ઞેય તત્ત્વોની સમજણ પ્રાપ્ત ન થવી આ ત્રણે ભાવો ફક્ત એક જ્ઞાનાવરણીયના ઉદયથી જ સમજાઈ જાય છે. તેથી જ્ઞાનાવરણીય કર્મનો ઉદય ચોથા કારણ રૂપે કહેવાયે છતે પ્રથમનાં

આ ત્રણ કારણોનું પ્રતિપાદન જુદું કરવું ઉચિત નથી. છેલ્લા એક જ્ઞાનાવરણીયના ઉદયને જ કારણ કહો તો સર્વ વાત એમાં સમાઈ જાય છે તો ચાર કારણો ભિન્ન ભિન્ન કેમ જણાવો છો?

ઉત્તર : "ન" ઉપરનો પ્રશ્ન વ્યાજબી નથી. કારણ કે જ્ઞાનાવરણીય કર્મનો જે ઉદય છે તે સામાન્યથી સર્વત્ર કારણ છે જ, એટલે કે તે સાધારણ કારણ છે. તેનો જ આ ત્રણ જુદા જુદા ભાવો જણાવવા વડે વિસ્તાર જ માત્ર કર્યો છે અર્થાત્ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી થયેલું જે જ્ઞાનના અભાવાત્મક કાર્ય છે તે કાર્ય જ સંક્ષેપ અને વિસ્તારથી ઉપાધિના ભેદે ભિન્ન ભિન્ન રીતે સમજાવેલ છે. માટે તેમાં કોઈ દોષ નથી. વિસ્તારથી જાણવાની રૂચિવાળા માટે આ કથન બરાબર છે. ॥૪૭॥

અવતરણ : तथा = તથા શબ્દ લખીને ચાર પ્રકાર જણાવવાનાં બીજાં કારણો પણ જણાવે છે :-

हेऊदाहरणासंभवे य सइ सुट्ठु जं न बुज्झेज्जा ।
सव्वण्णुमयमवितहं, तहावि तं चिंतए मइमं ॥४८॥

ગાથાર્થ : કેટલીક વસ્તુ સમજવામાં હેતુ (તર્ક) અને ઉદાહરણ (દૃષ્ટાંત)નો અસંભવ હોતે છતે તે વસ્તુ સારીરીતે ન પણ સમજાય, તો પણ સર્વજ્ઞ પરમાત્માનો મત (તેમનું વચન) ક્યારેય પણ અસત્ય (મિથ્યા) હોતું નથી જ. તે માટે મતિમાન જીવે તેમના તત્ત્વો ઉપર (ઘણો જ વિશ્વાસ રાખીને) ચિંતન-મનન ખાસ કરવું જોઈએ. ॥૪૮॥

ટીકા : तत्र हिनोति - "गमयति जिज्ञासितधर्मविशिष्टानर्थानिति हेतुः = कारको व्यञ्जकश्च उदाहरणं = चरितकल्पितभेदं" । हेतुश्चोदाहरणं च = हेतूदाहरणे, तयोरसम्भवः । कञ्चन पदार्थं प्रति हेतूदाहरणासम्भवात् ।

तस्मिंश्च चशब्दः पञ्चमषष्ठकारणसमुच्चयार्थः । "सति" विद्यमाने किं ? "यद्" = वस्तुजातं "न सुष्ठु बुद्धयेत" = नातीवावगच्छेत् । "सर्वज्ञमतमवितथं तथापि तच्चिन्तयेन्मतिमान्" इति तत्र सर्वज्ञाः = तीर्थकरास्तेषां मतं सर्वज्ञमतं = वचनं, किं ? वितथं = अनृतं, न वितथम् = अवितथं सत्यमित्यर्थः ॥ तथापि तदबोधकारणे सत्यनवगच्छन्नपि "तत्" मतं वस्तु वा "चिन्तयेत्" = पर्यालोचयेत् "मतिमान्" बुद्धिमानिति गाथार्थः ॥४८॥

विवेचन : હેતુ કોને કહેવાય ? તે સમજાવે છે हिनोति = જાણવા માટે ઈચ્છેલા એવા ધર્મ વિશિષ્ટ પદાર્થોને જે જણાવે તે હેતુ કહેવાય છે. સંસ્કૃત ભાષા પ્રમાણે हि ધાતુ છે અને તેને ઉણાદિનો तु પ્રત્યય લાગ્યો છે. આ ઊંડા જંગલમાં અગ્નિ હશે કે નહિ હોય ? એવું જાણવાની ઈચ્છા થઈ તેવામાં ધૂમાડા દેખાયા એટલે તે ધૂમાડાએ અંદર અગ્નિ છે જ એમ જણાવ્યું તે માટે ધૂમ એ અગ્નિને જણાવવામાં હેતુ કહેવાય છે.

"જિજ્ઞાસિત = જાણવાને ઈચ્છેલા એવા ધર્મથી વિશિષ્ટ પદાર્થો જણાય જેના વડે તેને હેતુ કહેવાય છે. હેતુનું જ બીજું નામ કારક અને ત્રીજું નામ વ્યંજક પણ છે. અંદર ગુપ્તપણે રહેલી વસ્તુને પ્રગટ કરે છે. માટે કારક, અંદર ગુપ્ત(પણે) રહેલી વસ્તુને જાહેર કરે છે માટે તેને વ્યંજક પણ કહેવાય છે. આ પ્રમાણે હેતુને જ કારક અને વ્યંજક કહેવાય છે."

હવે ઉદાહરણ કોને કહેવાય ? તે સમજાવે છે આ ઉદાહરણ ચરિત અને કલ્પિત એમ બે ભેદવાળાં છે. વાસ્તવિક યથાર્થ એવું જે ઉદાહરણ બન્યુ હોય થયું હોય છે તેને ચરિત અને મનની કલ્પના માત્રથી કલ્પાએલ જે ઉદાહરણ હોય છે તે કલ્પિત કહેવાય છે એમ ઉદાહરણના બે ભેદ જાણવા જેમ કે જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં અગ્નિ હોય જ જેમ કે મહાનસ (રસોડુ) આ ચરિત ઉદાહરણ કહેવાય છે. કારણ કે રસોડામાં ધૂમ પણ છે અને અગ્નિ પણ છે માટે ચરિત ઉદાહરણ કહેવાય છે.

જ્યાં ઉદાહરણ પ્રાપ્ત થાય નહીં પરંતુ સમજાવવા માટે જ મનથી કલ્પના કરીને મુકાય તે કલ્પિત ઉદાહરણ કહેવાય છે જ્યાં જ્યાં માતા-પિતા ન હોય ત્યાં ત્યાં પુત્ર-પુત્રી પણ ન હોય જેમ કે વન્ધ્યાપુત્ર અહીં વન્ધ્યાપુત્રનું જે ઉદાહરણ મુકવામાં આવ્યું છે તે કલ્પિત ઉદાહરણ છે. કારણ કે તે વસ્તુ નથી પણ મનથી કલ્પીને જ દૃષ્ટાન્ત મુકવામાં આવ્યું છે.

મૂળ ગાથામાં હેતુ અને ઉદાહરણ આ બન્ને શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરવામાં આવ્યો છે हेतुश्च उदाहरणं च इति हेतूदाहरणे દ્વન્દ્વ સમાસ કર્યા પછી ષષ્ઠી તત્પુરુષ સમાસ જાણવો. तयोः हेतूदाहरणयोः असम्भवः इति हेतूदाहरणासम्भवः = તેવા પ્રકારના હેતુઓ અને ઉદાહરણોનો અસંભવ હોવાથી સર્વજ્ઞ પરમાત્માનો મત જાણી શકાતો નથી.

તે સર્વજ્ઞ પરમાત્માનું શાસન વિદ્યમાન હોવા છતાં સર્વે દ્રવ્યો તથા તેનું સ્થૂલ-સૂક્ષ્મ-સ્વરૂપ, છદ્મસ્થ જીવો વડે જાણી શકાતું નથી. તે ન જણાવામાં (૧) મતિની દૂર્બળતા, (૨) તથાવિધ આચાર્યનો વિરહ, (૩) જ્ઞેય તત્ત્વની ગહનતા, અને (૪) જ્ઞાનાવરણીય કર્મનો ઉદય, આ ચાર કારણો ઉપરની ૪૭મી ગાથામાં જણાવ્યાં જ છે તદુપરાંત (૫) હેતુનો અભાવ અને (૬) ઉદાહરણનો અભાવ એમ આ બે પાંચમું અને છઠ્ઠું કારણ પણ જાણવું. પૂર્વની ૪૭મી ગાથામાં ચાર કારણો કહ્યાં છે તેમાં આ ગાથામાં કહેલા બે કારણોનો સમુચ્ચય કરવા માટે જ ૪૮મી ગાથામાં हेउदाहरणासंभवे य सइ આ પદમાં ચકાર કહેલો છે.

ઉપર કહેલાં છ કારણોસર જગતમાં રહેલા પદાર્થોનો સમૂહ આપણા વડે (અર્થાત્ છદ્મસ્થ જીવો વડે) સમ્યગ્પ્રકારે સારી રીતે એટલે કે યથાર્થ રીતે જાણી શકાતો નથી, જોઈ શકાતો પણ નથી, યથાર્થપણે સમજી પણ શકાતો નથી તે ન સમજી શકવામાં આપણી

છદ્મસ્થતા જ કારણ છે પરંતુ સર્વજ્ઞ પરમાત્માનું વચન ક્યારેય પણ મિથ્યા સંભવતું જ નથી. આ જ વાત ગ્રંથકારશ્રી જોરશોરથી સિદ્ધ કરે છે કે :-

સર્વજ્ઞ પરમાત્માનું વચન ત્રણે કાળે અવિતથ એટલે કે યથાર્થ જ (સો ટચના સોના જેવું અબાધિત, પૂર્વાપર અવિરૂદ્ધ અને સંપૂર્ણપણે સત્યતાવાળું જ) હોય છે. સર્વજ્ઞ પરમાત્માનું વચન સો ટચના સોના જેવું જ હોય છે. તેમાં કંઈ વિચાર કરવાનો છે જ નહી. તે જે કહે તે સમજાય તો પણ સત્ય અને ન સમજાય તો પણ સત્ય જ છે. માત્ર આપણે તે વચનને સમજવા માટે ચિંતન-મનન કરવું જરૂરી છે.

"तच्चिन्तयेन्मतिमान्" બુદ્ધિશાળી જીવોએ તેઓના વચનનું ચિંતન કરવા જેવું હોય છે. સર્વજ્ઞ તીર્થંકર ભગવંતો કેવલજ્ઞાની હોવાથી અને વીતરાગ હોવાથી રાગ-દ્વેષના અભાવના કારણે તેમનું વચન વિતથ (મિથ્યા) હોતું નથી પરંતુ અવિતથ (સત્ય) જ હોય છે.

તથાપિ = તો પણ તે વચન નહીં સમજાવાનાં કારણો (૧) આપણા મિથ્યાત્વનો ઉદય અને (૨) જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હોવાથી જલ્દી જલ્દી સમજાતાં નથી. બુદ્ધિમાં બેસતાં નથી. તે કારણથી મતિમાન્ = બુદ્ધિશાળી જીવે તે વચનોને સમજવા ઊંડા ઊંડા વિચારો કરવા જોઈએ. તીર્થંકર પરમાત્મા ઉપર હાર્દિક પ્રેમ-બહુમાન અને અહોભાવ રાખીને તેમનાં કહેલાં તત્ત્વોનો વિચાર તથા અભ્યાસ કરવો જોઈએ. ॥૪૮॥

અવતરણ : किमित्येतदेवमित्यत आह :- આ વિષય આમ જ છે આવું કેમ ? અર્થાત્ સર્વજ્ઞ પરમાત્માનું વચન સત્ય જ છે આમ માની લેવાનું કારણ શું છે ? કે તે વચન સમજાય તો પણ માનવાનું અને ન સમજાય તો પણ માનવાનું. સ્વીકારવાનું જ. આમ આટલો બધો તેમના વચન ઉપર ભાર કેમ મુકો છો ? તેનો ઉત્તર કહે છે :-

अणुवकयपराणुग्गहपरायणा जं जिणा जगप्पवरा ।
जियराग-दोस-मोहा य, णण्णहावादिणो तेणं ॥४९॥

ગાથાર્થ : અનુપકારી એવા પણ પર ઉપર અનુગ્રહ કરવામાં પરાયણ એવા જિનેશ્વર ભગવંતો છે તેથી તેઓ જગતમાં સૌથી પ્રવર (શ્રેષ્ઠ વ્યક્તિ રૂપે) છે, તથા રાગ-દ્વેષ અને મોહ (અજ્ઞાન) ઈત્યાદિ દોષોને જીતનારા છે. તે કારણથી તેઓ અન્યથાવાદી (અર્થાત્ મિથ્યાવાદી) હોતા નથી. ॥૪૯॥

ટીકા : अनुपकृते = परैरपवर्तिते सति परानुग्रहपरायणा = धर्मोपदेशादिना परानुग्रहोद्युक्ता इति समासः । "यद्" यस्मात् कारणात्, के ? - "जिनाः" = प्राग्निरूपितशब्दार्थाः । ते एव विशेष्यन्ते = "जगत्प्रवराः" चराचरश्रेष्ठा इत्यर्थः । एवंविधा अपि कदाचिद् रागादिभावाद् वितथवादिनो

भवन्ति, अत आह = "जिताः" निरस्ता राग-द्वेष-मोहा यैस्ते तथाविधाः । तत्राभिष्वङ्गलक्षणो रागः, अप्रीतिलक्षणो द्वेषः, अज्ञानलक्षणो मोहः, च शब्द एतदभावगुणसमुच्चयार्थः । नान्यथावादिनः "तेन" इति तेन कारणेन ते (तीर्थकराः) नान्यथावादिनः इति । उक्तं च – "रागाद्वा द्वेषाद्वा मोहाद्वा" इत्यादि गाथार्थः ॥४९॥

વિવેચન : સર્વજ્ઞ, કેવલજ્ઞાની અને વીતરાગ એવા શ્રી તીર્થંકર ભગવંતો કેવા હોય છે ? તે આ ગાથામાં સમજાવે છે કે –

સામે રહેલા જીવો વડે ઉપકાર તો ભલે ન કરાયો હોય પરંતુ ઉપસર્ગ અને પરિષહાદિ કરવા વડે અપકાર કરાયો હોય, વિઘ્નો ઊભાં કરાયાં હોય તેવા પર જીવો હોય તો પણ આવા પ્રકારના પર જીવો વડે અપકાર કરાયે છતે પણ તે પરનો અનુગ્રહ (ઉપકાર) કરવામાં જ તત્પર છે. એટલે કે ધર્મોપદેશ આપવા વડે, તથા હિતકારી એવી શિક્ષા સમજાવવા દ્વારા અપકાર કરનારી એવી પરવ્યક્તિનો પણ અનુગ્રહ કરવામાં જ ઉદ્યમશીલ એવા આ તીર્થંકર ભગવંતો હોય છે. આમ કર્મધારય સમાસ જાણવો.

હવે પ્રશ્ન થાય કે અનુપકારીનો પણ ઉપકાર કરવામાં તત્પર એવા તે કોણ છે ? કે ? આવા પ્રકારની તે વ્યક્તિઓ કઈ છે ? તો કહે છે કે "जिनाः" = શ્રી જિનેશ્વર ભગવંતો અર્થાત્ તીર્થંકર ભગવંતો, તેમાં જિનેશ્વર કોને કહેવાય તેનો અર્થ પહેલાં કહેલો છે. રાગ-દ્વેષ અને મોહને જેઓએ જિતી લીધા છે તે જિન કહેવાય છે તે જિનેશ્વર ભગવંતો કેવા છે ? તે એક વિશેષણ બતાવવા દ્વારા તેઓની વિશેષતા સૂચવે છે કે –

આ તીર્થંકર ભગવંતો जगत्प्रवरा = જગતમાં સૌથી અધિક મોટી વ્યક્તિ છે ચરાચર એવા આ જગતમાં સૌથી શ્રેષ્ઠ એવા આ તીર્થંકર ભગવંતો છે. તથા આ સંસારમાં વ્યવહારથી ઊંચી કોલિટીના ગણાતા જીવો પણ ક્યારેક રાગાદિ ભાવોને (રાગ-દ્વેષ-અજ્ઞાન-મદ અને માયા આદિ દોષોને) પરવશ થયા છતા મિથ્યા વચન બોલનારા પણ થઈ જાય છે. આ કારણથી મૂળ ગાથામાં જ ગ્રંથકારશ્રી સમજાવે છે કે આ જિનેશ્વર ભગવંતો તેવું મિથ્યા વચન ક્યારે પણ બોલનારા નથી.

કારણ કે "जिता-निरस्ता राग-द्वेष-मोहा यैस्ते" જીતાયા છે અતિશય પણે દૂર કરાયા છે રાગ-દ્વેષ અને મોહ ઈત્યાદિ દોષો જેઓ વડે તે જિનેશ્વર ભગવંતો તેવા પ્રકારના સર્વથા નિર્મોહી છે. વીતરાગ છે અને સર્વજ્ઞ છે.

ત્યાં પર પદાર્થ પ્રત્યે પ્રીતિવિશેષ (આસક્તિ વિશેષ મમતા વિશેષ) કરવી તેને રાગ કહેવાય છે. તથા તે જ પરપદાર્થો પ્રત્યે અપ્રીતિ અર્થાત્ કડવાશ વિશેષ કરવી તે દ્વેષ કહેવાય

છે અને વસ્તુના વાસ્તવિક સ્વરૂપના અજાણ રહેવું તે મોહદોષ કહેવાય છે. મૂલ ગાથામાં "जिय-राग-दोस-मोहा-य" આ પદમાં લખેલો च શબ્દ આ રાગાદિ દોષોના અભાવાત્મક ગુણો તેઓમાં છે તેનો સમુચ્ચય અર્થ જણાવવા માટે છે.

આવા પ્રકારના રાગાદિ દોષોના અભાવવાળા આ જિનેશ્વર ભગવંતો કદાપિ અન્યથાવાદી (જુઠ્ઠુ બોલનારા-મિથ્યાવચન કહેનારા) હોતા નથી જ. તે કારણથી તેઓ સદા સત્ય અને હિતકારી જ વચન બોલનારા હોય છે. પરંતુ અન્યથાવાદી ક્યારેય પણ હોતા નથી. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે :- રાગથી, દ્વેષથી, ભયથી અને અજ્ઞાનદશાથી આ ચાર કારણોસર આ જીવ મિથ્યાવચન બોલે છે. વીતરાગ પરમાત્મામાં મિથ્યાવચન બોલવાનાં આ ચાર કારણોમાંથી એક પણ કારણ નથી. તે માટે તેઓનું વચન ત્રણે કાળે પણ અર્થાત્ ક્યારેય પણ મિથ્યા હોતું જ નથી. તેઓનું ટંકશાળી વચન હોય છે. ॥૪૯॥

અવતરણ : उक्तस्तावद्ध्यातव्यप्रथमो भेदः । अधुना द्वितीय उच्यते = ધ્યાતવ્ય એ નામનો પ્રથમ ભેદ સમજાવ્યો. હવે બીજો ભેદ સમજાવાય છે :-

राग-द्दोस-कसायाऽऽसवादिकिरियासु वट्टमाणाणं ।
इह-परलोयावाओ, झाइज्जा वज्जपरिवज्जी ॥५०॥

ગાથાર્થ : વર્જનીય (ત્યાજ્ય) એવા કાર્યોનું વર્જન (ત્યાગ) કરનારા ઉત્તમ આત્માએ રાગ-દ્વેષ-કષાય અને આશ્રવાદિની ક્રિયાઓમાં આ લોક અને પરલોકની આપત્તિઓ જ ભરેલી છે (દુઃખો જ દુઃખો ભરેલાં છે). આવું સતત વિચારવું. ॥૫૦॥

ટીકા : राग-द्वेष-कषायाऽऽश्रवादिक्रियासु प्रवर्तमानानामिह-परलोकापायान् ध्यायेत् । यथा रागादिक्रिया ऐहिकामुष्मिकविरोधिनी । उक्तं च :-

रागः सम्पद्यमानोऽपि, दुःखदो दुष्टगोचरः ।
महाव्याध्यभिभूतस्य, कुपथ्यान्नाभिलाषवत् ॥१॥ तथा

द्वेषः सम्पद्यमानोऽपि, तापयत्येव देहिनम् ।
कोटरस्थो ज्वलन्नाशु, दावानल इव द्रुमम् ॥२॥ तथा

दृष्टयादिभेदभिन्नस्य, रागस्यामुष्मिकं फलम् ।
दीर्घः संसार एवोक्तः, सर्वज्ञैः सर्वदर्शिभिः ॥३॥ इत्यादि

तथा — दोसानलसंसत्तो इह लोए चेव दुक्खिओ जीवो ।
परलोगंमि य पावो, पावइ निरयानलं तत्तो ॥१॥ इत्यादि,

तथा कषायाः = क्रोधादय, तदपायाः पुनः -

कोहो य माणो य अणिग्गहीया, माया च लोहो य पवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया, सिंचंति मूलाइं पुणब्भवस्स ॥१॥

विवेचन : રાગ-દ્વેષ-કષાય અને આશ્રવ આદિ પાપસ્થાનકોમાં પ્રવર્તતા જીવોને આ લોક સંબંધી અને પરલોક સંબંધી ઘણા અપાયો (અર્થાત્ ઘણાં ઘણાં દુઃખો) આવે જ છે. આ સંબંધી ઊંડા વિચારો કરવા. જેમ કે મહારોગથી પીડાયેલા જીવને કુપથ્ય (અર્થાત્ નુકસાન કરે, રોગ વધારે એવા) અન્નની અભિલાષા કરવી તે જેમ દુઃખદાયી છે તેવી જ રીતે આત્મામાં પ્રગટ થતો રાગ ભાવિમાં દુઃખ આપનાર અને દુષ્ટ પ્રસંગોના વિષયવાળો જ છે. ॥૧॥

તથા પ્રગટ થતો દ્વેષ પણ પ્રાણીને સંતાપ ઉત્પન્ન કરે જ છે. જેમ ઝાડની બખોલમાં રહેતો અગ્નિ આખા ઝાડને બાળી નાખે છે. તેમ અહીં સમજવું. ॥૨॥

દૃષ્ટિ આદિના ભેદોથી ભિન્ન ભિન્ન એવો જે રાગ (દૃષ્ટિરાગ, સ્નેહરાગ, કામરાગ ઈત્યાદિ રાગ) પરભવના ફળરૂપે લાંબો સંસાર જ (જન્મ-મરણની પરંપરા જ) જ આપે છે એમ સર્વજ્ઞ અને સર્વદર્શી એવા તીર્થંકર ભગવંતોએ કહેલું છે, તથા

દ્વેષ રૂપી અગ્નિના સંબંધવાળો એવો આ જીવ આ લોકમાં દુઃખી દુઃખી જ હોય છે. અને પરલોકમાં પણ તે કારણથી જ તે જીવ નરક રૂપી અગ્નિની ભઠ્ઠીને જ પામે છે. (અગ્નિમાં શેકાય છે.) ॥૧॥

તથા કષાયો ક્રોધાદિ ચાર છે તે પણ ઘણા જ દુઃખદાયી છે. તથા વળી શાસ્ત્રોમાં જ કહ્યું છે કે –

અનિગૃહીત એવા (અર્થાત્ કંટ્રોલ ન કરાયેલા એવા) ક્રોધ અને માન તથા વૃદ્ધિ પામતી માયા અને લોભ આ ચારે કષાયોરૂપી કાળાં વાદળો પુનર્ભવરૂપી વૃક્ષની વૃદ્ધિ કરવા માટે મૂળીયાંને સીંચે છે. ॥૧॥

तथाऽऽश्रवाः - कर्मबन्धहेतवो मिथ्यात्वादयः, तदपायः पुनः =

मिच्छत्तमोहियमई, जीवो इहलोग एव दुक्खाइं ।
निरओवमाइं पावो, पावइ पसमाइगुणहीणो ॥१॥ तथा

अज्ञानं खलु कष्टं, क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः ।
अर्थं हितमहितं वा न वेत्ति येनावृतो लोकः ॥२॥ तथा

जीवा पावंति इहं, पाणवहादविरईए पावाए ।
नियसुयघायणमाई, दोसे जणगरहिए पावा ॥३॥

परलोगंमिवि एवं, आसवकिरियाहि अज्जिए कम्मे ।
जीवाण चिरमवाया, निरयाइगई भमंताणं ॥४॥ इत्यादि

आदिशब्दः स्वगतानेकभेदख्यापकः । प्रकृतिस्थित्यनुभावप्रदेशबन्धभेदग्राहक इत्यन्ये । क्रियास्तु कायिक्यादिभेदाः पञ्च । एता पुनरुत्तरत्र न्यक्षेण वक्ष्यामः । विपाकः पुनः -

किरियासु वट्टमाणा काइगमाईसु दुक्खिया जीवा ।
इह चेव च परलोए, संसारपवड्ढया भणिया ॥१॥

ततश्चैवं रागादिक्रियासु वर्तमानानामपायान् ध्यायेत् । किंविशिष्टः सन्नित्याहः - "वर्ज्यपरिवर्जी" तत्र वर्जनीयं वर्ज्यम् - अकृत्यं परिगृह्यते तत्परिवर्जी = अप्रमत्त इति गाथार्थः ॥५०॥

विवेचन : તથા મિથ્યાત્વ વિગેરે કર્મબંધના હેતુભૂત આશ્રવો (મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગના પેટાભેદો અનુક્રમે ૫ + ૧૨ + ૨૫ + ૧૫ = કુલ ૫૭ ભેદોથી આ જીવમાં કર્મ આવે છે. તેનો અપાય કરવો. અર્થાત્ તે આશ્રવોને દૂર કરવા, અર્થાત્ જેનાથી આ આત્મામાં કર્મો આવે છે તેવા ૫૭ ભેદે થતા આશ્રવોને રોકવા = અટકાવવા (જેથી કર્મ લાગે નહીં) શાસ્ત્રમાં જ કહ્યું છે કે –

(૧) મિથ્યાત્વથી મોહિત મતિવાળો પાપી એવો જીવ કે જે પ્રશમાદિ ગુણો વિનાનો છે તે જીવ જેની ઉપમા પણ ન આપી શકાય તેવાં દુઃખો આ ભવમાં જ પામે છે. ॥૧॥

અજ્ઞાન (અણસમજ અથવા વિપરીત સમજણ) એ જ ક્રોધાદિ સર્વ પાપો કરતાં ઘણું મોટું પાપ છે. જે અજ્ઞાન વડે આચ્છાદિત થયેલો જીવ હિતકારી અને અહિતકારી પદાર્થને જાણતો નથી. તાત્ત્વિક હિતાહિતનું ભાન આ જીવને હોતું નથી. ॥૨॥

પ્રાણીઓના વધથી (હિંસા આદિ પાપોથી) વિરમણ નહીં પામેલા પાપી જીવો સામાન્ય લોકોથી નિન્દિત એવાં પોતાના પુત્રાદિની હિંસા કરવા જેવાં મોટા દોષોને આ પાપી જીવો પ્રાપ્ત કરે છે. ॥૩॥

આ જ પ્રમાણે આશ્રવોની (૨૫) ક્રિયાઓ દ્વારા બાંધેલા પાપના ઉદયથી પરલોકમાં પણ આ જ પ્રમાણે આવા જીવો નરકગતિમાં ભટકતાં ભટકતાં લાંબા કાળનાં દુઃખો પામે છે. ॥૪॥

મૂલગાથામાં આસવાઇકિરિયાસુ = આ પદમાં લખેલા આદિ શબ્દથી પોતપોતાનામાં વર્તતા અનેક પેટાભેદો સમજી લેવા. હિંસાથી કરેલું પાપ, મૃષાવાદથી કરેલું પાપ, ચોરી

જેવાં કાર્યો કરવાથી કરેલું પાપ એ જ પ્રમાણે અબ્રહ્મ અને અપરિગ્રહના સેવનથી કરેલાં પાપ આવાં પાપો ઘણાં માઠાં ફળ આપનાર છે એમ આદિ શબ્દથી અર્થ સમજી લેવો.

બીજા કેટલાક આચાર્યો એમ કહે છે કે આ આદિ શબ્દથી આવાં આવાં પાપકારી કાર્યો કરનારા જીવો પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ એમ ચારે પ્રકારના ચિકણા - ચિકણા કર્મોનાં બંધ કરે છે માટે આવા આશ્રવો સેવવા નહીં. ઉદયકાલે બહુ જ દુઃખદાયી થાય છે. મહાપીડાકારી બંધ થાય છે.

પાપકારી એવી ક્રિયા કાયિકી આદિના ભેદથી પાંચ પ્રકારની છે. આ પાંચે પ્રકારની ક્રિયા વિસ્તારથી અમે જ આગળ ઉપર સમજાવીશું. આવા પ્રકારના પાપકારી ક્રિયાઓના કામોમાં વર્તનારા જીવો જે પાપ બાંધે છે તેનો વિપાક (એટલે કે તે પાપોનું ફળ) શાસ્ત્રોમાં આ પ્રમાણે કહ્યું છે.

કાયિકી આદિ ક્રિયાઓમાં વર્તનારા જીવો આ લોકમાં પણ દુઃખી દુઃખી થાય છે. તથા પરલોકમાં પણ દુઃખી દુઃખી થયા છતાં ઘણો જ ઘણો સંસાર વધારનારા થાય છે. એમ શાસ્ત્રોમાં કહ્યું છે.

તે કારણથી આવા પ્રકારના પાપકારી કાર્યોમાં વર્તનારા જીવોને ઘણાં ઘણાં દુઃખો જ આવે છે. આવું દરરોજ મનમાં વિચારવું. (જેથી પાપો કરવાનું મન ન થાય.) આવા વિચારો કરતાં અર્થાત્ આવું ધ્યાન કરતી વેળાએ આ જીવે કેવા પ્રકારના થઈને બેસવું જોઈએ ? આવા પ્રકારના પ્રશ્નનો ઉત્તર કહે છે :-

"वर्ज्यपरिवर्जी" વર્જનીય અર્થાત્ ત્યજવા જેવા પાપોનો શક્ય બને તેટલો વધારેમાં વધારે ત્યાગ કરીને મનથી પણ શુદ્ધ - બુદ્ધ થઈને અપ્રમત્ત થઈને અર્થાત્ સાવધાન થઈને આ જીવે આવા ઉત્તમ વિચારો કરવા. ॥૫૦॥

અવતરણ : उक्तः खलु द्वितीयो ध्यातव्यभेदः । अधुना तृतीय उच्यते । तत्र = ધ્યાન કરવા યોગ્યના ભેદોમાંથી બીજો ભેદ કહ્યો. હવે ત્રીજો ભેદ કહેવાય છે. ત્યાં.

पयइ-ठिइ-पएसा ऽनुभावभिन्नं सुहासुहविहत्तं ।
जोगाणुभावजणियं, कम्मविवागं विचिंतेज्जा ॥५१॥

ગાથાર્થ : કર્મોનો વિપાક (કર્મોનું ફળ) પ્રકૃતિ-સ્થિતિ - રસ અને પ્રદેશ વડે ચાર પ્રકારનું છે. તથા શુભ અને અશુભ એમ બે પ્રકારે છે. તથા યોગના કારણે અને અનુભાવના કારણે (કર્મ બાંધનાર) આત્માના કાષાયિકાદિ પરિણામો (અધ્યવસાયો)ના કારણે બંધાયેલા કર્મો કેવાં કેવાં ફળો આપે છે. તેનો વિચાર કરવો. ॥૫૧॥

ટીકા : "प्रकृति-स्थिति-प्रदेशानुभावभिन्नं शुभाशुभविभक्तम्" इति अत्र प्रकृतिशब्देनाष्टौ कर्मप्रकृतयो ऽभिधीयन्ते ज्ञानावरणीयादिभेदा इति । प्रकृतिरंशो भेद इति पर्यायाः । स्थितिः - तासामेवावस्थानं जघन्यादिभेदभिन्नं । प्रदेशशब्देन जीवप्रदेशकर्मपुद्गलसम्बन्धोऽभिधीयते । अनुभावशब्देन तु विपाकः । एते च प्रकृत्यादयः शुभाशुभभेदभिन्ना भवन्ति । ततश्चैतदुक्तं भवति = प्रकृत्यादिभेदभिन्नं शुभाशुभविभक्तं "योगानुभावजनितं" = मनोयोगादिगुणप्रभवं कर्मविपाकं विचिन्तयेदिति गाथार्थः ॥५१॥

भावार्थः - पुनर्वृद्धविवरणादयसेयः । तच्चेदं = इह पगइभिन्नं सुहासुहविहत्तं कम्मविवागं विचिंतेज्जा । तत्थ पगईउत्ति कम्मणो भेया अंसा णाणावरणिज्जाइणो अट्ठ । तेहिं भिन्नं विहत्तं सुहं पुण्णं सायाइयं, असुहं पावं तेहिं विहत्तं = विभिन्नविपाकं जहा जहा कम्मपयडीए विसेसेण चिंतिज्जा । किं च = ठिइविभिन्नं च सुहासुहविहत्तं कम्मविवागं विचिंतेज्जा ठिइत्ति तासिं चेव अट्ठण्हं पयडीणं जहण्णमज्जिमुक्कोसा कालावत्था जहा कम्मपयडीए । किं च = पएसभिन्नं शुभाशुभं यावत् -

कृत्वा पूर्वविधानं पदयोस्तावेव पूर्वविद् वर्ग्यौ ।
वर्गघनौ कुर्यातां, तृतीयराशेस्ततः प्राग्वत् ॥१॥

"कृत्वा विधानं" इति २५६, अस्य राशेः पूर्वपदस्य घनादि कृत्वा, तस्यैव वर्गादि ततः द्वितीयपदस्येदमेव विपरीतं क्रियते । तत एतावेव वर्ग्येते । ततस्तृतीयपदस्य वर्गघनौ क्रियते । एवमनेन क्रमेणायं राशिः १ ६७ ७७ २१६ चिंतेज्जा पएसोत्ति जीवपएसाणं कम्मपएसेहिं सुहुमेहिं एगखेत्तावगाढेहिं पुट्ठोगाढअणंतर अणुवायरउद्धाराइभेएहिं बद्धाणं वित्थरओ कम्मपयडीए भणियाणं कम्मविवागं विचिंतेज्जा ॥

किं च - अणुभावभिन्नं सुहासुहविहत्तं कम्मविवागं विचिंतेज्जा । तत्थ अणुभावोत्ति तासिं चेवऽट्ठण्हं पयडीणं पुव्वेबद्धनिकाइयाणं उदयाउ अणुभवणं । तं च कम्मविवागं जोगणुभावजणियं विचिंतेज्जा । तत्थ जोगा मणवयणकाया । अणुभावो जीवगुण एव, स च मिथ्यादर्शनाविरति-प्रमादकषायाः । तेहिं अणुभावेण य जणियमुप्पाइयं जीवस्स कम्मं जं तस्स विवागं उदयं विचिंतिज्जइ । उक्तो तृतीयो ध्यातव्यभेदः । साम्प्रतं चतुर्थ उच्यते तत्र –

विवेचन : "प्रकृति-स्थिति-प्रदेशानुभावभिन्नं शुभाशुभविभक्तम्" इति આ પદોમાં જે પ્રકૃતિ શબ્દ છે. તેનાથી કર્મપ્રકૃતિઓ કહેવાય છે. જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય વિગેરે જે ભેદો છે. તે ભેદો અહીં સમજવા. તથા પ્રકૃતિ શબ્દ વાપરો અથવા અંશ શબ્દ કે ભેદ શબ્દ વાપરો તો આ ત્રણે શબ્દો પરસ્પર પર્યાયવાચી જ માત્ર છે. અર્થમાં કોઈ તફાવત નથી.

તથા સ્થિતિઃ આવો જે શબ્દ છે તે જ્ઞાનાવરણીયાદિ તે તે કર્મોનું આત્માની સાથે રહેવું. આત્માને ચોંટીને રહેવું તેને જ સ્થિતિ કહેવાય છે. તેના જઘન્ય - મધ્યમ - ઉત્કૃષ્ટ આદિ ભેદોથી ભિન્ન ભિન્ન સ્થિતિ હોય છે. આ સ્થિતિતત્ત્વ સમજાવ્યું.

તથા પ્રદેશ શબ્દથી આત્માના પ્રદેશો અને કર્મપુદ્ગલના પ્રદેશો આ બન્નેનો પરસ્પર જે સંબંધ થવો તેને પ્રદેશબંધ કહેવાય છે.

તથા અનુભાવ શબ્દ વડે વિપાક અર્થાત્ ફળ એવો અર્થ કરવો. આપણા આત્માએ બાંધેલાં જે જે કર્મો છે તેનાં ફળ શું શું પ્રાપ્ત થાય છે તે સમજવું. તેને અનુભાગબન્ધ અથવા અનુભાવબન્ધ કહેવાય છે.

આ પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, પ્રદેશબંધ અને અનુભાગબંધ વિગેરે ચારે પ્રકારના બંધ શુભ અને અશુભના ભેદથી ભિન્ન ભિન્ન હોય છે તેથી ઉપર કહેલી વાતનો સારાંશ આવો છે કે –

પ્રકૃતિબંધ આદિ ચારે પ્રકારના બંધથી ભિન્ન ભિન્ન એવો જે કર્મનો બંધ તથા શુભ અને અશુભ એમ બે ભેદમાં વહેંચાયેલો એવો જે બંધ "योगानुभावजनितं" = મનોયોગ-વચનયોગ અને કાયયોગ ઈત્યાદિ યોગાત્મક ગુણથી બંધાયેલો જે આ બંધ છે. તે કર્મબંધ કહેવાય છે.

આ જીવ જેવા પ્રકારના કર્મબંધને કરે છે. તેવા પ્રકારના બાંધેલા તે કર્મોનાં ફળ (કર્મવિપાક) કેવાં કેવાં આવશે ! આ જીવ કેવાં કેવાં દુઃખો પામશે. તેનો હે જીવ ! તું વિચાર કર. વિચાર કર કે જેથી આવા પ્રકારના કર્મબંધથી વિરામ પામવાનું મન થાય. ॥૫૧॥

આ ગાથાના અર્થનો ભાવાર્થ વૃદ્ધ પુરૂષોએ (જ્ઞાની મહાત્માઓએ) કરેલા વિવરણમાંથી (વિચાર વિનિમયમાંથી) જાણી લેવો. છતાં તેનો અર્થ સંક્ષેપમાં અહીં સમજાવાય છે. ભિન્ન ભિન્ન પ્રકૃતિઓના ઉદયથી પ્રાપ્ત થનારું શુભ અને અશુભ એવા વિભાગવાળું જે કર્મ છે. તેનો વિપાક (અર્થાત્ બાંધેલા તે કર્મોનો ફળ વિપાક) કેવો ભયંકર દુઃખદાયી છે. તેનો એકાન્તમાં બેસીને શાસ્ત્રને અનુસારે આ જીવે ચિંતન-મનન કરવું.

ત્યાં પ્રકૃતિના એટલે કે કર્મના ભેદો એટલે કે કર્મના અંશો જ્ઞાનાવરણીય આદિ નામવાળા મૂળભેદો કુલ આઠ (૮) ભેદો છે. મિથ્યાત્વ આદિ તે તે કારણો વડે બંધાયેલું તે કર્મ અનેક પ્રકારના ભેદવાળું પણ છે. સાતા આદિ જે શુભ પ્રકૃતિઓ છે. તે પુણ્યતત્ત્વ કહેવાય છે. તથા અસાતા વિગેરે જે અશુભ પ્રકૃતિઓ છે તે પાપતત્ત્વ કહેવાય છે. દરેક કર્મોનો ફળવિપાક ભિન્ન ભિન્ન બંધાય છે અને ભિન્ન ભિન્નરૂપે ઉદયમાં આવે છે છતાં આ

વિષયનો વધારે સૂક્ષ્મબોધ **કર્મપ્રકૃતિ** (અર્થાત્ કમ્મપયડી) નામના ગ્રંથમાં જેમ કહ્યો છે તેમ વિશેષ કરીને જાણવો. આ પ્રકૃતિબંધ સંબંધી સ્વરૂપ સમજાવ્યું.

કિં ચ = તથા વળી ઠિઇવિભિન્નં = સ્થિતિસંબંધી પણ વિશેષભેદ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ અનેક પ્રકારો છે. તથા શુભ અને અશુભ એવી સ્થિતિ વડે વિભક્ત એવો કર્મોનો વિપાક છે મહાગ્રન્થોના આધારે તેની પણ વિશેષ વિચારણા કરવી.

સ્થિતિબંધ પણ તે તે મૂલ આઠ કર્મોની (તથા ઉત્તરપ્રકૃતિઓ ૧૫૮ જે છે તેની) જઘન્ય સ્થિતિ કેટલી બંધાય ? મધ્યમસ્થિતિ કેટલી બંધાય ? અને ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી બંધાય ? આ પ્રમાણે સર્વે પણ કર્મપ્રકૃતિઓની કાલવાળી જે આ અવસ્થા અર્થાત્ આ સ્થિતિબંધનું સ્વરૂપ કર્મપ્રકૃતિ નામના ગ્રંથના આધારે જાણી લેવું. સર્વે પણ કર્મોની ઓછામાં ઓછી સ્થિતિ કેટલી બંધાય ? અને વધારેમાં વધારે કેટલી સ્થિતિ બંધાય આ સર્વ હકિકત કમ્મપયડિના આધારે જાણી લેવી. આ સ્થિતિબંધની વાત સમજાવી.

હવે કિં ચ = પએસભિન્નં = શુભાશુભં યાવત્ =

હવે શુભ અને અશુભ એમ બન્ને પ્રકારનો પ્રદેશબંધ જે ભિન્ન ભિન્ન પ્રકારનો થાય છે. તેની ચિંતવણા કરવી. આ આત્માના આત્મપ્રદેશોનો કાર્મણ વર્ગણાના પ્રદેશોની સાથે જે પરસ્પર એકાકારપણે સંબંધ થાય તે પ્રદેશબંધ કહેવાય છે. ત્યાં આ આત્મા વડે જે કાર્મણ વર્ગણાના પરમાણુઓ ગ્રહણ કરાય છે તે કેવા છે ? આમ તે કાર્મણ વર્ગણાના પ્રદેશોની થોડીક વાત ગ્રંથકારશ્રી સમજાવે છે કે –

સુહૂમેહિં = અત્યંત સૂક્ષ્મ-ચક્ષુ આદિ કોઈ પણ ઈન્દ્રિયથી ન જાણી શકાય તેવા અર્થાત્ ઈન્દ્રિયોથી અગમ્ય તથા આત્માની સાથે સમાન જ આકાશ પ્રદેશોમાં રહેલાં જરા પણ દૂર રહેલાં નહી એવાં કાર્મણ વર્ગણાનાં પુદ્ગલોને આ જીવ ગ્રહણ કરે છે એટલે કે **एकक्षेत्रावगाढैः** = આવાં કર્મપુદ્ગલોને આ જીવ કર્મરૂપે બાંધવા માટે ગ્રહણ કરે છે.

તથા **पुट्ठोगाढअणंतर अणुबायर उद्धाराइभेएहिं** = તે કાર્મણ વર્ગણાના અણુઓ આત્માના પ્રદેશોની સાથે સ્પર્શવાળા થઈને ત્યાં જ જે પરમાણુઓ અવગાહીને રહેલા છે તે સ્પૃષ્ટાવગાઢ કહેવાય છે. તેવાં કાર્મણ વર્ગણાનાં પુદ્ગલો તથા કર્મ બાંધનારા આત્માની સાથે એકમેક થઈને રહેલાં પણ એક-બે આકાશ પ્રદેશ પણ દૂર નહી રહેલાં, અર્થાત્ અનંતરપણે (આંતરા રહિતપણે) રહેલાં અર્થાત્ આત્માની સાથે રહેલાં તથા અણુ - બાયર - **उद्धारादिभेएहिं** - સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે ઉદ્ધાર-અદ્ધા અને ક્ષેત્રાદિ પલ્યોપમના જે ભેદો છે તે ભેદ વડે ભિન્ન ભિન્ન સ્થિતિવાળાં જે છે. તેમાંથી બંધને યોગ્ય જે પુદ્ગલ દ્રવ્યો છે તે બંધાયેલાં એવાં

કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ દ્રવ્યો કેવી રીતે આ આત્મા સાથે બંધાય છે ! કેટલા ભેદે બંધાય છે ? નિકાચિત બંધાય છે કે અનિકાચિત પણ બંધાય છે ? ઇત્યાદિ વિષયોનું સૂક્ષ્મ ચિંતવન કરવું.

પ્રશ્ન : આ વિચારણા કરવામાં શું કોઈ શાસ્ત્રનું આલંબન શક્ય છે ? કે મન ફાવે તેમ ચિંતવન કરવાનું ?

ઉત્તર : કર્મપ્રકૃતિ (અર્થાત્) કમ્મપયડિ નામના મહાગ્રંથનો અભ્યાસ કરીને તેમાં જણાવેલા વર્ણનને યથાર્થપણે બુદ્ધિમાં ઉતારીને બહુ જ સ્થિરતા ધારણ કરીને કર્મોના વિપાકના ખૂબ જ ઊંડા વિચારો કરવા. આ પ્રદેશબંધની વિચારણાની વાત કહી. હવે અનુભાગબંધની અર્થાત્ રસબંધની વિચારણા કરવાનું ગીતાર્થ મહાત્માઓ આપણને સમજાવે છે.

किं च = अणुभावभिन्नं सुहासुहविभत्तं कम्मविवागं विचिंतेज्जा = તથા વળી રસવિશેષથી ભિન્ન ભિન્નપણે બંધાયેલા અને શુભ તથા અશુભના ભેદથી ભિન્ન ભિન્ન રીતે ઉદયમાં આવવાવાળાં એવાં કર્મોના વિપાકનો વિચારવિશેષ કરવો ત્યાં अणुभावबन्ध એટલે શું ? તેનો આ જીવ આ પ્રમાણે વિચારે કરે છે.

જ્ઞાનાવરણીયાદિ આઠ મૂલકર્મો તથા ૧૫૮ ઉત્તરકર્મો છે. જે આ આત્માની સાથે સ્પૃષ્ટ થઈને બંધાયેલાં છે. તથા આત્માની સાથે એકમેક થઈને નિકાચિત જેવાં થયાં છે તેવાં સ્પૃષ્ટ તથા બદ્ધ અને નિકાચિત એવાં કર્મપુદ્ગલોનો ઉદય થવાથી તેના ફળવિશેષનો અનુભવ કરવો. પૂર્વબદ્ધ કર્મોના ઉદયથી આ જીવને કેવાં કેવાં દુઃખો આવે છે ?

તે વિષયના કર્મવિપાકનું ચિંતવન કરવું. મન મક્કમ રાખીને કર્મસંબંધી ચિંતન-મનન કરવું. શાસ્ત્રને અનુસારે આ વિષયમાં ઉંડા ઉતરવું. તથા મન-વચન અને કાયાના શુભ અને અશુભ યોગો વડે પ્રગટ થતા કષાયો દ્વારા કેવો કેવો કર્મોનો રસ બંધાય છે ? તેનું શાસ્ત્રને અનુસારે ચિંતન-મનન કરવું. ત્યાં યોગો મન-વચન અને કાયાના ભેદથી ત્રણ પ્રકારે છે. તેના પેટા ભેદો ૪ + ૪ + ૭ = ૧૫ ભેદે યોગ જાણવો.

"અણુભાવ" એટલે આત્માનો જ શુભાશુભ એવો કાષાયિક પરિણામ જ છે. અને તે જીવનો જ (વિકારી એવો) ગુણ છે. તેનાથી જ રસબંધ થાય છે. વિકારી એવા આ અણુભાવ (પરિણામો-કાષાયિક અધ્યવસાય સ્થાનો) થવામાં મિથ્યાદર્શન-અવિરતિ-પ્રમાદ અને કષાય આ ચાર મુખ્ય કારણો છે. આ ચારમાંથી કોઈ પણ ૧-૨-૩ અથવા ચારે કારણોના સમુચ્ચય રૂપે સાથે ભળેલા યોગ વડે આ જીવ કર્મ બાંધે છે.

તે ચાર કારણો સહકારી કારણ વિશેષ છે તેની સાથે સંકળાયેલી એવી યોગદશા વડે બંધાયેલા કર્મોના ઉદયથી આ જીવમાં વિકારીભાવો આવે છે અને તેનાથી ફરી ફરી આ જીવ નવાં નવાં કર્મો બાંધે છે. આવા પ્રકારના બંધાયેલા કર્મોનો વિપાક (ઉદય) કેવો આવશે ? તેનો હે જીવ ! તું કંઈક વિચાર કર. આવા વિચારો કરવાથી આ જીવ નવા નવા કર્મો બાંધતો વિરામ પામી શકે છે.

આવા કર્મબંધના તથા તેના ઉદયના (તથા માઠાં ફળોના) વિચારો કરવાથી આ જીવ કર્મબંધથી અટકી શકે છે. કંઈક અંશે બંધ ઓછો અને નિર્જરા વધારે કરતો કરતો આ જીવ ધર્મના આલંબને ગુણોમાં વિકાસ પામે છે આ પ્રમાણે આ તત્ત્વ વિચારવું.

આ પ્રમાણે ધ્યાતવ્ય = ધ્યાન કરવા યોગ્ય એ નામનો ત્રીજો ભેદ સમજાવ્યો. ॥૫૧॥

અવતરણ : उक्तस्तृतीयो ध्यातव्यभेदः । साम्प्तं चतुर्थ उच्यते तत्र - હવે ધ્યાતવ્ય (ધ્યાન કરવા યોગ્ય)ના ત્રણ ભેદો સમજાવ્યા. ધ્યાતવ્યનો ત્રીજો ભેદ સમજાવ્યો. હવે ધ્યાન કરવા યોગ્યનો ચોથો ભેદ સમજાવાય છે :-

जिणदेसियाइ लक्खण-संठाणाऽऽसण-विहाण-माणाइं ।
उप्पायट्ठिइभंगाइ पज्जवा जे य दव्वाणं ॥५२॥

ગાથાર્થ : શ્રી તીર્થંકર પરમાત્માએ જણાવેલા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનાં લક્ષણ-સંસ્થાન-આસન, (આધારક્ષેત્ર), ભેદો તથા પ્રમાણો તથા વળી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના ઉત્પાદ સ્થિતિ અને વ્યય વિગેરે ધર્મો તથા દ્રવ્યના પર્યાયોનું ચિંતન-મનન કરવું. ॥૫૨॥

ટીકા : जिनाः - प्राग्निरूपितशब्दार्थास्तीर्थंकरास्तैर्देशितानि = कथितानि जिनदेशितानि । कानि ? अत आह = "लक्षण-संस्थानाऽऽसन-विधान-मानानि" किं ? विचिन्तयेदिति पर्यन्ते वक्ष्यति षष्ठ्यां गाथायामिति ।

तत्र लक्षणादीनि विचिन्तयेद् । अत्रापि गाथान्ते द्रव्याणामित्युक्तं "तत्प्रतिपदमायोजनीयमिति तत्र लक्षणं धर्मास्तिकायादिद्रव्याणां गत्यादि, तथा संस्थानं मुख्यवृत्त्या पुद्गलरचनाकारलक्षणं परिमण्डलाद्यजीवानां यथोक्तम् :- "परिमंडले य वट्टे तंसे चउरंस आयते चेव" जीवशरीराणं च समचतुरस्रादि यथोक्तम् :-

समचउरंसे नग्गोह मंडले साइ वामणे खुज्जे ।
हुंडेवि य संठाणे, जीवाणं छ मुणेयव्वा ॥१॥

तथा धर्माधर्मयोरपि लोकक्षेत्रापेक्षया भावनीयमिति, उक्तं च =

हेट्ठा मज्झे उवरि, छव्वी-झल्लरि-मुड्गसंठाणे ।
लोगो अद्धागारो, अद्धाखेत्तागिई नेओ ॥१॥

तथाऽऽसनानि = आधारलक्षणानि धर्मास्तिकायादीनां लोकाकाशादीनि स्वस्वरूपाणि वा, तथा विधानानि धर्मास्तिकायादीनामेव भेदानित्यर्थः यथा - "धम्मत्थिकाए धम्मत्थिकायस्स देसे धम्मत्थिकायस्स पएसे" इत्यादि तथा "मानानि" = प्रमाणानि धर्मास्तिकायादीनामेवात्मीयानि, तथोत्पादस्थितिभङ्गादिपर्याया ये च "द्रव्याणां" धर्मास्तिकायादीनां तान् चिन्तयेदिति । तत्रोत्पादादिपर्यायसिद्धिः "उत्पायव्यय-ध्रौव्ययुक्तं सत् इति (तत्त्वार्थसूत्र अध्या. ५, सूत्र २९) वचनाद्" ।

युक्तिः पुनरत्र -

घट-मौलि-सुवर्णार्थी, नाशोत्पत्ति-स्थितिष्वयम् ।
शोक-प्रमोद-माध्यस्थं, जनो याति सहेतुकम् ॥१॥

पयोव्रतो न दद्धयत्ति, न पयोऽत्ति दधिव्रतः ।
अगोरसव्रतो नोभे, तस्मात्तत्त्वं त्रयात्मकम् ॥२॥

ततश्च धर्मास्तिकायो विवक्षितसमयसम्बन्धरूपापेक्षयोत्पद्यते तदनन्तरातीतसमयसम्बन्धरूपापेक्षया तु विनश्यति धर्मास्तिकायद्रव्यात्मना तु नित्य इति । उक्तं च = "सर्वव्यक्तिषु नियतं क्षणे क्षणेऽन्यत्वमथ च न विशेषः । सत्योश्चित्यपचित्योराकृतिजातिव्यवस्थानात् ॥१॥ आदिशब्दाद् अगुरुलघ्वादिपर्यायपरिग्रहः । चशब्दः समुच्चयार्थ इति गाथार्थः ॥५२॥

विवेचन : પૂર્વે જણાવ્યો છે શબ્દાર્થ જેનો એવા જે તીર્થંકર ભગવાન્તો છે. તેઓને "જિન" કહેવાય છે. તેવા પ્રકારના તે તીર્થંકર ભગવંતો વડે જણાવાયેલાં અર્થાત્ કહેવાયેલાં એવાં જે દ્વારો છે. તેનો સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરવો. તે દ્વારો કયાં કયાં છે ? આવો કોઈ પ્રશ્ન કરે તો ગ્રન્થકારશ્રી કહે છે કે :-

(૧) લક્ષણ, (૨) સંસ્થાન, (૩) આસન, (૪) વિધાન અને (૫) માન (પ્રમાણ) આ પાંચ દ્વારો છે તે દ્વારોનું શું કરવાનું ? આવો કોઈ પ્રશ્ન કરે તો ગ્રંથકારશ્રી કહે છે કે – તે દ્વારો વિચારવાં. અહીં विचिन्तयेत् આ ક્રિયાપદ આ મૂલગાથામાં કહ્યું નથી. પરંતુ ૫૭મી ગાથામાં એટલે કે આ ગાથાથી છઠ્ઠી ગાથામાં છેડે આ પદ કહેવાશે. ત્યાંથી અહીં જાણી લેવું. આ છ ગાથાનો પરસ્પર સંબંધ છે. તે માટે ક્રિયાપદ અંતે લખેલ છે.

શ્રી તીર્થંકર પરમાત્માએ જણાવેલાં લક્ષણ - સંસ્થાન - આસન - વિધાન - પ્રમાણ વિગેરે દ્વારો તથા ઉત્પાદિ દ્વારોની સૂક્ષ્મ રીતે ચિંતવણા કરવી. (વિચારણા કરવી) તે ધર્મધ્યાન છે.

અહીં પણ આ (૫૨) બાવનમી ગાથાના અંતે दव्वाणं એવું જે પદ કહેલું છે તે પદ લક્ષણ-સંસ્થાન વિગેરે દ્વારો સાથે અવશ્ય જોડવું. ત્યાં સૌથી પ્રથમ લક્ષણ નામનું દ્વાર ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોને વિષે વિચારાય છે.

(૧) **લક્ષણ :** પોતપોતાની રીતે ગતિ કરતા એવા જીવ અને પુદ્ગલોને ગતિમાં સહાય કરે તે ધર્માસ્તિકાય, સ્થિતિમાં સહાય કરે તે અધર્માસ્તિકાય, અવકાશ આપવામાં સહાય કરે તે આકાશાસ્તિકાય, ચેતના લક્ષણ જેમાં છે તે જીવાસ્તિકાય, અને પુરણ-ગલન જેમાં થાય છે તે પુદ્ગલાસ્તિકાય. આ પ્રમાણે આ પાંચે દ્રવ્યોનાં લક્ષણો જાણવાં.

(૨) **સંસ્થાન :** જો કે મુખ્ય વૃત્તિએ વિચારીએ તો પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં જ સંસ્થાન (એટલે આકાર વિશેષ) હોય છે. પુદ્ગલોની રચનામાં જ પરિમંડલ (ગોળકાર) લાંબુ-ત્રિખુણીયું-ચઉખુણીયાં વિગેરે આકારો હોય છે. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે (૧) પરિમંડળ = લંબગોળ, (૨) વૃત (બરાબર ગોળ) (૩) ત્र્યંસ = ત્રિખુણીયો આકાર. (૪) ચતુરંસ (ચઉખુણીયો આકાર) (૫) આયત (લાંબુ) એવા પાંચ પ્રકારના પુદ્ગલના આકારો હોય છે.

તથા સમચતુરસ્ત્ર સંસ્થાન - ન્યુગ્રોધ પરિમંડલ વિગેરે છ જાતના જીવના શરીરના આકારો કર્મોદયથી હોય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે "સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક એમ સંસારી જીવોનાં છ સંસ્થાન જાણવાં. જો કે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યો અરૂપી છે તો પણ લોકાકાશમાં વ્યાપ્ત હોવાથી લોકાકાશના આકારવાળાં છે. આમ સમજવું."

શાસ્ત્રોમાં જ કહ્યું છે કે –

"આ લોકાકાશ નીચે ઉંધા વાળેલા કુંડા જેવો, મધ્યમાં ઝાલર જેવો, અને ઉપરના ભાગમાં મૃદંગ નામના વાજિંત્ર જેવા આકારવાળો છે. આ પ્રમાણે લોકાકાશના ક્ષેત્રની આકૃતિ જાણવી."

તથા "आसनानि" આસન એટલે આધાર એવો અર્થ કરવો ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો એટલે કે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બે દ્રવ્યો લોકાકાશ પ્રમાણ છે. લોકાકાશ પોતે પણ પોતાના સ્વરૂપે લોક જેટલા જ આકાશવાળું છે તથા લોક અને અલોક બન્નેમાં રહેલું આખુ આકાશ નક્કર ગોળા જેવું છે. પુદ્ગલાસ્તિકાય ગોળ. ત્રિકોણ ચતુષ્કોણ આદિ અનેક આકારવાળાં છે જીવ પોતે શરીરધારી હોવાથી શરીર પ્રમાણેના આકારવાળો છે અને જ્યારે મોક્ષે જાય છે ત્યારે અંતિમ મનુષ્યના ભવમાં જે આકાર હોય છે તેના ૨/૩ બે તૃતીયાંશ પ્રમાણની અવગાહનાવાળો આકાર હોય છે.

તથા "विधानानि" વિધાન એટલે ભેદ દ્વાર જાણવું. જેમ કે ધર્માસ્તિકાય નામનું જે દ્રવ્ય છે તેના સ્કંધ-દેશ અને પ્રદેશ એમ ત્રણ ભેદ છે. (૧) આખું દ્રવ્ય તે ધર્માસ્તિકાય (સ્કંધ) કહેવાય છે. (૨) તે જ ધર્માસ્તિકાયનો બુદ્ધિથી કલ્પેલો મોટો સવિભાજ્ય ભાગ તે દેશ કહેવાય છે. (૩) તથા તે જ ધર્માસ્તિકાયનો નિર્વિભાજ્ય જે ભાગ તે પ્રદેશ કહેવાય છે. આ જ પ્રમાણે અધર્માસ્તિકાયના અને આકાશાસ્તિકાયના પણ ત્રણ ત્રણ ભેદ છે.

ચોથું દ્રવ્ય જે પુદ્ગલાસ્તિકાય છે તેના સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ છે જે પ્રદેશ છે તે જ સ્કંધથી જ્યારે છુટો પડે છે. ત્યારે પરમાણુ કહેવાય છે. જીવાસ્તિકાયમાં સંપૂર્ણ જે જીવ દ્રવ્ય છે તે અખંડ એક જીવદ્રવ્ય છે તેના બુદ્ધિથી ભાગ કલ્પો તો સવિભાજ્ય ભાગને દેશ અને નિર્વિભાજ્ય ભાગને પ્રદેશ અથવા આત્મપ્રદેશ કહેવાય છે. આ વિધાનદ્વાર (ભેદ દ્વાર) થયું.

તથા "માન" દ્વાર, માન એટલે પ્રમાણ દ્વાર સમજવું. ધર્માસ્તિકાય આદિ પાંચે દ્રવ્યોનું પોતપોતાનું માપ શાસ્ત્રના આધારે જાણી લેવું. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકાકાશ પ્રમાણ છે. આકાશાસ્તિકાય લોક અને અલોક પ્રમાણ અનંતુ છે. પુદ્ગલાસ્તિકાય એક પરમાણુ તે નાનામાં નાનો ભાગ છે. દ્વિપ્રદેશી-ત્રિપ્રદેશી આદિ સ્કંધોમાં વ્યાપ્ત છે. તથા કોઈ અંગુલના અસંખ્યાતભાગમાં વ્યાપી, કોઈ અંગુલના સંખ્યાતમા ભાગમાં વ્યાપી એમ વધતાં વધતાં સમગ્ર પુદ્ગલાસ્તિકાય ચૌદ રાજલોક પ્રમાણ છે. જીવ નામનું દ્રવ્ય શરીરધારી હોય ત્યારે સ્વશરીર પ્રમાણ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી પોતપોતાના ભવને યોગ્ય શરીર પ્રમાણ પરંતુ કેવલી સમુદ્રઘાતને આશ્રયી કેવલી ભગવાનનો જીવ સમગ્રલોક પ્રમાણ પણ વ્યાપ્ત હોય છે.

તથા આ ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોના ઉત્પાદ-સ્થિતિ અને ભંગ એટલે કે ઉત્પાદ-ધ્રુવ અને વ્યય વિગેરે જે પર્યાયો છે તે પર્યાયોનો વિચાર કરવો તે પણ ધર્મધ્યાન છે.

પ્રશ્ન : ઉત્પાદાદિ પર્યાયો દ્રવ્યમાં છે તેની ખાત્રી શું ?

ઉત્તર : સર્વે પણ દ્રવ્યો પ્રતિ સમયે પૂર્વપર્યાયરૂપે વિનાશ પામે જ છે અને ઉત્તર પર્યાયરૂપે ઉત્પન્ન થાય જ છે છતાં પણ દ્રવ્યપણે ધ્રુવ જ રહે છે. આવું પાંચે દ્રવ્યોનું સ્વરૂપ છે. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં જ કહ્યું છે કે "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्" (તત્ત્વાર્થસૂત્ર અધ્યા. ૫, સૂત્ર ૨૯) આવું વચન હોવાથી સર્વે પણ દ્રવ્યો આ ત્રિપદીવાળાં જ છે એમ જાણવું.

પ્રશ્ન : સર્વે પણ દ્રવ્યો ઉત્પાદ-વ્યય અને ધ્રુવધર્મવાળાં જ છે તેમાં આ તત્ત્વ સમજાય તેવું કોઈ દૃષ્ટાંત છે ?

ઉત્તર : હા. અનેક દૃષ્ટાંત છે. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે જેમ કે "સુવર્ણનો એક ઘટ છે. તેને ભાગીને મુગુટ બનાવાતો હોય છે ત્યારે તેની સામે બેઠેલા ત્રણ પુરૂષો કલ્પીએ કે જેમાંથી એકને આ ઘટ જ જોઈતો હોય છે. બીજાને તેમાંથી બનતો મુગુટ જ જોઈતો હોય છે અને ત્રીજાને ઘટ કે મુગુટ સાથે સંબંધ નથી પરંતુ તેમાં રહેલું સુવર્ણ જ માત્ર જોઈતું હોય છે. તે ત્રણેમાં ઘટનો અર્થી જીવ ઘટનો નાશ દેખતો છતો રડે છે શોક પામે છે અને તે જ કાળે મુગુટનો અર્થી જીવ મુગુટને ઉત્પન્ન થતો દેખીને આનંદ પામતો હોય છે તથા તેમાં રહેલો સુવર્ણનો અર્થી જીવ ઘડામાં કે મુગુટમાં જે પર્યાય સ્વરૂપ છે તેને ન દેખતાં

સુવર્ણને જ દેખે છે તેથી મધ્યસ્થ જ રહે છે. ઘડો ભાગે તો પણ અને મુગુટ બને તો પણ મારૂ સુવર્ણ તો મારા ઘરમાં જ રહે છે. એમ માની મધ્યસ્થ જ રહે છે તે માટે તેમાં ઉત્પાદ-વ્યય અને ધ્રોવ્ય ધર્મ છે જ."

આ ત્રિપદી સમજાવવા માટે જ શાસ્ત્રકારો બીજું પણ એક દૃષ્ટાંત આપે છે. "पयोव्रतो न दध्यत्ति" ઈત્યાદિ. જ્યારે દૂધમાં મેળવણ નાખીને દહીં બનાવવામાં આવે છે ત્યારે (૧) મારે સદાકાળ દૂધ જ પીવું એવા નિયમવાળો દહીં બન્યા પછી તેને ભોજનમાં લેતો નથી. કારણ કે હવે તે દૂધ રહ્યું જ નથી. તે માટે દૂધનો નાશ અવશ્ય છે જ. (૨) તથા "દહીં જ ખાવું" આવા નિયમવાળો પુરૂષ જ્યારે દૂધ હોય છે ત્યારે તે દૂધને પીતો નથી. કારણ કે હજુ તેમાં દહીંનો ઉત્પાદ થયો નથી. તથા (૩) अगोरस (ગાયના અંશવાળી જે વસ્તુ ન હોય તે) જ વસ્તુ ખાવી આવા નિયમવાળો જીવ દૂધ અને દહીં એમ બન્ને પદાર્થો જમતો નથી. કારણ કે દૂધમાંથી દહીં બનવા છતાં ગોરસપણું તો બન્નેમાં અવશ્ય રહેલું જ છે માટે તે વસ્તુ ગોરસપણે ધ્રુવ પણ અવશ્ય છે જ. તે કારણથી સર્વે પણ વસ્તુઓ આ રીતે ત્રણ ધર્માત્મક જ છે.

આવી જ રીતે ધર્માસ્તિકાય દ્રવ્ય પણ વિવક્ષિત કોઈ પણ એક સમયના પદાર્થોની સાથેના સંબંધપણે ઉત્પન્ન થાય છે. અને તેની જ અન્તર પૂર્વના વીતી ગયેલા સમયની અપેક્ષાએ તે ધર્માસ્તિકાય જેની સાથે જેવા સંબંધવાળું હતું તે પણે વિનાશ પામે છે. છતાં બન્ને સમયોમાં ધર્માસ્તિકાયપણે અવશ્ય રહે જ છે. માટે ધ્રુવ (નિત્ય) પણ છે. આમ ત્રિપદી જાણવી.

શાસ્ત્રોમાં જ કહ્યું છે કે સર્વે પણ પદાર્થોમાં ક્ષણે ક્ષણે કંઈક અન્યપણું અવશ્ય આવે જ છે છતાં પણ દ્રવ્યપણે કંઈ વિશેષતા ન થતી હોય અર્થાત્ તેવું અને તેવું જ તે દ્રવ્ય રહેતું હોય છે. સારાંશ કે ચિતિ (વૃદ્ધિ) અને અપચિતિ (હાનિ) થતી હોવા છતાં જે જે આકૃતિ અને જે જે જાતિ વિશેષ રહેલી છે તે તો તેમને તેમજ રહે છે. આરીતે સર્વે પણ દ્રવ્યો ત્રિપદીવાળાં છે.

आदिशब्दात् = આદિ શબ્દથી સર્વે પણ દ્રવ્યો અગુરુલઘુ આદિ જુદા જુદા પર્યાયને પામનારાં પણ છે તે પણ અન્ય ગ્રન્થોથી સમજી લેવું जे य दव्वाणं પદમાં જે च શબ્દ છે તે આ સર્વ દ્વારોનો સમુચ્ચય કરવા માટે છે. ॥૫૨॥

અવતરણ : किं च = તથા વળી આ પાંચે દ્રવ્યોનું વિશેષ સ્વરૂપ આ પ્રમાણે છે :-

पंचत्थिकायमइयं, लोगमणाइनिहणं जिणक्खायं ।
णामाइभेयविहियं, तिविहमहोलोयभेयाइं ॥५३॥

ગાથાર્થ : પંચાસ્તિકાયમય આ લોક છે અને તે અનાદિ-અનંત છે એમ જિનેશ્વર ભગવંતોએ કહેલું છે. તથા નામાદિ નિક્ષેપાઓના ભેદથી વિધાન કરાયેલો છે તથા અધોલોકાદિના ભેદથી ત્રણ પ્રકારનો પણ આ લોક છે. ॥૫૩॥

ટીકા : पञ्चास्तिकायमयं लोकमनाद्यनिधनं "जिनाख्यातम्" = इति,क्रिया पूर्ववत् । तत्रास्तयः = प्रदेशास्तेषां काया अस्तिकाया । पञ्च च ते अस्तिकायाश्चेति विग्रहः एते च धर्मास्तिकायादयो गत्याद्युपग्रहकरा ज्ञेया इति उक्तं च –

जीवानां पुद्गलानां च, गत्युपग्रहकारणम् ।
धर्मास्तिकायो ज्ञानस्य, दीपश्चक्षुष्मतो यथा ॥१॥

जीवानां पुद्गलानां च, स्थित्युपग्रहकारणम् ।
अधर्मः पुरुषस्येव, तिष्ठासोरवनिर्यथा ॥२॥

जीवानां पुद्गलानां च, धर्माधर्मास्तिकाययोः ।
बदराणां घटो, यद्वदाकाशमवकाशदम् ॥३॥

ज्ञानात्मा सर्वभावज्ञो, भोक्ता कर्ता च कर्मणाम् ।
नानासंसारिमुक्ताख्यो, जीवः प्रोक्तो जिनागमे ॥४॥

स्पर्शरसगन्धवर्णशब्दमूर्तस्वभावकाः ।

सङ्घातभेदनिष्पन्नाः, पुद्गला जिनदेशिताः ॥५॥
तन्मयं = तदात्मकं, लोक्यते इति लोकस्तं ॥

વિવેચન : "पंचास्तिकायमयं लोकमनाद्यनन्तं जिनाख्यातम्" = પંચાસ્તિકાય શબ્દમાં જે અસ્તિ શબ્દ છે તેનો અર્થ પ્રદેશ થાય છે ત્યાં અસ્તિ એટલે પ્રદેશો. તે પ્રદેશોની જે કાયા એટલે સમૂહ, અર્થાત્ તે પ્રદેશોનો જે સમૂહ તે અસ્તિકાય કહેવાય છે. पञ्च च ते अस्तिकायाश्च આવો વિગ્રહ કરીને કર્મધારય સમાસ કરવો. અર્થાત્ પાંચ એવાં જે અસ્તિકાય દ્રવ્યો છે, તે પંચાસ્તિકાય કહેવાય છે.

તે પાંચમાં જે પ્રથમ ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે. તે ગતિમાં ઉપગ્રહ (મદદ) કરનારું દ્રવ્ય છે એ જ પ્રમાણે અધર્માસ્તિકાય નામનું બીજું દ્રવ્ય સ્થિતિમાં ઉપગ્રહ (સહાય) કરનારું બીજું દ્રવ્ય છે. આકાશાસ્તિકાય નામનું ત્રીજું દ્રવ્ય અવગાહ આપવામાં ઉપગ્રહ (સહાય) કરનારું ત્રીજું દ્રવ્ય છે. પુદ્ગલાસ્તિકાય નામનું ચોથું દ્રવ્ય પુરણ-ગલન સ્વભાવવાળું જીવોને આદાન-પ્રદાનમાં ઉપકાર કરનારું દ્રવ્ય છે તથા જીવ નામનું પાંચમું દ્રવ્ય સર્વની સહાયનો ભોક્તા, કર્તા તથા ચૈતન્ય ગુણવાળો છે. આ પ્રમાણે પંચાસ્તિકાયમય આ જગત છે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે :-

"જેમ ચક્ષુવાળા જીવને જ્ઞાનની પ્રાપ્તિ કરવામાં દીપક એ સહકારી કારણ છે. તેવી જ રીતે ગતિ કરનારા એવા જીવ અને પુદ્ગલ દ્રવ્યને ગતિમાં ઉપગ્રહ (સહાય) કરનારું એવું ધર્માસ્તિકાય દ્રવ્ય છે." ॥૧॥

"ઊભા રહેવાની ઈચ્છાવાળા પુરૂષને જેમ પૃથ્વી એ ઊભા રહેવામાં મદદકારી દ્રવ્ય છે. તેવી જ રીતે જીવોને અને પુદ્ગલોને ઊભા રહેવાની સ્થિતિમાં અપેક્ષાકારણ અધર્માસ્તિકાય છે." ॥૨॥

"જેમ ઘડો એ બોરને રહેવાની જગ્યા આપે છે તેમ જીવ પુદ્ગલ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ ચારે દ્રવ્યોને અવકાશ આપનારું જે દ્રવ્ય છે તે આકાશાસ્તિકાય દ્રવ્ય છે." ॥૩॥

"જ્ઞાનામય આત્મા છે. સર્વ ભાવોનો જાણકાર છે. ભોગોનો ભોક્તા છે તથા કર્મોનો કર્તા છે. અનેક પ્રકારના સંસારી જીવો અને મોક્ષના જીવો એવા ભેદથી બે પ્રકારના જીવો છે એમ જિનેશ્વર પરમાત્માના આગમ શાસ્ત્રોમાં કહેલું છે." ॥૪॥

"સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ ગુણવાળા તથા મૂર્તસ્વભાવવાળા, સમૂહરૂપે થનારા અને ભેદરૂપે થનારા (જોડાવાવાળા અને વિખરાવાવાળા) એવાં પુદ્ગલો છે એમ જિનેશ્વર ભગવંતોના આગમમાં કહેલું છે. ॥૫॥

ઉપર કહેલા પાંચ અસ્તિકાય દ્રવ્યોથી ભરપૂર ભરેલું આ લોકાકાશ દ્રવ્ય છે. લોકો જે આકાશમાં રહે છે તેને લોકાકાશ કહેવાય છે તે લોકાકાશ વાળું ક્ષેત્ર, ઉપર કહેલા પાંચ અસ્તિકાય દ્રવ્યોથી ભરપૂર ભરેલું છે. આ પાંચ દ્રવ્યો લોકાકાશ બહાર નથી. અને પાંચ દ્રવ્યોના રહેઠાણથી બહાર લોકાકાશ નથી. લોકાકાશની બહાર એક આકાશદ્રવ્ય જ છે. અને તેને અલોકાકાશ કહેવાય છે. આ પ્રમાણે પાંચ અસ્તિકાયનું વર્ણન કરીને હવે તે જ લોકાકાશને કાળથી સમજાવે છે.

कालतः किम्भूतमित्यत आह :-

"अनाद्यनिधनम्" = अनाद्यपर्यवसितमित्यर्थः । अनेनेश्वरादिकृतव्यवच्छेदमाह । असावपि दर्शनभेदाच्चित्र एवेत्यत आह :- "जिनाख्यातम्" = तीर्थकरप्रणीतम् । आह — "जिनदेशितान्" इत्यस्माज्जिनप्रणीताधिकारोऽनुवर्तत एव । ततश्च जिनाख्यातमित्यतिरिच्यते, "न" अस्याऽऽदरख्यापनार्थत्वात्, आदरख्यापनादौ च पुनरुक्तदोषानुपपत्तेः । तथा चोक्तम् :-

अनुवादादरवीप्साभृशार्थविनियोगहेत्वसूयासु ।
ईषत्सम्भ्रमविस्मयगणनास्मरणेष्वपुनरुक्तम् ॥१॥

तथाहि - "नामादिभेदविहितं" - भेदतो नामादिभेदावस्थापितमित्यर्थः

उक्तं च -

नामं ठवणा दविए,खित्ते काले तहेव भावे य ।
पज्जवलोगो य तहा, अट्ठविहो लोगंमि निक्खेवो ॥१॥

भावार्थश्चतुर्विंशतिस्तवविवरणादवसेयः ॥ साम्प्रतं क्षेत्रलोकमधिकृत्याह = "त्रिविधं" = त्रिप्रकारम् । "अधोलोकभेदादिं" = इति प्राकृतशैल्याऽधोलोकादिभेदम् आदिशब्दात्तिर्यगूर्ध्वलोकपरिग्रह इति गाथार्थः ॥५३॥

विवेचन : પંચાસ્તિકાયમય આ જગત્ અનાદિ અનંત તો છે. આ જગતની આદિ પણ નથી અને અંત પણ નથી જ, અનાદિ-અનિધન છે અર્થાત્ અનાદિ-અપર્યવસિત જ છે. તેને કોઈએ બનાવ્યું નથી. અને તેનો કોઈ વિનાશ કરનાર પણ નથી. ગ્રંથકારશ્રી આ જગતને અનાદિ અનંત સ્વયં છે જ આમ સમજાવે છે. તેનાથી એવો અર્થ ફલિત થાય છે કે અન્ય અન્ય દર્શનકારો જે એમ માને છે કે આ જગત ઈશ્વરે બનાવેલું છે અને ઈશ્વર જ તેનો સંહાર કરનાર છે. આ વાતનો વિચ્છેદ થાય છે. અર્થાત્ આ વાત મિથ્યા છે.

તથા કોઈક વળી એમ માને છે કે આ સંસારમાં સૌથી પ્રથમ પાંચ ભૂતો હતાં. તેમાંથી જ આ સંસાર પ્રગટ થયો છે. આ વાત પણ બરાબર નથી. કોઈ માને છે કે સર્વ વસ્તુ શૂન્ય જ છે કંઈ છે જ નહીં જે કંઈ દેખાય છે તે ભ્રમ માત્ર જ છે. આ વાત પણ મિથ્યા છે જો કંઈ હોય જ નહીં તો યથાયોગ્ય ઉપકાર કરનારી એવી ક્રિયા કરનારા અને અપકાર કરનારી ક્રિયાથી દૂર જ રહેનારા બુદ્ધિશાળી જીવો કેમ દેખાય છે ? માટે આવા પ્રકારનું આડા-અવળું માનનારા આ બધા મતો-પક્ષો મિથ્યા છે. આ સર્વ પણ વાતો દર્શનોના ભેદથી ચિત્રવિચિત્ર છે. તેમાં સાચું કંઈ છે જ નહીં.

આ કારણથી જ ગ્રંથકારશ્રી કહે છે કે "जिनाख्यातं" શ્રી તીર્થંકર ભગવંતોએ કહેલું જે તત્ત્વ છે તે જ સાચું તત્ત્વ છે. તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ હોવાથી અને વીતરાગ હોવાથી તેમની જ વાણી સંપૂર્ણ સત્ય છે. નિર્દોષ છે.

અહીં કોઈક **પ્રશ્ન** કરે છે કે :- ૫૨ મી ગાથામાં "जिणदेसियाइ" જે પદ છે તેની ૫૩ મી ગાથામાં અનુવૃત્તિ લાવીએ તો જિનપ્રણીત = જિનેશ્વર ભગવંતે કહેલાં તત્ત્વો એ અર્થ આવી જ જાય છે તો પછી આ ૫૩ મી ગાથામાં ફરીથી "जिनाख्यातम्" આવો શબ્દ લખવાની શી જરૂર છે ? વધારે પડતું કહેવાય છે. એકની એક વાત બે વાર કહેવામાં આવે તો શું પુનરુક્તિ દોષ ન લાગે ?

ઉત્તર : કોઈક મહત્ત્વની વાત હોય તો આવી મહત્ત્વવાળી અદ્ભુત વાત પ્રગટ

કરનારા તીર્થંકર ભગવંતો પ્રત્યે અતિશય વધારે આદરમાન (બહુ જ હાર્દિક પ્રેમ) બતાવવા માટે કહેવાય છે. તેમાં પુનરુક્તિ દોષ લાગતો નથી. હૈયાના આદરભાવપૂર્વક વસ્તુ સ્થિતિનું વર્ણન કરવામાં પુનરૂક્તિદોષ ગણાતો નથી. શાસ્ત્રકારોએ પણ શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું જ છે.

"જ્યાં જ્યાં અનુવાદ કરવો હોય ૧. આદર બહુમાન કરવું હોય, ૨. વીપ્સા (બે વાર બોલવું જ પડે તેમ હોય, ૩. ભૃશાર્થ હોય (અતિશય અધિક અર્થ જણાવવો હોય, ૪. વિનિયોગ કરવો હોય એટલે કે વસ્તુની લેવડ-દેવડ કરવી હોય, ૫. હેતુ વિશેષ હોય, એટલે કારણ વિશેષ હોય. ભાર દઈને સમજાવવાનું કારણ હોય, ૬. અસૂયા (ઈર્ષ્યા)વાળો અર્થ હોય. કોઈના પ્રત્યે હાર્દિક ઘણો જ દ્વેષ હોય અને તે પૂર્વક કાર્ય કરવું હોય, ૭. इयत्सम्भ्रम હોય. કંઈક ભ્રમ વિશેષ થયો હોય તો પણ બે-ત્રણ વાર બોલવામાં આવે છે, ૮. ક્યાંક આશ્ચર્યકારી બીના બની હોય ત્યારે પણ ફરી ફરી તે વાત કહેવાય છે, ૯. ગણના = વસ્તુતત્ત્વની ગણતરી કરવી હોય ત્યારે પણ ભૂલ થવાનો સંભવ હોવાથી ભૂલ ન થાય તે માટે બે-ત્રણ વાર પણ ગણીને પાકુ કરવામાં આવે છે, ૧૦. अस्मरणेषु = ભૂતકાળમાં બનેલી બીના બરાબર સ્મૃતિગોચર ન થતી હોય તો તેને સ્મરણમાં લાવવા બે-ત્રણ વાર પણ બોલાય છે, ૧૧. આ પ્રમાણે આ અગિયાર પ્રસંગે બોલાયેલું વાક્ય બે-ત્રણ-ચાર વાર પણ બોલીએ તો પણ અપુનરુક્ત જ કહેવાય છે." પુનરૂક્તિ દોષ લાગતો નથી. ॥૧॥

તથા નામાદિના ભેદથી વિધાન કરાયેલું જગતનું સ્વરૂપ વિચારવું તે પણ ધર્મધ્યાન છે. નામાદિના ભેદોથી નિશ્ચિત થયેલું વ્યવસ્થિત સ્વરૂપ વિચારવું તે પણ ધર્મધ્યાન કહેવાય છે. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે :-

(૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ક્ષેત્ર, (૫) કાળ તથા (૬) ભાવ, (૭) પર્યાય અને (૮) લોક એમ લોકના સ્વરૂપમાં આઠ પ્રકારનો નિક્ષેપ જાણવો. ॥૧॥ આ ગાથાનો ભાવાર્થ "ચતુર્વિંશતિ સ્તવવિવરણ" એ નામના ગ્રંથમાંથી જાણી લેવો. ॥૧॥

હવે ક્ષેત્રલોકને આશ્રયી લોકાકાશનું સ્વરૂપ સમજાવે છે. ચૌદ રાજલોકની ઉંચાઈ ધરાવતો આ લોકાકાશ "ત્રિવિધ" છે એટલે કે "ત્રિપ્રકાર" છે ત્રણ ભેદવાળો છે. (૧) ઉર્ધ્વલોક (૨) અધોલોક અને (૩) તિચ્છાલોક એમ ત્રિવિધ આ લોક છે. જો કે ગાથામાં "अहोलोयभेयाइं" કહ્યું છે તો પણ પ્રાકૃત શૈલી હોવાથી અધોલોકાદિ ભેદવાળો આ લોક છે. આમ સમજવું. अधोलोकादि માં લખેલા आदि શબ્દથી તિચ્છાલોક અને ઉર્ધ્વલોક સમજી લેવા. આ પ્રમાણે આ ૫૩ મી ગાથાનો ભાવાર્થ જાણવો. ॥૫૩॥

અવતરણ : किं च - तस्मिन्नेव क्षेत्रलोके इदं चेदं च विचिन्तयेदिति प्रतिपादयन्नाह :- તથા વળી તે જ ક્ષેત્રલોકમાં તે તે વસ્તુ વિચારવા જેવી છે એમ સમજાવતા ગ્રંથકારશ્રી કહે છે કે :-

खिइ-वलय-दीव-सागर-निरय-विमान-भवनादिसंस्थानं ।
वोमाइपइट्ठाणं निययं, लोगट्ठिइविहाणं ॥५४॥

ગાથાર્થ : ક્ષિતિ, વલય, દ્વીપ, સમુદ્ર, નારકી, વૈમાનિક દેવો, ભવનપતિ દેવો વિગેરેનાં (રહેવાનાં) સ્થાનો વિમાનો તથા ભવનો તથા ભવનાદિના આકારાદિ ભાવો, વળી આકાશાદિમાં રહેવાપણું તથા આ લોકાકાશની નિયત જે સ્થિતિ વિશેષ છે તેના વિચારો કરવા તે સઘળું ય ધર્મધ્યાન છે. ॥૫૪॥

ટીકા : "क्षिति - वलय - द्वीप - सागर - निरय - विमान - भवनादिसंस्थानं" = तत्र क्षितयः खलु घर्माद्या ईषत्प्राग्भारावसाना अष्टौ भूमयः परिगृह्यन्ते । वलयानि = घनोदधि - घनवात - तनु (न) वातात्मकानि घर्मादिसप्तपृथिवीपरिक्षेपीण्येकविंशतिः । द्वीपाः जम्बूद्वीपादयः स्वयंम्भूरमणद्वीपान्ता असडख्येयाः । सागराः = लवणसागरादयः स्वम्भूरमणसागरपर्यन्ता असडख्येया एव, निरयाः = सीमन्तकाद्या अप्रतिष्ठानावसानाः सङ्ख्येयाः यत उक्तम् :-

तीसाय पन्नवीसा, पनरस दसेव सयसहस्साइं ।
तिन्नेगं पंचूणं, पंच य नरगा जहाकमसो ॥१॥

વિવેચન : (૧) "क्षिति - वलय - द्वीप - सागर - नरय - विमान - भवनादिसंस्थानं" ત્યાં ક્ષિતિઓ એટલે નરક ભૂમિઓ ઘર્મા વિગેરે નામવાળી ઘર્માથી પ્રારંભીને ઈષદ્ પ્રાગ્ભારા નામની ભૂમિ આવે ત્યાં સુધી આઠ ભૂમિઓ સમજવી. ઘમ્મા-વંશા-શેલા-અંજના-રિષ્ટા-મઘા-માઘવતી અને અંતે ઈષદ્પ્રાગભારા. એમ આઠ નામવાળી આઠ ભૂમિઓ સમજવી.

(૨) वलयानि = ચૂડીના જેવા આકારવાળાં એટલે કે ગોળ-ગોળ આકારવાળાં ત્રણ મોટાં વલયો જાણવાં, ઘનોદધિ, ઘનવાત, અને તનવાત એવા નામવાળાં ગોળ ગોળ રહેનારાં આ ત્રણ વલયો છે. બંગડીના આકારે ગોળ ગોળ હોવાથી વલય કહેવાય છે. (૧) જામેલું થીજું પાણી બરફ જેવું તે **ઘનોદધિ**, (૨) જાડો જામેલો પવન તે **ઘનવાત** અને (૩) પાતળો પાતળો કાગળ જેવો જે પવન તે **તનવાત**. ઘમ્મા વિગેરે નરક ક્ષેત્રોને ચારે બાજુથી વીંટાઈને રહેલાં આ ત્રણ ત્રણ ગોળ ગોળ વલયો છે જેથી સાત નરકભૂમિઓ આ ત્રણ વલયો વડે વીંટલાયેલી છે જેથી ૭ × ૩ = ૨૧ કુલ એકવીસ વલયો છે.

(૩) દ્વીપા = જંબૂદ્વીપથી માંડીને સ્વયંભૂરમણ દ્વીપ સુધીના અસંખ્યાતા દ્વીપો (બેટો) છે. જે દ્વીપની ચારે બાજુ પાણી જ પાણી હોય અર્થાત્ સમુદ્ર જ હોય તેને દ્વીપ કહેવાય છે. તેવા અસંખ્યાતા દ્વીપો છે. જેમાં સૌથી પ્રથમ જંબૂદ્વીપ છે અને સૌથી છેલ્લો સ્વયંભૂરમણ એ નામનો દ્વીપ છે એમ કુલ અસંખ્યાતા દ્વીપો છે.

(૪) સાગરા = લવણ સમુદ્રથી આરંભીને સ્વયંભૂરમણ સમુદ્ર નામના સમુદ્ર સુધીના અસંખ્યાતા સમુદ્રો છે. જંબૂદ્વીપને વીટળાઈને રહેલો જે સમુદ્ર તે લવણ સમુદ્ર, ત્યારબાદ ધાતકીખંડ, તેને વીંટળાઈને રહેલો જે સમુદ્ર તે કાલોદધિ સમુદ્ર એમ છેલ્લામાં છેલ્લો સ્વયંભૂરમણ નામનો સમુદ્ર છે.

(૫) નિરયા = મધ્યલોકની નીચે નરકના જીવોને રહેવા માટેના નરકાવાસા છે. ત્યાં પ્રથમ નરકાવાસાનું નામ સીમંતક છે અને છેલ્લા નરકાવાસાનું નામ અપ્રતિષ્ઠાન છે. એટલે સીમંતકથી પ્રારંભીને અપ્રતિષ્ઠાન સુધીના કુલ સંખ્યાતા ૮૪,૦૦,૦૦૦ ચોર્યાસી લાખ નરકાવાસા છે. નરકના જીવોને રહેવાનાં જે સ્થાનો છે તે નરકાવાસા કહેવાય છે જે કારણથી શાસ્ત્રોમાં આ પ્રમાણે કહ્યું છે –

પ્રથમ નારકીમાં ૩૦,૦૦,૦૦૦ ત્રીસ લાખ નરકાવાસા છે તથા

બીજી નારકીમાં ૨૫,૦૦,૦૦૦ પચીસ લાખ નરકાવાસા છે તથા

ત્રીજી નારકીમાં ૧૫,૦૦,૦૦૦ પન્નર લાખ નરકાવાસા છે તથા

ચોથી નારકીમાં ૧૦,૦૦,૦૦૦ દસ લાખ નરકાવાસા છે તથા

પાંચમી નારકીમાં ૩,૦૦,૦૦૦ ત્રણ લાખ નરકાવાસા છે તથા

છઠ્ઠી નારકીમાં ૯૯,૯૯૫ એક લાખમાં પાંચ ન્યૂન નરકાવાસા છે.

સાતમી નારકીમાં માત્ર ૫ પાંચ નરકાવાસા છે. આ પ્રમાણે

સાતે નારકીના મળીને કુલ ૮૪,૦૦,૦૦૦ ચોર્યાસી લાખ નરકાવાસા છે.

ટીકા : विमानानि = ज्योतिष्कादिसम्बन्धीन्यनुत्तरविमानान्तान्यसङ्ख्येयानि, ज्योतिष्कविमानानामसङ्ख्येयत्वात् । भवनानि = भवनवास्यालयलक्षणानि असुरादिदशनिकायसम्बन्धीनि असङ्ख्येयानि। उक्तं च =

"सत्तेव य कोडीओ, हवंति बावत्तरिं सयसहस्सा ।
एसो भवणसमासो, भवणवईणं वियाणेज्जा ॥१॥"

आदि शब्दादसङ्ख्येयव्यन्तरनगरपरिग्रहः ॥ उक्तं च =

"हेट्ठोवरिजोयणसयरहिए रयणाए जोयणसहस्से ।
पढमे वंतरियाणं, भोमा नयरा असंखेज्जा ॥१॥"

विवेचन : (૬) ભવનપતિ દેવોમાં ભવનો હોય છે વ્યંતર દેવોમાં નગરો હોય છે પરંતુ જ્યોતિષ દેવોથી પ્રારંભીને અનુત્તરવાસી દેવો સુધીમાં જ્યોતિષ દેવોનાં તથા વૈમાનિક દેવોનાં અસંખ્યાત વિમાનો હોય છે જો કે વૈમાનિક દેવોનાં વિમાનો સંખ્યાતાં જ છે. પરંતુ જ્યોતિષ દેવોનાં વિમાનો અસંખ્યાત હોવાથી બન્નેનાં મળીને અસંખ્યાત થાય છે.

તથા ભવનપતિ નિકાયમાં રહેલા ભવનવાસી દેવોનાં ભવનો એટલે કે આવાસો (આલયો) અસુરકુમાર આદિ દશે નિકાયના મળીને ૭,૭૨,૦૦,૦૦૦ છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે :- "સાત કરોડને બોંતેર લાખ, ભુવનપતિમાં દેવળભાખ"

"(૭,૭૨,૦૦,૦૦૦) સાત કરોડ અને બોંતેર લાખ ભવનો આ ભવનપતિ દેવોનાં છે એમ જાણવું. ॥૧॥"

તથા આદિ શબ્દથી વ્યન્તર દેવોનાં નગરો અસંખ્યાત જાણવાં. આ પ્રમાણે ભવનપતિ દેવોમાં ભવનો, વ્યંતર દેવોમાં નગરો, અને જ્યોતિષ્ક દેવોમાં તથા વૈમાનિક દેવોમાં વિમાનો હોય છે. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે "પહેલી નારકભૂમિનું જે આ ૧,૮૦,૦૦૦ એક લાખ એંશી હજાર યોજન પ્રમાણ માટીનું દળ છે. તેમાં ઉપર અને નીચે ૧૦૦૦ + ૧૦૦૦ યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં પહેલી નારકીના જીવોને રહેવા માટેના ૧૩ નરકાવાસા છે. તેની વચ્ચે વચ્ચે દશ ભવનપતિ દેવો રહે છે."

(૭) પરંતુ ઉપરના ભાગમાં ૧૦૦૦ યોજન છોડી દેવાનું કહ્યું. તેમાં એટલે કે ઉપરના ૧૦૦૦ યોજનમાં ઉપર-નીચે ૧૦૦ + ૧૦૦ યોજન છોડીને વચ્ચેના ૮૦૦ યોજનમાં આઠ વ્યંતર દેવોનાં નગરો છે તથા તેમાં પણ ઉપરના જે ૧૦૦ યોજન છોડી દેવામાં આવ્યા છે તે ૧૦૦ માં ઉપર-નીચે ૧૦-૧૦ યોજન છોડીને ૮૦ યોજનમાં આઠ વાણવ્યંતર દેવોનાં નગરો છે. આ પ્રમાણે દેવોનાં રહેઠાણ સ્થાનો જાણવાં.

ततश्च क्षितयश्च वलयानि चेत्यादिद्वन्द्वः । एतेषां संस्थानम् = आकारविशेषलक्षणं विचिन्तयेदिति । तथा "व्योमादिप्रतिष्ठानम्" = इत्यत्र प्रतिष्ठितिः प्रतिष्ठानं । भावे ल्युट्, व्योम = आकाशम्, आदिशब्दाद्वाय्वादिपरिग्रहः । व्योमादौ प्रतिष्ठानमस्येति व्योमादिप्रतिष्ठानं, लोकस्थितिविधानमिति योगः । विधिः = विधानं प्रकार इत्यर्थः लोकस्य स्थितिः = लोकस्थितिः । स्थितिः = व्यवस्था मर्यादा इत्यनर्थान्तरं । "तद्विधानं" किम्भूतं ? "नियतं" नित्यं-शाश्वतं, क्रिया पूर्ववदिति गाथार्थः ॥५४॥

વિવેચન : ઉપરના ફકરામાં ૧ થી ૭ પ્રકારના જે પદાર્થો સમજાવ્યા છે તે સાતે પદોનો દ્વન્દ્વ સમાસ કરવો. તે આ પ્રમાણે – क्षितयश्च वलयानि च, द्वीपाश्च, सागराणि च नरकाश्च विमानानि च भवनानि च = क्षितिवलयद्वीपसागरनरकविमानभवनानि આ બધાં જે સ્થાનો સમજાવ્યાં, તે સર્વ સ્થાનોનાં જે સંસ્થાન વિશેષ એટલે કે આકાર વિશેષ સ્વરૂપ લક્ષણો શાસ્ત્રોમાં કહ્યાં છે તેનું વિશેષ વિશેષ ચિંતન-મનન કરવું. તે ધર્મધ્યાન છે.

તથા "व्योमादि प्रतिष्ठानम्" = અહીં "प्रतिष्ठितिः प्रतिष्ठानं" આકાશ આદિ પદાર્થોનું રહેવું. અર્થાત્ વ્યોમ એટલે આકાશ તથા આદિ શબ્દથી ઘનોદધિ - ઘનવાત અને તનવાત ઈત્યાદિ પદાર્થો રહેલા છે. प्रतिष्ठानम् શબ્દમાં प्रति ઉપસર્ગપૂર્વક स्था ધાતુને (પાણિનિ વ્યાકરણ પ્રમાણે ल्युट् પ્રત્યય અને) સિદ્ધહેમ વ્યાકરણ પ્રમાણે अनट् પ્રત્યય થયેલો છે.

વ્યોમ એટલે આકાશ, આદિ શબ્દથી વાયુ વિગેરે (ઘનવાત, તનવાત, ઘનોદધિ વિગેરે) તત્ત્વો સમજી લેવાં. વ્યામાદિમાં (આકાશ-ઘનોદધિ-ઘનવાત અને તનવાત વિગેરેમાં) છે પ્રતિષ્ઠાન (રહેઠાણ) જેનું તે વ્યોમાદિ પ્રતિષ્ઠાન કહેવાય છે. તેનો અર્થ લોકસ્થિતિવિધાન એવો થાય છે એટલે કે લોકનો રહેવાનો પ્રકાર (રહેવાની એક રીતભાત) આવો અર્થ કરવો. ત્યાં વિધિ જે શબ્દ છે તેનો અર્થ વિધાન અર્થાત્ લોકને રહેવાના પ્રકાર આવો અર્થ સમજવો. लोकस्य स्थितिः = लोकस्थितिः લોકાકાશની આ એક સુંદર વ્યવસ્થા છે. સ્થિતિ શબ્દનો અર્થ વ્યવસ્થા એટલે કે મર્યાદા એવો અર્થ કરવો. વ્યવસ્થા શબ્દ અને મર્યાદા શબ્દ પર્યાયવાચી છે. એકાર્થક છે તેના પ્રકારો એટલે કે તેના ભેદો જાણવા.

આ લોકની સ્થિતિ કેવી છે ? તો તેનો ઉત્તર આપતાં કહે છે કે નિત્ય છે. અર્થાત્ શાશ્વત છે. ૧,૮૦,૦૦૦ યોજનમાં પહેલી નરકના જીવોને રહેવાના ૧૩ પ્રતર છે. તેની વચ્ચે વચ્ચે ૧૦ ભવનપતિ દેવોને રહેવાનાં (તથા સાથે સાથે પન્નર પરમાધામી દેવોને રહેવાનાં) સ્થાનો છે. ઉપરના એક હજાર યોજનમાં વચ્ચેના ૮૦૦ યોજનમાં આઠ વ્યંતર દેવોનાં સ્થાનો છે. તથા તેની ઉપરના ૧૦૦ યોજનમાં વચ્ચેના ૮૦ યોજનમાં આઠ વાણવ્યંતર દેવોને રહેવાનાં સ્થાનો છે. આ જે કંઈ વર્ણન સમજાવ્યું છે તે નિયત છે. નિશ્ચિત છે. ફેરફાર વિનાનું છે. ત્રણે કાળે આમ જ રહે છે.

ક્રિયાપદ ગાથામાં લખેલ નથી. તેથી अस्ति ક્રિયાપદ પૂર્વની જેમ અધ્યાહરથી સમજી લેવું. જેથી વાક્યરચના પૂર્ણ થાય. ॥૫૪॥

अवतरण : किं च = તથા વળી આ ધર્મધ્યાનમાં બીજું શું વિચારવાનું હોય ? તે સમજાવે છે :-

उवओगलक्खणमणाइनिहणमत्थंतरं सरीराओ ।
जीवमरुविं कारिं भोयं च सयस्स कम्मस्स ॥५५॥

ગાથાર્થ : ઉપયોગ લક્ષણવાળો, અનાદિ અનંત એવો, શરીરથી ભિન્ન, અરૂપી અને પોતાના કરેલા કર્મોનોકર્તા અને ભોક્તા એવો જીવ નામનો પદાર્થ છે એમ જાણવું. ॥૫૫॥

ટીકા : उपयुज्यतेऽनेनेत्युपयोगः = साकारानाकारादिः । उक्तं च = "स द्विविधोऽष्टचतुर्भेदः" (तत्त्वार्थसूत्र अध्याय-२, सूत्र-९), स एव लक्षणं यस्य स उपयोगलक्षणस्तं, जीवमिति वक्ष्यति । तथा "अनाद्यनिधनम्" = अनाद्यपर्यवसिमिति भवापवर्गप्रवाहापेक्षया नित्यमित्यर्थः

तथा "अर्थान्तरं" पृथग्भूतं = कुतः ? शरीरात् । जातावेकवचनं । शरीरेभ्यः = औदारिकादिभ्यः इति । किमित्यत आह = जीवति जीविष्यति जीवितवान् वा जीव इति तं । किम्भूतमित्यत आह - "अरूपिणम्" = अमूर्तमित्यर्थः ।

तथा "कर्तारं" = निर्वर्तकं, कर्मण इति गम्यते । तथा "भोक्तारम्" = उपभोक्तारम्, कस्य ? स्वकर्मणः = आत्मीयस्य कर्मणः, ज्ञानावरणीयादेरिति गाथार्थः ॥५५॥

વિવેચન : પહેલાંની ગાથામાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય વિગેરે સમજાવીને હવે જીવનું લક્ષણ તથા સ્વરૂપ હવે પછીની ગાથાઓથી સમજાવે છે. જીવનું **"ઉપયોગ"** એ લક્ષણ છે. ત્યાં "उपयुज्यतेऽनेन" જેના વડે વસ્તુનો ઉપયોગ મુકાય, ઉપયોગ જણાય અર્થાત્ વસ્તુનો વ્યવહાર કરાય તેને ઉપયોગ કહેવાય છે. વસ્તુના સ્વરૂપને જાણવાની આત્માની જે ચેતનાશક્તિ છે તેનો જે વપરાશ તેને ઉપયોગ કહેવામાં આવે છે.

તે ઉપયોગના બે ભેદ છે. (૧) સાકારોપયોગ અને (૨) નિરાકારોપયોગ. કોઈ પણ વસ્તુને સામાન્ય ધર્મથી યુક્તપણે જાણવી તે નિરાકારોપયોગ. અને કોઈ પણ વસ્તુને વિશેષ ધર્મથી યુક્ત પણે જાણવી તે સાકારોપયોગ કહેવાય છે. નિરાકારોપયોગનું જ બીજું નામ સામાન્યોપયોગ અને ત્રીજુ નામ દર્શનોપયોગ કહેવાય છે. તેવી જ રીતે સાકારોપયોગનું બીજું નામ વિશેષોપયોગ અને ત્રીજું નામ જ્ઞાનોપયોગ પણ છે.

તથા સામાન્યોપયોગના એટલે દર્શનોપયોગના ચાર ભેદ અને વિશેષોપયોગના એટલે કે જ્ઞાનોપયોગના આઠ ભેદ છે. પૂજ્યપાદ શ્રી ઉમાસ્વાતિજી મહારાજશ્રીએ તત્ત્વાર્થસૂત્ર અધ્યાય બીજો અને સૂત્ર ૯ માં કહ્યું છે કે "स द्विविधोऽष्टचतुर्भेदः" = તે ઉપયોગ બે પ્રકારનો છે. બન્નેના અનુક્રમે આઠ અને ચાર ભેદ છે.

તે ઉપયોગ છે લક્ષણ જેનું તે ઉપયોગ લક્ષણવાળો આ જીવ છે એમ જાણવું. આ વાત આગળ ઉપર "उपयोगो लक्षणम्" એવા પ્રકારના તત્ત્વાર્થસૂત્ર અધ્યાય-૨, સૂત્ર નંબર ૮ માં કહેવામાં આવશે. ચેતના અર્થાત્ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એમ બે પ્રકારના ઉપયોગવાળો જે પદાર્થ છે. તે જીવ કહેવાય છે.

તથા વળી આ જીવ "अनाद्यनिधनम्" અનાદિ-અનંત છે. તેની આદિ પણ નથી અને અંત પણ નથી એવો આ જીવ છે તેને અનાદિ-અપર્યવસિત પણ કહેવાય છે. કારણ કે ભવ અને મોક્ષ આ બન્ને ભાવો પ્રવાહની અપેક્ષાએ અનાદિ-અનંત છે. અર્થાત્ નિત્ય છે સદાકાળ છે અને સદાકાળ રહેશે જ.

તથા વળી આ આત્મા કેવો છે ? અર્થાતર છે અર્થાતર એટલે કે પૃથગ્ભૂત છે અર્થાત્ કોનાથી પૃથગ્ભૂત છે ? તો ગ્રંથકારશ્રી જણાવે છે કે શરીરથી ભિન્ન છે અહીં મૂલગાથામાં સરીરાઓ આ પદમાં જે એકવચન કહ્યું છે તે જાતિની અપેક્ષાએ છે. વાસ્તવિક રીતે તો શરીરો ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ અને કાર્મણ એમ પાંચ પ્રકારનાં છે તે પાંચે પ્રકારના શરીરોથી આ આત્મા ભિન્ન દ્રવ્ય છે. ઔદારિક આદિ પાંચે શરીરોથી આ આત્મા એ ભિન્ન પદાર્થ છે.

પ્રશ્ન : ઔદારિકાદિ પાંચે શરીરોથી ભિન્ન એવો આ જે જીવ નામનો પદાર્થ છે. તેને કિમ્ ? શું કહેવાય છે ? ઇત્યત આહ આવો કોઈ પ્રશ્ન કરે તો હવે તે જણાવે છે કે :-

ઉત્તર : શરીરાદિથી ભિન્ન એવો જે પદાર્થ છે તે જીવ છે. હવે જીવ કોને કહેવાય ? આવો પ્રશ્ન થાય તો જણાવે છે કે જે હાલ જીવે છે ભવિષ્યમાં પણ જીવશે તથા ભૂતકાળમાં પણ જે જીવન જીવ્યો છે તેને જીવ કહેવાય છે. આ જીવને જીવ આત્મા ચેતન આવા આવા શબ્દોથી જણાવાય છે તે જીવ કોઈએ બનાવ્યો નથી. કોઈ કાળે તેનો વિનાશ થવાનો નથી. સદા નિત્ય એટલે ધ્રુવ છે તથા વળી તે જીવનું સાચું સ્વરૂપ જાણવાની ઈચ્છા થાય કે શું તે જીવ રૂપી (મૂર્ત) છે કે અરૂપી (અમૂર્ત) છે ?

તો તેનો ઉત્તર જણાવતાં કહે છે કે આ આત્મા અરૂપી છે એટલે કે અમૂર્ત છે એટલે જ ઈન્દ્રિયોથી જાણી શકાતો નથી. જોઈ શકાતો નથી. માત્ર અનુમાનગમ્ય અને આગમગમ્ય છે. તથા વળી આ જીવ જ કર્મોનો કર્તા અને ભોક્તા છે. કારણ કે જીવમાં જ રાગ-દ્વેષ આદિ વિકારી ભાવો પ્રગટ થાય છે. તેના લીધે આ જીવ જ કર્મોને કરનાર અને કર્મોને ભોગવનાર છે. મૂળ ગાથામાં (કર્મોનો) આ શબ્દ લખેલ નથી. પરંતુ "कर्मणः" આ પદ અધ્યાહરથી સમજાય છે. તથા જે કર્તા હોય તે જ ભોક્તા હોય છે. આ ન્યાયને અનુસારે પણ જીવ જ કર્મોનો કર્તા અને જીવ જ કર્મોનો ભોક્તા છે. આમ જાણવું.

પ્રશ્ન : આ જીવ કોનો કર્તા અને કોનો ભોક્તા છે !

ઉત્તર : આ જીવ પોતાનાં જ કરેલાં કર્મોનો કર્તા અને પોતાનાં જ કરેલાં કર્મોનો (કર્મોના ફળોનો) ભોક્તા છે. પરવ્યક્તિએ કરેલાં કર્મોનો આ જીવ કર્તા-ભોક્તા નથી. પોતે

જ પોતાના કર્મોનો કર્તા છે અને પોતે જ પોતાનાં કરેલાં કર્મોનો ભોક્તા છે. અન્ય વ્યક્તિ નિમિત્ત માત્ર જ હોય છે. પરંતુ અન્ય વ્યક્તિ આ વિવક્ષિત આત્માના કર્મોની કર્તા-ભોક્તા નથી.

અવતરણ : આ સંસાર એ એક મહાસાગર છે એમ ઉપમા આપીને ગ્રંથકારશ્રી ભવ્ય જીવોને ઉપદેશ આપતાં સમજાવે છે કે :-

तस्स य सकम्मजणियं, जम्माइजलं कसायपायालं ।
वसणसयसावयमणं, मोहावत्तं महाभीमं ॥५६॥

ગાથાર્થ : તે જીવને પ્રાપ્ત થયેલો આ સંસાર કેવો છે ? તે ઉપમાઓથી સમજાવે છે. પોતાનાં જ કરેલાં કર્મોથી ઉત્પન્ન થયેલો છે તથા જન્મ - જરા - મરણ વિગેરે પર્યાયોરૂપી જળવાળો, કષાયોરૂપી પાતાળવાળો, સેંકડો વ્યસનોરૂપી શ્વાપદોથી ભરપૂર ભરેલો, તથા મોહના આવર્તોવાળો અને મહાભયંકર આ સંસારસાગર છે. એમ જ્ઞાની ભગવંતો કહે છે. ॥૫૬॥

ટીકા : "तस्य च" = जीवस्य "स्वकर्मजनितम्" आत्मीयकर्मनिर्वर्तितं, कं ? = संसारसागरमिति वक्ष्यति तं । किम्भूतमित्यत आह - "जन्मादिजलं" = जन्म - प्रतीतम्, आदिशब्दाज्जरामरणपरिग्रहः । एतान्येवातिबहुत्वाज्जलमिव जलं यस्मिन् स तथाविधस्तं । तथा "कषायपातालं" = कषायाः - पूर्वोक्तास्त एवागाधभवजननसाम्येन पातालमिव पातालं यस्मिन् स तथाविधस्तं । तथा "व्यसनशतश्वापदवन्तं" = व्यसनानि - दुःखानि द्युतादीनि वा तच्छतान्येव पीडाहेतुत्वात् श्वापदानि तान्यस्य विद्यन्त इति तद्वन्तं "मणं"ति देशीशब्दो मत्वर्थीयः । उक्तं च - "मतुयत्थंमि मुणिज्जह आलं इल्लं मणं च मणुयं चेति" तथा "मोहावर्तं" - मोहः = मोहनीयं कर्म तदेव तत्र विशिष्टभ्रमिजनकत्वादावर्तो यस्मिन् स तथाविधस्तं । तथा "महाभीमम्" - अतिभयानकमिति गाथार्थः ॥५६॥

વિવેચન : "तस्य च" = તે સંસારી જીવ, કે જે અનાદિકાળથી આ સંસારમાં જન્મ-જરા-મરણ-રોગ અને શોકાદિનાં દુઃખોથી સદાકાળ ઘેરાયેલો જ છે. તેવા જીવનો "स्वकर्मजनितम्" = પોતાના જ કરેલાં કર્મો વડે ઉપાર્જન કરેલો. ભૂતકાળમાં હિંસા-જૂઠ-ચોરી આદિ અઢારે પાપસ્થાનકો દ્વારા કરેલાં ઘણાં ઘણાં પાપોથી જ ઉપાર્જન કરેલો એવો कं = કોણ ? તો જ્ઞાની મહાત્મા કહે છે કે "संसारसागरमिति" આ સંસારરૂપી સાગર આ પદ આગળ ઉપર કહેવાના છે. तं = અનાદિ કાળથી આ સંસારમાં ભટકતા ભટકતા આ જીવ વડે પોતાના કરેલાં કર્મો વડે ઉપાર્જન કરાયેલો એવો આ સંસારરૂપી સાગર છે. તે સાગર કેવો છે ? તે હવે જણાવે છે "किम्भूतम्" = આ સંસાર સાગર કેવો છે ? તે સમજાવવા તેનાં એક પછી એક વિશેષણ કહે છે.

(૧) પ્રથમ વિશેષણ કહે છે કે "जन्मादिजलं" = જન્મ-જરા-મૃત્યુ-રોગ અને શોક ઈત્યાદિ દુઃખોરૂપી જળ ભર્યું છે જેમાં એવો સંસાર સાગર છે આ સંસાર સાગરમાં જન્મ-જરા-મરણ-રોગ અને શોક ઈત્યાદિ દુઃખોનો ઢગલો જ છે. ત્યાં "જન્મ" કોને કહેવાય ? આ વાત "प्रतीतम्" = પ્રસિદ્ધ જ છે. કોઈને પણ સમજાવવી પડે તેમ નથી. અર્થાત્ માતાની કુક્ષિમાં અનેક પ્રકારની અશુચિઓની વચ્ચે નવ માસ સાડા નવ માસ સંકોચાઈને રહેવાનું અને સાંકડા ક્ષેત્રમાંથી બહાર આવવાનું કે જેમાં અતિશય ઘણી ઘણી પીડા રહેલી છે. તેવો આ જન્મ છે. અહીં લખેલા આદિ શબ્દથી "જરા અને મરણ" પણ સમજી લેવા. ત્યાં જરા એટલે કે ઘડપણ જ્યાં હાથ-પગ થાકેલા છે. બોલવા માટેની જીભ પણ બરાબર ચાલતી નથી. મોઢે લાળ જ પડે છે. આંખો તો ખેંચાઈ જ ગઈ છે. કાન બહેરા બન્યા છે તેવી વૃદ્ધાવસ્થા, તથા મૃત્યુ અવસ્થા કે જેમાં પોતે જ ઊભો કરેલો પત્ની-પુત્ર-પૌત્રાદિનો પરિવાર, ધનાદિનો સંગ્રહ, ગાડી-વાડી-લાડી ઈત્યાદિ ભર્યો સંસાર ત્યજીને આ એકીલા જીવરૂપી હંસને જ અન્યત્ર જવાનું છે આવો છે આ સંસાર કે જેને જ્ઞાની પુરૂષો સાગર સમાન કહે છે.

તથા ગાથામાં કહ્યું નથી તો પણ રોગ અને શોકથી ભરપૂર ભરેલો આ સંસાર છે. શારીરિક અને માનસિક અનેક પ્રકારના રોગોથી આ સંસાર ભરપૂર ભરેલો છે. તથા ડગલે અને પગલે વિવિધ પ્રકારના દુઃખો જ આવતાં હોવાથી શોકથી પણ ભરપૂર ભરેલો આ સંસાર છે. તે માટે જન્મ-જરા-મરણ-રોગ અને શોકથી જ ભરપૂર ભરેલો આ સંસાર સાગર છે. એમ જ્ઞાની મહાપુરૂષો કહે છે. હવે તે સંસાર સાગર કેવો કેવો છે ? તે વાત તેનાં બીજાં બીજાં વિશેષણો દ્વારા વધારે વધારે સ્પષ્ટ કરે છે :-

(૨) "कषायपातालं" = અનંતાનુબંધી આદિ સોળ કષાયોરૂપી ઊંડા ઊંડા પાતાળ છે જેમાં એવો આ સંસારરૂપી સાગર છે. અર્થાત્ સાગર જેમ ઘણા ઊંડા-ઊંડા પાણીવાળો હોય છે કે જેથી તેમાં ગયેલો જીવ પ્રાય જીવતો પાછો આવી શકતો જ નથી. મૃતપ્રાયઃ જ થાય છે. વળી મગરમચ્છ વિગેરે ભયંકર એવાં અનેક જલચર પ્રાણીઓથી ભરેલો હોય છે. તેમ આ સંસાર પણ ઘણો જ ઊંડો છે. ઊંડા ઊંડા ભવોને જ અર્થાત્ પલ્યોપમ અને સાગરોપમોના આયુષ્યવાળા ભવો જ કરવારૂપ ઊંડાઈ વડે સમુદ્રની સાથે સમાન હોવાથી પાતાલની જેવું પાતાળવાળું ઘણું જ ઊંડું છે સ્વરૂપ જેનું તે આ સંસાર પણ તેવા પ્રકારનો છે. તે સંસારને તેવો અર્થાત્ સાગર જેવો ઘણા ઊંડા પાતાળવાળો જ છે. એમ વિચારવું.

(૩) "वसणसयसावयमणं" = તથા આ સંસારરૂપી સાગર "વ્યસનરૂપી સેંકડો શ્વાપદો (જળચર જીવો)થી ભરેલો છે. આવું મનમાં વિચારવું. જેમ સમુદ્ર મોટાં મોટાં

માછલાં, જળમાં થનારા સર્પો, મગરમચ્છો વિગેરે હિંસક એવા જલચર જીવોથી ભરપૂર ભરેલો છે. તેવી જ રીતે આ સંસાર પણ બ્લડપ્રેસર, ટીબી, ડાયાબીટીશ, કેન્સર જેવા પ્રાણઘાતક રોગો અને તાવ-ઉધરસ-ખાંસી-માથાનો દુઃખાવો-પગનો દુઃખાવો વિગેરે નાના નાના રોગો રૂપી આવા જલચર જીવોથી ભરપૂર ભરેલો છે. અને ભયજનક તથા મૃત્યુજનક જીવોથી ભરપૂર ભરેલો છે. આવું વિચારવું."

તથા વ્યસન એટલે દુઃખો = શારીરિક દુઃખો અને માનસિક દુઃખો, અથવા આખી જિંદગીની કમાણીનો નાશ કરનારા જુગારીયાપણું દારૂડીયાપણું વિગેરે ખોટાં વ્યસનો છે સેંકડો જેમાં એવો આ સંસાર છે. તથા આ સંસાર સેંકડો આવાં દુઃખોરૂપી શ્વાપદોથી ભરપૂર ભરેલો છે. જેમ શ્વાપદો (જંગલી પ્રાણીઓ વાઘ-સિંહ-વરૂ વિગેરે) પ્રાણઘાતક પ્રાણીઓ છે. તેમ જુગાર-દારૂડીયાપણું વિગેરે વ્યસનો પણ જિંદગીનો નાશ કરનારા હોવાથી તેવા જ છે તેવી આપત્તિઓરૂપી શ્વાપદોથી ભરેલો એવો આ સંસાર છે. આવું મનમાં વિચારવું.

મૂળગાથામાં "वसणसयसावयमणं" આ પદમાં જે मणं શબ્દ છે તે વાળા અર્થવાળો મત્વર્થીક वत् પ્રત્યય દેશ્ય શબ્દ છે. પ્રાકૃત ભાષામાં જેમ બીજા પણ ઘણા દેશ્ય શબ્દો આવે છે તેમ આ પણ અનિયમિત એવો દેશ્ય શબ્દ જાણવો. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે :-

"मतुयत्थंमि मुणिज्जह आलं इल्लं मणं च मणुयं चेति" मतुप् પ્રત્યય જે અર્થમાં થાય છે. તે જ અર્થમાં आल इल्ल मण અને मणुय પ્રત્યયો પણ થાય છે. આવું વ્યાકરણનું સૂત્ર હોવાથી આ मण પ્રત્યય પણ मतुप् ના અર્થમાં થયેલો છે.

તથા વળી આ સંસારસાગર કેવો છે તે ગ્રંથકારશ્રી જણાવે છે કે – (૪) "मोहावर्तं" મોહ એટલે રાગ અને દ્વેષ અર્થાત્ વિકારી ભાવો કે જે વિકારો વિશિષ્ટ એવી ભ્રમણાવાળી બુદ્ધિને કરનારા હોવાથી આવર્ત જેવા છે. સમુદ્રમાં પાણીના આવર્તો = ચક્રાવા એવા આવે છે કે જે ચક્રાવામાંથી આ જીવ નીકળી જ ન શકે તેની જેમ વિકારક અને ભ્રમણાઓથી ભરેલો આ સંસાર છે. અર્થાત્ આવા પ્રકારના મોહજનક વિકારી ભાવોરૂપી આવર્તો વર્તે છે જેમાં એવો આ સંસારરૂપી સાગર છે. આમ મનમાં વિચારવું.

તથા વળી (૫) "महाभीमम्" મહા ભયંકર એવો આ સંસાર સાગર છે. જેમ સાગર ઘણો ઊંડો અને ઘણો જ લાંબો-પહોળો છે. તેની જેમ આ સંસાર પણ ઘણો ઊંડો અને ભવોભવ વધારનાર હોવાથી ઘણો જ લાંબો-પહોળો છે તેથી જ દેખતાં જ અતિશય ભય ઉત્પન્ન થાય તેવો આ સંસારસાગર છે. આવા વિચારો કરવા. જેથી સંસારમાં અલિપ્તતા પ્રાપ્ત થાય. ॥૫૬॥

अण्णाणमारुएरियसंजोग-विजोगवीइसंताणं ।
संसारसागरमणोरपारमसुहं विचिंतेज्जा ॥५७॥

ગાથાર્થ : અજ્ઞાનરૂપી પવન વડે પ્રેરાયેલા (પ્રાપ્ત થયેલા) સંજોગો અને વિયોગોરૂપી તરંગોની પરંપરા છે જેમાં એવો અને નથી છેડો જેનો એવો અપાર અને કેવળ દુઃખોથી જ ભરેલો (નથી સુખ લવલેશ જેમાં) એવો આ સંસારસાગર છે એમ હે જીવ ! તું સદાવિચાર કર. ॥૫૭॥

ટીકા : "अज्ञानं" - ज्ञानावरणकर्मोदयजनित आत्मपरिणामः, स एव तत्प्रेरकत्वान्मारुतः - वायुस्तेनेरितः = प्रेरितः, कः ? - संयोगवियोगवीचिसन्तानो यस्मिन् स तथाविधस्तं । तत्र संयोगः - केनचित् सह सम्बन्धः, वियोगः - तेनैव विप्रयोगः, एतावेव सन्ततप्रवृत्तत्वात् वीचयः - ऊर्मयस्तत्प्रवाहः - सन्तान इति भावना । संसरणं संसारः, स सागर इव संसारसागरस्तं । किम्भूतं ? "अनोरपारम्" - अनाद्यपर्यवसितम् । अशुभं = अशोभनं विचिन्तयेत् । तस्य गुणरहितस्य जीवस्येति गाथार्थः ॥५७॥

વિવેચન : "अज्ञानं" = જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી જે જડતા છે. તે વાળો અર્થાત્ મૂર્ખતા ભરેલો એવો જે આ આત્માનો પરિણામ. (અધ્યવસાય-વિચારધારા) તે અજ્ઞાન. આવા પ્રકારનું આ અજ્ઞાન જ સંસારના ઊંડા ખાડામાં નાખવાની ક્રિયામાં પ્રેરક હોવાથી જાણે વાયુ જ હોય તેમ, અર્થાત્ જોરદાર તોફાની વાયુથી જેમ માણસ ખેંચાઈને ઊંડા કુવામાં કે ખાડામાં ધકેલાઈ જાય છે તેમ આ અજ્ઞાન વડે પ્રેરાયેલો આ જીવ પણ સંસારરૂપી ઊંડા ખાડામાં ધકેલાનારો બને છે.

આવા અજ્ઞાનરૂપી વાયુ વડે પ્રેરાયેલું કોણ છે ? તો તેના ઉત્તરમાં કહે છે કે સંયોગ અને વિયોગરૂપી તરંગોની પરંપરા આવી છે. ત્યાં કોઈ પણ વસ્તુની સાથે આ આત્માનો જે સંબંધ થાય છે તે સંયોગ કહેવાય છે. તથા કોઈ પણ વસ્તુની સાથે જે છુટા પડવા રૂપ વિપ્રયોગ થાય છે. તેને વિયોગ કહેવાય છે.

આ સંસાર સાગરમાં ઈષ્ટ-અનિષ્ટ વસ્તુઓની સાથે આવા પ્રકારના વિયોગ અને સંયોગો થતા જ રહે છે. તેના કારણે હર્ષ અને શોક આવ્યા જ કરે છે. તેથી આ સંયોગ અને વિયોગ સમુદ્રના પાણીમાં આવેલા ઊંડા ઊંડા મોજા જેવાં અર્થાત્ પાણીના તરંગોની હારમાળા જેવા છે તેથી સતત સંયોગ અને વિયોગરૂપી મોજાઓનાં પ્રવાહ છે જેમાં એવો આ સંસારસાગર છે. એમ ભાવના ભાવવી.

હવે સંસાર સાગર એટલે શું ? તે વિશેષ્યવાચી પદ સમજાવે છે કે संसरणं = અહીંથી તહીં ભટકવું તે સંસરણ નારકીમાંથી પશુમાં, અને પશુના ભવમાંથી વિકલેન્દ્રિયમાં અને

ત્યાંથી એકેન્દ્રિયમાં એમ જ્યાં ત્યાં ભટકવું-રખડવું તેનું નામ સંસરણ એટલે સંસાર, તે સંસાર જ સાગર જેવો છે તથા વળી તે સંસાર સાગર કેવો છે ? તે કહે છે કે "अणोरपारम्" = આ સંસાર સાગર કેવો છે ? તો જેની નથી આદિ, તથા જેનો નથી અંત એવો આદિ અને અંત વિનાનો અર્થાત્ અનાદિ-અપર્યવસિત એટલે કે અનાદિ-અનંત એવો આ સંસાર સાગર છે.

તથા "अशुभम्" = આ સંસાર સાગર અશુભ છે જો જરા પણ લપસ્યા તો ઊંડા પાણીમાં તળીયે પહોંચી જાઓ તેવો આ સંસાર સાગર છે. કાદવ-કીચડથી ભરેલો છે. તેમાં ખુચ્યા પછી નીકળાશે જ નહીં તેવો અશુભ અને દુઃખો તથા દર્દોથી ભરપૂર ભરેલો છે આવું મનમાં દરરોજ વિચારવું.

"तस्स" આવું ૫૬મી ગાથાના પ્રારંભમાં છે. જે જીવ આ સંસારમાં મોહાન્ધ થાય છે. વિકારી બને છે. વાસનાવાળો તથા કષાયોવાળો થાય છે. તે જીવનો આ સંસાર, ઉપર કહેલા વિશેષણોવાળા સમુદ્ર સમાન થાય છે. આ જીવને આ સંસાર અવશ્ય ડુબાડે જ છે. આવું પ્રતિદિન મનમાં વિચારવું. જેનાથી સજાગ થવાથી ડુબવાનું ન બને. ॥૫૭॥

तस्य य संतरणसहं, सम्मद्दंसणसुबंधणमणग्घं ।
णाणमयकण्णधारं, चारित्तमयं महापोयं ॥५८॥

ગાથાર્થ : તે સંસારસાગર તરવામાં સમર્થ એવું ચારિત્ર સ્વરૂપ મોટું વહાણ છે. કે જેમાં સમ્યગ્દર્શન રૂપી સારૂ છે બંધન જેમાં એવું તથા પાપ વિનાનું જે નિર્મળ જ્ઞાન છે તે જ્ઞાનરૂપી છે કર્ણધાર (નિર્યામક) જેમાં તેવું આ વહાણ છે.

ટીકા : "तस्स च" - संसारसागरस्य "संतरणसहं" = सन्तरणसमर्थं । पोतमिति वक्ष्यति, किं विशिष्टं ? "सम्यग्दर्शनमेव शोभनं बन्धनं यस्य स तथाविधस्तम्, अनघम् = अपापं, ज्ञानं = प्रतीतं, तन्मयः = तदात्मकः कर्णधारः = निर्यामकविशेषो यस्य यस्मिन् वा स तथाविधस्तं चारित्रं = प्रतीतं, तदात्मकं "महापोतम्" = इति महाबोहित्थं, क्रिया पूर्ववदिति गाथार्थः ॥५८॥

વિવેચન : પૂર્વે કહેલી ગાથા નંબર ૫૬ અને ૫૭ માં સંસાર રૂપી સાગરનું વર્ણન, કરવામાં આવ્યું છે. હવે તે સંસાર સાગરને તરવા માટે સમર્થ એવું વહાણ (અથવા લાકડાનું મોટું પાટીયું) કયું છે ? તે વહાણ (અથવા પાટીયા)ની વાત ગાથા નંબર ૫૮-૫૯ અને ૬૦માં સમજાવે છે :-

તે સંસાર સાગરને સારી રીતે તરવામાં અને તારવામાં સમર્થ એવું **ચારિત્રમય** વહાણ (અથવા મોટું પાટીયું) છે. આ જ ગાથાના ચોથા ચરણમાં चारित्तमयं महापोयं =

ચારિત્રરૂપી મહાપોત (એટલે મોટું વહાણ) એમ કહેવામાં આવશે. હવે તે વહાણ કેવું કેવું છે ? તે વાત સમજાવવા માટે જુદાં જુદાં વિશેષણવાચી પદો સમજાવે છે.

(૧) संतरणसहं = સંસાર સાગર તરવામાં બરાબર સમર્થ અર્થાત્ ક્યાંય ડૂબી ન જાય, ખચકાઈ ન જાય, ભાંગી-તુટી ન જાય. પરંતુ સડસડાટ પાણીમાં ચાલ્યુ જાય તેવું આ વહાણ છે.

(૨) વળી તે વહાણ किं विशिष्टं = કેવું વિશિષ્ટ છે ? અર્થાત્ કેવું બળવત્તર છે ? તો તેના ઉત્તરસ્વરૂપે કહે છે કે "सम्मदंसणसुबंधणम्" "સમ્યગ્દર્શન" એ જ છે સુંદર બંધન જેને એવું આ ચારિત્રરૂપી વહાણ છે જે વહાણ ચારે બાજુથી મજબૂત પકડવાળા ખીલા મારેલા હોય અર્થાત્ ઘણુ જ મજબૂત બંધનવાળું હોય તે જલ્દી ભાગતું નથી. જેથી દરિયામાં ડૂબી જવાનું બનતું નથી. તેવાં મજબૂત રીતે જડેલા પાટીયાંવાળું વહાણ હોય છે. વહાણ મુસાફરોને સમુદ્રના પેલે પાર અવશ્ય લઈ જ જાય છે. તેવી જ રીતે જે આત્મામાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થયો છે. તેના બંધનથી જેનું વહાણ મજબૂત બંધાયું છે. તે આત્મા સંસાર સમુદ્રને તરીને પેલે પાર પહોંચે જ છે. ક્યારેય ક્યાંય તે વહાણ કે પુરૂષ ડુબતો નથી.

(૩) તથા વળી अनघम् = અલ્પ માત્રાએ પણ જેમાં પાપકારી કાર્ય નથી સારાંશ કે અઢારે અઢાર પાપસ્થાનકોથી સર્વથા મુક્ત એ પ્રકારની ચારિત્રવાળી દશા જે જીવમાં વર્તે છે તે જીવ આ સંસાર સાગરને અવશ્ય તરે જ છે. તેમાં લવલેશ પણ શંકા નથી. આ પ્રમાણે આ अनघं પદ चारित्रमयं महापोतं એ પદનું વિશેષણ કરવું.

(૪) णाणमयं कण्णधारं આ ચોથું વિશેષણ સમજવું જ્ઞાનમય છે કર્ણધાર એટલે વહાણ ચલાવનાર એવો નિર્યામક જેમાં તે વહાણ અવશ્ય સમુદ્રના પેલે કિનારે જાય જ છે તેમ "तत्त्वज्ञान" જે જીવમાં ભરપૂર ભરેલું છે તે જીવ અવશ્ય સંસાર સાગરને તરે જ છે. તેમાં કોઈ સંદેહ નથી જ. સમ્યગ્જ્ઞાન રૂપી કર્ણધાર આ જીવને સંસારસાગરના સામે કિનારે અવશ્ય લઈ જ જાય છે.

આવાં આવાં વિશેષણોવાળુ ચારિત્રમય મહા જહાજ સંસાર સમુદ્રના આ કિનારાથી સામે કિનારે માણસોને અવશ્ય લઈ જ જાય છે આવો અર્થ આ ગાથાનો કરવો. ॥૫૮॥

અવતરણ : આ વહાણ કેવું છે ? તેનાં હજુ વધારે વિશેષણો આ ગાથામાં સમજાવે છે :-

संवरकयनिच्छिद्दं, तवपवणाइद्धजइणतरवेगं ।
वेरग्गमग्गपडियं, विसोत्तियावीइनिक्खोभं ॥५९॥

ગાથાર્થ : વળી આ ચારિત્રરૂપી વહાણ કેવું છે ? સંવરના ૫૭ ભેદો વડે જે વહાણને છિદ્ર વિનાનું કરાયું છે. એવું તે વહાણ છે. તથા તપરૂપી પવન વડે અતિશય શીઘ્રતર

વેગવાળી ગતિ છે જેની એવું આ વહાણ છે તથા ઈષ્ટનગરે પહોંચાડનાર એવા શુદ્ધ માર્ગે ચાલનારું વૈરાગ્ય સ્વરૂપ આ વહાણ છે તથા દુર્ધ્યાનરૂપી મોટાં મોટાં તરંગો આવે તો પણ ક્ષોભાયમાન ન થાય તેવું મજબુત આ વહાણ છે. ॥૫૯॥

ટીકા : "संवरकयनिच्छिद्दं" - इहाऽऽश्रवनिरोधः संवरः तेन कृतं निच्छिद्रं = स्थगितरन्ध्रमित्यर्थः । अनशनादिलक्षणं तपः तदेवेष्टपुरं प्रति प्रेरकत्वात् पवन इव तपः पवनतपस्तेनाऽऽविद्धस्य = प्रेरितस्य जवनतरः शीघ्रतरो वेगो-रयो यस्य स तथाविधस्तं । तथा विरागस्य भावो वैराग्यं । तदेवेष्टपुरप्रापकत्वान्मार्ग इव वैराग्यमार्गस्तस्मिन् पतितः - गतस्तं । तथा विस्रोतसिका = अपध्यानानि एता एवेष्टपुरप्राप्तिविघ्नहेतुत्वाद् वीचयः इव विस्रोतसिकावीचयः ताभिर्निर्क्षोभ्यः - निष्प्रकम्पस्तमिति गाथार्थः ॥५९॥

વિવેચન : (૫) અહીં સંવર કોને કહેવાય ? તે સમજાવે છે - આશ્રવોનો જે નિરોધ કરવો, આશ્રવોને અટકાવવા તેને સંવર કહેવાય છે. આશ્રવના ૪૨ ભેદો છે. અને તે આશ્રવને અટકાવનારા એવા સંવરના ૫૭ ભેદ છે. સંવરધર્મ આદરવા વડે છિદ્ર વિનાનું કર્યું છે વહાણ જેણે એવો આત્મા અર્થાત્ બધાં જ છિદ્રો કપડાંના ડુચા ભીડાવવા વડે સ્થગિત કર્યા છે જે આત્માએ તે આત્મા, બધા જ છિદ્રોથી વહાણમાં આવતું પાણી જેણે રોકી લીધું છે એવો આત્મા જેમ સમુદ્રમાં ડુબતો નથી. તેવી જ રીતે જે આત્માએ બધા જ આશ્રવોને અટકાવવારૂપે સંવરના ૫૭ ભેદો જીવનમાં વીકસાવ્યા છે. તે આત્મા આ સંસાર સમુદ્રમાં ડુબતો નથી.

(૬) તથા અનશન-ઉણોદરી-વૃત્તિસંક્ષેપ વિગેરે છ જાતનો બાહ્ય તપ અને પ્રાયશ્ચિત વિનય વૈયાવચ્ચ વિગેરે છ જાતનો અભ્યંતર તપ એમ બાર પ્રકારનો જે તપ છે તે તપ જ ઈષ્ટ નગર તરફ જવા માટે પવનની જેમ પ્રેરણા કરનાર હોવાથી તપ એ પ્રેરકતત્ત્વ છે. સારાંશ કે જેમ કોઈ મનુષ્ય દિલ્હીથી મુંબઈ જવા નીકળ્યો અને જોરદાર પવન પણ તે બાજુ જ જતો હોય તો મુંબઈ તરફ ગમન કરનારા જીવને તે પવન જેમ પ્રેરક બને છે તેની જેમ જે આત્માએ મુક્તિ ભણી પ્રયાણ આદર્યું છે અને તેમાં તપગુણ દ્વારા વેગ મળવાથી શીઘ્રતર ગતિ થાય છે જેની એવો પુરૂષ થોડા જ કાળમાં મુક્તિ પામનાર બને છે તેમ અહીં ઉપમા સમજવી.

(૭) વિરાગ (રાગના અભાવ)નો જે ભાવ તે વૈરાગ્ય. ભાવ અર્થમાં વિરાગ શબ્દથી તદ્ધિતનો ય પ્રત્યય લાગ્યો છે અને તેના કારણે વિ એવા પ્રથમ સ્વરની વૃદ્ધિ થઈ છે. આ જીવમાં આવેલો જે આવા પ્રકારનો તીવ્ર વૈરાગ્ય નામનો ગુણ છે. તે ગુણ જ તે જીવને ઈષ્ટપુરનો પ્રાપક બને છે. તેમાં તે તપગુણ મુક્તિ તરફ વેગવાળી ગતિ કરતા પુરૂષને વેગમાં સહાયક બનવા દ્વારા ઈષ્ટ નગરે પહોંચાડનાર બને છે આ પ્રમાણે વૈરાગ્ય ગુણ તો ઈષ્ટપુરનો નિર્વિઘ્ને પ્રાપક થાય છે.

(૮) તથા વિસોત્તિયાવીઇનિક્ખોભં = વિસ્રોતસિકા તેનો અર્થ દુર્ધ્યાન અર્થાત્ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન, આવા પ્રકારનાં જે આ બન્ને દુર્ધ્યાનો છે તે ઈષ્ટનગર જે મુક્તિનગર છે. તેને પ્રાપ્ત કરવામાં વિઘ્નભૂત હોવાથી જેમ મજબૂત માણસ પાણીનાં મોટાં મોટાં મોજાંઓ (તરંગો) વડે પણ ડરતો નથી. તેની જેમ આવાં દુર્ધ્યાન થાય તેવા તેવા પ્રસંગો આવે તો પણ મુક્તિમાર્ગ તરફ જેઓએ પ્રયાણ આદર્યું છે તેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પ્રસંગો આવે તો પણ આ જીવ નિક્ષોભ્ય એટલે કે નિષ્પ્રકંપપણે સ્થિર જ રહે છે જરા પણ ડગમગ થતો નથી. તથા આકુળ વ્યાકુળ થતો નથી. આવા પ્રકારના ધર્મના પરિણામથી રંગાયેલો આ જીવ જાણવો. સારાંશ કે દુર્ધ્યાનરૂપી મોજાઓથી નિષ્પ્રકંપ એવો જીવ જલ્દી જલ્દી આ ભવસાગર તરે છે. ॥૫૯॥

અવતરણ : एवम्भूतं पोतं किं ? = આવા પ્રકારનું જે સંસાર સાગર તરવાનું મજબૂત વહાણ છે. તે પ્રાપ્ત થયું છે. તેથી શું કરવાનું ? આવો પ્રશ્ન થાય તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-

आरोढुं मुणिवणिया, महग्घसीलंगरयणपडिपुन्नं ।
जह तं निव्वाणपुरं, सिग्घमविग्घेण पावंति ॥६०॥

ગાથાર્થ : ઉપરોક્ત ચારિત્રરૂપી વહાણ ઉપર આરૂઢ થઈને મુનિવર પુરૂષો રૂપી વેપારીઓ ઘણાં જ કિંમતી એવાં ૧૮૦૦૦ અઢાર હજાર શીલાંગ રથરૂપી રત્નોથી ભરપૂર ભરેલા એવા તે નિર્વાણ નગરને વિઘ્નવિના જ જલ્દી જલ્દી પ્રાપ્ત કરે છે. ॥૬૦॥

ટીકા : "आरोढुं" इत्यारुह्य, के ? = मुनिवणिजः मन्यन्ते जगतस्त्रिकालावस्थामिति मुनयः त एवातिनिपुणमायव्ययपूर्वकं प्रवृत्तेर्वणिज इव इति मुनिवणिजः । पोतः एव विशेष्यते = महार्घाणि शीलाङ्गानि = पृथिवीकायसंरम्भपरित्यागादीनि वक्ष्यमाणलक्षणानि, तान्येवैकान्तिकात्यन्तिकसुखहेतुत्वाद् रत्नानि, तैः परिपूर्णः - भृतस्तं । येन प्रकारेण यथा "तत्" प्रक्रान्तं "निर्वाणपुरं" सिद्धिपतनं परिनिर्वाणपुरं वेति पाठान्तरं "शीघ्रम्" = आशु = स्वल्पेन कालेनेत्यर्थः । "अविघ्नेन" = अन्तरायमन्तरेण प्राप्नुवन्ति = आसादयन्ति तथा विचिन्तयेदिति वर्तते इत्ययं गाथार्थः ॥६०॥

વિવેચન : સંસાર સાગરને તરવામાં મજબૂત એવું ચારિત્રરૂપી વહાણ પ્રાપ્ત કરીને, તેના ઉપર આરોઢું = આરોહણ કરીને, તે વહાણ ઉપર ચડીને અર્થાત્ સર્વવિરતિધર્મ સ્વીકારીને નિર્વાણ નગરને કે ? કોણ પ્રાપ્ત કરે છે ? આવો કદાચ પ્રશ્ન થાય તો કહે છે કે મુનિરાજ = સાધુ-સાધ્વીજી ભગવંતો રૂપી વેપારીઓ મુક્તિનગરને પ્રાપ્ત કરે છે. મુનિ કોને કહેવાય ? આવો પ્રશ્ન થાય તો જણાવે છે કે "જગતની ત્રણે કાલની અવસ્થાને જે જાણે છે તે મુનિ કહેવાય છે. આવા શ્રેષ્ઠ ચારિત્રવાળા જે આત્માઓ છે. તે જ આત્માઓ અતિશય ચતુરાઈપૂર્વક (પોતાને લાભ વધારે થાય અને નુકસાન ઓછું થાય તે રીતે) આય અને વ્યય (લેવડ-દેવડ) કરવાપૂર્વકની પ્રવૃત્તિવાળા હોવાથી વેપારીના જેવા કહેવાય છે."

તે મુનિ રૂપી વેપારીઓ નિર્વાણનગરને જલ્દી જલ્દી પ્રાપ્ત કરે છે. તે નિર્વાણનગર કેવું છે ? તે સમજાવે છે.

ઘણા ઘણા મૂલ્યવાળાં અર્થાત્ બહુ જ કિંમતવાળાં મોંઘા મોંઘા શીલાંગોરૂપી (સદાચાર રૂપી) રત્નો છે જે નગરમાં તે મુક્તિનગરને આવા મુનિઓ તુરત જ પ્રાપ્ત કરે છે. પૃથ્વીકાય આદિ જીવોનો સંરંભ-સમારંભ અને આરંભ ઈત્યાદિ પાપોનો ત્યાગ કરવા સ્વરૂપ અને હવે કહેવાતાં છે લક્ષણો જેનાં એવાં તે ૧૮૦૦૦ અઢાર હજાર શીલાંગ રથના ભેદોરૂપી રત્નો, કારણ કે આ રત્નો એકાન્તિક અને આત્યન્તિક સુખનાં કારણો છે તે માટે સાંસારિક રત્નની તુલ્ય હોવાથી મહાન કિંમતવાળાં જે શીલાંગ રત્નો છે. તેનાથી ભરપૂર ભરેલું આ નિર્વાણનગર છે.

તેવા પ્રકારના રત્નોથી જ ભરપૂર ભરેલા એવા આ નિર્વાણનગરને અથવા સિદ્ધિ નામના શહેરને (અથવા પાઠાન્તરથી પરિનિર્વાણ નામના નગરને) જલ્દી જલ્દી થોડાક જ કાળમાં આ જીવ પ્રાપ્ત કરે છે. થોડાક જ કાળમાં આ જીવ પહોંચી જાય છે. એટલું જ બસ નથી પરંતુ અવિઘ્નેન = વિઘ્નો વિના એટલે કે કોઈ પણ જાતના અંતરાય વિના આવા ચારિત્રરૂપી વહાણમાં બેઠેલા જીવો તે મુક્તિનગરને તુરત જ પ્રાપ્ત કરે છે.

આવા મહાત્મા મુનિઓ રૂપી વેપારીઓ લાભાલાભની પ્રવૃત્તિને બરાબર જાણનારા ૧૮૦૦૦ અઢાર હજાર શીલાંગરથના ભેદોરૂપી મહાન કિંમતી રત્નોથી ભરપૂર ભરેલા એવા મુક્તિનગરને વિઘ્નવિના જલ્દી જલ્દી પ્રાપ્ત કરે છે. સ્વાધીન કરે છે. આવી આવી ભાવનાઓ ભાવવી. તેને ધર્મધ્યાન કહેવાય છે. આ પ્રમાણે આ ગાથાનો ભાવાર્થ સમજાવ્યો. ॥૬૦॥

અવતરણ : તે મુક્તિનગર કેવું છે ? જેમાં બહુ જ કિંમતી રત્નોનો જ વેપાર થાય છે એવા અનંત અનંત ગુણોરૂપી રત્નો જ્યાં છે. તે મુક્તિનગર કેવું છે ? તે હવે સમજાવે છે :-

तत्थ य तिरयणविणिओगमइयमेगंतियं निराबाहं ।
साभावियं निरुवमं जह सोक्खं अक्खयमुवेंति ॥६१॥

ગાથાર્થ : તે મુક્તિનગરમાં ગયેલા જીવો સમ્યગ્દર્શનાદિ ત્રણ રત્નોનો વિનિયોગ કરવારૂપ (તેના ઉપયોગમાં જ પરિણામ પામવા સ્વરૂપ વેપાર કરવા દ્વારા) એકાન્તિક અને આત્યંતિક તથા નિરાબાધ (કોઈપણ જાતની નથી પીડાઓ જેમાં એવું) તથા સ્વાભાવિક-નિરૂપમ અને અક્ષત (અખંડિત) એવું મુક્તિસુખ આ જીવ પ્રાપ્ત કરે છે. ॥૬૧॥

ટીકા : "तत्र च" = परिनिर्वाणपुरे "त्रिरत्नविनियोगात्मकम्" इति = त्रीणि रत्नानि = ज्ञानादीनि विनियोगश्चैषां क्रियाकरणं । ततः प्रसूतेस्तदात्मकमुच्यते । तथा "एकान्तिकम्" इत्येकान्तभावि

"निराबाधम्" = इत्याबाधारहितं, "स्वाभाविकं" = न कृत्रिमं, "निरुपमम्" = उपमातीतमिति । उक्तं च ? "नवि अत्थि माणुसाणं तं सोक्खम् इत्यादि, "यथा" येन प्रकारेण सौक्ख्यं प्रतीतम् "अक्षयम्" अपर्यवसानम् "उपयान्ति" = सामीप्येन प्राप्नुवन्ति । क्रिया प्राग्वदिति गाथार्थः ॥६१॥

विवेचन : જે મુનિવર પુરૂષોરૂપી વેપારીઓ રત્નોની લેવડ-દેવડ કરવા દ્વારા મુક્તિનગરમાં જાય છે તે મુક્તિનગર કેવું છે ? તેનું વર્ણન આ ગાથામાં જણાવે છે :-

"तत्र च" = તે મુક્તિનગરમાં દર્શન-જ્ઞાન અને ચારિત્ર એમ રત્નત્રયીનો જ વિશેષે વિશેષે વેપાર છે. અર્થાત્ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એમ રત્નત્રયીના જ ઉપયોગમાં વર્તવા સ્વરૂપ,તે ત્રણ ગુણોમાં જ લયલીનતા સ્વરૂપ ક્રિયા કરવાપણું ત્યાં વર્તે છે. મન-વચન અને કાયાની યોગાત્મક ક્રિયા ત્યાં સંભવતી નથી, તેથી જ કર્મનો બંધ થતો નથી. પરંતુ રત્નત્રયીના ઉપયોગમાં વર્તવા સ્વરૂપ ક્રિયા છે. અને તે આત્મગુણ હોવાથી કર્મબંધનું કારણ બનતો નથી.

આવા પ્રકારની આ રત્નત્રયીમાંથી જ છે ઉત્પત્તિ જેની એવું આ મુક્તિનગર તદાત્મક છે અર્થાત્ રત્નત્રયીના જ નિરંતર ભોગવટા સ્વરૂપ છે જ્યાં રત્નત્રયીનો જ ઉપયોગ એટલે કે વપરાશ છે. પરંતુ જરા પણ વિપર્યાસ વિપરીતબુદ્ધિ કે મોહાત્મક વિકારી બુદ્ધિ જ્યાં બીલકુલ નથી. તેવું આ મુક્તિનગર છે.

પ્રશ્ન : આ મુક્તિનગરમાં શરીર નથી. ઈન્દ્રિયો નથી. સ્ત્રી આદિ ભોગનાં સાધનો નથી. તો ત્યાં સુખ કેવી રીતે હોય ? અને તે સુખ કેવું હોય ?

ઉત્તર : સંસારનું પાંચ ઈન્દ્રિયજન્ય જે વિષય સુખ છે. તે તો ઘણી જ ઉપાધિઓથી ભરપૂર ભરેલું છે. તેથી વાસ્તવિક સુખ જ નથી. જ્યાં સુખ થોડું હોય અને દુઃખ ઘણું હોય તે સુખ જ કહેવાતું નથી. પરંતુ મુક્તિનગરનું સુખ આવું નથી. પરંતુ (૧) એકાન્તિક, આત્યન્તિક (૨) નિરાબાધ, (૩) સ્વાભાવિક, (૪) નિરૂપમ અને (૫) અક્ષત એવું અનુપમ પાંચ વિશેષણો વાળું આ સુખ છે. તે બધા પદોનો ભાવાર્થ આ પ્રમાણે છે :-

(૧) **એકાન્તિક અને આત્યન્તિક** - કેવળ એકલું સુખ જ છે. પરંતુ લવલેશ માત્ર પણ દુઃખ નથી. તેથી એકાન્તિક એટલે એકલું સુખ જ છે પણ સુખ-દુઃખનું જોડકું નથી. સાદિ-અનંતકાળ સુધી કેવળ એકલું સુખ જ છે. તેથી એકાન્તિક. વળી ક્યારેય પણ ચાલ્યુ જવાનું નથી કે હાનિ પામવાનું પણ નથી. સદાકાળ આવું ને આવું જ ક્ષાયિક ભાવના ગુણોનું જ સુખ વર્તે છે. તથા તે ગુણો ક્ષાયિકભાવના હોવાથી આત્યન્તિક ગુણો છે તેથી આ સુખ પણ આત્યન્તિક છે. તેવા ગુણોનું સુખ અવાચ્ય જ હોય છે.

(૨) निराबाधम् = કોઈ પણ જાતની પીડા જેમાં નથી એવું આ સુખ છે. સાંસારિક સુખમાં ઘણાં ઘણાં બીજાં દુઃખો પણ હોય જ છે. જેમ કે પૈસાનું સુખ હોય તો લેણા-દેણાનું દુઃખ હોય છે. સમયસર પૈસા આવ્યા કે ન આવ્યા તેનું ટેન્શન હોય છે છતાં ક્યારેક નથી પણ આવતા અને દેવું હોય તે ભરવું જ પડે છે.

તથા ક્યારેક પૈસાનું સુખ હોય છે તો શરીરનું દુઃખ હોય છે. બ્લડપ્રેસર, ડાયબીટીશ, લકવા વિગેરે રોગોથી ઘેરાયેલું શરીર હોઈ શકે છે અને ધારો કે પૈસાનું અને શરીરનું એમ બન્નેનું સુખ હોય તો પણ પતિ-પત્ની વચ્ચેના કલેશો ઘણું જ દુઃખ આપતા હોય છે. પતિ-પત્નીના સુમેળનું સુખ હોય ત્યારે આડોશ-પાડોશના સંબંધો બરાબર પ્રીતિકારક ન હોય ત્યારે તેનું દુઃખ હોય છે. આમ આ સંસારમાં સુખ થોડું જ હોય છે અને દુઃખ ઝાઝુ હોય છે. જ્યારે મુક્તિનું સુખ બધી જ પીડાઓથી રહિત છે. તે માટે નિરાબાધ જ હોય છે.

(૩) स्वाभाविकम् = મુક્તિનગરમાં આત્માના ગુણોની રમણતાનું જ સુખ છે કે જે સુખ સ્વાભાવિક કહેવાય છે. પરંતુ પરપ્રત્યયિક સુખ નથી. પરપ્રત્યયિક જે સુખ છે તે તો વિકારો કરનારું, કર્મ બંધાવનારું અને સંસાર વધારનારું છે તથા જન્મ-મરણની પરંપરા વધારનારું છે. આત્માના ગુણોનું જે સુખ છે તે સદાકાળ રહેનારું છે. એક પણ રૂપિયાનો ખર્ચ જ ન કરવો પડે તથા જરા પણ વિકારીભાવો ન આવે તેવું કર્મબંધ વિનાનું સુખ છે. પરંતુ કૃત્રિમ કે ઉપરછલ્લું આ સુખ નથી. પારમાર્થિક સુખ છે.

(૪) निरुपमम् = આ સંસારમાં એવી કોઈ પણ વસ્તુ નથી કે જેની સાથે મુક્તિસુખ સરખાવી શકાય અને સમજાવી શકાય. તથા તેવું એક પણ ઉદાહરણ નથી. કારણ કે સંસારમાં જે કોઈ સુખનાં સાધનો છે તે પૌદ્ગલિક છે અને તે પુદ્ગલોમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાતા જ રહે છે. સવારનું લાવેલું દૂધ સાંજે જ ઘણીવાર ફાટી જાય છે. પીવા યોગ્ય રહેતું નથી. સવારની કરેલી રસોઈ સાંજે જ ઠંડી અને જોવી પણ ન ગમે તેવી થઈ જાય છે. માટે આ સંસારનું સુખ ક્ષણિક માત્ર જ છે. મુક્તિનું સુખ સાદિ-અનંતકાળ સુધી રહેવાવાળું છે. અને સદાકાળ તાજું જ હોય છે.

શાસ્ત્રોમાં જ કહ્યું છે કે મુક્તિના જીવોને જેવું સુખ છે તેવું સુખ મનુષ્યના જીવોને પણ નથી. (તો નારકી અને તિર્યંચોને તો હોય જ ક્યાંથી ?) તથા વળી મુક્તિનગરીના જીવોનું સુખ કેવું છે ? તે સમજાવે છે કે :-

अक्षयम् = અક્ષત = ક્યારેય નાશ નહી પામનારું, કારણ કે સર્વ કર્મોનો ક્ષય કરેલો હોવાથી હવે કર્મોનો ઉદય થવાનો જ નથી. જેથી પાપોદય ન હોવાથી અને કર્મોનો સંપૂર્ણ ક્ષય થયેલ હોવાથી આ સુખ નાશ ન પામે તેવું છે. માટે અક્ષયવાળું છે. સદાકાળ રહેવાવાળું

અને ક્યારેય હાનિ ન પામનારું આ સુખ છે. આ પ્રમાણે આ મુક્તિનગરીનું સુખ એકાન્તિક, નિરાબાધ, સ્વાભાવિક, નિરૂપમ તથા અક્ષત સુખ છે. અને તે આવું અનુપમ સુખ તે મહાપુરૂષોને હોય છે. ॥૬૧॥

किं बहुणा ? सव्वं चिय, जीवाइपयत्थवित्थरोवेयं ।
सव्वनयसमूहमयं, झाएज्जा समयसब्भावं ॥६२॥

ગાથાર્થ : ઘણું શું કહીએ ? જીવ-અજીવ આદિ સર્વે પણ પદાર્થોના વિસ્તારપૂર્વકના વર્ણનથી યુક્ત એવું તથા સર્વનયોના સમૂહાત્મક એવું તથા શાસ્ત્રોના યથાર્થ સદ્‌ભાવવાળું એવું મુક્તિસુખ છે એમ જાણવું. અને તેનું ચિન્તન કરવું. ॥૬૨॥

टीका : किं बहुना भाषितेन ? "सर्वमेव" निरवशेषमेव "जीवादिपदार्थविस्तरोपेतं" जीवाऽजीवाऽऽश्रव-बन्ध-संवर-निर्जरा-मोक्षाख्यपदार्थप्रपञ्चसमन्वितं समयसद्‌भावमिति योगः । किंविशिष्टं - सर्वनयसमूहात्मकं द्रव्यास्तिकादिनयसङ्घातमयमित्यर्थः "ध्यायेत्" विचिन्तयेदिति भावना । "समयसद्‌भावं" = सिद्धान्तार्थमिति हृदयम् । अयं गाथार्थः ॥६२॥

विवेचन : ઘણું શું કહીએ ? આ સંસાર એ સાગર સમાન છે. તેને તરવા માટે ચારિત્ર એ વહાણ છે. સમ્યગ્‌દર્શન એ શ્રેષ્ઠ બંધન છે. સમ્યગ્‌જ્ઞાન એ કર્ણધાર છે. સંવર એ વહાણને નિશ્છિદ્ર રાખનાર છે. તપ ગુણરૂપી પવન વહાણને વેગે વેગે ચલાવનાર છે. વૈરાગ્ય એ માર્ગદર્શક છે. ગમે તેવાં દુર્ધ્યાનો રૂપી મોજાઓથી કંપાયમાન ન થાય તેવું આ વહાણ છે. તે વહાણ ઉપર આરૂઢ થઈને મુનિ મહારાજા રૂપી વેપારીઓ મહાન કિંમતી અઢાર હજાર શીલાંગરથ રૂપી બહુ જ કિંમતી રત્નોથી ભરપૂર ભરેલું જે નિર્વાણનગર છે તે નગરને આ વહાણ શીઘ્રમાં શીઘ્ર ગતિથી નિર્વિઘ્ને પ્રાપ્ત કરે છે.

ત્યાં પહોંચેલા આ મુનિવર રૂપી વાણીયા જ્ઞાનાદિ ત્રણ ગુણો રૂપી રત્નોનો વેપાર કરવા સ્વરૂપ એકાન્તિક નિરાબાધ સ્વાભાવિક નિરૂપમ અને અખંડિત એવા સુખને પ્રાપ્ત કરે છે. આથી વધારે શું કહીએ ? આ સ્થાન પ્રાપ્ત કરવા માટે જીવ-અજીવ આદિ શાસ્ત્રમાં જણાવેલા સર્વે પદાર્થોને વિસ્તારપૂર્વક યથાર્થ રીતે વિચારવાં. સર્વ નયના સમૂહાત્મક એવા આગમ શાસ્ત્રોના સદ્‌ભાવને (સારને) ઘણા ઊંડા ચિંતન-મનનપૂર્વક વિચારવો. દ્રવ્યાસ્તિક નયથી પદાર્થોનું સ્વરૂપ કેવું છે ? અને પર્યાયાર્થિક નયથી જગતનું સ્વરૂપ કેવું છે ? તે વિચારવું.

ઊંડા ઊંડા તત્ત્વોની વિચારણા કરવી તથા સિદ્ધાન્તના અર્થોનુ ઊંડું અવગાહન કરવું એ જ ધ્યાન કરવા યોગ્ય (ધ્યાતવ્ય) છે. તે જ આત્મકલ્યાણને કરનારું છે. કાયોત્સર્ગ મુદ્રાએ ઊભા રહીને દ્રવ્ય-ગુણ-પર્યાયની તથા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ આ ત્રિપદીનું જે ચિંતન-મનન કરવું તે ધ્યાનદશા જ નિર્વાણનગરમાં લઈ જનાર છે.

ઉપર મુજબ ગ્રંથકારશ્રીનો આપણને શ્રોતાવર્ગને હિતકારી ઉપદેશ છે. તેનો શક્ય બને તેટલો વધારે જીવનમાં અમલ કરવો, સ્વીકાર કરવો અને આ માનવજીવનને રત્નત્રયીની સાધનામય બનાવી દેવો તો તેનાથી આજે પણ વાયા મહાવિદેહ દ્વારા આ નિર્વાણનગરમાં પહોંચી શકાય છે.

આ પ્રમાણે આ ગાથાનો સાર છે. ધર્મધ્યાનનું વર્ણન હવે પૂર્ણ થવા આવે છે તેથી આવી વિચારણા કરવી. ચિંતવણા કરવી એ જ સાચો પુરૂષાર્થ છે. માનવજીવનની સફળતા છે તેનાથી જ નિર્વાણનગરમાં જઈ શકાય છે. માટે આ જ તેનો ધોરીમાર્ગ છે. ॥૬૨॥

અવતરણ : गतं ध्यातव्य द्वारं । साम्प्रतं येऽस्य ध्यातारस्तान् प्रतिपादयन्नाहः - આ પ્રમાણે ધ્યાતવ્ય નામનું જે દ્વાર કહેવાનું હતું. તે સમાપ્ત થયું. હવે આ ધર્મધ્યાનનું જે લોકો ધ્યાન કરનારા છે તે વિશેષ ધ્યાતા દ્વારને સમજાવે છે :-

सव्वपमायरहिया, मुणओ खीणोवसंतमोहा य ।
झायारो नाणधणा, धम्मज्झाणस्स निद्दिट्ठा ॥६३॥

ગાથાર્થ : સર્વ પ્રકારના પ્રમાદ વિનાના અપ્રમત્તમુનિઓ તથા ક્ષીણમોહ અને ઉપશાન્ત મોહમાં વર્તનારા મુનિઓ કે જે જ્ઞાનરૂપી ધનથી ભરપૂર ભરેલા છે તેવા મહાત્માઓ જ (૭ થી ૧૨ ગુણસ્થાનકમાં વર્તનારા જ જીવો) આ ધર્મધ્યાનના ધ્યાતા છે. ॥૬૩॥

ટીકા : प्रमादाः - मद्यादयः, यथोक्तम् - "मज्जं विसयकसाया निद्दा विकहा य पंचमी भणिया" सर्व प्रमादैः रहिताः सर्वप्रमादरहिताः । अप्रमादवन्त इत्यर्थः, "मुनयः" = साधवः "क्षीणोपशान्तमोहाश्च" = इति क्षीणमोहाः = क्षपकनिर्ग्रन्थाः उपशान्तमोहाः = उपशामकनिर्ग्रन्थाः । चशब्दादन्ये वाऽप्रमादिनः । "ध्यातारः" = चिन्तकाः । धर्मध्यानस्येति सम्बन्धः । ध्यातार एव विशेष्यन्ते = "ज्ञानधनाः" = ज्ञानवित्ताः विपश्चित इत्यर्थः, "निर्दिष्टाः" = प्रतिपादितास्तीर्थकर-गणधरैरिति गाथार्थः ॥६३॥

વિવેચન : "મદ્યપાન (દારૂનું પાન કરવું) વગેરે પાંચ પ્રકારના પ્રમાદ જૈનશાસ્ત્રોમાં કહેલા છે તેનો સાક્ષીપાઠ આ પ્રમાણે છે. "मज्जं विसयकसाया निद्दा विकहा य पंचमी भणिया" = (૧) દારૂ પીવો આ પ્રથમ પ્રમાદ, (૨) પાંચ ઈન્દ્રિયોના વિષયો સેવવા. વિષયોમાં આસક્ત થવું. આ બીજો પ્રમાદ, (૩) ક્રોધ-માન-માયા અને લોભ એ ચાર કષાયો તથા અનંતાનુબંધી આદિના ભેદથી ૧૬ કષાયો કરવા તે ત્રીજો પ્રમાદ, (૪) નિદ્રા કરવી. સામાન્ય નિદ્રા કે વિશેષ નિદ્રા એ ચોથો પ્રમાદ, (૫) રાજ્યકથા, ભક્તકથા, સ્ત્રીકથા અને દેશકથા વિગેરે ચાર પ્રકારની જે વિકથાઓ કરવી તે પાંચમો પ્રમાદ."

આ ધર્મધ્યાનને કરનારા મહાત્માઓ ઉપરોક્ત પાંચે પ્રકારના પ્રમાદથી રહિત હોય છે. અર્થાત્ સાવધાન હોય છે. સર્વ પ્રકારના પ્રમાદથી રહિત સદા જાગ્રત અને જરા પણ ભૂલ ન આવે તેના માટે સાવચેત હોય છે. અપ્રમાદયુક્ત અવસ્થાવાળા હોય છે. આવા પ્રકારના પ્રમાદ વિનાના અપ્રમત્ત ભાવવાળા અર્થાત્ સાતમા ગુણસ્થાનકવાળા એવા મુનિઓ એટલે કે સાધુઓ આ ધર્મધ્યાનના સ્વામી હોય છે, તથા ક્ષીણમોહવાળા એટલે કે ક્ષપકનિર્ગ્રન્થ મુનિઓ (મોહનો ક્ષય કરતા કરતા ઉપર ઉપર ગુણસ્થાનકોમાં આરોહણ કરતા એવા ૮ થી ૧૨ ગુણસ્થાનકવાળા મુનિઓ તથા ઉપશાન્ત મોહવાળા = મોહનો ઉપશમ કરતા કરતા ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં આરોહણ કરતા એવા ૮ થી ૧૧ ગુણસ્થાનક ઉપર વર્તતા મુનિ મહાત્માઓ આ ધર્મધ્યાનના સ્વામી જાણવા.

તથા ચ શબ્દથી અપ્રમત્ત ગુણસ્થાનકવર્તી જીવો પણ ધર્મધ્યાનના ધ્યાતા સમજવા. આ પ્રમાણે ૭ મા ગુણસ્થાનકથી ૧૨મા ગુણસ્થાનક સુધીના ઉપશમક અને ક્ષપક એમ આ બધા જીવોને ધ્યાતારઃ = ધર્મધ્યાનને કરનારા અર્થાત્ ચિન્તકાઃ = ચિંતન કરનારા મહાત્માઓ કહેવાય છે. આ પ્રમાણે અપ્રમત્ત મુનિઓ તથા ઉપશમ અને ક્ષપક શ્રેણિમાં વર્તનારા મહાત્માઓ આ ધર્મધ્યાનના સ્વામી જાણવા. અહીં ધર્મધ્યાનસ્ય આ પદનો સંબંધ જોડવો. અર્થાત્ સાધુ-સાધ્વીજીના સંબંધવાળો અને તેનાથી સાવધાન તથા જાગૃત એવો આ જીવ ધર્મધ્યાનનો સ્વામી જાણવો.

હવે આ ધ્યાન કરનારા ધ્યાતા કેવા હોય છે ? તે એક વિશેષણ કહેવા દ્વારા જણાવે છે કે "ज्ञानधनाः" ઘણા ઘણા જ્ઞાનરૂપી ધનવાળા હોય છે. અર્થાત્ જ્ઞાનરૂપી વિત્ત (ધન)વાળા વિપશ્ચિત ઘણી ઘણી કળાના જાણકાર વિદ્વાન વ્યક્તિઓ હોય છે. આવું જૈનશાસ્ત્રોમાં મહાત્મા પુરૂષોએ કહેલું છે.

"निर्दिष्टाः" ધર્મધ્યાન કરનારા મહાત્માઓ આવા હોય છે. અપ્રમત્તથી ક્ષીણમોહ સુધીના ગુણસ્થાનકવાળા તથા જ્ઞાનરૂપી વિશાળ ધનવાળા હોય છે. એમ શ્રી તીર્થંકર ભગવંતો અને શ્રી ગણધર ભગવંતો વડે કહેવાયું છે. આ પ્રમાણે આ ૬૩મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૬૩॥

अवतरण : उक्ता धर्मध्यानस्य ध्यातारः, साम्प्रतं शुक्लध्यानस्याप्याद्यभेदद्वयस्याविशेषेण एत एव यतो ध्यातार इत्यतो मा भूत्पुनरभिधेया भविष्यन्तीति लाघवार्थं चरमभेदद्वयस्य प्रसङ्गत एव तानेवाभिधित्सुराह :-

ધર્મધ્યાનનું ધ્યાન કરનારા જે જીવો છે. તે જીવો તે ધ્યાનના કર્તા સમજાવ્યા, હવે શુક્લ ધ્યાનના પણ પ્રથમના બે ભેદના કર્તા અવિશેષે (અર્થાત્ ધર્મધ્યાનની સાથે સમાનપણે) આ જ જીવો (અપ્રમત્તથી ક્ષીણમોહ સુધીના મહાત્માઓ) જ ધ્યાન કરનારા હોય છે. આ કારણથી ધર્મધ્યાનની સાથે સમાન સ્વામી હોવાથી શુક્લ ધ્યાનના પ્રથમના બે ભેદના સ્વામી

ધર્મધ્યાનની સાથે સમાન પણે જણાવે છે. પરંતુ પાછલા બે ભેદનું ધ્યાન કરનારા જે મહાપુરૂષો છે. તે કર્તાને પ્રસંગને અનુસારે કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે :-

एएच्चिय पुव्वाणं, पुव्वधरा सुप्पसत्थसंघयणा ।
दोण्ह सजोगाजोगा, सुक्काण पराण केवलिणो ॥६४॥

ગાથાર્થ : શુકલધ્યાનના પ્રથમના જે બે ભેદ છે તેનું ધ્યાન કરનારા તે જ જીવો જાણવા. (કે જે ધર્મધ્યાનના કર્તા છે તે અપ્રમત્ત ગુણસ્થાનકથી ક્ષીણમોહ ગુણસ્થાનક સુધીના મુનિવર પુરૂષો જાણવા.) પરંતુ એટલી વિશેષતા છે કે જો પૂર્વધર હોય અને સુપ્રશસ્ત એવું જે પ્રથમ વજ્ર ઋષભ નારાચ સંઘયણ છે તે સંઘયણવાળા જે જીવો હોય તે જ જાણવા અને શુકલધ્યાનના પાછલા બે ભેદના કર્તા (અનુક્રમે) સંયોગી અને અયોગી કેવલી ભગવંતો જાણવા. ॥૬૪॥

ટીકા : "एत एव" = येऽनन्तरमेव धर्मध्यानध्यातार उक्ताः, "पूर्वयोः" इत्याद्ययोः शुक्लध्यानभेदयोः पृथक्त्व वितर्कसविचारमेकत्वितर्कमविचारमित्यनयोः "ध्यातार" इति गम्यते । अयं पुनर्विशेषः - "पूर्वधराः" = चतुर्दशपूर्वविदस्तदुपयुक्ताः । इदं च पूर्वधरविशेषणमप्रमादवतामेव वेदितव्यं, न निर्ग्रन्थानां । माषतुष - मरुदेव्यादीनामपूर्वधराणामपि तदुपपत्तेः । "सुप्रशस्तसंहननाः" - इत्याद्यसंहननयुक्ताः । इदंपुनरोघत एव विशेषणमिति । तथा "द्वयोः" शुक्लयोः परयोः - उत्तरकालभाविनोः प्रधानयोर्वा सूक्ष्मक्रियानिवृत्तिव्युपरतक्रियाऽप्रतिपातिलक्षणयोर्यथासङ्ख्यं सयोगायोगकेवलिनो ध्यातार इति योगः । एवं च गम्मए -

"सुक्कज्झाणाइदुगं वोलीण्णस्स तत्तियमप्पत्तस्स एयाए झाणंतरियाए वट्टमाणस्स केवलणाणमुप्पज्जइ केवली य सुक्कलेसोऽज्झाणीय जाव सुहुमकिरियमनियट्टित्ति गाथार्थः" ॥६४॥

विवेचन : શુકલધ્યાનના ચાર ભેદ છે. (૧) પૃથકત્વવિતર્ક સવિચાર, (૨) એકત્વવિતર્ક અવિચાર, (૩) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી, (૪) વ્યુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી. તે ચાર ભેદમાંથી પ્રથમના જે બે ભેદ છે. પૃથકત્વ વિતર્ક સવિચાર અને એકત્વ વિતર્ક અવિચાર. આ બન્ને ભેદનું ધ્યાન કરનારા જીવો एत एव = આ જ મુનિવર પુરૂષો હોય છે કે જે ધર્મધ્યાનના ધ્યાતા છે. તે જ ૭ થી ૧૨ ગુણસ્થાનકવર્તી મુનિરાજ જ તેના સ્વામી જાણવા. જે હમણાં જ ધર્મધ્યાનના ધ્યાતા તરીકે કહ્યા છે. તે જ મુનિરાજ શુકલધ્યાનના પ્રથમ બે ભેદના ધ્યાતા પણ છે. તેમાં ફક્ત આટલી જ વિશેષતા છે કે જે "પૂર્વધર" અને સુપ્રશસ્ત સંઘયણથી યુક્ત આવા પ્રકારનાં આ બે વિશેષણ શુકલધ્યાનમાં સમજી લેવાં.

સારાંશ કે ધર્મધ્યાનના ધ્યાતા જેમ મુનિરાજ છે કે જે ૬ થી ૧૨ ગુણસ્થાનકવાળા છે તે જ મુનિરાજ શુકલધ્યાનના પણ ધ્યાતા હોય છે. પરંતુ શુકલધ્યાનના ધ્યાતા પૂર્વધર

અને વજ્રઋષભ નારાચ નામના સુપ્રશસ્ત એવા પ્રથમ સંઘયણવાળા મહાત્મા પુરૂષો જ હોય છે તેમાં પણ જે "પૂર્વધર" વિશેષણવાળા મુનિમહાત્માઓ શુક્લધ્યાનના ધ્યાતા હોય છે તે નિયમા અપ્રમત્ત મુનિરાજ જ હોય છે. અર્થાત્ ૭ થી ૧૨ ગુણસ્થાનકવર્તી જ હોય છે. પરંતુ સામાન્ય નિર્ગ્રન્થ મુનિઓ (એટલે ૬ઠ્ઠા ગુણસ્થાનકવર્તી મુનિરાજ) શુક્લધ્યાનના ધ્યાતા હોતા નથી. તેઓ ધર્મધ્યાનથી જ કેવલજ્ઞાન પ્રાપ્ત કરનારા બને છે.

જેમ કે માષતુષમુનિ અને મરૂદેવા માતા આ જીવો પૂર્વધર ન હતા. તેથી શુક્લધ્યાનના ધ્યાતા ન હતા. પરંતુ અપૂર્વધર હોતા છતા ધર્મધ્યાનના બળે જ તેઓને કેવળજ્ઞાન અને કેવળદર્શનની ઉત્પત્તિ થયેલી છે. એટલે શુક્લધ્યાનના પ્રથમના બે ભેદ પૂર્વધરને જ હોય છે. અને આવા માષતુષમુનિ-મરૂદેવામાતા-પન્નરસો તાપસ વિગેરે મહાપુરૂષોએ શુક્લધ્યાન વિના ધર્મધ્યાનથી જ ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈને કેવલજ્ઞાન પ્રાપ્ત કરેલું છે આટલી વિશેષતા જાણવી.

સારાંશ કે "પૂર્વધર" એવું જે વિશેષણ છે. તે શુક્લધ્યાનવાળા મહાત્માઓ માટે જાણવું પરંતુ કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા સર્વજીવો માટે ન જાણવું પરંતુ પ્રથમ સંઘયણવાળા એવું જે બીજું વિશેષણ છે તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા (પૂર્વધર હોય કે અપૂર્વધર હોય પરંતુ) તે બધા જીવો માટે સમાનપણે જાણવું.

એટલે કે પ્રથમ સંઘયણયુક્ત આ વિશેષ ઓઘથી અર્થાત્ સામાન્યથી સર્વે પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા જીવોમાં જાણવું અને પૂર્વધર વિશેષણ સર્વમાં ન જાણવું.

સારાંશ કે "પૂર્વધર" એવું જે શુક્લધ્યાનમાં વિશેષણ છે તે કેવલજ્ઞાન પ્રાપ્ત કરનારા સર્વ જીવોમાં ન જોડવું. અપૂર્વધર એવા જીવો પણ માષતુષમુનિ આદિ ધર્મધ્યાનના બળે પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શક્યા છે. અને આવા જીવો પ્રાપ્ત કરે પણ છે. પરંતુ પ્રથમ સંઘયણવાળા આ વિશેષણ પૂર્વધર અને અપૂર્વધર તમામ જીવોમાં જોડવું. કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા સર્વે પણ જીવો ભલે પૂર્વધર હોય કે પૂર્વધર ન હોય તે સર્વમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા પ્રથમ સંઘયણવાળા તો હોય જ છે.

હવે શુક્લધ્યાનના પાછલા બે ભેદ (૧) સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી અને (૨) વ્યુપરત ક્રિયા અનિવૃત્તિ આ બે ભેદના સ્વામી જણાવે છે :-

द्वयोः शुक्लयोः परयोः = શુક્લધ્યાનના પાછલા બે ભેદના સ્વામી, ટીકામાં લખેલા परयोः શબ્દના બે અર્થ છે. (૧) એક અર્થ એ છે કે ઉત્તરકાલ ભાવી અર્થાત્ પાછલા કાળમાં જ આવનારા અર્થાત્ સયોગી કેવલી ગુણસ્થાનકના ચરમકાળે અથવા તેના પછીના કાળે આવનારા એવા બે ભેદ, અથવા (૨) અતિશય પ્રધાન = નિકટમાં જ મુક્તિપદ પ્રાપ્ત

કરાવનારા એવા છેલ્લા બે ભેદના સ્વામી એટલે કે સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી અને વ્યુપરતક્રિયા અનિવૃત્તિ એ નામના બે ધ્યાનના સ્વામી અનુક્રમે સયોગી કેવલી ભગવાન પોતાના ગુણઠાણાના અન્તિમકાળમાં વર્તતા હોય ત્યારે, તથા બીજા ભેદના અયોગી કેવલી ભગવાન સ્વામી જાણવા. આ બન્ને પરમાત્મા બન્ને ભેદના અનુક્રમે ધ્યાતા છે.

ઉપર કહેલી ચર્ચાથી નીચે મુજબ ભાવાર્થ જણાય છે કે જે પરમાત્મા કેવલજ્ઞાની બન્યા છે. તે પરમાત્મા શુક્લધ્યાનના પ્રથમ બે ભેદને ઓળંગી ગયા છે. પરંતુ તે જ શુક્લધ્યાનના ત્રીજા ભેદને પામ્યા નથી. એવી વચ્ચેની દશામાં વર્તનારા અર્થાત્ તેનો અર્થ ધ્યાનાન્તરિકા દશા (ધ્યાનના વિરહવાળી દશા)માં વર્તનારા છે અને સયોગી કેવલી અવસ્થા પણ આ જ ધ્યાનાન્તરિકા દશામાં પસાર કરે છે તે કારણથી આ કેવલજ્ઞાની મહાત્મા શુક્લલેશ્યાવાળા છે. પરંતુ ધ્યાનના વિરહવાળા બનીને સયોગી કેવલી અવસ્થા પસાર કરે છે. તેના અન્તિમકાળમાં સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ નામના શુક્લધ્યાનના ત્રીજા પાયામાં પ્રવેશ કરે છે આ પ્રમાણે આ ગાથાનો અર્થ જાણવો. ॥૬૪॥

અવતરણ : उक्तमानुषङ्गिकम्, इदानीं अवसरप्राप्तमनुप्रेक्षाद्वारं व्याचिख्यासुरिदमाह :- પ્રાસંગિક કેટલીક વાત સમજાવી. હવે અવસર ઉપર આવેલું. અનુપ્રેક્ષા નામનું દ્વાર સમજાવીશું –

झाणोवरमेवि मुणी णिच्चमणिच्चाइभावणापरमो ।
होइ सुभावियचित्तो धम्मज्झाणेण जो पुव्विं ॥६५॥

ગાથાર્થ : જે મુનિમહારાજા પૂર્વકાળમાં સદાકાળ ધર્મધ્યાન વડે અનિત્ય આદિ ભાવનાઓ ભાવવામાં પરમશ્રેષ્ઠ ભાવયુક્ત હોય છે તે મુનિમહારાજા અનિત્યાદિ સારી ભાવનાઓથી ભાવિત ચિત્તવાળા થયા છતા ધ્યાનના ઉપરમકાલે પણ સદાકાળ સ્વભાવમગ્ન જ હોય છે. ॥૬૫॥

ટીકા : इह ध्यानं धर्मध्यानमभिगृह्यते । तदुपरमेऽपि = तद्विगमेऽपि "मुनिः" = साधुः "नित्यं" = सर्वकालमनित्यादिचिन्तनापरमो भवति । आदिशब्दादशरणैकत्वसंसारपरिग्रहः । एताश्च द्वादशानुप्रेक्षा भावयितव्याः ।

इष्टजनसम्प्रयोगर्द्धिविषयसुखसम्पदस्तथारोग्यम् ।
देहश्च यौवनं जीवितं च सर्वाण्यनित्यानि ॥१॥

जन्मजरामरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र, नास्ति शरणं क्वचिल्लोके ॥२॥

एकस्य जन्ममरणे गतयश्च शुभाशुभा भवावर्ते ।
तस्मादाकालिकहितमेकेनैवात्मनः कार्यम् ॥३॥

अन्योऽहं स्वजनात्परिजनाच्च विभवाच्छरीरकाच्चेति ।
यस्य नियता मतिरियं न बाधते तं हि शोककलिः ॥४॥

अशुचिकरणसामर्थ्यादाद्युत्तरकारणाशुचित्वाच्च ।
देहस्याशुचिभावः स्थाने स्थाने भवति चिन्त्यः ॥५॥

माता भूत्वा दुहिता, भगिनी भार्या च भवति संसारे ।
व्रजति सुतः पितृतां भ्रातृतां पुनः शत्रुतां चैव ॥६॥

વિવેચન : અહીં મૂલગાથામાં લખેલા ધ્યાનોપરમેઽપિ આ શબ્દમાં જે ધ્યાન એવું પદ છે ત્યાં ધર્મધ્યાન સમજવું. તે ધર્મધ્યાન સમાપ્ત થવા આવે તો પણ તે મુનિવર ધર્મધ્યાન સમાપ્ત થયે છતે નિત્ય તથા "अनित्य" = અનિત્ય વિગેરે ભાવનાઓ ભાવવામાં અર્થાત્ ચિંતવવામાં અત્યંત લયલીન થાય છે. તથા અનિત્યાદિ શબ્દમાં લખેલા આદિ શબ્દથી અનિત્ય-અશરણ-એકત્વ-સંસાર વિગેરે બાર ભાવનાઓ સમજી લેવી. આ પ્રમાણે આ મહાત્મા ઉપરોક્ત બાર ભાવનાઓ ભાવવામાં જ એકલીન થઈ જાય છે. તેનું વિશેષ વર્ણન આ પ્રમાણે છે.

સૌથી પ્રથમ અનિત્યભાવના સમજાવે છે :-

(૧) ઈષ્ટ માણસોનો સંયોગ (સગાં-વહાલાં-પતિ-પત્ની-માતા-પિતા-પુત્ર-પૌત્ર આદિનો જે સંયોગ છે. તે, (૨) ઋદ્ધિ (ધન-દોલત), (૩) પાંચ ઈન્દ્રિયોનાં વિષય સુખો, (૪) સંપત્તિ (ઘર-દુકાન વિગેરે), તથા (૫) આરોગ્ય (નિરોગીપણું), (૬) શરીર, (૭) યૌવન, (૮) જીવન, આ સર્વે ભાવો ક્ષણભંગુર છે અર્થાત્ ક્યારે ચાલ્યા જાય તે કંઈ નક્કી નથી. માટે સર્વકાળે આ સઘળા ભાવો અનિત્ય છે. (૧)

જન્મ-ઘડપણ અને મરણ તથા ભયો વડે પરાભવ પામેલા એવા આ સંસારમાં તથા વ્યાધિ અને વેદનાઓથી ભરપૂર ભરેલા એવા આ સંસારમાં જિનેશ્વર પરમાત્માના વચનો વિના અન્ય કોઈ પણ શરણ બનતું નથી. માટે જિનેશ્વર પરમાત્માનાં વચનોનો જ વધારે વધારે આધાર સ્વીકારવો. એ જ કલ્યાણકારી માર્ગ છે. (૨)

એકના એક જીવને જન્મ અને મરણ બન્ને અવસ્થાઓ આવે છે. તથા આ ભવરૂપી ચક્રાવામાં એકના એક જીવને શુભ અને અશુભ એમ બન્ને પ્રકારની ગતિ પ્રાપ્ત થાય છે તેથી આ આત્માએ યાવચ્ચંદ્રદિવાકર સુધી કેવળ એક હિતકારી કાર્ય જ કરવું જોઈએ. કારણ કે તે જ આ આત્માનું કલ્યાણ કરનાર તથા હિત કરનાર તત્ત્વ છે. (૩)

હું, મારા પોતાના સ્વજનોથી (કુટુંબીજનોથી), પરિવારજનોથી (કાકા-મામા-માસા આદિથી) વૈભવથી (ધન-દોલતથી) તથા પોતાના શરીરથી સદાકાળ અન્ય છું. અને અન્ય

જ રહેવાનો છું. આવી નિત્ય બુદ્ધિ જેની હોય છે તેને શોકરૂપી કલિ (કલિયુગ અથવા શોકરૂપી + અગ્નિ) પીડા કરતો નથી. (૪)

(માતા-પિતાના રૂધિર અને શુક્રરૂપ અશુચિમય કારણોના સામર્થ્યથી બનેલો આ દેહ છે. તથા દિન-પ્રતિદિન મળ-મૂત્ર-રોગ અને શોકનું ઘર હોવાથી ઉત્તરકાળમાં અશુચિનું જ કારણ છે. આ પ્રમાણે ડગલે અને પગલે આ અશુચિમય છે આમ પ્રદિદિન વિચારવું. જેથી શરીરની મમતા ઓછી થાય. (૫)

આ સંસારમાં માતા જ મૃત્યુ પામીને પુત્રી, બેન, પત્ની વિગેરે અનેક પર્યાય પામનાર બને છે એવી જ રીતે પુત્ર પણ મૃત્યુ પામીને પિતાપણું, ભાઈપણું અને શત્રુપણું પણ પામે છે. આવો આ સંસાર છે. (૬)

આપણે આગળ પાછળ પર્યાયને જાણતા નથી. તેથી જ ઘણો રાગ અને દ્વેષ કરીએ છીએ. હકીકતથી વૃક્ષ ઉપર સાથે મળેલા પક્ષીઓના મેળાની જેમ આ કૌટુંબિક સંબંધો છે. મૃત્યુ બાદ એક પાત્ર ક્યાંય જાય છે અને બીજું પાત્ર ક્યાંય જાય છે. કોઈનો કોઈની સાથે મેળ રહેતો નથી. તથા સંબંધો પણ યાદ આવતા નથી. માટે હે જીવ ! ઘણી મમતા કરવી નિરર્થક છે. ॥૬॥

ટીકા : (છઠ્ઠા શ્લોક પછીથી સાતમા શ્લોકથી ચાલુ....)

मिथ्यादृष्टिरविरतः प्रमादवान् यः कषायदण्डरुचिः ।
तस्य तथास्रवकर्मणि यतेम तन्निग्रहे तस्मात् ॥७॥

या पुण्यपापयोरग्रहणे वाक्कायमानसी वृत्तिः ।
सुसमाहितो हितः, संवरो वरददेशितश्चिन्त्यः ॥८॥

यद्वद्विशोषणादुपचितोऽपि यत्नेन जीर्यते दोषः ।
तद्वद्कर्मोपचितं निर्जरयति संवृतस्तपसा ॥९॥

लोकस्याधस्तिर्यग्विचिन्तयेदूर्ध्वमपि च बाहल्यम् ।
सर्वत्र जन्ममरणे रुपिद्रव्योपयोगांश्च ॥१०॥

धर्मोऽयं स्वाख्यातो, जगद्धितार्थं जिनैर्जितारिगणैः ।
येऽत्र रतास्ते संसारसागरं लीलयोत्तीर्णाः ॥११॥

मानुष्यकर्मभूम्यार्यदेशकुलकल्पितायुरुपलब्धौ ।
श्रद्धाकथकश्रवणेषु सत्स्वपि सुदुर्लभा बोधिः ॥१२॥

(प्रशमरतिप्रकरणे श्लोक १५१ थी १६२)

इत्यादिना ग्रन्थेन फलं चासां सचित्तादिष्वनभिष्वङ्गभवनिर्वेदाविति भावनीयम् ।

अथ किंविशिष्टोऽनित्यादिचिन्तनापरमो भवतीत्यत आह - "सुभाषितचित्तः" = सुभाषितान्तःकरणः । केन ? - "धर्मध्यानेन" प्राग्निरुपितशब्दार्थेन "यः" कश्चित् "पूर्वम्" आदाविति गाथार्थः ॥६५॥

विवेचन : મિથ્યાદૃષ્ટિ જીવ, અવિરતિ જીવ, પ્રમાદવાળો જીવ તથા કષાયો અને મન દંડ - વચન દંડ અને કાય દંડમાં ઓતપ્રોત બનેલો જે જીવ છે તે જીવને આશ્રવની ક્રિયામાં જ રચ્યા - પચ્યા રહેવું ગમે છે. તેવા જીવને સાચી સમજણ આપવા દ્વારા પાપમાંથી તેનો નિગ્રહ કરવાનો અમે પ્રયત્ન કરીએ. ॥૭॥

પુણ્ય એ પણ એક પ્રકારનું કર્મ છે અને પાપ એ પણ એક પ્રકારનું કર્મ છે તે બન્નેને ન બાંધવામાં જ મન-વચન અને કાયાની જે પ્રવૃત્તિ છે. અર્થાત્ બંધ ન થાય તેવી જ સતત જે જાગ્રતિ છે તે કલ્યાણકારી સંવરતત્ત્વ છે. એમ શ્રી તીર્થંકર ભગવંતો વડે કહેવાયેલું છે તેથી તે ધર્મ જ ચિંતવવા લાયક છે. વિચારવા યોગ્ય છે. ॥૮॥

ઘણા સમયથી જામી ગયેલો એવો પણ દોષ જેમ જેમ વિશેષ શોષણ કરવામાં આવે અર્થાત્ વિનાશ કરવામાં આવે છે. તો તેનાથી અર્થાત્ આવા પ્રયત્ન વિશેષથી ક્ષય થાય છે તેની જેમ ઘણા સમયનું બંધાયેલું કર્મ પણ તપ વડે સંવરભાવ વાળો થયેલો જીવ નિર્જરા કરે છે અને તે કર્મને ખપાવે છે. ॥૯॥

ચૌદ રાજલોક પ્રમાણ જે આ લોકાકાશ છે તેનો નીચેનો ભાગ = તિર્છો ભાગ મધ્યનો ભાગ તથા ઉર્ધ્વનો (ઉપરનો ભાગ) અને જાડાઈ (પહોળાઈ) વિચારવી. તે સર્વ સ્થાનોમાં આપણા આ જીવે ઘણાં ઘણાં જન્મ અને મરણ પ્રાપ્ત કર્યાં છે. તથા અનેક વખત રૂપીદ્રવ્યોનો (શરીર ઈન્દ્રિયો તથા પૌદ્ગલિક ભાવોનો) સંયોગ અને વિયોગરૂપે ઉપયોગ કર્યો છે. (તો પણ આ જીવ તેવા જન્મ-મરણના પર્યાયથી વિરામ પામતો નથી.) ॥૧૦॥

જિત્યો છે આત્માના શત્રુઓનો સમૂહ જેઓએ એવા તીર્થંકર ભગવંતો વડે જગતના જીવોના કલ્યાણના માટે આ ધર્મ સમજાવાયો છે જે જીવો આ ધર્મમાં ઓતપ્રોત (લયલીન) બન્યા છે. તેઓ લીલા માત્રમાં જ (થોડી જ વારમાં) સંસાર સાગરને તરી જાય છે. ॥૧૧॥

મનુષ્યનો ભવ, કર્મભૂમિમાં જન્મ, આર્યદેશ, ઉત્તમકુલ, સંખ્યાતા વર્ષના માપવાળું આયુષ્ય વિગેરે મોક્ષને અનુકૂળ સામગ્રી ઉપલબ્ધ થવા છતાં પણ તથા મહાત્મા પુરૂષોનાં વચનો ઉપરની શ્રદ્ધા, વ્યાખ્યાન-શ્રવણ વિગેરે પ્રાપ્ત થવા છતાં પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું ઘણુંજ દુષ્કર છે. ॥૧૨॥

(પ્રશમરતિ પ્રકરણમાં શ્લોક ૧૫૧ થી ૧૬૨ સુધીના જે શ્લોકો છે તે જ આ છે. તેનું જ ગુજરાતી વિવેચન અહીં કરવામાં આવ્યું છે.) ઉપર કહેલી આ બારે ગાથાઓનો ભાવાર્થ તે છે કે (૧) અચિત્તાદિ પદાર્થોના ઉપભોગમાં પણ આસક્તિનો ત્યાગ કરવો, અને જેટલો બને તેટલો વધારે સંસાર ઉપરનો નિર્વેદભાવ લાવવો. આ જ વિષય આત્મકલ્યાણ માટે વિચારવા જેવો છે. તેમાં જ લયલીન રહેવું.

પ્રશ્ન : કેવો જીવ હોય તો આ અનિત્યાદિ બારે પ્રકારની ભાવનાઓ ભાવવામાં પરમશ્રેષ્ઠ સફળતાવાળો થાય ? આવો કોઈ પ્રશ્ન કરે તો ગ્રંથકારશ્રી કહે છે કે "सुभावितचित्तः" સારી રીતે ભાવિત કર્યું છે. અર્થાત્ ધર્મના સંસ્કારોથી વાસિત કર્યું છે ચિત્ત અર્થાત્ અંતઃકરણ એટલે કે મન જેણે એવો જીવ જ આવા ધ્યાનનો અધિકારી બની શકે છે.

પૂર્વે જણાવ્યો છે શબ્દાર્થ - લક્ષણાર્થ જેનો એવા પ્રકારના ધર્મધ્યાનથી જે કોઈ જીવ પૂર્વકાળમાં સંસ્કારિત થયો છે. ધર્મધ્યાનમય જેનું ચિત્ત બન્યું છે આવો જીવ જ આવા પ્રકારના ઉમદા વિચારોમાં જોડાય છે. સામાન્ય માણસનું અર્થાત્ ભોગપ્રિય માણસનું આ કામ નથી. જે આત્માને આત્મકલ્યાણ સાધવું જ છે. સર્વ કર્મોનો ક્ષય કરવો જ છે મુક્તિ પદ પ્રાપ્ત કરવું જ છે. તેવા જીવના હિત માટે જ આ માર્ગ મહાત્મા પુરૂષોએ જણાવ્યો છે. ॥૬૫॥

अवतरण : गतमनुप्रेक्षाद्वारम् । अधुना लेश्याद्वारं प्रतिपादनायाहः - અનુયોગ દ્વાર સમજાવ્યું / હવે લેશ્યા દ્વારા કહેવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

होंति कमविशुद्धाओ, लेसाओ पीयपम्हसुक्काओ ।
धम्मज्झाणोवगयस्स, तिव्व-मंदाइभेयाओ ॥६६॥

ગાથાર્થ : ધર્મધ્યાન પામેલા જીવને ક્રમસર વિસુદ્ધ-વિસુદ્ધતર એવી પીતલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા હોય છે કે જે તીવ્ર-મંદાદિ અનેક ભેદોવાળી છે. ॥૬૬॥

ટીકા : इह "भवन्ति" सञ्जायन्ते "क्रमविशुद्धाः" परिपाटिविशुद्धाः । काः ? - लेश्याः, ताश्च पीत-पद्म-शुक्लाः । एतदुक्तं भवति - पीतलेश्याया पद्मलेश्या विशुद्धा, तस्या अपि शुक्ललेश्येति क्रमः । कस्यैता भवन्त्यत आह "धर्मध्यानोपगतस्य" धर्मध्यानयुक्तस्येत्यर्थः । किंविशिष्टाश्चैता भवन्त्यत आह - "तीव्र-मन्दादिभेदाः" इति तत्र तीव्रभेदाः पीतादिस्वरूपेष्वन्त्याः, मन्दभेदास्त्वाद्याः, आदिशब्दान्मध्यमपक्षपरिग्रहः । अथवौघत एव परिणामविशेषा तीव्रमन्दभेदा इति गाथार्थः ॥६६॥

વિવેચન : આ ધર્મધ્યાનમાં લયલીન રહેનારા મહાત્માઓને પીત (તેજો) - પદ્મ અને શુક્લ એમ ક્રમસર વધારે વધારે વિશુદ્ધિવાળી ત્રણ લેશ્યાઓ હોય છે. परिपाटिविशुद्धाः = શબ્દનો અર્થ અનુક્રમે અનુક્રમે વિશુદ્ધિવાળી લેશ્યાઓ હોય છે.

અહીં ખાસ એ તત્ત્વ જાણવા જેવું છે કે લેશ્યા એ યોગના સ્વરૂપવાળી છે જેટલો યોગ શુભ એટલી લેશ્યા શુભ અને જેટલો યોગ અશુભ એટલી લેશ્યા અશુભ. આમ લેશ્યા એ યોગાત્મક સ્વરૂપ છે. કષાય તેમાં સહકારી કારણરૂપે મદદગાર બને છે.પરંતુ કાષાયિક પરિણામ તે લેશ્યા નથી કારણ કે કાષાયિક પરિણામ ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી જ હોય છે. ૧૧ થી ૧૪ ગુણસ્થાનકમાં કાષાયિક પરિણામ હોતા નથી. જ્યારે લેશ્યા તો ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી હોય છે. માટે લેશ્યા એ યોગનું સ્વરૂપ છે. કષાયનું સ્વરૂપ નથી. પરંતુ યોગમાં ક્યારેક (૧ થી ૧૦ ગુણસ્થાનક હોય ત્યારે) કષાય ભળેલો હોય છે અને ક્યારેક (૧૧-૧૨-૧૩ મું ગુણસ્થાનક હોય ત્યારે) કષાય ભળેલો હોતો નથી. પરંતુ શુક્લલેશ્યા હોય છે. માટે લેશ્યા એ યોગાત્મક છે. આમ સમજવું પરંતુ કષાયાત્મક છે આમ ન જાણવું. પરંતુ એટલું ચોક્કસ છે જ કે જ્યારે જ્યારે કષાય હોય છે ત્યારે ત્યારે યોગાત્મક એવી લેશ્યાને તે કષાયો ટેકો આપે છે, સહાયક થાય છે, યોગની સાથે કષાયો એકાકાર બની જાય છે તેથી લોકોને એમ લાગે છે કે કષાયો એ જ લેશ્યા છે. પરંતુ વાસ્તવિક આવી પરિસ્થિતિ નથી. આ વાત વિદ્વાન મહાત્માઓ પાસેથી વધારે સમજી લેવી.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન તે ક્લિષ્ટ ધ્યાન છે. તેથી ત્યાં કૃષ્ણ નીલ અને કાપોત લેશ્યા હોય છે. પરંતુ ધર્મધ્યાનના કાળે તેજો, પદ્મ અને શુક્લ જેવી ઉજવળ આ ત્રણ લેશ્યાઓ હોય છે. ધર્મધ્યાનમાં દાખલ થનારા જીવો વધારે નિર્મળ-નિર્મળતર-નિર્મળતમ પરિણામવાળા હોય છે તેથી આવા ઉચ્ચકોટિના જીવોમાં કૃષ્ણાદિ પ્રથમની ત્રણ અશુભ લેશ્યા સંભવતી નથી. પરંતુ પાછલી ત્રણ શુભ લેશ્યા સંભવે છે.

પ્રશ્ન : આ ત્રણ લેશ્યા જે તેજો, પદ્મ અને શુક્લ છે. તે **किंविशिष्टाः** કેવી વિશિષ્ટ વિશિષ્ટતર હોય છે ? આવો કદાચ પ્રશ્ન થાય તો કહે છે કે :-

ઉત્તર : **"तीव्रमन्दादिभेदाः"** તીવ્ર અને મન્દાદિના ભેદવાળી આ લેશ્યાઓ હોય છે. તેજોલેશ્યાવાળા અન્ત્ય કહેવાય. શુક્લલેશ્યાવાળા મન્દ કહેવાય અને પદ્મલેશ્યાવાળા મધ્યમ કહેવાય. પરંતુ આ ત્રણે લેશ્યાવાળા જીવોમાં એક એક લેશ્યાવાળા જીવો પણ તરતમભાવે અસંખ્યાત જાતના પરિણામવાળા હોય છે. આ કારણથી જે આ તીવ્ર-મન્દાદિ ભેદવાળી લેશ્યાઓ છે એમ જે કહ્યું છે તે **ओघतः** = સામાન્યથી સમજવું અને સામાન્યપણે વિચારીએ તો તેજો, પદ્મ અને શુક્લ એમ ઉત્તરોત્તર વિશુદ્ધ લેશ્યા હોવાથી "અન્ત્ય-મધ્યમ અને મન્દ" આ વિધાન બરાબર જ છે. આ રીતે આ લેશ્યા દ્વારા બહુ જ સૂક્ષ્મતાથી જાણવું. લેશ્યા એ યોગાત્મક સ્વરૂપ છે કષાયાત્મક નથી. પરંતુ કષાય તેમાં સહકારીકારણ તરીકે મદદગાર જરૂર છે. ॥૬૬॥

અવતરણ : उक्तं लेश्याद्वारम् । इदानीं लिङ्गद्वारं विवृण्वन्नाहः - લેશ્યા દ્વાર કહ્યું - હવે લિંગદ્વાર સમજાવતાં ગ્રન્થકારશ્રી જણાવે છે કે :-

आगमउवएसाऽऽणाणिसग्गओ जं जिणप्पणीयाणं ।
भावाणं सद्दहणं धम्मज्झाणस्स तं लिंगं ॥६७॥

ગાથાર્થ : (૧) આગમશાસ્ત્ર, (૨) ઉપદેશ, (૩) આજ્ઞા અને (૪) નિસર્ગ આ પ્રમાણે આ ચાર પ્રકારે જિનેશ્વર પરમાત્માએ જણાવેલા ભાવોની જે શ્રદ્ધા કરવી તે ધર્મધ્યાનનું પ્રથમ લિંગ છે. ॥૬૭॥

ટીકા : इहागमोपदेशाऽऽज्ञानिसर्गतो यद् "जिनप्रणीतानां" तीर्थंकरप्ररूपितानां द्रव्यादिपदार्थानां "श्रद्धानम्" "अवितथा" एत इत्यादिलक्षणं धर्मध्यानस्य तल्लिङ्गम् । तत्त्वश्रद्धानेन लिङ्ग्यते धर्मध्यायीति। इह चागमः - सूत्रमेव, तदनुसारेण कथनम् - उपदेशः, आज्ञा त्वर्थः, निसर्गः - स्वभावः इति गाथार्थः ॥६७॥

વિવેચન : આ ગાથામાં ધર્મધ્યાનનું લિંગ (ચિહ્ન-નિશાની) સમજાવે છે કે :- શ્રી તીર્થંકર પરમાત્માએ જણાવેલાં દ્રવ્યોનું (પદાર્થોનું) જે સ્વરૂપ જૈનશાસ્ત્રોમાં છે. તેને (૧) આગમથી (૨) ઉપદેશથી (૩) આજ્ઞાથી અને (૪) નિસર્ગથી જાણવું. વિચારવું, માનવું, બુદ્ધિમાં બેસાડવું. પરમાત્માએ જેમ અને જેવું સ્વરૂપ કેવળજ્ઞાનથી જોયું છે તેમ અને તેવું સ્વરૂપ સમજાવ્યું છે. કારણ કે તેઓશ્રી વીતરાગ છે. રાગ-દ્વેષ અને અજ્ઞાનાદિ દોષોથી રહિત છે. મિથ્યા બોલવાનું કંઈ જ પ્રયોજન નથી. તેથી તેમનું વચન સો ટચના સોના જેવું સંપૂર્ણ શુદ્ધ જ છે. આપણે મતિ-શ્રુત એમ માત્ર બે જ્ઞાનવાળા જ હોવાથી કદાચ ન પણ સમજી શકીએ તો પણ તે વચનો યથાર્થ જ છે. "अवितथा एते" આ સર્વે પણ પરમાત્માઓ સત્ય જ વચન બોલનારા છે. તેથી તેઓ દ્વારા બોલાયેલાં વાક્યો સંપૂર્ણપણે સત્ય જ છે. જરા પણ મિથ્યા નથી. આગમથી વિચારો તો પણ તથા તેમના કહેલા ઉપદેશાત્મક વાક્યો વિચારો તો પણ, અને તેમની કલ્યાણ કરનારી હિતકારી આજ્ઞા વિચારો તો પણ તથા પદાર્થો પોતે જ પોતાના સ્વભાવ પ્રમાણે જ નિસર્ગથી જ આવા છે. જેવા ભગવાને કહ્યા છે. તેવા જ છે. ઈત્યાદિ.

તમે વિચારો તો પણ સંપૂર્ણ સત્ય જ છે. યથાર્થ જ છે. એમ લાગશે.

તેઓશ્રીનાં જણાવેલાં ૪૫ આગમશાસ્ત્રો, તેઓશ્રીએ આપેલો જે ઉપદેશ, તેઓશ્રીની શ્રોતાગણના કલ્યાણ માટે કરાયેલી આજ્ઞા તથા કેટલાક ભાવો છદ્મસ્થ જીવો વડે ગ્રાહ્ય ન હોવાથી નિસર્ગરૂપ જ છે. અર્થાત્ સ્વાભાવિક જ છે. ઈત્યાદિ રૂપે જે કંઈ કહેલું છે તે સંપૂર્ણ સત્ય જ છે એમ જ ઉત્તમ આત્માઓએ સમજીને સ્વીકારી લેવું જોઈએ.

આ પરમાત્મા રાગ અને દ્વેષ વિનાના હોવાથી અને પરિપૂર્ણ જ્ઞાનગુણવાળા હોવાથી તેમનું વચન સંપૂર્ણપણે સત્ય જ છે. આપણે બધા છદ્મસ્થ હોવાથી બધું ન પણ સમજી શકીએ. પરંતુ આપણને કદાચ ન સમજાય તો પણ તે વાણી મિથ્યા નથી જ. આવી પાકી જે શ્રદ્ધા છે તે ધર્મધ્યાનનું પ્રથમ લિંગ (ચિહ્ન) છે.

ઉપરોક્ત તત્ત્વોની શ્રદ્ધા જે જીવને યથાર્થપણે વર્તે છે તેનાથી તે જીવ ધર્મધ્યાનવાળો થાય છે એમ જાણી શકાય છે. જેમ ધજાથી મંદિર ઓળખાય છે તેમ તત્ત્વોની શ્રદ્ધાથી ધર્મધ્યાનવાળો આ જીવ છે એમ ઓળખાય છે તે કારણથી તત્ત્વોની શ્રદ્ધા અવશ્ય કરવી. શ્રદ્ધા જ કલ્યાણકારક છે. અહીં આગમ-ઉપદેશ-આજ્ઞા અને નિસર્ગ આ ચારે શબ્દોના અર્થો હવે સમજાવે છે :-

(૧) **આગમ** એટલે તીર્થંકર ભગવંતોએ અર્થથી સમજાવેલા અને ગણધર ભગવંતોએ સૂત્ર રૂપે ગુંથેલા જે પાઠો છે તેને આગમ કહેવાય છે.

(૨) **ઉપદેશ** એટલે ગણધર ભગવંતોએ રચેલા આગમ સૂત્રોને અનુસારે હિતોપદેશ આપવો. સૂત્રોના અર્થો સમજાવવા. આગમનાં રહસ્યો ખોલવાં તેને ઉપદેશ કહેવાય છે.

(૩) **આજ્ઞા** એટલે શિષ્ય વર્ગ, આરાધક વર્ગ, આત્મહિતના ઈચ્છુક જીવોનું સર્વત્ર કલ્યાણ થાય એવો હિતકારી માર્ગ સ્વીકાર કરાવવા હુકમ કરવો. રજા આપવી તે આજ્ઞા કહેવાય.

(૪) **નિસર્ગ** એટલે જેમાં બુદ્ધિ કે બુદ્ધિકૃત તર્કો કામ લાગે નહીં ત્યાં નિસર્ગ એટલે સ્વભાવ કહેવાય. જેમ જીવ મૃત્યુ બાદ મોક્ષે જાય ત્યારે નિયમા ઉર્ધ્વગતિ જ કરે અને પુદ્ગલ વજનદાર હોવાથી નિયમા અધોગતિ જ કરે આમ કેમ ? તેનો એક જ જવાબ છે કે તે તે દ્રવ્યનો તેવો તેવો સ્વભાવ છે. દહીં ખાટુ અને દૂધ મોળુ આવું કેમ ? આ બધાં ઉદાહરણો નિસર્ગનાં છે.

આ પ્રમાણે વસ્તુસ્વરૂપ વિચારવું તે ધર્મધ્યાનનું લિંગ છે. ॥૬૭॥

અવતરણ : किं च = તથા વળી.

जिणसाहूगुणकित्तण-पसंसणा-विणय-दाणसंपण्णो ।
सुअसीलसंजमरओ, धम्मज्झाणी मुणेयव्वो ॥६८॥

ગાથાર્થ : જિનેશ્વર પરમાત્મા, તથા સાધુ મહાત્મા એમ બન્નેના ગુણો ગાવા, પ્રશંસા કરવી, વિનય કરવો, દાન આપવું ઈત્યાદિ ભાવોથી યુક્ત થઈને શ્રુતજ્ઞાન-શીલપાલન અને સંયમગુણમાં રક્ત રહેવું. આવું કરનારો જીવ ધર્મધ્યાનવાળો જાણવો. ॥૬૮॥

ટીકા : "जिनसाधुगुणोत्कीर्तन-प्रशंसा-विनय-दानसम्पन्नः" - इह जिनसाधवः प्रतीताः । तद्गुणाश्च निरतिचारसम्यग्दर्शनादयस्तेषामुत्कीर्तनं = सामान्येन संशब्दनमुच्यते

प्रशंसा तु अहो श्लाघ्यतया भक्तिपूर्विका स्तुतिः । विनयः = अभ्युत्थानादिः । दानं = अनशनादिप्रदानम् । एतत्संपन्नः = एतत्समन्वितः, तथा श्रुतशीलसंयमरतः । तत्र श्रुतं = सामायिकादि-बिन्दुसारान्तं । शीलं = व्रतादिसमाधानलक्षणं । संयमस्तु प्राणातिपातादिनिवृत्तिलक्षणः । यथोक्तम् = "पञ्चाश्रवात्" = इत्यादि । एतेषु भावतो रतः । किं ? धर्मध्यानीति ज्ञातव्यः । इति गाथार्थः ॥६८॥

विवेचन : શ્રી તીર્થંકર પરમાત્મા કે જેઓ શાસનની સ્થાપના કરનારા છે. તથા સાધુ-સાધ્વીજી ભગવંતો બહુ ઉપકારી હોવાથી ગાથામાં આ બેનાં જ નામ છે. પરંતુ તેની સાથે સંબંધવાળા આચાર્ય, ઉપાધ્યાય, કલાચાર્ય, માતા-પિતા આદિ વડીલો પણ સમજી લેવા, તે ઉપકારી એવા સર્વ વ્યક્તિઓના ગુણો ગાવા, ઉપકારો યાદ કરવા, તથા તેમના ગુણોની પ્રશંસા કરવી. ગુણો સાંભળવા, યથાશક્તિ વિનય વૈયાવચ્ચ કરવું. ભક્તિ કરવી. અન્નપાનાદિ લાવી આપવાં, સેવા કરવી, શરીર દાબવું, દાન કરવું એટલે કે અન્નપાનાદિ લાવી આપવાં.

જિનેશ્વર કોને કહેવાય ? અને સાધુ કોને કહેવાય ? આ વાત બહુ જ જાણીતી છે તે જિનેશ્વરપ્રભુના અને સાધુના ગુણો જેમ કે નિરતિચારપણે સમ્યગ્દર્શનનું પાલન તથા ઉત્તમ રીતે વ્રતોનું પાલન વિગેરે જે ગુણો છે તે ગુણો ગાવા, અહીં ગુણો ગાવા એટલે તેઓના ગુણોનું શબ્દોથી ઉચ્ચાર કરીને વિશેષે કરીને પ્રસારિત કરવા.

પ્રશંસા કરવી એટલે કે અહો પૂજ્ય ગુરુજી જેવા માનવાચક શબ્દો બોલવાપૂર્વક પ્રશંસનીય વ્યક્તિ તરીકે ભક્તિ કરવાપૂર્વક સ્તુતિ કરવી. ગુણગાન ગાવા. તે સઘળી પ્રશંસા કહેવાય છે. વિનય કરવો એટલે અભ્યુત્થાનાદિ સાચવવાં. વડીલો આવે ત્યારે સામા જવું, તેઓ જાય ત્યારે વોળાવા જવું, બેઠા હોય ત્યારે શરીર સેવા કરવી વિગેરે તથા દાન આપવું, આહાર-પાણી તથા વસ્ત્રાદિ આપીને એટલે કે આપવાનો લાભ લઈને સુપાત્રદાન, પાત્રદાન, અનુકંપાદાન વિગેરે કરવું. આવાં આવાં કામો કરનારો જીવ ધર્મધ્યાનવાળો કહેવાય છે.

તથા શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રજ્ઞાન સામાયિક અધ્યયનથી પ્રારંભીને યાવત્ ચૌદમું પૂર્વ જે બિન્દુસાર અધ્યયન, ત્યાં સુધીનાં શાસ્ત્રોનો સુંદર અભ્યાસ કરવો. વાંચન કરવું, પુનઃ પુનઃ પઠન પાઠન કરવું. તથા શીલગુણ એટલે અણુવ્રતો તથા મહાવ્રતોનું ધારણ કરવું. ઊંચી નીચી અવસ્થાઓમાં સમભાવવાળા રહેવું. ઘણું માન - બહુમાન થાય તો પણ ગર્વ ન કરવો અને અપમાનાદિ થાય તો પણ માઠુ ન લગાડવું. તેને શીલ કહેવાય છે. તથા સંયમ એટલે પ્રાણાતિપાતાદિ અઢાર પાપસ્થાનકનો ત્યાગ કરવો. બોલવામાં વાણી ઉપર ઘણો કંટ્રોલ

કરવો. અસભ્ય અને અનુચિત વચનો ન બોલવાં. હિંસા - જુઠ - ચોરી - મૈથુન અને પરિગ્રહ આ પાંચ પાપોની બાબતમાં ભાવથી દૂર રહેવામાં જ ઓતપ્રોત રહેવું.

શક્ય બને તેટલાં પાપસ્થાનકોની પ્રવૃત્તિ ત્યજી દેવી, ધર્મના પરિણામપૂર્વકનું જીવન બનાવવું. આવો જીવ ધર્મધ્યાનવાળો જાણવો. પાપકારી કાર્યોનો ત્યાગ અને કલ્યાણકારી કાર્યોમાં જોડાવું એ જ ધર્મધ્યાનનું સંક્ષિપ્ત લક્ષણ જાણવું. ॥૬૮॥

अवतरण : गतं लिङ्गद्वारम् । अधुना फलद्वारावसरः तच्च लाघवार्थं शुक्लध्यानफलाधिकारे वक्ष्यतीत्युक्तं धर्मध्यानम् । इदानीं शुक्लध्यानावसरः इत्यस्य चान्वर्थः प्राग्निरूपित एव । इहापि च भावनादीनि फलान्तानि तान्येव द्वादश द्वाराणि भवन्ति । तत्र भावना - देश - कालाऽऽसनविशेषेषु धर्मध्यानादस्याविशेष एवेत्यत एतान्यनादृत्यालम्बनान्यभिधित्सुराह =

લિંગદ્વાર સમજાવ્યું. હવે ફલદ્વાર કહેવાનો અવસર છે. તે દ્વાર લાઘવ માટે શુક્લધ્યાનના ફળનો અધિકાર જ્યારે કહેવાશે ત્યારે જ કહીશું. કારણ કે બન્ને ધ્યાનોનું ફળ પ્રાયઃ સમાન જ છે. એટલે આ ધર્મધ્યાન કહેવાનું કામ સમાપ્ત થયું. હવે શુક્લધ્યાન કહેવાનો અવસર છે. આ શુક્લધ્યાન શબ્દનો અન્વર્થક અર્થ પૂર્વે કહ્યો જ છે.

આ શુક્લ ધ્યાનમાં પણ ભાવનાથી પ્રારંભીને ફલ સુધીનાં બાર દ્વારો કહેવાનાં છે. તે બાર દ્વાર પૈકી (૧) ભાવનાદ્વાર (૨) દેશદ્વાર (૩) કાલદ્વાર અને (૪) આસન વિશેષ દ્વાર આ ચાર દ્વારોમાં ધર્મધ્યાનથી આ શુક્લ ધ્યાનમાં અવિશેષતા જ છે. અર્થાત્ સમાનતા જ છે. અર્થાત્ બન્ને ધ્યાનમાં આ ચાર દ્વારો સમાન છે.

આ કારણથી આ ચાર દ્વારોનો અનાદર કરીને (અર્થાત્ આ ચાર દ્વારોનો ત્યાગ કરીને અર્થાત્ તે ચાર દ્વારો કહ્યા વિના જ) આલંબન દ્વાર નામના પાંચમા દ્વારને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

अह खंति - मद्दव - ऽज्जव - मुत्तीओ जिणमयप्पहाणाओ ।
आलंबणाइं जेहिं, सुक्कज्झाणं समारुहइ ॥६९॥

ગાથાર્થ : હવે ક્ષમા-માર્દવતા-આર્જવતા-મુક્તિ (નિર્લોભતા) આ ચાર ગુણો જિનેશ્વરપ્રભુના મતમાં પ્રધાન છે જેના આલંબનથી આ જીવ શુક્લધ્યાન ઉપર આરૂઢ થાય છે. ॥૬૯॥

ટીકા : "अथ" इत्यासनविशेषानन्तर्ये "क्षान्तिमार्हवार्जव-मुक्तयः" = क्रोध - मान - माया - लोभपरित्यागरूपाः, परित्यागश्च क्रोधनिवर्तनमुदयनिरोधः, उदीर्णस्य वा विफलीकरणमिति, एवं मानादिष्वपि भावनीयम् । एता एव क्षान्ति-मार्दव-आर्जव-मुक्तयो विशेष्यन्ते ।

"जिनमतप्रधानाः" इति जिनमते - तीर्थंकरदर्शने कर्मक्षयहेतुतामधिकृत्य प्रधानाः जिनमतप्रधानाः प्राधान्यं चासामकसायं चारित्रं, चारित्राच्च नियमतो मुक्तिरिति कृत्वा, ततश्चैता आलम्बनानि प्राग्निरूपितशब्दार्थानि । यैरालम्बनैः करणभूतैः शुक्लध्यानं समारोहति ।

तथा च क्षान्त्याद्यालम्बना एव शुक्लध्यानं समासादयन्ति, नान्य इति गाथार्थः ॥६९॥

विवेचन : ભાવના દ્વાર, દેશ દ્વાર, કાલ દ્વાર અને આસન વિશેષ દ્વાર એમ કુલ ચાર દ્વારો ધર્મધ્યાનની સાથે શુક્લ ધ્યાનનાં સમાન હોવાથી તે ચાર દ્વારોનું વિવેચન કર્યા વિના જ તેના પછીનાં અનન્તરપણે વર્તતાં (૧) ક્ષાન્તિ દ્વાર અર્થાત્ ક્ષમા દ્વાર (ક્રોધનો અભાવ) (૨) માર્દવ દ્વાર (માનનો અભાવ), (૩) આર્જવ દ્વાર (માયાનો અભાવ) (૪) મુક્તિ (લોભનો અભાવ), આ ચાર ગુણોનાં જ બીજાં નામો ક્ષમા-માર્દવતા-આર્જવતા-મુક્તિતા એવાં નામો છે. આમ જુદા જુદા નામે આ ચાર ગુણો પ્રસિદ્ધ છે. તે ગુણો જિનમતમાં પ્રધાનતમ ગુણો છે.

જિનમતમાં એટલે તીર્થંકર પરમાત્માના શાસનમાં આત્માને અનાદિકાળથી લાગેલાં કર્મોનો ક્ષય કરવાની કારણતાને આશ્રયી આ ગુણો, તે પ્રધાનતર ગુણો છે. આ ગુણોની પ્રધાનતા (પ્રાધાન્યપણું) એટલા માટે છે કે આ ગુણોનો પ્રાદુર્ભાવ (પ્રગટીકરણ જે છે તે જ) કષાય વિનાનું શુદ્ધ ચારિત્ર (અકષાય ભાવવાળું ચારિત્ર) કહેવાય છે અને આવા પ્રકારના ચારિત્ર ગુણથી આ જીવને તુરત જ મુક્તિ પદની પ્રાપ્તિ થાય છે.

આ કારણસર અર્થાત્ તેથી આ ચારે ગુણો મુક્તિને પ્રાપ્ત કરવામાં પરમ આલંબન સ્વરૂપ છે. આલંબન કોને કહેવાય ? તેનો અત્યંત સ્પષ્ટ શબ્દાર્થ પૂર્વે જણાવ્યો જ છે. અસાધારણ કારણભૂત એવા આ ચાર ગુણો સ્વરૂપ મજબૂત આલંબનો દ્વારા આ જીવ શુક્લધ્યાન ઉપર આરૂઢ થાય છે.

તે કારણથી ક્ષમા - નમ્રતા - સરળતા અને સંતોષ આ ચાર ગુણોનું જ પ્રધાનતર આલંબન જ આ જીવને શુક્લધ્યાન ઉપર આરોહણ કરાવે છે.

શુક્લધ્યાન એ મુક્તિનો પરમકલ્યાણકારી માર્ગ છે. તે પરમ કલ્યાણકારક, અસાધારણ કારણ સ્વરૂપ આ માર્ગ વિના બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી જ. આ પ્રમાણે આ ગાથાનો અર્થ થયો. ॥૬૯॥

अवतरण : व्याख्यातं शुक्लध्यानमधिकृत्याऽऽलम्बनद्वारं । साम्प्रतं क्रमद्वारावसरः । क्रमश्चाऽऽद्ययोर्धर्मध्यान एवोक्तः । इह पुनरयं विशेषः -

શુકલધ્યાનને આશ્રયી આલંબન દ્વાર સમજાવ્યું. હવે ક્રમદ્વાર કહેવાનો અવસર છે. શુકલધ્યાનના પ્રથમ બે ભેદ જે છે પૃથકત્વ વિતર્ક સવિચાર અને એકત્વ વિતર્ક અવિચાર આ બન્ને ભેદો તો ધર્મધ્યાન સમજાવવાના પ્રસંગે જ સમજાવ્યા છે પરંતુ અહીં જે જે વિશેષતા છે તે કહેવાય છે :-

तिहुयणविसयं कमसो, संखिविउ मणो अणुंमि छउमत्थो ।
झायइ सुनिप्पकंपो, झाणं अमणो जिणो होइ ॥७०॥

ગાથાર્થ : ત્રણે ભુવનનો વિષય ચિંતવવા યોગ્ય છે જેઓને એવી વિશાળ શક્તિવાળા તે છદ્મસ્થ આત્મા મનનો અતિશય સંક્ષેપ કરીને અનુક્રમે તે મનને પરમાણુ જેવા સૂક્ષ્મ વિષયમાં જોડવા દ્વારા અત્યંત નિષ્પ્રકંપ અને અત્યંત ચિંતન-મનન વિનાના થયા છતા રાગ દ્વેષને જિતનારા થાય છે અને શુકલધ્યાનમાં લયલીન બને છે. ॥૭૦॥

ટીકા : त्रिभुवनम् = अधस्तिर्यगूर्ध्वलोकभेदं तद्विषयः = गोचरः आलम्बनं यस्य मनस इति योगः । तद्त्रिभुवनविषयं "क्रमशः" = क्रमेण परिपाट्या = प्रतिवस्तुपरित्यागलक्षणया "संक्षिप्य" = सङ्कोच्य । किं ? "मनः" = अन्तःकरणं, क्व ? "अणौ" = परमाणौ, निधायेति शेषः । कः ? "छद्मस्थः" प्राग्निरूपितशब्दार्थः । "ध्यायति" = चिन्तयति, "सुनिष्प्रकम्पः" = अतीव निश्चल इत्यर्थः । "ध्यानं" = शुक्लं, ततोऽपि प्रयत्नविशेषान्मनोऽपनीय "अमनाः" अविद्यमानान्तःकरणः "जिनो भवति" अर्हन् भवति ।

चरमयोर्द्वयोर्ध्यातेति वाक्यशेषः । तत्राप्याद्यस्यान्तर्मुहूर्तेन शैलेशीमप्राप्तः । तस्यां च द्वितीयस्येति गाथार्थः ॥७०॥

વિવેચન : આ જીવ મન દ્વારા ઉર્ધ્વલોક - અધોલોક અને તિચ્છર્લોક એમ ત્રણે લોકમાં રહેલા સઘળા પણ સ્થૂલ અને સૂક્ષ્મ પદાર્થો તથા ઈન્દ્રિયગોચર અને અતીન્દ્રિય એમ તમામ ભાવોને વિષયરૂપ કરીને તેનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. તેવા પ્રકારના વિશાળ વિષયવાળું આ મન છે. અર્થાત્ અતિશય ઘણા વિષયને જાણવામાં વ્યાપક એવું આ મન છે તે કારણથી મનને ત્રિભુવન વિષયક અર્થાત્ ત્રણે ભુવનના વિષયોમાં પ્રવર્તનારું મન કહેવાય છે.

આ મન એક એવી અભ્યન્તર ઈન્દ્રિય છે કે ક્રમસર એક પછી એક વસ્તુને જાણવાના વિષયરૂપે કરીને જાણીને ત્યારબાદ તેનો ત્યાગ કરવા સ્વરૂપે સંક્ષેપીને મનનો વિષય સંકેલીને તે મનને એટલે કે અંતઃકરણને ધીરે ધીરે અણુ જેવા અત્યંત સૂક્ષ્મ પદાર્થને જાણવા માટે પ્રયત્ન કરાયે છતે ("निधाय" શબ્દ અધ્યાહરથી લઈને અર્થ કરવો) અણુને પણ જાણે છે.

પ્રશ્ન : આવા અત્યંત સૂક્ષ્મ એવા અણુને કોણ જાણે છે ?

ઉત્તર : પૂર્વે જણાવ્યો છે શબ્દાર્થ જેનો એવો આ છદ્મસ્થ આત્મા પણ આ અણુને સારી રીતે જાણી શકે છે. અતિશય નિષ્પ્રકંપ થયો છતો અર્થાત્ અત્યંત નિશ્ચળ થયો છતો છદ્મસ્થ આત્મા પણ પરમાણુ જેવા અતિશય સૂક્ષ્મ પદાર્થનું પણ ચિંતન-મનન કરી શકે છે પરમાણુ જેવા પદાર્થના વિચારમાં મનને રોકી શકે છે.

આવા પ્રકારના આ ધ્યાનને શુક્લધ્યાન કહેવાય છે. ત્યાર પછી પણ આત્માના અનંતવીર્ય ગુણ વડે મનનો કરણ તરીકે ઉપયોગ કર્યા વિના જ અર્થાત્ **અમના** (મન વિનાના થયેલા) તે વીતરાગ જિનેશ્વર પ્રભુ પ્રથમ મન વડે અને પછી મન વિના એમ બે પ્રકારના ભેદ વડે શુક્લ ધ્યાનના અન્તિમ બે ભેદોનું ધ્યાન કરનારા બને છે. "चरमयोर्द्वयोर्ध्यातेति" આટલું વાક્ય અધ્યાહરથી સમજી લેવું.

તે શુક્લધ્યાનમાં સ્થિર થવા માટે પ્રથમ એક અંતર્મુહૂર્ત સુધી શુક્લ ધ્યાનના ત્રીજા પાયા ઉપર આ જીવ આરૂઢ થાય છે ત્યારે સયોગી કેવલી ગુણસ્થાનક હોય છે તેથી હજુ શૈલેશીકરણવાળા ચૌદમા ગુણસ્થાનકની પ્રાપ્તિ થઈ નથી. પરંતુ તે બાકી રહેલી તેરમા ગુણઠાણાની અન્તિમ અંતર્મુહૂર્તકાળ વાળી અવસ્થા છે. અને તે પસાર થયે છતે આ ભગવાન અયોગી થાય છે ત્યારે શુક્લ ધ્યાનના જે છેલ્લા બે ભેદ છે તે બે ભેદમાંથી જે બીજો ભેદ છે વ્યુપરતક્રિયાનિવૃત્તિ એ નામના આ ભેદ ઉપર તે ભગવાન આરૂઢ થાય છે ત્યારે શરીરની અંદર રહેલો કર્મ સંબંધી સર્વ મેલ (સર્વ વિષ) પ્રધાનતર એવા ધ્યાનરૂપી મંત્ર વિશેષ વડે અત્યંત દૂર દૂર જ થાય છે.

જેના કારણે આ જીવ કર્મ રૂપી વિષથી સર્વથા રહિત થયો છતો સંપૂર્ણપણે ભાવથી તથા દ્રવ્યથી નિરોગી થયો છતો અનંતાનંત કાલ સુધી ત્યાં રહેવા માટે નિરાબાધ એવા મુક્તિ સ્થાનમાં જાય છે. ॥૭૦॥

અવતરણ : આહ - कथं पुनश्छद्मस्थस्त्रिभुवनविषयं मनः संक्षिप्याणौ धारयति ? केवली वा ततोऽप्यपनयतीति ? अत्रोच्यते = હવે અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે :- ત્રણે ભુવનના પદાર્થોનું ચિંતન - મનન કરવામાં પાવરધા બનેલું મન જે છે તેને સંક્ષેપીને આ કેવલી પરમાત્મા તે મનને માત્ર અણુના વિષયમાં કેવી રીતે ધારણ કરતા હશે ? કેવી રીતે સ્થાપન કરતા હશે ?

અથવા આ કેવલી પરમાત્મા પણ મનને અણુતુલ્ય કરીને પણ ત્યારબાદ તે મનને સર્વથા વિષય બોધમાંથી કેવી રીતે દૂર કરતા હશે ? આવો પ્રશ્ન કદાચ થાય તો તેનો જવાબ अत्रोच्यते = અહીં કહેવાય છે :-

जइ सव्व सरीरगयं मंतेण विसं निरुंभए डंके ।
ततो पुणोऽवणिज्जइ पहाणयरमंतजोगेणं ॥७१॥

तह तिहुयणतणुविसयं, मणोविसं जोगमंतबलजुत्तो ।
परमाणुंमि निरुंभइ अवणेइ तओवि जिणवेज्जो ॥७२॥

ગાથાર્થ : જેમ સર્પના ડંખ દ્વારા શરીરમાં વ્યાપ્ત થયેલું વિષ મંત્રો દ્વારા જ્યાં ડંખ હોય ત્યાં લવાય છે. અને ત્યારબાદ પ્રધાનતર એવા મંત્રના પ્રયોગ વડે ડંખમાં એકઠું કરેલું તે વિષ ક્ષણવાર માત્રમાં જ દૂર કરાય છે. તેની જેમ યોગરૂપી મંત્ર બળથી યુક્ત એવા જિનેશ્વર પરમાત્મા રૂપી વૈદ્ય ત્રણે ભુવનના જીવોના શરીરોના આલંબને પ્રવર્તતું એવું મન પરમાણુના વિષયમાં લાવે છે. ત્યારબાદ પોતાના અચિંત્ય સામર્થ્યથી તે મનનો નાશ કરે છે. અર્થાત્ અપનયન કરે છે. અને મનોયોગ વિનાના બને છે. ॥૭૧-૭૨॥

ટીકા : "यथा" इति उदाहरणोपन्यासार्थः । "सर्वशरीरगतं" = सर्वदेहव्यापकं "मन्त्रेण" विशिष्टवर्णानुपूर्वीलक्षणेन "विषं" मारणात्मकं द्रव्यं "निरुध्यते" निश्चयेन ध्रियते ।

क्व ? = डङ्के = "भक्षणदेशे" । ततः "डङ्कात् पुनरपनीयते" । केनेत्यत आह - "प्रधानतरमन्त्रयोगेन" श्रेष्ठतरमन्त्रयोगेनेत्यर्थः । मन्त्रयोगाभ्यामिति च पाठान्तरं वा । अत्र पुनर्योगशब्देनागदः परिगृह्यते इति गाथार्थः ॥७१॥

વિવેચન : મૂળ ગાથામાં લખેલો यथा શબ્દ જે છે તે ઉદાહરણ (દૃષ્ટાંત) બતાવવા માટે કહેલ છે. આખા શરીરમાં વ્યાપ્ત થયેલું (અર્થાત્ ફેલાયેલું) એવું જે સર્પનું વિષ હોય છે. (અર્થાત્ સર્પ ડંશ થવાથી માણસના આખા શરીરમાં જે ઝેર વ્યાપ્યું હોય છે. તે વ્યાપેલા વિષને મંત્રાક્ષરો બોલવા પૂર્વક સાપનું ઝેર ઉતારે એવા ગારૂડિક મંત્રોનો જાપ જેને આવડતો હોય છે તેને બોલાવીને તેના દ્વારા ગારૂડિક મંત્રનો જાપ જ્યારે કરાવાય છે ત્યારે આવા પ્રકારના મંત્રજાપ દ્વારા તે વિષને આખા શરીરમાંથી ડંખવાળા ભાગમાં લવાય છે.

એટલે મૃત્યુ જ કરાવે તેવા ભયંકર આ સર્પના વિષને આખા શરીરમાંથી ડંખવાળા ભાગમાં મંત્રાક્ષરોના જાપ વડે લવાય છે આખા શરીરમાંથી ખેંચીને ડંખ વાળા ભાગમાં જ નિયમા ધારણ કરાય છે. બાકીનું તમામ શરીર નિર્વિષ કરાય છે.

ત્યારબાદ પ્રધાનતર તે જ મંત્ર જાપ કરવા વડે એટલે કે જોરદાર પ્રયત્ન સાથે ઉચ્ચારણ કરવા પૂર્વક તે જ મંત્ર જાપ વડે ડંખમાં જ માત્ર રહેલું જે વિષ છે તે જ વિષ સર્વથા દૂર કરાય છે.

આદિ મૂલગાથામાં જે "पहाणयरमंतजोगेणं" જે પાઠ છે તેને બદલે કોઈ કોઈ પુસ્તકોમાં "पहाणमंतजोगेहिं" = એવા પણ પાઠ છે. એટલે કે પાઠાન્તર છે તેથી ત્યાં આવા

પ્રકારનો પાઠાન્તર હોવાથી યોગ શબ્દથી अगदः = રોગ રહિત એવો અર્થ પણ કરાય છે. બીજી વાર જોરદાર મંત્ર જાપ વડે તે શરીરને સર્વથા સર્પના વિષરૂપી રોગથી રહિત જેમ કરાય છે.

તેની જેમ જિનેશ્વર પરમાત્મા રૂપી વૈદ્ય ત્રણે ભુવનના જીવોના શરીરમાં વ્યાપેલા એવા વિષને પોતાના મન રૂપી મંત્ર જાપ અને યોગપ્રક્રિયા વડે પરમાણુ જેવા સૂક્ષ્મ પદાર્થમાં જોડે છે અને ત્યારબાદ ત્યાંથી પણ તે વિષને દૂર કરીને યોગ વિનાના અર્થાત્ અયોગી કેવલી થાય છે. આ વિષય આગલી ગાથામાં આવે જ છે. ॥૭૧॥

ટીકા : ततः "त्रिभुवनतनुविसयं" त्रिभुवनशरीरालम्बनमित्यर्थः । मन एव भवमरण-निबन्धनत्वाद् विषं, मन्त्रयोगबलयुक्तः जिनवचनध्यानसामर्थ्यसम्पन्नः परमाणौ निरुणद्धि । तथाऽचिन्त्यप्रयत्नाच्चापनयति "ततोऽपि" तस्मादपि परमाणोः कः ? = "जिनवैद्यः" = जिनभिषग्वरः इति गाथार्थः ॥७२॥

વિવેચન : ઉપર સમજાવ્યું તેમ આખા શરીરમાં ફેલાયેલું જે વિષ તેને જેમ મંત્ર જાપ કરનારા વૈદ્ય ડંખમાં લાવે છે અને ફરીથી વિશિષ્ટ એવો તે જ મંત્ર જાપ કરવા વડે ડંખમાંથી પણ વિષ દૂર કરીને આખા શરીરને નિર્વિષ કરે છે. તેની જેમ જ જિનેશ્વર પરમાત્મા રૂપી વૈદ્ય ત્રણે ભુવનના વિષયવાળા આ મનયોગને એટલે કે ત્રણે ભુવનમાં રહેલા સર્વ પદાર્થોને જાણવામાં જે આ મન પ્રવૃત્તિશીલ હતું તે જ મન સંસારમાં વારંવાર જન્મ અને મૃત્યુનું જ કારણ બનતું હોવાથી જાણે વિષ જ હોય તેવું હોવાથી ત્રણે ભુવન સ્વરૂપ જે શરીર તેમાં મન ફરતું હોવાથી મન સર્વ લોકાકાશ રૂપી શરીરમાં ફરનારું છે તેને સંક્ષેપીને આ કેવલી પરમાત્મા જિનવચન અને ધ્યાન આ બે ગુણોના સામર્થ્ય સ્વરૂપ બળથી યુક્ત એવા કેવલી પરમાત્મા તે મનને ચૌદ રાજલોકના વિષયમાંથી રોકીને પરમાણુના ચિંતન - મનનના વિષયમાં અર્થાત્ જાણવાના વિષયમાં જોડે છે.

તથા કેવલી પરમાત્મા અચિંત્ય સામર્થ્યવાળા હોવાથી પરમાણુના ચિંતન - મનનમાં જોડાયેલા તે મનને ત્યાંથી પણ ખસેડીને સર્વથા મન વિનાના થાય છે. વિચાર - ચિંતન અને મનન વિનાના થાય છે જેથી મનયોગ - વચનયોગ અને કાયયોગ વિનાના થવાથી અયોગીકેવલી ગુણસ્થાનક ઉપર આરૂઢ થાય છે.

આ પ્રમાણે કેવલી પરમાત્મા પ્રથમ તેરમા ગુણઠાણાના સમસ્ત કાળમાં ધ્યાનાન્તરિકા દશા (ધ્યાનના વિરહવાળી દશા) અનુભવીને તેરમા ગુણઠાણાના અન્તિમ કાલમાં આયોજિકાકરણ કરે છે. *(મારે વેદનીય - નામ અને ગોત્ર કર્મ એમ ત્રણ અઘાતી કર્મોનું*

બેલેન્સ કેટલું છે ? શું આયુષ્ય કર્મની સાથે સમાન છે કે આયુષ્ય કર્મથી અધિક છે તે વિષય જાણવાનું કામકાજ કરે છે તેને આયોજિકાકરણ કહેવાય છે.)

જો આયુષ્ય કર્મ શેષ ત્રણ કર્મોની સાથે સમાન દેખાય તો કેવલી ભગવાન કેવલી સમુદ્‌ઘાત કરતા નથી. પરંતુ જો ત્રણ કર્મો આયુષ્ય કર્મથી અધિક દેખાય તો તે અધિક કર્મો ખપાવવા તે ભગવાન કેવલી સમુદ્‌ઘાત કરે છે.

પ્રશ્ન : જે કેવલી પરમાત્માને શેષ ત્રણ કર્મો આયુષ્યની સાથે સમાન હોય તે કેવલી ભગવાન્ સમુદ્‌ઘાત કરતા નથી. અને જે કેવલી પરમાત્માને ત્રણ કર્મો અધિક હોય તે કેવલી સમુદ્‌ઘાત કરે છે એમ તમે સમજાવો છો. પરંતુ જે આત્માને શેષ ત્રણ કર્મો આયુષ્ય કર્મથી હીન હોય તે કેવલી પરમાત્મા સમુદ્‌ઘાત કરે કે ન કરે ? તે તો તમે કંઈ સમજાવતા જ નથી ? તો તે વાત પણ થોડીક જણાવો.

ઉત્તર : કેવલી પરમાત્માને શેષ ત્રણ કર્મો આયુષ્યકર્મથી કાં તો અધિક જ હોય છે અથવા કાં તો સમાન જ હોય છે પરંતુ કદાપિ કોઈ પણ કેવલી પરમાત્માને ત્રણ કર્મો આયુષ્ય કર્મથી હીન હોતાં જ નથી કારણ કે આયુષ્ય કર્મ તો ગયા ભવમાં જે બાંધ્યું છે. તે જ સત્તામાં હોય છે અને તે પણ ભોગવાતું ભોગવાતું ન્યૂન ન્યૂન જ થતું જાય છે. જ્યારે શેષ ત્રણ કર્મો તો ભવોભવમાં પણ બાંધેલા સ્ટોકમાં હોય છે તથા કેવલજ્ઞાન વાળા છેલ્લા ભવમાં પણ ક્ષપકશ્રેણિ પ્રારંભે ત્યાં સુધી સદા કાળ બંધાતા જ હતાં. જેથી ત્રણ કર્મોનો સ્ટોક આયુષ્ય કર્મ કરતાં ક્યારેય પણ ન્યૂન તો હોતો જ નથી.

પ્રશ્ન : કેવલી સમુદ્‌ઘાત એટલે શું ? તે કરતાં કેટલો સમય લાગે ! તે કરવાનું પ્રયોજન શું ?

ઉત્તર : કેવલજ્ઞાની પરમાત્મા પોતાનાં પૂર્વકાલમાં બાંધેલાં અઘાતી કર્મોને તોડવા માટે જે આ પ્રક્રિયા કરે છે તેને કેવલી સમુદ્‌ઘાત કહેવાય છે. જેમ કોઈ પણ ધોયેલું ભીનું કપડું વાળીને નીચોવીને એમને એમ મુકી રાખીએ તો લાંબા કાળે સુકાય પરંતુ તે જ કપડું ખોલીને ખંખેરીને દોરી ઉપર વધારે ખુલુ કરીને સુકવો તો જલ્દી સુકાઈ જાય. તેની જેમ શરીરમાં રહેલો આ આત્મા શરીરમાં સંકોચાઈને રહ્યો છે. તે જ આત્મા પોતાની જાતને શરીરમાંથી બહાર કાઢીને લોકવ્યાપી બનાવે છે. ત્યારે કેવલજ્ઞાનીનાં ઘણાં ઘણાં કર્મો તુટી જાય છે.

પહેલા સમયે સિદ્ધશીલાના ઉપરના ટોચભાગ સુધી અને નીચે સાતમી નારકીના તળીયા સુધી પોતાના આત્માને લાંબો કરે છે. જેને લાકડી જેવો લાંબો થયેલો હોવાથી દંડ કહેવાય છે ચૌદ રાજ લોક સુધી લાંબો થાય છે આ પ્રથમ સમયની પ્રક્રિયા છે.

બીજા સમયે પૂર્વ અને પશ્ચિમ દિશામાં અથવા ઉત્તર અને દક્ષિણ દિશામાં લોકના અંતિમ આકાશ પ્રદેશ સુધી આ કેવલીભગવાન પોતાના આત્માને બે કમાડની જેમ પહોળો કરે છે તેને **કપાટ** કહેવાય છે.

ત્રીજા સમયે શેષ બે દિશામાં આ આત્માને પહોળો કરે છે જેથી રવૈયા જેવો ચારે દિશામાં લોકાન્ત સુધી લાંબો હોવાથી રવૈયાના જેવા ચાર પાંખડાવાળો આકાર તે આત્માનો બને છે. તેને **મન્થાન** કરે છે એમ કહેવાય છે.

ચોથા સમયે ચારે દિશાના વચ્ચેના ખુણાવાળા ભાગમાં અર્થાત્ વિદિશાવાળા ભાગમાં - એટલે કે આંતરામાં પોતાના આત્મપ્રદેશો લંબાવીને કેવલજ્ઞાની પરમાત્માનો તે આત્મા લોકાકાશ વ્યાપી થાય છે. સમસ્ત લોકાકાશમાં તે પરમાત્મા વ્યાપ્ત થાય છે. આ ચોથા સમયનું કાર્ય કહેવાય છે.

ત્યારબાદ પાંચમા સમયે વિદિશામાંથી તે આત્મા પોતાના આત્મ પ્રદેશોને પાછા ખેંચી લે છે એ જ પ્રમાણે છઠ્ઠા સમયે ગમે તે બે દિશામાંથી અને સાતમા સમયે શેષ બાકી રહેલી બે દિશામાંથી અને આઠમા સમયે ઉર્ધ્વ અને અધો એવા દંડમાંથી આ આત્મા પાછો ફરે છે અને જેવો પ્રથમ હતો તેવો જ યથાર્થ શરીરાકારે (શરીર પ્રમાણરૂપે) પરિણામ પામે છે. આ આઠ સમયના કાળવાળો કેવલી સમુદ્‌ઘાત કરે છે તેના વડે ત્રણ અઘાતી કર્મો તોડીને પોતાના શેષ આયુષ્યના કાલ પ્રમાણ કરે છે.

આ કેવલી સમુદ્‌ઘાત કોઈક કેવલી ભગવાન કરે છે અને કોઈક કેવલી ભગવાન કરતા નથી. પરંતુ તેના પછી મન - વચન અને કાયાના યોગનો નિરોધ તો બધા જ કેવલી પરમાત્મા કરે છે. બે સમયની સ્થિતિવાળો સાત વેદનીયનો બંધ અટકાવવા માટે, તથા કર્મોના આશ્રવને રોકવા, અને સર્વ સંવરભાવ પ્રાપ્ત કરવા માટે આ કેવલી ભગવાન હવે યોગનો નિરોધ કરે છે. મન - વચન અને કાયા દ્વારા થતું આત્મ પ્રદેશોનું હલન-ચલન અટકાવે છે જેથી આશ્રવ વિરામ પામે કર્મબંધ અટકે અને સર્વથા સંવરભાવ પ્રાપ્ત થાય.

મિથ્યાત્વ - અવિરતિ અને કષાય આ કારણો જેમ કર્મોનો આશ્રવ અને બંધ કરાવે છે તેવી જ રીતે મન - વચન અને કાયાનો યોગો પણ કર્મોનો આશ્રવ અને બંધ કરાવે જ છે. અને જ્યાં સુધી કર્મોનો બંધ તથા આશ્રવ ચાલુ રહે છે. ત્યાં સુધી આ આત્માની મુક્તિ થતી નથી. તે માટે આશ્રવ અટકાવવા યોગનિરોધ શરૂ કરે છે.

કેવલી પરમાત્મામાં મન - વચન અને કાયા દ્વારા વપરાતું જે વીર્ય છે તેને જ **યોગ** કહેવાય છે જે કર્મબંધનું મુખ્ય કારણ છે હવે આ ભગવાન તે યોગને જ અટકાવવાનું કામ

શરૂ કરે છે એટલે કે યોગનિરોધ કરે છે જેનાથી કર્મોનો બંધ પણ વિરામ પામે અને આ આત્મા સુખે સુખે મોક્ષગામી થાય.

ત્યાં પ્રથમ સમયથી એક અંતર્મુહૂર્તકાળે બાદર મનયોગને અટકાવે છે ત્યારબાદ બીજા એક અંતર્મુહૂર્ત કાળે બાદર વચનયોગને અટકાવે છે. ત્યારબાદ ત્રીજા એક અંતર્મુહૂર્તકાળે બાદર કાયયોગને અટકાવે છે. આ પ્રમાણે ત્રણે બાદરયોગ વિરામ પામ્યા બાદ પ્રથમ સૂક્ષ્મ મનયોગ, પછી સૂક્ષ્મ વચનયોગ અને તેની પછી સૂક્ષ્મ કાયયોગને અટકાવે છે.

છેલ્લામાં છેલ્લો સૂક્ષ્મ કાયયોગ રૂંધાતો હોય ત્યારે આ કેવલી ભગવાન સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી નામના શુક્લ ધ્યાનના ત્રીજા પાયાના ધ્યાનવાળા થાય છે. આ પ્રમાણે યોગનિરોધ કર્યા પછી સર્વથા અયોગી થયા છતા કર્મબંધ વિનાના થયેલા તે ભગવાન સત્તામાં રહેલાં કર્મોને ઉદય હોય તેને ઉદયથી ભોગવવા દ્વારા અને જેનો ઉદય ન હોય તેને ઉદયથી ભોગવ્યા વિના પ્રદેશોદયથી (એટલે કે ઉદયવતી એવી પરપ્રકૃતિમાં ભેળવવા વડે તે રૂપે ભોગવીને પણ) સર્વ કર્મોનો ઉદય અને સત્તામાંથી વિનાશ કરે છે. અને સર્વથા કર્મ વિનાના બને છે. આ જ વાત ગ્રંથકારશ્રી હવે પછીની ગાથામાં સમજાવે છે. ॥૭૨॥

અવતરણ : अस्मिन्नेवार्थे दृष्टान्तान्तरमभिधातुकाम आह – આ જ વિષયમાં બીજુ પણ એક દૃષ્ટાંત સમજાવવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

उस्सारियेंधणभरो, जइ परिहाइ कमसो हुयासुव्व ।
थोविंधणावसेसो, निव्वाइ तओऽवणीओ य ॥७३॥

तह विसइंधणहीणो, मणोहुयासो कमेण तणुयंमि ।
विसइंधणे निरुंभइ, निव्वाइ तओऽवणीओ य ॥७४॥

ગાથાર્થ : દૂર કર્યો છે ઇંધણનો સમૂહ જેમાંથી એવો અગ્નિ અનુક્રમે હાનિ પામતો જાય છે અને થોડાક ઇંધણ બાકી રહે ત્યારે જેમ તે અગ્નિ બુઝાઈ જ જાય છે અને ત્યાર પછી બાકી રહેલાં તે થોડાંક ઇંધણ બળતાં બળતાં આપોઆપ જ સર્વથા અગ્નિ શાન્ત થઈ જ જાય છે.

તે જ પ્રમાણે પાંચ ઈન્દ્રિયોના વિષયોરૂપી ઇંધણ વિનાનો બનેલો **મન રૂપી અગ્નિ** અનુક્રમે સ્તોક સ્તોક થતાં થતાં વિષયો રૂપી ઈંધણો સમાપ્ત થયે છતે અણુસ્વરૂપ બની જાય છે અને અણુસ્વરૂપ બન્યા પછી તે વિષયો રૂપી અગ્નિ ધીરે ધીરે આપોઆપ બુઝાઈ જ જાય છે. ॥૭૩-૭૪॥

ટીકા : "उत्सारितेन्धनभरः" = अपनीतदाह्यसङ्घातः यथा "परिहीयते" हानिं प्रतिपद्यते । "क्रमशः" = क्रमेण हुताशः = वह्निः, "वा" विकल्पार्थः स्तोकेन्धनावशेषः हुताशमात्रं भवति। तथा निर्वाति = विध्यायति, "ततः" स्तोकेन्धनादपनीतश्चेति गाथार्थः ॥७३॥

अस्यैव दृष्टान्तोपनयमाह = तथा "विषयेन्धनहीनः" गोचरेन्धनरहित इत्यर्थः । मन एव दुःखदाहकारणत्वाद् "हुताशो" मनोहुताशः । "क्रमेण" = परिपाट्या "तनुके" "कृशे" ? क्व ? - "विषयेन्धने" अणावित्यर्थः । किं ? "निरुध्यते" निश्चयेन ध्रियते । तथा निर्वाति । "ततः" तस्मादणोरपनीतश्चेति गाथार्थः ॥७४॥

વિવેચન : उत्सारितेन्धनभरः = દૂર કરાયો છે ઇંધનનો સમૂહ જેમાં એવો हुताशः એટલે અગ્નિ જેમ હાનિને પામે છે ક્રમસર જેમ જેમ કાળ જાય છે. તેમ તેમ તે હુતાશન એટલે અગ્નિ ક્રમસર અર્થાત્ ક્રમે ક્રમે ઘટતો ઘટતો તે અગ્નિ થોડાં જ છે ઇંધન જેમાં એવો થઈ જાય છે. વધારાનાં ઇંધન બળી જવાથી થોડા જ છે દાહ્ય એવાં ઇન્ધન જેમાં એવો અલ્પ ઇંધણવાળો થાય છે.

સારાંશ કે જેમ જેમ ઇંધણ બળતાં જાય છે તેમ તેમ વહ્નિ ધીમો પડનો જાય છે. અતિશય વધારે ઇંધનવાળા વહ્નિમાંથી બળતાં બળતાં જ્યારે સ્તોક ઇંધનવાળો વહ્નિ થાય છે ત્યારે વહ્નિ માત્ર જ રહે છે ઇંધણ દેખાતાં જ નથી.

આવા પ્રકારનો આ અગ્નિ સ્તોક થયા પછી ધીરે ધીરે ઘસાતો ઘસાતો સમાપ્ત થઈ જાય છે. અર્થાત્ બુઝાઈ જાય છે. અગ્નિ બીલકુલ રહેતો જ નથી. સમાપ્ત જ થાય છે. (આ ગાથામાં આ ઉદાહરણ કહેવાયું છે. ઉદાહરણ પ્રમાણે ઉપમેયમાં યોજના કરવાનું કામ આગલી ગાથામાં આવે છે.)

કર્તાનો કહેવાનો આશય એવો છે કે જ્યારે અગ્નિ સળગાવામાં આવે છે ત્યારે ઇંધણ ઘણાં હોય છે જેથી વહ્નિ જોરમાં પ્રગટ થાય છે તેમાંથી ઇંધન જેમ જેમ બળતાં જાય છે તેમ તેમ અગ્નિ મંદ મંદ થતો જ રહે છે પરંતુ જે છેલ્લાં અતિશય સ્તોક (થોડા પ્રમાણમાં) દાહ્ય (બાળવા લાયક) લાકડાં કે છાણાં રહ્યાં છે ત્યારે વહ્નિ રહે છે ખરો. પરંતુ ઘણો જ ધીમો પડે છે અને તે પણ ઘસાતાં ઘસાતાં થોડા જ ટાઈમમાં સર્વથા તે અગ્નિ શાંત થઈ જાય છે. (તેની જેમ આ જીવમાં શું થાય છે. તે હવે પછીની ગાથાના અર્થમાં સમજાવે છે. ॥૭૩॥

ઉપર સમજાવેલ ઉદાહરણ પ્રમાણે સંસારમાં રહેલો આ જીવ પણ પાંચ ઈન્દ્રિયોના વિષયોના ઉપભોગ રૂપ ઇંધણવાળો જ્યારે હોય છે ત્યારે મનરૂપી અગ્નિ દુઃખ રૂપી દાહનું

કારણ બનતો હોવાથી અગ્નિ જોરમાં હોય છે. વિષય પિપાસા પણ ઘણી જ જોરમાં હોય છે. ક્રમસર કાળ જતાં તથા પોતાની યુવાવસ્થાને બદલે વૃદ્ધાવસ્થા આવવાથી વિષયો રૂપી ઈન્ધન હાનિ પામતાં જાય છે. અને તેના જ કારણે મન રૂપી અગ્નિ ઠંડો પડતો જાય છે.

તથા ઠંડો પડેલો તે વહ્નિ થોડા જ સમય પછી બુઝાઈ જાય છે. તેની જેમ પાંચ ઈન્દ્રિયોના વિષયો રૂપી ઈન્ધન જેમ જેમ વધે છે તેમ તેમ કામવાસનાથી ઘેરાયેલું જે મન છે તે રૂપી અગ્નિ વધે છે. આ અગ્નિ જેમ દાહ્ય એવાં લાકડાં અને છાણાંને બાળે છે તેમ વિષય વિકારોમાં અટવાયેલું જે મન છે તે મન રૂપી અગ્નિ વિષયો રૂપી દાહ્યને બાળવાનું કારણ હોવાથી આ જીવ ઘણો દુઃખી દુઃખી થાય છે.

પરંતુ અનુક્રમે કાળ જતાં પાંચ ઈન્દ્રિયોના વિષયો રૂપી ઇંધણ હાનિ પામે છતે કામવાસના તથા માનસિક વિકારો ઠંડા પડતે છતે તે અગ્નિ અણુરૂપ થાય છે અને ધીરે ધીરે ત્યારબાદ વિકાર નાશ પામે છતે માનસિક વાસના રૂપી વહ્નિ પણ ચાલ્યો જાય છે. અર્થાત્ શાન્ત થઈ જાય છે. ॥૭૪॥

અવતરણ : पुनरप्यस्मिन्नेवार्थे दृष्टान्तोपनयावाह - તથા વળી આ જ વિષયમાં બીજું એક દૃષ્ટાંત અને તેનો ઉપનય ગ્રન્થકારશ્રી સમજાવે છે –

तोयमिव नालियाए, तत्तायसभायणोदरत्थं वा ।
परिहाइ कमेण जहा, तह जोगिमणोजलं जाण ॥७५॥

ગાથાર્થ : જેમ કોઈ પણ તપેલીમાં રહેલું પાણી તે તપેલી અગ્નિથી ઘણી જ ગરમાગરમ થાય ત્યારે બળતું જાય છે જેથી પાણી હાનિ પામે છે. અને ત્યારબાદ અનુક્રમે વધારે કાળ જતાં બધુ જ પાણી બળી જાય છે તેમ યોગી મહાત્માના મન રૂપી જળ પણ તેવી જ રીતે વિષય વિકારોથી હાનિ પામે છે. ॥૭૫॥

ટીકા : "तोयमिव" = उदकमिव "नालिकाया" = घटिकायाः । तथा तप्तं च तदायसभाजनं - लोहभाजनं च तप्तायसभाजनं तदुदरस्थं, वा विकल्पार्थः । परिह्रीयते क्रमेण यथा । एष दृष्टान्तः । अयमर्थोपनयः - "तथा" = तेनैव प्रकारेण योगिमन एवाविकलत्वाज्जलं योगिमनोजलं "जानीहि" अवबुद्धयस्व । तथाऽप्रमादानलतप्तजीवभाजनस्थं मनोबलं परिहीयत इति भावना ।

अलमतिविस्तरेणेति गाथार्थः ॥७५॥

વિવેચન : આ ગાથામાં બીજું એક દૃષ્ટાંત આપીને ઉપરની બે ગાથામાં જે વિષય સમજાવ્યો છે. તેને જ વધારે વધારે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી સમજાવે છે. જેમ કોઈ એક ઘડામાં

અથવા તપેલીમાં પાણી ભર્યું હોય અને ત્યારબાદ તે જ ઘડાને (અથવા તપેલીને) એટલે કે તે પાણીથી ભરેલા તે ભાજનને અગ્નિ ઉપર ચડાવીને વધારે વધારે તપાવવામાં આવે તો તે તપેલા ભાજનમાં રહેલું પાણી અગ્નિના શેકથી બળી જવાના કારણે હાનિ પામે છે એટલું જ નહીં પરંતુ જો ધ્યાન ન રાખવામાં આવે તો તે તપેલીમાં રહેલું સર્વ પાણી બળી જાય છે તથા તપેલી પણ વધારે વધારે અગ્નિમય બને છે. (ગરમાગરમ થઈ જાય છે.)

આ એક દૃષ્ટાંત સમજાવ્યું તે દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે ઉપર કહેલા દૃષ્ટાંતને અનુસારે યોગી મહાત્માનું મન જ આત્માના દોષોને ધોનાર હોવાથી જલ સમાન છે પરંતુ અપ્રમાદવાળી અવસ્થા રૂપી અગ્નિથી અત્યંત તપેલા એવા આ જીવ રૂપી વાસણમાં રહેલું મનરૂપી જળ ઘણું જ ગરમ થવાથી બળી જાય છે. તેથી જળની હાનિ થાય છે. તે પ્રમાણે આ આત્મામાં પણ મનના વિકારો રૂપી પાણી શોષાઈ જાય છે અને આ આત્મા અત્યંત નિર્વિકારી ભાવને પામે છે તે માટે અપ્રમાદ અવસ્થા રૂપી અગ્નિથી જીવ રૂપી તપેલાને ગરમ કરવો જ જોઈએ. તો જ અંદર રહેલા મનના વિકારો વિનાશ પામે છે અને આ આત્મા શુદ્ધ બુદ્ધ દશાને પામે છે. આ ઉપદેશ ગંભીરભાવે વિચારવા જેવો છે. ॥૭૫॥

अवतरण : "अपनयति ततोऽपि जिनवैद्य" इतिवचनात् एवं तावत् केवली मनोयोगं निरुणद्धि इत्युक्तम्। अधुना शेषयोगनिरोधविधिमभिधातुकाम आह :- કેવલી પરમાત્મા યોગનિરોધ કરે ત્યારે ૭૨મી ગાથાના અંતિમ પદમાં કહેવામાં આવ્યું હતું કે "ત્યારબાદ જિનેશ્વર પરમાત્મા રૂપી વૈદ્ય ત્રણ ભુવનરૂપી સમસ્ત શરીરમાં ફરનારા મનને મંત્ર અને યોગના બળથી પરમાણુમાં સ્થાપન કરે છે અને ત્યારબાદ ત્યાંથી પણ મનને ખસેડીને મનયોગનો સર્વથા નિરોધ કરે છે." આ પ્રમાણે ૭૨મી ગાથામાં કહેવામાં આવ્યું છે તો હવે તે યોગનિરોધના પ્રસંગથી મનોયોગનો નિરોધ કર્યા પછી બાકીના યોગોના નિરોધની વિધિ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

एवं चिय वयजोगं, निरुंभइ कमेण कायजोगंपि ।
तो सेलेसोव्व थिरो, सेलेसी केवली होइ ॥७६॥

ગાથાર્થ : આ જ પ્રમાણે આ કેવલી ભગવાન મનોયોગનો નિરોધ કર્યા પછી એ જ પ્રમાણે વચનયોગનો પણ નિરોધ કરે છે તથા અનુક્રમે ત્યારબાદ કાયયોગનો પણ નિરોધ કરે છે ત્યાર પછી મેરૂ પર્વત જેવા અત્યંત સ્થિર થયા છતા તે ભગવાન શૈલેશી બને છે. ॥૭૬॥

ટીકા : "एवमेव" = एभिरेव विषादिदृष्टान्तैः किं ? वाग्योगं निरुणद्धि । तथा क्रमेण काययोगमपि निरुणद्धीति वर्तते । ततः "शैलेश इव" मेरुरिव स्थिरः सन् शैलेशी केवली भवतीति गाथार्थः ॥७६॥

इह च भावार्थो नमस्कारनिर्युक्तौ प्रतिपादित एव, तथाऽपि स्थानाशून्यार्थं स एव लेशतः प्रतिपाद्यते। तत्र योगानामिदं स्वरूपम् - औदारिकादिशरीरयुक्तस्या ऽऽत्मनो वीर्यपरिणतिविशेषः काययोगः। तथौदारिकवैकियाहारकशरीरव्यापाराहृतवाग्द्रव्यसमूहसाचिव्याज्जीवव्यापारो वाग्योगः। तथौदारिकवैक्रियाहारकशरीरव्यापाराहृतमनोद्रव्यसाचिव्याज्जीवव्यापारो मनोयोगः इति। स चामीषां निरोधं कुर्वन् कालतोऽन्तर्मुहूर्तभाविनि परमपदे भवोपग्राहिकर्मसु च वेदनीयादिषु समुद्घाततो निसर्गेण वा समस्थितिषु सत्स्वेतस्मिन् काले करोति परिमाणतोऽपि :-

विवेचन : જેમ વૈદ્ય શરીરમાં ફેલાવેલા વિષને ડંખમાં લાવે છે અને ડંખમાં લાવ્યા પછી ત્યાથી પણ તે વિષનો નાશ કરે છે એક આ દૃષ્ટાંત તથા ઘણાં ઈંધણમાં લાગેલો ભારે અગ્નિ જેમ ઈંધણો બળી ગયે છતે ધીમો પડે છે અને ત્યાર પછી તે વહ્નિ બુઝાઈ જાય છે તેની જેમ આ કેવલજ્ઞાની પરમાત્માનો આત્મા પ્રથમ મનયોગનો નિરોધ કરીને ત્યારબાદ શું કરે છે ? તે હવે કહે છે મનોયોગનો નિરોધ કર્યા પછી વચનયોગનો પણ નિરોધ કરે છે.

તથા તે જ ક્રમ પ્રમાણે વચનયોગનો નિરોધ કર્યા પછી કાયયોગનો પણ નિરોધ કરે છે અહીં કાયયોગની સાથે निरूणद्धि આ ક્રિયાપદ મૂળગાથામાં બીજી વાર નથી. તો પણ પ્રથમવારનું લખેલું તે ક્રિયાપદ અહીં પણ અનુવર્તે છે.

ત્યારબાદ "शैलेश इव" = મેરૂ પર્વતની જેમ અતિશય સ્થિર થયા છતા આ કેવલજ્ઞાની ભગવાન શૈલેશી (શૈલેશીકરણ કરનારા) થાય છે.

અહીં યોગનો નિરોધ કેવી રીતે કરે છે ? તે વાત નમસ્કાર નિર્યુક્તિમાં પૂજ્યપાદ ભદ્રબાહુસ્વામીએ જણાવેલી જ છે. તો પણ સ્થાન શૂન્ય ન રહે તે માટે તે જ વિષય લેશથી (અંશ માત્રથી) જ અહીં પ્રતિપાદન કરાય છે ત્યાં પ્રથમ યોગોનું સ્વરૂપ આ પ્રમાણે છે :-

ઔદારિક શરીરથી યુક્ત એવા આ આત્માની તે કાયા દ્વારા વપરાતા વીર્યની જે પરિણતિ વિશેષ છે. તે કાયયોગ કહેવાય છે. તથા ઔદારિક વૈક્રિય અને આહારક આ ત્રણ પ્રકારના શરીરોના વ્યાપારથી ગ્રહણ કરાયેલાં ભાષા વર્ગણાનાં પુદ્ગલ દ્રવ્યોના સમૂહની પ્રધાનતાવાળો એવો જે વચનો બોલતી વખતે જીવનો વેપાર (વ્યવહાર) તે વચન યોગ કહેવાય છે.

તથા ઔદારિક વૈક્રિય અને આહારક આ ત્રણ પ્રકારના શરીરોના વ્યાપારથી ગ્રહણ કરાયેલાં મનોવર્ગણાનાં પુદ્ગલોમાં ચિંતન-મનન રૂપે મનની પ્રધાનતાએ થયેલો જીવનો જે વ્યાપાર (વ્યવહાર) તે મનયોગ કહેવાય છે.

તે કેવલી પરમાત્મા આ ત્રણે યોગોનો નિરોધ (અટકાયત) કરતા છતા કાલથી વિચારીએ તો જે કેવલી પરમાત્માને હવે એક જ અંતર્મુહૂર્ત કાળમાં પરમપદ (અર્થાત્

મોક્ષપદ) અવશ્ય ભાવિમાં આવવાનું જ છે તેવા તે કેવલી ભગવાન ભવોપગ્રાહી એવાં (અર્થાત્ અઘાતી એવાં) વેદનીય નામ અને ગોત્ર આ ત્રણે કર્મો, જે સ્ટોકમાં આયુષ્ય કર્મથી અધિક હતાં તેને સમુદ્‌ઘાતથી આ કાલે સમાન કરે છે આ પ્રમાણે સમાન કરાયે છતે અથવા સ્વાભાવિકપણે સમાન હોતે છતે અયોગી થાય છે.

ચૌદમા ગુણસ્થાનકે જેનો ઉદય છે તેવી ઉદયવતી ૧૨ પ્રકૃતિઓની ઉદયસ્થિતિ ચૌદમા ગુણસ્થાનક પ્રમાણ અને જે કર્મપ્રકૃતિઓ અનુદયવતી છે પણ સત્તામાં છે તેનો ચૌદમા ગુણસ્થાનકના કાલ પ્રમાણ કરતાં ૧ સમય ન્યૂન એવી સ્થિતિસત્તા આ જીવ કરે છે જેથી ઉદયવતીને ઉદયથી ભોગવીને સમાપ્ત કરવા દ્વારા અને અનુદયવતીને ઉદયવતીમાં સંક્રમાવીને ભોગવવા દ્વારા સત્તાનો પણ નાશ કરતો કરતો આ જીવ આગળ ચૌદમું ગુણસ્થાનક પસાર કરે છે.

पज्जत्तमित्तसन्निस्स, जत्तियाइं जहन्नजोगिस्स ।
होंति मनोदव्वाइं, तव्वावारो य जम्मत्तो ॥१॥

પર્યાપ્તસંજ્ઞી પંચેન્દ્રિય જઘન્યયોગી જીવને જેટલાં મનોદ્રવ્ય હોય છે, તેટલા જ વ્યાપારવાળો અને તેટલી જ માત્રાવાળો યોગ, કેવલજ્ઞાની પરમાત્માને યોગનિરોધકાળે હોય છે. ॥૧॥

तदसंखगुणविहीणे, समए समए निरुंभमाणो सो ।
मणसो सव्वनिरोहं कुणइ असंखेज्जसमयेहिं ॥२॥

તેમાંથી સમયે સમયે અસંખ્યાતગુણ હીન હીન કરીને યોગને અટકાવતા અટકાવતા કેવલજ્ઞાની પરમાત્મા અસંખ્યાત સમયો દ્વારા મનનો સર્વથા નિરોધ કરે છે. (મનોયોગનો નિરોધ કરે છે) ॥૨॥

पज्जत्तमित्तबिंदिय, जहन्नवइ जोगपज्जया जे उ ।
तदसंखगुणविहीणे, समये समये निरुंभंतो ॥३॥

પર્યાપ્તા બેઈન્દ્રિય પ્રાયોગ્ય જઘન્ય વચનયોગના જે પર્યાયો છે તેનાથી પણ અસંખ્યાતગુણહીન અસંખ્યાતગુણહીન સમયે સમયે વચનયોગનો નિરોધ કરે છે. (વચનયોગને અટકાવે છે). ॥૩॥

सव्वइजोगरोहं, संखाईएहिं कुणइ समएहिं ।
तत्तो व सुहुमपणगस्स पढमसमयोववन्नस्स ॥४॥

जो किर जहण्णजोओ, तदसंखेज्जगुणहीणमेक्केक्के ।
समये निरुंभमाणो, देहतिभागं च मुंचंतो ॥५॥

અસંખ્યાત સમયો વડે આ પ્રમાણે વચનયોગનો નિરોધ થયે છતે, ત્યારબાદ સૂક્ષ્મ વનસ્પતિકાયના ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તતા જીવનો જે જઘન્ય કાયયોગ હોય છે. તેનાથી પણ એક એક સમયમાં અસંખ્યાતગુણહીન અસંખ્યાતગુણહીન યોગ કરતો એવો તે જીવ શરીરના ત્રીજા ભાગમાં પોતાની વર્તનાનો ત્યાગ કરતો છતો ॥૪-૫॥

रुंभइ स कायजोगं, संखाईएहिं चेव समएहिं ।
तो कायजोगनिरोहो, सेलेसीभावयामेइ ॥६॥

અસંખ્યાત સમયો વડે તે મહાત્મા કાયયોગનો પણ નિરોધ કરે છે. ત્યારબાદ કર્યો છે કાયયોગનો નિરોધ જેણે એવા તે મહાત્મા શૈલેશીભાવને પામે છે. ॥૬॥

सेलेसो किर मेरू, सेलेसी होइ जा तहाऽचलया ।
होउं च असेलेसो, सेलेसी होइ थिरयाए ॥७॥

શૈલેશ એટલે મેરૂપર્વત, શૈલેશી અવસ્થા એટલે મેરૂપર્વત જેવી અચલતા, તેવી અચલતા વાળા થઈને જે ચંચળ જીવ હતો તે જ જીવ સ્થિરતાગુણ વડે મેરૂપર્વત જેવો સ્થિર થાય છે. ॥૭॥

अहवा सेलुव्व इसी सेलेसी होइ सोउ थिरयाए ।
सेव अलेसी होई सेलेसीहो अलोवाओ ॥८॥

અથવા પર્વતના જેવા (સ્થિર) જે ઋષિ તે શૈલર્ષી, સ્થિરતાગુણ વડે તે શૈલેશી છે. પરંતુ લેશ્યા વિનાના હોવાથી અલેશી છે. અલેશી હોવા છતાં અલેશીના અ નો લોપ થવાથી તે પરમાત્મા સે અલેસી માંથી અ લોપાવાથી સૈલેશી થાય છે. ॥૮॥

सीलं व समाहाणं, निच्छयओ सव्वसंपरो सो य ।
तस्सेसो सीलेसो, सीलेसी होइ तयवत्था ॥९॥

અથવા શીલ એટલે સમાધાન, નિશ્ચયનયથી તે પરમાત્મા સર્વ સંવરભાવવાળા છે તેના જે આ સ્વામી, તે શીલેશ કહેવાય છે. તેમની જે અવસ્થા તે શૈલેશી અવસ્થા આવો અર્થ પણ થાય છે. ॥૯॥

हस्सक्खराइं मज्झेणं, जोग कालेण पंच भण्णंति ।
अच्छइ सेलेसिगओ, तत्तियमेत्तं तओ कालं ॥१०॥

મધ્યમસ્વરે બોલતાં પાંચ હ્રસ્વ સ્વરોનું ઉચ્ચારણ જેટલા કાળે બોલી શકાય તેટલો કાળ શૈલેશી અવસ્થા પામેલા ભગવાન ત્યાં રહે છે. ॥૧૦॥

तणुरोहारंभाओ झायइ सुहुमकिरियाणियट्टिं सो ।
वोच्छिन्नकिरियमप्पडिवाई, सेलेसिकालम्मि ॥११॥

શૈલેશી અવસ્થાના કાળમાં જ કાયયોગના નિરોધનું કાર્ય આરંભીને તે ભગવાન સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી તથા વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી એ નામનાં બે શુકલધ્યાન પ્રાપ્ત કરનારા બને છે. ॥૧૧॥

तयसंखेज्जगुणाए, गुणसेढीए रइयं पुराकम्मं ।
समये समये खवियं, कमसो सेलेसीकालेणं ॥१२॥

પૂર્વકાળમાં બાંધેલા તે કર્મોને ખપાવવા માટે અસંખ્યાત ગુણાકારની શ્રેણિ વડે શૈલેશીકરણમાં વર્તતો તે જીવ શૈલેશીકરણનાકાળ દ્વારા અનુક્રમે સમયે સમયે ખપાવે છે. ॥૧૨॥

सव्वं खवेइ तं पुण निल्लेवं किंचि दुचरिमे समए ।
किंचिच्च होंति चरमे सेलेसीए तयं वोच्छं ॥१३॥

ચૌદમા ગુણસ્થાનકના દ્વિચરમસમયમાં સર્વ પણ તે કર્મને લગભગ નિર્લેપ કરે છે. થોડુંક કર્મ બાકી રહે છે. જે ચૌદમાના ચરમસમયમાં ખપાવે છે. તે હવે સમજાવાય છે. ॥૧૩॥

भणुयगइ-जाइ-तस-बायरं च पज्जत्तसुभगमाएज्जं ।
अन्नयरवेयणिज्जं, नराउमुच्चं जसोनामं ॥१४॥

(૧) મનુષ્યગતિ, (૨) પંચેન્દ્રિયજાતિ, (૩) ત્રસ, (૪) બાદર, (૫) પર્યાપ્ત, (૬) સૌભાગ્ય, (૭) આદેય, (૮) અન્યતરવેદનીય, (૯) મનુષ્યનું આયુષ્ય, (૧૦) ઉચ્ચગોત્ર, (૧૧) યશઃનામકર્મ તથા - ॥૧૪॥

सम्भवओ जिणणामं, नराणुपुव्वी य चरिमसमयम्मि ।
सेसा जिणसंत्ताओ, दुचरिमसमयंमि निट्ठंति ॥१५॥

(૧૨) સંભવથી કોઈકમાં જિનનામકર્મ, તથા (૧૩) મનુષ્યાનુપૂર્વી એમ તેર (૧૩) કર્મપ્રકૃતિઓ ચરમસમયે સત્તામાં રહે છે. બાકીની (૭૨) બોંતેર પ્રકૃતિઓ દ્વિચરમસમયમાં જ ક્ષય પામે છે. ॥૧૫॥

ओरालियाहिं सव्वाहिं चयइ विप्पजहणाहिं जं भणियं ।
निस्सेसतया न जहा देसच्चाएण सो पुव्वं ॥१६॥

ઔદારિક આદિ સર્વ ભાવોનો આ જીવ ત્યાગ કરે છે એમ જે કહ્યું છે તે સવિશેષપણે ત્યાગ સમજવો. પરંતુ દેશથી ત્યાગ ન સમજવો કે જે પૂર્વ કરતો હતો. અર્થાત્ પૂર્ણપણે ત્યાગ કરે છે. ॥૧૬॥

तस्सोदइया भावा, भव्वत्तं च विणियत्तए समयं ।
सम्मत्त-णाण-दंसण-सुह-सिद्धत्ताणि मोत्तूणं ॥

તે પરમાત્માને સર્વે પણ ઔદયિકભાવો તથા ભવ્યત્વ, એકી સાથે વિનાશ પામે છે. ફક્ત સમ્યક્ત્વ, કેવલજ્ઞાન, કેવળદર્શન-અનંતસુખ અને સિદ્ધત્વને છોડીને બીજા બધા ભાવો ક્ષય પામે છે. સંસારિકભાવો સમતિ થાય છે. ॥૧૭॥

उजुसेढिं पडिवन्नो समयपएसंतरं अफुसमाणो ।
एगसमयेण सिज्झइ अहसागारोवउत्तो सो ॥१८॥

નિર્વાણ પામતા તે ભગવાન સમયાન્તરને સ્પર્શ્યા વિના જ ઋજુશ્રેણિથી માત્ર એક જ સમયમાં સાકારોપયોગ વાળા આ ભગવાન્ સિદ્ધિપદને પામે છે. ॥૧૮॥

હવે તેરમા ગુણઠાણાના અંતિમકાલમાં જે યોગનિરોધ કરે છે તે સમજાવે છે જઘન્ય યોગી એવા સંજ્ઞી પંચેન્દ્રિય જીવને જેટલો માત્ર મનોયોગ હોય છે તેટલા જ વ્યાપારવાળો મનોયોગ આ કેવલી ભગવાનને હોય છે. (૧)

સમયે સમયે અસંખ્યાતગુણ હીન અસંખ્યાતગુણ હીન યોગનો નિરોધ કરે છતે અસંખ્યાત સમયો વડે મનયોગનો સર્વથા નિરોધ કરે છે. આ ભગવાન મનયોગ વિનાના બને છે. (૨)

ત્યારબાદ વચનયોગનો નિરોધ કરતાં કરતાં પર્યાપ્ત બેઈન્દ્રિય પ્રાયોગ્ય માત્ર વચનયોગવાળા થયા પછી અસંખ્યાતગુણ હીન અસંખ્યાતગુણ હીન એવો વચનયોગ સમયે સમયે નિરોધ કરતાં કરતાં. (૩)

સંખ્યાતીત (અસંખ્યાત) સમયો પસાર કરવા દ્વારા વચનયોગનો પણ સર્વથા નિરોધ આ કેવલી ભગવાન કરે છે. ત્યારબાદ કાયયોગને અટકાવતાં અટકાવતાં સૂક્ષ્મ પનક (સાધારણ વનસ્પતિકાયના ભવમાં પ્રથમ સમયમાં ઉત્પન્ન થયેલા) જીવના જેટલો જ કાયયોગ રહે છે ત્યારે શું કરે છે તે હવે પછીની ગાથામાં સમજાવે છે. (૪)

જે કેવલી પરમાત્મા સૂક્ષ્મ પર્યાપ્તા નિગોદ જેટલા જઘન્ય યોગવાળા બન્યા પછી આ ભગવાન ત્યાર પછીના એક એક સમયમાં અસંખ્યાત ગુણહીન અસંખ્યાતગુણ હીન યોગનો નિરોધ કરતા છતા તથા જે આત્મા આખા શરીરમાં વ્યાપ્ત છે તેમાંથી એક તૃતીયાંશ ભાગને ખાલી કરતો (તે ભાગમાં ન વર્તતો) આ જીવ અસંખ્યાત સમયો વડે તે કાયયોગનો પણ નિરોધ કરે છે, કર્યો છે કાયયોગનો સંપૂર્ણ નિરોધ જેઓએ એવા અયોગી થયેલા આ કેવલી ભગવાન્ ત્યારબાદ શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરે છે. (૫-૬)

શૈલેશ એટલે કે મેરૂપર્વત એવો અર્થ કરવો. જેમ શૈલેશ પર્વત (મેરૂ પર્વત) અચલ છે અર્થાત્ અત્યંત સ્થિર છે તેની જેમ તે કેવલી પરમાત્માનો આત્મા પૂર્વકાળમાં યોગવાળો હોવાથી ચંચળ હતો અર્થાત્ અસ્થિર હતો તેટલે અશૈલેશ હતો તે જ આત્મા હવે યોગનિરોધ કરવાથી સ્થિરતા ગુણ વડે શૈલેશ મેરૂપર્વત જેવો અત્યંત સ્થિર બને છે. ॥૭॥

અથવા જેમ મેરૂ પર્વત અત્યંત સ્થિર હોય છે તેમ જે મહાત્મા અતિશય સ્થિર થયા છે તે કેવલી ભગવાન સ્થિરતા ગુણ વડે પર્વતની જેવા જે ઋષિ બન્યા છે તે શૈલર્ષી બને છે. અથવા આ ભગવાન શૈલેશી (એટલે કે જે લેશ્યાવાળા) હતા. તેમાંથી અ નો લોપ થવાથી અલેશી (લેશ્યા વિનાના બને છે.) ॥૮॥

અથવા શીલ એટલે અત્યંત સ્થિર, નિશ્ચયથી સર્વથા કર્મોના સંવર ભાવવાળા, તેના જે ઈશ (રાજા) તે તેવી અયોગી અવસ્થામાં સર્વથા આવતાં કર્મોનું રોકાણ થઈ ગયેલ હોવાથી સર્વ સંવર ભાવવાળા થયા છતા શૈલેશ મેરૂપર્વત જેવા સ્થિર બને છે. ॥૯॥

મધ્યમ સ્વરે બોલાતા જે પાંચ હ્રસ્વ સ્વર (અ ઇ ઉ ઋ ઌ) તેમાં જેટલો કાળ જાય છે. તેટલા જ કાળ વડે જ્યાં આ ભગવાન રહે છે તે કારણથી તે આ શૈલેશી અવસ્થાવાળા ભગવાન્ પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચારણ કાળ પ્રમાણ કહેવાય છે. ચૌદમા ગુણસ્થાનકનો તેટલો જ કાળ સમજવો. ॥૧૦॥

કાયયોગના નિરોધકાળથી આરંભીને આ ભગવાન "સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી" નામના શુક્લ ધ્યાનને ધરનારા હોય છે અને ત્યારબાદ એટલે કે કાયયોગનો સંપૂર્ણપણે નિરોધ થયા પછી શૈલેશી અવસ્થા આવે ત્યારે તે અવસ્થાના કાળે વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી નામના શુક્લ ધ્યાનના ચોથા પાયાવાળા આ ભગવાન બને છે. ॥૧૧॥

તથા અસંખ્યાત ગુણાકારના ક્રમવાળી ગુણશ્રેણી વડે રચાયેલા (ગોઠવાયેલા) પૂર્વબદ્ધ કર્મને શૈલેશીકરણ નામના ચૌદમા ગુણસ્થાનક વડે સમયે સમયે અનુક્રમે ખપાવતા ખપાવતા તે ભગવાન આગળ વધે છે. ॥૧૨॥

કેટલીક (અનુદયવતી ૭૨/૭૩) કર્મપ્રકૃતિઓનો ચૌદમાના દ્વિચરમ સમયે જ પોતાની સત્તા રૂપે નાશ કરે છે અને વળી બીજાં કેટલાંક કર્મોનો ઉદયવતી (૧૩/૧૨)પ્રકૃતિઓનો ચૌદમાના ચરમસમયે ઉદયથી અને સત્તાથી નાશ કરે છે જે ૧૨/૧૩ ઉદયવતી છે તે પ્રકૃતિઓનાં નામો હવે અમે કહીશું. ॥૧૩॥

(૧) મનુષ્યગતિ, (૨) પંચેન્દ્રિયજાતિ, (૩) ત્રસ, (૪) બાદર, (૫) પર્યાપ્ત, (૬) સૌભાગ્ય, (૭) આદેય, (૮) અન્યતર વેદનીય (સાતા અથવા અસાતા બેમાંથી એક), (૯)

મનુષ્યાયુષ્ય, (૧૦) ઉચ્ચગોત્ર, (૧૧) યશ નામ કર્મ, એમ સામાન્યથી અગિયાર કર્મપ્રકૃતિઓ. ચૌદમા ગુણઠાણે ઉદયમાં હોય છે. ॥૧૪॥

તથા સંભવને આશ્રયી (૧૨) તીર્થકર નામ કર્મ તથા (૧૩) મનુષ્યની આનુપૂર્વી એમ આ (૧૩) કર્મપ્રકૃતિઓનો ચૌદમા ગુણઠાણાના ચરમ સમયે નાશ કરે છે શેષ બાકીની (૭૨ અથવા ૭૩) કેવલી ભગવાનને જે સત્તામાં હોય પણ જેનો ઉદય નથી અને સત્તા છે. તેનો દ્વિચરમ સમયે નાશ કરે છે. ॥૧૫॥

ઔદારિક આદિ સર્વે પણ વર્ગણાઓની સાથેનો જે સંબંધ પૂર્વે કરેલો છે તે સંપૂર્ણપણે ત્યજી દે છે પરંતુ પૂર્વકાળમાં સંસારી અવસ્થામાં જેમ દેશથી (અંશથી ત્યાગ કરતો હતો એટલે કે અંશથી કર્મોને રાખતો પણ હતો) તેવો દેશ ત્યાગ હવે કરતો નથી. સંપૂર્ણપણે પુદ્ગલ વર્ગણાઓનો ત્યાગ કરે છે અને પુદ્ગલસાથેના સંબંધવિનાના બને છે. ॥૧૬॥

જે સમયે દેહનો ત્યાગ કરીને શરીરમાંથી આ મહાત્મા બહાર નીકળે છે ત્યારે તે સર્વજ્ઞ પરમાત્માને કર્મોનો ઔદયિકભાવ ન હોવાથી કર્મોની સાથેનો સંબંધ અને મોક્ષે જવાની યોગ્યતા સ્વરૂપ ભવ્યત્વ આ બન્ને ધર્મોનો નાશ થાય છે માત્ર ક્ષાયિક સમ્યક્ત્વ, કેવલજ્ઞાન, કેવળદર્શન અનંતસુખ અને સિદ્ધત્વને છોડીને બાકીના તમામ ભાવોનો આ જીવ ત્યાગ કરે છે. ક્ષાયિકભાવના આ પાંચ ગુણો રહે છે. ॥૧૭॥

સાકારોપયોગવાળા (એટલે કે જ્ઞાનોપયોગવાળા) એવા તે ભગવાન ઋજુ શ્રેણીથી (સમશ્રેણિથી) ઉર્ધ્વગતિને પ્રાપ્ત કરતા છતા બીજા (આડા-અવળા) આકાશ પ્રદેશોને સ્પર્શ્યા વિના જ તથા મોક્ષે જતાં સાતરાજ ક્ષેત્ર કાપતાં એક જ સમય થાય છે તેથી બીજા સમયને પણ ન સ્પર્શતાં એક જ સમય માત્રમાં તે ભગવાન સિદ્ધ થાય છે. ॥૧૮॥

આટલી વિગત કહી છે. હવે આ પ્રસંગની વધારે વિવેચન કરવાની જરૂર નથી. તે માટે વધુ વિવેચનથી હવે સર્યું. ॥૭૬॥

અવતરણ : उक्तं क्रमद्वारम्, इदानीं ध्यातव्यद्वारं विवृण्वन्नाहः - ક્રમ નામનું જે દ્વાર હતું તે કહ્યું. હવે ધ્યાતવ્ય (ધ્યાન કરવા યોગ્ય) એ નામના દ્વારનો વિસ્તાર કરતા ગ્રંથકારશ્રી કહે છે કે :-

उप्पाय-ट्ठिइ-भंगाइपज्जयाणं जमेगवत्थुंमि ।
नाणानयाणुसरणं पूव्वगयसुयाणुसारेणं ॥७७॥

ગાથાર્થ : કોઈ પણ એક વસ્તુમાં ઉત્પાદ-સ્થિતિ અને ભંગ (વ્યય) વિગેરે જે જે પર્યાયો છે તેનું પૂર્વમાં રહેલા શ્રુતના આધારે ભિન્ન ભિન્ન નયોની દૃષ્ટિએ સ્વરૂપ વિચારવું. ॥૭૭॥

ટબો : "उत्पाद-स्थिति-भङ्गादिपर्यायाणाम्" = उत्पादादयः प्रतीताः । आदिशब्दान्मूर्ता-मूर्तग्रहः । अमीषां पर्यायाणां यदेकस्मिन् द्रव्ये - अण्वात्मादौ । किं ? नानानयैः - द्रव्यास्तिकादिभिरनुस्मरणं - चिन्तनं । कथं ? पूर्वगतश्रुतानुसारेण पूर्वविदः । मरुदेव्यादीनां त्वन्यथा ॥७७॥

विवेचन : ધ્યાતવ્ય નામનું જે દ્વાર છે તે હવે સમજાવાય છે. ધ્યાન કરવા યોગ્ય અર્થાત્ ચિંતન કરવા યોગ્ય એવા ભાવોની વિચારણા કરવી તે ધ્યાતવ્ય દ્વાર કહેવાય છે. સંસારમાં રહેલા તમામ સજીવ નિર્જીવ પદાર્થો, તેના ઉત્પાદ - વ્યય અને ધ્રુવ આ ત્રણ ધર્મોથી સદાકાળ ભરેલા છે. પ્રતિસમયે નવા નવા પર્યાયરૂપે પ્રગટ થાય છે અને જુના જુના પર્યાયરૂપે વિનાશ પામે છે છતાં દ્રવ્ય સ્વરૂપે અવશ્ય ધ્રુવ પણ રહે જ છે.

જેમ કે માટીના પિંડમાંથી ઘડો બનાવ્યો ત્યાં મૃત્પિંડ રૂપે વ્યય થયો, ઘડા રૂપે ઉત્પત્તિ થઈ અને આ બન્ને અવસ્થામાં માટીપણે ધ્રુવતા રહેલી છે. કોઈ પણ એક જીવ મનુષ્યમાંથી મૃત્યુ પામીને દેવ થયો ત્યાં માનવપણે વ્યય, દેવપણે ઉત્પાદ અને જીવ દ્રવ્યપણે ધ્રુવત્વ આમ સર્વત્ર સમજવું.

અણુ એટલે પરમાણુથી પ્રારંભીને આત્મા સુધીનાં તમામ દ્રવ્યોમાં આ ઉત્પાદ - વ્યય અને ધ્રુવ આ ત્રણ ધર્મો હોય જ છે એટલું જ નહીં પરંતુ સમયે સમયે આ ત્રિપદી હોય છે. તથા કેવળ એકલી ત્રિપદી જ જાણવાની છે. એટલું જ નહીં પરંતુ ભિન્નાભિન્ન, નિત્યાનિત્ય, વાચ્યાવાચ્ય વિગેરે જે કંઈ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ છે તે ભિન્ન ભિન્ન નયોની અપેક્ષાએ અવશ્ય જાણવું.

જે જે ચૌદ પૂર્વધર મહાત્માઓ છે તેઓ વડે તે પૂર્વગત શ્રુતજ્ઞાનના આધારે આ સ્વરૂપ જાણવા જેવું છે. અને માણવા જેવું પણ છે અને જે જે મહાત્માઓ છે પરંતુ ચૌદ પૂર્વધર થયા નથી. જેમ કે મરૂદેવા માતા વિગેરે સામાન્ય શ્રુતજ્ઞાનવાળા આત્માઓ જે છે તેઓએ પણ વીતરાગ પરમાત્મા દ્વારા કહેવાયેલા શ્રુતના આધારે આ ત્રિપદી આદિ વિષયો યથાશક્તિ અવશ્ય જાણવા જોઈએ.

આ વિષયોનું વિશાળ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ભિન્ન ભિન્ન નયોની અપેક્ષાઓ બરાબર ધ્યાનમાં લેવી. અર્થાત્ સાત નયોનું જ્ઞાન બહુ જ ચિવટપૂર્વક મેળવવું. જેથી વિષય જરા પણ અન્યથા ઉલટ-સુલટ ન થઈ જાય. આ નયો જે છે. તે વિષયને સૂક્ષ્મ રીતે જાણવાના ઉપાય સ્વરૂપ છે.

જેમ તમને કોઈ એવો પ્રશ્ન કરે કે અમદાવાદ શહેર કઈ દિશામાં આવ્યું ? પ્રશ્ન આટલો જ છે. પરંતુ ઉત્તર આપતાં ઘણા ઘણા વિચારો આવે છે કે કયા શહેરની અપેક્ષાએ

તમે આ પુછો છો ? સુરતની અપેક્ષાએ ઉત્તરમાં, પાલનપુરની અપેક્ષાએ દક્ષિણમાં, રાજકોટની અપેક્ષાએ પૂર્વમાં અને કપડવંજની અપેક્ષાએ પશ્ચિમમાં એમ આ અમદાવાદ શહેર ચારે દિશામાં આવેલું છે.

હવે જ્યાં સુધી કોની અપેક્ષાએ પુછવામાં આવે છે ? તે વાત સ્પષ્ટ ન થાય ત્યાં સુધી ઉત્તર સ્પષ્ટ મળતો નથી. આનું જ નામ સાપેક્ષવાદ, સ્યાદ્વાદ, અનેકાન્તવાદ, વિવક્ષાવાદ. આ રીતે આખા જગતનું સ્વરૂપ સાપેક્ષવાદથી જ ભરપુર છે. આવાં તત્ત્વો વિચારવાં તે શુક્લધ્યાન કહેવાય છે. ॥૭૭॥

અવતરણ : तत्किमित्याह :- તે શુક્લધ્યાન એ શું છે ? આવો પ્રશ્ન થતો હોય તો કહે છે :-

सवियारमत्थ-वंजण-जोगंतरओ तयं पढमसुक्कं ।
होइ पुहुत्तवितक्कं, सवियारमरागभावस्स ॥७८॥

ગાથાર્થ : અર્થ - વ્યંજન અને યોગની જે સંક્રાંતિ (ફેરફાર) તે સવિચારવાળું પ્રથમ શુક્લધ્યાન છે. તેનું નામ છે પૃથક્ત્વ વિતર્ક સવિચાર આ ધ્યાન રાગના પરિણામથી રહિત એવા આત્માને હોય છે. ॥૭૮॥

ટીકા : "सविचारं" सह विचारेण वर्तत इति सविचारम् । विचारः = अर्थव्यञ्जनयोगसङ्क्रम इति । आह च अर्थ - व्यञ्जनयोगान्तरतः = अर्थः द्रव्यं, व्यञ्जनं = शब्दः, योगः = मनः प्रभृति। एतदन्तरतः - एतावद् भेदेन सविचारम् । अर्थाद् व्यञ्जनं सङ्क्रामतीति विभाषा । "तकम्" = एतद् प्रथमं "शुक्लम्" आद्यशुक्लं भवति । किंनामेत्यत आह - "पृथक्त्व वितर्कं सविचारं" = पृथक्त्वेन भेदेन विस्तीर्णभावेनान्ये वितर्कः श्रुतं यस्मिन् तत्तथा । कस्येदं भवति ? इत्यत आह = अरागभावस्य = रागपरिणामरहितस्येति गाथार्थः ॥७८॥

વિવેચન : શુક્લધ્યાનનો જે પ્રથમ ભેદ છે. તેનો અર્થ સમજાવે છે. પ્રથમ ભેદનું **"પૃથક્ત્વ વિતર્ક સવિચાર"** એવું નામ છે. ત્યાં **"પૃથક્ત્વ"** એટલે ભિન્ન ભિન્ન રીતે, અર્થાત્ અનેક પ્રકારે / **વિતર્ક** એટલે વિશિષ્ટ તર્કો પૂર્વકનું શ્રુતજ્ઞાન. શાસ્ત્રીય જ્ઞાન, અને **સવિચાર** શબ્દમાં વિચાર એટલે અર્થ - વ્યંજન અને યોગની સંક્રાંતિ ત્યાં અર્થ એટલે દ્રવ્ય અર્થાત્ પદાર્થ, વ્યંજન એટલે શબ્દો, અક્ષરો, તથા યોગ એટલે મન વિગેરે સાધનભૂત પદાર્થો સંક્રાન્તિઃ એટલે સંક્રમ થવો ફેરબદલી થવી. એક વિષયમાંથી બીજા વિષયમાં જવું. સવિચાર એટલે વિચારોની સાથે જે વર્તે તે સવિચાર.

કોઈ પણ એક દ્રવ્યના શાસ્ત્રાનુસારી વિચારો કરતાં કરતાં બીજા દ્રવ્યના શાસ્ત્રાનુસારી વિચારોમાં ચાલ્યા જવું અને બીજા દ્રવ્યના શાસ્ત્રાનુસારી વિચારો કરતાં કરતાં ત્રીજા દ્રવ્યના

વિચારોમાં ચાલ્યા જવું. આવા પ્રકારનું ચૌદ પૂર્વધર મુનિ મહાત્માઓએ કરેલું જે ધ્યાન તે પૃથક્ત્વ વિતર્ક સવિચાર નામનો શુક્લ ધ્યાનનો પ્રથમ ભેદ કહેવાય છે. એક શબ્દ બોલતાં બોલતાં તેના જ અર્થને સમજાવનારા બીજા શબ્દો બોલવા પૂર્વક અર્થ સમજવા અને અર્થ સમજાવવા તે પૃથક્ત્વ વિતર્ક સવિચાર નામનો શુક્લધ્યાનનો આ પ્રથમ ભેદ જાણવો.

હવે ટીકાના પદોનો આધાર લઈને અર્થ સમજીએ. "सविचारं" એટલે વિચારોની સાથે જે વર્તે તે સવિચાર. અહીં પ્રશ્ન થાય કે "વિચાર" એટલે શું ? તો તેનો ઉત્તર ગ્રંથકારશ્રી જણાવે છે કે "અર્થ-વ્યંજન અને યોગનો જે પરસ્પર સંક્રમ થવો તેને વિચાર કહેવાય છે તેવા પ્રકારના અર્થમાં વ્યંજનમાં અને યોગની અંદર રક્ત એકાગ્ર થયેલા જે મુનિ તે અર્થ વ્યંજનયોગ સંક્રમ કહેવાય છે."

ત્યાં અર્થ શબ્દનો અર્થ દ્રવ્ય, પદાર્થ કોઈ પણ વસ્તુ એવો અર્થ કરવો. વ્યઞ્જન શબ્દનો અર્થ શબ્દ, શબ્દનું ઉચ્ચારણ, ભાષણ અર્થાત્ બોલવું તેવો કરવો. અને યોગ શબ્દનો અર્થ મન વિગેરે જ્ઞાનના સાધનભૂત ઈન્દ્રિયોની ફેરબદલી થવી. કોઈ પણ એક વિષયના વિચારમાંથી બીજા વિષયના વિચારોમાં જવું અને બીજા વિષયના વિચારોમાંથી ત્રીજા વિષયના વિચારોમાં જવું તે યોગ સંક્રાંતિ કહેવાય છે.

આ પ્રમાણે અર્થના, વ્યંજનના અને યોગના વિષયને વારંવાર બદલવા વડે પ્રવર્તતું જે ધ્યાન તે સવિચાર ધ્યાન કહેવાય છે. પૃથક્ત્વ એટલે ભિન્ન ભિન્ન પ્રકારે, ભિન્ન ભિન્ન રીતે કરાતો જે વિચાર તે પૃથક્ત્વ / ભેદ પૂર્વક અર્થાત્ વિસ્તારપૂર્વક કરાતો જે વિચાર તે પૃથક્ત્વ સમજવું. અને વિતર્ક એટલે શ્રુતજ્ઞાન. શાસ્ત્રજ્ઞાન. એટલે કે શાસ્ત્રને અનુસારે, જ્ઞાનીઓના વચનોના સહારે જે વિચારો કરવા તે વિતર્ક કહેવાય છે. શાસ્ત્રાનુસારી વિચારો છે જેમાં તે વિતર્ક અર્થ જાણવો.

આવા પ્રકારના ઉચ્ચતમ વિચારોવાળું આ ધ્યાન કયા મહાત્માને હોઈ શકે છે ? તેના ઉત્તરમાં જણાવે છે કે "अरागमात्रस्य" અર્થાત્ રાગના પરિણામ વિનાના જીવને આવું ધ્યાન આવે છે. રાગના ઉપલક્ષણથી દ્વેષના પરિણામ વિનાના જીવને પણ આ ધ્યાન હોય છે. એમ સમજી લેવું. તેથી રાગ-દ્વેષ વિનાના ઉચ્ચતર પરિણામની ધારા ઉપર વર્તતા ચૌદ પૂર્વધર એવા મુનિ મહાત્માને ભિન્ન ભિન્ન દ્રવ્યોના કે ભિન્ન ભિન્ન ગુણોના કે ભિન્ન ભિન્ન પર્યાયોના વિચાર કરનારા પૂર્વધર મહાત્મા પુરૂષોને આ ધ્યાન સંભવે છે.

શુક્લધ્યાનનો આ પ્રથમ ભેદ છે. જેમાં કોઈ પણ એક દ્રવ્યના વિચારમાંથી બીજા દ્રવ્યના વિચારમાં અને બીજા દ્રવ્યના વિચારમાંથી ત્રીજા દ્રવ્યના વિચારમાં એમ ગુણ તથા પર્યાયોના ભિન્ન ભિન્ન વિચારો કરવામાં જ ઓતપ્રોત બનેલા ચૌદ પૂર્વધારી મહાત્મા પુરૂષનું *જે આ ચિંતન મનન છે તે પૃથક્ત્વ વિતર્ક સવિચાર નામનું પ્રથમ શુક્લધ્યાન છે. ॥૭૮॥*

जं पुण सुणिप्पकंपं निवायसरणपईवमिव चित्तं ।
उप्पाय-ठिइ-भंगाइयाणमेगंमि पज्जाए ॥७९॥

अवियारमत्थवंजणो-जोगंतरओ तयं बितियसुक्कं ।
पुव्वगयसुयालंबणमेगत्तवितक्कमवियारं ॥८०॥

ગાથાર્થ : તથા વળી વિક્ષેપરહિત જે અત્યંત નિષ્પ્રકંપ, વાયુ વિનાના ઘરના એક ખુણામાં રહેલા દીપકની જેમ ચિત્ત (મન) જ્યાં ઉત્પાદ-સ્થિતિ અને ભંગ. આ ત્રિપદીના કોઈ પણ એક ભાંગાના વિચારમાં સ્થિરપણે પ્રવર્તતું હોય ત્યારે તથા ॥૭૯॥

ગાથાર્થ : અર્થ - વ્યંજન અને યોગની અંદર ઓતપ્રોત લયલીન બનેલું હોય ત્યારે એટલે અવિચારવાળું એવું જે શુક્લધ્યાન તે બીજો પાયો જાણવો. પૂર્વ સંબંધી શ્રુતના આલંબનવાળું એવું આ શુક્લધ્યાન "એકત્વ વિતર્ક અવિચાર" નામના બીજા પાયારૂપ જાણવું. ॥૮૦॥

ટીકા : यत्पुनः "सुनिष्प्रकम्पं" विक्षेपरहितं "निवातशरणप्रदीप इव" = निर्गतवात-गृहैकदेशस्थदीप इव "चित्तम्" = अन्तःकरणं । क्व ? - उत्पाद - स्थिति - भङ्गादीनामेकस्मिन् पर्याये ॥७९॥

ततः किमत आहः - अविचारम् - असङ्क्रमं, कुतः ? अर्थ - व्यञ्जन - योगान्तरतः इति पूर्ववत् । तमेवंविधं द्वितीयं शुक्लं भवति । किमभिधानमित्यत आह = "एकत्ववितर्कमविचारम्" एकत्वेन = अभेदेन वितर्कः = व्यञ्जनरूपो अर्थरूपो वा यस्य तत्तथा । इदमपि च पूर्वगतश्रुतानुसारे-णैव भवति । अविचारादि पूर्ववदिति गाथार्थः ॥८०॥

વિવેચન : શુક્લ ધ્યાનનો પ્રથમ ભેદ જે "પૃથક્ત્વ વિતર્ક સવિચાર" આવા નામનો છે. તેનો વિસ્તારપૂર્વક અર્થ ૭૮મી ગાથામાં સમજાવીને હવે ૭૯/૮૦ આ બન્ને ગાથામાં તે જ શુક્લ ધ્યાનના "એકત્વ વિતર્ક અવિચાર" એ નામના બીજા ભેદનો અર્થ આ બન્ને (૭૯-૮૦) ગાથાઓમાં સમજાવે છે.

ધારો કે એક દીપક છે કે જે વાયુ વિનાના સ્થાનતુલ્ય ઘરના એક ખુણામાં રહેલો છે. વાયુ વિનાનો ખુણો હોવાથી જેની જ્યોત ચલિત થતી નથી. પરંતુ અત્યંત સ્થિર જ રહે છે એટલે सु = અત્યંત, निष्प्रकम्पं = નિષ્પ્રકંપ એવી જ્યોતવાળો આ દીપક છે. એક તો ઘરનો ખુણો છે. વળી વાયુનું ગમનાગમન લગભગ બીલકુલ નથી ત્યાં ઝળહળતો દીપક અત્યંત સ્થિરપણે જ ઝળહળતો હોય છે તેની જેમ શુક્લ ધ્યાનમાં વર્તતા જે મહાત્મા છે.

તેવા મુનિનું ચિત્ત એટલે કે મન (અર્થાત્ અંતઃકરણ) અત્યંત સ્થિરપણે ઉત્પાદ - વ્યય અને ધ્રુવ ઈત્યાદિ વસ્તુના અનેક પર્યાયોમાંથી કોઈપણ એક પર્યાયના ચિંતન - મનનમાં અત્યંત સ્થિર જ રહે છે જરા પણ ચલિત થતું નથી. સતત કોઈ પણ એક વસ્તુના જ ચિંતવનમાં સ્થિરપણે મન લગાવીને જે પૂર્વધર મહાત્મા ચિંતન - મનન કરી રહ્યા છે. તથા કોઈ પણ વિવક્ષિત અર્થ એટલે પદાર્થના ચિંતન - મનનમાં તથા વ્યંજન એટલે કોઈ પણ એક શબ્દની વિચારણામાં લયલીન બન્યા હોય તથા योगः મનયોગાદિ કોઈ પણ એક યોગમાં જ એકાકારપણે જ રક્ત બન્યા હોય પણ अविचारम् = એકમાંથી બીજા યોગાદિમાં ગમનાગમન કરતા ન હોય તેવા એક વિષયના જ વિચારમાં ઘણા ઊંડા ઉતરી ગયેલા એવા મુનિ મહાત્માને જે શુક્લધ્યાન થાય છે તે આવા પ્રકારનું આ ધ્યાન "एकत्ववितर्कावीचार" આ નામનું બીજા પાયાવાળું શુક્લધ્યાન કહેવાય છે.

જે ધ્યાન ધરનાર મહાત્મા પરિપૂર્ણ ચૌદ પૂર્વધારી જ હોય છે. તથા કોઈ પણ એક જ વિષયના ચિંતન - મનનમાં અતિશય ઊંડા ઉતરેલા હોય છે તથા વિચારોમાં એકત્વ ભાવવાળા એટલે અભેદપણે ચિંતન કરનારા હોય છે. તથા વિતર્કવાળા એટલે કે વ્યંજનાત્મક અર્થાત્ શબ્દાત્મક કે અર્થાત્મક વિષયોનો વિચાર પ્રવર્તે છે જેને એવા આ ધ્યાનસ્થ ભગવાન હોય છે.

આવી વિચારણા કરવા રૂપ ધ્યાન પણ ચૌદ પૂર્વગત શ્રુતજ્ઞાનના આધારે જ કરનારા આ મહાત્મા હોય છે. વધારા પડતી એકાન્તાવસ્થામાં રહીને એક જ વિષયના અતિશય ઊંડા ચિંતન - મનનમાં પરોવાઈ જનારા જ હોય છે. તથા વળી આ બીજો ભેદ अविचार સ્વરૂપ હોય છે. એટલે કે પ્રથમ ભેદમાં એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં, એક શબ્દથી બીજા શબ્દમાં અને એક યોગથી બીજા યોગમાં પરાવૃત્તિ કરનારા આ ધ્યાતા મુનિ હોય છે. તેવી ફેરબદલી આ બીજા ભેદવાળા ધ્યાનમાં સંભવતી નથી. પરંતુ અત્યંત સ્થિરતા સંભવે છે.

તે કારણથી વસ્તુના કોઈ પણ એક સ્વરૂપના જ ચિંતન - મનનમાં અતિશય ઊંડા ઉતરીને બીજે ક્યાંય ધ્યાન લગાવ્યા વિના આ વિષયમાં જ એકાકારપણે વિચારણા કરનારા આ મહાત્મા હોય છે. આ "એકત્વ વિતર્ક અવિચાર" એ નામનો શુક્લ ધ્યાનનો બીજો પાયો કહેવાય છે.

અર્થ - વ્યંજન અને યોગનું સંક્રમણ (આ ત્રણ પ્રકારની જે પરાવૃત્તિ છે તે પરાવૃત્તિ આ ભેદમાં) ન હોવાથી અત્યંત સ્થિરતાવાળું આ ધ્યાન હોય છે એટલે જ વાયુ વિનાના ઘરના એક ખુણામાં રહેલા દીપકનું દૃષ્ટાંત આપેલ છે. ॥૭૯-૮૦॥

અવતરણ : હવે શુક્લ ધ્યાનના "सूक्ष्मक्रिया अप्रतिपाती" એ નામના ત્રીજા પાયાનું વર્ણન કરે છે :-

निव्वाणगमणकाले, केवलिणो दरनिरुद्धजोगस्स ।
सुहुमकिरियाऽनियट्टिं, तइयं तणुकायकिरियस्स ॥८१॥

ગાથાર્થ : નિર્વાણ પ્રાપ્ત કરવાનો સમય આવે ત્યારે કેવલી પરમાત્મા કે જેઓએ કંઈક કંઈક અંશે યોગોનો નિરોધ કરી લીધો છે. હવે ફક્ત સૂક્ષ્મ કાયયોગની ક્રિયાનો જ નિરોધ કરવાનો બાકી છે ત્યારે "સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી" નામનું ત્રીજા ભેદવાળું શુક્લધ્યાન આવે છે. ॥૮૧॥

ટીકા : "निर्वाणगमनकाले" मोक्षगमनप्रत्यासन्नसमये "केवलिनः" सर्वज्ञस्य मनो-वाग्योगद्वये निरुद्धे सति अर्द्धनिरुद्धकाययोगस्य, किं ? - "सूक्ष्मक्रियाऽनिवर्ति" = सूक्ष्मा क्रिया यस्य तत्तथा सूक्ष्मक्रियं च तदनिवर्ति चेति नाम । निवर्तितुं शीलमस्येति निवर्ति प्रवर्धमानतरपरिणामात् न निवर्ति = अनिवर्ति तृतीयं ध्यानमिति गम्यते । "तनुकायक्रियस्य" इति तन्वी उच्छ्वासनिःश्वासादिलक्षणा = कायक्रिया यस्य स तथाविधस्तस्येति गाथार्थः ॥८१॥

વિવેચન : પૃથક્ત્વ વિતર્ક સવિચાર અને એકત્વ વિતર્ક અવિચાર આવા પ્રકારના નામો વાળા શુક્લધ્યાનના પ્રથમના બે ભેદનું વધારે વિસ્તારથી વર્ણન કર્યું. હવે તેના ત્રીજા ભેદનું વર્ણન કરવું છે. પરંતુ એટલું ખાસ ધ્યાનમાં રાખવું કે આ શુક્લ ધ્યાનના જે પ્રથમ બે ભેદ છે જેનું વર્ણન હમણાં જ સમજાવ્યું છે તે બન્ને ભેદો છદ્મસ્થ આત્માને જ અને તે પણ સાતથી બાર ગુણસ્થાનકોમાં વર્તતા મહાત્માને જ તે પણ પૂર્વધર (ચૌદ પૂર્વધર) હોય તેને જ હોય છે.

તથા હવે જણાવાતો શુક્લ ધ્યાનનો ત્રીજો ભેદ તેરમા ગુણઠાણાના અંતિમકાલમાં જ યોગનિરોધ કરતાં કરતાં છેલ્લો સૂક્ષ્મ કાયયોગનો નિરોધ થતો હોય છે. ત્યારે અર્થાત્ અર્ધો સૂક્ષ્મ કાયયોગનો નિરોધ પણ થઈ ચુક્યો હોય અને અર્ધો જ બાકી હોય ત્યારે જ આ ત્રીજો ભેદ આવે છે અને શુક્લ ધ્યાનનો ચોથો ભેદ તો અયોગી કેવલી ગુણઠાણે જ આવે છે. આટલી વિશેષતા ખાસ ધ્યાનમાં લેવી.

પ્રશ્ન : છદ્મસ્થ અવસ્થા સમાપ્ત થયા પછી કેવલજ્ઞાની બન્યા બાદ તેરમા ગુણઠાણાના પ્રથમ સમયથી સૂક્ષ્મ કાયયોગના નિરોધનો કાળ ન આવે ત્યાં સુધી કયું ધ્યાન હોય છે ?

ઉત્તર : કોઈ જ ધ્યાન હોતું નથી. ધ્યાન દશાનો વિરહ જ હોય છે. તેને **ધ્યાનાન્તરિકા** દશા કહેવાય છે. આ પરમાત્મા કેવલજ્ઞાની હોવાથી તેઓને કોઈ પણ વસ્તુનું ચિંતન - મનન કરવાનું હોતું નથી. તેથી છદ્મસ્થના જેવાં ધ્યાનો ત્યાં સંભવતાં નથી. સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપત્તિ અને વ્યુપરત ક્રિયા નિવૃત્તિ એ પણ કાયયોગના નિરોધ રૂપ જ ધ્યાન હોય છે.

પરંતુ ચિંતન-મનન કરવા સ્વરૂપ ધ્યાન હોતું નથી. અર્થાત્ હવે વિચારાત્મક ધ્યાન દશા સંભવતી નથી. જેનું ચિત્ત ચંચળ હોય તેને ધ્યાનની આવશ્યકતા રહે છે. કેવલી ભગવાનને તેરમા ગુણઠાણે મોહનો તથા શેષ ઘાતીકર્મોનો પણ ક્ષય થયેલો હોવાથી ચિત્ત વિકારવાળું છે જ નહી કે જેથી ધ્યાન કરવા દ્વારા ચિત્ત સ્થિર રાખવું પડે અને ચૌદમા ગુણઠાણે તો મનયોગ જ નથી માટે ચિંતન - મનનાત્મક ધ્યાન તેઓને સંભવતું નથી.

તેરમા ગુણઠાણાના અંતે ઉચ્છવાસ - નિઃશ્વાસ લેવા રૂપ કાયયોગ હોય છે. તેનો પણ તેરમાના અંતે નિરોધ કરે છે. આ પ્રમાણે સર્વથા યોગદશા વિનાના થયા છતા આ ભગવાન કર્મબંધ વિનાના બનીને ચૌદમા ગુણસ્થાનકે પ્રવેશ કરે છે. ॥૮૧॥

અવતરણ : હવે ચૌદમા ગુણસ્થાનકે આ કેવલી પરમાત્માને કેવું ધ્યાન હોય ? તે સમજાવે છે :-

तस्सेव य सेलेसीगयस्स, सेलोव्व, निप्पकंपस्स ।
वोच्छिन्नकिरियमप्पडिवाइ ज्झाणं परमसुक्कं ॥८२॥

ગાથાર્થ : મેરૂ પર્વતની જેમ અત્યંત નિષ્પ્રકંપ બનેલા અને શૈલેશી ગુણઠાણે ગયેલા એવા તે ભગવાનને વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી એ નામનું પરમ શુક્લ ધ્યાન હોય છે. ॥૮૨॥

ટીકા : "तस्यैव य" केवलिनः "शैलेशीगतस्य" = शैलेशी = प्राग्वर्णिता, तां प्राप्तस्य । किंविशिष्टस्य ? - निरुद्धयोगत्वात् "शैलेश इव निष्प्रकम्पस्य मेरोरिव स्थिरस्येत्यर्थः" । किं ? - व्यवच्छिन्नक्रियं योगाभावात् तद् "अप्रतिपाति" अनुपरतस्वभावमिति । एतदेव चास्य नाम ध्यानं = परमशुक्लं = प्रगटार्थमिति गाथार्थः ॥८२॥

વિવેચન : તેરમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી કેવળજ્ઞાની બનીને પોતપોતાના આયુષ્ય પ્રમાણે પરોપકાર કરવા વડે ભૂમિતલ ઉપર વિહાર કરી અનેક જીવોને પ્રતિબોધ કરીને અંતિમ કાલ આવે ત્યારે આયોજિકાકરણ કરીને ત્યારબાદ કરવાનો હોય તો કેવલી સમુદ્‌ઘાત કરીને બાદર તથા સૂક્ષ્મ યોગનિરોધ કરવા દ્વારા સર્વ આશ્રવોને રોકીને સર્વસંવરભાવ પ્રાપ્ત કરીને આ કેવલી મહાત્મા અયોગી ગુણઠાણે આરોહણ કરે છે. હવે ત્યાં યોગદશા ન હોવાથી આત્મપ્રદેશોની ચંચલતા બીલકુલ નથી. તેથી શરીરમાં રહેલા સર્વ આત્મપ્રદેશો જે ઉકળતા પાણીની જેમ ઉપર-નીચે ફરતા હતા. જેને યોગ કહેવાતો હતો. તે હવે ન હોવાથી આ આત્મા અત્યંત સ્થિર થાય છે. તેના કારણે યોગ વિનાનો થાય છે.

જેમ સર્વ પર્વતો કરતાં વધારે ઉંચાઈવાળો મેરૂપર્વત જે એક લાખ યોજન ઊંચો છે. મૂળમાં દશ હજાર યોજન પહોળો છે. ઉપર એક હજાર યોજન પહોળો છે. તે મેરૂપર્વતની

જેમ આ ભગવાન અત્યંત નિષ્પ્રકંપ અર્થાત્ ઘણાજ સ્થિર બની જાય છે. યોગ ન હોવાથી કર્મનો બંધ પણ કરતા નથી. શેષ રહેલાં કર્મોને ઉદય માત્રથી અને અનુદયવાળા સત્તામાં રહેલાં કર્મોને સ્તિબુકસંક્રમ દ્વારા ઉદયવતીમાં પ્રક્ષેપ કરવા દ્વારા નિકાલ કરતા કરતા આગળ વધે છે.

પૂર્વે જેનું વર્ણન કરેલું છે એવી તે શૈલેશી અવસ્થાને પામી ચુકેલા તે કેવલી પરમાત્મા કેવા વિશિષ્ટ છે ? આ વાત જણાવે છે કે યોગોનો સર્વથા નિરોધ કરેલો હોવાથી ચંચલતા વિનાના છે તે માટે શૈલેશની જેમ નિષ્પ્રકંપ અર્થાત્ મેરૂ પર્વતની જેમ અત્યંત સ્થિરતર અવસ્થાને પામેલા તે પરમાત્માને **"વ્યુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી"** નામનું શુક્લધ્યાન (તેનો ચોથો પાયો) આવે છે આ ધ્યાન અપ્રતિપાતી હોવાથી પ્રાપ્ત થયેલી કર્મબંધન વિનાની સર્વસંવર ભાવવાળી આ અવસ્થા "અનુપરત સ્વભાવ"વાળી હોય છે. અર્થાત્ જે આ અવસ્થા આવી છે તે ક્યારેય વિરામ પામવાની નથી. સદાકાળ અયોગી, કર્મના અબંધક, સર્વ સંવરભાવવાળા જ આ ભગવાન રહેવાના છે. આવી જે અત્યંત સ્થિર અવસ્થા પ્રાપ્ત થઈ છે તે જે સ્થિર અવસ્થા છે. તેનું જ નામ પરમ શુક્લ ધ્યાન કહેવાય છે. એક પણ કર્મનો જ્યાં બંધ નથી. આત્મ પ્રદેશોની જ્યાં ચંચળતા નથી. કોઈ પણ જાતનો શુભ કે અશુભ એવો યોગ જ્યાં નથી માત્ર દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ એમ કેવળ ઉપયોગ માત્ર જ એટલે કે જ્ઞાન અને દર્શનવાળી અવસ્થા જ જ્યાં વર્તે છે એવા આ ભગવાન ચૌદમુ ગુણસ્થાનક પસાર કરે છે. ॥૮૨॥

અવતરણ : इत्थं चतुर्विधं ध्यानमभिधायाधुना एतत्प्रतिबद्धमेव वक्तव्यताशेषमभिधित्सुराह :- આ પ્રમાણે ચારે પ્રકારનાં શુક્લધ્યાન સમજાવીને હવે આ ધ્યાનની સાથે જોડાયેલી કેટલીક કહેવા ધારેલી બાકી રહેલી વસ્તુને ગ્રંથકારશ્રી જણાવે છે :-

પઢમં જોગે જોગેસુ વા મયં બિતિયમેવ જોગંમિ ।
તઇયં ચ કાયજોગે, સુક્કમજોગંમિ ચ ચઉત્થં ॥૮૩॥

ગાથાર્થ : શુક્લધ્યાનનો પ્રથમ પાયો મન આદિ કોઈ પણ એક યોગમાં અથવા ત્રણ યોગમાં હોય છે. શુક્લધ્યાનનો બીજો ભેદ માત્ર એક યોગમાં જ હોય છે તથા તેનો ત્રીજો ભેદ કાયયોગમાં જ સંભવે છે. અને શુક્લધ્યાનનો ચોથો ભેદ અયોગી અવસ્થામાં સંભવે છે. ॥૮૩॥

ટીકા : "प्रथमं" पृथक्त्ववितर्कसविचारं "योगे" मन आदौ, योगेषु वा सर्वेषु "मतम्" इष्टम् । तच्चागमिकश्रुतपाठिनः । "द्वितीयम्" एकत्ववितर्कमविचारं तदेकयोग एव । अन्यतरस्मिन्

संक्रमाभावात् । तृतीयं च सूक्ष्मक्रियाऽनिवर्ति काययोगे, न योगान्तरे । शुक्लम् "अयोगिनि च" शैलेशीकेवलिनि "चतुर्थं" व्युपरतक्रियाऽप्रतिपातीति गाथार्थः ॥८३॥

विवेचन : શુક્લધ્યાનના ચારે પાયા કયા કયા ગુણસ્થાનકે હોય છે ? તે પાછલી ગાથાઓમાં સમજાવ્યું છે. પરંતુ શુક્લધ્યાનના આ ચારે પાયા કયા કયા યોગવાળાને હોય છે તે વિષય ઉપર પ્રકાશ પાડતા એવા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

શુક્લધ્યાનનો જે પ્રથમ પાયો છે કે જેનું નામ "પૃથક્ત્વ વિતર્ક સવિચાર" છે. તે ધ્યાન મનયોગ છે આદિમાં જેને એવા કોઈ પણ ત્રણ યોગમાં પણ હોય છે. અથવા એક યોગમાં પણ હોય છે. કારણ કે પૃથક્ત્વ વિતર્ક સવિચારમાં એકથી બીજામાં ગમનાગમન થતું હોવાથી ત્રણે યોગમાં પણ હોઈ શકે છે. પ્રધાનતાએ આ ધ્યાન ચિંતન - મનન આત્મક હોવાથી મનયોગમાં વિશેષે હોય છે અને તે પણ તેવા પ્રકારના પિસ્તાલીસ આગમ શાસ્ત્રોરૂપી શ્રુતજ્ઞાનનું પઠન - પાઠન કરનારા તથા તેમાં જ દત્તચિત્તવાળા છદ્મસ્થ મહાત્માને આ ભેદ હોય છે.

શુક્લધ્યાનનો બીજો ભેદ જે "એકત્વ વિતર્ક અવિચાર" એવા નામવાળો છે. તે ભેદ ત્રણે યોગવાળો એવો છદ્મસ્થ આત્મા જ્યારે કોઈ પણ એક યોગમાં લયલીન હોય છે ત્યારે જ હોય છે. અર્થાત્ કોઈ પણ એકયોગમાં વર્તતા જીવને જ હોય છે. કારણ કે આ "એકત્વ વિતર્ક અવિચાર" નામનું જે ધ્યાન છે તેમાં આત્મપ્રદેશોની કોઈ પણ એક ઉપયોગમાં અત્યંત સ્થિરતા છે. તે માટે એક યોગમાં જ હોય છે. (ચંચળતા હોતી નથી માટે) (ત્રણ યોગમાં ગમનાગમન રૂપ સંક્રમ નથી માટે એક યોગમાં જ હોય છે.)

શુક્લધ્યાનનો ત્રીજો પાયો કે જેનું નામ "સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી" છે. તે ધ્યાન કેવળ એકલા કાયયોગવાળા કેવલી ભગવાનને જ હોય છે. સૂક્ષ્મ કાયયોગ માત્ર હોય તેવું તેરમા ગુણઠાણાના અંતે જ બને છે એટલે આ ધ્યાન પણ ત્યાં જ હોય છે. અન્ય યોગવાળી દશામાં આ ધ્યાન સંભવતું નથી.

તથા શુક્લધ્યાનનો ચોથો ભેદ "વ્યુપરત ક્રિયા અપ્રતિપાતી" નામનો જે છે તે શૈલેશી નામના ચૌદમા ગુણસ્થાનકે વર્તતા અયોગી કેવલી ભગવંતને જ હોય છે. કારણ કે ત્યાં જ સર્વથા યોગનો ઉપરમ (વ્યવચ્છેદ) થયેલો છે આ પ્રમાણે શુક્લધ્યાનના ચારે પાયા કયાં કયાં હોય ? તે સમજાવ્યું. ॥૮૩॥

અવતરણ : આહ - શુક્લધ્યાનોપરિમભેદદ્વયે મનો નાસ્ત્યેવ, અમનસ્કત્વાત્ કેવલિનઃ । ધ્યાનં ચ મનોવિશેષઃ । ધ્યૈ "चिन्तायाम्" इति पाठात्, तदेतत्कथं ?, उच्यते = કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે શુક્લધ્યાનના ઉપરના (અંતિમ) જે બે ભેદ છે તે ભેદો તેરમા ગુણઠાણાના અંતિમ કાલમાં અને ચૌદમા ગુણઠાણે જ આવે છે. એમ તમે સમજાવો છો. અને ત્યાં મનનો વ્યવહાર તો છે જ નહી. કારણ કે મન યોગનો તો નિરોધ કરેલો છે. તો મનયોગના સહારા વિના શુક્લધ્યાનના અંતિમ બે ભેદ તેરમે અને ચૌદમે ગુણઠાણે કેમ હોઈ શકે ? તેરમાના અંતિમ કાલે યોગનો નિરોધ થઈ ચુકેલો હોવાથી અને ચૌદમા ગુણઠાણા વાળા તો અયોગી જ હોવાથી મનનો વ્યવહાર નથી. તો ત્યાં ચિંતન - મનન રૂપ આ ધ્યાન કેમ હોય ? ધ્યૈ ધાતુ વિચારણા અર્થમાં જ છે. આવો ધાતુપાઠ છે. તો યોગ વિનાના આ મહાત્માને મનયોગના વિષયવાળું આ ધ્યાન કેવી રીતે સંભવે ?

उच्यते આ પ્રશ્નનો ઉત્તર હવે પછીની ગાથામાં કહેવાય છે.

जह उछ्मत्थस्स मणो झाणं भण्णइ सुनिच्चलो संतो ।
तह केवलिणो काओ सुनिच्चलो भन्नए झाणं ॥८४॥

ગાથાર્થ : જેમ છદ્મસ્થ આત્માનું મન સુનિશ્ચલ (અત્યંત સ્થિર) થયું હોય તો ધ્યાન કહેવાય છે. તેવી જ રીતે કેવલી પરમાત્માની કાયા અત્યંત સ્થિર થઈ હોય ત્યારે તેને જ ધ્યાન કહેવાય છે. ॥૮૪॥

ટીકા : यथा छद्मस्थस्य मनः, किं ? - ध्यानं भण्यते सुनिश्चलं सत् । तथा = तेनैव प्रकारेण योगत्वाव्यभिचारात्केवलिनः कायः सुनिश्चलो भण्यते ध्यानमिति गाथार्थः ॥८४॥

વિવેચન : જે આત્માઓ ૧ થી ૧૨ ગુણસ્થાનકવર્તી છે તે છદ્મસ્થ કહેવાય છે. છદ્મ એટલે ઢાંકણ - આચ્છાદન તેમાં જે વર્તે તે છદ્મસ્થ / જ્ઞાનાવરણીયાદિ કર્મો રૂપી આવરણવાળા જીવોને છદ્મસ્થ કહેવાય છે તેવા છદ્મસ્થ જીવોમાં અહીં તહીં વિષય વિકારોમાં ભટકતા મનને કોઈ પણ ઉપકારક એવા જ્ઞાનાદિ ગુણોમાં સુનિશ્ચલ કરવું એટલે કે અત્યંત સ્થિર કરવું તેને ધ્યાન કહેવાય છે. મનની એકાગ્રતા, કોઈ પણ વિષયમાં મનની સ્થિરતા તે ધ્યાન કહેવાય છે.

તેવી જ રીતે કેવલી પરમાત્મામાં કાયાની અત્યંત સ્થિરતા તેને પણ ધ્યાન કહેવાય છે. તેના કારણે જે કેવલી ભગવંતોએ મનયોગ અને વચનયોગનો નિરોધ કર્યો છે અને કાયયોગમાં પણ બાદર કાયયોગનો નિરોધ થઈ ચુક્યો છે અને સૂક્ષ્મ કાયયોગનો નિરોધ ચાલુ જ છે તેના જ કારણે શ્વાસોશ્વાસનો પણ નિરોધ થઈ રહ્યો છે તેને જ ધ્યાન કહેવાય છે. કારણ કે કેવલજ્ઞાની પરમાત્માને મુખ્યત્વે વધારે કાયયોગનો જ વ્યવહાર હોય છે. તેનાથી ઓછો વચનયોગનો વ્યવહાર હોય છે. મનયોગનો વ્યવહાર તો ઘણી અલ્પ માત્રામાં જ હોય છે તેથી કાયયોગને અટકાવતી વેળાએ સૂક્ષ્મ કાયયોગની જે પ્રવૃત્તિ છે

તેને જ આ શુક્લધ્યાન કહેવાય છે. કેવલી પરમાત્માને આશ્રયી કાયયોગનો નિરોધ તેજ ધ્યાન કહેવાય છે. ઉપરોક્ત અર્થ કરવાથી આ વિષયમાં કંઈ જ દોષ આવતો નથી. ॥૮૪॥

અવતરણ : आह - चतुर्थे निरुद्धत्वादसावपि न भवति । तथाविधभावेऽपि च सर्वभावप्रसङ्गः । तत्र का वार्तेति उच्यते – આ વિષયમાં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે શુક્લધ્યાનના ત્રીજા ભેદમાં તો કાયયોગ હતો તેનો નિરોધ કરાય છે એટલે યોગ હોવાથી ધ્યાન કહો તે હજુ યોગ્ય ગણાય. પરંતુ ચૌદમા ગુણઠાણે યોગનિરોધ થઈ ચુકેલો હોવાથી કાયયોગ પણ નથી. તો ત્યાં ધ્યાન કેમ સ્વીકારાય ? જો યોગ નથી તો પણ ધ્યાન છે. એમ તમે કહો છો તો યોગ નથી તો પણ કર્મબંધ - ઉદીરણા - કમ્પપયડિમાં જણાવેલાં આઠ કરણ વિગેરે તેવા પ્રકારના સર્વ ભાવો માનવાનો પ્રસંગ આવશે. તો ત્યાં તમે શું કરશો ?

આવો જો કોઈ પ્રશ્ન કરે તો उच्यते = તેનો જવાબ અપાય છે.

पुव्वपओगओ चिय, कम्मविनिज्जरणहेउतो यावि ।
सद्दत्थबहुत्ताओ तह जिणचंदागमाओ य ॥८५॥

चित्ताभावेऽवि सया, सुहुमोवरयकिरियाइ भण्णंति ।
जीवोवओगसब्भावओ भवत्थस्स झाणाइं ॥८६॥

ગાથાર્થ : પૂર્વપ્રયોગથી, કર્મોની વિશેષ નિર્જરાનું કારણ હોવાથી શબ્દાર્થનું બહુલપણું હોવાથી, તીર્થંકર પરમાત્માના કહેલા આગમ અને યુક્તિ એમ બે કારણોથી ચૌદમા ગુણસ્થાનકવર્તી જીવોને ચિત્ત ન હોવા છતાં પણ હંમેશાં (અર્થાત્ અનાદિ - અનંત કાળમાં સર્વ કેવલજ્ઞાનીઓને) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી અને ઉપરતક્રિયા અપ્રતિપાતી એમ આ બન્ને ધ્યાનો જીવની ઉપયોગ દશા (ભાવમન અર્થાત્ જ્ઞાનદશા) હોવાથી ભવસ્થ કેવલી પરમાત્માને શુક્લ ધ્યાનના અંતિમ બે પાયા હોય છે. ॥૮૫-૮૬॥

ટીકા : काययोगनिरोधिनो योगिनोऽयोगिनोऽपि चित्ताभावेऽपि सूक्ष्मोपरतक्रियो भण्यते । सूक्ष्मग्रहणात् सूक्ष्मक्रियाऽनिवर्तिनो ग्रहणम्, उपरतग्रहणाद् व्युपरतक्रिया ऽप्रतिपातिन इति । पूर्वप्रयोगादिति हेतुः । कुलालचक्रभ्रमणवदिति दृष्टान्तोऽभ्युह्यः । यथा चक्रं भ्रमणनिमित्तदण्डादिक्रियाऽभावेऽपि भ्रमति । तथाऽस्यापि मनःप्रभृति योगोपरमेऽपि जीवोपयोगसद्भावतः भावमनसो भावात् भवस्थस्य ध्याने इति । अपिशब्दश्चोदनानिर्णयप्रथमहेतुसम्भावनार्थः चशब्दः प्रस्तुतहेतुत्वानुकर्षणार्थः । अपिशब्दस्तु द्वितीयहेतुसम्भावनार्थ इति । तथा "शब्दार्थबहुत्वात्" यथैकस्यैव हरिशब्दस्य शक्रशाखामृगादयोऽनेकार्थाः । एवं ध्यानशब्दस्यापि न विरोधः ।

"ध्यै चिन्तायां" "ध्यै कायनिरोधे" "ध्यै अयोगित्वे" इत्यादि । तथा जिनचन्द्रागमाच्चैतदेव मिति । उक्तं च –

आगमश्चोपपत्तिश्च, सम्पूर्णं दृष्टिलक्षणम् । अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ॥१॥

इत्यादि गाथाद्वयार्थः ॥८५-८६॥

विवेचन : તેરમા ગુણસ્થાનકના અંતિમ કાળમાં કાયયોગનો નિરોધ કરનારા એવા સયોગીકેવલી પરમાત્માને તથા ચૌદમા ગુણસ્થાનકે પહોંચેલા અયોગી કેવલી પરમાત્માને એમ સયોગી તથા અયોગી એમ આ બન્ને કેવલજ્ઞાની પરમાત્માને चित्ताभावेऽपि = મન ન હોવા છતાં પણ અનુક્રમે સૂક્ષ્મ (સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી) અને ઉપરત (વ્યુપરત ક્રિયા અપ્રતિપાતી) આ નામના શુક્લધ્યાનના અંતિમ બન્ને ભેદો હોય છે તે કેવી રીતે હોય ? મન નથી તો ધ્યાન કેમ ઘટે ? આવો પ્રશ્ન અહીં થાય તેથી આ વાત ગ્રંથકારશ્રી સમજાવે છે કે :-

કાયયોગનો નિરોધ કરતા એવા સયોગી કેવલી ભગવંતને તથા (ચૌદમા ગુણસ્થાનકવર્તી એવા) અયોગી કેવલી ભગવંતને પણ ચિત્ત એટલે મનનો અભાવ હોવા છતાં પણ સૂક્ષ્મ અને ઉપરત ક્રિયાવાળું સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી અને વ્યુપરતક્રિયા અનિવૃત્તિ એવા નામવાળું બે પ્રકારનું શુક્લધ્યાન હોય છે. ગાથામાં લખેલા સૂક્ષ્મ શબ્દથી સૂક્ષ્મક્રિયા અપ્રતિપાદી ધ્યાન સમજવું અને ઉપરત શબ્દના ગ્રહણથી વ્યુપરત ક્રિયા અનિવૃત્તિ એમ બે પાયા સમજવા. આ બન્ને ભેદો કેવલી પરમાત્માને હોવામાં નીચેના કારણો છે એમ જાણવું.

(૧) પૂર્વપ્રયોગાદ્ આ પહેલું કારણ છે જેમ કુંભાર વડે ઘડો બનાવવામાં ચક્ર ભમાવવામાં આવે છે તેની જેમ આ વાત જાણવી. કુંભાર જ્યારે ઘડો બનાવે છે ત્યારે ચક્રને (પૈડાને) ભમાવવામાં હેતુભૂત (કારણભૂત) એવો દંડાદિ નિમિત્તોની ક્રિયા પ્રથમ હોય છે. પરંતુ પછી હોતી નથી તો પણ ચક્ર પોતે જ પૂર્વની ભ્રમણ ક્રિયા વડે ભમે જ છે.તેની જેમ આ કેવલી પરમાત્માને પણ મન વિગેરેનો (મન - વચન અને બાદર કાયાનો) યોગ ન હોવા છતાં અર્થાત્ તે ત્રણે યોગોનો વિરામ થઈ ગયો હોવા છતાં પણ ઉપયોગદશારૂપ ભાવમન હોવાથી ભવસ્થ એવા તેરમા ગુણઠાણાવાળા અને ચૌદમા ગુણઠાણાવાળા કેવલી ભગવાનને શુક્લધ્યાન અવશ્ય હોય છે.

મૂળગાથામાં चिय શબ્દમાં જે च શબ્દ લખેલો દેખાય છે તે પૂર્વપ્રયોગાદ્ એ નામના પ્રથમ હેતુના અનુકર્ષણ માટે છે તથા अपि શબ્દ જે લખેલો છે. તેનાથી આ કેવલી પરમાત્માના જીવને ધ્યાન દશામાં પ્રેરણા કરવામાં નિયામક બીજું કારણ બરાબર સંભવે છે. આ જ પ્રમાણે ગાથામાં કહેલા બીજા હેતુઓ પણ સમજી લેવા. આ જ વાત વધારે સ્પષ્ટતાથી સમજાવાય છે.

(૨) કર્મોની વિશેષ વિશેષ નિર્જરા થવામાં કારણ હોવાથી, જેમ ક્ષપક શ્રેણિમાં

અપૂર્વ-અપૂર્વ અધ્યવસાયો આવતા હોવાથી કર્મોનો નાશ થયા જ કરે છે તેની જેમ આ કેવલી પરમાત્માનો પણ અપૂર્વ પરિણામ હોવાથી યોગનો નિરોધ થઈ જાય અને શુક્લધ્યાનમાં જીવ જોડાય તેવા અપૂર્વ પરિણામો સંભવતા હોવાથી શુક્લધ્યાન સંભવી શકે છે તથા આટલા ઉચ્ચકોટિના ભાવો હોવાથી શુક્લધ્યાનના પાછળના બે ભેદો દ્વારા ભવોપગ્રાહી એવાં અઘાતી કર્મો (નામ - ગોત્ર અને વેદનીય એ ત્રણ કર્મો)ની નિર્જરા થાય છે. વધારે વધારે નાશ થાય તેવા પરિણામ આવતા હોવાના હેતુથી આ ભગવાન પોતાનું કાર્ય કરતા છતા આગળ વધે છે.

મૂલગાથામાં જે चिय પદમાં च લખ્યો છે તે कर्मविनिर्जरणहेतुत्वात् આ પ્રસ્તુત હેતુવાચી પદની અનુવૃત્તિ માટે કહેલ છે. "पूर्वप्रयोगात्" આવો પ્રથમ એક હેતુ પૂર્વે કહ્યો જ છે અને આ "कर्मविनिर्जरहेतुतः" પદથી વાચ્ય જે હેતુ છે. તે બીજા હેતુની સંભાવના લેવા માટે જ મૂળગાથામાં अपि શબ્દનું પણ વિધાન કરેલ છે આ બધી બીજા હેતુની ચર્ચા કરી.

(૩) तथा शब्दार्थबहुत्वात् :- તથા વળી શબ્દોના અર્થો બહુ હોવાથી અહીં ध्यै ધાતુનો જુદો અર્થ લેવાનો છે. તે જણાવવા માટે આ વિધાન કરેલ છે તેથી ધ્યાન શબ્દનો અર્થ મનની જેમાં આવશ્યકતા રહે તેવું ધ્યાન અહીંયાં ન લેવું. પરંતુ ध्यै ધાતુ જેમ ચિંતવણા અર્થમાં છે. તેમ ध्यै ધાતુ કાયયોગના નિરોધ અર્થમાં પણ છે તથા આ જ ध्यै ધાતુ અયોગિપણાના અર્થમાં પણ છે. ઈત્યાદિ સમજી લેવું જેથી શુક્લધ્યાનના પાછલા બે ભેદમાં કાયયોગનો નિરોધ અને અયોગિપણું આ બન્ને અર્થો ઘટતા હોવાથી તેઓને શુક્લધ્યાન હોય છે એમ કહી શકાય છે.

જેમ એક જ हरि શબ્દ છે. પરંતુ તેનો અર્થ शक्र = ઇન્દ્ર પણ થાય છે તથા शाखामृग એટલે શાહમૃગ અર્થ પણ થાય છે એમ એક જ हरि શબ્દના અનેક અર્થો સંભવે છે. એ જ પ્રમાણે ધ્યાન શબ્દના પણ અનેક અર્થો થાય છે તેમ માનવામાં કંઈ જ વિરોધ નથી.

જેમ કે ध्यै ધાતુ "ध्यै चिन्तायाम्" આવો ધાતુપાઠ હોવાથી ध्यै ધાતુ ચિંતા - ચિંતવણ કરવું. વિચારવું એવા અર્થમાં છે. તથા "ध्यै कायनिरोधे" ध्यै ધાતુ કાયાની ચેષ્ટાને અટકાવવી એવા અર્થમાં પણ છે. તથા "ध्यै अयोगित्वे" ध्यै ધાતુ અયોગી એવા અર્થમાં પણ છે ઈત્યાદિ રીતે શબ્દોના અર્થો બહુ હોવાથી ध्यै એટલે ધ્યાન કરવું જેમ થાય, તેમ ध्यै એટલે સૂક્ષ્મ કાયયોગ અથવા યોગનિરોધ એટલે કે અયોગિપણું એવો અર્થ પણ થાય છે.

પ્રશ્ન : ध्यै ધાતુ ઉપરથી બનેલા ધ્યાન શબ્દનો અર્થ ધ્યાન કરવું. ચિત્તનું સ્થિર કરવું એવો તો અર્થ શબ્દકોશમાં દેખાય છે પરંતુ સૂક્ષ્મકાય યોગમાં વર્તવું કે અયોગિપણામાં વર્તવું આવો અર્થ તો કોઈપણ શબ્દકોશમાં પ્રાપ્ત થતો નથી. તો આવા અર્થો તમે ક્યાંથી લાવ્યા ?

ઉત્તર : जिनचन्द्रागमाच्चैतदेवमितिः - જિનેશ્વર પરમાત્માના આગમમાંથી આ શબ્દના આવા અર્થો કરવા. મહાપુરૂષોએ જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે :-

"જે જે અતીન્દ્રિય પદાર્થો છે એટલે કે ઈન્દ્રિયોથી ગમ્ય નથી (સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના કેવલજ્ઞાનથી જ ગમ્ય છે) તેવા તેવા પદાર્થોના સાચા સ્વરૂપને સમજવા માટે (૧) આગમશાસ્ત્રો અને (૨) યુક્તિવાદ-તર્કવાદ, આ બે જ સંપૂર્ણ સાધન છે. વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોવાનું આ જ લક્ષણ છે એટલે આપણા જેવા છદ્મસ્થ આત્માઓ માટે યુક્તિ અને આગમ આ જ બે મુખ્ય સાધન છે. કારણ કે સાક્ષાત્જ્ઞાન (કેવળજ્ઞાન) આપણને હાલ છે જ નહીં. તેથી આગમશાસ્ત્રોના આધારે યુક્તિપૂર્વક આ વિષય જાણવો જોઈએ." ॥૮૫-૮૬॥

अवतरण : उक्तं ध्यातव्य द्वारं । ध्यातारस्तु धर्मध्यानाधिकार एवोक्ताः । अधुनाऽनुप्रेक्षाद्वारमुच्यते :- ***ધ્યાતવ્ય નામનું દ્વાર સમજાવ્યું. હવે ધ્યાતા નામનું દ્વાર કહેવાનું હતું. પરંતુ તે તો ધર્મધ્યાનના અધિકારમાં જ કહી દીધું છે. કે ધ્યાતા કોણ કોણ હોય ! તેથી હવે "અનુપ્રેક્ષા" નામનું દ્વાર સમજાવાય છે :-***

सुक्कज्झाणसुभावियचित्तो, चिंतेइ झाणविरमेऽवि ।
णिययमणुप्पेहाओ चत्तारि चरित्तसंपन्नो ॥८७॥

ગાથાર્થ : શુક્લધ્યાનથી સારી રીતે ભાવિત થયું છે (સંસ્કારિત થયું છે) ચિત્ત જેનું એવો ધ્યાતા આત્મા ધ્યાનનો વિરામ થાય તો પણ ચારિત્ર સંપન્ન એવો તે જીવ હવે જણાવાતી એવી ચાર ભાવનાઓ વિચારે છે. (ભાવે છે.) ॥૮૭॥

ટીકા : शुक्लध्यानसुभावितचित्तश्चिन्तयति ध्यानविरमेऽपि नियतमनुप्रेक्षाश्चतस्रश्चारित्रसम्पन्नः । तत्परिणामरहितस्य तदभावादिति गाथार्थः ॥८७॥

વિવેચન : શુક્લધ્યાનના પહેલા અને બીજા એમ બે પાયા દ્વારા સારી રીતે ભાવિત થયું છે ચિત્ત જેનું એવા તે શુક્લધ્યાનવાળા મહાત્મા પુરૂષ જ્યારે જ્યારે દ્રવ્ય - ગુણ અને પર્યાયની ચિંતવણા કરવા સ્વરૂપ પ્રથમના બે પાયાનું ધ્યાન કરતા હોય છે, ત્યારે ત્યારે તે ધ્યાન સમાપ્ત થયા પછી નીચે મુજબની ચાર અનુપ્રેક્ષાઓ (ભાવનાઓ) ભાવે છે જેથી આ આત્માનો વૈરાગ્ય વધારે મજબૂત થાય અને સંસારી ભાવોનો રાગ ઘણો મોળો પડે. જેનાથી ક્ષપકશ્રેણિ ઉપર જલ્દી જલ્દી આરૂઢ થવાય અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય.

હવે જણાવાતી આ ચાર ભાવનાઓ ભાવનારો આ આત્મા અત્યંત નિર્મળ ચારિત્ર સંપન્ન હોય છે. લગભગ ક્ષીણપ્રાય કર્મવાળો હોય છે. સંસારી ભાવોથી ઘણો ઘણો દૂર ગયેલા ચિત્તવાળો હોય છે. નિકટના કાળમાં જ કલ્યાણ પ્રાપ્ત કરવાને યોગ્ય જ હોય છે.

૬ થી ૧૨ ગુણસ્થાનકોમાં જ વર્તનારો નિર્મળ ચારિત્ર સંપન્ન આત્મા જ અને તે પણ ચૌદ પૂર્વધર શુક્લધ્યાનના પ્રથમના બે ભેદોનું ધ્યાન જ્યારે જ્યારે સમાપ્ત થાય છે ત્યારે ત્યારે નીચેની અનુપ્રેક્ષાઓ ભાવે છે. જેના કારણે રાગાદિ દોષો વધારે મોળા પડે અને જલ્દી ક્ષપકશ્રેણી પ્રારંભીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય. આવા ઉચ્ચ કોટિના પરિણામ વિના તે શુક્લધ્યાન અને ચાર અનુપ્રેક્ષાઓનું ચિંતન - મનન જીવમાં પ્રાપ્ત થતું નથી. ॥૮૭॥

અવતરણ : તાશ્ચૈતાઃ = તે ચાર પ્રકારની અનુપ્રેક્ષા (ચિંતવણા) (વિચારણા) આ પ્રમાણે જાણવી :-

આસવદારાવાએ, તહ સંસારાસુહાણુભાવં ચ ।
ભવસંતાણમણન્તં, વત્થૂણં વિપરિણામં ચ ॥૮૮॥

ગાથાર્થ : આશ્રવ દ્વારા આવનારી આપત્તિઓ તથા સંસારની અશુભતા અને અસારતા, વળી ભવોની પરંપરા અનંત છે. તથા સર્વે પણ વસ્તુઓનું વિપરીત પરિણમન થાય છે આ ચાર અનુપ્રેક્ષાઓ (ચાર ભાવનાઓ) ભાવવી. ॥૮૮॥

ટીકા : आश्रवद्वाराणि - मिथ्यात्वादीनि तदपायान् - दुःखलक्षणान् । तथा संसारानुभावं च । "धी संसारो" इत्यादि । भवसन्तानमनन्तं भाविनं नारकाद्यपेक्षया । वस्तूनां विपरिणामं च सचेतनाचेतनानां "सव्वट्ठाणाणि असासयाणि" इत्यादि । एताश्चतस्रोऽ प्यपायाशुभानन्तविपरिणामानुप्रेक्षा आद्यद्वयभेदसङ्गता एव द्रष्टव्या इति गाथार्थः ॥૮૮॥

વિવેચન : ગુણસ્થાનક છ થી બારમાં (૬ થી ૧૨માં) વર્તતા ચૌદ પૂર્વધર મહાત્મા પુરૂષો વડે પોતાના સંસારને તુરંત ખતમ કરવા માટે અને કેવળજ્ઞાન તથા મુક્તિપદ પ્રાપ્ત કરવા માટે હવે જણાવાતી સંસારની અસારતાની બોધક એવી ચાર અનુપ્રેક્ષા (ભાવનાઓ) આ પ્રમાણે જાણવી.

(૧) આશ્રવદ્વારાપાયાન્ = આ આત્મામાં જેનાથી કર્મો આવે - પ્રવેશ કરે એવાં આશ્રવનાં ૪૨ દ્વારો છે. તેનો વિચાર કરે (૫ ઈન્દ્રિયો,૪ કષાયો, ૩ યોગ, ૫ અવ્રત અને ૨૫ ક્રિયાઓ એમ કુલ ૪૨ ભેદો છે.) મુખ્યત્વે મિથ્યાત્વ આદિ (મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ) એમ કર્મના આશ્રવના કારણભૂત આ પાંચ પદાર્થોની ચિંતવણા કરવી. કે આ જીવ પ્રતિસમયે ઉપરોક્ત આશ્રવો સેવવાથી કર્મો જ બાંધે છે. અને કાળ પાકતાં તે કર્મો ઉદયમાં આવવાથી માનસિક - કાયિક આદિ દુઃખોને જ આપનાર બને છે તેમાં આ આત્માનું કંઈ ભલું થતું નથી. માત્ર આપત્તિઓ જ આવે છે તે માટે આશ્રવનાં ૪૨ દ્વારો ત્યજવા જેવાં છે. તેમાં ફસાયેલો આ આત્મા દિવસે દિવસે ચીકણાં કર્મો બાંધીને સંસાર વધારે જ છે જન્મ - મરણ આદિ પીડાઓ વધે જ છે જરા પણ ઓછી થતી નથી

આવું વિચારવું જેથી સંસાર ઉપરનો રાગ ઓછો થાય અને આ આત્મા કલ્યાણ તરફ પ્રયત્ન શીલ બને. આ પહેલી અનુપ્રેક્ષા જાણવી.

(૨) તથા સંસારનો અનુભાવ વિચારવો. આ સંસારને ખરેખર ધિક્કાર હો. કે જ્યાં પિતા મરીને પુત્ર થાય છે અને માતા મૃત્યુ પામીને ભવાન્તરમાં પત્ની પણ થાય છે. મિત્ર મરીને શત્રુ અને શત્રુ મરીને મિત્ર થાય છે સુખી હોય તે કાલાન્તરે દુઃખી અને દુઃખી હોય તે કાલાન્તરે સુખી થાય છે. આ સંસાર જ આવો છે કોઈ પરિસ્થિતિ નિત્ય નથી. વાદળ વિખેરાય તેમ સંસારની બધી માયા કાળક્રમે વિખેરાઈ જાય છે. માટે તેમાં અંજાવા જેવું નથી. આજે હોય અને કાલે ન પણ હોય અર્થાત્ વિજળીના ચમકારા જેવું આ અસાર અને ક્ષણભંગુર જીવન છે. આવા સંસારના ભાવો છે એમ વિચારવું તે બીજી અનુપ્રેક્ષા.

(૩) આ ભવની પરંપરા અનંતી છે. આપણા સર્વનો જીવ અનાદિકાળથી આ સંસારમાં છે. દરેક ભવોમાં જન્મ અને મરણ કરતો જ આવ્યો છે. અને જો મોક્ષે નહિ જાય તો અનંતકાળ સુધી આ જ ભવોમાં જન્મ - જરા - મરણ - આધિ - વ્યાધિ અને ઉપાધિના દુઃખોના ચક્કરમાં જ રખડવાનું છે. માટે હે જીવ ! તું તારું આત્મકલ્યાણ સાધી લે. આળસ ન કર. માનવભવની ક્ષણો લાખેલી પસાર થઈ જાય છે પછી અનુકૂળતા નહી હોય ત્યારે પસ્તાવાનો જ પ્રસંગ આવશે. માટે વેલાસર ચેતી જા. આવા વિચારો કરવા તે ત્રીજી અનુપ્રેક્ષા જાણવી.

(૪) वस्तूनां विपरिणामं = સચેતન તથા અચેતન એમ સર્વે પણ વસ્તુઓ અશાશ્વત છે. જેમ દિવસ ઉગે છે અને સમય પુરો થતાં આથમે જ છે તેમ પુણ્યોદયથી ચઢતી થાય છે અને પુણ્યોદય સમાપ્ત થતાં અથવા પાપોદય પ્રગટ થતાં પડતી આવે જ છે. ખાધેલો ખોરાક લોહી - માંસ તથા મળ - મૂત્ર રૂપે પરિણામ પામે જ છે એમ સંસારના સર્વ ભાવો કાળ સમાપ્ત થતાં વિપરીતપણે પરિણામ પામનારા છે કોઈ પણ વસ્તુ કદાપિ એકસરખી સ્થિર રહેતી નથી. આવા વિચારો કરવા તે ચોથી ભાવના જાણવી.

આ ચારે પણ ભાવનાઓ (૧) અપાયરૂપ, (૨) અશુભરૂપ, (૩) અનન્ત, (૪) વિપરિણમન. એમ આ ચાર ભાવનાઓ શુક્લ ધ્યાનના પ્રથમ જે બે ભેદવાળા જીવો છે. (૬ થી ૧૨ ગુણસ્થાનકવર્તી પૂર્વધર જે મહાત્માઓ છે.) તેના અનુસંધાનમાં જાણવી. આવી ભાવનાઓ ભાવવાથી વૈરાગ્ય આદિ ગુણોના બળે ઘણાં ઘણાં કર્મોની નિર્જરા થાય છે. અને આ જીવ જલ્દી જલ્દી મોક્ષગામી થાય છે તે માટેની આ ચાર અનુપ્રેક્ષાઓ (ભાવનાઓ) સમજાવી. ॥૮૮॥

અવતરણ : उक्तमनुप्रेक्षाद्वारम् । इदानीं लेश्याद्वारमभिधित्सयाऽऽह :- અનુપ્રેક્ષા નામનું દ્વાર સમજાવ્યું. હવે લેશ્યા નામનું દ્વાર કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી લેશ્યા દ્વાર સમજાવે છે :-

सुक्काए लेसाए दो ततियं परमसुक्कलेसाए ।
थिरयाजियसेलेसिं लेसाईयं परमसुक्कं ॥८९॥

ગાથાર્થ : શુક્લધ્યાનના પ્રથમના બે ભેદ શુક્લલેશ્યા હોતે છતે આવે છે. અને ત્રીજો ભેદ પરમ શુક્લલેશ્યા આવે છતે હોય છે. સ્થિરતા ગુણ વડે જિત્યો છે મેરૂપર્વત જેણે એવો સાધક આત્મા થાય ત્યારે લેશ્યાથી રહિત એવું પરમ શુક્લધ્યાન પ્રાપ્ત કરે છે. ॥૮૯॥

ટીકા : सामान्येन शुक्लायां लेश्यायां "द्वे" आद्ये उक्तलक्षणे । "तृतीयम्" उक्तलक्षणमेव। परमशुक्ललेश्यायां "स्थिरताजितशैलेशं" मेरोरपि निष्प्रकम्पतरमित्यर्थः लेश्यातीतं "परमशुक्लं" चतुर्थम् इति गाथार्थः ॥८९॥

વિવેચન : શુક્લધ્યાનના જે ચાર પાયા છે તેમાંના ઉપર કહેલા લક્ષણવાળા પ્રથમના બે પાયા સામાન્યથી પૂર્વધર મહાત્માને હોય છે અને તે છ થી બાર ગુણ સ્થાનકોમાં હોય છે અને ઉપર કહ્યું છે લક્ષણ જેનું એવો સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી નામનો જે ત્રીજો ભેદ છે તેનું લક્ષણ તો સમજાવાઈ જ ગયું છે. પરંતુ તે ધ્યાન કેવલજ્ઞાની ભગવંતને જ હોય છે અને તે પણ તેરમા ગુણઠાણાના અંતિમ કાળમાં સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરવાના કાળે જ હોય છે.

તથા સ્થિરતા ધર્મથી જિત્યો છે મેરૂ પર્વતને જેણે એવા અર્થાત્ મેરૂ પર્વત કરતાં પણ અતિશય વધારે સ્થિરતા ગુણવાળા એવા અયોગી કેવલી ભગવાન ચૌદમા ગુણઠાણે વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી નામના શુક્લધ્યાનના ચોથા ભેદને અનુભવનારા હોય છે. આ આત્માઓ મેરૂ પર્વત કરતાં પણ ઘણી વધારે સ્થિરતા ગુણવાળા હોય છે તેઓ લેશ્યા વિનાના થયા છતા પરમ શુક્લધ્યાન નામના શુક્લધ્યાનના ચોથા ભેદનું ધ્યાન કરનારા હોય છે. ॥૮૯॥

અવતરણ : उक्तं लेश्याद्वारम् "अधुना लिङ्गद्वारं विवरीषुस्तेषां" नामप्रमाण स्वरूपगुणभावनार्थमाह :- હવે લિંગદ્વાર કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી તેનાં (૧) નામ, (૨) પ્રમાણ, (૩) સ્વરૂપ અને (૪) ગુણોની ભાવના સમજાવે છે.

अवहाऽसंमोह-विवेग-विउसग्गा तस्स होंति लिंगाइं ।
लिंगिज्जइ जेहिं मुणी सुक्कज्झाणोवगयचित्तो ॥९०॥

ગાથાર્થ : (૧) અવધ, (૨) અસંમોહ, (૩) વિવેક, અને (૪) વ્યુત્સર્ગ આ ચાર તે શુક્લધ્યાનનાં લક્ષણો (લિંગો) છે જે લિંગો દ્વારા શુક્લધ્યાનના ઉપયોગવાળું છે ચિત્ત જેનું એવા મુનિ મહારાજ છે. એમ જણાય છે. ॥૯૦॥

ટીકા : अवधाऽसंमोह - विवेक - व्युत्सर्गाः "तस्य" शुक्लध्यानस्य भवन्ति लिङ्गानि । "लिङ्ग्यते" गम्यते यैर्मुनिः शुक्लध्यानोपगतचित्त इति गाथाक्षरार्थः ॥९०॥

વિવેચન : પૂર્વધર અને કેવલિ મહાત્મામાં રહેલા શુક્લધ્યાનને જાણવાનાં ક્રમસર આ ચાર લિંગો છે. (૧) અવધ, (૨) અસંમોહ, (૩) વિવેક અને (૪) વ્યુત્સર્ગ. આ ચાર લિંગો દ્વારા શુક્લધ્યાનના ચાર પાયા સમજાય છે. તેની વધારે સમજણ આ પ્રમાણે જાણવી.

(૧) શુક્લધ્યાનના પ્રથમ પાયામાં વર્તતા મુનિરાજને જાણવાનું લિંગ અવધ છે હિંસાના સંપૂર્ણ ત્યાગી, કોઈનો પણ વધ ન કરનારા, નાના-નાના જીવોની પણ સુરક્ષા પાળનારા હોય એટલે સંયમના ઘણા ખપી જીવ હોય. જે આવા ઉચ્ચતર પરિણામવાળા હોય તે શુક્લધ્યાનના પ્રથમ ભેદવાળા મુનિરાજ છે એમ તેઓને ઓળખવાનું આ લિંગ છે.

(૨) શુક્લધ્યાનના બીજા પાયામાં વર્તતા મુનિરાજને જાણવાનું લિંગ અસમ્મોહ છે. કોઈ પણ એકવિષયના ચિંતન - મનનમાં તે જીવ એવો લયલીન થઈ જાય છે કે તેની ચિંતન - મનનની એકાગ્રતાના કારણે બાહ્ય કોઈ ભાવમાં મોહના અને વિકારના ભાવો હોતા નથી. તેથી ઘણી ઉચ્ચકોટિની અસમ્મોહ દશા (મોહરહિત દશા) એ આ ભેદને જાણવાનું લિંગ છે.

(૩) શુક્લધ્યાનના ત્રીજા પાયામાં "સૂક્ષ્મક્રિયા અપ્રતિપત્તિ ધ્યાનમાં વર્તતા મહાત્મા પુરૂષને જાણવાનું લિંગ" વિવેક ગુણ જાણવો કેવળજ્ઞાની એવા આ પરમાત્મા યોગનિરોધ કરીને સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરતા હોય ત્યારે લગભગ શારીરિક તમામ ભાવોથી વિવેકવાળા (ભેદબુદ્ધિવાળા) આ મહાપુરૂષ થાય છે શરીર શરીરનું કામ કરે પણ પોતે તેની સાથેની પ્રવૃત્તિ વિનાના થઈ જાય છે. શરીરથી અતિશય ભેદવાળી જે દૃષ્ટિ તેઓમાં વર્તે છે. તે જ તેઓને જાણવાનું લિંગ સમજવું.

(૪) વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી એવા શુક્લધ્યાનને ધરતા આ મુનિ મહાત્મા કાયામાં રહ્યા છતા કાયાથી સર્વથા ભેદબુદ્ધિવાળા, કાયાનો જે અનાદિનો સંબંધ હતો તેનો વ્યુત્સર્ગ કરનારા બને છે. શરીરમાં રહેવા છતાં તેનાથી સર્વથા વ્યુત્સર્ગવાળાપણું એ જ આ ધ્યાનનું લિંગ જાણવું.

આ પ્રમાણે શુક્લધ્યાનના ચારે પાયાનાં આ ચાર લિંગો જ્ઞાનીઓએ કહ્યાં છે. તેનાથી આપણે શુક્લધ્યાનના ભેદને પારખતાં શીખવાનું રહે છે. ॥૯૦॥

અવતરણ : અધુના ભાવાર્થમાહ = હવે આ અયોગી કેવલી ભગવાન શુક્લધ્યાન દ્વારા સાંસારિક તમામ ભાવોથી પર બનેલા કેવા હોય છે તેનો ભાવાર્થ સમજાવે છે :-

चालिज्जइ बीभेइ य, धीरो न परीसहोवसग्गेहिं ।
सुहुमेसु न संमुज्झइ, भावेसु न देवमायासु ॥९१॥

ગાથાર્થ : ગમે તેવા પરિષહો અને ઉપસર્ગો આવે તો પણ ચલાયમાન થતા નથી કે ભય પામતા નથી. તથા સૂક્ષ્મ પદાર્થોમાં પણ મૂંઝાતા નથી. અને દેવની માયા વિગેરે ભાવોમાં પણ મોહાન્ધ થતા નથી. એવા આ અયોગી જીવો હોય છે. ॥૯૧॥

ટીકા : चाल्यते ध्यानात् न परिषहोपसर्गैर्बिभेति वा "धीरः" बुद्धिमान् स्थिरो वा न तेभ्यः इत्यवधलिङ्गं । सूक्ष्मेषु = अत्यन्तगहनेषु "न सम्मूह्यते" न सम्मोहमुपगच्छति । "भावेषु" पदार्थेषु न देवमायासु अनेकरूपास्वित्यसम्मोहलिङ्गमिति गाथाऽक्षरार्थः ॥९१॥

વિવેચન : સાધનાના માર્ગે વિકાસના પંથ ઉપર આગળ વધેલા આ મહાત્માઓ અત્યંત ધીરસ્વભાવવાળા થઈ જાય છે અને સામે દેવ-દાનવ કે માનવ તથા પશુ-પક્ષીઓ વડે ગમે તેવા ઉપસર્ગો કરવામાં આવે તો પણ અને કુદરતી ઠંડી - ગરમી - વરસાદ આદિના પરિષહો આવે તો પણ એક તસુ માત્ર ચલિત થતા નથી. પોતાના સ્વીકારેલા વ્રતથી કે સાધનાથી પીછેહઠ કરતા નથી. તથા દાનવ જેવા અને વાઘ - સિંહ - સાપ જેવા પ્રાણીઓના ઉપસર્ગો આવે તો પણ ભય પામતા નથી. ચલિત ન થતાં અને ભય ન પામતાં સાધનામાં જ આગળ વધે છે અને સિદ્ધિપદ પ્રાપ્ત કરે જ છે. આ મહાત્માઓ આવા સ્થિરતાવાળા, ધીરતાવાળા અને નિર્ભય અવસ્થાવાળા હોય છે પોતે સામે હિંસાના ભાવમાં ક્યારેય પણ આવી જતા નથી. આ "અવધ" એ તેઓનું પ્રથમ લિંગ છે. (૧)

તથા સામે કોઈ દેવો અથવા દેવીઓ નવા નવા શણગાર સજી હાવ - ભાવ કરે. અગણિત વિકારો બતાવે તથા અતિશય સૂક્ષ્મ એટલે કે ઘણો જ ગાઢ અંધકાર હોય કે જેમાં ચાલવું કે જવું ઘણું ગહન હોય તેવા પ્રસંગોમાં પણ જરા પણ મૂંઝાતા નથી. હિંમતવાળા જ રહે છે અને તેવા સ્થાનોમાં પણ નિર્ભય થઈને ચાલ્યા જાય છે આ બીજું **અસંમોહ** લક્ષણ જાણવું. અનેક રૂપવાળી દેવોની કોઈ માયાજાળ આવે તો પણ ગભરાતા નથી. સંઘયણબળ અને મનોબળ ઘણું જ મજબૂત હોય છે અને હવે વધારે મજબૂત થઈ જાય છે આ સઘળું ય અસંમોહ નામનું બીજું લિંગ જાણવું. ॥૯૧॥

અવતરણ : તથા વળી આ મહાત્માઓ શરીરમાં હોવા છતાં શરીરની મમતાથી ઘણા દૂર હોય છે તે વિષય સમજાવે છે :-

देहविवित्तं पेच्छइ, अप्पाणं तह य सव्वसंजोगे ।
देहोवहिवोसग्गं, निस्संगो सव्वहा कुणइ ॥९२॥

ગાથાર્થ : આ મહાત્મા પોતાના આત્માને દેહથી અતિશય ભિન્ન દેખે છે તથા સાંસારિક સર્વ સંયોગો પણ પક્ષીના મેળાની જેમ મારાથી ભિન્ન જ છે વિખેરાઈ જનારા છે. આમ દેખે છે. સર્વથા નિઃસંગ થયેલા આ મુનિ શરીર અને ઉપધિનો સર્વથા ત્યાગ જ કરે છે. ॥૯૨॥

ટીકા : देहविविक्तं पश्यत्यात्मानं तथा च सर्वसंयोगानिति विवेकलिङ्गं । देहोपधिव्युत्सर्गं निःसङ्गः सर्वथा करोति व्युत्सर्गलिङ्गमिति गाथार्थः ॥९२॥

विवेचन : હવે ત્રીજું વિવેક અને ચોથું વ્યુત્સર્ગ લિંગ આ ગાથામાં સમજાવે છે. પોતાના આત્માને સદાકાળ દેહથી ભિન્ન જ દેખે છે. દેહ તો પૌદ્ગલિક હોવાથી ઉત્પત્તિ વિનાશ ધર્મવાળો છે જ્યારે આ આત્મા તો અવિનાશી - અનાદિ - અનંત સનાતન છે એમ ભિન્ન જ દેખે છે.

તથા આમ જ સમજે છે તેથી દેહ ઉપર ઉપસર્ગો થાય. ઠંડી - ગરમીના પરિષહો આવે તો તેમાં મારા આત્માનું કંઈ જ બગડતું નથી. જે મારું (સ્વરૂપ) છે તે હણાતું નથી. અને જે હણાય છે તે મારું નથી. નમિ રાજર્ષિની જેમ આવા વિચારો કરે છે. આવો આ આત્મા વિવેકવાળો = એટલે શરીરથી આત્માને અત્યંત ભિન્ન સમજનારો હોય છે. આ **વિવેક** નામનું ત્રીજું લિંગ જાણવું.

તથા શરીરમાં ગમે તેવા રોગો થાય તો પણ ઉપચાર કે સેવા કરાવતા નથી. કાનમાં ઊંડા ઊંડા ખીલા નખાય તો પણ તેને કઢાવવાના કે ઘા રૂઝવવાના ઉપાયો અપનાવતા નથી. શરીરની સાથેના સર્વથા સંગ વિનાના થઈને વર્તે છે આ ચોથું **વ્યુત્સર્ગ** નામનું લિંગ જાણવું. આ પ્રમાણે આ મહાત્માને ઓળખવાનાં (૧) અવધ, (૨) અસંમોહ, (૩) વિવેક અને (૪) વ્યુત્સર્ગ એમ ચાર લિંગો જાણવાં. પરમાત્માશ્રી મહાવીર પ્રભુ કે પાર્શ્વનાથ પ્રભુ વિગેરેના જીવનમાં જો નજર કરીશું તો આવાં આવાં અનેક લિંગો પ્રગટપણે દેખાતાં હતાં. ॥૯૨॥

અવતરણ : गतं लिङ्गद्वारं । साम्प्रतं फलद्वारमुच्यते । इह च लाघवार्थं प्रथमोपन्यस्तं धर्मफलमभिधाय शुक्लध्यानफलमाह । धर्मफलानामेव शुद्धतराणामाद्यशुक्लद्वयफलत्वात् । अत आह :- લિંગ નામનું દ્વાર કહ્યું. હવે ફલ નામનું દ્વાર સમજાવાય છે. અહીં લાઘવ માટે પ્રથમ કહેલા ધર્મધ્યાનનું ફળ સમજાવીને પછી જ શુક્લધ્યાનનું ફળ કહેવાશે. કારણ કે ધર્મધ્યાનનાં જે ફળો છે તે જ ફળો શુક્લધ્યાનના પ્રથમના બે ભેદનાં હોવાથી ધર્મધ્યાનના ફળ કહે છતે શુક્લધ્યાનના પ્રથમના બે ભેદનાં ફળ કહેવાઈ જ જાય છે. આ કારણથી પ્રથમ ધર્મધ્યાનનાં ફળ જણાવે છે :-

होंति सुहासव - संवर - विणिज्जराऽमरसुहाइं विउलाइं ।
झाणवरस्स फलाइं सुहाणुबंधीणि धम्मस्स ॥९३॥

ગાથાર્થ : (૧) પુણ્યનો આશ્રવ, (૨) સંવર, (૩) વિશેષ કર્મનિર્જરા, (૪) દેવભવનાં વિપુલસુખો આ સઘળાં ધ્યાનનાં શ્રેષ્ઠ ફળો છે. તથા શુભની પરંપરા એ પણ ધ્યાનનાં શ્રેષ્ઠ ફળો છે. ॥૯૩॥

ટીકા : भवन्ति "शुभाश्रव - संवर-विनिर्जराऽमरसुखनि" = शुभाश्रवः = पुण्याश्रवः । संवरः = अशुभकर्मागमनिरोधः । विनिर्जरा = कर्मक्षयः । अमरसुखानि = देवसुखानि । एतानि च दीर्घस्थितिविशुद्धयुपपाताभ्यां "विपुलानि" = विस्तीर्णानि । "ध्यानवरस्य" = ध्यानप्रधानस्य फलानि "शुभानुबन्धीनि" सुकुलप्रत्यायातिपुनर्बोधिलाभभोगप्रव्रज्या केवलशैलेश्यपवर्गानुबन्धीनि "धर्मस्य" ध्यानस्येति गाथार्थः ॥९३॥

विवेचन : ધર્મધ્યાનથી પ્રાપ્ત થતાં ઉત્તરોત્તર ચડીયાતાં ફળો સમજાવે છે.

(૧) शुभाश्रवः = ધર્મધ્યાન કરનારા મહાત્માઓ પરોપકારનાં સારાં સારાં કાર્યો જ કરે છે. પરિણામની ધારા પણ પરોપકાર કરવાની તથા તેના દ્વારા સ્વનો ઉપકાર કરવાની હોય છે તેથી પુણ્યકર્મના શુભ આશ્રવો પણ થાય છે અને પોતાના આત્માની ગુણોમાં વૃદ્ધિ થતાં સ્વકલ્યાણ પણ પ્રાપ્ત કરે જ છે.

(૨) संवरः = જેટલો જેટલો ટાઈમ પરોપકાર કરવામાં વર્તે તેટલો તેટલો ટાઈમ સાંસારિક પાપ કાર્યો કરવાનાં ન હોવાથી તથા હૈયાના પરિણામથી જ પાપકારી કાર્યો કરવામાંથી આ જીવનું ચિત્ત નિવૃત્તિ પામ્યું હોવાથી શક્ય બને તેટલો સંવરભાવ પ્રાપ્ત કરે છે. નવા નવા વારંવાર કર્મો બાંધવાનો પરિણામ જ આ જીવને સંભવતો નથી.

(૩) विनिर्जरा = જ્યાં જ્યાં પોતાની ભૂલ થઈ હોય ત્યાં ત્યાં પશ્ચાત્તાપ આલોચના વિગેરે કરવાના પરિણામ હોવાથી વધારે વધારે નિર્જરા પણ આ જીવ કરે છે. જ્યાં ભુલ થાય ત્યાં તુરત જ ક્ષમા માગે છે મન પણ શક્ય બને તેટલું પાપ ન કરવાના પરિણામવાળું અતિશય કોમળ જ આ જીવનું હોય છે.

(૪) अमरसुखानि = પરિણામની ધારા સારી હોવાથી સમ્યક્ત્વાદિ ગુણ પ્રાપ્ત કરવાના કારણે ઘણું કરીને દેવના ભવ જ આ જીવ કરે છે. તેમાં પણ વૈમાનિક દેવના ભવ જ કરે છે. પરંતુ નરક કે નિગોદ જેવા હલકા ભવો આ જીવ કરતો નથી. તેથી દેવભવ, તથા તેમાં પણ વૈમાનિક દેવ જેવા ઉચ્ચ કોટિના ભવ આ જીવ કરે છે ઘણા સુખી અને ઘણા જ સંતોષી ભવો થાય છે. જેથી મારામારી કે બોલાચાલી થવા રૂપ કષાયો તો તેના કારણે થતા જ નથી.

આ પ્રમાણે આવા પ્રકારના ૬ થી ૧૨ ગુણસ્થાનકમાં વર્તતા ધર્મધ્યાનમાં રહેલા આ જીવો (૧) પુણ્યબંધ જ વધારે કરે છે. પાપબંધ અતિશય ન્યૂન કરે છે. (૨) संवरभावः - અશુભ કર્મોના બંધનો (આગમનનો) નિરોધ કરે છે. (૩) વિશેષ વિશેષ કર્મોની નિર્જરા કરે છે. અને (૪) એવાં સારાં સારાં સ્વ-પરના ઉપકારનાં કાર્યો કરે છે. જેનાથી ઉંચા ઉંચા કોલીટીના દેવના જ ભવો થાય અને દૈવિક સુખોની (માગણી અને ઈચ્છા વિના પણ) આપોઆપ પ્રાપ્તિ થાય છે.

એટલું જ નહી. પરંતુ આ ચારે પ્રકારનાં સુખો દીર્ઘકાળ રહે (ટકે) તેવાં પ્રાપ્ત થાય છે. તથા વિશુદ્ધિયુક્ત તે તે ભવ પ્રાપ્ત થાય. આ પ્રમાણે વિસ્તારવાળાં અને વિપુલ પ્રમાણમાં સુખસામગ્રી આ ધર્મધ્યાનથી પ્રાપ્ત થાય છે. ધ્યાનવર એટલે શ્રેષ્ઠ એવા ધર્મધ્યાનવાળો તથા મનથી અતિપ્તભાવવાળો આ જીવ થાય છે તેનાં ફળો શુભાનુબંધી (શુભની પરંપરા ચાલે તેવાં અર્થાત્ ભવોભવમાં વારંવાર પ્રાપ્ત થાય તેવાં) સુખો આ જીવ પ્રાપ્ત કરે છે.

ધર્મધ્યાન કરનારો જીવ પુણ્યશાળી હોવાથી સારાકુલમાં જ પ્રાય જન્મ, વારંવાર નિયમા સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ, પુણ્યોદયના કારણે સાંસારિક સાનુકૂળ ભોગસુખની પ્રાપ્તિ, તથા કાળાંતરે સંસારના ત્યાગ રૂપ પ્રવ્રજ્યાની પ્રાપ્તિ, ત્યારબાદ શ્રેણી-કેવલજ્ઞાન પ્રાપ્ત કરવા દ્વારા શૈલેશી અવસ્થા અને અપવર્ગ (મોક્ષ) સુખો પણ આ જ ધર્મધ્યાનના ફળ રૂપે આ જીવ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે આ ગાથાનો ભાવાર્થ જાણવો. ॥૯૩॥

अवतरण : उक्तानि धर्मफलानि । अधुना शुक्लमधिकृत्याह :- ધર્મધ્યાનનાં ફળો સમજાવ્યાં / હવે શુક્લધ્યાનને આશ્રયી તેનાં ફળો સમજાવે છે.

ते च विसेसेण सुभासवादओऽणुत्तरामरसुहं च ।
दोण्हं सुक्काण फलं, परिनिव्वाणं परिल्लाणं ॥९४॥

ગાથાર્થ : શુક્લધ્યાનના જે પ્રથમ બે ભેદ છે. તેનાં ફળ પણ તે જ જાણવાં જે ધર્મધ્યાનનાં ઉપર ફળ કહ્યાં છે. શુભ એવા આશ્રવ આદિ તથા અનુત્તરવાસી દેવનાં સુખો તે ફળ જાણવું અને શુક્લધ્યાનના પાછલા બે ભેદનું ફળ પરિનિર્વાણ (અર્થાત્ મુક્તિ પદની પ્રાપ્તિ) તે ફળ જાણવું. ॥૯૪॥

ટીકા : ते च विशेषेण "शुभाश्रवादयः" अनन्तरोदिताः, अनुत्तरामरसुखं च द्वयोः शुक्लयोः फलमाद्ययोः, "परिनिर्वाणं" मोक्षगमनं "परिल्लाणं" ति चरमयोर्द्वयोरिति गाथार्थः ॥९४॥

વિવેચન : ધર્મધ્યાનનાં જે જે ફળો ૯૩મી ગાથામાં સમજાવ્યાં છે તે જ ફળો શુક્લધ્યાનના પ્રથમના બે ભેદોનાં પણ જાણવાં. તદુપરાંત અનુત્તરવાસી દેવોના ભવની પ્રાપ્તિ તથા અલિપ્તભાવે તે સુખો માણવાનો અવસર શુક્લધ્યાનના પ્રથમના બે ભેદનું ફળ છે.

ધર્મધ્યાનના ચાર ભેદોનું તથા શુક્લધ્યાનના પ્રથમના બે ભેદોનું ફળ લગભગ તુલ્ય છે. માત્ર શુક્લધ્યાનનું ફળ કંઈક વિશેષ વિશેષ અને વધારે વધારે નિર્લેપદશાવાળું ફળ હોય છે તથા શુક્લધ્યાનના પાછલા બે ભેદોનું ફળ નિર્વાણપદની પ્રાપ્તિ. અનંત એવા અપવર્ગ સુખની પ્રાપ્તિ તે સર્વોત્તમ ફળ છે. આનાથી અધિક સંસારમાં બીજું કોઈ ફળ જ નથી. આ ગાથામાં છેલ્લો જે परिल्लाणं શબ્દ છે તેનો અર્થ परयोः પાછલા બે ભેદ એવો અર્થ કરવો. ॥૯૪॥

અવતરણ : અથવા સામાન્યેનૈવ સંસારપ્રતિપક્ષભૂતે એતે ઇતિ દર્શયતિ :- *અથવા સામાન્યપણે આ ધર્મધ્યાન અને શુક્લધ્યાન એમ બન્ને ધ્યાનો સંસારના પ્રતિપક્ષભૂત જ છે. આ વાત હવે સમજાવે છે :-*

आसवदारा संसारहेयवो जं ण धम्मसुक्केसु ।
संसारकारणाइं तओ धुवं धम्मसुक्काइं ॥९५॥

ગાથાર્થ : જેટલાં જેટલાં આશ્રવનાં દ્વારો છે તેટલાં તેટલાં તેમાં સંસારની વૃદ્ધિનાં જ તે કારણો છે. પરંતુ ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં જે કારણથી આવાં સંસારનાં કારણો નથી. તેથી તે ધર્મધ્યાન અને શુક્લધ્યાન સંસારનું કારણ બનતું નથી. (અર્થાત્ મુક્તિનું જ કારણ બને છે.) ॥૯૫॥

ટીકા : आश्रवद्वाराणि संसारहेतवो वर्तन्ते । तानि च यस्माद् न शुक्लधर्मयोः भवन्ति संसार कारणानि, तस्माद् "ध्रुवं" नियमेन धर्मशुक्ले इति गाथार्थः ॥९५॥

વિવેચન : જેટલાં જેટલાં આશ્રવનાં દ્વાર છે જેમ કે ચાર કષાય, મન - વચન અને કાયા એમ ત્રણ યોગ, પ્રાણાતિપાત મૃષાવાદ - અદત્તાદાન, મૈથુન - પરિગ્રહ, આ પાંચ પાપસ્થાનક તથા પાંચ ઈન્દ્રિયોનો અનિગ્રહ આ સઘળાં આશ્રવનાં દ્વારો છે. ઉપર કહેલાં પાપ બાંધવાનાં બધાં કારણો તે સંસારવૃદ્ધિનાં જ કારણો છે. તેનાથી જન્મ અને મરણનો સંસાર વધે જ છે. સંસારી જીવોએ ઉપરોક્ત પાપસ્થાનકોમાં જ વધારે વધારે ઝંપલાવ્યું છે તેનાથી તીવ્ર તીવ્ર કર્મો બંધાયાં છે અને જન્મ - મરણની પરંપરા વધી જ છે અને આવા જીવોએ આ પરંપરા વધારી જ છે.

પરંતુ ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં આવા પ્રકારનાં સંસાર વધે તેવાં કારણો નથી. સંસાર વધે, જન્મ-મરણની જંજાળ વધે એવો વિષયોનો રાગ અને કષાયો તે ધ્યાનમાં હોતા નથી. આ જીવ ધર્મધ્યાન અને શુક્લધ્યાનના કાળે અને તેના દ્વારા પછીના પણ કાલે ઘણા

આશ્રવો સેવતો નથી. આશ્રવનાં દ્વારોને સ્થગિત કરે છે તે કારણથી આ બન્ને ધ્યાનોમાં તીવ્ર કર્મબંધ નથી. કર્મોની વૃદ્ધિ નથી. પરંતુ નિર્મોહદશા અને વૈરાગ્યાદિ ગુણોની વૃદ્ધિ જ થવાના કારણે સંસારી જીવની મુક્તિ તરફ વેગે વેગે ગતિ થાય છે.

ધર્મધ્યાન અને શુક્લધ્યાનના આલંબને સંસારી એવો આ જીવ આશ્રવનાં દ્વારોને સ્થગિત કરીને વેગે વેગે મુક્તિમાર્ગને હાંસલ કરે છે અને સમ્યક્ત્વ - દેશવિરતિ - સર્વવિરતિ - શ્રેણી વિગેરે ઊંચા ઊંચા સ્થાનો સર કરવા દ્વારા કેવલજ્ઞાન અને અયોગી અવસ્થા પ્રાપ્ત કરીને શુદ્ધ-બુદ્ધ થયો છતો અશરીરી બનીને ઘાતી અને અઘાતી એમ સર્વ કર્મોનો વિનાશ કરીને પોતાના સર્વ ગુણોનો આવિર્ભાવ કરીને સદાકાળને માટે જન્મ - જરા અને મરણ વિનાનો થયો છતો એક જ સમયની સમશ્રેણિથી નિર્વાણપદને પ્રાપ્ત કરે છે. જ્યાં ફરીથી ક્યારે ય પણ જન્માદિના ચક્કરમાં આવવાનું બનતું નથી. આવું અનુપમ સુખ પ્રાપ્ત કરે છે. ॥૯૫॥

અવતરણ : संसारप्रतिपक्षतया च मोक्षहेतुर्ध्यानमित्यावेदयन्नाह :- આ ધર્મધ્યાન અને શુક્લધ્યાન તે સંસારનાં વિરોધિ તત્ત્વો હોવાથી અવશ્ય મોક્ષનાં કારણો છે આ વાત જણાવતા એવા ગ્રંથકારશ્રી કહે છે કે :-

संवर विणिज्जराओ मोक्खस्स पहो तवो पहो तासिं ।
झाणं च पहाणंगं, तवस्स तो मोक्खहेउयं ॥९६॥

ગાથાર્થ : સંવર અને કર્મોની વિશેષ વિશેષ નિર્જરા એ મોક્ષનો માર્ગ છે. તથા તપ એ સંવર-નિર્જરાનું કારણ (માર્ગ) છે. તથા ધ્યાન તે તપનું જ પ્રધાનતમ કારણ છે તેથી ધ્યાન તે પરંપરાએ મોક્ષનું કારણ બને છે. ॥૯૬॥

ટીકા : संवर-निज्जरे "मोक्षस्य पन्थाः" अपवर्गस्य मार्गः । तपः "पन्थाः" = मार्गः तयोः = संवरनिर्जरयोः । ध्यानं च प्रधानाङ्गं तपसः आन्तरकारणत्वात् । ततो मोक्षहेतुस्तद्ध्यानमिति गाथार्थः ॥९६॥

વિવેચન : સંવર એટલે આવતાં નવાં કર્મોની અટકાયત કરવી તે, અને નિર્જરા એટલે જૂનાં બંધાયેલાં કર્મોનો વિનાશ કરવો તે, આમ હોવાથી જેમ કોઈ મકાનમાં બહારથી ઉડીને આવતો કચરો રોકવા બારી બારણાં બંધ કરીએ અને અંદર આવી ગયેલા કચરાને બરાબર વાળી-ઝુડીને સાફ કરીએ તો તે મકાન ચોખ્ખું-સ્વચ્છ થાય જ છે.

તેવી જ રીતે આ આત્મામાં પ્રતિસમયે આવતાં એટલે નવાં નવાં બંધાતાં કર્મોને રોકીએ અર્થાત્ સંવર કરીએ અને અંદર આવી ગયેલાં તથા બંધાયેલાં કર્મોને તોડી નાખીએ

બાળી નાખીએ એટલે કે નિર્જરા કરીએ તો મકાનની જેમ આ આત્મા પણ નિયમા ચોખ્ખો થાય જ છે એટલું જ નહીં પરંતુ ફરીથી ક્યારેય પણ મેલો ન થાય તેવો ચોખ્ખો થાય છે. તેને જ મોક્ષ કહેવાય છે.

મોક્ષનાં કારણો સંવર અને નિર્જરા છે. તથા બાહ્ય અભ્યંતર એમ બે પ્રકારનો જે તપ છે તે સંવર - નિર્જરાનું કારણ છે તથા ધ્યાન તે તપનું જ આંતરિક કારણ છે. છ પ્રકારના અભ્યંતર તપમાં ધ્યાન આવે જ છે તે કારણથી તે ધ્યાન પરંપરાએ મોક્ષનું કારણ પણ બને જ છે.

ધ્યાનથી અભ્યંતર તપ, અભ્યંતર તપથી સંવર અને નિર્જરા / તથા સંવર - નિર્જરાથી મોક્ષ આવી પાકી સડક જેવી લાઈન હોવાથી ધ્યાન તે મુક્તિનું પરંપરાએ પ્રધાન કારણ છે. તેથી હે આત્મન્ ! જો તારે મુક્તિ પ્રાપ્ત કરવી જ હોય અને સંસાર ત્યજવો જ હોય તો આ ધર્મધ્યાન અને શુક્લધ્યાનનો આદર કર.

આપણા ઉપર ઉપકાર કરવા માટે જ્ઞાની મહાપુરૂષોનો આવો ઉપદેશ છે હે આત્મન્ ! જે તું હૃદયમાં શાંતચિત્તે વિચારી રાખ. તેમાં જ તારું હિત છે. કલ્યાણ છે. સુખ છે. ॥૯૬॥

अवतरण : अमुमेवार्थं सुखप्रतिपत्तये दृष्टान्तैः प्रतिपादयन्नाह :- પરમ સુખ પ્રાપ્ત કરવા માટે દૃષ્ટાંતો દ્વારા આ જ અર્થને પ્રતિપાદન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

अंबर-लोह-महीणं, कमसो जह मल-कलंक-पंकाणं ।
सोज्झावणयण सोसे, साहेंति जलाऽणलाऽइच्चा ॥९७॥

तह सोज्झाइसमत्था, जीवम्बर-लोह-मेइणिगयाणं ।
झाण-जलाऽणल-सुरा, कम्ममल-कलंक-पंकाणं ॥९८॥

ગાથાર્થ : જેમ (૧) વસ્ત્ર, (૨) લોખંડ અને (૩) પૃથ્વી. આ ત્રણ પદાર્થોમાં ભળી ગયેલ (૧) મેલ, (૨) કલંક અને (૩) કાદવ શોધીને દૂર કરવાનું કામ કરનાર અનુક્રમે જેમ (૧) જલ, (૨) અગ્નિ, અને (૩) સૂર્ય છે તેની જેમ જીવ રૂપી વસ્ત્ર - લોખંડ અને પૃથ્વીમાં ભળી ગયેલા કર્મરૂપી મેલ - કલંક અને કાદવને દૂર કરનાર ધ્યાન એ જલ - અગ્નિ અને સૂર્ય સમાન છે કે જે જીવની શુદ્ધિ કરવામાં ધ્યાન આવું ઉત્તમ કામ કરે છે. ॥૯૭-૯૮॥

ટીકા : "अम्बर-लोह-महीनां" = વસ્ત્ર - લોહાऽऽર્દ્રક્ષિતીનાં "क्रमशः" - ક્રમેણ યથા मल-कलङ्क-पङ्कानां યથાસङ्ख्यं શોધ્યાપનયનશોષાન્ યથાસङ्ख्यમેવ "साधयन्ति" નિર્વર્તયન્તિ

जलाऽनलाऽऽदित्या इति गाथार्थः ॥९७॥

तथा शोध्यादिसमर्था जीवाऽम्बर-लोह-मेदिनीगतानां ध्यानमेव जलानलसूर्याः कर्मैव मल कलङ्कपङ्कास्तेषामिति गाथार्थः ॥९८॥

વિવેચન : ધ્યાનદશા એ આત્માને પવિત્ર કરનાર છે. શુદ્ધ-બુદ્ધ કરનાર છે. આ વાત આ બન્ને ગાથામાં ત્રણ દૃષ્ટાંતો આપવા દ્વારા ગ્રંથકારશ્રી આપણને સમજાવે છે.

જીવ	એ	વસ્ત્ર	લોખંડ	અને	પૃથ્વી	સમજો
કર્મ	એ	મેલ	કલંક	અને	કાદવ	સમજો
ધ્યાન	એ	જલ	અનલ	અને	સૂર્ય	સમજો

જેમ વસ્ત્રમાં રહેલા મેલને પાણી સાફ કરે છે તથા લોખંડમાં રહેલા કલંકને જેમ અગ્નિ સ્વચ્છ કરે છે તથા પૃથ્વીમાં (માટીમાં) રહેલા કાદવને જેમ સૂર્ય શોષી નાખે છે તેવી જ રીતે જીવમાં રહેલા કર્મના કચરાને ધ્યાન બાળી નાખે છે.

જીવમાં રહેલા કર્મ રૂપી કચરાને બાળવામાં ધ્યાન જ સમર્થ છે આ વાત સમજાવવા માંટે ઉપરનાં ત્રણ દૃષ્ટાંતો આપ્યાં છે.

જેમ વસ્ત્રમાં રહેલા મેલને દૂર કરવો હોય તો પાણીમાં પલાળીને ધોવાથી મેલ દૂર થાય જ છે. તથા લોખંડમાં રહેલા કલંકને દૂર કરવું હોય તો અગ્નિમાં તપાવવાથી જ તે કલંક દૂર થાય છે. અન્યથા થતું નથી. તથા પૃથ્વીમાં વરસાદ આદિથી થયેલો જે કાદવ છે તે કાદવને જો સુકવવો હોય તો સૂર્ય જ કામ લાગે છે. અર્થાત્ સૂર્યના તાપથી જ માટીનો કાદવ સુકાય છે જેથી ચોમાસા પછી રસ્તા ખુલ્લા થાય છે.

તેવી જ રીતે આ જીવમાં કર્મરૂપી મેલ ઘૂસી ગયો છે તેને દૂર કરવો હોય તો ધ્યાનની જ લગની લગાવવી જોઈએ. ધ્યાનથી જ કર્મરૂપી મેલ બળી જાય. અને તેમ કરવાથી જ આ જીવ ચોક્ખો - શુદ્ધ - બુદ્ધ થાય છે. ફરી તે અહીં રહે જ નહીં. ઉર્ધ્વગતિગામી આ જીવ છે. તેથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની સહાય છે ત્યાં સુધી ઉર્ધ્વગતિ કરે છે.

જીવનો સ્વભાવ ઉર્ધ્વગતિ કરવાનો છે અને પુદ્ગલનો સ્વભાવ અધોગતિ કરવાનો છે તેથી કર્મ વિનાનો થયેલો જીવ ઉર્ધ્વગતિ કરે છે. જ્યાં સુધી ધર્માદિ દ્રવ્યોની સહાય છે ત્યાં સુધી ઉર્ધ્વગતિ કરે છે ત્યારબાદ ત્યાં જ અનંતકાળ પોતાના ગુણ-પર્યાયોમાં જ પરિણામ પામ્યા કરે છે.

આ ગાથામાં ગ્રંથકારશ્રીએ ત્રણ ત્રણ દૃષ્ટાંતો આપીને આ વાત સમજાવવાનો ઘણો સુંદર પ્રયત્ન કર્યો છે. ॥૯૭-૯૮॥

અવતરણ : किं च ધ્યાન દશાથી જેમ મન - વચન અને કાયાના યોગો શોષાય છે તેમ ધ્યાન દ્વારા અને અણશન આદિ તપ દ્વારા કર્મો પણ શાંત થઈ જાય છે. અર્થાત્ વિનાશ થાય છે આ વાત સમજાવતાં સમજાવતાં કહે છે કે :-

तापो सोसो भेओ, जोगाणं झाणओ जहा निययं ।
तह ताव-सोस-भेया कम्मस्सवि झाइणो नियमा ॥९९॥

ગાથાર્થ : ધ્યાન કરવાથી શરીરમાં જેમ તાપ (તકલીફ - પીડા - વેદના) શોષ (શરીરની દુર્બળતા) અને યોગોની હાનિ થાય છે તેવી જ રીતે ધ્યાન કરનારા મહાત્માને ધ્યાનથી કર્મોનો પણ તાપ, શોષ અને ભેદ અવશ્ય થાય જ છે. ॥૯૯॥

ટીકા : तापः शोषो भेदो योगानां "ध्यानतः" = ध्यानात् यथा "नियतं" = अवश्यं । तत्र तापः = दुःखं, तत एव शोषः = दौर्बल्यं, ततः एव भेदः - विदारणं योगानां = वागादीनां । "तथा" तेनैव प्रकारेण ताप-शोष-भेदा कर्मणोऽपि भवन्ति । कस्य ? = ध्यायिनः, न यदृच्छया नियमेनेति गाथार्थः ॥९९॥

વિવેચન : ધ્યાન કરવાથી જેમ તાપ (શારીરિક પીડા - વેદના - દુઃખ) થાય છે. તથા શોષ (શરીરની દુર્બળતા વધે છે) તથા યોગોની હાનિ (વાણી આદિ બોલવાની શક્તિની હાનિ) થાય છે. શરીર સુકાવાના કારણે આવી આવી અનેક નાની - પીડાઓ થાય છે તેની જેમ ધ્યાન કરવાથી તથા અણશન આદિ તપ કરવાથી કર્મોની પણ હાનિરૂપ તાપ, કર્મોની દુર્બળતા - નિસ્તેજતા થવા રૂપ શોષ અને કર્મના સંયોગનો નાશ પણ અવશ્ય થાય છે.

ધ્યાન કરનારા આત્માને કર્મોની આ રીતે હાનિ થાય છે. પરંતુ યદૃચ્છયા (મરજી મુજબ) પ્રવૃત્તિ કરે તેવા જીવને કર્મોની હાનિ થતી નથી. આ વાત નિયમા સમજવી. ધ્યાનવાળી દશા જેમ શરીરને શોષે છે તેમ કર્મોને પણ શોષે જ છે આમ ગ્રંથકારશ્રીનો કહેવાનો આશય જાણવો. ॥૯૯॥

અવતરણ : किं च = તથા વળી ધ્યાનથી આ આત્માને શું શું લાભ થાય ? તે સમજાવે છે.

जह रोगासयसमणं, विसोसण-विरेयणोसहविहीहिं ।
तह कम्मामयसमणं, झाणाणसणाइजोगेहिं ॥१००॥

ગાથાર્થ : જેમ વિશોષણ, વિરેચન અને ઔષધાદિની વિધિ વડે રોગ રૂપી વિષનું શમન થાય છે તે જ પ્રમાણે ધ્યાન અને અણશન આદિ પ્રશસ્ત યોગો વડે કર્મરૂપી રોગોનું પણ શમન અવશ્ય થાય છે. ॥૧૦૦॥

ટીકા : यथा "रोगाशयशयनं" रोगनिदानचिकित्सा विशोषण - "विरेचनौषधविधिभिः" = अभोजनविरेचकौषधप्रकारैः । तथा कर्ममयशमनं "कर्मरोगचिकित्सा" ध्यानानशनादिभिर्योगैः । आदिशब्दात् ध्यानवृद्धिकारकशेषतपोभेदग्रहणमिति गाथार्थः ॥१००॥

વિવેચન : આ શરીરમાં કોઈ રોગ થયો હોય તો રોગ મટે નહીં ત્યાં સુધી જેમ ભોજન બંધ, જુલાબ લાગે તેવી દવા લેવી અને ઔષધોપચાર કરવો આવાં કાર્યો કરાય છે તેની ઉપમા આપીને સમજાવે છે કે : તેવી જ રીતે કર્મો રૂપી રોગને ખતમ કરવા માટે ધ્યાન અનશન વિગેરે ઉપચારો કરવા રૂપ પ્રયત્ન આ જીવે ચાલુ રાખવા જોઈએ. આ વિષયને વધારે સ્પષ્ટ કરતાં જણાવે છે કે :-

વિશોષણ (ભોજન ત્યાગ), વિરેચન (જુલાબ લેવો), તથા ઔષધવિધિ (યોગ્ય દવા લેવી, ઉપચાર કરવા) આ ત્રણ પ્રકારની પ્રક્રિયા વડે જેમ રોગનું નિદાન કરીને તેની ચિકિત્સા કરાય છે કે જેથી શરીર રોગ વિનાનું થાય. તેવી જ રીતે ધ્યાન કરવું અણશન કરવું વિગેરે ઉપાયો કરવા દ્વારા કર્મો રૂપી આ જીવને લાગેલા રોગ (ના નાશ) માટે (કર્મરૂપી રોગ દૂર કરવા માટે) ચિકિત્સા કરવી જોઈએ.

ધ્યાન કરવું અને અનશન કરવું એ જેમ કર્મરોગને દૂર કરવાના ઉપાય છે. તેમ આદિ શબ્દથી ધ્યાનની વૃદ્ધિ કરાવે તેવા અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ વિગેરે બાહ્યતપ તથા પ્રાયશ્ચિત વિનય વૈયાવચ્ચ વિગેરે અભ્યંતર તપના પ્રકારો પણ સમજી લેવા. આ પ્રમાણે કર્મરોગને દૂર કરવા માટે તપ એ તેનો પરમ ઉપાય છે. આમ સમજીને તેને ઘણા અહોભાવથી આદરવો જોઈએ.

આ જીવ પરમાર્થથી શુદ્ધ-બુદ્ધ છે જ. માત્ર બાહ્ય કર્મ રજથી વીંટળાયેલો છે તેથી મલીન છે તે મલીનતા તોડવા આવા આવા ઉપાય અપનાવવા જોઈએ એમ ગ્રંથકારશ્રીનો કહેવાનો આશય છે. ॥૧૦૦॥

અવતરણ : किं च = તથા વળી ભવોભવનાં બાંધેલાં કર્મો ખપાવવા માટે દાખલા આપીને આ જીવને ગ્રંથકારશ્રી પ્રેરકબળ આપે છે :-

जह चिरसंचियमिंधणमनलो पवनसहिओ दुयं दहइ ।
तह कम्मेंधणममियं खणेण झाणाणलो डहइ ॥१०१॥

ગાથાર્થ : જેમ ઘણા સમયથી ભેગાં કરેલાં ઇંધણને પવન સહિત એવો અગ્નિ જલ્દી જલ્દી બાળે છે. તેવી જ રીતે કર્મોરૂપી ઇંધણને ધ્યાનરૂપી અગ્નિ ક્ષણવારમાં બાળે છે. ॥૧૦૧॥

ટીકા : યથા "चिरसञ्चितं" પ્રભૂતકાલસઞ્ચિતમ્ "इन्धनं" કાષ્ટાદિ "अनलो" - અગ્નિઃ પવનસહિતઃ "द्रुतं" = શીઘ્રં ચ દહતિ ભસ્મીકરોતિ। તથા દુઃખતાપહેતુત્વાત્ કર્મૈવેન્ધનમ્ "अमितम्" = અનેકભવોપાત્તમનન્તં "खणेण" = સમયેન ધ્યાનમનલ ઇવ ધ્યાનાનલઃ અસૌ "दहति" = ભસ્મીકરોતિ ઇતિ ગાથાર્થઃ ॥૧૦૧॥

વિવેચન : ધ્યાન એ કર્મોને બાળી નાખે છે આ વાત એક ઉદાહરણ સાથે સમજાવે છે કે :- "જેમ ઘણા લાંબા કાળથી ઘરમાં એકઠાં કરાયેલાં ઇંધણ (લાકડાં અને છાણાં)ને તોફાની પવનની સાથે વ્યાપેલો અગ્નિ જલ્દી જલ્દી બાળી નાખે છે. રાખરૂપ કરે છે આ વાત લોકોમાં જાણીતી છે. તેની જેમ અનેક ભવોમાં બાંધેલું (ઘણું ઘણું એકઠું કરાયેલું) કર્મ રૂપી ઇંધણ પણ દુઃખ અને તાપનું જ કારણ હોવાથી આ પણ એક પ્રકારનું ઇંધણ જ છે. તેને ધ્યાનરૂપી આ અગ્નિ ક્ષણવાર માત્રમાં જ ભસ્મીસાત્ કરે છે."

ગ્રંથ હવે સમાપ્ત થવા આવ્યો છે એટલે ગ્રંથ રચના કરનાર શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણસૂરિજી આપણને હિતશિક્ષા સમજાવતાં કહે છે કે પવન સાથેનો અગ્નિ ઘણા સમયનાં એકઠાં કરેલાં કાષ્ટને જેમ બાળી નાખે છે તેવી જ રીતે ઘણા કાળથી બાંધેલાં અને સત્તામાં રહેલાં ભાવિમાં પીડા ઉપજાવનારાં કર્મો રૂપી ઇંધણને ધ્યાન રૂપી અગ્નિ પણ જલ્દી જલ્દી બાળી નાખે છે. માટે હે જીવ ! તું પણ તારાં કર્મોને બાળી નાખવા ધ્યાનરૂપી અગ્નિનું શરણ સ્વીકાર. આવા પ્રકારનો હિતોપદેશ ગુરુજી આપણને આપે છે. ॥૧૦૧॥

અવતરણ : બીજું એક ઉદાહરણ આપીને પણ આ જ વાત ગ્રંથકારશ્રી આપણને સમજાવે છે :-

जह वा घणसंघाया, खणेण पवणाहया विलिज्जंति ।
झाणपवणावहूया तह कम्मघणा विलिज्जंति ॥१०२॥

ગાથાર્થ : જેમ વાદળોનો સમૂહ પવન વડે હણાયો છતો ક્ષણવારમાં વિલયને પામે છે. તેની જેમ કર્મરૂપી વાદળો ધ્યાનરૂપી પવન વડે હણાયાં છતાં અવશ્ય વિનાશને પામે છે. ॥૧૦૨॥

ટીકા : યથા વા "घनसङ्घाता" મેઘૌઘાઃ ખણેણ, "पवनाहताः" વાયુપ્રેરિતા "विलयं" = વિનાશં "यान्ति" ગચ્છન્તિ। "ध्यानपवनावधूता" ધ્યાનવાયુવિક્ષિપ્તાઃ તથા કર્મૈવ જીવસ્વભાવાવરણાદ્ ઘનાઃ કર્મઘનાઃ । ઉક્તં ચ –

स्थितः शीतांशुवज्जीवः, प्रकृत्या भावशुद्धया ।
चन्द्रिकावच्च विज्ञानं, तदावरणमभ्रवद् ॥१॥ ઇત્યાદિ

"विलीयन्ते" વિનાશમુપયાન્તીતિ ગાથાર્થઃ ॥૧૦૨॥

વિવેચન : ઉપરની ગાથામાં સમજાવેલી વાત જ બીજુ એક ઉદાહરણ આપીને ગ્રંથકારશ્રી આપણા જેવા અજ્ઞાની જીવોને સમજાવવા ઘણો ઘણો પ્રયત્ન કરે છે જરા પણ કંટાળતા નથી કે ગુસ્સે થતા નથી અનેક રીતે સમજાવીને પણ શિષ્યોનું હિત કેમ થાય ? એવી એક જ ભાવના હૃદયમાં ગુંજી રહી છે. ધન્ય છે આવા ઉપકારી મહાપુરૂષોને. તેઓ જણાવે છે કે :-

જેમ આકાશમાં ઘણાં ઘણાં વાદળોની ઘટા જામી હોય જાણે હમણાં જ અતિશય વરસાદ તુટી પડશે. પરંતુ તેવામાં જ જો જોરદાર પવન ફૂંકાય તો પવનથી ટકરાયેલાં તે સઘળાં વાદળો ક્ષણવારમાં જ વિખેરાઈ જાય છે. વરસાદ તો આવતો નથી પણ આકાશ કોરૂ કોરૂ થઈ જાય છે.

તેની જેમ આ આત્માએ બાંધેલાં જે કર્મો છે તે આત્માના ગુણોને ઢાંકનાર હોવાથી વાદળતુલ્ય છે. કર્મો રૂપી વાદળોની ઘટા ગમે તેવી મજબૂત હોય. કાળાં ભમ્મર વાદળાના સમૂહથી આકાશ છવાઈ ગયું હોય તો પણ વાયુ વડે અથડાયાં છતાં ક્ષણવારમાં જ હત-પ્રહત થઈ જાય છે. વાદળાં નાશ પામી જાય છે. તેમ ધ્યાનરૂપી પવન દ્વારા કર્મો રૂપી વાદળાં વિખેરાઈ જાય છે. કર્મો એ જીવના સ્વભાવભૂત ગુણોને (જ્ઞાન - દર્શન અને ચારિત્ર ઈત્યાદિ ગુણોને) ઢાંકનાર હોવાથી વાદળ જ કહેવાય છે. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે :- આ જીવ ભાવથી શુદ્ધ એવી પ્રકૃતિ વડે ચંદ્રમાની જેવો ઉજ્વલ રહેલો છે. તેનું જે જ્ઞાન છે તે ચંદ્રની ચાંદણી જેવું છે. અને જ્ઞાનાવરણીય કર્મો સઘળાં વાદળ તુલ્ય છે. ઈત્યાદિ.

મૂળગાથામાં જે विलिज्जन्ति એવો પાઠ છે તેનું સંસ્કૃતમાં विलीयन्ते થાય છે. તેનો અર્થ વિનાશને અવશ્ય પામે જ છે આવો અર્થ કરવો. ॥૧૦૨॥

અવતરણ : किं चेदमन्यद् ? इहलोकप्रतीतमेव ध्यानफलमिति दर्शयति :- તથા વળી આ વિષયમાં ઘણું બીજું શું કહેવું છે ? ધ્યાનના ફળ રૂપે આ લોકમાં પ્રસિદ્ધ એવું એક ઉદાહરણ આપીને પણ આ વાત સમજાવાય છે :-

न कसायसमुत्थेहि य वाहिज्जइ माणसेहिं दुक्खेहिं ।
ईसा-विसाय-सोगाइएहिं झाणोवगयचित्तो ॥१०३॥

ગાથાર્થ : ધ્યાનથી વ્યાપ્ત છે ચિત્ત જેનું એવા યોગી મહાત્મા કષાયોથી ઉત્પન્ન થયેલા એવા ઈર્ષ્યા-વિષાદ અને શોકાદિ માનસિક દુઃખો વડે જરા પણ પીડાતા નથી. ॥૧૦૩॥

ટીકા : "न कसायसमुत्थैश्च" - न क्रोधाद्युद्भवैश्च "बाध्यते" - पीडयते मानसैः दुःखैः । मानसग्रहणाद् "ताप" इत्याद्यपि यदुक्तं, तन्न बाध्यते । "ईर्ष्या-विषाद-शोकादिभिः" तत्र प्रतिपक्षाभ्युदयोपलम्भजनितो मत्सरविशेष ईर्ष्या, विषादः-वैकलव्यं, शोक-दैन्यम्, आदिशब्दाद् हर्षादिपरिग्रहः ध्यानोपगतचित्तः इति प्रकटार्थोऽयं गाथार्थः ॥१०३॥

વિવેચન : ધ્યાનદશાની સારી એવી પ્રેક્ટીસ જેને થઈ ગઈ છે એવો આત્મા ધ્યાનના સહારાના બળે, ક્રોધ - માન - માયા અને લોભ વિગેરે કષાયો દ્વારા અને આ કષાયોને જ સારી એવી મદદ કરનારા નોકષાયો દ્વારા માનસિક દુઃખો ક્યારેય પણ પામતો નથી. તથા તેવાં દુઃખો આવા જીવને માનસિક પીડા આપતાં નથી. ગમે તેવાં ભારે દુઃખો આવે તો પણ ધ્યાનદશાનું બળ આ આત્મા પાસે હોવાથી જરા પણ આર્તધ્યાનમય પીડા પામતા નથી. શારીરિક પીડા થાય છે. પરંતુ તેઓનું મન ક્રોધાદિ કષાયોવાળા વિકારના માર્ગે જતું નથી. સમભાવ દશામાં જરા પણ સ્ખલના પામતા નથી.

અહીં માનસિક દુઃખોથી પીડાતા નથી એમ કહ્યું છે તેનાથી "તાપ" પણ સમજી લેવો. જે શારીરિક દુઃખો આવે છે તેને તાપ કહેવાય છે. તેવા તાપથી (સંતાપથી) પણ આ મહાત્મા પીડાતા નથી. આ વાત પણ સમજી લેવી માનસિક કોઈ પણ પ્રકારનાં દુઃખો વડે આ મહાત્મા પીડાતા નથી. તેઓનું મન ધ્યાનમાં જ ગુંથાઈ ગયું છે. અને આત્માને શરીરથી નિરાલો માન્યો છે. એટલે કાનમાં આરપાર અણીઓ અડે એવા ખીલા નાખે કે પગ ઉપર ખીર રાંધે તો પણ જરા પણ ભય પામતા નથી. ધન્ય છે આવા શૂરવીર મહાત્માઓને.

ઈર્ષ્યા - વિષાદ અને શોક આ ત્રણ તત્ત્વો મનને પીડા પમાડનારાં તત્ત્વો છે. પરંતુ આ મહાત્માને આ ત્રણમાંથી આવું એક પણ પીડાકારી તત્ત્વ નથી તેથી માનસિક પીડા ઉપજાવનાર થતું નથી.

પ્રશ્ન : ઈર્ષ્યા - વિષાદ અને શોક કોને કહેવાય તે તો કંઈક સમજાવો.

ઉત્તર : સામા પક્ષમાં પ્રાપ્ત થયેલી જે ચઢતી - અર્થાદ્ કોઈ પણ પ્રકારની સિદ્ધિ, તેનાથી ઉત્પન્ન થયેલો હૃદયમાં જે મત્સરભાવ - અદેખાઈ - અસહિષ્ણુતા તે **ઈર્ષ્યા** સમજવી. બીજો દોષ વિષાદ. એટલે વૈકલવ્યતા, મનમાં જ ખેદ ઉત્પન્ન થવો હતાશ થઈ જવું. નાખુશીભાવ પ્રગટ થવો સર્વત્ર અણગમો જ થાય તે. **વિષાદ,** અને શોક એટલે દીનતા, મારી પાસે કંઈ જ નથી. સામેના તે માણસ પાસે આ છે આ છે. મારી પાસે કંઈ જ નથી. આવા વિચારો કરીને મનમાં બળવું તે **શોક.**

ધ્યાનદશામાં જામેલા માણસને આવા ચિત્તના દોષો થતા નથી. આદિ શબ્દથી હર્ષ - રતિ વિગેરે સાનુકૂળ વિકારકભાવો પણ થતા નથી. જે મહાત્માનું ચિત્ત ધ્યાનમાં વ્યાપ્ત છે તે મહાત્માને આવા મોહના વિકારો લગભગ થતા નથી. આ ગાથા કંઈક અંશે પ્રગટ અર્થવાળી પણ છે. ॥૧૦૩॥

અવતરણ : ધ્યાનમાં રહેલા આ મહાત્મા પુરુષો, દુનીયાના લોકોએ કરેલા ઉપસર્ગોથી - જેમ પીડાતા નથી તેમ પોતાના જ કર્મોદયથી આવેલા સ્વાભાવિક પરિષહોથી પણ ડરતા નથી. આ વિષય ઉપર કર્તા તત્ત્વ સમજાવે છે :-

सीयाऽऽयवाइएहिं च सारीरेहिं सुबहुप्पगारेहिं ।
झाणसुनिच्चलचित्तो न वहिज्जइ निज्जरापेही ॥१०४॥

ગાથાર્થ : ઠંડી - ગરમી વિગેરે અતિશય બહુ પ્રકારનાં શારીરિક દુઃખો વડે પણ નિર્જરાની અપેક્ષાવાળા અને ધ્યાનમાં જ અતિશય સ્થિર કર્યું છે ચિત્ત જેણે એવા યોગી મહાત્મા પીડાતા નથી. તથા ભય પણ પામતા નથી. ॥૧૦૪॥

ટીકા : इह कारणे कार्योपचारात् शीतातपादिभिश्च, आदिशब्दात् क्षुधादिपरिग्रहः । शारीरैः सुबहुप्रकारैः अनेकभेदैः । "ध्यानसुनिश्चलचित्तः" ध्यानभावितमतिर्न बाध्यते । ध्यानसुखादिति गम्यते । अथवा न शक्यते चालयितुं तत एव । "निर्जरापेक्षी" कर्मक्षयापेक्षक इति गाथार्थः ॥१०४॥

વિવેચન : અહી "शीतातापादि" શબ્દ જે લખ્યો છે ત્યાં શીત એટલે શીતળતા અને તાપ એટલે ઉષ્ણતા એવો જ શબ્દાર્થ થાય પરંતુ કારણમાં કાર્યનો ઉપચાર કરેલ હોવાથી સીય અને તાપ શબ્દથી શીતળતા અને ઉષ્ણતા ન લેતાં તેનો કારણો લેવાં એવો અર્થ કરવો. જેથી શીતળતાનાં અને ઉષ્ણતાનાં કારણો હોતે છતે તથા આદિ શબ્દ અંદર છે. તેનાથી ક્ષુધાદિ ક્ષુધા અર્થાત્ ભૂખ - તરસ આદિનાં કારણો ઉપસ્થિત થયે છતે સારાંશ કે શારીરિક ઠંડીનાં ગરમીનાં ભૂખનાં અને તરસનાં અતિશય બહુ પ્રકારનાં અનેક ભેદવાળાં કારણો ઉપસ્થિત થયાં હોય તો પણ –

ધ્યાનમાં જ છે અતિશય નિશ્ચલ ચિત્ત જેનું એવા મુનિરાજ અર્થાત્ ધ્યાન દ્વારા સંસ્કારિત થઈ છે બુદ્ધિ જેની એવા આ મુનિરાજ જરા પણ પીડા પામતા નથી. અર્થાત્ આકુલ-વ્યાકુળ થતા નથી. ધ્યાનદશાના પારમાર્થિક સુખથી ચલિત થતા નથી.

પોતે સ્વીકારેલી જે ધ્યાનદશા છે તેનાથી, તથા ધ્યાનદશામાં જે આત્માનો આનંદ છે તે આનંદથી પોતે જરા પણ ચલિત થતા નથી. અલ્પ માત્રાએ પણ આકુલ-વ્યાકુલ થતા નથી. તેમનું મન જરા પણ ચંચળ થતું નથી.

કર્મોની નિર્જરા જ કરવાના અર્થી એટલે કે કર્મોનો ક્ષય કરવા સ્વરૂપ કાર્ય જ કરવાના અર્થી એવા આ મુનિરાજ મહાત્મા ઠંડી - ગરમી - ભૂખ - તરસ ઈત્યાદિ અનેક પ્રકારની આપત્તિઓ ઉપસર્ગો તથા પરિષહો સામે આવે ત્યારે સામાન્ય માણસ તો ભાગી જ જાય તેવા પ્રસંગોમાં પણ આ મુનિરાજ ચલિત થવાના કે આપત્તિઓને જોઈને ધ્યાનને ત્યજી દેનારા કદાપિ બનતા નથી. એટલા બધા આત્માર્થી ભાવવાળા છે. સહન કરવાની

શક્તિવાળા છે ધારેલી કર્મનિર્જરા કરવાવાળા છે. પણ આરંભેલા કાર્યમાંથી નીકળીને ભાગી જનારા હોતા નથી. ધન્ય છે તેવા શૂરવીર મહાત્મા પુરૂષોને, કે જેઓએ એક જ નિર્ણય કર્યો છે કે મારે માત્ર મારાં કર્મોને જ ખપાવવાં છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું છે. આટલી જ ઝંખના છે. પછી આ સાધનામાં ગમે તેવા ઉપસર્ગો કે પરિષહો આવે તે સમ્યગ્ભાવે સહન કરવાના જ છે. આવો નિશ્ચય કરીને જ આ મહાત્માઓ આ પ્રક્રિયામાં દાખલ થાય છે અને કર્મક્ષય કરીને કેવળજ્ઞાન તથા મુક્તિપદ પ્રાપ્ત કરે જ છે. ॥૧૦૪॥

અવતરણ : उक्तं फलद्वारम् । अधुनोपसंहरन्नाह – ફલ દ્વાર સમજાવ્યું. હવે આ ગ્રંથ સમાપ્ત થાય છે. એટલે ગ્રંથનો ઉપસંહાર કરતા એવા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

इय सव्वगुणाधाणं दिट्ठादिट्ठसुहसाहणं झाणं ।
सुपसत्थं सद्धेयं, नेयं झेयं च निच्चंपि ॥१०५॥

ગાથાર્થ : આ પ્રમાણે સર્વ ગુણોના આધારભૂત એવું તથા પ્રત્યક્ષ અને પરોક્ષ એમ અનેક પ્રકારના સુખોના સાધનભૂત એવું તથા વળી અત્યંત પ્રશંસનીય, અત્યંત શ્રદ્ધા કરવા યોગ્ય એવું આ ધ્યાન નિત્ય એટલે કે સદાકાળ કરવા જેવું છે. ॥૧૦૫॥

ટીકા : "इय" "एवमुक्तेन प्रकारेण" "सर्वगुणाधानम्" = अशेषगुणस्थानं, दृष्टादृष्टसुखसाधनं ध्यानमुक्तन्यायात् सुष्ठु = प्रशस्तं सुप्रशस्तं । तीर्थकर-गणधरादिभिरासेवितत्वात् । यतश्चैवमतः श्रद्धेयं, नान्यथैतदिति भावयन् "ज्ञेयं" = ज्ञातव्यं स्वरूपतः । "ध्येयम्" अनुचिन्तनीयं क्रियया ।

एवं सति सम्यग्दर्शन - ज्ञान - चारित्राण्यासेवितानि भवन्ति "नित्यमपि" = सर्वकालमपि ।

आह - एवं तर्हि सर्वक्रियालोपः प्राप्नोति ? "न" तदासेवनस्यापि तत्त्वतो ध्यानत्वात् । नास्ति काचिदसौ क्रिया यथा साधूनां ध्यानं न भवतीति गाथार्थः ॥१०५॥

વિવેચન : "इय" એટલે "इति" / इति એટલે આ પ્રમાણે અમે ૧ થી ૧૦૪ ગાથામાં સમજાવી ગયા તે પ્રમાણે કરાતું આ ધ્યાન કેવું છે ? તે સમજાવે છે. "सर्वगुणाधानम्" નાના-મોટા સર્વ ગુણોના આધારભૂત - ધ્યાનદશામાં જોડાવાથી પ્રાયઃ સર્વ ગુણો આવે જ છે તેવું આ ધ્યાન છે સર્વગુણોને લાવનારું - અપાવનારું એવું આ ધ્યાન છે. અશેષ એટલે સઘળા પણ ગુણોની પ્રાપ્તિનું પ્રધાનતમ કારણ છે.

તથા (૨) दृष्टादृष्टसुखसाधनम् = દૃષ્ટ એટલે પ્રત્યક્ષ દેખાતાં એટલે કે આ ભવસંબંધી, તથા અદૃષ્ટ એટલે પરોક્ષ = પરભવ સંબંધી એમ તમામ સુખોનું સાધન એવું આ ધ્યાન છે उक्तन्यायात् = ઉપર સમજાવેલી નીતિ - રીતિ મુજબ આ ધ્યાન આ ભવ અને પરભવ સંબંધી પ્રત્યક્ષ અને પરોક્ષ એમ તમામ સુખોનું પ્રબળ સાધન છે.

તથા (૩) વળી "सुप्रशस्तं" सुष्ठु प्रशस्तमिति सुप्रशस्तम् કર્મધારય સમાસ કરવો સારી રીતે પ્રશંસનીય, આ જીવનો ઘણો જ ઘણો ઉપકાર કરનારું, અવશ્ય આદરવા યોગ્ય એવું આ ધ્યાન છે.

તીર્થંકર પરમાત્મા તથા ગણધર પરમાત્માઓ વડે સારી રીતે સેવાયેલું છે. આચરણામાં લેવાયેલું છે તેથી જ સુપ્રશસ્ત છે જે કારણથી ઉપરોક્ત ગુણવાળું છે તે કારણથી શ્રદ્ધા કરવા યોગ્ય પણ અવશ્ય છે. "આ ધ્યાન આવું જ ગુણકારી કર્મક્ષય કરાવનાર જ છે." જરા પણ અન્યથા નથી જ. આવા પ્રકારની ઉત્તમ ભાવના વડે જાણવા જેવું છે આવું તેનું સ્વરૂપ છે એમ જાણવું. તથા આ પ્રમાણે ચિંતન - મનન કરવુ. તેવું જ શ્રેષ્ઠ આ ધ્યાન છે. વિચારણાની ક્રિયા વડે આ ધ્યાન વિચારવા જેવું તથા આચરવા જેવું છે.

આ પ્રમાણે હોતે છતે જ સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણે ગુણો ધ્યાનના આચરણથી સેવાઈ જ જાય છે. સર્વકાળે પણ ધ્યાન કરવાથી ઉપરોક્ત ગુણોનું સેવન તેમાં જ અંતર્ગત થઈ જાય છે.

પ્રશ્ન : જો ધ્યાન માત્ર કરવાથી સર્વ ગુણોનું આસેવન થઈ જતું હોય તો બીજા સર્વ ગુણો પ્રાપ્ત કરવા માટેની કરાતી સર્વ ક્રિયાઓનો લોપ જ થઈ જશે. કેવળ એકલા ધ્યાનથી જ જો બધું કાર્ય થતું હોય તો સામાયિક પ્રતિક્રમણ પચ્ચક્ખાણ વિગેરે ધર્મકાર્યો કરવાની જરૂરિયાત જ નહી રહે ?

"ના" = આવો પ્રશ્ન કરવો નહી. કારણ કે સામાયિક પ્રતિક્રમણ પચ્ચક્ખાણ વિગેરે અન્ય સર્વક્રિયાઓ પણ ખરેખર ધ્યાન સ્વરૂપ જ છે. ધ્યાનાત્મક જ છે. એટલું જ નહી. પરંતુ સાધુ-સાધ્વીજીના જીવનમાં એવું કોઈ કાર્ય નથી કે જે કાર્ય ધ્યાનાત્મક ન હોય. સર્વે પણ કાર્યો ધ્યાન સ્વરૂપ જ છે સર્વત્ર ઉપયોગપૂર્વક જે પ્રવૃત્તિ કરવી તેને ધ્યાન જ કહેવાય છે.

આ પ્રમાણે શુક્લધ્યાનનું સ્વરૂપ સમજાવ્યું. તે સમાપ્ત થતાં ચારે પ્રકારના ધ્યાનનું સ્વરૂપ પૂર્ણ થાય છે. આ પ્રમાણે આ ધ્યાનશતક નામના ગ્રંથના અર્થો અહીં પૂર્ણતાને પામે છે.

समाप्तमिदं सवृत्तिकं ध्यानशतकम्

આ પ્રમાણે પરમ પૂજ્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી રચિત
અને પરમ પૂજ્ય હરિભદ્રસૂરિજીએ બનાવેલી
વૃત્તિથી યુક્ત એવો આ ધ્યાનશતક
નામનો આ ગ્રંથ અહીં સમાપ્ત થયો.

• • •



આ ધ્યાનશતક એક મહાન ગ્રંથ છે. જેના કર્તા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણસૂરિજી છે તથા ટીકા લખનાર પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી મ. સા છે. જૈનદર્શનમાં થયેલા મહાત્માઓમાં જેઓના નામ ઘણા જ પ્રસિદ્ધ છે. શ્રુતરચનામાં જેઓશ્રી સારી પ્રસિદ્ધિ પામેલા છે. તેઓશ્રી અંગે શું લખવું ? તેઓશ્રીએ રચેલ અનેક ગ્રંથો અવર્ણનીય સ્વરૂપ છે.

આ ગ્રંથમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન હેય છે અને ધર્મધ્યાન તથા શુક્લધ્યાન ઉપાદેય છે. આ ચારે ધ્યાનો અનુક્રમે તિર્યંચગતિ, નરકગતિ, મનુષ્યગતિ અને દેવગતિનું કારણ છે. છેલ્લા બંન્ને ધ્યાનો મુક્તિના પણ પરંપરાએ અને અનંતરપણે કારણ છે.

ગાથા ૧૦૫ છે, વિષય ઘણો જ સુંદર અને ઉપકારક છે. વારંવાર મનન-પરિશિલન કરવા જેવો આ ગ્રંથ છે. આવા ઉત્તમ ગ્રંથોના અભ્યાસથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કે જે બંન્ને ધ્યાનો હેય છે. તેનો ત્યાગ કરીને ત્રીજા ધર્મધ્યાનનું આલંબન લઇને તથા ચોથા શુક્લધ્યાનને મેળવવા દ્વારા કેવળી થઇ સયોગી બની મુક્તિપદના પ્રાપક બનીએ એ જ આશા સાથે...

— લિ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106